કર્યા કરે છે ! સ્ત્રી માટે ગાવું તો બહુ સ્વાભાવિક છે. ગીત ગાવામાં તેમને ગાનનિપુણ કે કવિ નથી થવું પડતું, છંદઃ શોધવા પડતા નથી, ગોઠવી દઈને પણ તરત ગાય છે. મા યશોદાજી પણ ભગવાનનાં બધાં પ્રસિદ્ધ, બાલચરિતને પ્રેમમગ્ન થઈને ગાતાં હતાં. લોકપ્રસિદ્ધ, શાસ્ત્રમાં સાંભળેલાં, ગોપીજને કહેલાં અને પોતે દેખેલાં ચરિતના ગાનમાં મા ગૂંથાઈ ગયાં હતાં.

દહીંનું મથન ચાલતું હતું. "इन्द्रियं वै दधि ।"- શ્રુતિ છે. ક્રિયા કરવાનું સામર્થ્ય ઈન્દ્રિયોના દેવતાને લીધે આવે છે. આ આધિદૈવિક સ્વરૂપોની ઈન્દ્રિયોનું પણ મથન થાય છે. આવી પરોક્ષકથા પણ સંભવે છે. મા ભગવાનની લીલાઓને યાદ કરતાં હતાં. પ્રેમથી ગાન કરતાં હતાં. ભગવાન્ દૂર હોય ત્યારે વિયોગદશામાં, સર્વ ઈન્દ્રિયોને અતિશય ક્ષોભ થાય છે. તેનાથી ઈન્દ્રિયોના દેવતાઓની ઈન્દ્રિયોનો પણ ક્ષોભ થાય છે, ત્યારે વિશેષભાવથી ગુણગાન થાય છે. આ દધિમથન છે !

ભગવાનનું ગાન તો અમૃતરૂપ છે. મરેલાને પણ તે નવજીવન આપે છે. મા ગાતાં-ગાતાં વલોવતાં હતાં. દહીં ભાંગતું ન હતું. અમૃતરૂપ ગાન હોય પછી દહીં ભાંગે નહિ, છાશ બને નહિ, તો માખણ મળે ક્યાંથી ? અત્યાર સુધી ગાન મુખ્ય હતું, મથન ગૌણ હતું, ધ્યાન ગાનમાં હતું, વલોણું મંદ હતું. માએ માખણ મેળવવા મથનને મુખ્ય બનાવ્યું, ગાનને ગૌણ કર્યું. વલોણાનો વેગ વધ્યો. ગાન ધીમું પડ્યું. સેવોપયોગી શરીરને સંસારકાર્યમાં પીડવા માંડ્યું. વલોણું વેગથી ચલાવ્યું. ભગવાનને ઉપયોગી ભક્તિરસ હૃદયમાં ભર્યો હતો, દૂધ રૂપે ઉભરાતો હતો. તેને પણ અટકાવી મા મથન કરતાં હતાં ! મા તેના દેવતાને પણ દૂર કરીને ભૌતિકક્રિયા કરી રહ્યાં હતાં. આ ક્રિયા ભક્તિને પીડનારી, મુક્તોને પણ ક્ષોભ કરાવનારી હતી, માત્ર શ્રમ કરાવતી હતી.

ભગવાને માનવને દીધેલો દેહ સેવામાં ઉપયોગી થાય તેવો છે. હૃદયમાં પ્રેમ પણ ભર્યો છે. પ્રભુને તેનાથી પ્રસન્ન કરી શકાય છે; છતાં સંસારાસક્ત માનવ સંસારનાં કાર્યોમાં-સુખ મેળવવાની ભ્રમણામાં - શરીરને ઘસી નાખે છે. મનની રુચિ થાય ત્યાં સુખની આશામાં, પ્રેમને વેડફી દે છે, પરિણામે તો શ્રમ જ મળે છે. દુઃખી જ થવાય છે. આ જોતાં ભક્ત અને મુક્ત-પુરુષોને ક્ષોભ થાય છે. શ્રીશુક યશોદામાની આકૃતિમાત્રનું વર્ણન નથી કરતા, આ રહસ્યને રજૂ કરે છે.

મથન કરતાં માના સ્વરૂપમાં બ્રહ્માંડના આધિદૈવિક - સ્વરૂપનું વર્ણન :

क्षौमं वासः पृथुकटितटे बिभ्रति सूत्रनद्धं पुत्रस्नेहस्नुतकुचयुगं जातकम्पं च सुभ्रूः ।
रज्ज्वाकर्षश्रमभुजचलत्कङ्कणौ कुण्डले च स्विन्नं वक्त्रं कबरविगलन्मालती निर्ममन्थ ॥ (३)

મા યશોદાએ સુંદર રેશમી વસ્ત્ર પહેર્યું છે. પ્રભુને સુખ થાય ને ! સ્થૂલ કટિ છે. કટિતટે કટિસૂત્ર ધારણ કર્યું છે. સુંવાળું વસ્ત્ર શિથિલ થતાં તેનાથી અટકે છે. મા ઊભાં રહીને મથન કરે છે. દેહ કે વસ્ત્રનું અનુસંધાન નથી. વલોણું કરવામાં મા મગ્ન છે. તટની વચમાં જેમ નદી ગતિશીલ હોય તેમ, માનું શરીર મથનવેગથી ગતિશીલ છે. પુત્ર પ્રત્યેનો પ્રેમ હૃદયમાં સમાતો નથી. સ્નેહની સ્વાભાવિકતાથી ફેલાઈ રહ્યો છે. બહાર દૂધ રૂપે ટપકે છે ! માને તો તેનો વિચાર પણ નથી, પણ તેના રક્ષક દેવતાઓને ડર લાગે છે. સ્નેહ તો પ્રભુને પ્રિય છે. પયઃ તો પ્રભુના પાન માટે છે, વૃથા જાય તો ભગવાન્ દંડ કરે.

ભગવાનની ઉપયોગી વસ્તુનો અન્યત્ર કે વ્યર્થ ઉપયોગ પણ અપરાધ રૂપ છે. તેનો ડર દેવતાને લાગ્યો. કંપવા લાગ્યા. પરિણામે વક્ષઃસ્થલે કંપ દેખાવા લાગ્યો. આધિભૌતિક દૂધ, આધ્યાત્મિક સ્નેહ કે આધિદૈવિક તેના દેવતાની પણ પરવા વિના મા મથન કરે છે ! અન્તર્યામીની પ્રેરણાની પણ અપેક્ષા નથી, તે "च"કાર સૂચવે છે. માની સુંદર ભ્રૂકુટી છે. ક્લેશ થાય તો ભ્રૂભંગ થાય. ભ્રૂ મૃત્યુ-યમ રૂપ છે. તેની સુંદરતા પ્રસન્નતાસૂચક છે, તેથી મૃત્યુ-યમ દંડ કરતા નથી. આ દિક્પાલરૂપ દેવો નથી. સર્વનિયમ કરનાર હોવાથી યમરૂપ છે. વ્રજજનોના ક્લેશનાં કારણોને તે દૂર કરે છે. માની આ મથનક્રિયા ભગવત્સંબંધિની અને ગૃહકાર્યસંબંધની પણ છે. મથન કરતાં મા બે હાથથી દોરડાં ખેંચી રહ્યાં છે, તેથી શ્રમ થઈ રહ્યો છે. કોણીથી નીચેના હાથનો ભાગ ભુજ કહેવાય છે. તે બંને ક્રમશઃ ચાલી રહ્યા છે. માએ ભુજમાં અનેક કંકણ ધર્યાં છે. સુવર્ણકંકણ સાથે કાચનાં કંકણ પણ શોભે છે. કંકણવાળા ભુજ હાલે છે, તે ક્લેશસૂચક છે. કંકણ ભુજના આધારે રહેલાં છે. માનું પયઃ ભક્તિરૂપ છે. કર કર્મરૂપ છે. કંકણો ભક્તિમાર્ગીય - નિયમરૂપ છે, કર્મમાર્ગીય દેવતારૂપ છે. પયઃસ્રાવ અને કંકણવાળા કરના ચલનથી ભક્તિમાર્ગ, કર્મમાર્ગ, તેના દેવો અને તેના નિયમો, સૌને ક્લેશ થયો છે ! "सुभ्रूः"- ની જેમ બધાં પદો સ્વતંત્ર વિશેષણ રૂપે નથી કહ્યાં. આભરણને કર્મ રૂપે પણ બતાવ્યાં છે ! તે સૌને થયેલો ક્લેશ સૂચવે છે. સીધાં વિશેષણ રૂપે કહેતાં તે ગૌણ ગણાય; ક્લેશ વ્યક્ત ન થાય. ક્લેશના કારણ રૂપ મથનની અનુચિતતા ન સમજાય. માએ કાને કુંડલ ધર્યાં છે. તે પણ મથનવેગથી હાલી રહ્યાં છે. કુંડલ સાંખ્ય-યોગ રૂપ છે. હાલવાથી તેમનો પણ ક્લેશ સમજાય છે. કુંડલ કંપતાં હોવાથી, મસ્તક પણ હાલે છે. તેમ શ્લોકમાંનો 'च'કાર સૂચવે છે. તેથી "जातकम्पं"- પદ જુદું કહેલું છે. "बिभ्रती"- પદનો સંબંધ સર્વત્ર છે. વલોવવાના શ્રમથી માના મુખ પર પરસેવો વળ્યો. મુખ ભક્તિરૂપ છે. તે પણ પ્રસ્વેદથી નિઃસારતા બતાવી ક્લેશ સૂચવે છે. માએ કેશપાશમાં માલતીનાં પુષ્પ ધર્યાં છે. તે મથનવેગથી નીચે ખરી રહ્યાં છે. મસ્તક સત્યલોકનું આધિદૈવિકરૂપ છે, તેના પર જીવન્મુક્ત જ્ઞાનીઓ વસે છે. કેશપાશ સિદ્ધપુરુષોના વાસસ્થાન-રૂપ છે. તેમાં માલતી-ઉપનિષદ્-બ્રહ્મવિદ્યા રૂપ છે. "मा लक्ष्मीरलं यस्मिंस्तादृशं जगदतिक्रम्य वर्तत इति मालती ब्रह्मविद्या ।"- લક્ષ્મીપૂર્ણ જગતથી પર થઈને રહે છે ! - બ્રહ્મવિદ્યા-શ્રુતિમાં વેદવેદાંગને અપરાવિદ્યા કહી છે. અક્ષરબ્રહ્મને ઓળખાવે તે પરાવિદ્યા ગણી છે. પરબ્રહ્મને ઓળખાવે તે બ્રહ્મવિદ્યા છે. તે માલતીનાં પુષ્પનું પડવું પણ શ્રમસૂચક છે. બ્રહ્મજ્ઞને જગતનાં સુખસમૃદ્ધિમાં આસક્તિ થતી નથી. બ્રહ્મવિદ્યા વગર આસક્તિ થાય છે ! માલતીરૂપ બ્રહ્મવિદ્યા જતાં મા પ્રપંચાસક્ત બનીને મથન કરી રહ્યાં છે.

શ્રીશુકે માના સ્વરૂપમાં બ્રહ્માંડના આધિદૈવિક સ્વરૂપનું વર્ણન કરી દીધું છે. લીલામાં રહેલાં સૌ ભગવદ્રૂપ છે. ભગવાન્ સૌનું આધિદૈવિકરૂપ પણ છે, તેથી માના સ્વરૂપ-વર્ણનમાં આ બધું વર્ણન યોગ્ય જ છે. ભગવાન્ સર્વના મૂલરૂપ છે. ભગવાને પણ યશોદાજી દ્વારા પ્રાકટ્ય સ્વીકાર્યું છે ; તેથી મા પણ સર્વના મૂલરૂપ ગણાય ! પરિણામે તેમના સ્વરૂપમાં બ્રહ્માંડ વર્ણન, સકલશાસ્ત્ર- સમાવેશ વગેરે પણ થઈ શકે છે. માના શ્રમથી સૌને શ્રમ સંભવે છે. એકમાં પ્રીતિવાળાં સૌને પરસ્પર પણ પ્રીતિ હોય છે. તે પ્રીતિનો પ્રભાવ છે. પ્રભુમાં પ્રીતિ હોય તેમને પ્રભુસંબંધી સૌમાં પ્રીતિ હોય. માને પ્રભુમાં પ્રીતિ છે. મુક્ત, જ્ઞાની સૌને પણ પ્રભુમાં પ્રીતિ છે. પરિણામે મા પ્રત્યે પણ પ્રીતિ છે. પ્રીતિથી

પરસ્પર પીડા પણ અનુભવાય છે, તેથી માના મથનશ્રમથી સૌને ક્લેશ થઈ રહ્યો છે ! આવું દિવ્યકથાનક ન હોય તો, પહેલા શ્લોકમાં **"निर्ममन्थ"**- કહ્યું છે, પુનઃ ત્રીજામાં **"निर्ममन्थ"**- કહીને માની આકૃતિનું વર્ણન તો વ્યર્થપ્રાય થઈ જાય. પ્રભુમાં પ્રીતિ કરનાર સંસારકાર્યમાં રત બને, પ્રપંચાસક્ત થાય, ત્યારે તો કલેશ જ વધે. વલોણું કરનારને સામાન્ય રીતે શ્રમ થતો દેખાય છે. શ્રીશુકે આ લોકદૃષ્ટિએ અને પરમાર્થદૃષ્ટિએ પણ વર્ણન કર્યું છે. શ્રીશુક તો **"उत्तमश्लोकलीलया गृहीतचेताः"**- છે. ભગવાનની અદ્‌ભુતલીલાથી મન મુગ્ધ થઈ ગયું છે, તેથી તો ભાગવત ભણ્યા છે ! માના મથનરત સ્વરૂપમાં પણ અદ્‌ભુત ભગવલ્લીલા છે, તેનું વર્ણન કરે છે. પહેલાં મા મથન વખતે પ્રેમથી ગુણગાન કરતાં હતાં. પહેલા બે શ્લોકમાં તે બતાવ્યું છે. સંસારકાર્યમાં પણ ગુણગાન મુખ્ય હોય તો કોઈ ક્લેશ ન થાય ! જો તે જ રીતે માએ વલોણું કર્યું હોત તો ભગવાન્ ન અટકાવત; પણ પછી તો ગાન ગૌણ થયું, કાર્ય મુખ્ય થયું. શ્રમ થયો. ક્લેશ દેખાયો. તેવું મથન ત્રીજા શ્લોકમાં બતાવ્યું. સંસારનાં કાર્યમાં ભગવાન્ કે ગુણગાન જ્યારે ગૌણ બને છે, ત્યારે જ ક્લેશ બધે અનુભવાય છે, વિઘ્ન પણ આવે છે. ભક્તોને તો ભગવાન્ પોતે જ સંસારનાં કામમાંથી અટકાવે છે !

આપ્તકામ, પૂર્ણકામ બ્રહ્મ પણ માનું તો સ્તન્યકામ બાલક છે !:

પ્રભુ માનું શ્રમ રૂપ મથન અટકાવે છે !:

"तां स्तन्यकाम आसाद्य-।" પ્રભુ મા પાસે પધાર્યા. શ્રુતિમાં આપ્તકામ કે પૂર્ણકામ બ્રહ્મ પ્રસિદ્ધ હશે. ભાગવતજીમાં તો વ્યાસજીને જડ્યા છે - **"स्तन्यकामः"** ! ભક્તોનો ભાવ વધારવા, કૃતાર્થ કરવા, ભગવાન્ પણ કામનાઓ પ્રકટ કરે છે ! "સર્વકામ" - બ્રહ્મ, "સ્તન્ય-કામ" થઈને જ પધાર્યા છે ! વિશ્વમાં વસતાં સૌની કામનાઓ પૂરી કરનાર કૃષ્ણ, પોતાની કામના પૂરી કરવા ભક્તોને શોધે છે ! પોતાની અંદર રહેલાં બાલકો માટે ભગવાન્ સ્તન્યકામ થયા છે ! ભગવાન્ ભક્તાભિલાષા-ચરિતનુસારી છે ! ભક્તને શ્રમ થાય તે ભગવાનને પણ અસહ્ય લાગે છે ! મધુર ચરણો ચલાવતા ભગવાન્ નિકટ આવ્યા. દહીં ભાંગતું હતું. મા થાકતાં હતાં. મા તો પોતાની ને ! આત્મીયપણાની સમજ પણ ભગવાને દીધી છે.

બાલકૃષ્ણે રવૈયો પકડી લીધો. મુખમાંથી માને અધૂરો છતાં મધુરો પોકાર કર્યો ! માને શ્રમરૂપ વલોણું કરતાં અટકાવ્યાં. પહેલાંનો મોહ દૂર થયો. મા પ્રભુપરાયણ થયાં. માએ પુત્રને જોયા. પ્રેમ ઉભરાયો. પકડી લીધા. મા પ્રેમમગ્ન થઈ ગયાં. વિશ્વ વિસરી ગયાં. માના ખોળામાં પ્રભુ ચઢી ગયા. મા દૂર ન જાય ને ! માનો ખોળો તો પૃથ્વીનું આધિદૈવિકરૂપ છે. તેમાં ચઢીને દૈત્યોને દબાવે છે. મા પ્રેમથી પયઃપાન કરાવી રહ્યાં છે. પ્રેમ હોય ત્યાં પ્રતિકૂલતામાં પણ પરિશ્રમ ન લાગે, પ્રસન્નતા જ અનુભવાય ! માને ઘરમાં કામ તો ખૂબ છે. દાસીઓ પણ નથી, છતાં અકળામણ લાગી નથી. **"सस्मितमीक्षती मुखम्"**- પુત્રનું હસતું મો મા મુગ્ધતાથી નિહાળી રહ્યાં છે. ભગવાનનું સ્મિત મોહ કરાવે છે. ભગવાન્ પહેલાંના મોહનો સંકોચ કરીને હમણાં સ્થિતિ માટે મોહ કરાવે છે.

માયાથી થતો મોહ સંસારમાં પ્રવૃત્તિ કરાવે છે. ભગવાને કરેલો મોહ ભગવત્સંબંધી પ્રવૃત્તિ કરાવે છે ! માયાથી થતા મોહ કરતાં ભગવાને કરેલો મોહ પ્રબલ હોય છે. માયા તો ભગવાનની દાસી છે. ભગવાન્ સામે તેનું કાંઈ ન ચાલે. પ્રજાસ્નેહમયી વૈષ્ણવી-માયાથી ભગવાને પહેલાં મોહ

કરાવ્યો હતો. તે મોહથી મા ઘરકામરૂપ વલોણું કરતી વખતે ભગવાનનાં ગુણગાન કરતાં હતાં! તેમાં મોહનાં બે રૂપ દેખાય છે, દધિમથનરૂપ સંસારકાર્ય અને ભગવાનનાં ગુણગાન! પહેલા બે શ્લોકમાં આ કથા કહી છે. ત્રીજા શ્લોકમાં માને મથનથી થયેલો શ્રમ કહ્યો છે. ભગવાન્ ભક્તનો ક્લેશ સહી શકતા નથી, તેથી ભગવાને શ્રમરૂપ મથન અટકાવ્યું. તે ચોથા શ્લોકમાં કહ્યું છે.

પુત્ર પ્રત્યેના પ્રેમથી માનો પયઃપ્રવાહ વહે છે, તેથી માનું દૂધ (પ્રેમ) ભક્તિના સારરૂપ છે. ભગવાને ભક્તિસારરૂપ દૂધનું પાન કર્યું! ભક્તિસાર જતાં મા ભક્તિશૂન્ય થયાં, ગૃહકાર્યમાં પ્રવૃત્ત થયાં! સ્મિતથી માને ફરી મોહ થયો. ભગવાનને સંતોષ દેવાને બદલે મા બીજા કામમાં ગૂંથાઈ ગયાં. ભગવાન્ પયઃપાન કરતા હતા. માએ આંગણામાં દૂધ ગરમ કરવા મૂકેલું. બહારના ઘરમાં વલોણું કરતાં હતાં. બેઠેલાં માની નજર દૂધ પર પડી, ઉભરાતું દેખાયું. દૂધ ઉભરાય તો ઓછું થાય, અપશકુન પણ ગણાય. મોહિત મા ઊઠવા ગયાં. ભગવાને અટકાવ્યાં. ભગવાને વલોણું અટકાવ્યું હતું. મા અટક્યા હતાં, પણ આ વખતે ન અટક્યાં. ભગવાન્ અતૃપ્ત હતા! માએ ભગવાનને છોડ્યા! વેગથી દૂધ ઉતારવા દોડ્યાં. પ્રબલ સંસારમોહ છે ને! દૂર ન જવા દેવા ઈચ્છતા ભગવાનને પણ છોડીને માનવ લૌકિકલોભવશ દૂર દોડે છે. સેવા, કથા, પાઠ કે જપમાંથી જલદી પરવારીને પોતાના લોક-વ્યવહારમાં દોડવાનો આપણો રોજનો અનુભવ છે! લાભ છોડીએ છીએ, લોભ પાછળ દોડીએ છીએ, લાભ જાય છે. લોભ તો પૂરો થતો નથી! "संजातकोपः"- એકદમ ભગવાનને ગુસ્સો આવ્યો! અંદરના બાલકો અતૃપ્ત હતાં. ભગવાન્ તેમના રક્ષક છે. ભક્તોને સંતોષ ન થાય, તો ભગવાન્ ગુસ્સે થાય ભક્તિ કે ભક્તિવિરુદ્ધની કોઈ વાત પણ ભગવાન્ સહન કરી શકતા નથી. આ ક્રોધ મા યશોદાજીને શ્રમ પહોંચાડે તે પહેલાં, ભગવાને દોષરૂપ લોભને દબાવ્યો.

ભક્તો પ્રત્યેનો ભગવાનનો સ્નેહ જ ભક્તોના દોષોને દૂર કરે છે :

ભક્ત રક્ષા માટે ભગવાન્ ખોટાં આંસુ વહાવી રહ્યા છે! :

માએ ભગવાનને અતૃપ્ત છોડ્યા, તેમાં લોભનો અપરાધ છે, મા તો ભક્ત જ છે. ભગવા ભક્તના દોષોને દૂર કરે છે, ભક્તની તો રક્ષા કરે છે; પાસે રાખે છે. ક્રોધથી ભગવાનનો નીચલ લાલ હોઠ (અધર) ફરકવા માંડ્યો. યશોદાજીનો કે મામાં રહેલા આધ્યાત્મિક લોભનો નાશ કરવા જા આધિદૈવિક-લોભ ભગવાન્ પાસે વિનંતી કરવા આવ્યો! ભગવાનનો અધર આધિદૈવિક લોભરૂ છે. આ લોભ જો તેનો નાશ કરે તો આગળની લીલા અટકી પડે.

ભગવાન્ તો તાત્કાલિક અપરાધ કરાવતા લોભને દૂર કરવા ઈચ્છે છે. માનો અપરાધ, મામ રહેલો દોષરૂપ લોભ અને આધિદૈવિક લોભની પ્રવૃત્તિ ભગવાન્ દૂર કરવા ઈચ્છે છે. નાનું બાલ ક્રોધમાં દાંતથી હોઠ દબાવે છે, તેમ ભગવાને સ્નેહકલારૂપદાંતથી લોભ રૂપ અધરને દબાવ્યો. લો ક્રોધથી દૂર થાય. ક્રોધ સ્નેહથી દૂર થાય. લોભ રૂપ હિરણ્યાક્ષ-હિરણ્યકશિપુને મારવા ભગવાન્ ક્રોધરૂ વરાહ - નૃસિંહ થઈને પ્રકટ્યા હતા! ક્રોધરૂપ શિશુપાલ-દન્તવક્ત્રને મારવા પ્રેમપુઞ્જ કૃષ્ણ પધાર છે! અહીં પણ લોભને દૂર કરવા ક્રોધ અને ક્રોધથી દૂર કરવા સ્નેહમાં આધિદૈવિક રૂપોની કથા ભક્ત પ્રત્યેનો ભગવાનનો સ્નેહ જ ભક્તોના દોષોને દૂર કરે છે, ભક્તોની રક્ષા કરે છે! પ્રભુ દાંતથી હોઠ પીસ્યા. ખૂણામાં પડેલો વાટવાનો પથ્થર ઉપાડ્યો. જોરથી વલોણાની માટલી પર પછાડ્

ગોળી તૂટી. મોટો અવાજ થયો. છાશ રેલાઈ રહી. માખણ તો જુદું કાઢી લીધું હતું. ગોળીમાં દૈત્યનો આવેશ હતો. યજ્ઞમાં યજ્ઞાયુધોના અવાજથી આધિદૈવિક-દૈત્યોને દૂર કરવામાં આવે છે. (૧) સ્ફ્ય-(લાકડાની તલવાર), ૨. કપાલ, ૩. અગ્નિહોત્ર - હવણી, ૪. શૂર્પ (સૂપડું), ૫. કૃષ્ણાજિન (કાળા મૃગનું ચર્મ), ૬. શમ્યા, (લાકડાની ગદા), ૭. ઉલૂખલ (ખાંડણીઓ), ૮.. મુસલ (સાંબેલું), ૯. દૃષદ્ (લસોટવાનો નીચેનો પથ્થર-નિશા) અને ૧૦. ઉપલ (ઉપરનો વાટવાનો પથ્થર).- આ દશ યજ્ઞાયુધ શ્રુતિમાં કહેલાં છે.

ભગવાનને ભુલાવે તે, - આસુર ! મા વલોણું કરતાં ભગવાનને ભૂલ્યાં હતાં, કામમાં મગ્ન થઈ ગયાં હતાં, તેથી ગોળીમાં આસુરાવેશ ! યજ્ઞાયુધ રૂપ "દૃષદ્"ના અવાજથી તે દૂર કર્યો ! ગોળી ફૂટવાનો અવાજ મા સાંભળે તો કાર્ય છૂટે, ભુલાયેલા ભગવાન્ યાદ આવે, મા દીકરાને લેવા દોડે. સંસારમાં સરતાં ભક્તોને ભગવાન્ પોતે જ કૃપા કરીને પોતાનું સ્મરણ દે છે, સરતાં અટકાવે છે ! ભગવાને કૃપા કરી. - "**भित्त्वा मृषाश्रु**" રજોગુણવાળા બ્રહ્માથી રુદ્ર પ્રકટ થયેલા. - "**रुद्रः क्रोधसमुद्भवः ।**"- ભગવાનના ક્રોધમાંથી રુદ્ર ઉત્પન્ન થાય છે. રુદ્ર ઉત્પન્ન થઈને રડેલા ! રુદ્રનું કાર્ય રુદન ! ગોળી ફોડીને ભગવાને રડવા માંડ્યું. રુદ્ર આવ્યા છે, એમ બતાવ્યું. રુદ્ર નાશ કરે છે. નાનાં છોકરાં તોડફોડ કર્યા પછી રડે છે ! પોતાનો વાંક ન દેખાય તેથી ! ક્રોધથી અપરાધનો દંડ પણ ન કર્યો, તેથી "**मृषाश्रुः**"- છે. ખોટાં આંસુ પ્રભુ વહાવી રહ્યા છે ! લોભથી ભગવાનનો ત્યાગ કરવાથી તો નાશ થાય. ભક્ત માનો નાશ ભગવાનને ન ગમે, તેથી આંસુ આવ્યાં છે. પણ ભગવાન્ પોતે જ ભક્ત - રક્ષક છે ! નાશ નથી થવાનો, તેથી આંસુ ખોટાં છે ! ખોટાં આંસુ વહાવતા ભગવાન્ અંદર પધાર્યા, એકાન્તમાં આવ્યા. આધિદૈવિક-દૈત્યો ન આવી શકે તેવા સ્થાનમાં માખણ ખાવા લાગ્યા. પોતાનામાં રહેલાં બાલકોને પણ હવે જુદાં પ્રકટ કરીને માખણ ખવડાવ્યું.- "**अन्तरङ्गतः भेदं प्राप्तवान् ।**" માનો શ્રમ સાર્થક થાય, સેવારૂપ બને, માટે ભગવાન્ પણ આરોગ્યા !

લૌકિક - વિચારો કે વાતો કરતાં કરેલું ભગવત્સંબંધિ - કાર્ય ભગવાન્ સ્વીકારતા નથી !:

ભક્ત ક્યારેક સંસારાસક્ત બને, લૌકિક-કાર્યરત થાય, તો પણ ઉદાર ભગવાન્ તેના સ્વલ્પ પણ સ્નેહનો સ્વીકાર કરે છે ! હૃદયની ગોળીમાં છાશ જેવો વિષયરસ ભર્યો હોય તેને પ્રભુ ફોડે છે, વિષયાસક્તિરૂપ આસુરભાવ દૂર કરે છે. અંદર રહેલું થોડું પણ ભગવદ્ભાવ રૂપ માખણ પોતે સ્વીકારે છે. ભગવાને મા દેખે નહિ તેમ માખણ ખાધું ! દેખે તો મા ગુસ્સે થાય. ગુણગાન ગાતાં માખણ તૈયાર થયું હતું. તે પ્રભુ આરોગ્યા છે. સઘળું કામ ભગવદનુસંધાન સાથે થાય તો પ્રભુ પ્રસન્ન થાય.

માએ બે ઉભરા આવવા દઈને દૂધ ઉતાર્યું. ઘરમાં આવ્યાં. વલોણાની માટલી ભાંગેલી જોઈ. ઘરમાં રેલાતી છાશ જોઈ. તેમાં માખણ ન જોયું. આ પુત્રનું પરાક્રમ ! - એમ સમજી ગયાં. દૈત્યાવેશ દૂર થયો હતો. લોભ ન હતો. ગોળી ફૂટવા છતાં ગુસ્સે ન થયાં ! વાત્સલ્ય ઉભરાયું. હસી પડ્યાં. દીકરાને પણ ત્યાં દેખ્યા નહિ. મા શોધતાં અંદર આવ્યાં. દીકરાને દીઠા. ખૂણામાં પડેલો ખાંડણીઓ ઊંધો વાળેલો. ઉપર પોતે ચઢેલા. હાથ ઊંચા કરી શીંકેથી માખણ ઉતારતા હતા. પોતે નાના ! શીંકું ઊંચે ! પહોંચાય નહિ ! અદ્ભુત ઉપાય શોધ્યો. ભગવાન્ જો વલોણા પાસે જ ઊભા રહે, તો મા કાંઈ બોલે નહિ. પોતે પુત્રને ભૂખ્યા રાખ્યા હતા. ભગવાન્ માનું લૌકિકજ્ઞાન દૂર કરવા, માને લૌકિક-સંબંધી જ્ઞાન (પુત્ર તરીકેની સમજ) જ દૃઢ છે, તેમ જણાવવા અંદર ગયેલા. તામસભાવ માને ઉત્પન્ન થાય,

તેમ ભગવાન્ લીલા કરે છે, શીંકેથી માખણ ઉતારે છે. સામે માંકડું ઊભું હતું, તેને ખવડાવે છે ! **"मर्काय कामं ददतः शिचि स्थितम् ।"**- માંકડું માગતું તેમ આપ્યે જતા ! પહેલાં દૈત્યાવેશથી આ માખણ તૈયાર થયેલું છે. લૌકિક-વિચારો કે વાતો કરતાં તૈયાર થયેલી વસ્તુ વાપરનારમાં પણ લૌકિકતા આવે છે. તે દૈત્યાવેશરૂપ છે. લૌકિકતા, વિષય, ક્લેશ વગેરેના વિચારો કે વાતો કરતાં કરેલું ભગવત્સંબંધિ-કાર્ય ભગવાન્ સ્વીકારતા નથી ! વસ્તુ લાવતાં કે બનાવતાં મન સહેજ પણ બગડે, તો ભગવાન્ તેનો અંગીકાર ન કરે. મન બગડે તો ભગવદ્ભાવ તેમાં ન રહે; એટલે આસુરાવેશ સમજવો. આવા મનવાળાને ક્યાંય સુખ, શાંતિ કે સદ્ભાવ ન હોય. અયોગ્ય રીતે મેળવેલાં દ્રવ્યાદિ કે તેથી લાવેલી વસ્તુઓનો પણ સ્વીકાર ભગવાન્ કરતા નથી.

આવું માખણ ભગવાન્ માંકડાને ખવડાવે છે. **"ह्यं गोः सम्बन्धि हैयङ्गवम् ।"**- ગઈ કાલે આખરેલા દૂધનું તાજું માખણ - "હૈયંગવ" છે. માંકડાના નખ અને દાંત તીક્ષ્ણ હોય છે. તે ક્રૂરતાસૂચક છે. અયોગ્ય રીતે મેળવેલી વસ્તુ માંકડાને આપે, તો માંકડાની પ્રસાદી થાય, તે લેનારની બુદ્ધિ કેવી થાય ? **"शिक्यमुपदधाति नैऋतो वै पाशः ।"**- શ્રુતિથી શીંકું યમપાશરૂપ છે. લૌકિક-પદાર્થો કાલપાશમાં જ જકડાયેલા હોય છે. સંસારરત સઘળા દોષો દૂર કરવા ભગવાને યજ્ઞપુરુષ રૂપે દર્શન દીધાં. ચિત્તશુદ્ધિ તેનાથી થાય. **"उलूखलमुपधात्येषा वाऽग्नेर्नाभिः ।"**- શ્રુતિથી, ખાંડણીઓ અગ્નિની નાભિરૂપ છે ! તેના પર ચઢેલા ભગવાન્ સુપર્ણચયનની જેમ ઊભા છે ! **"अतिरिक्तमतिरिक्ताय प्रयच्छति रिक्तस्य शान्त्यै ।"**- ભક્તિસાર રૂપ પયઃપાન પોતે પ્રભુએ કર્યું. મા ભક્તિરસ-શૂન્ય થયાં ! માની શાન્તિરૂપ દોષ-નિવારણ માટે, ભગવત્સંબંધ વગરના લૌકિક-ભાવથી તૈયાર થયેલું માખણ, દયારૂપ ભગવદ્ધર્મ વગરના - ક્રૂર, સંસારત જેવા મર્કટને ભગવાન્ ખવડાવે છે ! પહેલાં માએ વલોણાના સ્થળે ભગવાનને કે માંકડાને જોયા ન હતા. ચિહ્ન જોયાં. માએ શોધ કરી. ચિત્ત ભગવાનમાં ગયું. ભગવાનનાં દર્શન થયાં. દોષવાળાને પ્રભુનાં દર્શન થતાં નથી, પણ અહીં તો સાક્ષાત્ ભગવાન્ વિરાજે છે. દોષો કાંઈ પ્રતિબંધ કરી શકતા નથી ! તે સૂચવવા ભગવાને ખાંડણીઓ ઊંધો વાળ્યો છે. સર્વદોષનિવારક અગ્નિ છે. તેને ઊંધો કર્યો તો દોષોનો તો હિસાબ શો ? ભક્તિમાર્ગમાં ભગવાન્ મર્યાદામાર્ગના નિયમોથી વિરુદ્ધ રીતે પણ લીલા કરે છે !

ભગવાનને મામાં અને માને ભગવાનમાં "ચોરી કરે છે !" - તેમ શંકા થઈ ! :

ભગવાન્ માંકડાને યથેચ્છ રીતે માખણ આપતા હતા. દીકરાને માએ દીઠા. પીઠ દેખાઈ. પીઠે તો અધર્મ છે. - **"पृष्ठे कृतो मे यदधर्मः ।"** અધર્મમાં દૃષ્ટિ હોય તો અધર્મ અંતરમાં આવે. અધર્મ સ્વલ્પ પણ હોય તો પ્રભુ પાસે ન પહોંચાય. પાપદૃષ્ટિ ધીમે ધીમે આવે છે ! **"आगमच्छनैः ।**- મા ધીમે ધીમે આવ્યાં છે. **"चौर्यविशङ्कितेक्षणं चौर्ये विशङ्किते ईक्षणे यस्य तम् ।"**- લોકસમજ પ્રમાણે તો ભગવાન્ ઘરમાં માખણની ચોરી કરે છે. ચોર ચોરી કરતાં પકડાઈ જવાની શંકાથી ચારે તરફ જોતો રહે છે. ભગવાન્ તેમ જુએ છે. ભગવાન્ તો સર્વપતિ છે. તે ચોરી કરે છે, - તેવી માને શંકા છે. ભગવાન્ ચોરી કરતા નથી. માએ ભગવાનને સ્તનપાન કરાવતાં ભૂખ્યા રાખ્યા છે. ભગવાનની વસ્તુ ભગવાનને ન દેવી - તે ચોરી છે ! ભગવાનની દૃષ્ટિમાં તે ચોરીની શંકા દેખાય છે, - **"चौर्यविशङ्कितायामीक्षणं यस्य ।"**- માને ભગવાનમાં ચોરીની શંકા થઈ, ભગવાને મામાં ચોરીની

શંકા બતાવી ! ભગવાનમાં શંકા થાય તો કાલ જ્ઞાનનો નાશ કરે છે. ભગવાન્ માખણ લે છે. તેને લોકનજરે ચોરી સમજીને દોષદૃષ્ટિ કરવાથી, કાલ જ્ઞાનનો નાશ કરશે, - તેવી શંકાદૃષ્ટિ છે. **"चौर्ये विशेषाकारेण शङ्कितमीक्षणं यस्य ।"**- મા તો ભગવાનને પુત્ર સમજે છે. બાલકનો સ્વભાવ છે. ભૂખ્યું હોય, તોફાન કરે, મળે તે લઈ લે, ફેંકી દે, આપી પણ દે. માએ પુત્રને જોયા, પછી સ્થિતિ જોતાં ચોરી કરે છે - તે સમજ આવી છે !

યોગીઓના તપઃ પ્રેરિત મનથી પણ ન પકડાતા પ્રભુ તો સ્વપ્રિય માના પોતાને પકડવા દોડતાં થયેલા, શ્રમ રૂપ તપઃથી પકડાઈ ગયા ! : મુક્તોને પણ ભગવાન્ જોઈએ તો ભક્તોને અનુસરવું પડે છે ! :

"चक्षुर्वै सत्यम् ।"- શ્રુતિ છે. આંખે દેખે તે સૌ માને ! સાંભળેલા કરતાં પણ દીઠેલું પ્રમાણભૂત ગણાય છે. નેત્ર જ્ઞાનરૂપ ગણાય છે. ભગવાન્ સર્વદોષ-નિવારક છે. લીલા માટે વિવિધભાવો પ્રકટ કરે છે. ચોરીના વિચારે તાત્પર્યજ્ઞાન માને નથી, ચોરીની શંકાના વિચારે સ્વરૂપજ્ઞાન નથી. ભગવાને માને આવતાં જોયાં. શંકા દેખાઈ. શંકા સ્નેહની શત્રુ છે. શંકા હોય તો સ્નેહરૂપ ભગવાનની પાસે પણ ન પહોંચાય ! માના હાથમાં વત્સ (વાછરડાં) હાંકવાની લાકડી છે. માને મન ભગવાન્ પણ "વત્સ" (વહાલો પુત્ર) છે ને ! પુત્રમાંથી ચોરીનો દોષ દૂર કરવો છે ! ભગવાને માનો મનોભાવ જાણ્યો. દેખાવ જોયો. દોષવાળાથી નિર્દોષ ભગવાનની નિકટમાં પણ ન પહોંચાય ! જલદી ભગવાન્ ખાંડણીઆ પરથી નીચે ઊતર્યા. દોડ્યા. દોષવાળાના સંગથી પણ દોષ આવે. પોતાનામાં રહેલાં બાલકોને દોષ લાગે ને ! માનો દોષ દૂર કરવા ભગવાન્ દૂર દોડ્યા. ભગવાનને ભક્તમાંથી દોષ દૂર કરવો છે ! **"भीतवत्"**-નામ કે સ્વરૂપ - સ્મરણ માત્રથી સૌને અભય દેનારા ભગવાન્ જાણે ભય પામ્યા ! મા મારે તો ! અંદરનાં બાલકોને કષ્ટ થાય. ભગવત્સ્વરૂપમાં તો કોઈ ભય નથી. મા સામે મુખ રાખીને ભગવાન્ દૂર દોડે છે. ભગવાનનું માહાત્મ્ય જાણનારા શ્રીશુક બોલી ઊઠ્યા.- **"गोप्यन्वधावन् न यमाप योगिनां क्षमं प्रवेष्टुं तपसेरितं मनः ।"**- બે અવતારનો શ્રીશુકનો સ્વાનુભવ ! શંકર રૂપે સમાધિ કરે, છતાં બાલકૃષ્ણનાં દર્શન માટે તો વ્રજમાં આવવું પડે ! શુક રૂપે જન્મીને તરત સમાધિ સાધે, છતાં સ્વરૂપસુંદર અને સ્વભાવસુંદર તો ભાગવતમાંથી જ જડે ! યોગસમાધિમાં તપઃપ્રેરિત, નિર્દોષ, ધર્મસંસ્કારવાળું મન પણ પ્રભુને પહોંચી શક્યું નથી ! મનનો વેગ તો અકલ્પ્ય છે. તેમાં પણ તપઃપ્રભાવ ઉમેરાયો છે, અભિલષિત મેળવી શકે છે, આપી પણ શકે છે, છતાં ભગવાન્ નથી મળતા ! તે ભગવાનને પકડવા **"गोपी"**- પાછળ દોડે છે ! સઘળું છોડીને યોગી સમાધિથી ગુણનિધાન પ્રભુને મેળવવા મથે, છતાં ન મળે. તે ભગવાનને માખણ લેતાં અટકાવવા, ચોરીરૂપ દોષ કરનાર માનીને, ગોપી પકડવા દોડે છે ! તે શાસ્ત્ર, સમાધિ, મહિમા કાંઈ જાણતાં નથી ! ગોપી છે ને !

ભગવાને માનો પોતાનામાં નિરોધ કર્યો છે, છતાં માને ભ્રાન્તિ થઈ છે ! લોકો જેમ સંતાન માટે સંપત્તિ વગેરે સંપાદન કરે છે, તેમ મા દીકરા માટે માખણ વલોવતાં હતાં, પણ ભગવાનને તેની અપેક્ષા નથી, તેથી માની સમજ ભ્રમ રૂપ છે. ભગવાનને તેથી ગુસ્સો થયો ! ભક્તિમાર્ગની તે મર્યાદા છે ! ભગવાને ગોળી ફોડી. દીકરાના ધૌર્ત્યથી મા રાજી થયાં. લૌકિકદૃષ્ટિ થઈ. ભગવાન્ ન દેખાયા. શોધ શરૂ કરી. શોધે તેને પ્રભુ જડે છે ! માએ પકડવાનો પ્રયત્ન કર્યો, પણ હાથમાં લાકડી હતી.

લાકડી વિરુદ્ધપ્રયત્ન રૂપ છે. પ્રભુ પ્રેમથી પકડાય. ભક્તિમાર્ગની રીતે પ્રયત્ન કરવાથી પ્રભુ મળે ભક્તિમાર્ગ કરતાં વિરુદ્ધ-યત્નથી પ્રભુ ન મળે. લાકડી સાધનબલ કે અહંકાર છે. અહંકાર-સહિતના પ્રયત્નોથી પણ પ્રભુ પ્રસન્ન થતા નથી, પકડાતા નથી. વિરોધ છોડાવી નિરોધ કરવા પ્રભુ ઈચ્છે છે માના દોષ હરવા હરિ દોડ્યા. મા પકડવા પાછળ દોડ્યાં. આ પ્રભુની પાછળ દોડવું તે તપોરૂપ છે **"वीर्यं मे दुश्चरं तपः ।"**– **"तपो मे हृदयं साक्षात् ।"**– તપઃ ભગવાનનું સામર્થ્ય છે, હૃદયરૂપ પણ છે સર્વ દોષો તેનાથી દૂર થાય. પ્રભુપ્રાપ્તિના પ્રયાસ તપોરૂપ છે. તે સઘળા દોષો દૂર કરે છે. વનમાં જઈને કાયા - ક્લેશરૂપ તપઃ કરવા માત્રથી પ્રભુ પ્રસન્ન થતા નથી. ઘરમાં રહીને પણ પ્રભુ મેળવવા પ્રયત્ન કરે, પ્રભુના ભક્તિમાર્ગને અનુસરે, સેવારૂપ ભગવત્કાર્ય કરે, તેવા તપઃથી નિર્દોષ થવાય, પ્રભુ મળે ! અભિમાન જાય, પ્રેમ ભરી દીનતા આવે, ત્યારે પ્રભુ મળે. માએ લાકડી છોડ્યા પછી પ્રભુ પકડાયા છે. "મારા ભગવાન્ મને કેમ મળતા નથી ? ક્યારે મળશે ?" - એ મનઃસંતાપ કે તાપભાવ તપોરૂપ છે. **"तापभावः परं दैन्यं प्रकाशयति तत्परम् ।"**- તાપભાવથી પ્રભુ પ્રસન્ન થાય તેવી પરમ દીનતા આવે છે. "હું કાંઈક કરું છું" - તેવું અભિમાન જાય, "પ્રયત્ન કરવા છતાં પ્રભુ મળતા નથી !"- તેવું ભાન થાય, "મારાથી કાંઈ બનતું નથી !" - તેવી દીનતા આવે, અંતઃકરણની આતુરતા અત્યંત વધતી જાય, તો પ્રભુ માટેના કરેલા પ્રયત્નો - સેવા, સ્મરણ, કથા, સ્તુતિ વગેરે - યોગ્ય રીતે થયા ગણાય. ક્રિયામાત્રથી કે વાણીના વિલાસમાત્રથી દેખાતી દીનતા અધૂરી છે. હૃદયની દીનતાથી પ્રભુ પ્રસન્ન થાય છે. પ્રભુ માટેના પ્રયત્ન કે તાપભાવરૂપ તપઃ પૂર્ણ હોય તો પ્રભુ પ્રાપ્ત થાય. દશ શ્લોકમાં તેની કથા છે.

પ્રભુ સાક્ષાત્ પ્રાપ્ત થયા ન હોય ત્યાં સુધી બધા પ્રયત્નો અપૂર્ણ છે. પરોક્ષમાં અહીં માન તપઃની કથા કહી છે ! મા પ્રભુને પુત્ર માનીને પકડવા પાછળ દોડે છે. તે તપઃ છે. ઋષિયો પરોક્ષ રીતે કહે છે, પ્રભુને પણ પરોક્ષ પ્રિય છે. મા પાછળ દોડે છે, પણ પ્રભુ પકડાતા નથી. જીવ પોતાન મેળે પ્રભુમાં આસક્તિ કરે, પ્રભુને મેળવવા મથે, તો ભગવાન્ દૂર જાય છે, મળતા નથી ! મનગમત પ્રિય વસ્તુ દૂર હોય તો તેને મેળવવાનું મન થયા કરે, મન તેમાં જ રહે, નિરોધ થાય. ભગવાન્ દૂ રહે, ન મળે, છતાં જીવની આસક્તિ રહે, તો નિરોધ દૃઢ થાય છે ! ભગવાન્ માનો નિરોધ દૃઢ કરવ દૂર દોડે છે.

ભગવાન્ આગળ, મા પાછળ ! ભગવાન્ પકડાતા નથી. ભગવાનમાં દોષદૃષ્ટિથી ત ભગવદીયને પણ ભગવાન્ મળતા નથી ! પરમોદાર પ્રભુ આવા ભક્ત ઉપર પણ કૃપા કરે છે, પો કૃપાથી મળે છે. મા પ્રભુને પકડવા દોડતાં હતાં. સ્થૂલ શરીર હતું. શ્રમ થતો હતો. થાકથી મનમાંથ બધા વિચારો નીકળી ગયા. દોષબુદ્ધિ દૂર થઈ. પુત્રે ચોરી કરી છે, તે ભૂલી ગયાં. પુત્રને પકડવો છે તે જ યાદ રહ્યું. મા તો દીકરાને દુઃખ થાય તેવું કાંઈ ન કરે ! આ તો - **"अजननी"**છે ! પુરુષોત્તમન જન્મ નથી, પ્રાકટ્ય છે. યશોદાજી વેગથી દોડતાં હતાં. **"सुमध्यमा"**- હૃદયમાં ભાવ હતો, બહાર મો હતો ! પ્રભુ પકડાતા ન હતા. અભિમાન ઓસરી ગયું. વેગથી દોડતાં, માનો કેશપાશ છૂટી ગયો. તેમ ગૂંથેલાં પુષ્પો નીચે પડી જતાં હતાં. જાણે માની પાછળ ગતિ કરતાં હતાં ! **"केशबन्धन"**- માં તો **"क"**- બ્રહ્મા અને **"ईश"**- શંકર, ઉત્પત્તિ અને લયના અધિષ્ઠાતા - દેવતા, ઉત્પત્તિ અને લય સહિ

બંધાયેલા છે ! તેમાંથી છૂટે તે તો મુક્ત થાય, પુનર્જન્મ તેને ન મળે. ભગવાન્ માટેની ક્રિયાથી આ મોક્ષ મળે છે. પ્રભુ પાછળ દોડતાં કેશબંધન છૂટ્યાં છે. નીચે પડતાં પુષ્પોને "પ્રસૂન"- કહ્યાં છે. "प्रकृष्टा सूना येषां तानि प्रसूनानि"- ઝાડ પરથી ફૂલ ઉતરે એટલે તેનો નાશ થવાનો, પણ દેવપૂજન કે ભગવત્સેવા માટે કોમલ કુસુમ નાશ વહોરી લે છે ! એટલે તે હિંસા પણ ઉત્તમ છે ! આ હિંસા કરનારને હિંસાનો દોષ પણ ન લાગે ! ભગવાન્ માટે કરેલી ક્રિયા કૃતાર્થ કરે છે. પુષ્પો મુક્ત થઈ ગયાં, છતાં જાણે પ્રભુપ્રાપ્તિ માટે માને અનુસરવા લાગ્યાં ! મુક્તોને પણ ભગવાન્ જોઈએ તો ભક્તોને અનુસરવું પડે છે ! કરોડો મુક્તોમાં પણ નારાયણપરાયણ તો સુદુર્લભ છે. માનો દોષ ગયો હતો. હૃદયમાં પ્રેમ હતો. મુક્તો (પુષ્પો) પણ મને અનુસરતાં હતાં. આ ત્રણે કારણે પ્રભુ પ્રસન્ન થયા. ભક્તનો શ્રમ ભગવાન્ સહન ન કરી શકે ! પ્રભુ પકડાઈ ગયા ! માએ લાડકવાયા લાલને ઉપાડી લીધા. ભેટી પડ્યાં. ભગવાન્ માટે કરેલો શ્રમ કદાચ પ્રતિકૂલ હોય તો પણ સાર્થક છે !

બાલક ભગવાન્ રડે છે ! માનો વિવેક હરી લીધો - મોહ કરાવ્યો - તે અપરાધ માને છે. મા તો ગોળી ફોડી તેને ગુનો ગણે છે ! દીકરો તેથી રડે છે ! - તેમ માને છે. ભગવાન્ ભક્તોની અત્યંત મૂઢતા પણ દૂર કરે છે ! દયાળુ ભગવાન્ રડતાં રડતાં એક હાથે આંખો ચોળે છે. નાના બાલકની તદ્દન સ્વાભાવિકતા છે. ભગવાન્ તો જ્ઞાનશક્તિને ઉજ્જ્વલ કરી રહ્યા છે, સ્વરૂપ-ગ્રહણ-સમર્થ બનાવે છે. માનો નિરોધ ચાલ્યો ન જાય માટે ભય નેત્રમાં પ્રકટ કરી રહ્યા છે. ભગવાન્ તો સર્વના સ્વામી છે. ઈશ્વરને અપરાધ લાગતો નથી. ભગવાન્ તો આ મોહ કરાવનારી લીલા કરે છે ! માને અત્યન્ત મોહ કરાવ્યો છે. આસક્તિ ઓછી કરાવી છે. આ મોહથી મા આગળ ઉપર થનારી કુંજ-નિકુંજની રસલીલાઓમાં પ્રતિબંધ રૂપ નહિ થાય, નહિ તો અત્યંત આસક્ત મા દીકરાને દૂર જવા ન દે, ગોચારણમાં ન મોકલે, તો રસલીલાઓમાં પ્રતિબંધ થાય !

ભગવદ્-ભક્તોના સહવાસમાં, ભક્તોની ભક્તિના પ્રભાવથી, સંસારીઓને પણ ભાવનો ઊભરો આવી તો જાય છે ! પણ ઊભરા કાયમ ટકે છે ક્યાં ? ! !

ફોઈ કુંતાજીએ પણ દામોદરલીલાનાં દર્શન વ્રજમાં કર્યાં છે. બંધાયેલા પ્રભુના રડતા મુખનું દર્શન કર્યું છે ! "गोप्याददे त्वयि कृतागसि ।"- કહ્યું છે, માની જેમ ફોઈને પણ ભગવાને અપરાધ કર્યો લાગ્યો છે ! રડતા પ્રભુનાં મુખદર્શને મોહ થયો છે ! "सा मां विमोहयति भीरपि यद्बिभेति ।"- ભગવાન્ ભક્તને પણ લીલા માટે મોહ કરાવે છે. લોકનજરે તો મા મારે તેની બીકથી રડે છે, આંખો ચોળે છે, બાલભાવ દૃઢ કરે છે, વારાફરતી એક હાથે આંખો ચોળે છે, ચળ પણ શાંત કરે છે. માએ નેત્રમાં કાજળ આંજ્યું છે. ભગવાન્ મારનારા રજોગુણને પણ શાંત કરી રહ્યા છે. ભગવાન્ મા સામે જોતા નથી. મા દીકરાના મોં સામે જોઈ રહ્યાં છે. ભગવાનનાં ચરણને જોતાં નથી. નખચંદ્ર સુશોભિત, ધૂલિધૂસર, શ્રમિત ચરણકમલનાં દર્શન કરે તો ભક્તિ ઉભરાય. પુત્રને પ્રેમથી ખોળામાં બેસાડી દે ! માનો મોહ વધી રહ્યો છે. આસપાસ ઊભેલાં ગોપીજન નિહાળી રહ્યાં છે. ભગવાન્ પણ ગોપીજનને નિહાળી રહ્યા છે. તે દોષારોપણ ન કરે માટે ભગવાન્ નેત્રમાં ભય પ્રકટ કરે છે. ભગવાને રડતાં, આંખો ચોળતાં, મા સામે ન જોતાં, ખૂબ મોહ કરાવ્યો ! આથી મોહિત થયેલાં મા યશોદાજી કૃષ્ણમાં ભગવદ્ભાવ નહિ કરી શકે, સર્વાત્મભાવને બદલે અધ્યાસ-રહિત પ્રીતિ પુત્ર રૂપે જ કરશે ! ઘરકામમાં

ગૂંથાઈ જતાં પહેલાં જેવો પ્રગાઢ પુત્રપ્રેમ પ્રકટ નહિ કરી શકે ! આગળના પ્રસંગોમાં માનો પ્રગાઢ પ્રેમ પુનઃ કહ્યો નથી ! આગળ ભગવાનના પ્રસંગો સાંભળતાં યશોદા મા આંસુ વહાવે છે, તેમાં ભગવાનના ગુણોનું માહાત્મ્ય છે. - "**श्रृण्वन्त्यश्रृण्यवास्राक्षीत् ।**"- ભગવાનની વાતોથી આપણને સંસારીઓને પણ ક્યારેક આંસુ આવી જાય છે. તે તો ભગવાનના ગુણનો મહિમા છે. તેને આંસુ વહાવનારની ભક્તિ જ માની ન લેવાય ! "**जनन्युपहृतं प्राश्य ।**" "**तत्कथा श्रवणोत्सुके...।**"- વગેરે પ્રસંગોમાં તો નન્દજીની મુખ્યતાથી યશોદાજીમાં રોહિણીજીનો પણભાવ આવ્યો છે ! ભગવદ્‌ભક્તોના સહવાસમાં, ભક્તોની ભક્તિના પ્રભાવથી, ક્યારેક આપણને સંસારીઓને પણ ભાવનો ઊભરો આવી જાય છે, પણ એવા ઊભરા કાયમ ક્યાં ટકે છે ?

જે કહેતાં જ્ઞાનિ - ભક્ત શ્રીશુકને ભય લાગ્યો છે, તે કરતાં પુષ્ટિ - ભક્ત માને ભય લાગ્યો નથી !: ભગવાન્ બુદ્ધિથી જાણી કે નાણી શકાતા નથી, ભક્તિથી માણી શકાય છે !:

પરમોદાર પ્રભુને માએ આલિંગનમાંથી નીચે મૂકયા. હાથ પકડ્યો. ધમકાવવા માંડ્યા. પામરની જેમ મારવાની ધમકી દીધી ! મારવાના તો છે જ નહિ, છતાં બોલે છે. માએ દીકરાને ડરેલા દીઠા. દિલ દ્રવી ગયું. હાથમાંથી લાકડી મૂકી દીધી. મારવાનો દોષરૂપ સંકલ્પ દૂર થયો, છતાં દોષ પૂરો ગયો ન હતો. આગળ વર્ણન કરતાં તો શ્રીશુકને પણ ડર લાગ્યો છે ! અયોગ્ય કહેવામાં અપરાધ લાગે તો ! "**किल**"- કહીને પોતાનો બચાવ કર્યો ! "**इयेष किल तं बद्धुं दाम्ना ।**"- સર્વસમર્થ ભગવાનને દોરડે બાંધવાની માએ ઈચ્છા કરી ! આ તો પ્રસિદ્ધ હતું, તેથી કહ્યું. શ્રીશુકે તેવા જોયા નથી કે ક્યારેય તેવી ભાવના પણ કરી નથી ! જ્ઞાનિભક્ત છે ને ! અંતઃકરણ, શરીર અને પરિકરનો દોષ પણ આ ઈચ્છામાં કહી દીધો. લોકો તો અનિષ્ટ - પ્રવૃત્તિ કદાચ કરે છે, પણ અસાધ્ય માટે તો પ્રવૃત્તિ નથી કરતા ! મા તો ભગવાનને બાંધવા અસાધ્ય હોવા છતાં પ્રવૃત્તિ કરે છે ! "**अतद्वीर्यकोविदा**"- પ્રભુનું પરાક્રમ મા જાણતાં નથી. પૂતના, તૃણાવર્ત જેવાને મારનારને પણ મા યશોદાજી બાંધવા ઈચ્છે છે ! મા પરાક્રમ જાણે તો ભય લાગે. ભયથી તો સ્નેહ સંકોચાય, બાલલીલા ન થાય. બાલલીલા કરવા ભગવાને જ માને મોહ કરાવ્યો છે, માહાત્મ્યજ્ઞાન થવા નથી દીધું ! જે કહેતાં પણ શ્રીશુકને ભય લાગ્યો છે, તે કરતાં માને ભય લાગ્યો નથી ! ભગવાનને દોરડે બાંધે છે ! ભક્તોનું આવું અજ્ઞાન દૂષણ નથી, ભૂષણ છે ! છતાં આવો ભાવ દોષરૂપ છે. તેનાથી પુષ્ટિભક્તોને સાવધ રાખવા માટે તેને માના મનોદોષ રૂપે કહ્યો છે ! તે આધ્યાત્મિક-પ્રકાર છે. મા યશોદાજી જેવામાં આવો વિચાર દોષરૂપ ગણાય; તો બીજાની વાત જ શી ? ભગવાનમાં અયોગ્ય-ભાવ કર્યા વગર, માહાત્મ્યજ્ઞાનપૂર્વક, સેવા જ કરવી જોઈએ.

શ્રીશુકે આ પ્રસંગમાં ભગવત્સ્વરૂપ-મહિમાના વિચારે, માને "**अतद्वीर्यकोविदा**"- પ્રભુનું સામર્થ્ય નહિ જાણનારાં - કહ્યાં છે. સ્વરૂપજ્ઞાન તો મર્યાદા રૂપ છે, તેથી ભક્ત ભગવાનને વશ રહે છે, ભગવાન્ પ્રેમથી ભક્તને વશ થઈ જાય, - તે પુષ્ટિ છે, સ્વતંત્રભક્તિ છે ! અહીં ભગવાન્ માને વશ થયા છે. મા યશોદાજી શુદ્ધપુષ્ટિમાર્ગમાં છે. "**शुद्धा प्रेम्णाऽतिदुर्लभाः ।**"- શુદ્ધપુષ્ટિભક્તો તો પ્રેમપૂર્ણ છે, અતિ દુર્લભ છે. કોઈથી ન બંધાય તેવા ભગવાનને માએ બાંધ્યા છે ! પ્રેમની તે પરાકાષ્ઠા છે. ભગવાન્ મા અને ગોપીજનને વશ થયા છે. "**दामोदराधरसुधामपि गोपिकानां....**"- માં સ્પષ્ટ

કહેશે. શ્રીશુકે પણ માના આ મહિમાની સ્તુતિ કરી છે, આ આધિદૈવિક-પ્રકાર છે. આધિદૈવિક-પક્ષમાં લીલાની મુખ્યતા છે. લીલાનો યથાર્થ અનુભવ તો પુષ્ટિમાર્ગ-સ્વતંત્રભક્તિમાર્ગ-થી થાય છે.

મા તો ભગવાનને બાંધવા ઈચ્છે છે. શ્રીશુક તો ભગવાનના સ્વરૂપનો મહિમા વર્ણવે છે. - **"न चान्तर्न बहिर्यस्य ।"**- ભગવત્સ્વરૂપ અને બંધન - સાધન (દોરડું)નો વિચાર કરતાં ભગવાન્ બંધાય નહિ. બંધનથી બહાર અવરોધ થાય અને અંતરમાં ઉદ્વેગ થાય. તે તો તેને જ સંભવે કે જેનામાં અંદર અને બહાર એવો ભેદ હોય. ભગવાન્ તો પૂર્ણ છે, સર્વવ્યાપક છે. ભગવાનને કોઈ પોતાનામાં સમાવી શકે નહિ. નિરવયવ હોવાથી કોઈ ભગવાનનો પરિચ્છેદ (વિભાગ) પણ કરી શકે નહિ. શ્રુતિ છે, - **"य आदित्ये तिष्ठन् य आदित्यमन्तरयति"**- જે સૂર્યમાં વસતાં સૂર્યને પોતાની અંદર સ્થાપે છે, તેમાં ભગવાનને સૌની અંદર રહેલા કહ્યા છે. ભગવાનની અંદર કોઈને રહેલું કહેલું નથી ! પ્રભુ સર્વની અંદર રહેલા છે. તેમની અંદર કોણ હોઈ શકે ? છતાં સદ્રૂપે બહાર પણ છે. બહાર ન હોય તો પદાર્થ દેખાય જ નહિ ! બ્રહ્મ વિરુદ્ધધર્માશ્રયી છે. શ્રુતિમાં પ્રાદેશમાત્ર વૈશ્વાનરને વ્યાપક કહ્યા છે, - **"प्रादेशमात्रभिविमानम् ।"** સર્વવ્યાપક હોવાથી તેમની બહાર પણ બીજું કાંઈ હોઈ શકે નહિ. આમ, ભગવાનના અંતઃકરણમાં ખેદ કે બહાર પણ આવરણ સંભવે નહિ. હાથ-પગ વગેરે અવયવો પણ બ્રહ્મસ્વરૂપભૂત હોવાથી - નિરવયવ, લૌકિક-વાણી અને મનથી પર હોવાથી - અનિરૂપ્ય, સંપૂર્ણ પ્રજ્ઞાનઘન હોવાથી - સ્વતઃપ્રકાશમાન્, સ્વેચ્છાથી જ વ્યવહાર્ય બનતા હોવાથી, - **"तत् केन कं पश्येत ।"**- શ્રુતિ પ્રમાણે, જ્ઞાતા અને જ્ઞેયભાવ તિરોહિત કરનાર, પ્રત્યક્ષ સ્વરૂપભૂત, ભગવાનમાં પૂર્વાપરભાવ પણ ન સંભવે. સ્વરૂપનાં દર્શન કરનારના અજ્ઞાનથી કદાચ પૂર્વાપરભાવ દેખાય, અમુક જ માપનું સ્વરૂપ લાગે, તે દર્શન કરનારનું અજ્ઞાન છે, સ્વરૂપ તેવું નથી ! દક્ષિણોત્તરભાવ પણ સ્વરૂપમાં ન હોય. સ્વરૂપ કે દિશાઓથી થતો અંદર કે બહાર એવો વિભાગ ભગવાનમાં ન હોવાથી ભગવાન્ બંધાય નહિ.

બાંધનાર દોરડાના પૂર્વભાગ અને પરભાગમાં ભગવાન્ જ છે ! મા યશોદાજીએ સઘળું જગત્ ભગવાનમાં જોયું જ છે. વ્યાપક રૂપે ભગવાન્ સૌની બહાર રહેલા છે ! સૌની અંદર પણ ભગવાન્ સર્વાન્તર રૂપે રહેલા છે ! **"जायते गच्छति चेति जगत् ।"**- ભગવાનમાંથી જ જગત્ ઉત્પન્ન થાય છે, ભગવાનમાં જ સમાય છે, આદિ અને અંત રૂપ પણ ભગવાન્ જ છે. તેમ ન હોય તો જગતની ઉત્પત્તિ કે લય ન થાય. ભગવાન્ જગત્‌ની બહાર ન હોય તો જગત્ જાય ક્યાં ? સૌની અંદર ભગવાન્ ન હોય તો ઉત્પત્તિ અને લય ક્રમશઃ ન થાય ! ભગવાન્ અંદર હોવાથી સૌમાં જુદા જુદા **"अस्ति भाति"** - વગેરે ગુણધર્મો છે. ભગવાન્ જગદ્રૂપ પણ છે. તો પોતે જ પોતાનાથી બંધાય નહિ. બંધાય તો સાધન નકામાં થાય. ભગવાનની આજ્ઞાથી સઘળું જગત્ કાર્ય કરે છે. તે જગત્ કે તેમાંની વસ્તુ (દોરડાં)ને પોતાને બાંધવા કેમ પ્રેરે ? કોઈ પણ રીતે ભગવાનને બંધન નથી.

આવા પુરાણ-પુરુષોત્તમને પણ મા તો પોતાનો પુત્ર જ માને છે ! મહાપુરુષો તો પોતાનો પ્રભાવ ક્યારેક પ્રકટ પણ કરે છે. ભગવાન્ તો અત્યારે કોઈ પ્રભાવ પ્રકટ કરતા નથી ! **"अव्यक्त"**- છે. પુત્રબુદ્ધિ જ ભગવાને મામાં દૃઢ કરી છે. ભક્તોના અધિકાર અનુસાર ભગવાન્ નિરોધ કરે છે. ભગવાન્ તો પોતાના માહાત્મ્ય કરતાં વિપરીતધર્મો જણાવે છે, **"मर्त्यलिङ्ग"**- લાગે છે, પ્રાકૃત જેવાં

ચિહ્નો પ્રકટ જણાવે છે ! ભગવાન્ સ્વરૂપ, ગુણ અને ક્રિયા સામાન્ય બાલક જેવા પ્રકટ કરે છે, ભગવાનની ઈચ્છા ન હોવાથી, કોઈ દિવ્ય ચિહ્નો ઈન્દ્રિયોથી અનુભવાતાં નથી ! - **"अधोक्षज"** છે. અલૌકિકને બદલે લૌકિક જેવા ગુણધર્મો ભગવાન્ અત્યારે બતાવે છે. અજ્ઞાન માએ દીકરાને ખાંડણીઆ સાથે બાંધવાનો વિચાર કર્યો. આડા પડેલા ખાંડણીઆ પર પગ મૂકીને ચલાવતા પ્રભુ ખેલે પણ છે. માએ ખાંડણીઆ પર ઊભેલા જોયા પણ છે. ખાંડણીઓ અગ્નિની નાભિરૂપ છે. અગ્નિ પ્રભુના મુખમાં પણ છે ! - **"मुखमग्निरिद्ध"**- આદિ-ચરણ અને અંત-મુખ, ઉભયનો આશ્રય હોવાથી, ભગવાને ગોકુલમાંના ખાંડણીઆને પોતાના આશ્રય રૂપે બતાવવા માટે, ખાંડણીઆ સાથે પોતાનું બંધન કરાવ્યું છે !

માને તો કોઈ બીજો વિચાર જ નથી. પશુને બાંધવાના દોરડે પ્રભુને બાંધે છે ! ખાંડણીઓ, દોરડું અને માના હાથના દેવતાઓને પણ ભગવાન્ સામાન્યબાલક લાગ્યા છે. ભગવાને તેવી સમજ દીધી છે. દેહાકારે દેખાતા સચ્ચિદાનન્દ રૂપ ભગવાન્ દોરડામાં બંધાઈ રહ્યા હતા ! ગુણોપસંહારન્યાયે **"न चान्तर्न बहिर्यस्य ।"**- માં કહેલા ધર્મવાળા ભગવાન્ આ જ છે, તે સમજાવવા બંધનના ઉપાય વર્ણવ્યા. ભગવાને પોતાનામાં બે દોષો બતાવ્યા છે - **"स्वार्भकस्य कृतागसः ।"**- યશોદાજીનું પુત્રપણું અને માખણચોરી કે ગોળી ફોડવાનો અપરાધ !

પ્રભુ બહાર પ્રકટ વિરાજે છે, ત્યારે અંદર રહેલા સ્વરૂપનું જ્ઞાન માને નથી. દોષદષ્ટિ આવે તો બહાર વિરાજતા હોવા છતાં, ભગવાનનો અનુભવ ન થયા જેવો થઈ જાય ! દોષદષ્ટિથી નિર્દોષ ભગવાન્ ઓળખાય નહિ. શાસ્ત્રમાં કહેલા મર્યાદામાર્ગમાં પ્રાયઃ ભગવાનની મુખ્યતા હોય છે. તેમાં ભગવદપરાધથી કાલાદિ-અધિકારી દ્વારા સજા થાય છે. અહીં તો, સ્વતંત્ર (પુષ્ટિ) ભક્તિમાર્ગ છે. તેમાં ભક્તો મુખ્ય છે. ભગવાન્ ભક્તોને અનુકૂલ થઈને લીલા કરે છે. ભગવાન્ પણ અપરાધ પ્રકટ કરે તો, ભક્તો ઈચ્છે તેવી સજા પ્રેમપરવશ પ્રભુ સ્વીકારે છે ! મા પાસે પ્રભુએ બે અપરાધ પ્રકટ કર્યા ! માએ દોરડે બાંધવાની સજા કરવા ઈચ્છ્યું ! સર્વસમર્થ ભગવાન્ પણ દોરડે બંધાયા ! પ્રેમની આ પરાકાષ્ઠા છે. ભગવાન્ પુત્ર રૂપ થયા છે. માનું નિયંત્રણ સ્વીકારે છે. તેમ માના દોરડાનું નિયંત્રણ સ્વીકારે છે. દોરડાને તેવું સામર્થ્ય પ્રભુ દે છે, નહિ તો બહાર પણ દોરડું ન સંભવે, વીંટળાવાનું પણ ન સંભવે, પરિણામે રજ્જુ અંદર-બહાર વિરાજતા ભગવાનને તિરોહિત સમજીને, સ્વયં બહાર અને અંદર રહેલા ભગવાનને વીંટળાયું, છતાં ચારે તરફ બંધન ન થયું ! લીલામાંના પદાર્થો પણ સચ્ચિદાનંદ- રૂપ જ છે, તેથી દોરડામાં આ જ્ઞાન સંભવે છે ! ભગવાન્ સર્વત્ર વિરાજે છે. દોરડું બે આંગળ ટૂંકું પડ્યું. "આંગળ" - લોકમાં અને વેદમાં માપનું "એકમ" છે. **"द्व्यङ्गुलोनमभूत् ।"**- દોરડાના આદિ અને અંતમાં ભગવાન્ જ છે. તે જ આ ભગવાન્ અંદર અર્ધા બંધાયેલા છે. સામાન્યનજરે પણ, દોરડું બે આંગળ ટૂંકું પડે તો વચ્ચે ઉદર જ આવે. એક છેડો આદિ, તો બીજો અંત ! બેની વચમાં તો ઉદર જ ને ! છતાં વચમાં ભગવાન્ ! શાસ્ત્રમાં વર્ણવેલા બધા ધર્મો આ સ્વરૂપમાં દેખાય છે. ભગવાન્ વ્યાપક હોવા છતાં દર્શન માટે જ વ્યાપકતાનો અનુભવ કરાવતા નથી ! માએ દોરડું ટૂંકું પડતાં બીજું લાવીને સંધાડ્યું. તે પણ બે આંગળ ટૂંકું પડ્યું. ત્રીજું લાવ્યાં. સાથે સાંધ્યું. તે પણ બે આંગળ ટૂંકુ પડ્યું. એક દોરડું બે આંગળ ટૂંકું પડે, પછી બીજાં સાંધવા છતાં બે

આંગળ જ ટૂંકું પડે છે ! ભગવાને સ્વરૂપ કે ઉદર વધાર્યું નથી ! તે તો દેખાતા હતા તેવા બાલક રૂપે જ દેખાય છે. નન્દભવનમાં દર્પણ, મણિસ્તંભ વગેરેમાં પણ તે પ્રતિબિંબ દેખાય છે. સ્વરૂપ ન વધવા છતાં, દોરડાં દરેક વખતે બે બે આંગળ જ ટૂંકાં પડે ને ! કયું ગણિત કે વિજ્ઞાન આનો હિસાબ કે નિર્ણય કરી શકે ? કઈ સાબિતી સંભવી શકે ?! તેમાં તો પ્રમાણ ભક્તો કે ભાગવત ! શ્રદ્ધા જીવની અને લીલા ભગવાનની ! લૌકિક યુક્તિથી ભગવાનની લીલાની વાતો ન સમજાય, **"नैषा तर्केण मतिरापनेया ।"**- શ્રુતિ છે. ભગવાનનું આ પ્રમેયબલ છે, છતાં અપ્રમેય છે ! બુદ્ધિથી જાણી કે નાણી શકાતું નથી, ભક્તિથી માણી શકાય છે.

ભગવાનનું ભક્ત - વશત્વ નિત્ય છે !:

ભગવાન્ માના દોરડાના બંધનમાં નથી બંધાયા, સ્વ-બંધનમાં બંધાયા છે !:

ભાવવશ ભગવાને, ભક્તે કરેલી સ્નેહસજા સ્વીકારી છે, છતાં તેમાં બે અવરોધો છે. (૧) ભગવાનનું નૈસર્ગિક સ્વામિત્વ. (૨) જીવનું સહજ દાસત્વ. સ્વામીનું નિયંત્રણ સેવક ન કરી શકે. અહીં તો, પ્રભુએ પુત્રત્વ સ્વીકાર્યું છે. માને વશ છે; તેથી જ નિયમન થઈ શકે, છતાં આ ભગવદ્ધર્મની જેમ પ્રભુનું ઐશ્વર્ય અબાધ્ય છે, તેથી બંધન અસાધ્ય છે ! ભગવાનનું ભક્તવશત્વ નિત્ય છે, તેથી માના દોરડામાં પ્રભુ બંધાયા, પણ બે અવરોધથી દોરડું બે આંગળ ટૂંકું રહ્યું !

ઈશ્વર તો **"कर्तुं"**- કરવાને, **"अकर्तुं"**- ન કરવાને, **"अन्यथा कर्तुं"**- અન્યથા કરવાને સમર્થ છે, તેથી જ **"कृपयासीत् स्वबन्धने ।"**- કૃપાથી સ્વબંધનમાં બંધાય છે ! કૃપા તો ઈશ્વરધર્મ છે, તેથી ઐશ્વર્ય જ બંધનમાં સાધનરૂપ છે, નહિ તો ભગવાન્ બંધાય નહિ ! ભગવાન્ સિવાય બીજા કોઈથી સ્વસ્વરૂપ-મર્યાદા અને જીવસ્વરૂપ-મર્યાદાનું ઉલ્લંઘન થાય નહિ. આવું લોકવેદાતીત-પુરુષોત્તમ-સ્વરૂપ ગણાય. પુરુષોત્તમ સર્વતન્ત્ર-સ્વતંત્ર છે, બાકીના સૌ પરતન્ત્ર છે. નિરંકુશ જગત્કર્તૃત્વ વગેરે માત્ર ભગવાનનું જ સામર્થ્ય છે,- ઐશ્વર્ય છે. તેના કરતાં પણ સ્વસ્વરૂપ-મર્યાદાનું ઉલ્લંઘન પરમ ઐશ્વર્યરૂપ છે !

ભગવાન્ તો દોષદૃષ્ટિ વગરના, નિરુપધિ (કારણ વગરના સહજ) સ્નેહથી વશ થાય છે. માએ પ્રભુને પુત્ર તરીકે સમજીને સ્નેહ કર્યો છે. તે સોપાધિક-સ્નેહ છે ! ગોળી ફોડવાની કે માખણ ચોરવાની દોષદૃષ્ટિ પણ તેમાં કરી છે ! આ બે કારણે ભગવાન્ વશ ન થયા, દોરડું બે આંગળ ટૂંકું પડ્યું, તેથી ભગવાન્ માના દોરડાના બંધનમાં નથી બંધાયા, "સ્વ"-બંધનમાં બંધાયા છે ! માએ ભગવાનને અતૃપ્ત રાખ્યા છે અને ધમકાવીને બાંધવાનો પ્રયત્ન કર્યો છે. આ બે કારણે દોરડું બે આંગળ ટૂંકું થયું. ભગવાન્ પુત્ર રૂપે તદ્દન નાના છે, અને પોતાના જ પુત્ર છે; છતાં બાંધવાનો પ્રયત્ન કર્યો, તેથી દોરડું બે આંગળ ટૂંકું પડ્યું. માએ દોષદૃષ્ટિ કરી, તે અંતઃકરણનો અપરાધ છે. ધમકાવીને બાંધવાનો ઉદ્યમ કર્યો, તે શરીરનો અપરાધ છે. આમ અંદર અને બહારના બે અપરાધથી દોરડું બે આંગળ ટૂંકું પડ્યું. **"वशे कुर्वन्ति मां भक्त्या ।"**- ભગવાન્ ભક્તિથી વશ થાય છે. અહંતા - મમતારૂપ સંસાર ભગવદ્વિરોધી છે. સંસાર ભક્તિમાં વિઘ્નરૂપ છે. અહંતા અને મમતા-સૂચક બે આંગળ દોરડું ટૂંકું પડ્યું.

ભગવાને દોરડાને બાંધવાનું સામર્થ્ય આપ્યું હોવા છતાં, ભગવાનની ઈચ્છા બંધાવાની ન હોવાથી, દોરડું બાંધી શક્યું નહિ ! દોરડાં સંધાતાં એકરૂપ જ થઈ જતાં. ત્રણ વખત ભગવાને આવી

લીલા બતાવી ! "त्रिसत्या हि देवाः ।"- એ શ્રુતિ છે. ભગવાને જગતની આદિ-અંત-રૂપ સ્થિતિ ત્રણ વખત દર્શાવી ! પુષ્ટિ-પ્રવાહ-મર્યાદા-ભેદથી ત્રિવિધ જગતમાં પ્રકટ થવા છતાં, પ્રભુ બંધાતા નથી. આમ, જો દોરડું ટૂંકું થવાની લીલા ન બતાવે તો, ભગવાનનું સ્વરૂપ સમજાય નહિ, લૌકિક જ લાગે. મા જેટલાં લાવ્યાં તેટલાં બધાં જ દોરડાં મળીને પણ બે આંગળ જ ટૂંકાં થયાં ! માને તો આનો વિચાર પણ આવ્યો નથી ! ઘરમાં હતાં તેટલાં બધાં દોરડાં માએ આણ્યાં, બે આંગળ ટૂંકાં પડ્યાં ! "यशोदा"- છે ને ! ભગવાન્ બંધાતા નથી - એ યશઃ ભગવાનને દે છે ! પોતે બાંધી શકતાં નથી, તેથી પોતાનો યશઃ ગુમાવે છે !

આંગણામાં આસપાસ અનેક ગોપીજન ઊભાં હતાં, જોતાં હતાં, હસતાં હતાં. પોતે મદદ નથી કરતાં. બીજાના ઘરનાં દોરડાં નથી લાવ્યાં ! યશોદાજીના ઘરમાં જ પુત્રત્વ અને અપરાધ પ્રભુએ પ્રકટ કર્યાં છે, તેથી તેમનાં દોરડાં જ બે આંગળ ટૂંકાં થયાં છે. માને વારંવાર દોરડાં લાવતાં, બાંધતાં. ખૂબ થાક લાગ્યો. આશ્ચર્ય પામ્યાં. હઠપૂર્વક બીજાં દોરડાં ખોળવા લાગ્યાં. સૌના દેખતાં પોતાનું નાનું છોકરું બંધાતું ન હતું ! ખૂબ શરમ આવતી હતી. મોં સુકાયું, પરસેવો થઈ ગયો. રડવા જેવાં થઈ ગયાં ! ભગવાન્ તો પરમકૃપાલુ છે, દુષ્ટ પર પણ દયા કરે છે. "दृष्ट्वा परिश्रमं कृष्णः कृपयासीत् स्वबन्धने ।"- ભગવાને દયા કરી. મા છે ને ! - "मातृदेवो भव ।" પોતે તો માના એકના એક દીકરા છે ! ગોકુલવાસીઓના ખેદ દૂર કરવા પ્રભુ પધાર્યા છે. - "कृष्ण"- સદાનન્દ છે. દુઃખનો તો તેમને અનુભવ પણ નથી. દુઃખીને દેખાતા પણ નથી, દુઃખીને દેખી શકતા પણ નથી, દયાથી દ્રવી જાય છે ! કૃષ્ણ દર્શન-માત્રથી આનંદ આપે છે. કૃષ્ણે કૃપારૂપ સામર્થ્ય પ્રકટ કર્યું. ત્રણ આંગળ દોરડા રૂપ થયા ! બે આંગળ ખૂટતાં મળ્યાં, ત્રીજાથી બંધન થયું ! પ્રભુ પોતે જ પોતાના બંધનમાં બંધાયા ! લોકનજરે માએ બાંધ્યા. ઉદરે દામ વીંટાયું. ભગવાન્ "દામોદર" થયા ! પ્રભુ સ્વયં દામે બંધાયા, છતાં નામ અને કામે તો સૌનાં બંધન છોડાવે છે ! - "दाम्ना बद्धः स्वनाम्ना तु मोचयत्यातुरान् जनान् ।"- ભગવાન્ સ્નેહમાં જ બંધાય છે.

બંધન તો ક્લેશદ, દુઃખદ, અપયશઃ - પ્રદ છતાં ભગવાને ભક્તે આપેલું હોવાથી તે સ્વીકારી લીધું ! તે ભૃત્યવશ્યતા પ્રદર્શિત કરી છે ! :

एवं प्रदर्शिता ह्यङ्ग हरिणा भृत्यवश्यता ।
स्ववशेनापि कृष्णेन यस्येदं सेश्वरं वशे ॥ (१९)

શ્રીશુક "एवं"- સૂચક બોલ્યા છે. પ્રભુને પરિશ્રમ કરાવે, પ્રભુને પણ પોતાની રીતે રાખવા મથે, છતાં પરમોદાર પ્રભુએ જેને પોતાનાં ગણ્યાં હોય, તેવા લોકો ઉપર ભગવાન્ અભૂતપૂર્વ કૃપા કરે છે ! "दामोदरो भक्तवश्यो"- વિશ્વને પોતાના વશમાં રાખનારા ભગવાન્ ભક્તને વશ થઈ જાય છે ! એક દિવસ ભગવાને વામન રૂપે બલિને બાંધ્યો હતો. સદ્ધર્મ તેમાં જણાયો ! આજે ભગવાન્ કૃષ્ણ, ભક્ત માના બંધનમાં પોતે બંધાયા ! તેમાં નિરોધ જણાવ્યો ! હરિ સર્વ દુઃખ હરનારા છે; પણ સંબંધ વગર દુઃખ સૌનાં હરે તો સંસારનો વિલય થઈ જાય ! સુદૃઢ શરણાગતિ કે સર્વોત્કૃષ્ટ સ્નેહથી સંબંધવાળા સ્વજનનાં સર્વદુઃખ હરિ હરી લે છે ! પ્રભુનાં સ્વજન બની જનારનો મહિમા પ્રકટ કરવા

પ્રભુએ ભક્તવશ્યતા બતાવી છે. આ પરમકૃપા છે. કૃપા તો સર્વધર્મ અને ધર્મી કરતાં પણ બલવતી છે! ભગવાન્ તો "સ્વવશ" છે. સૌને પરમ ફલ દેનારા છે. સ્વયં ફલરૂપ - "**कृष्ण**" છે. કૃષ્ણભક્તિનું ફલ અટકતું કે દબાતું નથી.

ભગવાન્ બંધાયા, છતાં વિશ્વ તેમને વશ છે! કોઈ કૃષ્ણની અવજ્ઞા કે અન્યથા-ભાવના કરી શકે તેમ નથી. ભગવાને આ લીલા બતાવવા માટે કરી છે - "**प्रदर्शिता.**" ! ભગવાન્ ભક્તોએ પ્રેમથી આપેલાં વસ્ત્ર, આભરણ, ભોજન વગેરે સ્વીકારે છે. તેમાં પણ ભગવાન્ ભક્તની ઈચ્છાને વશ થાય છે; છતાં તે વસ્તુઓ સુખપ્રદ છે, તેથી તેના સ્વીકારમાં, ભગવાનની ભક્તવશ્યતા સ્પષ્ટ સમજાતી નથી ! બંધન તો ક્લેશ કરાવનારું છે, દુઃખપ્રદ છે, અપયશઃ દેનારું છે. ભગવાને ભક્તે આપેલું આવું બંધન પણ સ્વીકારી લીધું ! - એ રીતે સ્પષ્ટ રીતે ભક્તવશ્યતા બતાવી છે. પ્રભુ બંધાય નહિ તો ભક્તવશ્યતા દેખાય નહિ ! તેથી "**एवं प्रदर्शिता**"- કહ્યું છે. આનંદરૂપ ભગવાનને તો બંધનથી પણ દુઃખ ન થાય. ભગવાને ભક્ત માની ઈચ્છા પૂરી કરી છે, તેમાં વિશેષ નથી, પણ ભગવાનના બંધનથી બીજા ભક્તોને સાંભળતાં પણ દુઃખ થાય. ભક્તને દુઃખ થાય તેમ કરવું ભક્તિમાર્ગવિરુદ્ધ છે, છતાં ભગવાન્ બંધાયા, તેથી તો ભક્તવશ્યતા સ્પષ્ટ સમજાય છે ! સ્વ-સ્વરૂપ-મર્યાદાનો અતિક્રમ કરીને પ્રભુ બંધાયા છે ! દોરડું તો આદિ અને અંતમાં, ઉદર હોવાથી સ્વરૂપનું અવચ્છેદક બની શકે નહિ. ભગવાને ધારણ કરેલાં અલંકાર, વસ્ત્ર વગેરેથી અવચ્છેદ (વિભાગ) થતો નથી. "**सर्वतः पाणिपादान्तं** "...... થી ભગવાન્ સાકાર છે, સર્વવ્યાપક છે. આભૂષણ, વસ્ત્ર વગેરે સ્વરૂપના જ સ્વાભાવિક-ધર્મરૂપ છે, ભગવદ્રૂપ છે. તેનાથી પરિચ્છેદ (સીમા) થતો નથી.

ભક્ત માના બંધનમાં ભગવાન્ બંધાયા. આવી કૃપા તો ભગવાને સર્વની ઉત્પત્તિ કરનારા, પ્રવૃત્તિધર્મ-પ્રવર્તક, પુત્રરૂપ બ્રહ્માજી કે નિવૃત્તિ- ધર્મ - પ્રવર્તક, સઘળું છોડીને ભગવાન્ માટે તપઃ કરનારા, પ્રલયકર્તા, પૌત્રરૂપ મહાદેવજી કે વક્ષઃસ્થલમાં વિરાજનારાં, બ્રહ્માનંદરૂપા, ચરણસેવારત, જગજ્જનની લક્ષ્મીજી ઉપર પણ કરી નથી ! ત્રણે ભગવાનનાં અંગમાં વિરાજે છે. લક્ષ્મીજી વક્ષઃસ્થલમાં, બ્રહ્માજી નાભિકમલમાં અને શંકર ચરણકમલમાં ! ત્રણે ગુણાવતારો છે. સ્વરૂપ, ભક્તિ અને અધિકારથી ઉત્તમ છે. "ગોપી" તો જાતિ અને સ્વરૂપથી સામાન્ય છે, છતાં તેના પર પ્રભુએ જે કૃપા કરી તેવી કોઈના પર કરી નથી ! "**प्रसादः**"- પ્રસન્નતા-કૃપા-અદ્ભુત બતાવી છે. સર્વને વિમુક્તિ દેનાર પોતે બંધન સ્વીકારે ખરા ? જ્ઞાન દઈને કે વિદેહ - કૈવલ્ય - દઈને ભગવાન્ મુક્તિ દઈ શકે છે, પણ અહીં તો સ્વયં બંધાયા છે ! તેથી પ્રસિદ્ધ પ્રસન્નતા કે કૃપા તો આ જ છે, બીજી કોઈ નહિ.

કર્મપરાયણો કે નિરભિમાની મુક્ત - જ્ઞાનીઓને ભગવાન્ મેળવવા સહેલા નથી ! કૃષ્ણમાં ભક્તિવાળાને તો આ જન્મે જ પ્રભુ પ્રાપ્ત થાય છે ! :

नायं सुखापो भगवान् देहिनां गोपिकासुतः ।
ज्ञानिनां चात्मपोतानां यथा भक्तिमतामिह ॥ (૨૧)

અહીં, ભગવાનનું બંધન કહ્યું નથી, પણ તે દ્વારા ભક્તવશપણું કહેલું છે ! તે મળવું કઠિન છે. દેહાભિમાની, કર્મપરાયણ કે નિરભિમાની મુક્ત-જ્ઞાનીઓને પણ ભગવાન્ મેળવવા સહેલા

નથી ! એકમાં અભિમાન અને બીજામાં નિરપેક્ષતા છે. "**आत्मा स्वरूपं पोतः संसारसमुद्रतरणोपाय येषां ते आत्मपोतास्तेषामात्मपोतानाम्**"- જ્ઞાનીને તો આત્મા જ સંસાર-સાગર તરવાનું સાધન છે; પણ સમુદ્ર તરવા માત્રથી સામે કિનારે સામ્રાજ્યમાં વસતા સમ્રાટ્ કાંઈ મળી ન જાય, તેમ ભગવાન મળતા નથી! કૃષ્ણમાં ભક્તિવાળાને ભગવાન્ સુલભ છે, આ જન્મે જ સાક્ષાત્ પ્રભુ પ્રાપ્ત થાય છે ! "**गोपीकासुतः**"- ગોપીકાપુત્ર થઈને પ્રભુ પધાર્યા છે. તેના સૌ ભક્ત બને માટે ભગવાને અ લીલા કરી છે. ભક્તિનો આ વિજય છે ! ભક્તિ વગર માત્ર ક્રિયાત્મક સેવા-સ્મરણાદિ કરનારને પણ ભગવાન્ મળવા સહેલા નથી.

માનો મનોરથ પૂરો થયો. માના બંધનમાં આજે બંધાયા, તો હવે પોતાના સ્નેહબંધનમા પણ પ્રભુ બંધાશે ! - તેમ સમજીને, જે ઘરમાં પોતાના પ્રભુ બંધાયા તે સામે મુખ ન કરતાં, બંધન જોઈ ન શકતાં, ગોપીજન પણ પોતાને સ્થાને ગયાં, નાનાં છોકરાં આવેલાં તે ત્યાં રમતાં રહ્યાં.

ભગવાન્ આંગણામાં જ વિરાજ્યા, બંધનથી વ્યગ્ર નથી થયા. મા ઘરકામમાં વ્યગ્ર થયાં ભગવાને સામે "અર્જુનવૃક્ષ" જોયાં. તેને પાડીને નિરોધ દેવા ભગવાને ઈચ્છયું. "અર્જુન" એટલે "સાદડ" તો ખરાં, પણ નામમાત્રે પોતાનો પ્રિય મિત્ર કુન્તાપુત્ર યાદ આવ્યો ! પ્રભુએ કૃપા વિચારી ભક્તોના બહાને (આડીથી) પણ ભગવાન્ લોકો પર કૃપા કરે છે ! ભક્ત કુબેરના બે પુત્ર નલકૂબ અને મણિગ્રીવ. અતિસુંદર નલ પણ જેની પાસે કૂબડો લાગે તેવા સુંદર નલકૂબર છે. મણિવાળી ગ્રીવા યુક્ત મણિગ્રીવ છે. દેવો વૃક્ષરૂપ બન્યા છે. લક્ષ્મીના અભિમાનથી મત્ત બનેલાઓને નારદ શાપ દીધો હતો, છતાં હજુ ખ્યાતિ અને શ્રી હતાં, તેથી ઉદ્ધારને યોગ્ય હતા.

અધ્યાય : ૧૦

પોતાના સેવકોના સંગથી ભગવાન્ દુષ્ટ ઉપર પણ દયા કરે છે ! ભક્તના શાપથી દેવોને મોક્ષ મળી ગયો ! :

શ્રીશુકે શાસ્ત્રજ્ઞાનપૂર્વક અતિદુર્લભ ભક્તિની કથા નવમા અધ્યાયમાં કહી છે. અવિદ્યા દૂ કરી ભગવાનને વશ કરનારો જ્ઞાનરૂપ ભગવદ્ધર્મ કહ્યો. દશમા અધ્યાયમાં કૃષ્ણસેવકનું સખ્ય થાય તેવી કથા કહે છે. સાતમા અધ્યાયમાં "**तत्पुरुषे च सख्यं**"- રાજાએ પૂછેલું છે. સંસારમાં વૈરાગ્યવાળા ભક્તોમાં સ્નેહ થાય છે ! ભગવાનના ભક્તો પણ વૈરાગ્યવાળા હોય છે. ભગવદ્ભક્તોની કૃપાથ અધમનો પણ ઉદ્ધાર થાય છે. પોતાના સેવકોના સંગથી પણ, દુષ્ટ ઉપર પણ ભગવાન્ દયા કરે છ કૃષ્ણના દાસનાં દર્શનથી પણ દિવ્યતા મળે છે !

આમાં ભગવાનના વૈરાગ્ય-ગુણનું નિરુપણ છે. ભગવાનના ગુણ પણ ભગવદ્રૂપ છે, તેથી અ અધ્યાયમાં ઐશ્વર્ય વગેરે છ ગુણવાળો વૈરાગ્ય કહેલો છે. - (૧) શાપનો પ્રસંગ, (૨) શાપનું કારણ (૩) કૃપા રૂપ શાપ, (૪) શાપનું ફલ, (૫) શાપિતોની સ્તુતિ અને (૬) શાપિતો પર કૃષ્ણની કૃપા. અ છ પ્રસંગો તેમાં છે. આ શાપ-પ્રસંગ વૈરાગ્યપ્રદ છે. દોષદર્શનથી, પ્રતિકૂલ-કટુ-દુઃખદ-અનુભવથી નિત્યાનિત્ય-વસ્તુવિવેકથી વૈરાગ્ય આવે છે; પણ તે સ્થિર હોતો નથી, સુખની ક્ષણમાં સરકી જા છે ! માયા જાય નહિ ત્યાં સુધી વૈરાગ્ય ટકે નહિ ! ભગવદ્ધર્મ રૂપ વૈરાગ્ય - સ્થિર - અચલ - હો

છે. અટકે નહિ તેવો દઢ વૈરાગ્ય ભગવદ્‌વાક્યથી ઉત્પન્ન થાય છે. ભગવદ્‌ભક્તોના હૃદયમાં રહીને પણ ભગવાન્ તેવાં વાક્યો કહે છે ! અહીં ભક્ત નારદજી દ્વારા ભગવાને જ મદમત્ત થયેલા નલકૂબર-મણિગ્રીવને દઢ વૈરાગ્ય થાય તેવાં શાપ રૂપ વાક્યો કહ્યાં છે. જે વચનને કોઈ અટકાવી ન શકે, જે વચન નિષ્ફલ ન જાય, તે ભગવદ્‌વચન રૂપ છે ! આ કથામાં તેવાં વચન શાપ રૂપે કહેલાં છે. સૌએ દીધેલા શાપ, આવો વૈરાગ્ય કરાવતા નથી, મોક્ષ દેતા નથી. ભક્તોના શાપમાં જ દઢ વૈરાગ્ય દેવાનું અને ઉદ્ધાર કરવાનું સામર્થ્ય છે. નલકૂબર-મણિગ્રીવને ભક્ત નારદજીએ શાપ દીધો. તે દઢ વૈરાગ્યપ્રદ થયો ! અપરાધીનો તેનાથી ઉદ્ધાર થયો, મોક્ષ સુલભ થયો. શાપથી મોક્ષ મળે તે તો અપૂર્વકથા છે !

દેવર્ષિ ભક્ત નારદજીને ક્રોધ આવે તથા ભક્ત કુબેરના દેવરૂપ પુત્ર પાપ કરે, તે પણ અપૂર્વ છે ! રાજા પરીક્ષિતને આ શાપની વાતમાં રસ પડ્યો. રાજાને પોતાને પણ બ્રાહ્મણ સાતમે દિવસે તક્ષકદંશથી બળવાનો શાપ દીધો છે. શાપથી પણ મોક્ષ મળે ! - તે વિચારે, પોતાને પણ અભિલાષ થયો. શ્રીશુકને વિનંતી કરી, - "ભગવન્ ! નલકૂબર-મણિગ્રીવ તે બે દેવોને પાપ સંભવે નહિ. દેવોના મંત્રદ્રષ્ટા નારદજી દેવો પર ક્રોધ ન કરે, છતાં કયા પાપ-કર્મથી ક્રુદ્ધ થઈને દેવર્ષિએ દેવોને એકસરખો શાપ દીધો ? સાધારણ-કારણે દેવર્ષિ શાપ ન આપે !"

શ્રીશુકે કથા સંભળાવી. - "કુબેરના પુત્ર નલકૂબર અને મણિગ્રીવ રુદ્રના અનુચર થઈને કૈલાસ પાસેના રમ્ય ઉપવનમાં મન્દાકિની પાસે મદોત્કટ થયા !" આ બેના પિતા કુબેર તો ભક્ત છે વળી, બંને રુદ્રના અનુચર છે. "वेदः शिवः शिवो वेदः ।"- શ્રુતિ છે. વેદરૂપ શિવ છે, તેથી તેમના અનુચરોએ પણ વેદને અનુસરવું જોઈએ. સેવક સ્વામીને અનુકૂલ જોઈએ. "रुद् रोगाणि द्रावयतीति रुद्रः ।"- મનના કામાદિ-દોષ રૂપ રોગોને દૂર કરી દે તે, - રુદ્ર ! આવા રુદ્રને અનુસરનાર સેવકોમાં દોષ ન હોવો જોઈએ. મુખ્ય - વ્યક્તિ નીતિપૂર્ણ હોય તેના તો હાથ નીચેના માણસો પણ નીતિવાળા હોવા જોઈએ. દોષ દેખાય તો દંડ દેવો જોઈએ. દોષ દૂર કરવો જોઈએ. દોષનો બચાવ ન થાય.

આ બે દેવો સ્ત્રીઓ સાથે ક્રીડા કરતા હતા. આ પણ અયોગ્ય છે. સ્વભાવથી જ વિરક્ત મહાદેવજીના વાસરૂપ કૈલાસમાં જ તેમણે અનર્થ આચર્યો ! વિકારપૂર્ણ વિહારો કર્યા. નિર્દોષ વનમાં, પ્રભુચિંતનના સ્થાનમાં, નિર્દોષ ગંગાજીના કિનારે, કૃપા મળે તેવા સ્થળમાં, તેઓ કામવશ થયા ! ઉત્કટ મદ થયો. ધનદ-કુબેરના પુત્રો ખરા ને ! કુબેર ભક્ત છે. ભક્તિથી મદ દબાઈ ગયો હતો. દબાયેલો ધનનો મદ આ બેમાં દેખાયો ! અર્થનો મદ અનર્થ કરાવે છે. ધનનો મદ જીવનને ધૂળ જેવું બનાવે છે. સ્વાભાવિક સ્વરૂપદોષ બંનેમાં હતો. સંગદોષ સાથે જ હતો, - કોઈના સહકારથી થતો દોષ દઢ બને છે. વારુણી - મદિરાનું બંનેએ પાન કર્યું. સમુદ્રમથન પ્રસંગે વારુણી પ્રકટેલી. અમૃતનો તેને સંગ, છતાં આસુરભાવ ઉત્પન્ન કરે તેવી, - માદક મદિરા છે. તેના મદથી આંખો લાલ હતી. પુષ્પિતવનમાં બંને ઘૂમતા હતા. ગંગાજલમાં કામક્રીડા ન થાય. પવિત્રજલમાં દેહધર્મો ન થાય. છતાં બંને ગંગાજલમાં પ્રવેશ્યા. જલમાં કમલ ઊગ્યાં હતાં, જાણે ભક્ત ગંગાજીનું પૂજન કરતાં હતાં ! ભગવદિચ્છાથી ત્યાં ભગવાન્ નારદજી પધાર્યા. ભગવાન્ પોતાના ભક્તોમાં કાર્ય કરવા માટે સામર્થ્ય મૂકે છે, તેથી તે સામર્થ્ય હોય ત્યાં સુધી ભક્તો પણ ભગવદ્રૂપ જ છે ! દેવર્ષિ નારદે ભક્ત કુબેરના

દેવરૂપ પુત્રોને પ્રમાદવશ જોયા. **"कौरव"**- કહીને શ્રીશુકે પરીક્ષિતને ટકોર કરી. પુણ્યરૂપ પ્રસિદ્ધ-વંશમાં જન્મેલાઓ પણ પ્રમોદ કે પ્રમાદ-પરવશ બને તો અપરાધ કરે છે ! કુરુવંશના પરીક્ષિતે સમાધિસ્થ ઋષિનો અપરાધ કર્યો હતો. આમણે અવજ્ઞારૂપ અપરાધ કર્યો.

નારદે બંનેને મત્તદશામાં જોયા. વિહાર કરતી સ્ત્રીઓએ દેવર્ષિને જોયા. લજજા આવી. જલમાંથી ઝટ બહાર આવ્યાં. શાપનો ડર લાગ્યો. તરત વસ્ત્રો પહેરી લીધાં. મત્ત નલકૂબર-મણિગ્રીવ નગ્ન હતા. નગ્નદર્શન અમંગલ, નિષિદ્ધ અને સ્ત્રીસંગથી ક્ષોભજનક છે. સૂચક રીતે, બંનેને **"गुह्यकौ"**- કહ્યા છે. **"गुह्यं कं सुखं ययोः ।"**- વિબુધ છતાં અબુધની જેમ વિષયરત બન્યા છે! બંનેને શ્રીમદાન્ધ થયેલા નારદે જોયા. અત્યન્ત નિન્દિત કર્મથી સ્થાવર (વૃક્ષ) જન્મ મળે છે. પાપનો પ્રકાશ મહાપુરુષની સન્નિધિમાં થઈ જાય છે, ફલ પણ તરત મળે છે. નારદે કૃપા કરવા શાપ દીધો ! વૃક્ષરૂપ બનાવ્યા. સંતો વત્સલ પિતા જેવા છે. પિતા સંતાનને ઉન્નત બનાવવા શિક્ષા કરે છે, પણ હિતની રક્ષા કરે છે. ક્વચિત્ સંતો સંસારીને શાપરૂપ શિક્ષા કરે છે, પણ જીવન ધન્ય બનાવે છે ! નારદજીએ અંતરમાં સ્ફુરેલો શાપ દીધો, કલ્યાણ જ કર્યું. તેથી બંને સામાન્ય-વનમાં વૃક્ષ ન થયા, વ્રજમાં થયા ! અર્જુન (સાદડ) જાતિના વૃક્ષ થયા. નર્મદાકિનારે જલસ્પર્શથી તેમની પણ મુક્તિ પ્રસિદ્ધ છે. નર્મદાકિનારે મુક્તિ મળે, પણ પરમાનંદરૂપ પ્રભુ ન મળે ! આ બંને તો ગાયોને છાયા કરનાર, નન્દભવનની નિકટમાં વૃક્ષ થયા છે. તેમને પ્રભુ મળ્યા છે. તેમનાં કર્મફલથી શાપ અને ભક્તકૃપાથી કૃષ્ણ મળ્યા છે ! ભગવાન્ સર્વફલદાતા છે. ભક્ત દ્વારા પણ ભગવાન્ ફલ આપે છે ! ઉત્કટ અપરાધમાં પણ દયાળુ દેવર્ષિએ દયા કરી. પાપનાં ફલ નરકમાં ભોગવતાં બાકી રહે તો, બીજા જન્મમાં ભોગવવાં પડે. શાપથી તો અત્યંત દુ:ખભોગ કરાવીને કર્મનો નિ:શેષ નાશ કર્યો છે. નલકૂબર-મણિગ્રીવમાં રહેલા ધનમદને કારણે સત્કર્મ કે સત્સંગ તો તેમને દુર્લભ છે.

સત્કર્મ અને સત્સંગમાં આદર જોઈએ. અભિમાન આદર માગે છે, આપતું નથી, પરિણામે સત્કર્મ કરવા છતાં યશઃ મેળવીને અભિમાન જ પોષાય છે ! સત્સંગમાં તો માન મળે નહિ, એટલે તે રુચે કે પચે જ નહિ! આ કારણે સત્કર્મ કે સત્સંગ દુર્લભ જ રહે છે. સન્માર્ગ કે સત્સંગ સદ્બુદ્ધિથી જ સુલભ બને છે. ધનમદથી તો સદ્બુદ્ધિ ક્યારેય થતી જ નથી. સદ્બુદ્ધિ તો સત્પુરુષોના સેવનથી મળે છે. સત્પુરુષોના સેવનથી બુદ્ધિ ચિત્ત રૂપ બની પ્રભુ તરફ ઢળે છે. આ ઊર્ધ્વગમનરૂપ છે.

અસદ્બુદ્ધિ મનોરૂપ બની ભગવદ્વિમુખ બને છે. આ બુદ્ધિભ્રંશ છે, તેથી જ્ઞાન પણ નાશ પામે છે ! આ અધ:પતનરૂપ છે. તેનાં ત્રણ કારણ :

(૧) નિષિદ્ધ-વિષયસેવન : નિષિદ્ધ-વિષય-સેવનમાં સ્ત્રીસંગ મુખ્ય છે. કલ્યાણ કરે તેવી કાયાનો તે નાશ નોતરે છે. ધર્માનુકૂલ કાર્યમાં, સેવા માટે કે સમાજમંગલ માટે સ્ત્રીનો સહકાર આદરણીય છે પણ વિલાસ રૂપે થતો સ્ત્રીસંગ તો વિનાશ કરાવે છે. કુટુંબસેવા, સમાજસેવા કે ભગવત્સેવામાં સ્ત્રીનો સહકાર એ લગ્નનો આદર્શ હેતુ છે. **"ध्यायतो विषयान् पुंसः ।"**- માં ગીતાજીએ તો વિષયના વિચારથી પણ, બુદ્ધિનાશ પછી વિનાશ ક્રમશ: બતાવ્યો છે. વિષયના ધ્યાનથી સંગ થાય. સંગથી કામ, કામથી ક્રોધ, ક્રોધથી સંમોહ, સંમોહથી સ્મૃતિવિભ્રમ, સ્મૃતિનાશથી બુદ્ધિનાશ અને બુદ્ધિનાશથી વ્યક્તિનો વિનાશ થાય છે. વિલાસમય સ્ત્રીસંગ વિનાશમય છે. મનનું તે સૌથી મોટું બંધન છે!

(૨) ચિત્તનાશક વ્યવહાર : સામાજિક વ્યવહાર અને વ્યવસાય (નોકરી, ધંધો) પણ ચિત્તને રોકી રાખે છે. તે બંને કરતાં પણ જુગાર (ધૂત), હારજીતની રમતો, શરત, ઓછી કે વગર મહેનતે વધારે મળતરની વૃત્તિ, લોટરી, કાયદા કે સમાજવિરોધી પ્રવૃત્તિ, વગેરેમાં તો ચિત્ત અત્યંત આતુરતાથી રહે છે, આ બધામાં અસત્ય પણ સંભવે છે. વાણી વેડફાય છે. ચિત્તનો નાશ થાય છે.

(૩) અન્યથાજ્ઞાન ઉત્પન્ન કરે તેવા પદાર્થોનું સેવન : પોતાની સાચી પરિસ્થિતિ કે દોષોનું ભાન થવા ન દે તેવા પદાર્થો, કે અણગમતી પરિસ્થિતિને ભૂલવા માટે થતું અયોગ્ય પદાર્થોનું સેવન પણ નાશ નોતરે છે. બહુ કંટાળો આવે કે ક્લેશ લાગે ત્યારે કે આનંદ માટે, ગમે તેવા સિનેમા જોવા, તેનાં ગીત ગાવાં કે સાંભળવાં, અશિષ્ટ કે ઉત્તેજક વાંચન કરવું, મનગમતા મિત્રોને મળવું, વ્યસનો કરવાં, વગેરે, ક્ષણિક-આનંદનું આવરણ ઊભું કરવામાં ઉપયોગી લાગે છે. તે સાચી સ્થિતિને ભુલાવી, અન્યથાજ્ઞાન ઉત્પન્ન કરે, છે, પણ ઉન્નતિ નથી થતી. આ બધા કરતાં પણ માદક-પદાર્થોનું સેવન વધારે ભયંકર છે. મોજશોખ રૂપે કે દુઃખ ભૂલવાના ઉપાય રૂપે થતું મદ્ય વગેરેનું સેવન માનવને મત્ત બનાવે છે, ભાન ભુલાવે છે, બુદ્ધિનાશથી વિનાશ વેરે છે.

સ્ત્રી, જુગાર અને મદ્ય (દારૂ વગેરે) ક્રમશઃ મન, ચિત્ત અને બુદ્ધિનો નાશ કરે છે. તેમાં અહંકાર ત્રણેમાં સાથે હોવાથી સંપૂર્ણ અંતઃકરણનો નાશ થાય છે ! આમ કલ્યાણકારક કાયા, વાણી અને મન વ્યર્થ વેડફાય છે. ઉન્નતિ ઈચ્છનારે સ્ત્રીસંગ, જુગાર અને માદક-પદાર્થોના સેવનથી સદા દૂર રહેવું જોઈએ. આ ત્રણે કલિ (કલહ)નાં વાસસ્થાન પણ છે, અધર્મના આધાર જેવાં છે. ત્રણના સેવનથી અંતે તો ક્લેશ જ મળે છે, આ ત્રણથી દુર્બુદ્ધિ થાય છે. સત્સંગ કે સત્કાર્ય પણ તેથી ટકતાં નથી, રુચતાં નથી, લાભ દેખાતો નથી, અધઃપતન જ થાય છે !

વિદ્યા, ધન અને કુલિનતાથી સજ્જન-પુરુષમાં તો નમ્રતા વધે છે; પણ વિદ્યામદ, ધનમદ અને કુલિનતાનો મદ હીનમાનવને વિવેક ભુલાવીને અંધ બનાવે છે. ત્રણેમાં ધનનો મદ અત્યંત ભયાનક છે. ધનમદનાં ટળી ન શકે તેવાં ત્રણ દૂષણો, - સ્ત્રીસંગ, જુગાર અને મદ્યપાન ! બીજાં પણ અનેક દૂષણો સાથે ઉમેરાય છે. જિહ્વાસ્વાદથી અને શરીરપોષણ માટે વિવિધ-ભોજનની લાલચ લાગે છે. તેમાં અમુક ખવાય કે ન ખવાય તેવો વિવેક પણ રહેતો નથી ! સ્વાદ કે સ્વાસ્થ્ય શોધતાં અભક્ષ્ય-માંસાદિ-પદાર્થો પણ વાપરતાં સંકોચ લાગતો નથી. ઈન્દ્રિયસુખ શોધનારા સઘળાં પાપ આચરે છે. ક્ષણિક-સુખના આભાસની મસ્તીમાં ભાન ભૂલેલા લોકોને પરિણામે મળનારાં દુઃખનો વિચાર પણ આવતો નથી ! અનેક સાધનોથી શરીરને સાચવવા છતાં પણ તે નાશ પામવાનું જ છે. તેનો વિચાર શરીરસુખ શોધનારને આવતો નથી. "**देवसंज्ञितमप्यन्ते कृमिविड्भस्मसंज्ञितम् ।**"- દેહ દેવનો હોય તો પણ અંતે તો કીડા, વિષ્ટા કે ભસ્મરૂપ બને છે ! મનુષ્યને જેટલા સમયમાં ઘડપણ કે મરણ આવે છે, તેટલા સમયમાં દેવોને આવતાં નથી, ખૂબ સમયે આવે છે, તેથી "અમર" કે "નિર્જર" કહેવાય છે. અગ્નિના ત્રણ ભાઈ મર્યા. - "**अग्नेस्त्रयो भ्रातरः प्राम्रियन्त ।**"- એવી શ્રુતિ પણ છે. અધિકારી દેવોને આવી અવસ્થા નથી હોતી, તેથી બધા દેવો તેવા ગણાય છે !

મોંઘા, ઉત્તમ-પદાર્થોથી પોષાયેલો દેહ પણ અંતે અગ્નિમાં બળતાં ભસ્મરૂપ બને છે. રખડતાં કે દાટેલાં શબ કીડારૂપ બને છે. પ્રાણીઓ ભક્ષણ કરે તો દેહ મલરૂપ બને છે. આવા શરીરને

શણગારવામાં, સાચવ્યા કરવામાં કે ભોગવવામાં અનર્થ કરતાં સંસારીઓને સ્વાર્થ શું સમજાતો હશે સેવા, ધર્મ કે સત્કાર્યમાં શરીર ઉપયોગી સાધનરૂપ છે, તેથી જ શરીરને સંભાળવું જોઈએ. આ શરી છે કોનું ? પોતે, મા-બાપ, પોષણ દેનાર, બલથી વશમાં રાખનાર, સ્વજન, પૈસા દેનાર, વગેરે તેને પોતાનું માની હક્ક કરે છે, છતાં અંતે તો અગ્નિ કે પ્રાણીઓને દેહ સોંપી દેવાય છે ! દેહ ઉત્પત્તિ અને અંત આમાંના એકેયને વશ નથી. ભાન ભૂલેલા લોકો દેહ માટે વ્યર્થ અનર્થ આચરે

દારિદ્ર તો પરમ - અંજન રૂપ છે ! : નારદજીએ પ્રસાદ અને અનુગ્રહ કર્યાં ! ભક્તો કૃપા કરે દૃઢભક્તિ મળે ! :

અનર્થમાંથી ઉગારવા માટે ભગવાન્ અનુગ્રહ કરે છે. ભાન ભૂલેલા લોકોનું ભાન ઠેકા લાવવા માટે ધન હરી લે છે. દારિદ્રય ઉત્તમ અંજન છે ! - "दारिद्र्यं परमाञ्जनम् ।"આંખ બગડી હો તો ઉત્તમ અંજન આંજવાથી સારી થાય છે, તેમ ધનમદથી ભાન ભૂલેલાઓની આંખ દારિદ્રય ઉઘડે છે, - ભાન આવે છે. સ્વાભાવિક અંધને અંજન ઉપયોગી નથી, તેમ સ્વભાવદુષ્ટને દારિદ્રય પણ ભાન આવતું નથી, ભગવાનને ભજતા નથી, વ્યર્થ ઉધમમાં જ આથડે છે ! તેમનું દારિદ્રય કર્મ ફલ છે, કૃપારૂપ નથી. સ્વાભાવિક રીતે સારા હોય, તેમને દારિદ્રયથી ધનમદ ઉતરતાં પુનઃ ઉત્તમ મળે છે. દારિદ્રય એટલે દુર્ભાગ્યસહિત સમ્પત્તિનો અભાવ ! રોગ વગેરે તો સામાન્ય અંજન જેવાં દરિદ્રતા ઉત્તમ અંજન છે. તેનાથી અભિમાનરૂપ દોષ દૂર થાય છે, પોતાને જે પરિસ્થિતિમાં જે સુખ-દુઃખ થાય છે, તેવાં સર્વને પણ થાય, તેવી સમજ આવે છે. આથી કોઈને દુઃખ ન થાય, ત વર્તવા સાવધ રહેવાય છે. આ ગુણ છે. દરિદ્ર - દશામાં બધાં દુઃખોનો અનુભવ થાય છે. તીવ્ર દુઃખ સ્વાનુભવથી કોઈને પણ તેવું દુઃખ ન થાય તેમ માનવ ઈચ્છે છે. આમ સમદષ્ટિ થાય છે, દીન અને દયા આવે છે. દરિદ્રતામાં સંતાપ અને સંકોચ સતત અનુભવાય છે. "कृच्छ्रं यदृच्छयाप्नोति त तस्य परं तपः ।"- દુઃખ જ તેને માટે તપોરૂપ છે ! તેથી અહંકાર ઓગળી જાય છે. અહંકાર અજ્ઞાન આધાર છે. અહંકાર જતાં અજ્ઞાન જાય છે. સંયમપૂર્વક કરવાનાં ભગવદ્ભજન, સાધુસમાગમ વગ કૃપાથી મળેલી દરિદ્રતામાં વગર પ્રયત્ને સ્વાભાવિકપણે થયા કરે છે. વગર કહ્યે મન ભગવાનમાં છે ! યોગમાં કહેલો ઈન્દ્રિયજય, સાંખ્યમાં કહેલો અહંકારનો અભાવ દારિદ્રયથી જ મળી જાય આહારના અભાવે વિષયભોગો દૂર થાય છે. કર્મેન્દ્રિય અને જ્ઞાનેન્દ્રિયની ઉત્તમતાથી થતી હિંસા અ વિષયતૃષ્ણા રહેતી નથી. સંપત્તિ જવા છતાં સન્મતિ અને સદાચાર ન જાય, તેવું દારિદ્રય કૃપા મળેલું હોય છે !

દરિદ્રને ત્યાં સાધુપુરુષો સ્વતઃ પધારે છે. સાધુપુરુષો તો પ્રભુપ્રેરણાથી સર્વત્ર કૃપા કરવા ભ્રમણ કરે છે. સાધુ સંપન્નને શોધતા નથી, સદાચારીને શોધે છે ! વૈભવના ભારને વહેનાર ધનમદવાળા, અનાચારીથી દૂર રહીને, શાસ્ત્રનિપુણ સંતો તો સગવડ ન મળે તો પણ, ગરીબ છ સ્નેહભર્યા સદાચારીના ઘેર જવાનું પસંદ કરે છે ! સંત અને સમૃદ્ધના ધર્મો તો પરસ્પર વિરુદ્ધ હો છે ! સંતો ભગવત્પરાયણ હોય છે. સમૃદ્ધો ભોગપરાયણ હોય છે. અતિધન હોય ત્યાં અધર્મ હો પણ સંભવ છે. ધન મેળવવા મથનારા લોકો ધનિકોને રાજી રાખે છે. જીવનધન રૂપ ભગવાન મેળવવા મથનારા લોકો ભક્તોને રાજી રાખે છે ! સંતોના સહવાસથી મનની સઘળી તૃષ્ણાઓ

છે.- "सद्भिः क्षिणोति सन्तर्षं तत आराद् विशुध्यति ।"- સઘળી તૃષ્ણાઓ નાશ પામતાં અંતઃકરણની શુદ્ધિ થાય છે.

ધન અને મધથી ભાન ભૂલેલા નલકૂબર-મણિગ્રીવને જોઈને નારદજીએ આવો વિચાર કર્યો. ધનમદ દૂર કરવા દારિદ્રય અને અજ્ઞાનરૂપ મત્તપણાથી તથા અજિતેન્દ્રિયતા રૂપ નિન્દિતકર્મથી વૃક્ષપણું દેવા વિચાર્યું ! સત્પુરુષો તો સંપર્કમાં આવનારને શિક્ષા દઈને પણ દોષ દૂર કરવાની કૃપા જ કરે છે. સહવાસમાં હોવા છતાં દોષ ચલાવી લઈને, માત્ર પોતાનું કામ કઢાવી લેનારા તો સંસારી કે સ્વાર્થી જ હોય ! ભક્ત નારદે બંનેને વૃક્ષરૂપ દેવા વિચાર્યું. વૃક્ષપણાથી પાંચ દોષ ! તેમાં તમઃથી જ્ઞાનનાશ, મદથી ક્રિયાનાશ અને અજિતેન્દ્રિયતાથી ભોગનો નાશ થાય. આ ત્રણ કર્મફલ રૂપ છે. ઠંડી, તાપ, વરસાદરૂપ દુઃખ મળે અને તે મોટાં ઝાડ લાંબુ રહે, તેથી જલદી દૂર ન થાય. આ બે શાપનાં ફલ છે. નારદે કર્મફલ રૂપે શાપ અને કૃપા રૂપે સ્મૃતિ દેવા ઈચ્છા કરી ! - "स्मृतिः स्यान्मत्प्रसादेन तत्रापि मदनुग्रहात् ।"- નારદજી પણ દાસીપુત્ર હતા, ત્યારે ભગવાને કૃપા કરીને તેમને "स्मृतिश्च मदनुग्रहात् ।"- કહીને પ્રલયમાં પણ જાય નહિ તેવી સ્મૃતિ આપી હતી ! નારદે નલકૂબર-મણિગ્રીવને પણ કૃપાથી સ્મૃતિ દીધી. તેમાં બે શબ્દો સાથે છે, - પ્રસાદ અને અનુગ્રહ ! "प्रसादस्तु स्वधर्माविर्भावः ।"- પોતાના ધર્મો બીજામાં પ્રકટ કરવા તે "પ્રસાદ" છે ! "अनुग्रहस्तु परदोषाणां स्वीकारः ।"- બીજાના દોષને સ્વીકારી લેવા, દોષ તરફ દૃષ્ટિ ન કરવી, દોષોની અવગણના કરીને અંગીકાર કરવો તે અનુગ્રહ છે ! સત્ત્વગુણના ઉદ્રેકથી પ્રસન્નતા રૂપ પ્રસાદ દીધો. કર્મથી સાધ્ય ન થાય તે પ્રસાદથી થાય. દુષ્ટકર્મનાં ફલ ભોગવતાં બાકી રહે, તેની અનુગ્રહથી અવગણના કરી, ભગવાન્ વાસુદેવનું સાન્નિધ્ય દીધું ! દેવપુરુષનો અપરાધ હોવાથી દેવોનાં ૧૦૦ વર્ષ સુધી દુઃખ ભોગવવા કહ્યું. પછી પુનઃ નલકૂબર-મણિગ્રીવ રૂપ બનીને ભક્તિ પ્રાપ્ત કરવાનું કહ્યું, સ્વાભાવિક-રતિ દીધી. ભક્તો કૃપા કરે તો, દૃઢભક્તિ મળે !

વર્ષો પહેલાં બરાબર આને મળતો પ્રસંગ. ગદાધરદાસ નામે ઉત્તમ ભક્ત. ઘેર ભગવાનની સેવા કરે. ભક્તોને પ્રભુનો પ્રસાદ લેવડાવે. એક દિવસ શાક લેવા જવાનું હતું. ઘેર ઘણા ભક્તો હતા. પૂછ્યું , - "કોઈ શાક લેવા જશે ?" માધવદાસ ત્યાં બેઠેલા. ગણિકાને ઘરમાં તેમણે રાખેલી ! સ્ત્રીસંગ હતો. લોકો આદર પણ દેતા ન હતા. તેમણે પૂછ્યું, "હું લાવું તો ચાલશે ?" ભક્તે - "હા" - કહી. માધવદાસ ભાજી લાવ્યા. શાક પ્રભુ પ્રેમથી આરોગ્યા. પ્રસાદ લેતાં સૌએ શાકનાં ખૂબ વખાણ કર્યાં. ભક્તો પ્રસન્ન થાય તો ભગવાન્ પ્રસન્ન જ હોય ! ગદાધરદાસ પ્રસન્ન થઈ ગયા. માધવદાસને પ્રેમથી કહી દીધું, - "તમને ભગવાનની દૃઢભક્તિ થશે !" ભક્તે ભક્તિ દઈ દીધી ! ભક્તોનાં વચન મિથ્યા ન થાય. માધવદાસને દૃઢભક્તિ થઈ, સ્ત્રીસંગ છૂટ્યો. ગણિકાને પણ દૃઢભક્તિ થઈ. સાક્ષાત્ ભગવાન્ અનુભવ આપતા. ભક્તકૃપાથી દૃઢભક્તિ મળે છે. ભક્તિ વગરના માનવને પોતાનાં સાધનરૂપ (જીવસંસ્કાર રૂપ) ભક્તિ થાય, પણ તે અસ્થિર હોય, ચાલી પણ જાય !

ભક્તના શાપથી પણ ભગવાન્ મળે તો ભક્તની સેવાથી - કૃપાથી - શું ન મળે ? !:

નારદજીએ ક્રોધથી શાપ દીધો; પછી પોતાને ક્રોધ આવ્યો તેનું પ્રાયશ્ચિત્ત કરવા નારાયણાશ્રમમાં આવ્યા. નારાયણ ક્રોધ વગર તપઃ કરે છે. નલકૂબર-મણિગ્રીવ બે વ્રજમાં અર્જુનજાતિનાં (સાદડનાં)

વૃક્ષ થયા. તે મૂળમાં મળેલાં - જોડકા રૂપ (યમલ) - હતાં. ભક્ત માથી દોરડે બંધાયેલાં ભક્તપરવશ
ભગવાન્ દામોદરે તેમને જોયા. પોતાના જ્ઞાની, પ્રિયતમ દેવર્ષિનાં વચન સત્ય કરવા પ્રભુ પધાર્યા
બાંધેલો ખાંડણીઓ અવાજ ન થાય તેમ ઘસડતા જતા હતા. યમલાર્જુનને જાણે સંદેશ દેતા હતા !
"જ્યાં મા રૂપે પણ સ્ત્રી, મને ત્રિલોકનાથને પણ દોરડે બાંધે, ત્યાં તમારો હિસાબ શો ? સ્ત્રીસંગ
કરવો જોઈએ !" વ્રજવાસીઓ જાણે નહિ તેમ, ધીમેથી પ્રભુ પાસે પધાર્યા. ઉદાર ભગવાન્ ! સા
ચાલીને, પોતે પરિશ્રમ કરીને પણ, ભક્તોના કૃપાપાત્રોનો ઉદ્ધાર કરે છે! ભક્તના શાપથી પણ ભગવા
સામે મળે, તો ભક્તની સેવાથી - કૃપાથી શું ન મળે ? ભગવાને અતિતામસ રૂપ વૃક્ષોને પણ સ્મૃ
દેવા ઈચ્છ્યું. પોતાના દાસ જે કરે તે તો ભગવાન્ પોતે જ કર્યું ગણે છે ! સ્નેહવશ ભગવાન્ સઘળું
છે, નહિ તો સ્નેહમર્યાદા જ ન રહે.

યમલાર્જુન ભક્ત કુબેરના પુત્ર છે, મૂલભાવશુદ્ધ છે. તેમનામાંથી ભક્તિવિરોધી દોષ
કરી, મૂલભક્તભાવમાં ભક્ત્યંશ જોડી, તેમાં પોતે પ્રવેશ કરી, વૃક્ષને શુષ્ક કરી, પોતાના આધિદૈવિ
ભાવથી ભાંગી નાખી, વૃક્ષમાંથી બંનેનો ઉદ્ધાર કરી, દૃઢ ભક્તિ આપે, તો નારદનાં વચન સત્ય થા
નારદ તો મહાત્મા છે. પ્રભુપ્રવેશથી જ સૌનું માહાત્મ્ય છે !

પ્રભુ બંને વૃક્ષની વચ્ચે પધાર્યા. "કૃષ્ણ" - સદાનન્દ છે, તેથી પધારતાં જ બંનેના દોષ અ
દુઃખ દૂર થઈ ગયાં ! બંનેની અંદર પણ આનંદનો પ્રવેશ થયો. ભગવાન્ સાથે બાંધેલો લાકડા
ખાંડણીઓ ત્રાંસો થઈ ગયો. ખાંડણીઓ ભગવાનના સંબંધથી આધિદૈવિકરૂપ થઈ ગયો છે. તે પોતા
જ જાતિનાં કાષ્ઠ રૂપ વૃક્ષને મુક્ત ન કરે ? ખાંડણીઓ ખેંચતા દામોદર વેગથી પધાર્યા. પ્રભુ
સંબંધથી ભક્તભૂમિને પણ સાત્ત્વિકભાવ થયો, ભીંજાઈ ગઈ ! વૃક્ષનાં મૂલ તેમાં શિથિલ થઈ ગ
ભગવાને સાનુકૂલ રીતે ખાંડણીઓ સહેજ ખેંચ્યો. ક્ષણમાં તો બંને વૃક્ષ મૂળમાંથી ઉખડી ગયા
ભગવાન્ બાલક રૂપે છે. બાલકના ઉદરે બાંધેલું દોરડું તો સ્વલ્પ જ ખેંચી શકે. તેમાંય ભારે ખાંડણી
ખેંચાય કેટલો ? છતાં તેમાં દોરડું ન તૂટે, ખાંડણીઓ ન તૂટે, પણ બંને મોટાં વૃક્ષ મૂળમાંથી ઉખ
પડે ! તેમાં પ્રમાણ કાંઈ ન જડે, પ્રમેયબલ છે, બુદ્ધિથી ન સમજાય, શ્રદ્ધાથી સ્વીકારાય ! આ
સાક્ષાત્ ભગવાન્ છે ! ભગવાનના સંસર્ગથી ભગવદ્રૂપ થઈ ગયેલાં રજ્જુ અને ખાંડણીઓ ક્યાં
ભાંગે ? ભગવાનની સ્વલ્પ ક્રિયાશક્તિ અત્યંત મોટું કામ પણ સહેલાઈ કરી શકે છે. મૂળમાં
ઉખડેલાં ઝાડ ડાળ સાથે હાલી ઊઠ્યાં. નીચે પડ્યાં. મોટો અવાજ થયો. આસુરભાવના નાશથી તે
અભિમાનીએ અવાજ કર્યો. ભાંગવાનું નારદે કહ્યું ન હતું. ભગવાને છતાં તે કૃપા કરી ! સ્મૃતિ
દીધી. પદ્મપુરાણની કથા પ્રમાણે ભગવાને આ લીલા અઠ્ઠાવીસમા માસે, માર્ગશીર્ષ માસ
શુક્લપક્ષમાં પડવાના દિવસે કરી.

વસ્તુ માત્ર રૂપ ભગવાન્ છે, તેથી વસ્તુઓનું ગ્રહણ થાય છે; છતાં ભગવાનનું ગ્રહણ થતું નથી
પુરુષોત્તમ આધિદૈવિક રૂપે સર્વરૂપ છે : આધિભૌતિક-આધ્યાત્મિક - રૂપો સદ્રૂપ હોવા છતાં
રૂપને ઢાંકનારાં છે ! :

પડેલા વૃક્ષમાંથી બે પુરુષો પ્રકટ થયા ! શોભાથી દિશાઓ પ્રકાશિત થઈ ગઈ. ભગવાન્
દામોદર રૂપે નગ્ન વિરાજે છે; પણ તેજઃથી પીતામ્બર જેવી શોભા પ્રકટ થઈ છે ! અત્યદ્ભુત

ચરિત છે. દિવ્ય રૂપ ધારણ કરી નલકૂબર-મણિગ્રીવ બહાર નીકળ્યા. બે અરણિમાંથી અગ્નિ પ્રકટે તેવા શોભતા હતા. બંને પ્રભુની પાસે આવ્યા. પૂર્વજન્મની યાદ આવી. ભગવાનને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. બે હાથ જોડ્યા. સર્વલોકાધિપતિ ભગવાનની સ્તુતિ કરવા લાગ્યા. આજ્ઞા વગર જાય તો અપરાધ થાય. દશ શ્લોકમાં તેમણે સ્તુતિ કરી. પ્રાણ દશ છે. ઈન્દ્રિય પણ દશ છે. વૃક્ષમાં ઈન્દ્રિય કે પ્રાણ ન હોય, તેવી જાતમાં પણ પ્રાણ-ઈન્દ્રિયનું અહીં પુનઃ સંપાદન તે સૂચવે છે! ભક્તિથી હવે પ્રાણપોષણ માટે પણ ૧૦ શ્લોક છે. તેમાં જ્ઞાન-વૈરાગ્યનો નિર્ણય છે. ભગવાન્ સર્વના મૂલરૂપ છે. દેહેન્દ્રિય વગેરે જગદ્રૂપ પણ ભગવાન્ છે. મહત્તત્વ, પ્રકૃતિ વગેરે મધ્યરૂપ પણ ભગવાન્ છે. ત્રણ રીતે જ્ઞાનરૂપ ભગવાન્ કહ્યા. ત્રિવિધ સદ્રૂપના નિરૂપણમાં ચિદ્રૂપ પણ સમાઈ ગયું છે. વસ્તુમાત્ર રૂપ ભગવાન્ છે, તેથી વસ્તુઓનું ગ્રહણ થાય છે; છતાં ભગવાન્ ગ્રહણ કરી શકાતા નથી ! ભગવાન્ દુર્જ્ઞેય છે.

આ ભગવાનનું માહાત્મ્ય સમજાવે છે. ગ્રહણ ન કરી શકાતા હોવાથી પુરુષોત્તમ આધિભૌતિક કે આધ્યાત્મિક રૂપ નથી. આધિદૈવિક રૂપે તે સર્વરૂપ છે ! તેમાંથી આધિભૌતિક કે આધ્યાત્મિક પ્રકટ થાય છે. જેમ ગંગાસ્નાનમાં આધિભૌતિક જલ કે આધ્યાત્મિક તીર્થરૂપનો સ્પર્શ મળે છે, પણ આધિદૈવિક દેવી સ્વરૂપ તો ભક્તિથી જ મળે છે. સર્વ રૂપે અને સર્વકર્તા રૂપે ભગવાનને જાણવાથી જ્ઞાન અને ભક્તિ ફલિત થાય, તેથી વૈરાગ્ય કહેલો છે. ભગવાન્ સર્વરૂપ છે ! - તેવું જ્ઞાન ન થાય તો સર્વનો ત્યાગ કરવો જોઈએ, નહિ તો વિનાશ થાય, ભક્તિમાર્ગમાંથી પતન થાય !

સાતમા અધ્યાયમાં જૃમ્ભાલીલામાં અને આઠમામાં મૃત્સ્નાભક્ષણ-લીલામાં ભગવાને પોતે સર્વરૂપ છે. - તેમ બતાવ્યું છે, પછી તેવું જ્ઞાન તિરોહિત પણ કર્યું છે. નવમા અધ્યાયમાં "न चान्तर्न...।"- માં જેવું સ્વરૂપ કહેલું છે, તેવું જ્ઞાન કોઈને થયું નથી. માત્ર દોરડાં ટૂંકાં પડયાં - તેમ સમજાયું છે, તેથી આશ્ચર્યથી ભગવાનમાં નિરોધ થયો છે. સ્વરૂપના યથાર્થજ્ઞાનથી જ્ઞાનસ્વરૂપનો નિર્ણય કર્યો નથી. સર્વરૂપ ભગવાન્ આધિભૌતિક અને આધ્યાત્મિક-ભાવે સમજાતા નથી ! આધિભૌતિક અને આધ્યાત્મિક રૂપો સદ્રૂપ હોવા છતાં જ્ઞાન રૂપને ઢાંકનારાં છે ! ભગવાન્ કાલ રૂપે, ઈશ્વર રૂપે કે પ્રકૃતિ રૂપે કર્તા છે. અક્ષર રૂપે સર્વરૂપ છે. તેથી જ્ઞાન અને ભક્તિ પ્રકટ થાય છે. ભક્તિ-નિરૂપણમાં ગુણથી ઢંકાયેલો ભગવાનનો મહિમા કહેલો છે. ગુણો ભગવાનથી જ પ્રકાશે છે, સ્વતઃ જડ છે ! તેનું કાર્ય પણ તેવું જ છે, તેથી ગુણપર્યંત સઘળું ત્યાજ્ય કહ્યું છે, વૈરાગ્ય બતાવ્યો છે.

જ્ઞાનિ-ભક્ત પ્રભુને પ્રિયતમ છે ! : પુરુષોત્તમ નિરાકાર નથી, નરાકાર છે ! માત્ર શાસ્ત્રથી ભગવાન્ ન સમજાય, સ્નેહથી સમજાય ! : પોતાના ભક્તોને વિશિષ્ટ - દૃઢ - વિકસિત થતી - પ્રવૃદ્ધ- ભક્તિ દેવા માટે ભગવાન્ મનુષ્યભાવે વિવિધ લીલાઓ કરે છે ! :

નલકૂબર-મણિગ્રીવે ભગવાનની સ્તુતિ કરી. નારદે આપેલી સ્મૃતિને પ્રસિદ્ધ કરવા, કૃષ્ણ-સ્વરૂપને જાણ્યું હતું તેવું વર્ણવ્યું. જ્ઞાનિભક્ત પ્રભુને પ્રિયતમ છે. નારદજીને પ્રિયતમ કહ્યા છે. તેમની કૃપાથી ભગવાનનું જ્ઞાન થયું છે, તેથી સ્તુતિ કરી. જ્ઞાન વગર અન્યથા કહેવાથી તો અપરાધ થાય. સદાનન્દ "કૃષ્ણ" - નામે પ્રકટ થયા છે. બાલક જેવી આકૃતિ કે ચેષ્ટાથી આ બેને ભ્રમ થયો નથી ! સામાન્ય લોકો પણ યોગચર્યાથી હીનભાવ પામતા નથી, તો નિર્દોષપૂર્ણ-ગુણવિગ્રહ ભગવાનમાં તો

સંભવે જ ક્યાંથી ? તે મહાયોગી છે. ભગવાનનાં નામ અને રૂપ લૌકિક નથી. "**परः**"- કાલાદિના નિયામક પુરુષોત્તમરૂપ છે. તે નિરાકાર નથી, - "**पुरुषः**- સર્વના મૂલરૂપ છે - "**आद्यः**"- મૂલ હોય પછીનું કાર્યરૂપ પણ હોવું જોઈએ. - "**व्यक्ताव्यक्तमिदं विश्वम्**"- તે છે વિશ્વ. તેનાં બે રૂપ - વ્યક્ત અને અવ્યક્ત ! કાલે ગ્રહણ કરેલું રૂપ - વ્યક્ત અને અપરિગૃહીત રૂપ - અવ્યક્ત ! બંને પ્રકારે જગત્ ભગવદ્રૂપ જ છે, - "**रूपं ते ब्रह्मणो विदुः ।**" આ સમજાય છે, - વેદથી ! સઘળી શ્રુતિયો પ્રમાણરૂપ છે. ભગવાન્ સર્વરૂપ છે. આધિદૈવિક પ્રકારે પણ તે સર્વરૂપ છે. "**त्वमेकः सर्वभूतानां**"- સઘળાં પ્રાણીમાત્રનાં આધિદૈવિક રૂપ, પ્રાણ, અંતઃકરણ, ઈન્દ્રિય, જીવ, અંતર્યામી, કાલ, યજ્ઞ, અક્ષર વગેરે પણ ભગવાન્ જ છે. ભગવાન્ પોતાના સર્વભવન-સામર્થ્યથી જ સર્વવસ્તુ રૂપે પણ પ્રકટે છે. સર્વ જગતના અંકુર રૂપ મહત્તત્ત્વ, તેના ક્ષેત્રરૂપ પ્રકૃતિ, તેની યોની રૂપ સૂક્ષ્મપ્રકૃતિ, તેના મૂલભૂત ગુણો, તન્મયી આધિદૈવિકી પ્રકૃતિ, બીજ રૂપ પુરુષ, સાક્ષી, ક્ષેત્રજ્ઞ રૂપ પણ ભગવાન્ છે.

ભગવાન્ શ્રુતિથી સમજાય છે, અલૌકિક છે. લૌકિક ન હોવાથી પ્રત્યક્ષ સમજાતા નથી ! વસ્ત્ર, વાસણ વગેરે રૂપ પણ ભગવાન્ છે, છતાં પણ તે વસ્તુ પકડવા, જોવા કે જાણવાથી ભગવાન્ પકડાતા નથી, દેખાતા નથી, સમજાતા નથી ! જેમ કોઈને સન્નિપાત થયો હોય તો તે વખતે તેની મૂલપ્રકૃતિ જાણી શકાતી નથી, વિકારથી ઢંકાઈ જાય છે. પ્રકૃતિ જડ છે. તેમાં પ્રવેશેલા ગુણાનુરક્ત પુરુષને તે ઢાંકી દે છે, પ્રકાશ કરતી નથી; તેમ પ્રકૃતિના સંબંધવાળા પ્રાકૃત-પદાર્થો પણ, તેમાં રહેલા ભગવાનનું આચ્છાદન કરે છે, તેથી ભગવાન્ હોવા છતાં મળતા નથી ! આ જ્ઞાન પુરુષમાં રહેલું છે. વસ્તુમાંના પ્રાકૃતધર્મોથી જુદું રહેલું છે, તેથી ઢંકાતું નથી ! આમ પોતાનું સ્વરૂપ સમજાય નહિ તેવું બનાવીને, ભગવાન્ ભક્તિમાર્ગ પ્રકટ કરે છે ! ભગવાનનું જેવું છે તેવું યથાર્થ સ્વરૂપ માત્ર અનન્યભક્તિથી જ પ્રાપ્ત થાય છે ! ભગવાનની તેવી ઈચ્છા છે. જીવ ગુણોથી આવૃત છે. ગુણો પૂર્વબુદ્ધિને દૂર કરીને જ્ઞાતા અને જ્ઞેયનું આવરણ કરે છે, તેથી જ્ઞાન સંભવતું નથી. આવા દુર્જ્ઞેય ભગવાન્ દામોદર રૂપે સામે જ છે, છતાં સમજતા નથી ! "**तस्मै तुभ्यं भगवते....।**"- કહ્યું. પરોક્ષ અને પ્રત્યક્ષવાચક "**तस्मै**" અને "**तुभ्यम्**"- શબ્દ સાથે કહ્યા ! તે તમને ભગવાનને સર્વ કરનારા વાસુદેવને, સ્વપ્રકાશિત ગુણોથી ઢંકાયેલા મહિમાવાળા બ્રહ્મને નમન ! પ્રમાણબલથી ન સમજાતા ભગવાન્ પ્રમેયબલથી સમજાય છે. માત્ર શાસ્ત્રથી ભગવાન્ ન સમજાય, સ્નેહથી સમજાય ! શુદ્ધસત્ત્વ - વસુદેવ,- તેમાં પ્રભુ પ્રકટે તે વાસુદેવ ! પ્રકટ પ્રભુ સૌને સમજાય. સત્ત્વશુદ્ધિ વગેરે સઘળું ભગવાન્ જ કૃપાથી કરે છે. અંતઃકરણમાં પ્રભુ પ્રત્યક્ષ થાય છે.

અમાસની અંધારી રાતે મેઘ દેખાતા નથી. સૂર્યના પ્રકાશથી દેખાય છે, છતાં તે મેઘ સૂર્યને ઢાંકે છે. સૂર્ય હોવા છતાં વાદળમાં નથી પણ દેખાતો, તેમ ભગવાન્ ગુણોનો પ્રકાશ કરે છે. તે ભગવાન્ સર્વત્ર હોવા છતાં દેખાતા નથી ! લીલા માટે સ્વેચ્છાથી પ્રકટ થાય છે ! અહીં વ્રજમાં અપાર મહિમાવાળા ભગવાને પોતે બાલક તરીકેના ગુણો પ્રકટ કર્યા છે. બાલકની જેમ સઘળી લીલા કરે છે. તેમાં ભગવાનનો અપાર મહિમા ઢંકાઈ ગયો છે ! સૌ તે મહિમા જાણી શકતા નથી - ભગવાન તરીકે જાણી શકતા નથી ! ભગવાનના બાલકરૂપમાં પણ સામર્થ્ય તો સઘળું છે, છતાં દેખાતું નથી. બ્રહ્મ રૂપે સર્વવ્યાપક છે. નલકૂબર-મણિગ્રીવને અંતરમાં મહિમા સમજાય છે, છતાં વ્રજમાં નન્દજીના આંગણમાં બાલક રૂપે જ દેખાય છે, તેવા દામોદર ભગવાનને નમન !

મત્સ્યાદિ-અવતારો પણ પોતાની લીલા માટે ભગવાન્ સ્વેચ્છાથી લે છે. તેમાં શરીરની આકૃતિ તેવી પ્રકાશે છે, મત્સ્યનું શરીર નહિ ! નહિ તો એક દિવસમાં લાખ યોજન જેટલું વધી શકે નહિ, શરીરાકારે પણ દેખાતું ભગવાનનું રૂપ જ છે ! વામન રૂપે નાનકડા દેખાતા ભગવાન્ ક્ષણમાં જ વિરાટ્ રૂપે પણ દર્શન દે છે ! ભગવાનની સમાન કે તેથી અધિક સામર્થ્ય કોઈમાં નથી. આવા સામર્થ્યથી ભગવાનના અવતારનું અનુમાન થઈ શકે છે, પ્રત્યક્ષ ઓળખાતા નથી ! નારદની કૃપાથી અહીં તો નલકૂબર-મણિગ્રીવે ઓળખ્યા છે. "**स भवान्**"- કહ્યું છે. સર્વપ્રમાણો જેને ઓળખાવે છે તે, લૌકિકથી જાણી ન શકાય તે, અંતઃકરણમાં પ્રત્યક્ષ, અવતારી, આ ચાર રૂપવાળા આપ છો. સર્વના ઉદ્ભવ અને ઐશ્વર્ય માટે પ્રકટ થયા છો. સર્વત્ર વિરાજતા ભગવાને પોતાના સ્વરૂપને એક સ્થળે વ્રજમાં પ્રકટ કર્યું ! - "**अवतीर्णोंऽशभागेन ।**" - અંશ રૂપ સૌ ભગવદીયોને પોતાની લીલામાં સેવા માટે દાસભાવે પ્રકટ કર્યાં છે. ભગવાન્ સાથે લીલા માટે ભગવદીયો પણ પ્રકટ થાય છે. વ્યાપક ભગવાનની સેવા કરવી કઠિન છે. સેવાની સુલભતા માટે ભગવાન્ પોતાનું સ્વરૂપ પ્રકટ કરે છે. ભગવાન્ પોતાની કલા સાથે પ્રકટ થાય છે. "**भागाः कलाः**"- મૂલભૂત ભગવાન્ કલા રૂપે પ્રકટ થયા છે. સર્વ કલા-કૌશલ માટે સઘળી કલાઓ તેમની સેવામાં પ્રકટ થઈ છે. પ્રકટ પ્રભુની સેવાથી સઘળી કલાઓ પૂર્ણ બને છે ! ભગવાન્ ભક્તોને પ્રકટ કરી, ભક્તિ દેવા માટે, મનુષ્યભાવે વિવિધ લીલાઓ કરે છે ! ભક્ત કુબેરના પુત્રોને પણ પોતાની ભક્તિકલા પૂર્ણ થવાની આશા થઈ.

"આવા હે પરમકલ્યાણ રૂપ ! નમન ! હે વિશ્વમંગલ ! તમને નમન ! વાસુદેવ, શાંત, યદુપતિ ભગવાનને નમન." - કાયિક, વાચનિક, માનસિક નમસ્કાર કર્યા. ભક્તપરવશ ભગવાનના સ્થાનમાં રહેવાની પોતાની યોગ્યતા નથી, તેથી જવાની આજ્ઞા માગી ! "**तवानुचरकिङ्करौ**"- કહીને પોતાને ભગવાનના દાસાનુદાસ કહ્યા. ક્યાં પ્રભુ અને ક્યાં જીવ ? સેવાની યોગ્યતા કઈ સંભવે ? ભગવદીયસેવા દ્વારા જ ભગવત્સેવા સુલભ થાય ! ઋષિ નારદજીની કૃપાથી જ ભગવાનનાં દર્શન અને સેવાની યોગ્યતા મળી છે. આવી યોગ્યતા કાયમ ટકે, શરીર કે ઈન્દ્રિયો પુનઃ વિષયમાં વેડફાય નહિ, માટે છ મુખ્ય અંગો દ્વારા ભગવત્સંબંધ જ માગ્યો.

ભગવદીયની કૃપાથી જ ભગવદ્દર્શન અને સેવા - યોગ્યતા મળે; તેવી યોગ્યતા ટકે - વધે,- મુખ્ય છ ઈન્દ્રિયો દ્વારા થતા ભગવત્સંબંધથી !: દેવોએ પણ દર્શન તો ભગવદ્હૃદય-ભક્તનાં માગ્યાં !:

वाणी गुणानुकथने श्रवणौ कथायां हस्तौ च कर्मसु मनस्तव पादयोर्नः ।
स्मृत्यां शिरस्तव निवासजगत्प्रणामे दृष्टिः सतां दर्शनेऽस्तु भवत्तनूनाम् ॥ (३८)

પુરુષનાં મુખ્ય છ અંગ. છએ અંગોથી ભક્તિ માગી. વાણી ગુણાનુવાદનમાં, કાન કથાશ્રવણમાં, હાથ દાસ રૂપે સેવા કરવામાં, અમારું મન સ્વરૂપ-સ્મરણમાં (ચરણકમલની સ્મૃતિમાં), મસ્તક પ્રણામમાં અને નેત્ર સત્પુરુષમાં પ્રકટ પ્રભુનાં દર્શનમાં હો ! છ અંગ ભગવત્કાર્યમાં આસક્ત થાય તો કૃતાર્થ થવાય. સ્તુતિ કરનાર તો બે જ છે, છતાં "**नः**"- બહુવચન કહે છે. સૌ ભક્તોને ઉપયોગી આ પ્રાર્થના છે, તેથી બહુવચન ! સૌ ભક્તોને પ્રભુસ્મરણ આવશ્યક છે. પરણાવેલી કન્યાની કોઈ માગણી ન કરે, તેમ ઈન્દ્રિયો ભગવાનના કાર્યમાં જોડાઈ જાય, તો લૌકિકમાં આથડે નહિ,

આકર્ષાય પણ નહિ ! લોકમાં સઘળી ઈન્દ્રિયો ભગવાનમાં જોડાઈ જાય તેમ પ્રાર્થ્યું છે. "च"-કારથી પગ પણ પરિક્રમા કે ભગવત્કાર્યાર્થે જવામાં જ ઉપયોગી થાય તેમ કહે છે. પગ પ્રભુ પાસે પહોંચાડે, પછી હાથ સેવા શરૂ કરે છે. શ્રવણ, કીર્તન, સ્મરણ અને પાદસેવન સહિતની નમન રૂપ ભક્તિથી ભગવાનની સર્વસ્થિતિ સમજાય. સર્વમાં ભગવાન્ વિરાજે છે, તેથી "जगन्निवास"- કહ્યા છે. જગત્ જેનું નિવાસભૂત છે. દર્શન ભગવાનનું નહિ, ભગવદીયનું માગ્યું છે ! ભગવાનના સેવકો ભગવદ્રૂપ છે. તેમાં પ્રભુ વિરાજે છે. પ્રવાહરૂપ ગંગામાં જેમ ભગવાનનાં ચરણકમલનું જલ છે તેમ ! સત્પુરુષો તો અવતાર- તુલ્ય છે. સત્પુરુષો દ્વારા પ્રભુ પ્રાપ્ત થાય ! વાણી વગેરે પ્રભુપરાયણ થતાં અન્યત્ર વૈરાગ્ય થાય ! ભક્તિમાં તે ઉપયોગી થાય.

ભગવાને પ્રાર્થના સાંભળી. સંતુષ્ટ થયા. "भगवान् गोकुलेश्वरः"- ભગવાન્ તો અત્યારે ગોકુલવાસીઓને લીલારસદાન દેવા પધાર્યા છે. "दाम्ना चोलूखले बद्धः ।"- ગોકુલરસભોગ માટે પોતે ભક્તવશ થયા છે ! ગોકુલમાં ભગવાન્ ગૌણ થાય છે, ભક્તોને મુખ્યતા દીધી છે, રસ વધારી રહ્યા છે ! જ્યાં નન્દરાજાના પુત્ર ભગવાન્ ગોકુલેશ્વર દોરડે બંધાયા છે, તે શ્રીગોકુલમાં વળી કોઈ દેવોની પૂજા કોણ કરે ? ગોકુલલીલામાં તેમને પ્રભુ પ્રવેશ દેવા ઈચ્છતા નથી, તેથી હસ્યા ! ગોકુલલીલા સુધી મોહ કરાવ્યો. વ્રજભક્તો ઈચ્છે તો જ વ્રજલીલામાં પ્રવેશ મળે. પ્રભુ પણ પરાધીન છે ! દોરડે બંધાયા છે ! ભક્ત કૃપા કરે તો પુરુષોત્તમમાં સાયુજ્ય પણ મળે !

શ્રીનાથજી ગોવર્ધનપર્વત પર વિરાજે ત્યારનો પ્રસંગ. પ્રભુને ભોગ ધરવા દહીં જોઈએ. પ્રભુદાસ લેવા માટે ગયા. જલોટા તેમની અટક. સામે જ મળી વ્રજની ગોવાલણી ! તાજું ઉત્તમ દહીં તેની મટુકીમાં દેખ્યું. પ્રભુદાસે પૈસા પૂછ્યા. ભોળી બાઈને કોઈ ભલો ભક્ત લાગ્યો. પૈસાની પંચાત ન ગમી. પરખાવી દીધું, - "તું શું મુક્તિ દેવાનો હતો ! લઈ જાને પૂછ્યા વગર જોઈએ તેટલું !" પ્રભુ માટે પ્રભુદાસથી મફત કાંઈ ન લેવાય. તરત કહી દીધું, - "ભલે, મુક્તિ દઈશ !" ચિઠ્ઠીમાં લખી દીધું. ભોળી બાઈએ ચિઠ્ઠી છેડે બાંધી દહીં દીધું. ભક્ત તે મંદિરે લાવ્યા. ભગવાનને ભોગ ધરાવ્યો. પ્રભુ ખૂબ પ્રસન્ન થયા. શ્રીઆચાર્યજી પાસે દહીંનાં વખાણ કર્યાં. પ્રભુદાસને શ્રીઆચાર્યજીએ દહીંના દામ પૂછયા. "મુક્તિનું" - મૂલ્ય સાંભળ્યું ! હસ્યા. બોલ્યા, - "ભક્તિ ન દીધી ? મુક્તિ દીધી !" પ્રભુની પ્રસન્નતા માટે ભક્ત શું ન આપી શકે ? પ્રભુદાસે ઉત્તર આપ્યો, - "માંગ્યું તે દીધું !" ગોવાલણી ઘેર ગઈ. ત્યાં તો પ્રાણ ગયા. મુક્તિ મળી ગઈ. ભક્તકૃપાથી શું ન મળે ?

ભગવાને પણ ભક્તમહિમા ગાયો ! "ऋषिणा करुणात्मना"- દયાળુ દેવર્ષિએ દયા કરી છે !- "आसक्तौ भगवानेव शापं दापयति क्वचित् ।"- ભક્તિમાર્ગની રીત પ્રકટ કરવા માટે લૌકિક આસક્તિમાં ક્યાંક ભગવાન્ શાપ અપાવડાવે છે ! સંતોના શાપમાં પણ આશીર્વાદ હોય છે !

સાધુપુરુષોનાં દર્શનથી માનવને કોઈ બંધન રહેતું નથી : સત્કર્મથી કદાચ સ્વર્ગ મળે, જ્ઞાનથી બ્રહ્મજ્ઞ થવાય, ભક્તિથી તો ભગવાન્ મળે ! : મર્યાદામાં તો મુક્તિ મળે, કૃપાથી કૃષ્ણ - મળે ! : જીવનું પરમ ફલ છે - ભગવદ્ભાવ !

साधूनां समचित्तानां सुतरां मत्कृतात्मनाम् ।
दर्शनान्नो भवेद्बन्धः पुंसोऽक्ष्णोः सवितुर्यथा ॥ (४१)

પ્રભુપરાયણ, સમાનચિત્તવાળા સાધુપુરુષોના દર્શનથી માનવને બંધન રહેતું નથી ! સૂર્યદર્શનથી નેત્રને અંધકાર નડતો નથી તેમ !

જીવન કૃતાર્થ કરનારા પુરુષાર્થ બે, - મુક્તિ અને પ્રભુમાં પ્રીતિ ! બ્રહ્મજ્ઞાન મેળવવા કરતાં પણ સત્પુરુષનાં દર્શનથી મુક્તિ સરલતાથી મળે છે. સદાચાર અને જ્ઞાન બે આવા સાધુપુરુષનાં લક્ષણ છે ! તેમનાં જ્ઞાન અને કર્મ પ્રભુપરાયણ હોય છે. પ્રભુને પ્રેમથી સર્વસ્વનું સમર્પણ કરનારા, આત્મનિવેદન કરનારા તે ભક્તો છે. કર્મ, જ્ઞાન અને ભક્તિ ત્રણે હોવાથી આવા સત્પુરુષો મુક્ત હોય છે. તમોગુણ કર્મથી, રજોગુણ જ્ઞાનથી અને સત્ત્વગુણ ભક્તિથી દૂર થાય છે. નિર્ગુણદશામાં બંધન રહેતું નથી. સત્કર્મથી કદાચ સ્વર્ગ મળે, જ્ઞાનથી બ્રહ્મજ્ઞ થવાય, ભક્તિથી તો ભગવાન્ મળે ! મર્યાદાના અધિકારીને મુક્તિ મળે. અધિકાર કોઈ ન હોવા છતાં, કૃપાથી તો કૃષ્ણ મળે !

ભગવાને બંનેને જવાની આજ્ઞા આપી. મોક્ષ અને ભક્તિ વગર માગ્યે પણ મળી ચૂક્યાં હતાં ! "**महाभागौ**"- બંને મહાભાગ્યશાળી છે. નારદજીના શાપથી બંને વૃક્ષ થયા. પ્રભુ પધારે તેની રાહ જોવા લાગ્યા. પ્રભુની અને કૃપાની પ્રતીક્ષા સો દેવવર્ષ સુધી કરી. કરોડો જન્મોનાં સઘળાં પાપ નાશ પામી ગયાં ! પુણ્ય જ બાકી રહ્યાં. અંતઃકરણની આતુરતાપૂર્વક પ્રભુને મેળવવા મથે, કૃપાની રાહ જુએ, તેના સઘળા દોષો દૂર થઈ જાય છે. ભગવાને બંનેને ઘેર જવા કહ્યું. સ્થૂલદેહથી ઉત્તમ મનોરૂપ સૂક્ષ્મદેહ એકરૂપ હોવાથી "**नलकूबरसादनम्**"- કહ્યું છે.

પ્રભુમાં પ્રીતિ હોય તો અન્યત્ર આસક્તિ થતી જ નથી. શ્રવણાદિભક્તિ સ્વતઃ થયા કરે છે. અંતઃકરણની ઈચ્છા પ્રભુએ પૂરી કરી. "**वामिप्सितः परमो भवः ।**"- તમારો ઈચ્છેલો આ છેલ્લો જન્મ છે ! અનેક જન્મથી અકળાયેલા, પ્રભુમાં પ્રીતિ કરે, તો પુનર્જન્મ ન રહે. જીવનનું પરમ ફલ છે - ભગવદ્ભાવ !

બંનેએ પ્રભુને અનેક વાર પ્રણામ સાથે પરિક્રમા કરી, દીનતા દર્શાવી. પોતે બંધનમાં રહીને પણ મુક્તિ દેતા, સૌને આંખમાં ભય દર્શાવીને પણ અભય દેતા, ભગવાન્ દામોદરની આજ્ઞા લઈને બંને ગયા ! ગોકુલમાં વૃક્ષોનો પણ નિરોધ થાય તો ભક્તોનો ન થાય ? ભક્ત હોવા છતાં બંને ભગવાનને છોડીને ગયા. બંનેએ પ્રાર્થનામાં કહેલી ષડંગભક્તિ ભક્તોની સાથે થાય, તેવી ભક્તિ પરોક્ષમાં જલદી ફલિત થાય. ભગવદ્રસનો અનુભવ થાય. ગોકુલમાં તો ભગવાન્ ગૌણ બન્યા છે ! તે લીલામાં મુખ્યભજનનો આ બંનેનો અધિકાર નથી. બંનેને મન પ્રભુ મુખ્ય છે. આ બંને વિરુદ્ધ છે, તેથી લીલામાં આનંદ ન મળે. ભગવાન્ ભક્તોના ભાવાનુસાર લીલા કરે છે. સમાન ભાવવાળાઓને જ સાથે ભજનમાં પણ આનંદ આવે. જુદા જુદા ભાવવાળા ભક્તોને પણ સહવાસ સાનુકૂલ નથી થતો ! આ બંને રીતે, તેઓ ભગવાનનું બંધન પણ છોડી શકે તેમ નથી, કે ગોકુલમાં રહી શકે તેમ પણ નથી ! તેથી ઉત્તરદિશામાં પોતાના સ્થાનમાં ગયા. ભક્તિથી જ્ઞાન થયું હોવાથી, ભજન માટે ગૃહત્યાગ ન કર્યો !

પ્રભુ જેનો ઉદ્ધાર કરવા ઈચ્છે, તેને જ ભગવદીયનો સંગ મળે છે ! ભગવદીયો ભગવાનની ઈચ્છાનુસાર જ સઘળું કરે છે. તેમાં પોતાના દોષથી જીવને અવળું સમજાય, છતાં અંતે તો કૃતાર્થ જ થવાય છે. ભક્તોની કૃપા તેમાં કારણ બને છે. તેનાથી સ્વરૂપ-સહકારિ-યોગ્યતા સંભવે છે, પછી

ભક્તોના દાસ્યથી ભગવદ્‌ભજન થાય છે, પછી અધિકારાનુસાર ભગવાને વિચારેલાં ભક્તિ કે ફલ મળે છે. પુષ્ટિમર્યાદામાં આ વ્યવસ્થા છે. **"सम्बन्धादेवमन्यत्रापि ।"**- સૂત્રમાં આમ દેખાય છે.

અધ્યાય : ૧૧

યુક્તિ કે અનુમાનથી જ નિર્ણય કરવા ટેવાયેલા લોકો સીધી વાત પણ શ્રદ્ધાથી સ્વીકારતા નથી !:

શ્રીશુકે અગિયારમા અધ્યાયમાં ધર્મીરૂપ મંગલકથા સંભળાવી છે. ભગવાન્ દામોદરે યમલાર્જુન વૃક્ષને નીચે પાડ્યાં. તેમાંથી શાપમુક્ત થઈને નલકૂબર-મણિગ્રીવ પ્રકટ થયા. તેમણે પ્રભુની સ્તુતિ કરી. પ્રભુએ તેમને વરદાન દીધું. જવાની આજ્ઞા આપી. બંને ગયાં, ત્યાર પછી ઝાડ પડવાનો અવાજ ગોકુલમાં સંભળાયો ! અવાજની ગતિ તો એક સેકન્ડમાં ૧૧૨૦ ફૂટ દૂર પહોંચી શકે છે, છતાં અહીં તો ઝાડ પડ્યા પછી ઘણી વારે અવાજ સંભળાયો છે. વિજ્ઞાન આનું સમાધાન ન કરી શકે. તેમાં અજ્ઞાન સ્વીકારી લેવું પડે ! પ્રભુના પ્રમેયબલની કથા છે, અદ્‌ભુતલીલા છે. આ બીજાથી બની ન શકે. તેમાં વિશ્વાસ માટે રાજાને **"कुरुश्रेष्ठ"**- કહ્યા છે. ઝાડ પડવાનો અવાજ સંભળાયો. નન્દજી વગેરે ગોવાળીઆ દોડતા આવ્યા. વાદળ વગર વીજળી પડી લાગી, નિર્ઘાત માન્યો. અનિષ્ટ થવાનો ભય સૌને લાગ્યો. જમીન પર પડેલાં ઝાડ જોયાં. જ્યાં ઊગ્યાં હતાં ત્યાં જ પડ્યાં હતાં ! ભીની થયેલી ભૂમિ ગોવાળોને ન દેખાઈ ! દેખાઈ તો કારણ સમજાયું નહિ ! ધક્કા કે ખેંચ્યા વગર ઝાડ પડે કઈ રીતે ? ગળે ઉતરે તેવું કોઈ કારણ દેખાતું ન હતું. ભગવાન્ દામોદરજી તો હજુ પણ બાંધેલો ખાંડણીઓ ખેંચતાં ખેલતા હતા. પડેલાં બે વૃક્ષની વચમાં હતા. બાલલીલા કરે છે, તેથી જાતે પોતાનું બંધન છોડ્યું નથી. ભગવાને જ વૃક્ષ પાડ્યાં છે, પણ આ ભગવાન્ છે તેમ સમજાય તો ને ? ગોવાળો તો તેમને બાલક સમજે છે, તેથી **"कस्येदं कर्म ।"**- આ કામ કોનું ? ગોવાળો પરસ્પર પૂછે છે. બાલકને દોરડે બાંધેલા જોઈને પણ આશ્ચર્ય થયું છે. ઝાડ પડવાથી પણ આશ્ચર્ય થયું છે. આશ્ચર્યથી બંનેના કરનારને શોધે છે. વ્યાકુલ થઈ ગયા છે. યુક્તિ કે અનુમાનથી જ નિર્ણય કરવા ટેવાયેલા લોકો સીધી વાત પણ શ્રદ્ધાથી સ્વીકારતા નથી. ઝાડ પડવામાં કાર્ય-કારણ-ભાવ પ્રત્યક્ષસિદ્ધ છે. ઝાડ વચ્ચે ખાંડણીઓ ખેંચતા ભગવાન્ ખેલે છે ! છતાં તે તર્કસંગત નથી. નાનું બાલક મોટાં ઝાડ પાડી શકે ? કઈ રીતે ?

અસત્યમાં આળોટનારને સાચું હોય તેમાં પણ શંકા જ પડે છે ! શંકાશીલ સારું કે સાચું સ્વીકારી-શકતો નથી ! ભગવાને કરેલા માયા બંધનમાંથી ભગવાન્ જ છોડાવી શકે !:

ત્યાં નાનકડાં બાલકો રમતાં હતાં. તેમણે ખેલતા ભગવાનને બતાવ્યા. સાચી વાત કહી - "આણે આડો પડેલો ખાંડણીઓ ઝાડ વચ્ચેથી ખેંચતાં ઝાડ પાડ્યાં. તેમાંથી નીકળેલા બે પુરુષો પણ અમે જોયા !" બાલકનો સ્વભાવ તો જોયું હોય તેવું અને જેવું હોય તેવું કહેવાનો ! સંસાર અને સ્વાર્થમાં લપટાયા પછી જ જૂઠાણું જીભે અને હૈયે રમે છે ! અસત્યમાં આળોટનારને સાચું હોય તેમાં પણ શંકા જ પડે છે ! શંકાશીલ સારું કે સાચું સ્વીકારી શકતો નથી !

કેટલાકને પૂતના-શકટ-તૃણાવર્તના પ્રસંગ યાદ આવ્યા, છતાં સંદેહ ન ગયો, નિર્ણય કાંઈ ન થયો ! નન્દજી સંદિગ્ધ થયા, પણ **"दाम्ना बद्धं स्वमात्मजं"**- દોરડે બંધાયેલા પોતાના દીકરા હતા

ને ! નન્દજી વ્યાકુલ થયા. બાલકનું ધૌર્ત્ય યાદ કરતાં હસ્યા. યશોદાજીનો અપરાધ કે પ્રભુસ્વરૂપ સમજાયું નહિ. "विमुमोच ।"- તરત છોડ્યા. "ह"- આશ્ચર્ય છે ! ભગવાન્ તો સ્વરૂપાત્મક બંધનમાં છે. દોરડું ભગવદ્રૂપ થયું છે, છતાં છૂટ્યું ! તે તો ભગવાન્ સિવાય બીજાથી ન છૂટે ! નન્દજી ભગવદ્ભાવ- પ્રાપ્ત છે. "स्व"- તે સૂચવે છે; તેથી બંધન છૂટ્યું છે. ભગવાને પોતાનું બંધન વગરનું રૂપ પ્રકટ કર્યું છે. નન્દ રૂપે પણ આનન્દ રૂપ ભગવાન્ જ લીલા કરે છે ને ! ગોવાળોને આ કંઈ સમજાતું નથી. તેમાં તેમની બુદ્ધિનો દોષ નથી. ભગવાન્ જ સમજવા દેતા નથી ! લીલામાં તે અનુકૂલ છે. ભગવાનનું બંધન છોડતાં જ નન્દજીનું માયા-બંધન છૂટી ગયું છે. ભગવાને કરેલા માયા-બંધનમાંથી ભગવાન્ જ છોડાવી શકે. આ બંને બંધનમુક્તિ ભગવલ્લીલારૂપ છે; તેથી જ શ્રીશુકે કહી છે. તેનાથી ગોવાળોની મૂલાવિદ્યા પણ દૂર થઈ છે.

ભગવાન ભક્તવશ છે, તેથી મુગ્ધ - લીલા કરે છે, તે જાણીને સૌને તેવા ફલાભિલાષથી સેવા કરવાની ઈચ્છા થાય, તેથી ભગવાન્ મુગ્ધલીલા કરે છે ! :

નન્દજીનો ભગવાનમાં નિરોધ થયો છે. સઘળું ભૂલી પુત્રરૂપ પ્રભુમાં આસક્ત થઈ ગયા છે. વ્રજમાં નન્દજી મુખ્ય છે. તેમની આ આસક્તિ વ્રજવાસી પુરુષોની પણ આસક્તિ સૂચવે છે. યશોદાજીની મુખ્યતાથી સ્ત્રીઓની આસક્તિ પહેલાં કહી છે. નન્દરાજકુમાર કૃષ્ણ તો ગોકુલ સર્વસ્વ છે. ભગવાન્ સર્વ-ઈન્દ્રિયોના વિષયરૂપ બન્યા છે. આ સર્વભાવે (સર્વપ્રકારે) નિરોધ છે. ભગવાને સૌને કૃષ્ણભાવ કરાવ્યો છે. તે કથા આ અધ્યાયમાં છે. તેમાં ૬ શ્લોકમાં બંધનમુક્તિ, ૩ શ્લોકમાં મુગ્ધલીલા, ૧૬ શ્લોકમાં સ્થાનાન્તર-સ્વીકાર, ૪ શ્લોકમાં વૃન્દાવનલીલા, ૬ શ્લોકમાં વત્સાસુરવધ, ૯ શ્લોકમાં બકાસુરવધ અને ૫ શ્લોકમાં જ્ઞાનની કથા છે. આ સાત રીતે ઐશ્વર્ય વગેરે છ ધર્મસહિત ધર્મી ભગવાનનું અહીં નિરૂપણ છે. તેમાં વત્સાસુર-લીલામાંના શ્લોકોમાં, "वत्सासुरं हतं श्रुत्वा व्रजे गोपाः सुविस्मिताः ।"- એ શ્લોકાર્ધ શ્રી વલ્લભાચાર્યજી-પૂરિત છે.

આ અધ્યાયમાં "ભગવાને વ્રજમાં વસતાં શું કર્યું ?" - એ પરીક્ષિતે સ્કન્ધના આરંભમાં પૂછેલા પ્રશ્નનો ઉત્તર છે. અહીં ભગવાન્ પોતાની લીલાઓથી સ્વરૂપ દ્વારા ભક્તોનો નિરોધ કરે છે. ફલપ્રકરણ સુધી વ્રજભક્તોનો નિરોધ વર્ણવેલો છે. પહેલાં "यच्छृण्वतोऽपैत्यरतिर्वितृष्णा....।"- ના ઉત્તરમાં પાંચ પ્રકારે નિરોધ કહ્યો છે. તે પરાર્થ છે. અહીં સ્વાર્થ-નિરોધ છે. પોતાના અભિલાષ પ્રમાણે સેવા કરવા માટે ભગવાનને વશ કરવા જોઈએ. તે સ્વાર્થ છે. તે બંધનમુક્તિથી સમજાય છે. ભગવાન્ ભક્તપરવશ છે. તે મુગ્ધલીલામાં દેખાય છે, તેથી ભક્ત અને ભગવાનનો પરસ્પર- નિરોધ દૃઢ થાય છે. ભગવાનને ભક્તવશ થયેલા જોઈને, સૌને પણ તેવી ફલાભિલાષાથી સેવા કરવાની ઈચ્છા થાય, તેથી ભગવાન્ મુગ્ધલીલા દર્શાવે છે ! ભક્ત-પરવશતા દામોદરલીલામાં કહ્યા છતાં, આ કારણે અહીં પુનઃ કહી છે. આ લીલારૂપ નિરોધ ભગવદ્રૂપ છે ! ભગવાનની લીલા પણ ભગવદ્રૂપા છે ! "आत्मार्थे सकलं त्यजेत् ।"- વાક્યમાં આત્મા માટે સર્વત્યાગ કહેલો છે. ત્યાં આત્મા સર્વસ્વરૂપ છે. અહીં ભગવાન્ સર્વસ્વરૂપ છે, તેથી ભગવાન્ માટે ગોવાળોએ સમૃદ્ધસ્થાનનો પણ ત્યાગ કર્યો છે, મહાવનમાંથી વૃન્દાવનમાં વસ્યા છે. વૃન્દાવનમાં રહેવાનું કારણ ભગવાનનો સંતોષ જ છે, તેથી વૃન્દાવનમાં પ્રભુની પ્રસન્નતા બતાવી છે. લીલામાં ઉપયોગી પદાર્થોમાં પ્રભુને પણ પ્રીતિ છે.

મહાવનમાં પણ અસુરો આવેલા. ભગવાને મારેલા, વૃન્દાવનમાં પણ ભગવાને આવેલા અસુરોનો વધ કર્યો છે! વત્સચારણદોષ રૂપ વત્સાસુર અને દંભરૂપ બકાસુરને ભગવાને વૃન્દાવનમાં માર્યા છે તેથી મહાવન કે વૃન્દાવન દોષવાળું નથી, પણ ગોવાળોએ વૃન્દાવનમાં વિહાર કરવાની ઈચ્છાથી જ મહાવનનો ત્યાગ કર્યો છે! આમ સમજાય છે. ગોવાળોએ બધી આપત્તિઓ અને તેમાંથી બાલકન બચવાનો વિચાર કર્યો. તેમને ભગવાનની વાતોથી આનંદ મળતો તે બતાવ્યું. આમ આનંદથી નિરોધ માટે ભગવાને બાલભાવ પ્રકટ કર્યો છે. તે સિદ્ધ થતાં ભગવાને બાલભાવ-કૌમારલીલાનો પરિત્યાગ કર્યો. છે. આમ સંપૂર્ણ અધ્યાયમાં ભગવાને સ્વરૂપથી કરેલો નિરોધ વર્ણવ્યો છે. નન્દરાયજીએ ભગવાનને બંધનમાંથી છોડાવ્યા ! સૌને બંધનમાંથી છોડાવે ભગવાન્, ભગવાનને બંધનમાંથ છોડાવે ભક્તો! ભગવાન્ ભક્તવશ છે.

કલાથી સેવા કરવા ઈચ્છનારની કલા સેવારૂપ બને તેમ ભગવાન્ લીલા કરે છે!: ગોપીજનન પાસે તો વિશ્વને નચાવનાર પણ ભગવાન્ - બાલક - નાચે છે!: આ બાલક ભગવાન્ ભક્તોન આજ્ઞાને વશ છે!:

गोपीमिः स्तोभितोऽनृत्यद्भगवान् बालकः क्वचित् ।
उद्गायति क्वचिन्मुग्धस्तद्वशो दारुयन्त्रवत् ॥ (૭)

જે વ્રજભક્તો ભગવદ્ભાવથી નૃત્યગાન વગેરે વિધામાં આસક્ત છે, તે પોતાની કલાથ સેવા કરવાની આશાએ જીવે છે, તેમની કલા જે રીતે સેવારૂપ બને તેવી રીતે - રાજસ, તામસ સાત્ત્વિકલીલા ભગવાન્ કરે છે. પ્રેમભર્યા ગોપીજન નન્દભવને આવે છે. સેવાનો તે સુભગ સમ છે. લક્ષ્મીપતિને પણ લાલચ આપે છે! - "શ્યામ! નાચો, લાડુ આપીશ!" લાડુની લાલચે ત્રિભુવનના નાચે છે! જેનાં દર્શન કરવા શંકર પણ વ્રજમાં પધારે, નૃત્ય કરે, તે ભગવાન્ ભક્તવશ થઈને નાચે છે

"सेस महेश गनेस दीनेस सुरेश जाहु निरन्तर गावै
नारदसे शुकव्यास रटे हारे पचि तोउ पुनि पार न पावै ।
जाहे अनादि अगम अनंत अखंड सुवेद बतावै
ताहे अहिरकी छोहरियाँ छछीआ भर छाछपे नाच नचावै ॥"

મોટા દેવો પણ જેનું નિરંતર ગાન કરે, મહર્ષિયો ધ્યાન કરે, વેદ વર્ણનથી બહુમાન કરે, તો ગોપી પાસે નાચીને છલુડી છાશનું પાન કરે, વશ થઈને રસદાન કરે!

ગોપીજન તો શૂન્યપ્રશંસા (ખોટાં વખાણ) - "स्तोभा"- પણ કરે, તે સાંભળીને બાલનટરા નાચવા માંડે છે! "કૃષ્ણ તમે સરસ નાચો છો, હોં! રામને તો તેવું નથી આવડતું!" - પ્રભુને પ પ્રેમથી પટાવે છે! છાન્દોગ્યમાં "हाउ" કાર વગેરે "भ, भ, भ," કે "था, था, थुम, थैया" વગે નૃત્યાદિમાં "ना, धीन्, धीन, ना" વગેરે તાલ તબલામાં પ્રસિદ્ધ છે. તેમાં શબ્દાર્થ પ્રસિદ્ધ નથ ક્રિયામાં તે શબ્દો પ્રસિદ્ધ છે. ગોપીજન પણ તુલના નથી કરતાં. માત્ર કૃષ્ણને નચાવવા માટે, તા ચઢાવવા માટે બોલે છે, તેથી ભગવાન્ નાચે છે! તે નૃત્ય સામાન્ય નથી, પ્રાકૃત જેવું નથી, પ તાંડવનૃત્યના પ્રણેતા આચાર્ય તણ્ડુ કે ભગવાન્ શંકરના તાંડવ વખતે લાસ્યનૃત્ય કરતાં પાર્વતીજી નૃત્ય કરતાં પણ હજારોગણું ઉત્તમ નૃત્ય ભગવાન્, ગોપીજન પાસે કરે છે! ભગવાન્ છે ને! છત

નાચે છે ! કારણ "**बालकः**"- બાલક રૂપે પધાર્યા છે ! બાલોચિતલીલા કરે છે.

"**क्वचित्**"- ગોકુલમાં ભગવાને આવો બાલભાવ પ્રકટ કર્યો છે. "**बालवत् क्वचित्**"- પાઠ હોય તો, ક્યાંક ભગવાન્ શાસ્ત્રાનુકૂલ નાચે છે, ક્યાંય મુગ્ધભાવે બાલકની જેમ હાથ-પગ ઉછાળતાં નાચે છે ! ગોપીજન કહે, - "કૃષ્ણ ! ગાવ જો !" સાંભળીને ભગવાન્ મોટેથી શાસ્ત્રીય રીતે ગાન કરે છે. ક્યારેક મુગ્ધની જેમ મરજી ફાવે તેમ પણ ગાય છે ! સાંભળતાં સૌ હસી પડે છે. ગોપીજન કહે તેમ બેસીને, સૂઈને, ઊભા રહીને, ભગવાન્ ગાન કરે છે. વિશ્વને પોતાની ઈચ્છાનુસાર કઠપૂતળીની જેમ નચાવનાર વિશ્વપતિ, અહીં તો ભક્તની ઈચ્છાનુસાર કઠપૂતળીની જેમ નાચે છે !- "**तद्वशो दारुयन्त्रवत् ।**" અરે ! "**बिभर्ति क्वचिदाज्ञप्तः ।**"- આખું વિશ્વ જેની આજ્ઞાને વશ છે, તેવા ભગવાન્ ભક્તોની આજ્ઞાને વશ છે ! છતાં પણ બાલક છે ને ?! કોઈ વાર માને તો કોઈ વાર ન પણ માને !- "**क्वचित् ।**" ન માને તો ગોપીજન અનેક રીતે મનાવવા મથે, આનંદ અધિક આવે ! ગોપીજન બાજઠ, માપનાં વાસણ, પાદુકા વગેરે નાની-મોટી વસ્તુઓ લાવવાની આજ્ઞા કરે. ભક્તાજ્ઞાપાલક ભગવાન્ પધારે. "**बिभर्ति**" - વસ્તુને બે હાથે પકડે, લાવવાનો બાલસુલભ પ્રયત્ન કરે, પણ ઊંચકાય નહિ ત્યારે રડે ! - "**भारी वस्तु न उपरे तब रोई परे ।**"- આજ્ઞા ન પાળી શકાઈ, તેના અપરાધનો ભય લાગતો હશે ? બાલક છે ને ! ભક્ત કહે તો મલ્લયુદ્ધ કરવા પણ હાથ ઠોકતા તૈયાર ! બલ પ્રકટ કરીને ગબડાવી પણ મૂકે, પોતે ઉપર પડે ! "**स्वानां च प्रीतिमावहन् ।**"- પોતાનાં બનાવ્યાં છે, તેમને પ્રીતિ થાય તેમ સઘળું ભગવાન્ કરે છે, વિશેષ કરતા નથી !

ભૃત્યવશ છે, - ભગવાન્ ! પોતાની મુગ્ધ બાલ-ચેષ્ટાઓથી વ્રજને હર્ષ પ્રાપ્ત કરાવે છે ! :

दर्शयंस्तद्विदां लोक आत्मनो भृत्यवश्यताम् ।
व्रजस्योवाह वै हर्षं भगवान् बालचेष्टितैः ॥ (९)

વ્રજમાં વસતાં પ્રાણીમાત્રને હર્ષ થાય તેમ ભગવાન્ લીલા કરે છે. અતિહર્ષ થતાં, તેનું વહન પણ ભગવાન્ પોતાની બાલલીલા વડે કરે છે ! ભગવાન્ પોતાના સ્વરૂપથી સુખદાન કરે છે. ભગવાન્ આ ભક્તોને વૈકુણ્ઠમાં કે લીલાસ્થલમાં લઈ જવાને બદલે, પોતે જ વ્રજમાં પ્રકટ પધારીને લીલાઓ કરે છે. "**तद्विदां**" - ભગવત્સ્વરૂપ સમજનારાઓને પોતાની ભૃત્યવશ્યતા ભગવાન બતાવે છે ! ભૃત્યોનું ભરણપોષણ ભગવાન્ કરે છે. તે માત્ર દેખાવ નથી. વાસ્તવ - યથાર્થતા - છે ! "**वै**", "**भर्ता सन् भ्रियमाणो बिभर्ति ।**"- શ્રુતિ છે. સાનુકૂલ ભક્તને ભગવાન્ સાનુકૂલ થાય છે. આથી અજ્ઞાનીને મોહ થાય, પણ જ્ઞાનીને તો ભક્તિ થાય, જેવો જેનો અધિકાર ! નન્દજી તો વ્રજના રાજા છે. રાજાના પુત્ર સાથે તેની પ્રજા ગમે તે રીતે વર્તી શકે નહિ, તો ભક્તોના મનોભાવ અપૂર્ણ રહે. પૂર્ણ ભગવાન્ ભક્તમનોરથોને સંપૂર્ણ કરવા માટે નિર્દોષ બાલભાવે અનુકૂલ થઈને લીલા કરે છે ! સામાન્યોને તે જોતાં બાલક લાગે છે. ભક્તોના તો અભિલાષ પૂરા થાય છે ! "**बालचेष्टितैः**"- માં આશ્લેષ, કટાક્ષ વગેરેનો પણ સમાવેશ થાય છે.

ભગવાનના સુખ માટે ગોપો સમૃદ્ધ મહાવનનો પણ ત્યાગ કરીને વૃન્દાવનમાં આવ્યા છે ! :

ભગવાનમાં આસક્ત ગોવાળોને પ્રભુની પ્રેરણા થઈ. બૃહદ્વનમાંથી તેમણે વૃન્દાવનમાં

જવા મન્ત્રણા કરી. વૃન્દાવન સર્વદેવાધિષ્ઠિત છે. આધિદૈવિક ઈન્દ્ર વગેરે અન્તરંગ સેવકો થઈને લીલોપયોગિસ્થાન તૈયાર કરીને પ્રભુની પ્રતીક્ષા કરે છે. વૃન્દાવનમાં ૧૬ કલાપૂર્ણ ભગવાન્ વૃન્દાવનચન્દ્ર વિહાર કરે છે; તેથી કથાના ૧૬ શ્લોક છે. બૃહદ્વન બ્રહ્મરૂપ છે. તેમાં પહેલાં ઉત્પાત થયા ન હતા. હવે, મોટા ઉત્પાતો દેખાયા હતા ! નન્દજી સાથે સૌ ગોવાળો વિચારતા હતા. દેશ, કાલને સમજતા નન્દના મંત્રી જેવા ઉપનન્દ નામના વૃદ્ધ ગોવાળે પ્રસ્તાવ મૂક્યો. મંત્રીને દરેક સમજ પણ જરૂરી છે. "**प्रियकृद्रामकृष्णयोः ।**"- વત્સલ વૃદ્ધો તો પોતાના સંબંધીનાં પુત્રોને પણ પોતાના પુત્ર જેવા જ ગણે છે. આ ઉપનન્દ રામ અને કૃષ્ણ બંનેનું પ્રિય કરનાર છે.

તેણે કહ્યું, -"આસપાસના બીજા વ્રજવાળા રહે કે જાય, પણ ગોકુલનું હિત ઈચ્છનારા આપણે તો અહીંથી બીજે જવું જોઈએ ! અલૌકિક, સર્વનાશક, અનિષ્ટરૂપ મહોત્પાતો અહીં અનેક આવ્યા. સમર્થનું કાંઈ ન બગડે, પણ પ્રજાને પીડા થાય તે યોગ્ય ન ગણાય. પ્રતિકાર કરતાં પરિત્યાગ શ્રેષ્ઠ છે. આ બાલક રાક્ષસીથી કોઈ રીતે બચી ગયા ! પ્રભુ-કૃપાથી ગાડું તેના પર ન પડ્યું ! ચક્રવાતમાંનો અસુર આકાશમાં અતિ ઊંચે લઈ ગયો. ત્યાંથી પડવા છતાં દેવોએ રક્ષા કરી ! પડતાં ઝાડની વચમાં પણ "**यन्नम्रियेत**" જે મર્યો નહિ, - બચી ગયો !" ભગવાન્ જ રક્ષક છે. અતિસ્નેહમાં અમંગલ-શંકા પણ સ્વાભાવિક રીતે થઈ. સામાન્યોમાં તે પ્રચલિત છે. યાદ કરીને વાત કરતાં પણ મન અને વાણી વિકલ થઈ ગયાં છે. "ત્રણ વાર દેવોની રક્ષા બતાવી. હવે કદાચ રક્ષા ન પણ થાય ! બીજી આપત્તિ આવતાં પહેલાં બાલકોને લઈને જવું જોઈએ. મધુ-દાનવની પુત્રી વૃન્દાનું નૂતન વન વૃન્દાવન છે. સ્ત્રીમુખ્યતાથી ત્યાં દૈત્યસંબંધ નથી. દૈત્યો પણ સ્ત્રીસમ્માન સાચવે છે ! ભગવાને જાલંધરને મારવા માટે સતી વૃન્દાનો અંગીકાર કર્યો છે, તેથી તે સ્થાન દેવતાવાળું છે. તેમાં જીર્ણ ઝાડ, શિયાળ કે સર્પ નથી. દોષ વગરનું ગુણપૂર્ણ સ્થાન છે. પશુનું હિત થાય તેવું અલૌકિક છે. તેમાં અતિગુપ્ત, અતિપ્રકટ અને ગાઢ ઘાસવાળાં સ્થળો છે. તે ગોપી, ગોપ અને ગાયોને સેવવા યોગ્ય છે. પુણ્યપુંજ જેવા ગિરિ ગોવર્ધનજી, પવિત્ર કુશ અને સોમવલ્લી તથા કરીર (ટેંટી) પણ ત્યાં છે. તમને રુચે તો આજે જ આપણે ત્યાં જઈએ ! "**तत्तत्राद्यैव यास्यामः मा चिरम् ।**"- વિલંબ ન કરશો !" પ્રભુનું પ્રિય કરવામાં શુભમુહૂર્ત પણ જોવાની જરૂર ન પડે. સઘળું શુભ જ થાય. કશો વિચાર કર્યા વગર તરત જવું જોઈએ. મતભેદ વગરના ગોવાળો સંમત થયા. બધાએ પોત-પોતાની ગાયો એકઠી કરી. ગાડામાં સામાન ભર્યો. મહાવનમાંથી સૌ વૃન્દાવનમાં ચાલ્યા. વૃદ્ધ, બાલક, સ્ત્રી અને સામાન ગાડામાં હતાં. ગોવાળો કવચ પહેરી, હાથમાં ધનુષબાણ લઈને ચાલતા હતા. મંગલઘોષ થતા હતા. પુરોહિતો સાથે હતા. ભગવદ્યોગ્ય ગોપીજન અલંકૃત થઈને ગાડામાં, રથમાં કે માફામાં વિરાજ્યાં હતાં. પોતાને ગમતી આનંદરૂપ, ઉત્કૃષ્ટ-કૃષ્ણલીલા પ્રેમથી ગાતાં હતાં. સ્ત્રીભાવયુક્ત ભગવાન્ કૃષ્ણ છે ! રસાધિક્યથી આનંદમય છે ! લીલા પણ આનંદમય છે ! ભગવાન્ કૃતાર્થ કરતા સાથે પધારી રહ્યા છે. યશોદાજી અને રોહિણીજી અલંકૃત થઈને એક ગાડામાં ગુણગાન કરતાં વિરાજ્યાં છે. કૃષ્ણ અને રામ માના ખોળામાં વિરાજ્યા છે, તેથી મા શોભી રહ્યાં છે. આ વખતે ભગવાનનું વય અઢી વર્ષનું છે. ભગવાન્ પોતાનાં ગુણગાન સાંભળવા ઉત્સાહથી ભક્તો પાસે પણ પધારે છે. ગોપીજન રસ્તે જતાં ભગવાનને પાસે લે છે, વળી પાછા માને પણ દે છે.

વૃન્દાવન-વાસથી પ્રભુને ઉત્તમ પ્રીતિ થઈ !:

સરખા સખાઓ સાથે વત્સપાલ કૃષ્ણ અનેક રમતો રમે છે !:

તે કલ્પમાં વૃન્દાવન યમુનાજીના ઉત્તર ભાગમાં હતું. ગોવર્ધન અને અક્રૂરનાં સ્થાન પણ ત્યાં હતાં, અથવા યમુનાજીનો પ્રવાહ અલ્પ હતો. તેમાં ધરા અગાધ હતા. ત્યાં નન્દજીનું સ્થાન હતું. નન્દગામ, બરસાના વગેરે ગોવર્ધન પાસે હતાં. આ કલ્પમાં છૂટાછવાયા પ્રદેશો દેખાય છે. ગોવર્ધન પશ્ચિમમાં અને વૃન્દાવન વાયવ્યમાં છે. પ્રવાહ થોડો હોવાથી નદી પાર ઊતરવાનો ઉલ્લેખ કર્યો નથી. ચોમાસામાં પ્રવાહ વધે છે. વૃન્દાવન-ગમન-લીલા માગશરસુદ પાંચમે થઈ સંભવે છે.

વૃન્દાવનમાં ગોવાળોએ ગાડાં અર્ધચન્દ્રકારે ગોઠવીને વાસ કર્યો. વચમાં ગાયોને રાખી. પહેલાં આ રીતે વસ્યા, પછી નવાં ઘર બનાવીને સાનુકૂલ રીતે રહ્યા. નિકુંજોમાં ઋતુને અનુકૂલ ધામ થયાં. અર્ધચંદ્રકારે વસે તો વચમાં ખેલતા ભગવાનનાં સૌને દર્શન થાય, આવતાં જતાં સૌને દેખાય. મહાદેવજી પશુપતિ છે. મસ્તકે અર્ધચન્દ્ર છે. તેમને પણ સંતોષ દીધો ! રથ રમત માટે અને ગાડાં લાકડાં લાવવા રાખ્યાં.

ભગવાને વૃન્દાવન, ગિરિ ગોવર્ધન અને યમુનાજીનાં પુલિન જોયાં. ઉત્તમ પ્રીતિ થઈ. પ્રીતિ તો મર્યાદામાં પણ હોય, પુષ્ટિમાં ઉત્તમ પ્રીતિ હોય. જોઈને રાજી થવું તે રાજલીલા છે ! - મોટાઈ છે ! વ્રજવાસીઓને પ્રીતિ દેતા, મધુરવાણી બોલતા, પ્રભુએ અનેક લીલાવિહારો કર્યા. "**स्वकालेन वत्सपालौ बभूवतुः ।**"- આધિદૈવિક-કાલ સેવામાં આવ્યો. ભગવાને અંગીકાર કર્યો. ત્રણ વર્ષની વયનું સ્વરૂપ ભગવાને પ્રકટ કર્યું. વત્સપાલ થયા. નાનાં વાછરડાં લઈને શ્યામ-રામ ચરાવવા ચાલ્યા. માને મનાવી લીધાં. માને દીકરા દૂર જાય તે ન ગમે. ભગવાને દૂર ગયા વિના, દેખાય તેમ, વાછરડાં ચરાવવા માંડ્યાં ! સરખા સખાઓ સાથે વિવિધ રમતો રમતા. વત્સપાલન મુખ્ય હતું. પોતાની અંદરથી બહાર કાઢેલાં બાલકો પણ સાથે હતાં ! કૃતાર્થ કરવા કૃષ્ણ ક્રીડા કરે છે. રમવાનાં સાધનો પણ સાથે રાખતા, વનમાંથી પણ મેળવતા. ભમરડા અથવા ચકરડીઓ, ગિલ્લીદંડા, રમકડાંના રથ, રમકડાંનાં વાજિંત્રો, દોરડાખેંચ-વગેરે રમતા. ક્યાંક અનેક પ્રકારના વેણુઓ વગાડતા, ગિલોલથી પથ્થર ફેંકતા, તેવી બીજી અનેક રમતો કરતા. દૂર દડા-ફેંક જેવી રમતો રમતા. સૌ - નિઃશંક હતા. ક્યારેક પગમાં ઘૂઘરા બાંધીને નાચતા અથવા નૂપુર પહેરેલાં હોય તેનો પગના તાલથી અવાજ કરતા. ક્યાંક બંને તરફ પૈડાંવાળા વૃષભ વગેરે રમકડાં પર બેસીને ફરતા. ક્યારેક ગોપબાલકોને બળદ કે ઘોડાની જેમ ચલાવીને ઉપર વિરાજતા. ક્યારેક તેમની સાથે યુદ્ધની રમત કરતા. ક્યાંક આવાં રમકડાંને પરસ્પર લડાવતા. કોઈને ઉપર બેસાડીને ક્યારેક પાડતા. આવા ભાવથી લીલોપયોગી રમકડાં (ખિલૌના) સેવાક્રમમાં પધરાવાય છે.

રામકૃષ્ણ બંને વૃષભની જેમ કૃત્રિમ રીતે પણ ખેલતા. "હુંભારવ" - તેવો અવાજ - કરતા ! પરસ્પર યુદ્ધ કરતા. પ્રાણીઓનું અનુકરણ કરતા ! દેડકાની જેમ અવાજ કરતાં કૂદતા. મોર વગેરેની જેમ પીંછાં બાંધીને, વેશ ધરીને નાચતા. મોર પણ ઓળખી ન શકતો, સાથે નાચવા લાગતો ! પ્રાકૃત-બાલકની જેમ સર્વ ગોપબાલકોના મનોરંજન માટે ભગવાન્ વિવિધ લીલાઓ કરતા, દોષ દૂર કરીને નિરોધ કરતા. પ્રમાણનિષ્ઠ સામાન્ય અને સ્વરૂપનિષ્ઠ અસામાન્ય જીવો માટે કૃષ્ણ-રામ આમ સાથે રમતા.

વાછરડાંમાંના દોષ રૂપ વત્સાસુરને ભગવાને માર્યો! પશુચિકિત્સા પણ કૃષ્ણે આરંભી!:
વાછરડાના આકારના દૈત્યને મારીને ભગવાન્ લોક-વેદ-મર્યાદાની પણ અવગણના કરે છે!:

ભગવાને વાછરડાંનો પણ નિરોધ કરવા ઈચ્છા કરી. તે સમયે ભગવાન્ યમુનાકિનારે વાછરડાં ચરાવતા હતા. સખાઓ સૌ આનંદમગ્ન હતા. ત્યાં એક દૈત્ય આવ્યો; મારવા ઈચ્છતો હતો. મનની (ઈચ્છાની) દુષ્ટતા માનવને પણ દાનવ જેવો બનાવે છે. પ્રાકૃત-ગોવાળ સદોષ વાછરડાં પણ ચારે. ભગવાન્ તો નિર્દોષનું પાલન કરે છે! યમુના-જલપાનથી સૌ વત્સ શુદ્ધ થયાં. સઘળાં વાછરડાંનો દોષ અસુર રૂપે પ્રકટ થયો! યમુના તો યમનાં બહેન છે, એટલે તેના કિનારે અસુરો પણ આવે! **"स्वकैः वयस्यैः"**- ભગવાને પૂતનાને મારીને પોતાનામાં લીધેલાં બાલકો બહાર કાઢ્યાં હતાં. તે પણ ભગવદ્ભાવ-સંપન્ન છે, વયમાં સમાન છે. લીલામાં જરૂર હોય ત્યારે તેમને પ્રભુ પ્રકટ કરે છે, પછી તે ભગવાનમાં જ રહે છે! સ્વજન-સંરક્ષક ભગવાને દૈત્યને જોયો. વાછરડા જેવો જ દેખાતો હતો! બલદેવજીને બતાવ્યો. બલદેવજી વેદરૂપ છે. વેદની સંમતિથી કરેલું કાર્ય અયોગ્ય ન ગણાય. દૈત્ય પણ દુષ્ટતા ન કરે તો ભગવાન્ તેને ન મારે! દૈત્યના મનમાં દુષ્ટતા આવી. ભગવાને રમત શરૂ કરી. મુગ્ધભાવે એક પછી એક વાછરડાંને પકડે અને છોડે. તેમ કરતાં વાછરડાના રૂપમાં રહેલા દૈત્ય પાસે ગયા. પકડ્યો. પાછળના પગ અને પુચ્છ પકડીને હવામાં ઘુમાવ્યો. હાથમાંથી છોડ્યો. અંતરિક્ષમાં અસુરના પ્રાણ ગયા. કોઠાના ઝાડ સાથે શરીર અથડાયું. ઝાડ પડ્યું. હાથમાં, વૃક્ષસંબંધે કે ભૂમિ પર નથી મર્યો. અંતરિક્ષમાં મર્યો, તેથી મુક્તિ ન થાય! પડ્યા પછી બધાં બાલકોએ જોયું, મહાકાય રાક્ષસ પડ્યો હતો! સૌને ખૂબ આશ્ચર્ય થયું. ભગવાનને ખૂબ ખૂબ ધન્યવાદ દીધા. વત્સમાં દેવ-દૈત્યનો ભાગ છે. દોષરૂપ અસુર મરતાં સૌ દેવો સંતુષ્ટ થયા. કેવલ દેવત્વ રહ્યું. પુષ્પવૃષ્ટિ કરી. આ વત્સાસુરવધની કથા સાંભળીને વ્રજમાં ગોપીજન અને ગોવાળો ખૂબ આશ્ચર્ય પામ્યાં.

વત્સાસુર-વધલીલાથી ભગવાને વત્સચારણના દોષ દૂર કર્યાં છે. સામાન્ય-ગોવાળ વાછરડાં ચારે, પણ સર્વસમર્થ ઈશ્વર વાછરડાં ચારે તે ઉચિત ન ગણાય. આ બુદ્ધિદોષ ભગવાને વત્સાસુર વધથી દૂર કર્યો. સામાન્ય-ગોપબાલક વાછરડાના વેષમાં રહેલા અસુરને ઓળખી ન શકે, મારી ન શકે. સર્વસમર્થ ભગવાન્ જ તે કરી શકે. વત્સ તો પ્રભુને પ્રિય છે. તેના જેવા વેષે ઘૂસેલો અસુર ઓળખવો અઘરો છે. ભક્તોનાં જેવા વેષ અને રીતભાતથી ભક્તોમાં ભળી ગયેલા વંચકોને પણ ઓળખવા અઘરા છે! ભક્તો નિરપેક્ષ હોય છે; પણ ભક્તના વેષમાં છુપાયેલા, છેતરનારા વંચકો તો પૈસા અને પ્રતિષ્ઠાના પૂજારી હોય છે! તે સત્ય, સિદ્ધાંત કે પ્રભુની પરવા કરતા નથી. તેમનાથી પ્રભુ જ પોતાના ભક્તોને બચાવે છે. વત્સાસુર વાછરડા જેવો જ દેખાય છે. વત્સના દોષનું આધિદૈવિક-સ્વરૂપ છે, વાછરડાંના ટોળામાં છે. દુષ્ટનો સહવાસ પણ દુષ્ટ બનાવે છે.

વાછરડાંમાંના દોષરૂપ તે અસુર છે. પશુ તો કાંટા, કાંકરા, ખેતર વગેરેમાં પણ ચરે. તેનાથી પશુમાં રોગ કે નુકસાન થવા સંભવે. ભગવાને તેનું નિવારણ કર્યું. આધુનિક-દૃષ્ટિએ તેને પશુચિકિત્સા-**"Veterinary"** પણ કહી શકાય! વાછરડાં સ્વસ્થ, સમૃદ્ધ થાય તેમ સુંદર રીતે રાખ્યાં - ચરાવ્યાં. વત્સ અને ચારણ બંનેના દોષ ભગવાને દૂર કર્યાં! અસુર હોવા છતાં વાછરડાં સાથે ભળ્યો, ભગવદીયોના સંગમાં દુષ્ટને પણ કૃષ્ણના કરકમલનો સંબંધ થયો, પણ મારવાની દોષબુદ્ધિ હતી,

તેથી સ્વરૂપનાશ થયો ! દોષો દૈત્ય રૂપ છે. ભગવદ્‌ભક્તોનો સંગ નિર્દોષબુદ્ધિથી કરવો જોઈએ, તો કૃતાર્થ થવાય. ગોપાલ, ગાયોનો રક્ષક કહેવાય. તે વાછરડું મારે, તે લોકમાં યોગ્ય ન ગણાય. સ્વરક્ષિતનો વધ શાસ્ત્રવિરુદ્ધ પણ ગણાય, છતાં વત્સપાલ ભગવાને પોતાનાં વાછરડાંની રક્ષા માટે વત્સના આકારવાળા અસુરનો વધ કર્યો. ભક્તોનું અનિષ્ટ દૂર કરવા ભગવાન્ લોક-વેદ-મર્યાદાની અવગણના કરે છે ! વત્સમાત્રના સંબંધથી આ દોષ વત્સના આકારનો છે. તેને મારવો તે દોષને દૂર કરવા રૂપ છે. આ લીલા વખતે ભગવાનનું વય ત્રણ વર્ષનું છે. આમ સર્વલોકના એકમાત્ર પાલક ભગવાન્ વત્સપાલ બનીને વિહારો કરે છે. વત્સચારણ તો સ્વાભાવિક રૂપે નિત્ય કરે છે. સવારે વાછરડાં ગાયને ધાવી લે, પછી પ્રાતઃ ભોજન કરીને ભગવાન્ વનમાં વત્સચારણ માટે પધારે છે. સન્ધ્યાકાલ સુધી ધર્મોપયોગી વાછરડાંને ચરાવે છે. પોતે લીલાવિહારો કરે છે.

દંભી પોતાનું મહત્ત્વ વધારવા ભગવાનને પણ ગૌણ બનાવી દે છે ! :
ભગવદીયોના દોષ રૂપ દંભને ભગવાન્ પોતે દૂર કરી દે છે ! :

ભગવાને વત્સના દોષો દૂર કર્યા, પછી ગોવાળોના દોષો દૂર કરવાની ઈચ્છા કરી. તે સમયે સૌ ગોવાળો બધાં વાછરડાં ચરાવીને યમુનાજીમાં જલપાન કરવા આવ્યા હતા. વત્સોને પાન કરાવ્યું. ગોવાળોએ પણ કર્યું. યમુના-જલપાનથી સઘળા દોષો બહાર નીકળી ગયા ! તે સર્વસામાન્ય દોષરૂપ છે. એ દોષ ગોવાળમાત્રનો હોત તો ગોવાળ જેવો આકાર હોત ! પ્રભુએ પોતાનામાંથી બહાર પ્રકટ કરેલાં બાલકોનો દોષ નથી. દોષ બક રૂપ થયો. તેમાં દૈત્યનો આવેશ થયો. ભયંકર મોટા બગલા રૂપે દેખાયો. બાલકોએ જોયો. ત્રાસ થયો. પ્રભુકૃપાથી પ્રાણ ટક્યા. ભગવાન્ તો રમતમાત્રમાં બકની પાસે પહોંચ્યા. આ અસુર ભગવદીયોના દોષરૂપ છે, મહાભયંકર છે ! તેણે માયારૂપ ભગવાનને બગલાના આકારે આરાધ્યા છે ! તેની કૃપાથી બલ મળ્યું છે, બગલાનો આકાર પણ મળ્યો છે. તે દંભનું સ્વરૂપ છે. લોભ અને અસત્ય બે તેની ઉપર-નીચેની ચાંચ રૂપ છે. લોભ અને જૂઠાણું હોય ત્યાં દંભ હોય જ ! દંભી પોતાનું મહત્ત્વ વધારવા ભગવાનને પણ ગૌણ બનાવી દે છે ! લોભ અને અસત્યથી અંતઃકરણમાં ભગવદનુભવ નથી. "**लोभो दुःखधर्मद्वेषोद्‌भेदरूपः ।**"- લોભ દુઃખ-ધર્મ, દ્વેષભેદરૂપ છે. "**आनन्दस्य तिरोभावः सर्वथा दुःखमुच्यते ।**"- કૃષ્ણ સદાનન્દ રૂપ છે. લોભ દુઃખરૂપ હોવાથી તેમાં આનંદનો અનુભવ ન થાય. આનંદ તેમાં ડૂબી જાય - દેખાય નહિ. અસત્યથી પણ આનંદ અનુભવાય નહિ,- ડૂબી જાય !

આનંદરૂપ ભગવાનને લોભ અને અસત્યરૂપ ચાંચથી બકાસુર ગળી ગયો ! માયારૂપ ભગવાનને ભગવાન્ જ વશ થયા ! ગોવાળોનો પ્રભુપ્રેમ દેખાયો. પ્રાણ ગયા હોય તેવું દારુણ દુઃખ થયું. મૂર્છિત જેવા થયા. બકે ગળેલા ભગવાન્ ગળામાં આવ્યા. અગ્નિની જેમ ભગવાને ગળું બાળવા માંડ્યું. પરા, પશ્યન્તી, મધ્યમા અને વૈખરી - આ ચાર વાણીના પ્રકાર છે. પરા નાભિમાંથી, પશ્યન્તી હૃદયમાંથી, મધ્યમા કણ્ઠમાંથી અને વૈખરી મુખમાંથી પ્રકટે છે. કણ્ઠમાંથી ઉચ્ચારનો આરંભ થાય છે. "અ"કાર, ક-વર્ગીય વ્યંજન, "હ"કાર અને વિસર્ગના ઉચ્ચારનું સ્થાન કણ્ઠ છે, સરસ્વતીસ્થાન છે. ભગવાન્ પુરુષ છે. "पुरमुषतीति ।" "उष दाहे"- પુર (દેહ)ને બાળે તે,- પુરુષ ! તેથી ભગવાન્ અગ્નિની જેમ બાળે છે. "गोपालसूनुं पितरं जगद्‌गुरोः ।"- ગોપાલપુત્ર છતાં બ્રહ્માના પણ પિતા રૂપ ભગવાન્ પરબ્રહ્મ છે ! વિરુદ્ધધર્માશ્રય બતાવ્યો છે. બ્રહ્માના મુખમાંથી ભગવાને વેદ પ્રકટ્ કર્યા છે.

વેદ "**तत्त्वमसि ।**"- એ ખંડવાક્યમાં સર્વજ્ઞ બ્રહ્મ અને અલ્પજ્ઞ જીવનો અભેદ કહે છે. લોકોને સમજવું કઠિન છે. ગમે તે રીતે અર્થ બેસાડવા મથે છે ! ભગવાને અહીં લીલામાં તે પ્રકટ કર્યું છે,- વિરુદ્ધધર્માશ્રયથી ! ગોપબાલ થવા છતાં ભગવાન્ બ્રહ્માના પણ પિતા છે, પરબ્રહ્મ રૂપ છે. તેમ દેહમાં વસવા છતાં જીવ અક્ષરરૂપ છે. સરસ્વતી વેદરૂપા પણ છે ! ભગવાને સરસ્વતીસ્થાનમાં જઈને વેદનું પ્રમાણપણું પ્રકટ બતાવ્યું. શ્રીભાગવતમાં તો વેદનું પણ સમાધાન છે ને !

અસહ્ય બળતરાથી બકે ભગવાનને બહાર કાઢી નાખ્યા. અક્ષત ભગવાનને ફરી પકડવા દોડ્યો. અતિક્રોધ થયો. ક્રોધથી તેની દેવતા દૂર થઈ ! ભગવાને ક્ષણમાં બાલકોના દેખતાં ચાંચ પકડીને ચીરી નાખ્યો. કંસનો આ મિત્ર મરે નહિ, તો કંસ મરે નહિ ! - "**कंससखं सतांगतिः ।**"ભગવાન્ તો સત્પુરુષોના રક્ષક છે, તેથી દુષ્ટોને દંડ દે છે. દંભને કાઢવા માટે લોભ અને અસત્યને છોડી દેવાં પડે; પછી જ ધર્મ કે સેવા સાચા અર્થમાં થઈ શકે. દેવોએ નન્દનવનનાં મલ્લિકાનાં પુષ્પની વૃષ્ટિ કરી. ભગવાને બકની ચાંચના ટુકડા અધોમુખ મૂક્યા. દેવોનાં કોમલ આસન જેવા થયા. - "**वीरणवद्दिवौकसाम्**"- દેવોએ ભગવાનની સ્તુતિ કરી ઢોલ અને શંખ વગાડ્યાં.

ગોપબાલકો ખૂબ વિસ્મિત થયા. તે તો કૃષ્ણને પોતાના જેવા જ માનતા હતા ! મુગ્ધબાલકો વ્રજમાં આવ્યાં. ભગવાનની લીલા હૈયે વસી ગઈ. દંભ જાય પછી જ ભગવાન્ સમજાય કે મળે. પ્રભુ મળતાં પ્રેમ ઉભરાય. ગભરાઈને મૂર્છિત જેવાં થયેલાં, ભગવાને જ ચૈતન્ય મૂકીને જીવતાં રાખેલાં, રામ વગેરે બાલકો સદાનન્દ કૃષ્ણને ભેટી પડ્યાં, આનંદમગ્ન થયાં. વાછરડાં લઈને સૌ વ્રજમાં આવ્યાં. ભગવાનની આ લીલા કહી. સાંભળીને ગોપ, ગોપી સૌ આશ્ચર્યમુગ્ધ થયાં. અતૃપ્ત આંખે પ્રિય પ્રભુને નિહાળી રહ્યાં ! અતિસ્નેહમાં અયોગ્ય શંકાઓ પણ બહુ થાય ! "**प्रेत्यागतं**"- પણ શ્રીશુકે તેમને અનુસરીને કહ્યું. આ સ્વાભાવિક સ્નેહ વ્રજભક્તોનો છે. બકાસુરવધલીલા ભગવાને પાંચ વર્ષની વયે, અષાઢ વદિ આઠમના દિવસે કરી, તેમ બીજા પુરાણમાં છે.

દેહ-દિલ કે દુનીઆનાં દુઃખનો સ્પર્શ પણ ભગવાનની વાતોમાં થતો નથી ! :
વ્રજમાં પ્રભુની કુમાર અને કુમારી રૂપે પણ પ્રકટ અને ગૂઢ-લીલાઓ નિત્ય છે :

નન્દ વગેરે ગોવાળો ભગવાનની લીલાની વાતોમાં મગ્ન થઈ ગયા. "ખાડો ખોદે તે પડે !" મારવા આવ્યા તે મર્યા ! અનેક આપત્તિઓમાંથી આ બાલક બચી ગયા. પતંગિયાં પોતાને મોટાં માનીને દીપને બૂઝવવા અંદર પડે, પરિણામે પોતે બળે, તેમાં અગ્નિનો દોષ નથી. - "**अग्नौ पतंगवत् ।**"મહાપુરુષોનું અનિષ્ટ કરવા જનાર પોતે જ પોતાના પાપથી નાશ પામે છે. બ્રહ્મજ્ઞ ગર્ગે કહેલી વાતો નન્દજીને સાચી દેખાઈ, બ્રહ્મજ્ઞ તો બ્રહ્મરૂપ છે. બ્રહ્મને જાણનાર સર્વ જાણે. તેની વાણી ક્યારેય મિથ્યા ન થાય ! નન્દ વગેરે ગોવાળોને ભગવાનની વાતો જ આનન્દમગ્ન કરી દેતી હતી. દેહ, દિલ કે દુનીઆનાં દુઃખનો સ્પર્શ પણ ભગવાનની વાતોમાં થતો નથી ! વાતો કરવી સૌને ગમે. નકામી વાતો જીવનને નકામું બનાવે. ભગવાનની વાતોથી દુઃખ દેખાય પણ નહિ, સુખ મળે, પ્રભુમગ્ન રહેવાય. લીલા કરી કૃષ્ણે, પણ વાતો કરી લાભ લીધો નન્દ વગેરે ગોપોએ !

एवं विहारैः कौमारैः कौमारं जहतुर्व्रजे ।
निलायनैः सेतुबन्धैर्मर्कटोत्प्लवनादिभिः ।। (४९)

આ પ્રકારે નિલાયન, સેતુબંધન, મર્કટોત્પ્લવન વગેરે કુમારાવસ્થાના વિહારો વડે રામકૃષ્ણે વ્રજમાં કુંમારાવસ્થા છોડી (સ્થિર કરીને પધરાવી)!

ભક્ત રૂપ આધિદૈવિકકાલ છે. "**विहारैः वेः कालस्य हारैर्लीलारूपैः करणैः सह ।**"- આ કાલમાં કરેલી ક્રમબદ્ધ લીલા પરંપરાઓને ભગવાને વ્રજમાં પધરાવી! કૌમારલીલાઓ વડે કૌમાર-અવસ્થા સ્થાપન છે. "**जहतुः**"- ત્યાગાર્થક છે. "**स्वसैन्यं बहिस्त्यक्त्वा**"- માં ત્યાગ સ્થાપનાર્થક છે. વ્રજમાં ભગવાનની કુમારલીલાઓ પણ નિત્ય છે. પ્રકટ કે અપ્રકટ હોવું, તે તો આવિર્ભાવ- તિરોભાવથી થાય છે. "કૌમાર" - શબ્દ સ્ત્રીલિંગ - પુંલ્લિંગ બંને વાચક બને છે. વ્રજમાં ભગવાનની કુમાર રૂપે અને કુમારી રૂપે પણ નિત્યલીલાઓ છે. "**त्वं स्त्री स्वं पुमानसि त्वं कुमार उत वा कुमारी ।**"- એ શ્રુતિ છે, તમે - સ્ત્રી, તમે પુરુષ છો. તમે કુમાર કે કુમારી છો. "**स आत्मानं द्वेधाऽपातयत् ततः पतिश्च पत्नी चाभवताम् ।**"- એ પણ શ્રુતિ છે. લીલાવિહાર માટે તેણે પોતાના બે વિભાગ કર્યા, પછી પતિ-પત્ની થયાં. આધિદૈવિક કુમાર રૂપ ભગવાન્ છે. વ્રજની બધી કુમારીઓ ભગવાનના આ કુમારી રૂપનાં જ જુદાંજુદાં સ્વરૂપો છે! "**कुमार्यः कृष्णचेतसः**"- માં ચીરહરણમાં તેમની લીલા છે. ભગવાન્ માટે તે વિવિધ લીલાઓ કરે છે. કુમાર રૂપે ભગવાન્ પણ વિવિધ લીલાઓ કરે છે. આ લીલાઓ ત્રિવિધ કહી છે.

૧. निलायनैः- કુમારીઓ ગુપ્ત નિકુંજાદિમાં વિરાજીને રસવિહારો કરે છે, વિયોગ પણ અનુભવે છે, નિકુંજોમાં સંતાઈને લીલા કરે છે! ભગવાન્ વામન રૂપે બ્રાહ્મણ બનીને, પોતાનું સ્વરૂપ છુપાવીને, બલિની કામના પૂરી કરવા પધાર્યા હતા. તેમ વ્રજભક્તોની કામનાઓ પૂર્ણ કરવા, કુમાર કૃષ્ણ ભગવાન્ પોતાનું સ્વરૂપ છુપાવીને જાતજાતના વેષ ધારણ કરીને, સર્વત્ર પધારે છે. કામનાઓ પૂર્ણ કરે છે! આ બધી રસલીલાઓ છે. કીર્તનોમાં કહેલી વેષાન્તરની લીલાઓ આમાંથી સમજી શકાય. લીલાનુકૂલ યુક્તિઓ પણ ભગવાન્ ભક્તસંગ માટે કરે છે. ગોવાળો સાથે આંખો દબાવીને સંતાઈ જવાની સંતાકૂકડીની રમત પણ રમે છે.

૨. सैतुबन्धैः- કુમારીઓ પ્રભુને પ્રસન્ન કરવા માટે રસરીતિથી ભગવદનુકૂલ આભૂષણ ધરે છે. ચેષ્ટાઓ સઘળી કરે છે. તે ભક્ત અને ભગવાન્ વચ્ચેના સેતુરૂપ છે! આવી અનેક ઉપાયો રૂપ લીલાઓ છે. કુમાર રૂપ ભગવાન્ વ્રજભક્તોની મનઃકામનાઓ પૂરી કરવા માટે અનેક ઉપાયો કરે છે. ક્ષત્રિય રૂપે ભગવાન્ રામચંદ્રજીએ જાનકીજીને પ્રાપ્ત કરવા માટે સમુદ્ર પર એક સેતુ બાંધ્યો હતો. તેમ રસરાજ કૃષ્ણ રસશાસ્ત્ર-પ્રસિદ્ધ, ચાતુર્યપૂર્ણ, સેતુબંધન (ઉપાયો) દ્વારા વ્રજભક્તોને પ્રાપ્ત કરે છે! અનકવિધ લીલાવિહારોથી સુખપ્રદાન કરે છે. શ્રીરામચન્દ્રજી રાજ્યનીતિથી અનેક રાજ્યસુખ માણે છે, તેમ શ્રીકૃષ્ણચન્દ્ર રસરીતિથી વ્રજભક્તોનાં અનેક યૂથોમાં અનેકવિધ રસવિહારોથી ઉત્કૃષ્ટ સુખ માણે છે! યમુનાજી વગેરે જલસ્થાનોમાં અનેક બંધ-પુલ તૈયાર કરે છે. તેના દ્વારા પુલિન વગેરે સ્થલોમાં પધારીને અનેક લીલાઓ કરે છે. બાલભાવોચિત હઠથી પણ ભક્તસંગ સાધે છે. ભક્તોને આનંદ દેવા વેણુનાદ કરી, સંકેતથી ભક્તોને બોલાવી લીલાઓ કરે છે. બાલગોવાળો સાથે ભગવાન્ જલપ્રવાહમાં અનેક રીતે પુલ કે બંધો બાંધવાની રમત પણ રમે છે.

૩. मर्कटोत्प्लवनादिभिः- વ્રજભક્તો પ્રભુ માટે, રસલીલાના સ્વાનુભવ માટે, સર્વનો ત્યાગ

કરે છે. ગૃહસ્થમર્યાદાત્યાગ-લોકવેદોલ્લંઘન-પણ કરે છે ! કુમાર કૃષ્ણ કોઈ વ્રજભક્તોને ત્યાં પધારે છે. ત્યાં અનેક સમાનભાવપૂર્ણ ભક્તોને લીલારસાસ્વાદ પ્રદાન કરે છે. મર્કટ ઝાડની એક ડાળી પર બેસીને બીજી અનેક ડાળીનાં ફલ પરાણે પકડીને પણ ખાય છે તેમ ! મર્કટ જેમ એક ઝાડેથી બીજા ઝાડે કૂદે છે, વૃક્ષની સઘળી ડાળીનાં ફલ ખાય છે, તેમ ભગવાન્ જુદાજુદા વ્રજભક્તોના ઘેર પધારી સર્વ પદાર્થોનો અંગીકાર કરે છે ! વાનરોને કુદાવીને પણ ભગવાન્ ભક્તસંગની અનુકૂલતા સાધે છે. વનમાં ગોપબાલકો સાથે ભગવાન્ વાનર-માંકડાં વગેરેનું અનુકરણ કરતાં ઝાડ પર ચઢે છે, ડાળીઓ પર બેસે છે, ફલ ખાય છે, કૂદે છે.

"**आदि**"- શબ્દથી બીજી અનેકવિધ લીલાઓનો સમાવેશ થાય છે. "**मण्डूकप्लुतिः**"- દેડકાં કૂદે છે તેમ, એક સ્થળેથી દેડકો કૂદે ! વચ્ચે થોડી જમીન કુદાવીને આગળ જાય, પછી ફરી કૂદે, તેમ ભગવાન્ કોઈ વ્રજભક્તને ઘેર પધારી લીલાનુભવ કરાવે છે. વચ્ચે થોડા ભક્તોની પાસે પધારતા નથી. ત્યાર પછીના કોઈના ઘેર પધારીને તેના મનોરથ પૂરા કરે છે ! ભગવાને જેને વચમાં છોડી દીધાં હોય, જેને ત્યાં ન પધાર્યા હોય, તે બીજે દિવસે ખણ્ડિતાભાવ પ્રાપ્ત કરે છે, અદ્ભુત રીતે રસનો અનુભવ કરે છે ! આમ શૃંગારરસ-સંબંધી અનેકવિધ લીલાઓ કલાનિધિ કૃષ્ણ કરે છે, પ્રેમપૂર્ણ પુષ્ટિભક્તોને પરમાનંદનું દાન કરે છે. વનમાં ગોપબાલકો સાથે જમીન પર દેડકાની જેમ કૂદવાની રમત પણ ભગવાન્ રમે છે.

શૃંગાર-રસરૂપ ભગવાનના લીલા-વિહારોમાં લોક-વેદ કે સ્વરૂપની પણ મર્યાદાઓ પ્રતિબંધ કરી શકતી નથી ! : ભગવાનની લીલાનો અનુભવ હૃદયમાં અને બહાર પણ થાય છે ! :

આમ, તામસ-પ્રમાણ-પ્રકરણની સમાપ્તિમાં શ્રીશુકે ગૂઢ રીતે "**रसौः वै सः ।**"- "રસ જ તે છે !" - શ્રુતિ પ્રમાણે રસાત્મક બ્રહ્મનું વર્ણન કર્યું છે. પુરુષોત્તમના લીલાવિહારોમાં લોકવેદ કે સ્વરૂપની પણ મર્યાદા પ્રતિબંધ કરી શકતી નથી. સર્વથી પર પુરુષોત્તમના સ્વતંત્ર રસવિહારો છે. સચ્ચિદાનન્દ બ્રહ્મ સર્વવ્યાપક છતાં માયાના પડદામાં વિરાજે છે, આંખથી દેખાતું નથી. "**न चक्षुषा गृह्यते ।**"- શ્રુતિ છે. તે બ્રહ્મ રૂપે સચ્ચિદંશમાંથી જડ-જીવ રૂપ સૃષ્ટિ પ્રકટ કરીને ક્રીડા કરે છે, અંતર્યામી રૂપે નિયામક બને છે. મૂલરૂપ ભગવાન્ શ્રીકૃષ્ણ અવતાર લઈને જગતમાં પધારે છે. સ્વરૂપ ઓળખાય નહિ તેમ, મનુષ્ય જેવી લીલાઓ કરે છે ! ભગવાન્ સચ્ચિદંશ તિરોહિત કરીને, આનન્દાંશમાંથી આનંદ રૂપ લીલા-સૃષ્ટિ પ્રકટ કરે છે, પ્રકટ પરમાનંદ રૂપે વિહારો કરે છે. ઈચ્છાના આવરણમાં વિરાજે છે ! પોતે ઈચ્છે તેને અનુભવ કે દર્શન કરાવે છે. લીલાસૃષ્ટિ માત્ર આનંદમય છે. આપણને આંખ સામે દેખાતી સૃષ્ટિ નિરાનંદ છે. લીલાસૃષ્ટિ પુરુષોત્તમમાંથી પ્રકટ થાય છે. તે અવિકૃત છે, માયાસંબંધ-રહિત છે, નિત્ય છે. ભગવાન્ જેનું વરણ કરે તેને તેનો અનુભવ થાય છે ! તે લીલાસૃષ્ટિ રસાત્મક છે. તેમાં ભજનાનન્દનો અનુભવ થાય છે. ભક્તોની ઈચ્છાનુસાર ભગવાન્ લીલા કરે છે. ભાવાત્મક આ લીલાસૃષ્ટિનો અનુભવ ભક્તો પોતાના હૃદયમાં કરે છે. ભાવનાથી કે કૃપાથી આવિર્ભાવ થતાં તેનો બાહ્યાનુભવ પણ મળે છે !

આમ, ભગવાનની મૂલરૂપલીલા, જગદ્રૂપલીલા અને વેદરૂપલીલા વર્ણવી છે. હવે, કૌમારકાર્ય ન હોવાથી ભગવાને તે લીલાઓ સાથે કુમારાવસ્થાનો વ્રજમાં ત્યાગ કર્યો. સર્વને અજ્ઞાત, મૂલરૂપ, બ્રહ્મ

(રમણ) વિહારો કરવાની ઈચ્છાથી જગદ્રૂપ બને છે. પોતાની લીલા માટે વેદરૂપ મર્યાદા પ્રસિદ્ધ કરે છે. લોકવેદથી પર પોતાની પ્રાપ્તિ માટે ભક્તિમાર્ગ પણ ભગવાન્ પ્રસિદ્ધ કરે છે ! વેદોક્ત ફલભોગ માટે પોતાની પ્રાપ્તિ વેદરૂપતા પ્રકટ કરીને સર્વ-વેદાન્તસિદ્ધાન્તરૂપ બ્રહ્મ વિહારો કરે છે ! ભક્તો સર્વત્યાગ કરીને પ્રભુને મેળવવા મથે છે; તેમ ભગવાન્ પણ લોક-વેદની સઘળી મર્યાદાઓ છોડીને, ભક્તોને સુખ આપવા લીલાઓ કરે છે ! વેણુનાદ વેદાત્મક છે. આ સમજાવવા શ્રીશુકે લીલાઓ કહી છે.

તામસ-પ્રમાણ-પ્રકરણ પ્રેમ-પ્રકરણ પણ છે, તે પ્રેમપ્રાપ્તિનો માર્ગ પણ સૂચવે છે ! :

આ તામસ-પ્રમાણ-પ્રકરણમાં, - (૧) ભક્તિહેતુક અજ્ઞાન અને અન્યથાજ્ઞાન પ્રમાણ રૂપ કહ્યાં છે. (૨) અમેય (ભગવાન્)માં મેયબુદ્ધિ પ્રમાણ છે; તેમ કેટલાક ગણે છે. (૩) પ્રમેયરૂપ ભગવાનના બાલસ્વરૂપમાં સર્વનો નિર્ણય પ્રમાણથી કરવામાં આવ્યો છે. તે પ્રમાણબલથી સર્વ ગોકુલવાસીઓની ભગવાનમાં પ્રપઞ્ચવિસ્મૃતિપૂર્વક દૃઢ આસક્તિ થઈ છે.

આ પ્રકરણને પ્રેમ-પ્રકરણ પણ કહે છે. તેમાંની પ્રત્યેક લીલા ભગવાનમાં પ્રેમપ્રાપ્તિનો માર્ગ પણ આપણને સૂચવે છે. સાધનદશામાં જીવનવ્યવહારમાં તે ઉપયોગી છે. (૧) ભગવાનમાં આત્મીય-સંબંધી ભાવના કરવી. (૨) ભગવત્કાર્યમાં ઉદારતાપૂર્વક સર્વસમર્પણ કરવું. (૩) દેહ-ઈન્દ્રિય-અંતઃકરણ અને પ્રાણના અધ્યાસમાંથી છૂટવું. સ્વરૂપવિસ્મૃતિ દૂર કરવી. પોતે જીવ રૂપે દેહથી જુદા છીએ. ઈન્દ્રિયોના ભોગ કે સુખ-દુઃખ જીવને નથી. અંતઃકરણની વૃત્તિયો કે ગમો કે અણગમો, પણ જીવને નથી. ભૂખ-તરસ વગેરે પણ પ્રાણસંબંધી છે, જીવને નથી. જીવ તો ભગવાનનો અંશ છે. જન્મ્યો ત્યારથી જ ભગવાનનો દાસ છે. દાસધર્મ સમજીને શરીર, ઈન્દ્રિય, અંતઃકરણ અને પ્રાણ તથા પોતાનું સર્વસ્વ વગેરે ભગવાનની સેવામાં ઉપયોગી બનાવી દેવાં. (૪) લૌકિક-પદાર્થમાંથી અહંતા-મમતા છોડવાં. "હું હરિનો દાસ છું," "ભગવાન્ મારા સ્વામી છે." - તેવી ભાવના કેળવવી. પોતાનો સંસાર પ્રભુ-સંબંધી કરી દેવો. (૫) લૌકિક-ઈચ્છાઓ ઓછી કરતા જવું. (૬) ભગવાનનું માહાત્મ્ય સ્પષ્ટ સમજી લેવું, તેથી મન ભગવન્માર્ગમાંથી ભય કે લાલચથી ડગી જાય નહિ. (૭) મહાપુરુષોની કૃપા મેળવવી. (૮) ભગવાનનાં નામ અને સ્વરૂપનું ચિંતન કર્યા કરવું. (૯) સ્વધર્મમાં પ્રમાદ ન કરવો. પ્રભુ માટે પ્રયત્ન-પરાયણ રહેવું. (૧૦) લોભ કરવો નહિ. (૧૧) અયોગ્ય ભાવના કરવી નહિ. (૧૨) આપણા કોઈ પણ કાર્યમાં પ્રભુનો અપરાધ ન થાય, - તેનો વિચાર કરવો. (૧૩) ઘરમાંની આસક્તિથી ભગવાન્ પણ ભૂલી જવાય છે, તેથી ઘરનું કાર્ય સેવાબુદ્ધિથી કરવું, આસક્ત થવું નહિ. (૧૪) ધન, વિદ્યા કે કુલનું અભિમાન કરવું નહિ. માદકપદાર્થોથી દૂર રહેવું. (૧૫) ભક્તો તિરસ્કાર કરે તો પણ, આદરથી વધાવી લેવો. (૧૬) પ્રભુકૃપાની રાહ જોવી. (૧૭) પોતાના અધિકાર પ્રમાણે ભક્તોના સંગમાં ભગવદ્ભજન કરવું. (૧૮) ભગવાનની વાતોમાં શંકા કરવી નહિ, શ્રદ્ધા રાખવી. (૧૯) ભગવાનના સુખ માટે ત્યાગ કરવા તત્પર રહેવું. (૨૦) ભક્તોના વેષમાં રહેલા વંચકોથી દૂર રહેવું. (૨૧) દંભ કરવો નહિ. લોભ અને અસત્યથી દૂર રહેવું. (૨૨) ભગવાનની વાતો અને વિચારોમાં મગ્ન રહેવું. લીલાઓની ભાવના કરવી. આમ, ધ્યાન રાખીને જીવતાં પ્રભુમાં પ્રીતિ થાય, ભીતિ સઘળી દૂર થઈ જાય. અન્યત્રથી રાગ નીકળી જાય. કૃતાર્થ થવાય.

અધ્યાય : ૧૨

પ્રક્ષિપ્તાધ્યાયત્રયી : કૌતુકલીલા : પ્રક્ષિપ્તની ઉપપત્તિ :

ભગવાનની લીલાઓ અલૌકિક છે. ભક્તો તેમાં અદ્‌ભુત આનંદ અનુભવે છે, ભાવથી ગાય છે. કોઈકે અન્યકલ્પમાં થયેલી ભગવાનની લીલાને પોતાના ભાગવતમાં પણ સ્થાન દીધું છે! તે કથા ૧૨-૧૩-૧૪ અધ્યાયોમાં છે, પ્રક્ષિપ્ત ગણાય છે. તે કૌતુકલીલા પણ કહેવાય છે. લોકોને લૌકિકમાં કૌતુક બહુ હોય!

અગિયારમા-અધ્યાયમાં અંતે "**कौमारं जहतुर्व्रजे**"- કહ્યું છે. ૨ થી ૫ વર્ષ કુમારાવસ્થા ગણાય છે. ૬ થી ૯ પૌગંડાવસ્થા કહેવાય છે. તેની શરૂઆત - "**ततश्च पौगण्डवयःश्रितौ व्रजे**"- પંદરમા-અધ્યાયમાં કહે છે; તેથી વચ્ચે કહેલી ૧૨-૧૩-૧૪ અધ્યાયની લીલાનું સંકલન મળે નહિ, તેથી કૌતુકલીલારૂપ છે. શ્રીશુકે રાજા પરીક્ષિતને શ્રીભાગવતમાં તે કહેલી નથી; નહિ તો ચૌદમા - અધ્યાયના અંતે કૌમારત્યાગ કહે. "**पौगण्डे परिकीर्तितं**"- થી અઘાસુરવધની વાત બાલકોએ પૌગંડવયમાં માબાપને કહી તેમ કહેલું છે. પૌગંડવયનો ઉલ્લેખ પછીના ૧૫મા અધ્યાયમાં છે, તે નિરર્થક થાય. અત્યારનાં શ્રીભાગવતમાં ૧૪મા અધ્યાયના અંતે "**एवं विहारैः**"શ્લોક છપાય છે. પ્રાચીન-પુસ્તકોમાં તેવો શ્લોક દેખાતો નથી. રાસલીલામાં વિયોગદશામાં શ્રીગોપીજનોએ આ અધ્યાયોની લીલાનું અનુકરણ કરેલું દેખાતું નથી. તૃતીય-સ્કન્ધમાં ઉદ્ધવજીએ કૃષ્ણલીલા ટૂંકમાં કહી છે, તેમાં આ ત્રણ અધ્યાયની લીલાઓનું વર્ણન નથી. બારમા સ્કન્ધમાં અંતે સૂતજીએ બધી કથાઓ ટૂંકમાં કહી છે. તેમાં પણ આ કથાઓનો ઉલ્લેખ નથી. બ્રહ્માજીને મોહ ન થવાનું વરદાન ભગવાને દીધું છે; છતાં અહીં મોહ થયાની કથા છે! બ્રહ્માજીના મનમાં ક્યારેય અન્યથા વિચાર આવતો નથી. - "**न वै क्वचिन्मे मनसो मृषागतिः।**"બ્રહ્માજીએ બીજા સ્કન્ધમાં કહ્યું છે. "**तोकेन जीवहरणं।**"- વગેરે વાક્યોમાં બ્રહ્માજી કૃષ્ણ ભગવાનની લીલાઓ ગાતાં મહિમાનું વર્ણન કરે છે. આવો મહિમા જાણનાર બ્રહ્માજીને ભગવાનની પરીક્ષા લેવાની ઈચ્છા ન થાય! આવી અનેક રીતે સંકલન મળતું ન હોવાથી, આ અધ્યાયો પ્રક્ષિપ્ત છે. ભગવાને અઘાસુરને મારીને મુક્તિ દીધા પછી, બપોરે બ્રહ્માજીએ વાછરડાં તથા બાળકો હર્યાં. તેને વર્ષ થવામાં પાંચ દિવસ બાકી હતા, ત્યારે નવમીના દિવસે બ્રહ્માજીએ ભગવાનની સ્તુતિ કરી. ગોવાળોને આટલો સમય અર્ધી ક્ષણ જેટલો જ લાગ્યો છે! તેમને તો અઘાસુર-વધ તે જ દિવસે થયો લાગ્યો છે. વ્રજમાં આવીને તેનું વર્ણન કર્યું છે! આવી કથા પદ્મપુરાણમાં પણ છે.

પરમભાગ્યવાળાં ગોપ બાલકો સાથે ખેલતા બાલક ભગવાન્!:

ભગવાનની કૌતુકલીલા કહેવાની આરંભી. ભગવાને ક્યારેક સખાઓ સાથે વનભોજનની ઈચ્છા કરી. સવારમાં મંજુલ શૃંગરવ કૃષ્ણે કર્યો. ગોપબાલકો જાગ્યાં. ગાયો દોહ્યા પછી વાછરડાં લઈને વનમાં ગયા. હજારો વાછરડાં અને બાલકો સાથે ભેગાં મળ્યાં. પ્રેમ સૌમાં ઉભરાતો હતો. સાથમાં ભોજનની સુંદર શીંકીઓ લીધી હતી. હાથમાં વાછરડાં ચારવાની લાકડીઓ હતી. વગાડવાનાં શૃંગ અને વેણુ પણ સાથે હતાં. સૌએ પોતાનાં વાછરડાં ભગવાનનાં વાછરડાં સાથે ભેગાં કરી દીધાં. બાલકો નિર્દોષ રમતો કરતા જતા હતા. વનમાં જતાં સુંદર ફૂલ મળે તો માલા બનાવીને પહેરતા,

અલંકાર બનાવતા. ફૂલના ગુચ્છા, ફૂલ, મયૂરપિચ્છ વગેરે ધારણ કરતા. ગૈરિકા વગેરે ધાતુઓનાં ચિત્ર કરતા. કાચ, ગુંજા, મણિ, સુવર્ણનાં આભરણોથી, અલંકૃત છતાં આ બધી શોભા કરતા. તે વખતે કાચ પણ હતા ! માર્ગમાં જતાં બાલોચિત રમતો કરતા. ખબર ન પડે તેમ કોઈની ભોજનની શીંકી ચોરી લેતા, ખબર પડતાં દૂર ફેંકતા. ત્યાં જો શીંકી લેવા જાય તો, ત્યાં ઊભેલા ગોવાળો બીજી તરફ ફેંકતા, લેવા જનારને હસતા, વળી લાવીને પાછી આપતા.

કૃષ્ણ વનની શોભા જોતા હતા. દોડીને તેમને કોણ પહેલાં અડકે ? - તેની હરીફાઈ બાળકો કરતાં. વિવિધ પ્રકારનાં વાધ વગાડતાં, ગાન કરતા, કોકિલની જેમ કૂજન કરતા. આકાશમાં ઊડતાં પંખીના પડછાયા સાથે દોડતા. હંસ સાથે હરીફાઈ કરતા. બગલા સામે બેસતા. મોર જોઈને સાથે નાચતા. વાંદરાંનાં બચ્ચાંને પકડીને રમતા. ''किश''- જાતિના લાંબા પુચ્છવાળા વાનરોનાં પૂછડાં પકડીને કૂદતા, ચાળા પાડતા. ઝાડે ઝૂલતા. સરિતામાં સરતા. ઝરણા સાથે જાણે હસતા ! જલમાં પ્રતિબિંબ જોઈને પ્રસન્ન થતા. પંડઘાને જાણે પડકારતા ! ભગવાન્ તો અજ્ઞાની, જ્ઞાની અને ભક્તોને ભાવતી લીલાઓ કરે છે ! સૌને પોતાની બુદ્ધિ અનુસાર ભગવાન્ સમજાય છે ! જ્ઞાનીને ભગવાન્ બ્રહ્મરૂપ છે - જ્ઞાનરૂપ છે; અનુભવે સુખરૂપ છે. તેને પોતાનો પ્રિય સમજીને ગોપબાલકો ખેલે છે. ભાગ્યથી તો ભોગ મળે, આ તો ભગવાન્ મળ્યા છે ! પરમભાગ્ય છે ! ભગવાનનું દાસ્ય મળ્યું છે. જાણે પુણ્યપુગ્-જ પ્રકાશી રહ્યો છે ! દેવોને દુર્લભ, જ્ઞાનીથી અજ્ઞાત, સમાધિથી પણ અસાધ્ય, અનેક ઉપાયોથી પણ અલભ્ય, ભગવાન્ ગોપોને સુલભ થયા છે ! સર્વશુદ્ધિથી ન મળે, બુદ્ધિથી ન સમજાય, તે કૃષ્ણ ભાવવૃદ્ધિ કરી રહ્યા છે ! ગોપોના ભાગ્યનું વર્ણન શું થાય ?

પાપના પુંજ જેવા ખલ અઘાસુરને શરણાગત-રક્ષક ભગવાને માર્યો છતાં તાર્યો ! :

સુખરૂપ ભગવાન્, સમાન સખાઓ, સુખરૂપ તેમની રમતો, કહેવા કે વિચારવાથી પણ સુખ મળે ! કોઈનું સુખ જોઈને સંતુષ્ટ થાય તે સજ્જન. સામાનું સુખ જોઈને સળગી જાય તે-દુર્જન ! આંખ અદેખી બનીને અકળાવે તો અઘાસુર બની જવાય. આંખ અમી વરસાવે તો આત્મીયતાથી આનંદ મળે ! અઘ એટલે પાપ. પાપના પુગ્-જ જેવો આ અઘાસુર છે. પાપમય-વૃત્તિ કે પ્રવૃત્તિ અમીભર્યા અંતરને પણ ડહોળી નાખે છે, ઝેરી બનાવી દે છે ! અઘાસુરથી દેવો પણ ડરતા હતા. ''**सुखक्रीडनवीक्षणाक्षमः ।**''- અઘાસુરે સુખરૂપ રમતોને જોઈ, સહન ન કરી શક્યો. બકી-પૂતના અને બકનો તે નાનો ભાઈ હતો. તેમનું વૈર લેવાનો વિચાર કર્યો. વૈરવૃત્તિથી માનવ પાપપુગ્-જ જેવો બની જાય, આનંદનો અનુભવ ન થાય. વ્રજવાસીઓને પ્રાણરૂપ પ્રભુ અને બાલકો છે. તેમનું તેણે અનિષ્ટ ઈચ્છ્યું. યોજન વિસ્તારવાળા અજગરનું રૂપ ધર્યું - ''**खलः**'' છે, દયા નથી. "વિશિખ" - બાણ અને "વ્યાલ" - સાપ. આ બે શબ્દના છેલ્લા અક્ષર "ખ" અને "લ" નો સુમેળ એટલે ખલ ! બંનેના ગુણો તેનામાં હોય. બાણની જેમ ખલ શબ્દથી વીંધે છે. બાણને છૂટયા પછી નિયંત્રણ ન હોય. ખલની વાણીને મુખમાંથી છૂટતાં પહેલાંથી જ વિવેકબુદ્ધિનું નિયંત્રણ ન હોય. સાપ તો દબાય તો દંશ દે. દુષ્ટ તો વગર દબાયે દંશ દે ! દંશ દેતાં સાપ પોતાનું ઝેર બીજાના શરીરમાં પ્રવેશાવે છે. ખલ પોતાની વાણીથી, વ્યવહારથી પોતાનામાં રહેલું ઝેર સૌમાં રેડે છે. પોતે જેનો દ્વેષ કરતો હોય, તેવા સાધુપુરષોની નિંદા-દોષારોપણ-કર્યા કરે છે. સર્પદંશથી ઝેર ચઢતાં મરણ થાય, તેમ ખલના ઝેરી પ્રચારથી લોકોનાં

અંતઃકરણ મૂર્ચ્છિત થઈ જાય છે, અમૃત જેવા લાભ લઈ શકતાં નથી. સાપ આવે છે તે .જાણી શકાતું નથી, તેમ દુષ્ટ પણ સ્વજન કે આત્મીયના સ્વાંગમાં, હિતસ્વીનો દેખાવ કરીને, સમજાય નહિ તેમ, સન્માર્ગથી વિમુખ બનાવી દે છે !

ખલ અજગર રૂપે પડ્યો છે. સદ્‌વૃત્તિ, સત્પ્રવૃત્તિને તે ગળી જાય છે. અજગરરૂપ અઘાસુરનો નીચલો હોઠ ધરતીને સ્પર્શે છે. ઉપલો હોઠ આકાશને અડકે છે ! પર્વતની ગુફા જેવું મોં છે. શિખર જેવી દાઢો છે. વિશાળમાર્ગ જેવી જીભ છે. સ્પર્શતાં સહન ન થાય તેવો તેના શ્વાસનો વાયુ છે. દવાગ્નિ જેવું આંખનું તેજઃ છે. આ જોવા છતાં ગોવાળોને તો તે રમતનું સ્થાન, વૃંદાવનની સુંદર શોભા લાગી, ભય ન થયો ! અજગર જાણે પર્વત હોય તેમ માન્યુ ! સાચું હતું તેને કાલ્પનિક માન્યું ! બાલકોએ મુખમાં પ્રવેશ કર્યો. ભરોસો ભગવાનમાં હતો. કદાચ અજગર હશે તો પણ કૃષ્ણ બચાવશે ! ભગવાન્ અટકાવે તે પહેલાં તો હસતાં બાલકો તાલીઓ પાડતાં મુખમાં પેઠાં ! વાછરડાંને પણ સાથે લીધાં. અસુરના પેટમાં પહોંચતાં પ્રાણ ગયા; પણ જીર્ણ ન થયા. અસુર તો ભગવાનની રાહ જોતો હતો. મોં બંધ કર્યું ન હતું. પ્રભુ પધાર્યા. ગોકુલવાસીઓને તો કૃષ્ણ વિના બીજો કોઈ જ આધાર નથી. કાલ જેવા અસુરનો કોળીઓ બની ગયેલાં પોતાનાં શરણાગતોના ઉદ્ધારનો ઉપાય ભગવાને વિચાર્યો ! શરણાગતની સુરક્ષા ભગવાન્ કરે છે. અસુરને મારી, બાલકોને જીવાડવા, ભગવાને પોતે તેના મુખમાં પ્રવેશ કર્યો ! આકાશમાં વાદળોમાં છુપાયેલા દેવોએ જોયું. હાહાકાર કર્યો. આકાશમાર્ગે આવેલા કંસ અને રાક્ષસો રાજી થયા. ભગવાને ક્ષણમાં ગળામાં પોતાનું સ્વરૂપ વધાર્યું. પીસી નાખવા ઈચ્છતો અસુર પીડાયો. આંખો નીકળી પડી. આમતેમ આળોટવા માંડ્યો. માથું પછાડતાં બ્રહ્મ- રન્ધ્રમાંથી પ્રાણ નીકળી ગયા. ભગવાને પોતાની અમૃતદૃષ્ટિથી ગોવાળો અને વાછરડાંને જીવતાં કર્યાં. મુખમાર્ગેથી સૌ ભગવાન્ સાથે બહાર નીકળ્યા. અઘાસુરના શરીરમાંથી મહાતેજોરૂપ જ્યોતિ દેવોના દેખતાં પ્રભુમાં પ્રવેશ પામી, સાયુજ્ય મળ્યું !

દેવોએ પ્રભુ પર પુષ્પવૃષ્ટિ કરી. અપ્સરાઓએ નૃત્ય કર્યું. "सुगाः"- સુંદર ગાન કરનારાઓએ ગાન કર્યાં. મેઘે મૃદંગ બજાવ્યાં. વિપ્રોએ સ્તુતિ કરી. વૈષ્ણવગણે જયજયકાર કર્યો. સાંભળીને બ્રહ્માજી સ્વધામમાંથી આવ્યા ! ભગવાનનું સામર્થ્ય જોઈને આશ્ચર્ય પામ્યા. સર્વનિયામક ભગવાન્ માટે તો આમાં કાંઈ જ વિચિત્ર નથી ! પ્રભુના સ્પર્શમાત્રથી પાપરૂપ અઘાસુર પણ પુણ્યપુગ-જ શો બની ગયો. ભગવાનની માનસમૂર્તિ પણ હૃદયમાં પધારે તો ભગવદ્‌ગતિ મળે, તો સાક્ષાત્ સુખરૂપ ભગવાન્ શું ન આપે ? સુકાયેલો અજગરનો દેહ બાલકોને રમવાની જગારૂપ થઈ ગયો.

સૌ પોતાના મનથી પોતાને સાચાં માનીને, પોતાની માન્યતાને વળગી રહીને, વ્યથા વધારે છે ! :
પરસ્પર-સંપ-સુમેળ-સંવાદથી સુખ-શાંતિ મળે ! :

ભગવાને કુમારાવસ્થામાં કરેલી આ લીલા બાલકોએ પૌગણ્ડાવસ્થામાં પોતાનાં માબાપને વ્રજમાં કહી. દિવસે વનમાં બનેલા સઘળા પ્રસંગો રાત્રે આવીને પોતાનાં માબાપને કહેતા હતા. કુટુંબજીવનની આ એક ઉપકારક આવશ્યકતા છે. રાત્રે ઘરનાં સભ્યો એકઠાં મળે. દિવસભરના પ્રસંગોની છણાવટ થાય. અભિપ્રાયોની આપ-લે થાય. મુક્તમને સૌ પોતાની વાત કહી દે, તો અણસમજ, ક્લેશ, અભાવ, સંઘર્ષ, શંકા વગેરે ઊભાં ન થાય. નાનાં છોકરાંની વાતોમાંથી તેમના મનની વૃત્તિ અને તેમની

પ્રવૃત્તિ સમજી શકાય. જીવનઘડતર થઈ શકે. આવી રીતની પરસ્પરની સમજનો તો આજે પ્રાય: અભાવ દેખાય છે. પરિણામે જૂની અને નવી પેઢી વચ્ચેનું અંતર વધતું જાય છે. સૌ પોતાના મનથી પોતે સાચા હોવા છતાં દુ:ખી છે. પોતાની માન્યતાને વળગી રહીને વેદના વધારે છે, સમાધાન સાધવાનો પ્રયત્ન થતો નથી, સુખ-શાંતિ અને ક્વચિત્ સ્નેહ પણ ગુમાવી દે છે.

પોતાના રક્ષક ભગવાનની વિચિત્રલીલા રાજા પરીક્ષિતે સાંભળી. ચિત્ત તેમાં ચોંટી ગયું. શ્રીશુકને વિશેષ પૃચ્છા કરી, - "કૌમારમાં કરેલું કર્મ બાલકોએ પૌગણ્ડમાં કેમ જાણ્યું ? આપ અમારા ગુરુ છો ! કૃષ્ણકથામૃતપાનથી અમે ધન્યતમ બનીએ છીએ !" સાંભળતાં જ શ્રીશુકને સમાધિ લાગી ! મહાપ્રયાસે સાવધ થયા. ધીમે ધીમે બાહ્યદૃષ્ટિ થઈ. ધીમેથી અત્યંત ઉત્તમ ભગવત્કથા કહેવાની શરૂઆત કરી.

અધ્યાય : ૧૩

બાલક-મિત્રો સાથે બાલક ભગવાનનું વનભોજન ! : (છાકલીલા) ! :

પ્રભુ-સ્મરણ સાથે રસોઈ થાય-જમાય,-તો મનને પુષ્ટિ-તુષ્ટિ મળે ! :

શ્રીશુકે અભિનંદન આપ્યું. "साधु पृष्टं महाभाग ।"- "હે મહાભાગ ! સારું પૂછ્યું." ભગવાનની લીલામાં જેની બુદ્ધિ સ્થિર થાય તે, મહાભાગ ! આવા શ્રોતા વક્તાના હૃદયમાં કથાની અનેક ઊર્મિઓ ઉત્પન્ન કરે છે. એક જ કથા અનેક નૂતન ભાવસ્વરૂપો પ્રકટ કરે છે ! ભક્તોનો તો આ સ્વભાવ છે. ભક્તોનાં ધન, વાણી, કાન અને અંત:કરણ સ્વાભાવિકરીતે પ્રભુપરાયણ રહે છે. અચ્યુત ભગવાનની વાતોમાં રસાવેશથી વગર પ્રયત્ને જ નવીનતા લાગ્યા કરે છે ! કામિપુરુષોને કામિનીઓની વાતોમાં સ્વાભાવિક રસ હોય છે, સ્ત્રીઓની એકની એક વાતોમાં પણ નવીનતા લાગે છે, પણ તે તો દોષરૂપ છે, છતાં કામીઓને તે સર્વસ્વ રૂપ લાગે છે. ભગવાનની વાતો તો નિર્દોષ છે. ભક્તોને તે સર્વસ્વ રૂપ લાગે છે. "રાજન્ ! ગુપ્ત વાત તમને કહું છું !" સ્નેહાળ શિષ્યને ગુરુ ગુહ્યવાતો પણ વગર પૂછ્યે કહી દે છે ! પ્રયત્ન વગર પ્રાપ્ત કરવાનું સામર્થ્ય સ્નેહમાં છે. જ્ઞાન દે તે,- ગુરુ ! તેના પ્રત્યે આદર ન હોય તો કદાચ પેટ ભરવાનું ભણતર મળે; પણ કૃતાર્થ કરનારી વિદ્યા તો ન જ મળે !

ભગવાને અઘાસુરને માર્યો, વાછરડાં તથા બાલકોને બચાવ્યાં, સૌને નદીના પુલિનમાં લાવ્યા. અતિરમ્ય સ્થળ હતું. કોમલ રેતી પથરાયેલી હતી. આસપાસ ગીચોગીચ કમલ ખીલ્યાં હતાં. સુગંધ ફેલાતો હતો. ભમરા ગુંજતા હતા. પંખી કૂજતાં હતાં. તેના પડઘા પડતા હતા. વૃક્ષ પરથી ફલ-ફૂલ નીચે પડતાં હતાં. બપોર થઈ ગયા હતા. સૌ ભૂખ્યા હતા. ભગવાને આ સુંદર સ્થલ સૌને બતાવ્યું. વાછરડાંને પાણી પાયું, વાછરડાં નજીકમાં ધીમે ધીમે સુંદર ઘાસ ચરવા લાગ્યાં. ગોવાળોએ પોતાની શીંકીઓ લીધી. કૃષ્ણની આસપાસ બેસી ગયા. વચમાં ભગવાન્ હતા. આજુબાજુ બાલકો હતાં. સૌ કૃષ્ણ સન્મુખ હતા, તેથી પ્રસન્ન હતા ! પ્રફુલ્લ કમલ જેવી મંડલી દેખાતી હતી ! કર્ણિક જેવા ભગવાન્ અને પાંખડી જેવાં બાલકો ! કોઈ અન્ય લૌકિકની નજરે ન પડે તેમ એકાંતમાં સૌ બેઠા હતા. કેટલાકે કમલ વગેરે પુષ્પોની પાતળ બનાવી. કેટલાકે પાંદડાં ગોઠવ્યાં. કોઈએ કેળ વગેરેના અંકુર, કોઈએ કોઠાં, નાળિયેર વગેરે ફલ, કોઈએ શીંકી, કોઈએ ભોજપત્ર વગેરે ઝાડની છાલ, તો

કોઈએ પથ્થરને ભોજનનાં પાત્ર બનાવ્યાં ! - "શિલા ઓદન જંઘન રોટી..." વનભોજનમાં સૌ મ
હતા. પોત પોતાની રુચિ પ્રમાણે જમતા હતા. "**हसन्तो हासयन्तश्च....।**"- હસતા હતા, હસાવતા હત
પ્રસન્નતાપૂર્વક જમાય, તો પચવામાં સાનુકૂલ થાય, મન પ્રસન્ન રહે, તન અને મનનું આરોગ્ય વ
ભોજન વખતે ગંભીર ચર્ચાઓ ન થાય., કલેશની વાતો પણ ન થાય. ભોજનપદાર્થ અ
ભોજનપ્રસંગના વાતાવરણની અસરો અચૂક રીતે મન અને તન પર થાય છે. ભોજન બનાવનાર
વિચારો કે વાતોની અસર પણ જમનાર પર પડે છે ! વાનગીના મસાલાની અસર જીભે સમજા
પૌષ્ટિક્તાની અસર શરીર પર થાય. તે સ્પષ્ટ દેખાય છે, તેમ બનાવતી કે જમતી વખતે થતી વાત
આવતા વિચારો કે ગવાતાં ગીતની અસર જમનારના મન પર સૂક્ષ્મરીતે થાય છે, સ્પષ્ટ દેખાતી ન
પણ વિચાર અને ક્રિયામાં ક્રમશઃ વણાઈ જાય છે ! પ્રસન્નતા મળે છે - પ્રભુસંબંધથી ! "**सहेश्वराः**"
ગોવાળો સાથે વનભોજનમાં સ્વયં આનંદમય ભગવાન્ વિરાજ્યા છે. વનભોજન પણ આનંદમ
બની ગયું છે. રસોઈ બનાવતાં અને જમતાં ભગવાનનું સ્મરણ થાય, ભગવાનની વાતો થા
ભગવાનનાં ગીત ગવાય, તો જમનાર ન ઈચ્છે તો પણ આનંદ અનુભવે, ભગવાનમાં ભક્તિ થાય
આ મનને પુષ્ટિ અને તુષ્ટિ દેનારો સુલભ મસાલો છે, છતાં બહુ ઓછા લોકો તેનો ઉપયોગ કરે છ

ઈશ્વર હોવા છતાં કૃષ્ણ બાલકો સાથે જમે છે. નાના મોટા સૌ સાથે જમે તો સ્નેહ વધે. મૂં
મૂંગા જમતા નથી, વિનોદ કરતાં જમે છે ! સ્નાહેભર્યું સ્વાતન્ત્ર્ય માણે છે. ગોપબાલકોએ બધા
વાનગીઓ ભેગી કરી. સૌથી પહેલાં ભગવાનનો ભાગ આપ્યો. સૌ આનંદથી જમવા લાગ્યા. અ
અક્ષય થઈ ગયું. પોતાને માટે જ રાંધે અને જમે તે તો પાપ-ભોજન છે. ભગવાન્ ભક્ત કે સ્વજ
માટે રાંધે તે સેવા છે. તેમને જમાડીને જમે તે પ્રસાદ છે, પુણ્યભોજન છે. પ્રસાદ ક્યારેય ખૂટે ન
દેવો દેખતા હતા. ભગવાન્ પણ આરોગતા હતા.

बिभ्रद्वेणुं जठरपटयोः श्रृङ्गवेत्रे च कक्षे
वामे पाणौ मसृणकवलं तत्फलान्यङ्गुलिषु ।
तिष्ठन् मध्ये स्वपरिसुहृदो हासयन् नर्मभिः स्वैः
स्वर्गे लोके मिषति बुभुजे यज्ञभुग् बालकेलिः ॥ (૧૧)

ભગવાને મલ્લની જેમ પીતામ્બર પહેર્યું છે. વેણુ જઠર અને કટિબંધનની વચમાં ધર્યો
શિંગડી અને લાકડી બગલમાં દબાવી છે. ડાબા હાથમાં દહીં-ઘીવાળો ભાતનો કોમલ કોળીઓ
આંગળાં પર ફલ અને અથાણાં ધર્યાં છે. આસપાસ સખાઓ શોભે છે. ભગવાન્ પોતાના અસાધાર
ઉપહાસોથી સૌને હસાવે છે. દેવતાઓ દર્શન કરી રહ્યા છે. યજ્ઞભોક્તા ભગવાન્ બાલલીલા કર
આરોગે છે !

ભગવાને દેવોને અંગસંગનું વચન આપ્યું હતું. મહાદેવજી વેણુ રૂપે લીલામાં પધાર્યા છે
"**वंशस्तु भगवान् रुद्रः ।**" "**शिवो वेदः**"- શિવ વેદરૂપ છે. વેણુનાદ વેદાત્મક છે. વેણુને જઠર અ
કટિબંધનની વચમાં કૃષ્ણે ધર્યો છે. શિવને અંગસંગ દીધો છે ! વરદાન પૂરું કર્યું. "**यष्टि
कमलासनः ।**"- બ્રહ્માજી છડી (લાકડી) રૂપે છે. તેને બગલમાં દબાવીને અંગસંગ દીધો છે ! ભગવાન
લીલામાં તો, "પ્રવેશ નહિ વિધિ-હરનો !" - બ્રહ્મા અને શંકર તરીકે તેમને લીલામાં પ્રવેશ નથી;

પ્રભુએ આ રૂપે તો લાભ દીધો છે ! આધિદૈવિક રૂપે દેવો ભગવદ્રૂપ છે.

ભોજનનો આરંભ છે, તેથી "**मसृणकवलं**"- કોમલ કોળીઓ કહ્યો છે. ભોજનના આરંભમાં ભાત લેવાય છે. પચવામાં તે સાનુકૂલરૂપ થાય છે. બ્રાહ્મણ-ક્ષત્રિય ભગવાનના ભાતરૂપ પણ કહેલા છે. પ્રભુ તો યજ્ઞભોક્તા છે. દેશ, કાલ, કર્તા, કર્મ, મંત્ર અને દ્રવ્ય એ છની શુદ્ધિ હોય તો યજ્ઞરૂપ પ્રભુ પધારે, કૃતાર્થ કરે. અહીં તો શુદ્ધિ કઈ ? દર્શન કરતાં બ્રહ્માજી મૂંઝાયા. અજગર રૂપ અઘાસુરને અડક્યા. મૃતસ્પર્શ પણ થયો, છતાં ભોજન કરે છે ? શુદ્ધિ શોધવામાં બ્રહ્માની બુદ્ધિ મૂંઝાઈ ગઈ, ત્યાં તો એક બાલક દોડતો આવ્યો. ફરિયાદ પ્રભુ પાસે કરી, - "કૃષ્ણ ! કૃષ્ણ ! સૌને દહીં દીધું, મને નહિ ?" દયામણી આંખે, વિનવતી વાણીમાં, વેદના વ્યક્ત કરી. દહીં તો વહેંચાઈ ગયું હતું હવે ? દીનને જોઈને દીનાનાથ પીગળી ગયા ! ઉદારતાનો અવધિ બતાવ્યો ! સખાને સ્નેહમાં ભીંજવી દીધો. બોલ્યા,- "**जिन नही चाख्यो सून भैया मेरी हथेरी चाट ।**"- "ભાઈ ! દહીં ન મળ્યું ? જેણે ન ચાખ્યું હોય તે મારી હથેળી ચાટે !" ભોળો ગોપબાલક ! ભાગ્ય ખૂલી ગયું ! ભગવાનની હથેળીમાં દહીં ચોટેલું હતું. ચાટવા માંડ્યું. અદ્‌ભુત સ્વાદ લાવ્યો. આનંદ ઉભરાયો ! શબ્દોમાં સરી રહ્યો, - "**आज दधि मीठो मदनगोपाल ! ऐसो स्वाद कबहु न चाख्यो, सुन गोकुलके नाथ ।**" "આજે ખૂબ મીઠું દહીં છે ! આવો સ્વાદ ક્યારેય આવ્યો નથી ! બહુ દિવસ તમારી સાથે રહ્યા. ઘણું દહીં ખાધું, પણ અદ્‌ભુત સ્વાદ તો આજનો !" ભોળા ગોપબાલકને સમજાય ક્યાંથી ? રોજ તો માત્ર દહીંનો સ્વાદ હતો. આજે તો તે હથેળી ચાટતો હતો ! સ્વરૂપનો સ્વાદ હતો. તેની તુલનામાં બીજો કયો સ્વાદ આવી શકે ? બાલક સ્વાદને વખાણ્યે જતો હતો. ભગવાને અટકાવ્યો. પોતે પણ સ્વાદ માણ્યો ! "**यज्ञभुग्बालकेलिः**"- યજ્ઞભોક્તા પ્રભુ બાલકની જેમ વિહાર કરે છે !

ભગવાનના નાભિકમલમાંથી જન્મેલા બ્રહ્મા અજન્મા ભગવાનની પરીક્ષા લેવામાં પણ મૂંઝાઈને છેવટે ભગવાનને શરણે આવ્યા !:

બ્રહ્માજીએ જોયું. મૂંઝવણ વધી ગઈ ! "આ ભગવાન્ ! આમ આરોગે ખરા ?!" શંકા થઈ. શંકા સ્નેહ અને શ્રદ્ધાને શોષે છે. બ્રહ્માજીને પરીક્ષા કરવાનું મન થયું ! વિવેક વિસરી ગયા. ત્યાં તો વાછરડાં દૂર ચરતાં હતાં. બાલકોએ ન જોયાં. ખોળવા જવા તૈયાર થયા. ભગવાને સૌને અટકાવ્યા. "તમે જમતાં અટકશો નહિ !" - કહીને પોતે જ શોધવા પધાર્યા. હાથમાં કોળીઓ હતો. મોંમાં મૂકવા પણ ન રોકાયા. નીચે મૂકવા પણ ન રોકાયા. ભક્તોનું કામ કરવામાં પ્રભુ ક્ષણનો પણ વિલંબ સહી શકતા નથી, વાછરડાં શોધવા પધાર્યા. ઘાસના લોભથી વાછરડાં દૂર ગયાં હતાં. લોભવશ બને તે ભગવાનથી દૂર જાય ! બાલકો ભયભીત હતાં. ભગવાન્ તો ભયના પણ ભય રૂપ છે, ભક્તોને અભય દે છે. ભગવાનના ભયથી જ વિશ્વ વ્યવસ્થિત છે ! ભગવાને હાથમાં કોળીઆ સાથે વાછરડાં શોધવા માંડ્યાં. પર્વત, ખીણ, કુંજ, ગાઢ ભયંકર વન, સર્વત્ર શોધ્યાં. ન જોયાં. બ્રહ્માજી વાછરડાં હરી ગયા. ભગવાન્ દૂર જતાં બ્રહ્માએ બાલકો પણ હર્યાં ! પર્વતની ગુફામાં પૂર્યાં. માયામાં મુગ્ધ કર્યાં. ભગવાન્ બંનેને શોધવા લાગ્યા. ભગવાન્ ભક્તોના ભક્તોને અને પોતાના ભક્તોને પોતે શોધે છે !

ભગવાનના નાભિકમલમાંથી જન્મેલા બ્રહ્મા અજન્મા-ભગવાનની પરીક્ષા કરવા આવ્યા

હતા! ભગવાનનો મઞ્જુલ મહિમા જોવા ઈચ્છતા હતા! પ્રભુ તો "**प्रभव**"- જનતાના જન્મદાતા છે,- "**प्रकर्षेणभवति जगदस्मादिति प्रभवो भगवान् ।**" પોતે બ્રહ્મા પણ વિશ્વને જન્મ દે છે, મુક્તિ દેતા નથી. જન્મ દેનારા ભગવાને અદ્‌ભુતલીલા કરી. વાછરડાં અને બાલકોને છોડાવી ન લાવ્યા, પણ "**सर्वस्वरूपो बभौ**"- ભગવાન્ જ સર્વ રૂપે બન્યા, શોભ્યા, આત્મસૃષ્ટિ પ્રકટ કરી. ભગવાન્ જ વત્સ, બાલક, તેમની વસ્તુ વગેરે સર્વ રૂપે થયા! લીલામાત્રમાં વિશ્વ સર્જતા ભગવાનને આમાં વાર શી લાગે? શ્રમ શો હોય? "**सर्वं विष्णुमयं जगत् ।**"- સર્વ જગત્ વિષ્ણુમય છે. સર્વાત્મા ભગવાન્ છે. ભગવાન્ પોતે ગોવાળ રૂપે, વાછરડા રૂપ પોતાને જ હાંકતા વ્રજમાં પધાર્યા! જે રીતે જેટલેથી બાલકો છૂટાં પડતાં, તેમ તે તે રૂપવાળા ભગવાન્ પણ છૂટા પડ્યા. તે તે બાલકોને ત્યાં પ્રભુ પધાર્યા, વાછરડા રૂપે ખીલે બંધાયા, બાલક રૂપે ઘરમાં પધાર્યા! માતાઓએ પોતાનાં બાલકોને વહાલથી વધાવ્યાં. પ્રેમથી પય:પાન કરાવ્યા. જો કે આ અવસ્થામાં સ્તનપાન હોતું નથી, પણ પ્રક્ષિપ્ત કથા છે ને! સ્નાન, પાન, ગાન, ધ્યાનથી સૌ એકતાન થયાં. સૂર્ય પણ આ સેવાનાં દર્શનમાં અટકી જતાં, મંદગતિ થઈ જતી, સઘળું પરવારે ત્યારે પ્રહર જેટલો સમય લાગે! ગાયો વાછરડાંને વહાલ કરતાં ધરાતી ન હતી, હુંભારવ કરતી, ચાટતી, દૂધ પાતી. વહાલથી દૂધ આંચળમાંથી સ્વત: વહ્યા કરતું, છતાં દોહન વખતે પણ ઘટતું ન હતું! ગાય અને ગોપીજન રૂપ માતાઓનો સ્નેહ પોતાનાં આ સંતાનોમાં અતિસમૃદ્ધ થયો. સંતાન રૂપે સૌને ત્યાં ભગવાન્ વિરાજતા હતા. પ્રેમ ઉભરાતો હતો, રોજ વધતો જતો હતો. નિ:સીમ સ્નેહ હતો, ભગવાન્ આ વત્સ અને બાલક રૂપે નિત્ય વનમાં પધારતા. પોતે જ પોતાની સાથે અનેક લીલાઓ કરતા!

એક દિવસ ભગવદિચ્છાથી બલરામજીને આનું જ્ઞાન થયું! બ્રહ્માજીએ વાછરડાં તથા બાલકો હર્યાને વર્ષ પૂરું થવા આવ્યું હતું. પાંચ છ દિવસ બાકી હતા, ત્યારે દૂર ગોવર્ધન પર્વતના શિખરે ચરતી ગાયોએ દૂર વ્રજ પાસે ચરતાં વાછરડાંને જોયાં. વહાલ ઉભરાયું. વેગથી દોડી. પૂછડાં ઊંચાં થઈ ગયાં. હુંભારવ કરવા લાગી. દૂધ વહેવા લાગ્યું. કાંટા-કાંકરા ભર્યા, ખાડા-ટેકરાવાળા માર્ગમાં દોડવા લાગી. ગોવાળો અટકાવવા મથ્યા. ન અટકાવી શક્યા! શરમાયા, ગુસ્સે થયા. લાકડીઓ ઉછાળતા દોડવા લાગ્યાં. ત્યાં તો ગાયો વાછરડાંને ચાટતી, આંખમાંથી અમી વરસાવતી, વહાલથી દૂધ પીવડાવતી, ગળામાંથી હુંભારવ કરતી જોઈ. ગુસ્સો ગોવાળોને ઘણો આવ્યો હતો; પણ પોતાનાં બાલકોને વાછરડાં સાથે જોતાં ભેટી પડ્યા, ભાન ભૂલી ગયા, પ્રેમમગ્ન થઈ ગયા. કઠિનમાર્ગે દોડવાનો ક્લેશ, નિષ્ફલતાથી આવેલો ક્રોધ, ગાયોને અટકાવી ન શકવાથી થયેલી લજ્જા, કર્તવ્યનું ભાન ન રહેવાથી થયેલી મૂઢતા ગાયો પાછળ દોડવાના પ્રયત્નથી થયેલો શ્રમ, આ પાંચ દોષ ગોવાળોમાં દેખાયા હતા. પોતાના ઉપયોગી ધનરૂપ દૂધને પણ વેડફાતું જોયું, છતાં છોકરાંને જોતાં પ્રેમમાં તે સઘળું ભૂલી ગયા! પોતાનાં બાલકોનાં માથાં સૂંઘવા લાગ્યા, આંખમાં આંસુ આવી ગયાં. આ કારણ વગરની લાલસા જોતાં બલરામજીએ તેને પ્રભુની જ માયા માની; તે સિવાય પોતાને પણ અન્યથી મોહ ન થાય! બલદેવજીએ સૌને જ્ઞાનદષ્ટિથી ભગવદ્રૂપ જોયાં. ભગવાનને પૂછ્યું, - "હે ભગવન્! પહેલાં તો આ ગોવાળો ઈન્દ્રાદિ- દેવો હતા. વાછરડાં ૠષિરૂપ હતાં. હવે તો આપ જ તે રૂપે દેખાવ છો! જો કે અભેદદષ્ટિએ સઘળું બ્રહ્મરૂપ જ છે, પણ લીલામાં ભેદ સ્વીકાર્યો છે, છતાં સઘળું બ્રહ્મરૂપ કેમ?" ભગવાને સર્વ વૃત્તાન્ત કહ્યો. બલરામજી સઘળો ભેદ સમજ્યા!

પ્રભુ-પ્રેરણાથી એટલામાં તો બ્રહ્માજી આવ્યા. અપરાધી છતાં પોતાના છે ને! બ્રહ્માજી તો પોતાના સમયની નજરે, ચપટી વગાડે તેટલી વારમાં પાછા આવ્યા છે, પણ પૃથ્વી પર તો વર્ષ થવા આવ્યું છે! બ્રહ્માજીએ વનમાં ખેલતાં બાલકો-વાછરડાં સાથે ભગવાનને જોયા. આશ્ચર્ય થયું. – "આ બધાં માયામાંથી મુક્ત થઈને આવ્યાં કઈ રીતે!" પોતે લઈ ગયા હતા, તેમને માયામાં સૂતેલાં પણ જોયાં. બ્રહ્માજી મૂંઝાયા, – "આ બેમાં સાચાં ક્યાં? પોતે લઈ ગયા તે કે આ રમે છે તે?" ખૂબ વિચાર્યું, છતાં કાંઈ નિર્ણય ન થઈ શક્યો. ભગવાનને મોહ કરાવવા આવેલા બ્રહ્માજી મોહમાં પડ્યા! મહામાયાવાળા ભગવાન્ પાસે કોની માયા ચાલી શકે? સૂર્ય સામે આગીઆનો પ્રકાશ કેટલો? મૂંઝાતા બ્રહ્માજીને ભગવાને અદ્ભુત દર્શન કરાવ્યાં. બાલકો, વાછરડાં સઘળાં ચતુર્ભુજ ભગવાનના સ્વરૂપે દર્શન દેવા લાગ્યાં! દક્ષિણાવર્ત રોમરાજિ-શ્રીવત્સચિહ્ન-કેવલ ભગવાનમાં હોય. તે પણ સૌમાં દેખાયું! મંદ-હાસ્ય અને અરુણ-નેત્રકટાક્ષોથી પુરુષાર્થોની પૂર્ણતા પ્રભુ કરતા હતા. સર્વનાં આધિદૈવિક સ્વરૂપો, યથાધિકાર ભગવાનની આરાધના, સેવા કરતાં હતાં. અણિમા વગેરે સિદ્ધિઓ મૂર્તિમંત સેવામાં હતી. તે માહાત્મ્ય રૂપ છે. ઉત્પત્તિ વગર જ પોતાનો ઉત્પત્તિભાવ અને અન્યની ઉત્પત્તિશક્તિ "અજા" પણ ભગવાનની સેવામાં છે. તે વિભૂતિરૂપ છે. લક્ષ્મીજી પણ વિરાજે છે. ચોવીસ તત્ત્વોની અભિમાની દેવતાઓ પણ સેવામાં છે. કાલ, ગુણ, નામસૃષ્ટિ, આસન્ય વગેરે સૌ મૂર્તિમંત રૂપે જુદાં જુદાં ઉપાસના કરે છે! ભગવાનના મહિમામાં તે સૌનો મહિમા વિલીન થઈ ગયો છે. સત્ય, જ્ઞાન, અનન્ત આનંદમાત્ર સ્વરૂપવાળાં રસમૂર્તિઓનાં દર્શન થતાં હતાં. ઉપનિષજ્જ્ઞાનવાળા પણ તેના અગાધ મહિમાને સ્પર્શી શકતા નથી!

બ્રહ્માજીને મૂંઝવણ ખૂબ થઈ. બ્રહ્મ એક જ છે, અદ્વિતીય છે. અહીં તો અનન્ત રૂપે દેખાય છે! ભગવદિચ્છાથી જ બ્રહ્માજીને અનંત પરબ્રહ્મ દેખાયા! અતિકૌતુકથી આંખ અંતર્મુખ થઈ. અગિયારે ઈન્દ્રિયો સ્તબ્ધ થઈ ગઈ. મનથી કલ્પના પણ ન કરી શકાય તેવાં દર્શન થયાં હતાં! ભગવત્તેજઃથી બ્રહ્માજી નિસ્તેજઃ થઈ ગયા, મૌન થઈ ગયા! દેખાતાં સૌ બ્રહ્માજીની ઉપેક્ષા કરતાં હતાં. બ્રહ્માજી જોઈ પણ શકતા ન હતા! મુગ્ધ થઈ ગયા. ભગવાને માયાનું આવરણ કરી દીધું. દર્શન બંધ થયાં. ભગવાનના અસાધારણ મહિમાનું અનુમાન પણ કરી શકાય તેમ નથી. ભગવાન્ જ તેને જાણી શકે; અન્ય નહિ! પ્રભુ પ્રકૃતિથી પર છે. અન્ય સૌ પ્રકૃતિવશ છે. વેદ પણ બ્રહ્મ સિવાયના અન્યનો નિષેધ કરીને બ્રહ્મસ્વરૂપ કહે છે, સાક્ષાત્ નહિ! – "अथात आदेशो नेति नेति।".

બ્રહ્માજી મૂર્છિત થયા. ઢળી પડ્યા. કષ્ટથી થોડી વારે જાગ્યા. ભગવદ્દર્શન માટે નહિ, લોકદર્શન માટે! જાગીને જગત્ જોયું. દિશાઓમાં દૃષ્ટિ કરી. વૃન્દાવન જોયું. જીવન માટે આવેલા લોકોને જોયા. સ્વાભાવિક વૈરવાળા અશ્વ-મહિષને પણ સ્નેહથી સાથે જોયા. ભગવાન્ પાસે હતા, તેથી સૌના દોષ દૂર થયા હતા. બ્રહ્માજીએ ભગવાનને પણ પહેલાંની જેમ જોયા. સાક્ષાત્ પરબ્રહ્મ વર્ષે પણ મિત્રોને અને વારછડાંને શોધી રહ્યા હતા! હાથમાં હજુ દહીંભાતનો કોળીઓ તેવો જ હતો! જોતાં જ બ્રહ્માજી વિમાનમાંથી નીચે ઊતર્યા. પ્રભુના પગમાં પડ્યા. સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. ચરણે પ્રેમાશ્રુથી અભિષેક કર્યો. જોયેલા મહિમાને યાદ કરી પુનઃ પુનઃ બ્રહ્માજી પગે પડતા હતા! મૂર્છા મટી. ધીમેથી ઊભા થયા. અનિમેષ નેત્રે ભગવાનને જોયા. મસ્તક નમ્યું. હાથ જોડાયા. શરીરે કંપ હતો. વાણી ગદ્ગદ હતી. વિનયપૂર્વક, સાવધપણે બ્રહ્માજીએ ભગવાનની સ્તુતિ કરી.

અધ્યાય : ૧૪

લૌકિક-પ્રાકૃત-જેવા લાગતા ભગવત્સ્વરૂપ કે તેમની ક્રિયામાં જેને ભાવ દઢ રહે તે ભક્તિમાન્ છે!:

બ્રહ્માજીએ ભગવાનની સ્તુતિ કરી.

नौमीड्य तेऽभ्रवपुषे तडिदम्बराय गुञ्जावतंसपरिपिच्छलसन्मुखाय ।
वन्यस्रजे कवलवेत्रविषाणवेणुलक्ष्मश्रिये मृदुपदे पशुपाङ्गजाय ॥ (१)

"હે સ્તુતિ કરવા યોગ્ય ! હું આપની સ્તુતિ કરું છું. આપ ફલરૂપ છો ! શબ્દવિષયક બ્રહ્મ અમને ફલરૂપ નથી લાગતું; પણ આંખ સામે દેખાતું, આંખથી અંતઃકરણને સ્પર્શતું, સર્વાભરણભૂષિત, પ્રાકૃત- આભરણયુક્ત, બાલરૂપ નીલમેઘશ્યામ, વીજળી જેવા પીતામ્બરવાળું, ગુંજાફલના અવતંસને ધારણ કરતું, મયૂરપિચ્છના મુકુટથી શોભતા મુખવાળું, વનમાં પુષ્પોની માલા ધારણ કરતું, હાથમાં દહીં- ભાતના કોળિયાવાળું, બગલમાં છડી અને શીંગડીને ધારણ કરતું, જઠર અને કટિબંધનની વચમાં વેણુવાળું, આવાં ચિહ્નોથી શોભતું, કોમલ ચરણ-કમલવાળું, નન્દજીના પુત્ર રૂપે પોતાને પ્રસિદ્ધ કરતું બ્રહ્મ-સ્વરૂપ, અમારા ફલરૂપ થાવ !" ગોપાલ વગેરે રૂપે લૌકિક-પ્રાકૃત-જેવું દેખાતું ભગવત્સ્વરૂપ કે તેવી ક્રિયા પણ જોઈને જેને અભાવ કે અનાદર નં થાય, ભદ્રભાવ મનમાં દઢ રહે, તે ભક્તિમાન્ ગણાય ! સામાન્યતા સમજીને અવજ્ઞા કરે તે તો અધમ છે. ભગવાન્ જે કાંઈ કરે છે, તે નિર્દોષ અને સર્વોત્તમ જ છે. ભક્તોને મન તે જ સર્વસ્વ છે, પ્રમાણ રૂપ છે. શ્રુતિસિદ્ધસ્વરૂપ કરતાં પણ પોતે જેનો સ્વભાવ અને પ્રભાવ જોયો છે, છતાં જાણી શક્યા નથી તે, આંખ સામે દેખાતું આ કૃષ્ણસ્વરૂપ બ્રહ્માજીને ફલ રૂપે પ્રાર્થવા જેવું લાગ્યું ! વિચાર કરવા છતાં ભગવાનનો મહિમા સમજાયો નહિ. ભગવાન્ તો બ્રહ્માજીની પ્રાર્થનાથી કૃપા કરવા માટે ગોકુલમાં પ્રકટ થયા છે. પ્રભુનું સ્વરૂપ સ્વેચ્છામય, કાલ-કર્મ-સ્વભાવથી પર છે, પોતાની ઈચ્છાથી જ પ્રકટ દર્શન આપે છે. અપરાધ થાય તો ઈચ્છા બદલાય ખરી ! જ્યાં આ સ્વરૂપનો મહિમા ન સમજાય, ત્યાં માત્ર વેદથી ઓળખાતા સર્વપુરુષાર્થરૂપ સાક્ષાત્ આપનો-ભગવાનનો-મહિમા ક્યાંથી સમજાય ? ભગવાન્ સુખાનુભવરૂપ છે, સર્વપુરુષાર્થરૂપ છે. ભગવાન્ અને તેમનું સ્વરૂપ જુદાં નથી. વેદૈકવેદ્ય ભગવાન્ સામે જ છે; છતાં બ્રહ્માજીએ તેમ ન દેખાતા પ્રભુને ફલ રૂપે જુદા કહ્યા !

બ્રહ્માજીને તો પોતાનો ઉદ્ધાર ગોપરાજ-કુમાર કૃષ્ણથી જ લાગ્યો છે ! જ્ઞાન દ્વારા પુરુષાર્થ સાધનારા ભ્રાન્ત લાગ્યા છે !:

ज्ञाने प्रयासमुदपास्य नमन्त एव
जीवन्ति सन्मुखरितां भवदीयवार्ताम् ।
स्थाने स्थिताः श्रुतिगतां तनुवाङ्मनोभि-
र्ये प्रायशोऽजित जितोऽप्यसि तैस्त्रिलोक्याम् ॥ (३)

હે અજિત ! આત્મજ્ઞાન કે ભગવજ્જ્ઞાન મેળવવાનો પ્રયાસ છોડીને, આપનાં દ્વારકા વગેરે કોઈ પણ નિર્દોષસ્થાનમાં રહીને, ભગવદીયોએ ભાવથી વિવિધ રીતે ગાયેલી આપની ગાથાઓ પ્રેમથી સાંભળે, શરીર-વાણી અને મનથી શરણાગતિપૂર્વક નમન કરે, તે આપને વશ કરે છે. આપ કોઈથી

જીતાતા ન હોવા છતાં આપને પ્રેમથી જીતે છે, આપ હાર સ્વીકારો છો, તે ભક્તોનાં બની જાવ છો! આત્મજ્ઞાન ભક્તિથી મળે, પણ ભગદજ્જ્ઞાન તો દુર્લભ છે. ભગવાનનાં સામાન્યદર્શન કે શ્રવણથી ભગવાન્ સમજાતા નથી! ભગવાનનાં ગાન અને શરણાગતિથી ભક્તોના સર્વપુરુષાર્થો સરલતાથી સફલ થાય છે. પુણ્યસ્થાનમાં રહેલાઓને આજીવિકા અને સુરક્ષા સુલભ છે. સંતો ભગવદાજ્ઞાથી સર્વત્ર પરિભ્રમણ કરે છે, ભગદ્ગુણગાનરત રહે છે. ભગવાનના સંબંધવાળી વાતો ભક્તો પ્રેમથી કર્યા વિના રહી શકતા નથી! પ્રેમમાં પ્રમાણનો આગ્રહ રહેતો નથી. ભક્તોનાં આવાં ગાનને અનુકૂલ રીતે દેહ, વાણી અને મનનો વ્યવહાર રાખે, અન્યથાભાવ ન કરે, તો માનવ અનવતારદશામાં પણ કૃતાર્થ બને. બ્રહ્માજીને તો પોતાનો ઉદ્ધાર ગોપરાજકુમાર કૃષ્ણના સ્વરૂપથી જ લાગ્યો છે! જ્ઞાન દ્વારા પુરુષાર્થ સાધવા મથનારા પણ બ્રહ્માજીને ભ્રાન્ત લાગ્યા છે.

કલ્યાણ - કલ્પતરુ જેવી ભક્તિને છોડીને કેવલ જ્ઞાન - માટે મથનારને તો ક્લેશ જ મળે છે!:

श्रेयःसृतिं भक्तिमुदस्य ते विभो यतयन्ति ये केवलबोधलब्धये ।
तेषामसौ क्लेशल एव शिष्यते नान्यद्यथा स्थूलतुषावघातिनाम् ॥ (४)

ભક્તિ તો કલ્યાણકલ્પતરુ જેવી છે. ઈચ્છેલું સઘળું શ્રેયઃ ભક્તિથી મળે છે. જ્ઞાન પણ ભક્તિથી મળે છે. તે ભક્તિને છોડીને કેવલ સ્વરૂપજ્ઞાન માટે મથે છે, તેનો પ્રયત્ન ક્લેશયુક્ત જ રહે છે, કાંઈ જ ફલ મળતું નથી. ડાંગરમાંથી ચોખા કાઢી લીધા પછીના કૂસકા ખાંડનારને ક્લેશ વગર મળે શું? સત્ત્વસ્વરૂપ ભગવાનની સેવા વિના શુદ્ધિ કે જ્ઞાન સંભવે ક્યાંથી? જડતાથી સેવા સિવાયના બીજા પ્રયાસોમાં મથ્યા કરનારને અંતે ક્લેશ જ મળે છે, બીજું કાંઈ નહિ! બ્રહ્માજીએ પોતે અઘાસુરને મુક્તિ દેનારા પ્રભુને જોયા, છતાં ભક્તિ છોડી, પરીક્ષાની પ્રવૃત્તિ કરી, જ્ઞાનનો પ્રયાસ કર્યો, પરિણામે ક્લેશ જ મળ્યો. સ્વાનુભવે સમજાયેલી આ વાત બ્રહ્માજી બોલ્યા છે.

શ્રીશંકરાચાર્યજીનો પ્રસંગ છે. કાશીમાં સવારે ગંગાસ્નાન માટે પધાર્યા, કિનારે કોઈ વૃદ્ધ સંન્યાસી "**डुकृञ् करणे ।**"- ધાતુપાઠ ગોખે. શબ્દો આચાર્યે સાંભળ્યા. નજર પડી. દયા આવી. સંન્યાસીને પણ સાચો માર્ગ બતાવી દીધો! - "**भज गोविन्दं भज गोविन्दं गोविन्दं भज मूढमते प्राप्ते सन्निहिते मरणे नहि नहि रक्षति डुकृञ् करणे ॥**"- "હે મૂઢબુદ્ધિવાળા! ગોવિન્દને ભજ, ગોવિન્દને ભજ, ગોવિન્દને ભજ! મરણ પાસે આવ્યું છે, ત્યારે "**डुकृञ् करणे**"- (ગોખવાથી) રક્ષા નહિ કરે! "**भज् सेवायाम्**"- ભજ એટલે સેવા કર!" શ્રીશંકરાચાર્યજીએ પણ કૃષ્ણસેવાથી જ અંતે કૃતાર્થતા કહી! જ્ઞાની પણ કૃષ્ણસેવાથી જ ધન્ય બને. શ્રીશંકરાચાર્યજી તો શંકરનો અવતાર ગણાય છે. ભક્ત છે. ભગવદાજ્ઞાથી માયાવાદ પ્રકટ કર્યો છે. ભગવાન્ પાસે અવિનયની ક્ષમા માગતું સુંદર સ્તોત્ર તેમણે લખ્યું છે. "**अविनयमपनय विष्णो...।**"- "હે વિષ્ણો! અવિનય દૂર કરો!" "**सत्यपि भेदापगमे नाथ तवाहं न मामकीनस्त्वम् । सामुद्रो हि तरङ्गः क्वचन समुद्रो न तारङ्गः ॥**"- "હે નાથ! (બ્રહ્મ અને જીવરૂપનો) ભેદ જવા છતાં હું આપનો છું, આપ મારા નથી! મોજું સમુદ્રમાંથી ઉત્પન્ન થયેલું છે. સમુદ્ર મોજામાંથી ક્યાંય બનતો નથી!" જીવ બ્રહ્મનો અંશ છે, બ્રહ્મ નથી. બ્રહ્મમાંથી જીવ રૂપ સંભવે, જીવમાંથી બ્રહ્મ નહિ. જીવને ભગવાનની શરણાગતિથી જ અભય મળે, તેથી "**नारायण करुणामय शरणं करवाणि तावकौ चरणौ ।**"- "હે નારાયણ! કરુણામય! આપનાં ચરણનું હું શરણ કરું!"

ભક્તિપૂર્વક જ્ઞાન મેળવવા મથે તો જ્ઞાન પણ મળે, પણ માત્ર જ્ઞાન જ મેળવવા મથે તે તો ક્લેશ જ પામે. ભક્તિથી મળેલું જ્ઞાન દીનતા દે છે. કેવલ જ્ઞાન અભિમાન વધારે છે !

હે ભૂમન્ ! (સુખરૂપ, વ્યાપક) પહેલાં પણ અનેક યોગિજનોએ સઘળાં કર્મ આપને સમર્પણ કરીને, કથા સાંભળીને, આપની સેવારૂપ કર્મ દ્વારા મળેલી ભક્તિથી આપના સ્વરૂપને જાણીને, અનાયાસે આપની પરમગતિ પ્રાપ્ત કરી છે. હે ભગવન્ ! આપ ગુણાતીત છો. આપનો મહિમા નિર્મલહૃદયથી સમજાય છે. વિકારવાળાને પ્રભુનો મહિમા સમજાતો નથી. સંસારિ-લોકો કાર્યની સફલતામાં તો પોતાનો કે કોઈનો મહિમા માનીને તેમાં જ રાચે છે, બધામાં પોતાનો પ્રભાવ દેખે છે. તેમને પ્રભુનો પ્રભાવ કે મહિમા દેખાતો નથી ! ભગવાનનો મહિમા ભગવદ્રૂપ છે, તેથી સર્વવિકાર-રહિત, સ્ફુરજ્જ્ઞાન રૂપ અંતઃકરણમાં જ તે અનુભવાય છે. ભગવાન્ સર્વગુણરૂપ પણ છે. તે ગુણો અનન્ત છે. જગતના હિત માટે પ્રકટેલા પ્રભુના ગુણો કોણ ગણી શકે ? કદાચ પૃથ્વીના રજઃકણ, વૃષ્ટિના હિમજલકણ, તેજઃના અંશ ગણી શકાય, પણ ભગવાનના અગણિત ગુણો ગણી ન શકાય !

કૃપાની રાહ જુએ, સ્વકર્મ-ફલ ભોગવે, શરણાગતિ કૃષ્ણની કરે, તે મુક્તિમાં હક્કદાર બને ! :

तत्तेऽनुकम्पां प्रसमीक्षमाणो भुञ्जान एवात्मकृतं विपाकम् ।
हृद्वाग्वपुर्भिर्विदधन्नमस्ते जीवेत यो मुक्तिपदे स दायभाक् ॥ (८)

ભગવાનના ગુણ-જ્ઞાનનો આગ્રહ છોડીને, કૃપાની રાહ જોનાર કૃતાર્થ બને છે. જીવનમાં દેહ, ઈન્દ્રિય, સામર્થ્ય, સમજ, સાનુકૂલતા, સાધન, સ્વજન, સાફલ્ય વગેરે દઈને ભગવાને કરેલી કૃપાનો માનવ વિચાર કરે. ભગવાન્ વિશેષ કૃપા ક્યારે કરશે ? - તેવી આતુરતાથી રાહ જુએ. કૃપા થતાં સુધીમાં પોતે જ કરેલાં કર્મના ફલ રૂપે મળેલાં સુખ કે દુઃખને ભોગવે. ભોગવ્યા વિના છૂટકો નથી. સુખમાં સમાઈ ન જાય કે દુઃખમાં ડૂબી ન જાય. સુખ ખેંચીને લવાતાં નથી, દુઃખ ધકેલીને દૂર કઢાતાં નથી ! બંનેમાં મન, વાણી અને શરીરથી ભગવાનનું શરણ સ્વીકારવું, નમસ્કાર કરવા. માત્ર હાથ જોડીને થતાં વન્દન અધૂરાં છે. વાણીથી સ્તુતિ અને હૃદયનો સ્નેહ સાથે ભળે તો વન્દન મધુરાં બને છે. શરણાગતિ પણ મનમાંથી ઉદ્ભવે, વાણીથી વારંવાર વ્યક્ત થઈને વિકસે, અને દેહની સાનુકૂલ ક્રિયાથી પોષાય, તો સુદૃઢ બને છે. આમ જીવનારને મુક્તિનો હક્ક મળે છે ! જીવતા પુત્રને પિતાની મિલકતમાં હક્ક મળે છે તેમ ! મુક્તિમાં હક્કદાર થવા માટે ત્રણ જરૂરિયાત જણાવી, - (૧) કૃપાની રાહ જોવી. (૨) સ્વકર્મફલનો સ્વસ્થપણે ભોગ કરવો. (૩) ભગવાનની સુદૃઢ શરણાગતિ કરવી.

બ્રહ્માજીએ ભગવાનને પોતાનો અપરાધ ન ગણવા વિનવ્યા :

બ્રહ્માજીએ પોતાના દોષની કબૂલાત કરી. "पश्येश मेऽनार्यमनन्त आद्ये.....।"- "હે ઈશ ! અનન્ત અને આદ્ય ! આપના પ્રતિ મારી દુષ્ટતા જુઓ !" સામાન્ય - લોકો પોતાની ભૂલો સંતાડવા મથે છે, વ્યર્થ બચાવ કરે છે, તેથી ભૂલો વધે છે, સચવાઈ રહે છે. જ્ઞાની અને ભક્ત તો પોતાની ભૂલો જાહેર કરે છે; તેથી ભૂલો ઘટે છે, દૂર થાય છે. પોતાની ભૂલને ભૂલી જવી કે ભુલાવી દેવી તે ભૂલ કરવા કરતાં પણ ભયંકર છે ! બ્રહ્માજીએ માયાના વિસ્તારથી ભગવાનનાં દર્શન કરવાની ઈચ્છાથી

જ પરીક્ષાનો પ્રયાસ કર્યો છે; છતાં પણ તે અનુચિત છે. ઉત્તમની પરીક્ષા કરવાની યોગ્યતા સામાન્યમાં ક્યાંથી હોય ? છતાં સામાન્ય લોકો ઉત્તમની પરીક્ષા કરતાં પણ અચકાતા નથી. તે અપરાધ જ ગણાય. હું કોઈથી ઉત્પન્ન થયો નથી, અજ છું. હું આપનાથી જુદો છું, ઈશ છું. આવા સહજ રજોગુણથી આવેલા અભિમાનમાં અંધ બની મેં આપનો મહિમા ન જાણ્યો, અપરાધ કર્યો. આપ ક્ષમા કરો. હું દયાપાત્ર છું. ! આપના વિના અનાથ છું. છજામાંથી આવતાં સૂર્યકિરણોમાં અનેક રજઃકણો ઊડતાં દેખાય છે. તેવી રીતે, હે ભગવન્ ! આપના શરીર પરના વાળના એક એક છિદ્રમાં અનેક બ્રહ્માંડો પરમાણુની જેમ સમાયેલાં છે. તેમાંના એક બ્રહ્માંડનો સાતવહેંતના શરીરવાળો હું બ્રહ્મા ક્યાં ? અને આપ ક્યાં ? પરીક્ષા કરવાની મારી કોઈ જ યોગ્યતા નથી, છતાં મેં તો અપરાધ કર્યો છે. માના ઉદરમાં બાલકની જેમ આખું વિશ્વ આપના ઉદરમાં સમાયેલું છે ! હું બ્રહ્મા પણ તેમાં છું. ઉદરમાં રહેલા બાલકનો પગ હાલતાં, મા તેને લાત મારવાનો અપરાધ ન ગણે. તેમ મારો પણ અપરાધ આપ ન ગણશો ! પ્રલયના અંતે નારાયણના નાભિકમલમાંથી અજ-બ્રહ્મા-પ્રકટ થયા, તે વાત અસત્ય નથી. શું હું બ્રહ્મા આપનામાંથી પ્રકટ થયો નથી ? હું તો પુત્ર રૂપ છું !

કૃષ્ણ જ નારાયણ છે, એક અને અદ્વિતીય બ્રહ્મ છે ! :

શું આપ નારાયણ નથી ? "**नारं जीवसमूहस्तदयनं यस्येति नारायणः ।**"- આત્મા રૂપે આપ સર્વ પ્રાણીઓમાં વિરાજો છો. "**नारमयते प्रेरयतीति नारायणः ।**"- આપ સૌના અધીશ છો, પ્રેરક છો. "**नराज्जातानि तत्त्वानि नाराणीति विदुर्बुधाः । तेषामधीश्वरः साक्षान्नारायण इति स्मृतः ॥**"- નરમાંથી થયેલાં તત્ત્વો નાર. તેના સ્વામી નારાયણ ! "**नारमयते जानातीति नारायणः ।**"- જીવસમૂહને જાણે તે, સર્વલોકસાક્ષી આપ નારાયણ છો ! "**आपो नारा इति प्रोक्ता आपो वै नरसूनवः । अयनं तस्य ताः पूर्वं तेन नारायण स्मृतः ॥**"- "નાર એટલે જલ. તે જીવસમૂહરૂપ પણ છે. તે પૂર્વે તેનું સ્થાન હોવાથી નારાયણ રૂપે સ્મરાય છે. "**पुरूषो ह वै नारायणोऽकामयत ।**"- શ્રુતિ છે. નારાયણ રૂપે આપનો અવતાર છે ! જલનો આધાર લઈને પોઢો છો, તે સત્ય નથી. આપની જ માયા છે ! જો તે સ્વરૂપ જલમાં હોય તો મેં કેમ ન જોયું ? હૃદયમાં કેમ જોયું ? હૃદયમાં જલ નથી, એટલે જલસ્થિતિ "નારાયણ" - શબ્દપ્રવૃત્તિ- પ્રયોજક નથી ! આપે અમને તરત કેમ ન બતાવ્યું ? હું આપનો પુત્ર ! પિતાપુત્ર પરસ્પર પ્રત્યક્ષ હોઈ શકે છે, તેથી વાસ્તવમાં આપ જ નારાયણ છો, જલમાં વિરાજેલા નહિ ! "**नारं सर्वमेवायते प्रविशति यमिति नारायणः जगदाधारः ।**"- સર્વ જેમાં પ્રવેશે છે, તે, - નારાયણ ! - જગતના આધાર રૂપ આપ છો. હે માયાનિવારક ! બહાર પ્રકટ દેખાતું આ જગત્ સત્ય છે, આપનામાં વિરાજે છે, માને મુખમાં આપે બતાવ્યું છે ! નારાયણની જેમ આપનામાં પણ વિશ્વ સમાયેલું છે. આપની વ્યામોહ કરનારી શક્તિરૂપ માયાથી આપ નાનકડા સ્વરૂપવાળા દેખાવ છો, વિશ્વમાં રહેલા લાગો છો. આપના વિના જુદું જગત્ અસ્તિત્વ ધરાવી શકે નહિ. ભગવાન્ સિવાય જગતનું અસ્તિત્વ માનનારા ભ્રાન્ત છે. જગત્ માયિક નથી, ભગવદ્રૂપ છે. સઘળું ભગવાન્ જ છે ! મેં બાલકોને અને વાછરડાંને હર્યાં પછી આપ એક જ રહ્યા, છતાં આપ બાલક અને વત્સ રૂપે અનેક થયા. સૌનાં મેં ચતુર્ભુજ રૂપે દર્શન કર્યાં. બ્રહ્માંડના તત્ત્વો અને હું પણ તે સૌની ઉપાસના કરતાં દેખાયાં. પુનઃ હવે, આપ એકમાત્ર જ દેખાયા છો ! આપના વિના બીજું કાંઈ નથી. આપ જ સર્વ રૂપે વિરાજો છો ! આપ જ નારાયણ છો,

એક અને અદ્વિતીય બ્રહ્મરૂપ છો !

યોગમાયાનો વિસ્તાર કરીને ભગવાન્ ક્રીડા કરે છે : ભવબંધન અને મોક્ષ અજ્ઞાનકાર્ય છે ! : સૂર્ય ઊગે ત્યારે સવાર થાય, આંખ ખોલવાથી નહિ ! તેમ ભગવદિચ્છાથી મોક્ષ મળે, પોતાના જ્ઞાનથી નહિ ! : કૃપા વિના કૃષ્ણ મહિમા સમજાતો નથી ! :

માયાના પ્રભાવથી દેહાદિ - અનાત્મ પદાર્થમાં પણ ઈન્દ્રિયોથી આત્મબુદ્ધિ થાય છે, દેહ આત્મા રૂપ લાગે છે. બ્રહ્મા, વિષ્ણુ, રુદ્ર - રૂપે હે ભગવન્ ! આપ જ ઉત્પત્તિ, સ્થિતિ અને લય કરો છો ! **"एष त्रिनेत्रः"**- શબ્દથી આ પ્રસંગે મહાદેવજી પણ આવ્યા લાગે છે ! ભગવાન્ જ સર્વકર્તા છે. બ્રહ્માજીએ આગળ સ્તુતિ કરી, - "દુષ્ટોના દમન માટે અને સાધુઓની રક્ષા માટે આપ અનેક રૂપે અવતાર લો છો, નહિ તો તત્ત્વને જાણે કોણ ? કે ઉપદેશ કરે કોણ ? આપ અને આપની લીલા જ તત્ત્વ રૂપ છે. વેદ તો વ્યાખ્યાતા વિના સમજાય નહિ. વ્યાપક, ષડ્ગુણસમ્પન્ન, પરમાત્મરૂપ, સ્વચ્છન્દગતિવાળા આપને, સ્વલ્પ, દોષયુક્ત, જીવરૂપ, બંધનમાં રહેનાર કઈ રીતે જાણે ? યોગમાયાનો વિસ્તાર કરીને આપ લીલા કરો છો. આપ જ આપને જાણો છો ! તેના ઉપદેશ માટે આપનો અવતાર છે. જગતમાં મમતા થાય તો ભગદ્વિમુખ થવાય. આપના સંબંધથી જ સઘળું જગત્ સત્ય અને યોગ્ય છે.

બ્રહ્મવાદમાં આપ એક છો, યોગમાં આત્મા છો. સાંખ્યમાં પુરુષ છો, પાશુપતમાં સત્ય છો, વૈષ્ણવમતમાં પુરાણ છો. આ પાંચે પ્રકારે સ્વપ્રકાશ છો, જડ નથી, આદિ અને અંતરહિત છો. સદા એકરૂપ છો. અક્ષરરૂપ છો, નિત્યસુખ (મોક્ષ) રૂપ છો, અવિધા-રહિત છો, પૂર્ણ છો, અદ્વિતીય છો, ઉપાધિથી પર છો, લૌકિક-પ્રમાણથી ન ઓળખાતા, માત્ર વેદથી જ ઓળખાતા "ઋતજ્ઞ" - અલૌકિક છો ! સોળ વિશેષણથી સોળકળા રૂપ ભગવાન્ આપ નારાયણ છો ! અગિયાર ઈન્દ્રિય અને પંચમહાભૂતોથી વિલક્ષણ છો ! આવા આપને ગુરુરૂપ સૂર્ય અને ઉપનિષદ્રૂપ આંખ દ્વારા "હું બ્રહ્મ છું", - તેમ ઓળખે તે, પોતાના મોહથી કલ્પેલા સંસારસાગરને તરતા હોય તેવા લાગે છે ! સર્વબ્રહ્મ રૂપે સમજાય તો સર્વ તરી જવાય. બ્રહ્માત્મજ્ઞાનથી અન્તર્દોષ જાય, પણ દેહ-ઈન્દ્રિય- વિષયના દોષ દૂર ન થાય; તેથી સંસારસાગર તર્યા છતાં ન તર્યા જેવો જ છે ! આત્મા રૂપે આત્માનું જ્ઞાન થતાં, અજ્ઞાનથી થયેલો ભ્રમ દૂર થાય છે. અંધકારમાં દોરડીમાં સાપની ભ્રાન્તિ થાય, અજવાળામાં તે ભ્રમ દૂર થાય ! દોરડી નાશ પામતી નથી ! તેમ જીવે અવિધાથી કલ્પેલું "હું-મારું"- એ સંસારરૂપ અજ્ઞાન જ્ઞાનથી દૂર થાય છે. ભગવત્કૃત્ જગતનો તેથી નાશ થતો નથી ! "હું બ્રહ્મ છું", "હું મુક્ત છું" - એ પણ અજ્ઞાનકૃત છે ! આત્માના અજ્ઞાનથી આમ સમજાય છે. બંધન પણ અજ્ઞાનથી થાય છે. આમ **"अज्ञानसंज्ञौ भवबन्धमोक्षौ......।"**- ભવબન્ધન અને મોક્ષ અજ્ઞાનકાર્ય જ છે !

સ્વપ્નમાં ઊઠીને જમનાર વાસ્તવમાં જાગતો કે જમતો નથી. તેમ ભગવચ્છકિત રૂપ અજ્ઞાન દૂર ન થાય ત્યાં સુધી, વાસ્તવમાં મોક્ષ મળતો નથી. મોક્ષ ઋતજ્ઞાન રૂપ છે. ભગવાનની જ્ઞાનશક્તિથી જ મોક્ષ મળે છે ! ભગવાનમાં ભળી જવું તે, - સાયુજ્ય મોક્ષ છે. તે નિત્ય ચિદાનન્દરૂપ છે. તેમાં જીવના અજ્ઞાનકૃત્ જ્ઞાનથી પ્રવેશ ન મળે. સ્વામીની સંમતિ કે આજ્ઞા વિના સેવક નિકટમાં ન જઈ શકે, તેથી જીવ-બ્રહ્મજ્ઞાનીને મોક્ષ નથી ! સૂર્યના વિચારે સવાર થાય છે, જીવની કલ્પનાથી નહિ, નહિ

તો લોકો આંખ બંધ કરીને રાત્રિ અને આંખ ખોલીને દિવસ કરી દે, પણ તે બનતું નથી! સૂર્યોદયથી દિવસ અને સૂર્યાસ્તથી રાત્રિ થાય છે.

આપ કૃષ્ણ જ સર્વરૂપ છો. પરમાત્મા છો! તેને ભ્રાન્તલોકો જુદા માને છે. તેઓ ભાવનાથી હૃદયમાં સ્ફુરતા ભગદ્વિભૂતિ રૂપ વ્યાપકત્વધર્મને આત્મા માને છે, પરમાત્માને ત્યાગપૂર્વક બહાર શોધવાના માને છે! આ અજ્ઞાનતા છે. તેનાં કરતાં, અન્ય સઘળાનો ત્યાગ કરીને, હૃદયાકાશમાં અન્તર્યામી રૂપે વિરાજતા આપની ભાવના કરનાર કૃતાર્થ થાય છે. જે સાધનોમાં ભગવાનનું ચિંતન બરાબર ન થાય તે - "अतत्"- ભ્રમ કરાવનારાં સાધનો! ભગવાનના સંબંધ વગરનું લાગે તે બધું-"अतत्"। એવાં વિરુદ્ધસાધનો કે સંબંધો છોડીને, સર્વત્ર વિરાજતા ભગવાનનું નિરંતર ચિંતન કરનારા - "સન્ત" - કહેવાય છે! ક્યાંય સર્પ સાચો હોય નહિ, તો દોરડીમાં સાપનો ભ્રમ ક્યાંથી થાય? નિકટ રહેલી દોરડીમાંથી સાપનો ભ્રમ ન જાય ત્યાં સુધી તે દોરડી છે તેમ સમજાય ખરું? આ જગત્ સઘળું બ્રહ્મરૂપ છે તેમ સમજીને, ભ્રમ છોડીને, હૃદયમાં વિરાજતા ભગવાનની ભાવના કરવી જોઈએ. હે અનન્ત! (હે દેશકાલવસ્તુ-પરિચ્છેદ-રહિત!) સજ્જનો હૃદયાકાશમાં વિરાજતા આપની જ ભાવના કરે છે. જો કે આમ ભાવના કરવી ઉત્તમ છે, છતાં ભક્તિમાર્ગ અને ભક્તિશાસ્ત્ર વિના કેવલ-ચિંતનમાત્રથી પ્રભુ પ્રકટ થતા નથી, પ્રપંચનિવૃત્તિ થતી નથી. હે દેવ! આપનાં ચરણકમલની કૃપાના બિંદુમાત્રથી પણ અનુગૃહીત-જીવ જ આપનો મહિમા જાણે છે. કૃપા વિના તો ચિરકાલ મથવા છતાં મહિમા સમજાતો નથી! તેથી –

કૃષ્ણસેવા તો બ્રહ્મા પણ ઝંખે છે!: સર્જન કરતાં સેવા શ્રેષ્ઠ લાગી છે!:

तदस्तु मे नाथ स भूरिभागो भवेऽत्र वान्यत्र तु वा तिरश्चाम् ।
येनाहमेकोऽपि भवज्जनानां भूत्वा निषेवे तव पादपल्लवम् ॥ (३०)

"હે નાથ! મારું એ મહાભાગ્ય હો, કે અહીં ગોકુલમાં કે બીજે, હીન પ્રાણી રૂપે પણ મારો જન્મ થાવ! જે જન્મથી હું આપના ભક્તોની વચમાં, તેમાંનો એક બનીને, આપના પાદપલ્લવનું સેવન કરું!" - બ્રહ્માને બ્રહ્મા થવું પણ સંતોષરૂપ ન લાગ્યું. ભગવાનની સેવા ભગવન્માર્ગ વડે જ થાય. ભક્ત રૂપે જન્મ મળવો, ભક્તોની વચમાં-સત્સંગમાં-ભગદ્ભજનનો લાભ મળવો, તે મહાભાગ્યરૂપ છે! વિજાતીય સાથે ભક્તો ભજન કરતા નથી. "तदीयानां महद्दुःखं विजातीयेन सङ्गमः ।"- વિજાતીયોનો સંગ ભક્તોને મન મોટું દુઃખ છે. ભગવાનના ભક્તો પણ જુદા જુદા ભાવવાળા હોય છે. લોકોમાં સમાનસ્વભાવવાળાને જ સંગમાં આનંદ આવે છે, તેમ ભક્તોને પણ સમાનભાવવાળા સાથે જ ભજનનો આનંદ આવે છે. પોતાના ભાવ કરતાં જુદા ભાવવાળા સાથે ભજન કરવામાં આનંદ ન આવે, મોટું મનોદુઃખ થાય. સમાનભાવવાળા ભક્તો સાથે ભક્તિ કરવાથી ભક્તિ વધે, સુદૃઢ થાય. બ્રહ્માજીને કમલના કોમલ આસને બેસવા કરતાં પણ કૃષ્ણનાં ચરણપત્ર સેવવાં ઉત્તમ લાગ્યાં, (સૃષ્ટિના) સર્જન કરતાં પણ સેવા શ્રેષ્ઠ લાગી! અધિકાર કરતાં દાસ્ય મહત્ત્વનું લાગ્યું, સત્યલોક કરતાં ભૂતલ ભવ્ય લાગ્યું, દેવ કે ઋષિના સંગ કરતાં પણ ભક્તસંગ મહાભાગ્યરૂપ લાગ્યો, અજ રહેવા કરતાં ભક્ત રૂપે જન્મ ગમ્યો, દેવરૂપ દિવ્યદેહ કરતાં દાસ રૂપે હીનદેહ પણ

સ્વીકાર્ય થયો, કોઈને વરદાન દેવા કરતાં પોતાને પ્રેમદાન લેવું ગમ્યું !

વ્રજમાં જન્મેલા તો કીડા પણ કૃતાર્થ છે ! : વ્રજવાસીઓનું તો જીવન પ્રભુની પ્રસન્નતા માટે છે ! :

જે ભગવાનને યજ્ઞો પણ સંતોષ દેવા સમર્થ નથી, તે ભગવાન્ વત્સ અને બાલક રૂપે ગાય અને ગોપીનાં પયઃપાન પ્રેમથી કરીને સંતોષ પામ્યા ! અહો ! વ્રજની ગાય અને ગોપીજન અતિધન્ય છે ! બ્રહ્મ તો સર્વસમ છે, ભગવાનને તો સૌ સમાન છે. તે ભગવાન્ ગોવાળોના મિત્ર થયા ! મિત્રની જેમ ગોવાળોનો પક્ષ કરીને પ્રભુ દૈત્યોને મારે છે ! ગોવાળોનું અહોભાગ્ય ! અહો ! ગોવાળોનું અહોભાગ્ય ! ભગવાન્ માત્ર આવો ઉપકાર નથી કરતા. પરમાનન્દરૂપ સ્વરૂપનો અનુભવ કરાવે છે. યજ્ઞરૂપ પ્રભુ વેદના પૂર્વકાંડમાં અને બ્રહ્મરૂપ ભગવાન્ વેદના ઉત્તરકાંડમાં છે. તે બંને કાંડના યજ્ઞ અને બ્રહ્મ રૂપથી પણ જે આનંદ ન મળે, તે ફલરૂપ આનંદ (પરમાનંદ)નું દાન ભગવાન્ કૃષ્ણ રૂપે ગોવાળોને વ્રજમાં આપે છે ! તેના ભાગ્યનો મહિમા તો ભલે તેટલો હોય, પણ તે ગોકુલવાસીઓની ઈન્દ્રિયોના અધિષ્ઠાતા રૂપે અમે અગિયાર દેવો પણ મહાભાગ્યશાળી થયા છીએ ! આ ગોકુલવાસીઓ ઉત્પન્ન ન થયા હોત તો દેવોનું ઈન્દ્રિય-અધિષ્ઠાતાપણું વ્યર્થ જાત. ગોવાળોની ઈન્દ્રિયો પાનપાત્રો છે. અમે તેના દ્વારા આપના ચરણકમલના મકરન્દનું વારંવાર પાન કરીએ છીએ. તે પાન દેહ - વગેરેનું ભાન ભુલાવી દે તેવું છે. આ મહાવન-વૃન્દાવનમાં જન્મેલાં વૃક્ષ, પશુ, પક્ષી, કીડા પણ કૃતાર્થ છે ! ગોકુલમાં નિરર્થક-જન્મ પણ મહાભાગ્યરૂપ છે ! પરબ્રહ્મની ચરણરજનો પણ અભિષેક મળે છે, ભગવદ્ભક્ત ગોકુલવાસીઓનું તો સઘળું જીવન ભગવદ્રૂપ છે, ભગવાનની પ્રસન્નતા માટે જ છે !

જે ભગવાનની ચરણરજને તો શ્રુતિ પણ શોધે છે, મળતી નથી ! "तद्विष्णोः परमं पदं"- તે વિષ્ણુનું પરમધામ (પદ) છે, એમ કહેતાં માત્ર સ્તુતિ જ કરે છે. તેમને ચરણરજ મળી જાય તો લઈને કૃતાર્થ બને, મૌન થઈ જાય ! મા જેવા વેષે મારવા આવેલી પૂતના પણ તેના ભાઈ સાથે આપને પ્રાપ્ત થઈ, કૃતાર્થ થઈ. તો જેમનાં ઘર, ધન, સ્વજન, પ્રિયપદાર્થો, દેહ, ઈન્દ્રિયો, અંતઃકરણ વગેરે સર્વસ્વ માત્ર આપની સેવા માટે જ છે, તે ગોકુલવાસીઓને હે દેવ ! આપ કયું ફલ દેશો ? વિશ્વફલરૂપ આપના વિના ફલ બીજું કયું હોઈ શકે ? ગોવાળોને ઘરમાં રહેવા છતાં ઉત્તમફલ મળ્યું, બંધન ન થયું !

કૃષ્ણના ન બનાય ત્યાં સુધી સ્વગૃહ પણ કારાગૃહ છે ! :

तावद्रागादयः स्तेनास्तावत् कारागृहं गृहम् ।
तावन्मोहोऽङ्घ्रिनिगडो यावत् कृष्ण न ते जनाः ॥ (३६)

જીવ કૃષ્ણનો સેવક ન બને ત્યાં સુધી જ ઘર વગેરેમાં અનુરાગ, વિવેક-ધૈર્યને હરનાર ચોર જેવો છે, ઘર જેલ છે, પુત્રાદિમાં મોહ તે બેડીઓ છે ! કૃષ્ણસેવા કરનાર માટે તો આ ત્રણે કૃતાર્થતાનાં સાધન છે, શાસ્ત્રસંમત છે ! કૃષ્ણનો દાસ ન બને ત્યાં સુધી ભય છે, દાસ બન્યા પછી તો અભય છે ! શરણાગતને આનંદ દેવા માટે ભગવાન્ લૌકિક-અનુકરણ પણ કરે છે. જ્ઞાન હોય તેને ભલે હોય; પણ વેદગર્ભ બ્રહ્માજીને પણ ભગવાનનો વૈભવ અને સ્વરૂપ મન, વાણી કે દેહનો વિષય નથી. ભગવાનનો વૈભવ મન અને વાણીથી પર છે ! વધારે બોલવાથી શું ?

માયામાં મોહ પામેલા શું શું ન ભૂલે ?!

બ્રહ્માજીએ ભગવાનને વિનંતી કરી. બાલકો અને વત્સ પાછાં લાવવાની આજ્ઞા માગી, જવાની સંમતિ યાચી. "કૃષ્ણ !" - કહીને પ્રેમ બતાવ્યો. "જગન્નાથ ! રજા આપો, તો અધિકાર ભોગવાય !" જગત્ પ્રભુએ દીધું છે. જતાં જતાં સદાનન્દ, વૃષ્ણિકુલકમલ-વિકાસક-સૂર્ય, પૃથ્વી-દેવ-બ્રાહ્મણ-પશુ-રૂપ સમુદ્રમાં વૃદ્ધિ કરનારા ચન્દ્રરૂપ, પાખંડનિવારક અગ્નિરૂપ રાક્ષસનાશક, સૂર્યથી લઈને સૌના આદરણીય, કૃષ્ણ ભગવાનને વંદન કર્યાં ! - ''भगवन्नमस्ते ।'' ''नौमि''- થી આરંભીને ''नमस्ते''- સુધી બ્રહ્માજીએ સ્તુતિ અને વંદન શરણાગતિનો વિવેક કર્યો.

અનંત-કોટિ બ્રહ્માંડ રૂપે દીઠેલા પ્રભુની ત્રણ પરિક્રમા કરી, ચરણે વંદન કર્યાં. બ્રહ્માજી સ્વધામ પધાર્યા. બ્રહ્મા લાવે ત્યાર પહેલાં તો ભગવાને જ હરાયેલાં વત્સ અને બાલકો પુલિનમાં આણ્યાં ! વર્ષ પહેલાં, બ્રહ્માજીએ હરતા પહેલાં, સૌ બેઠા હતા તેમ જ બેઠા હતા, ભોજન કરતા હતા. વર્ષ વીત્યું છતાં કોઈને ખબર નથી, અર્ધી ક્ષણ વીતી લાગી છે. બ્રહ્માની નહિ, પણ કૃષ્ણની માયાનો આ પ્રભાવ છે ! માયામાં મોહ પામેલા શું શું ન ભૂલે ? જગત્ આત્માને પણ ભૂલી ગયું છે. બાલકોએ પ્રેમથી પ્રભુને પોકાર્યા. કૃષ્ણને આવતા જોયા. સૌ રાજી થયાં. - "આવો ! સુંદર થયું. તમારા વિના એક કોળિયો પણ હજુ મોંમાં મૂક્યો નથી ! બેસો ! સારી રીતે જમો !" ભગવાને બાલકો સાથે પ્રેમથી ભોજન કર્યું. વનમાંથી વ્રજમાં પધાર્યા. બાલકો ભગવાનનો યશઃ ગાતા હતા. ગોપજનના નેત્રોના ઉત્સવરૂપ નેત્રકટાક્ષોવાળા પ્રભુ વ્રજમાં પ્રવેશ્યા.

આત્મા (ભગવાન્)ને લીધે જ સઘળું પ્રિય લાગે છે ! :

રાજાએ પ્રભુમાં સૌના આવા પ્રાણાધિક - પરમપ્રેમનું કારણ પૂછ્યું. શ્રીશુકે સ્નેહનું સ્વરૂપ સમજાવ્યું. સ્નેહ સ્વાત્મનિષ્ઠ છે. આત્મા - ભગવાન્ કે જીવ ! તેમાંથી ભગવાનમાં સહજ સ્નેહ છે. જીવમાં ભગવદંશપણાથી સ્નેહ છે. લોકોને પ્રેમ દેહમાં લાગે છે. દેહસંબંધથી સૌ પ્રિય લાગે છે. પોતાપણામાં તે પ્રેમ સ્પષ્ટ દેખાય છે, છતાં લોકોને "અહં" - રૂપ દેહમાં જેટલી પ્રીતિ છે, તેટલી "મમ" - રૂપ સંતાન વગેરેમાં પણ નથી. દેહ જીર્ણ થવા છતાં, જીવવાની પ્રબલ ઈચ્છા દેખાય છે; તેથી સૌને પોતાનો આત્મા જ સૌથી પ્રિય છે, - ''तस्मात् प्रियतमः स्वात्मा....।'' - અને સૌના આત્મારૂપ છે,- કૃષ્ણ !- ''कृष्णमेनमवेहि त्वमात्मानमखिलात्मनाम् ।''- સ્નેહ તો આત્મારૂપ ભગવાનનો જ સહજધર્મ છે. જીવરૂપ અંશમાં તે અંશતઃ આવે છે. ભગવદ્ધર્મો જ બીજે કાર્ય અને અંશ રૂપમાં દેખાય છે.

ઉપનિષદ્માં નાનકડો સુંદર પ્રસંગ છે. મહર્ષિ યાજ્ઞવલ્ક્ય હતા. મૈત્રેયી અને કાત્યાયની તેમનાં બે પત્ની. મહર્ષિજીએ પરમહંસદશામાં પધારતાં પોતાની સંપત્તિના વિભાગ વહેંચી દેવા વિચાર્યું. પત્નીની અનુમતિ માગી. ચતુર પત્નીએ વિચાર્યું, પતિ સંપત્તિ અને સ્વજનને છોડીને જે મેળવવા જાય છે તે જ ઉત્તમ હશે ! પોતાની પાસે જે હોય તેના કરતાં વધારે ઉત્તમ કાંઈ મળવાનું હોય, તો જ પાસેની વસ્તુનો સહજમાં ત્યાગ થાય.

કુશલ પત્નીએ પૂછ્યું, - "ભગવન્ ! ધનથી સઘળી પૃથ્વી મારી બને, તો હું અમર થઈ શકું ?" સત્યદર્શી મુનિ બોલ્યા - "સાધનસંપન્નલોકો જેવું જીવે છે, તેવું તું જીવશે !" ''अमृतत्वस्य तु नाशास्ति वित्तेन ।''- પૈસાથી અમૃતત્વ (મુક્તિ)ની આશા છે જ નહિ !" પૈસા પાછળ પામર બનેલા આપણે

આ સમજીએ ! પૈસાથી સુખ, શાંતિ કે સ્નેહ મળતાં નથી, પ્રભુ પ્રસન્ન થતા નથી. પૈસા અમર નથી બનાવતા, પામર બનાવે છે !

ઉદાત્ત ઋષિપત્નીએ પૂછ્યું, ''**येनाहं नामृता स्यां किमहं तेन कुर्याम् ।**''- "જેનાથી અમૃત (મુક્ત) ન બનું તેને હું શું કરું ? આપ જે મેળવવા જતા હો, જાણતા હો, તે મને કહો !" ઋષિ રાજી થયા. સ્ત્રી તો પ્રાયઃ સંપત્તિ કે સંતતિ કે સત્તા શોધે. સદ્ભાગ્યે સુશીલ સન્નારી મળે, તો પતિને પ્રભુમાં પ્રેરે, સાચું સમજવા મથે ! ઋષિએ પ્રેમથી પ્રિયાને પ્રીતિનું તત્ત્વ સમજાવ્યું. ''**न वा अरे पत्युः कामाय पतिः प्रियो भवति । आत्मनस्तु कामाय पतिः प्रियो भवति ।**''- "પતિની કામના માટે પતિ પ્રિય થતો નથી. આત્માની કામના માટે (ઈચ્છાથી) પતિ પ્રિય થાય છે !" અહીં કેટલાક લોકો પોતાને માટે જ પતિ પ્રિય થાય છે. - સઘળું સ્વાર્થને લીધે પ્રિય લાગે છે, તેવો અર્થ તારવે છે; કે આત્મા શબ્દથી દેહ કે જીવ સમજે છે, પણ ઋષિ ''**आत्मनः**''- શબ્દથી કહેલા આત્માને તે જ સંવાદમાં ઓળખાવે છે.- ''**आत्मा वो अरे दृष्टव्यः श्रोतव्यो मन्तव्यो निदिध्यासितव्यो मैत्रेय्यात्मनो वा अरे दर्शनेन श्रवणेन मत्या विज्ञानेनेदं सर्वं विदितम् ।**''- "આત્મા દર્શનીય, શ્રવણીય, મનનીય અને નિદિધ્યાસનીય છે. હે મૈત્રેયિ ! આત્માનાં દર્શન, શ્રવણ, મનન અને અનુભવરૂપ જ્ઞાનથી સર્વનું જ્ઞાન થઈ જાય છે." એકવિજ્ઞાનથી સર્વવિજ્ઞાનની પ્રતિજ્ઞા તો શ્રુતિમાં બ્રહ્મ માટે છે. - ''**यस्मिन् विदिते सर्वमिदं विदितं भवति ।**''- "જેને જાણતાં સર્વ જણાય છે !"

આત્માને લીધે જ સઘળું પ્રિય લાગે છે ! ''**इदं सर्वमयमात्मा ।**''- "આ સર્વ (વિશ્વ) આત્મા ભગવાન્ છે. - ''**अयमात्मेदममृतमिदं ब्रह्मेदं सर्वम् ।**''- આ આત્મા અમૃતરૂપ છે. આ સઘળું બ્રહ્મ છે." ''**वाक्यान्वयात्**''- સૂત્રમાં વ્યાસજીએ આ વાક્યનો સંબંધ ભગવાનમાં જ ગણાવ્યો છે. સર્વત્ર ભગવાન્ વિરાજતા હોવાથી (ભગવદન્વયથી જ) જીવનું પણ પ્રિયત્વ છે. ભગવાન્ જ સુખરૂપ છે. ભગવાનના કારણે જ સઘળું પ્રિય લાગે છે. સુખાનુભવ થાય છે.

ભગવાન્ આત્મા રૂપે લાગે તો દૃઢ પ્રીતિ થાય ! અમૃત (મુક્તિ) મળે, સાચાં સુખ-શાન્તિ મળે. કઠશ્રુતિએ તે મેળવવાનો ઉપાય પણ બતાવ્યો છે. ''**कश्चिद्धीरः प्रत्यगात्मानमैक्षत ।**''

અમૃતરૂપ આત્માનું દર્શન કે અનુભવ સૌને મળતો નથી. અનેકમાં કોઈ એકને તે લાભ લાધે છે ! સામાન્યલોકો તો સંસારમાં આથડે છે, સંપત્તિ, સંતતિ, સત્તા, સલામતી, માટે મથતાં મરે છે. કરોડોમાંથી કોઈને ઈચ્છા થાય છે, - અમૃતત્વ મેળવવાની - પ્રભુપ્રાપ્તિની ! ''**आवृत्तचक्षुरमृतत्वमिच्छन् ।**''- અમૃતત્વ (મુક્તિ)ની ઈચ્છાવાળો સુખ બહારથી શોધતો નથી, અંદરથી સુખ શોધવા ઈન્દ્રિયોને અન્તર્મુખ બનાવે છે ! ''**पराञ्चि खानि व्यतृणत्स्वयम्भूस्तस्मात्पराङ्पश्यति नान्तरात्मन् ।**''- ઈન્દ્રિયો તો બ્રહ્માએ બહિર્મુખ બનાવી છે. બહારનું જ્ઞાન તે મેળવે છે, અંદર રહેલા આત્માનો અનુભવ મેળવતી નથી. ઈન્દ્રિયોને અંતર્મુખ કરવા માટે ઈન્દ્રિયનાં સ્વાભાવિક કાર્ય થવા દેવાં, પણ આસક્તિથી કાંઈ ન કરવું, ભોગ ન કરવો, તેની વાતો ન કરવી કે વિચારો પણ ન કરવા, અંતર્મુખ-ઈન્દ્રિયો થતાં કોઈને આત્મદર્શન થાય, પ્રભુમાં પ્રીતિ થાય !

સ્વાન્તઃ સુખ થાય તેમ આદર્શજીવન શીખવે છે, - રામાયણ ! સંસારમાં રહીને સર્વસુખ માટે શ્રીહરિના થતાં શીખવે છે, - શ્રીમદ્ ભાગવત ! ભાગવતમાં ભગવાન્ કૃષ્ણની કથા છે. જગતની રક્ષા

માટે સર્વના આત્મારૂપ કૃષ્ણ પધાર્યા છે, માયાથી માનવ જેવા લાગે છે, વાસ્તવમાં પરબ્રહ્મ જ છે. કૃષ્ણ જ સર્વરૂપ છે. કૃષ્ણને જાણનારને માટે સઘળું ભગવદ્રૂપ જ છે, બીજું કાંઈ છે જ નહિ. જગત્ કૃષ્ણનું બીજું રૂપ છે. કૃષ્ણને જાણતાં કાંઈ જ જાણવાનું બાકી રહેતું નથી! સંતોની સાનુભૂતિ અને શાસ્ત્રોનાં પ્રમાણ તેમાં સંમત છે. સ્નેહરૂપ ધર્મ પણ જગતની જેમ પહેલાં પ્રકટ થયો છે! ભગવાનમાં સ્નેહ કરતાં, ભગવાનને ચરણે શરણે રહેતાં, સંસારસાગર સરલતાથી તરી જવાય છે.

આ ત્રણ અધ્યાયનાં શ્રવણ-કીર્તનથી સઘળા પુરુષાર્થો પ્રાપ્ત થાય. આમ કૌતુકલીલાની કથા પૂર્ણ થઈ.

અધ્યાય : ૧૫

ભક્તોની આધ્યાત્મિક - અવિદ્યા ભગવાન્ જ દૂર કરે છે!:

શ્રીશુકે પ્રભુની પૌગંડવયની કથા પ્રારંભી - "ततश्च पौगण्डवयःश्रितौ व्रजे...।" ૫ થી ૧૧ અધ્યાયના પ્રમાણપ્રકરણની કથામાં વ્રજજનોના ભગવાનમાં સર્વાધિક સ્નેહનું નિરૂપણ કર્યું. ૧૨, ૧૩, ૧૪ પ્રક્ષિપ્ત-અધ્યાય છે. હવે, ૧૫ થી ૨૧ અધ્યાયના પ્રમેય-પ્રકરણમાં ભક્તોની ભગવાનમાં આસક્તિ કહે છે. ૨૨ થી ૨૮ અધ્યાયના સાધન-પ્રકરણમાં વ્રજવાસીઓને ભગવાનમાં થયેલ વ્યસન કહેશે. ૨૯ થી ૩૫ અધ્યાયના ફલપ્રકરણમાં વ્રજસીમન્તિનીઓને ફલપ્રાપ્તિ કહેશે. તામસભક્તોના નિરોધની આ કથા છે.

ભગવાને પોતાના સ્વરૂપની સુંદરતાથી વ્રજસ્ત્રીઓને, ગોચારણ વગેરે ક્રિયાથી ગાયોને, અને નિર્દોષ રમતો, ભોજન, પુનર્જીવન વગેરે ઈચ્છેલા પદાર્થોથી ગોપબાલકોને વશ કર્યાં. ભગવાન્ સિવાય તેઓ ક્ષણ પણ રહી શકે તેમ ન હતાં! આમ, સામાન્ય રીતે બધા વ્રજજનોની ભગવાનમાં દઢ-આસક્તિ છે. બાલકો, ગાયો, વ્રજવાસીઓ અને રસાનુકૂલ સ્ત્રીઓની ભગવાનમાં દઢ-આસક્તિ જુદી પણ બતાવી છે. પ્રમેય-પ્રકરણના સાત અધ્યાયમાં આ કથા છે.

ભગવાને પૂતનામોક્ષલીલા કરી. પોતાના ભક્તોની આધિભૌતિક-અવિદ્યા દૂર કરી, સ્થૂલ-દેહાધ્યાસ વગેરે દૂર કર્યાં. આ પ્રમેય-પ્રકરણમાં ભગવાન્ પોતાના ભક્તોની આધ્યાત્મિક-અવિદ્યા દૂર કરે છે. તેનાથી લિંગદેહાધ્યાસ વગેરે દૂર કર્યાં. સેવોપયોગી અલૌકિક-દેહાધ્યાસ વગેરે રૂપ આધિદૈવિક- અવિદ્યા તો લીલામાં ઉપયોગી છે. તે તો દૂર કરવા જેવી નથી! અહીં ધેનુકવધ દ્વારા દેહાધ્યાસ દૂર કર્યો. કાલિયનિગ્રહ કરીને ઈન્દ્રિયાધ્યાસ દૂર કર્યો. પ્રથમ દાવાગ્નિપાનથી પ્રાણાધ્યાસ દૂર કર્યો. પ્રલંબવધથી અંતઃકરણાધ્યાસ દૂર કર્યો. બીજી વખત દાવાગ્નિપાનથી સ્વરૂપ-વિસ્મૃતિ દૂર કરી. પછીના બે અધ્યાયમાં બાલકો, ગોપ તથા ગોપીજનનો સ્થિર આસક્તિપૂર્વક નિરોધ કર્યો.

ભગવાનની પાંચ વર્ષ સુધીની કુમારાવસ્થાની કથા પ્રમાણ-પ્રકરણમાં કહી. તેમાં ભગવાન્, ભક્તો અને લીલાની નિર્દોષતા બતાવી છે. માનવમાં દેહ, ઈન્દ્રિય, પ્રાણ, અંતઃકરણ અને જીવરૂપ સમુદાય હોય છે. બાલક રૂપ ભગવાનમાં પણ આમ દેખાય છે, છતાં તે પ્રભુમાં નથી. તે પ્રમાણ-પ્રકરણમાં કહ્યું છે. ભક્તોમાં પણ આ જ પ્રકાર છે. તે નિર્દોષતા રૂપ છે, તેથી ભગવાન્ સખ્ય આપે છે. શ્રીનન્દમહોત્સવ જેવો ઉત્સવ સામાન્ય-જીવનો ન થાય. સામાન્ય-જીવ પૂતનાને મારીને તારી ન

શકે. પોતાને બાંધવા ઈચ્છનાર ઉપર, બ્રહ્માદિને પણ દુર્લભ, ઉદાર, કૃપાપૂર્ણ અંતઃકરણવાળો કોઈ સામાન્ય ન હોઈ શકે ! પ્રાણહારક પયઃ પાતી પૂતનાના પ્રાણ અને પયઃનું બાલ રૂપે પાન કરનાર અને કોમલ ચરણસ્પર્શથી ભારે ગાડાને ઊંધું વાળનારના પ્રાણ ભૌતિક-સામાન્ય-ન હોય. પોતાના મુખમાં વિશ્વ પ્રકટ દેખાડનાર, એક જ દિવસમાં ભારે તથા હળવા થનાર, બધાં દોરડાં જેને બે આંગળ જ ટૂંકાં પડે, તેનાં દેહ અને ઈન્દ્રિય ભૌતિક કે પ્રાકૃત ન હોઈ શકે. આમ પ્રાકૃત-દેહાદિ ન હોવાથી, તેના સંબંધી અધ્યાસ પણ ન જ સંભવે. બધા ગુણ તેમાં જ દેખાય છે, તેથી ભગવાન્ નિર્દોષપૂર્ણ- ગુણવિગ્રહ છે. આ પાંચ દોષરૂપ અભ્યાસથી પરપણું બતાવવા, પાંચ વર્ષ સુધીની લીલાની કથા કહી. હવે, ભગવાને પૌગણ્ડવયનો સ્વીકાર કર્યો. ૬ થી ૯ વર્ષ પૌગણ્ડાવસ્થા કહેવાય છે. આ ચાર વર્ષની લીલા ભક્તોના ચાર પુરુષાર્થો પૂર્ણ કરનારી છે, નિર્દોષ-ભક્તોને સઘળા પુરુષાર્થ પ્રભુ પ્રાપ્ત કરાવે છે. પુરુષાર્થસાધક કાલની અભિમાની દેવતા ભગવાનની સેવા કરવા આવી છે. ભગવાન્ નિર્દોષ- પૂર્ણગુણવિગ્રહવાળા છે. નિર્દોષ ભગવાને, નિર્દોષ ભક્તોને સખ્ય દીધું છે; છતાં સ્વાભાવિકધર્મો રાખ્યા છે. આવા મિત્ર ગોપબાલકો સાથે ભગવાન્ વૃન્દાવનમાં ગોચારણ કરે છે.

કૃષ્ણનાં ચરણસ્પર્શથી વૃન્દાવનની ભૂમિ પણ ધન્ય થઈ ગઈ ! :

વૃન્દાવનવિહારીજીનો વૃન્દાવનમાં વિહાર :

પહેલાં વૃન્દાવન મધુવનમાં હતું. મધુ-રાક્ષસનું તે વન. મધુની પુત્રી વૃન્દાના ભાગમાં આવ્યું, વૃન્દાવન કહેવાયું. રાક્ષસ-સ્ત્રીનું સ્થાન ઉત્તમ ન ગણાય. છતાં ગોવાળો સાથે ગોપાલ ભગવાન્ ત્યાં પધાર્યા ! "**पदैर्वृन्दावनं पुण्यमतीव चक्रतुः ।**"- ચરણ વડે વૃન્દાવનને અતિપુણ્યરૂપ બનાવ્યું ! પુણ્ય આ લોકનાં અને પરલોકનાં સુખનું સાધન છે. કામના પ્રમાણે તે ફલ આપે છે. વૃન્દાવન તો અતિપુણ્ય રૂપ છે, નિઃસાધન-ભક્તોને પ્રભુપ્રાપ્તિના સાધનરૂપ છે, નિત્યલીલાવિશિષ્ટ હોવાથી સ્વતઃ ફલરૂપ છે, કામના વગર પણ કૃષ્ણ મેળવી આપનાર છે ! પુણ્ય સામાન્ય ફલ આપે છે, આ તો અસામાન્ય ફલરૂપ છે. વૃન્દાવનને મળેલા કૃષ્ણના ચરણસ્પર્શનો આ પ્રભાવ છે. પ્રભુનાં ચરણ જ્યાં વિરાજે ત્યાં શુદ્ધિ અને સમૃદ્ધિની વૃદ્ધિ સ્વાભાવિક હોય. તેમાં પ્રભુને પ્રયાસ ન કરવો પડે ! સખાઓ સાથે ભગવાન્ ગોચારણમાં પધાર્યા છે. વનમાં ચાલતાં સ્વાભાવિક રીતે ચરણસ્પર્શ વૃન્દાવનની ભૂમિને મળે છે. ફલરૂપ ભગવાનના સંબંધથી દૈત્યભૂમિ પણ ફલરૂપ થઈ ગઈ ! ભગવાન્ ફલ દેવા માટે મિત્ર ગોવાળો પાસે ગાયો ચરાવે છે. મિત્રનું કાર્ય મિત્ર કરે, તે તો સ્વધર્મ ગણાય. ભગવત્કાર્ય સ્નેહપૂર્વક કરવાથી ચિત્ત ક્યાંય ભટકે નહિ. ભગવત્કાર્ય સ્નેહપૂર્વક ન થાય તો ચિત્ત સર્વત્ર ભટકતું રહે, ભગવાનનો મહિમા સમજાય નહિ, અલૌકિક અભિલાષ થાય નહિ, પરિણામે અલૌકિક ફલ મળે નહિ ! ગોવાળોએ ગાયો ચરાવી, ભગવન્માહાત્મ્ય જાણ્યું, વૈકુણ્ઠદર્શનની ઈચ્છા થઈ. ભગવાને ગોવાળોને વૈકુણ્ઠદર્શન કરાવ્યાં. આ આત્મસમર્પણ સિદ્ધ થાય નહિ, તો આત્મસમર્પણ સિદ્ધ થયું. સમર્પણ કરવા છતાં, ભગવાન્ જો સ્વીકારે નહિ, આત્મીય રૂપે અંગીકાર કરે નહિ, તો આત્મસમર્પણ સિદ્ધ થાય નહિ. ભગવાને ગોવાળો માટે તો વૈકુણ્ઠ પ્રકટ કર્યું છે, તેથી ગોવાળોને આત્મીય ગણ્યા છે, તેમ સમજાય છે, તેથી તે આત્મસમર્પણ રૂપ છે. તે સાધનરૂપ હોવાથી સાધનપ્રકરણમાં કહ્યું છે ! ફલરૂપ આત્મસમર્પણ ફલ પ્રકરણમાં છે ! સાધનભક્તિ સંભવે છે, તેથી સાધન પછી ફલ કહ્યું છે.

ભગવાને આ ગોચારણનો આરંભ કાર્તિક શુક્લ અષ્ટમીએ કર્યો. તે દિવસ "ગોપાષ્ટમી" - ગણાય છે. બલરામજી ત્યારે સાત વર્ષના છે.

માધવ ભગવાન્ વેણુનાદ કરતા પધારે છે. મા-લક્ષ્મી, ધવ-પતિ, લક્ષ્મીપતિ પધારે છે. "विहर्तुंकामः"- વ્રજલક્ષ્મી સાથે વિહારો કરવાની ઈચ્છા પ્રભુને છે ! વેણુ તો બ્રહ્માનન્દ અને વિષયાનન્દ પણ જેની પાસે અણુ જેવા તુચ્છ લાગે તેવો છે ! "वश्च इश्च वयौ ब्रह्मानन्दविषयानन्दावणू यस्मात् स वेणुः ।"- બ્રહ્માનન્દ ઈન્દ્રિયથી પર મુક્તિસુખ છે. વિષયાનન્દ ઈન્દ્રિયસુખ છે. વેણુ બંનેને ભુલાવી દે તેવો પરમાનન્દ આપે છે. વેણુનાદ ભગવાનની લીલાની સર્વોત્તમતા સમજાવે છે ! વૃન્દાવન- વિહારીજીની સ્વૈરલીલાના નિરુપક શબ્દબ્રહ્મને તે પ્રકટ કરે છે, લીલાસ્વરૂપનું નિરૂપણ કરે છે. વેદમાં તો અક્ષરબ્રહ્મ પર્યંતનો આનંદ ગણાયેલો - ગણિત છે, આ તો અગણિતાનન્દ-પૂર્ણાનન્દ છે ! સ્વતઃ પુરુષાર્થરૂપ છે, પ્રમાણરૂપ વેદથી પર છે. પુષ્ટિમાર્ગ મર્યાદામાર્ગનાં પ્રમાણનો વિષય નથી. જ્યાં વેણુનાદ-માત્રથી મોક્ષાદિ તુચ્છ લાગે, તો લીલારસના અનુભવનો આનંદ કેવો હોય ? ! વેણુનાદથી જીવાનુકૂલ (લૌકિકભાવવાળા) અને ભગવદનુકૂલ (સર્વાત્મભાવવાળા) વ્રજભક્તો પધારે છે ! ભોગરત ઈન્દ્ર અને મોક્ષરત મહાદેવજી પણ આવે છે. ભગવાન્ "रसो वै सः ।"- રસ રૂપ છે. લીલાવિહારની સઘળી સામગ્રી પણ રસાત્મક જ છે. રસશાસ્ત્રાનુકૂલ લીલાઓ ભગવાન્ કૃષ્ણ કરે છે. પ્રફુલ્લ પુષ્પોવાળું વન છે. તેમાં નિર્દોષ સુંદર ઘાસ ઊગ્યું છે. ગોવાળો નિરંતર પ્રભુનાં સૌન્દર્ય, વેશ, સ્વૈરલીલા રૂપ યશોગાન કરતાં પ્રભુની આસપાસ વીંટળાઈને ચાલે છે. બલદેવજી સાથે છે. તે પ્રતિબંધ-નિવારક છે. આગળ પશુઓ છે. પહેલાં પ્રભુ વ્રજની પાસે વાછરડાં ચરાવતા હતા. હવે, વનમાં ગાયો ચરાવવા પધારે છે. વત્સાસુરવધથી વાછરડાંના દોષ ગયા. વૃન્દાવનમાં ચારવાથી ગાયો નિર્દોષ થઈ. વનલીલા સાત્ત્વિક છે, રસ-સ્વરૂપના જ્ઞાનપૂર્વકની લીલા છે, સ્તંભાદિ-ચિહ્નથી સમજાય છે. રસલોભ કરાવતી લીલા રાજસ છે, વનમાંથી પધારતા પ્રભુના સ્વાગતરૂપ છે. અમર્યાદલીલા તામસ છે, વ્રજ-શયનરૂપ છે. અહીં, રસોદ્દીપક-સામગ્રી-વિશિષ્ટ-લીલા છે.

વિહાર કરવા ઈચ્છતા ભગવાન્ વૃન્દાવનમાં પધાર્યા ! વનમાં ભમરા, મૃગ અને પક્ષીઓનાં મંજુલ ગુંજન થઈ રહ્યાં છે. તે નિર્દોષતાસૂચક છે. પ્રાણી નિર્દોષ હોય તો તેનું પોષક પણ નિર્દોષ જ હોય. ભમરાનાં પોષક પુષ્પ છે. મૃગનું પોષક ઘાસ અને પક્ષીનાં પોષક ફલ છે. વનમાં ત્રણેય હોય. તે નિર્દોષ છે. ઘાસ આસન કે શૈયા રૂપે, પુષ્પ શૃંગાર કે માલા રૂપે અને ફલ આરોગવામાં ઉપયોગી છે. પ્રભુની લીલામાં અનુકૂલ છે. ભગવદિચ્છાથી તે વગર સમયે પ્રકટ થાય છે અને ઈચ્છા ન હોય તો સમય હોવા છતાં પ્રકટ થતાં નથી ! આમ, લીલામાં અનુકૂલ હોવું તે નિર્દોષતા છે ! ભમરાનાં ગુંજન અને પક્ષીનાં કૂજન સ્વાભાવિક રીતે જ મંજુલ હોય; છતાં "तन्मञ्जुघोषालि"- થી વર્ણવે છે. ભગવત્સ્વરૂપ અને વેણુનાદના અનુભવથી થતા આનંદરૂપ તે મંજુલતા છે, લૌકિક નથી, તેથી વર્ણન વ્યર્થ નથી. મૃગ રસોદ્દીપક ગણાતા નથી; છતાં અલૌકિકતા સૂચવવા તેમનો પણ ઉલ્લેખ કર્યો છે ! "तत्"- શબ્દ શ્રીગોપીજન સાથે થયેલા સંકેતના સ્થળે પ્રભુ પધારે છે, તેમ પણ સૂચવે છે. પોતે વસે છે તેવા વનમાં, પ્રિય પ્રભુ પધાર્યા છે, તેનો ઉલ્લાસ મંજુત્વ રૂપે પ્રકટ થયો છે. લીલાનુકૂલ, શ્રમ દૂર કરી દે તેવો, મંદ, સુગંધી, શીતલ વાયુ વાઈ રહ્યો છે. વાયુ અંતરિક્ષ, ગાય અને અરણ્યનો અધિપતિ

છે. - **"वायुर्वा अन्तरिक्षस्याध्यक्षः अन्तरिक्षदैवत्याः खलु पशवो वायव एवैतान् परिदधाति ।"**- તે શ્રુતિ છે. આધિદૈવિક વાયુ પ્રભુની લીલામાં સેવા કરી રહ્યો છે. પ્રસિદ્ધ મહાપુરુષોનાં મન જેવાં, તરંગો વગરનાં, શાંત, મોટાં સરોવરો વનમાં છે. લીલામાંના ભક્તો સિવાય કોઈને તેનું જ્ઞાન થતું નથી. આ સરોવરોનાં જલકણોથી વાયુ શીતલ અને મંદ છે. શતપત્ર-કમલ વગેરે સુગંધવાળાં પુષ્પો ખીલેલાં છે, તેથી વાયુમાં સુગંધ છે. આવું વન ભગવાને જોયું. વિહાર કરવાની ઈચ્છાથી પ્રવૃત્ત થયા !- **"निरीक्ष्य रन्तुं भगवान् मनो दधे ।"** છ ગુણવાળા ભગવાન્ છે. વૃન્દાવનમાં પણ છ ગુણ ! ભ્રમર, મૃગ અને પક્ષીના ત્રણ અને વાયુના ત્રણ ! સમાનતા હોય ત્યાં વિહારમાં આનંદ થાય. ભગવાન્ નિર્દોષ છે. વૃન્દાવન નિર્દોષ છે, તેથી તેમાં તે વિહરે છે. ભગવાન્ જ તે જાણે છે. બલરામજીને સમજાવે છે. વૃક્ષો ભગવાનના ચરણે નમે છે. શાખારૂપ હાથ છે, પાન અંગુલિરૂપ છે, નમસ્કાર તેનાથી કરે છે. પુષ્પથી પૂજે છે, ફલ ભેટ ધરે છે. ભગવાન્ તે જોઈને પ્રસન્નતાથી હસે છે.

વેદ રૂપ દાઉજીને લીલાસ્થલ - વૃન્દાવનનું સ્વરૂપ સદાનંદ કૃષ્ણ સમજાવે છે ! : તેથી બલરામજીમાં પુરુષોત્તમ - ભગવદાવેશ છે !

ભગવાન્ જ ભગવાનનું સ્વરૂપ જાણે છે. બલરામજી વેદાત્મક છે. સ્વયં વેદને પણ વૃન્દાવનનું સ્વરૂપ સમજાતું નથી ! બીજાને તો સમજાય જ ક્યાંથી ? ભગવાન્ સમજાવે તેને જ સમજાય. લીલાના પદાર્થોને પ્રાકૃત સમજે, અલૌકિક રૂપે ન વિચારે, તો ભગવદાવેશ ન થાય. બલરામજી મોટા ભાઈ છે. મોટાને માન દેવું તે મર્યાદા છે, તેથી વૃન્દાવન બલરામજીને માન દે છે, તેમ ભગવાન્ સમજાવે છે. મહાપુરુષો તો પોતાની સેવા કરનારને પણ શ્રેષ્ઠ બનાવે છે ! ભગવાન્ પુરુષોત્તમ તો સર્વના ગુરુ છે. મોટા ભાઈને પણ જ્ઞાન દઈ શકે છે ! બલરામજીમાં ભગવદાવેશ છે, તેથી જ ભગવદીય વૃન્દાવન સન્માન દે છે. ભગવદીયો તો ભગવાનમાં અનન્ય-નિષ્ઠાવાળા હોય. બલરામજીને આથી સ્વાભિમાન ન થાય.

ભગવાને વૃન્દાવનમાં વૈષ્ણવ-વૃક્ષોનું સ્વરૂપ બતાવ્યું, - **"अमी"**- શબ્દથી ! આ વૃક્ષો આધિદૈવિક છે, - દેવરૂપ છે ! બલરામજી દેવશ્રેષ્ઠ છે, ભૂમિનો ભાર હરનાર સંકર્ષણરૂપ પણ છે, આધિદૈવિક તમોગુણના નિયામક છે. ભગવાને તેમને ગુણાધિકાર દીધો છે. વૃક્ષો તેમના ચરણે મસ્તક નમાવે છે. મૂલભૂત તમઃ, કર્મ કે જ્ઞાનથી દૂર ન થાય, તેના દેવતાથી જ દૂર થાય. વૃક્ષપણાનો દોષ દૂર થાય, દયા આવે, તેથી વૃક્ષ રૂપે જ રામને નમે છે. પ્રભુ વનમાં વિહાર કરતાં વૃક્ષોની પાસે આવે, તમોરૂપ અજ્ઞાનથી પોતે લીલાનુકૂલ રીતે પત્ર, ફલ, ફૂલ વગેરે પ્રકટ ન કરે, માત્ર ઋતુ પ્રમાણે કરે, તો અપરાધ થાય, લીલામાં વૃક્ષજન્મ વ્યર્થ થાય. સઘળું સ્નેહથી સાનુકૂલ રીતે, સ્વામીને દે તો સેવા થાય ! તમોગુણ દૂર થતાં તે બને. વૃક્ષો આ દોષ દૂર કરવા વિનવે છે. વૃક્ષપણું તો લીલામાં ઉપયોગી છે. ગમે છે. વૃક્ષોને તો નિકટમાં થતી પ્રભુની લીલાથી આનંદ થાય છે. વૃન્દાવનની ભૂમિમાં ઊગ્યાં હોવામાત્રથી પ્રભુ વૃક્ષોને પોતાનાં ગણે છે, તો સ્વયં વૃન્દાવનવાસી વગેરેની તો કથા જ શી ?

"આ ભમરા ગુંજતા લાગે છે, પણ તે તો યશોગાન કરે છે. તે પણ તામસ છે. વૃક્ષની જેમ તેની પાસે પુષ્પાદિ પૂજાસાહિત્ય નથી, પણ વાણીનો વિનિયોગ કરાવે છે !" સર્વલોકને પાવન કરતો, તીર્થરૂપ ભગવાનનો યશઃ છે. ભગવાનનાં યશોગાન કરનાર તો સ્વતઃ પાવન થઈ જ જાય. તેને પાવન

થવા મથવું કે માગવું પણ ન પડે ! ભગવાનનું ગાન કરનારા પણ સેવકો જ છે. સેવાફલ તેમને મળે. “પ્રભુ ક્યારે કૃપા કરશે ?” - તેમ ઝંખતા, ગાતા, ભગવાનની પાછળ જાણે ભમરા ઊડ્યા કરે છે ! કૃપાની રાહ જોતાં, પ્રભુને અનુકૂલ રીતે જીવે, તે પણ ભજન છે. ભમરા તો મુનિજન છે, મુખ્ય-સેવકો છે, બ્રહ્મજ્ઞો છે. ભગવાને મનુષ્યભાવ સ્વીકાર્યો છે, મુનિજનોએ ભ્રમરભાવ ! તેઓ વનમાં ગૂઢ રીતે ભજે છે, અનન્ય છે. તેઓ પોતાના નિર્દોષ-સ્વામીથી દૂર રહી શકતા નથી. સાનુકૂલતામાં સેવા કરે તે, - સામાન્યભક્ત ! પ્રતિકૂલતામાં પણ પ્રેમથી ભજે તે,- મુખ્યભક્ત ! પુષ્ટિભજન-સેવા-જાહેર ન હોય, ગૂઢ-ગુપ્ત-હોય ! દંડકારણ્યના જે મુનિઓ ગોપી રૂપ ન થઈ શક્યા, તેઓ ભ્રમર રૂપ થયા છે ! તે કર્મફલભોગ નથી, મોક્ષથી પણ મોંઘી સેવા છે ! **''न कर्मबन्धनं जन्म वैष्णवानां च युज्यते । विष्णोरनुचरत्वं हि मोक्षमाहुर्मनीषिणः ॥''**- વૈષ્ણવને કર્મબંધન કે જન્મ ન હોય, ભગવાનના દાસત્વને જ વિજ્ઞો મોક્ષ કહે છે. ભગવદ્‌ભજન તો ભગવન્માર્ગાનુકૂલ રીતે, હૃદયના ગૂઢભાવપૂર્વક, અનન્યતાથી થાય !

“આ મોર તો પ્રભુના પધારતાં નાચી ઊઠ્યા છે ! આગમન-માત્રથી આનંદવિભોર બને, નાચે, તે તો મોટા ભક્ત છે, પધારવા માત્રથી પુલકિત બને છે ! આ હરિણીઓ પણ હર્ષથી આપને પ્રેમનજરે નિહાળે છે. તેનાં નયન તો ગોપીજનની યાદ દે છે, સુખપ્રદ બને છે ! આ કોકિલગણ મધુર કૂજન દ્વારા અતિથિનો આદર કરે છે. ધન્ય છે આ વનવાસીઓ ! **''इयान् हि सतां निसर्गः ।''**- સ્વાગત, સ્નેહ, સાનુકૂલતાનું સંપાદન, સુમધુર વાણી - આટલો તો સત્પુરુષોનો સ્વભાવ જ છે. ધન્ય ધરણી આ વૃન્દાવનની ! પ્રભુનાં ચરણે સ્પર્શતાં ઘાસ, પાન, લતા પણ ધન્ય ! નખસ્પર્શે નદી, પર્વત, પક્ષી અને મૃગલાં પણ ધન્ય ! દયાયુક્તદૃષ્ટિથી ગોપીજન પણ ધન્ય છે ! આશ્લેષનો આનંદ પણ માણે છે ! લક્ષ્મીજી પણ આ આહ્‌લાદની અપેક્ષા રાખે છે !” - આમ સર્વભાવે ભગવદ્રૂપતાની ભાવનાથી બલરામજીમાં નિત્યલીલાનુકૂલ પુરુષોત્તમાવેશ શીઘ્ર થાય, તો બલરામજીનું કાર્ય પણ પુરુષોત્તમની જ લીલા ગણાય, સ્વરૂપભેદ ન રહે, કોઈ દોષ ન થાય. ભગવાનનાં અનન્ય શ્રીગોપીજન સિવાય અન્યત્ર બલરામનો લીલાસંબંધ થઈ શકે.

ગોચારણ કરતા કૃષ્ણ ભક્તોના ચારે પુરુષાર્થ સિદ્ધ કરે છે !

''एवं वृन्दावने....।''- આવા વૃન્દાવનમાં પર્વતના સંબંધવાળી નદીઓના તટે, લીલું ઘાસ ઊગ્યું હોય ત્યાં, પશુઓને ચરાવતાં સદાનંદ નિર્દોષ કૃષ્ણ વિહારો કરે છે. પ્રભુનું મન લીલાવિહારથી પ્રસન્ન છે. વિહારમાં પ્રભુને સાનુકૂલ થાય, તેમ ગોવાળો જ ગાયો ચરાવે છે. સ્વામીનું કાર્ય સેવક કરી લે તે સેવા છે, દાસધર્મ છે ! ગોચારણ વૈશ્ય ગોવાળોનો ધર્મ પણ છે. વૃક્ષો પણ સાનુકૂલ થઈ દાસધર્મ કરે છે. સ્વતઃ લક્ષ્મીજી પણ લીલારસલાભ માટે પધાર્યાં છે ! તે વ્રજલક્ષ્મી રૂપ છે. **''श्रीमत् कृष्णः !''**- શ્રીશુક સ્પષ્ટ કહે છે. **''रेमे''**- ભગવાન્ રમણ કરે છે. **''एवं वृन्दावने श्रीमत्कृष्णः प्रीतमनाः ।''**- નો સંબંધ આગળના વાક્યોમાં પણ છે. પ્રભુની પૌગણ્ડલીલામાં આ ધર્મલીલા કહી. પ્રભુના વિહારમાં વીણાવાદન કરતા હોય તેમ મદમત્ત ભ્રમરો ગાય છે; ત્યારે પ્રસન્ન ભગવાન્ પણ ક્યાંય ગાય છે. રસોદ્રેક તે સૂચવે છે. ભમરાનો મદ તો ભક્તિરસનો ઉન્માદ છે ! ભગવાનનો યશઃ ગાતા ગોવાળો અને બલરામજી સાથે છે. સૌનો અર્થભોગ સૂચવતી આ અર્થલીલા છે.

ક્યાંક કલહંસના કૂજનનું પ્રસન્ન પ્રભુ અનુકૂજન કરે છે. માનસહંસ નીર-ક્ષીર જુદાં કરે છે ! પ્રભુનું અનુકૂજન પણ પ્રસન્ન માનસથી છે. તે રસાલ અને નીરસને જુદાં પાડે છે, યથાધિકાર સંભળાય છે, અલૌકિક છે. કલહંસ મધુર વિલક્ષણ ગાન કરે. "कल"- અવ્યક્ત, મધુર ! ભગવાન્ અવ્યક્ત મધુરભાવોના પ્રકાશક-વિવેચક છે, રસ પ્રકટ કરે છે. ઢેલ સાથે કે મેઘને જોતાં મોર નાચે, ત્યારે ક્યારેક નાચે છે ! તે જોતાં બધાં બાલકો મોરને હસે છે. મોર ઢેલ સાથે રસમત્ત થઈને નાચે, નાચવામાં સર્વગાત્રનો વિક્ષેપ થાય, સર્વરસ નેત્રમાંથી અશ્રુ રૂપે નીકળે, ઢેલના મુખમાં પડે, આધાન થાય ! અલૌકિક આ રસપ્રકાર છે. ભગવાનનું નૃત્ય રસક્રિયાઓ સૂચવતાં રસપોષક છે. આ કામલીલા છે. ભગવાનનાં દર્શનની અપેક્ષા તેથી વધે છે. ક્યાંક ભગવાન્ દૂર જતાં મૂઢ પશુઓને મેઘગંભીર, મંજુલ વાણીથી નામ દઈને પ્રેમથી પોકારે છે. નમન અને સ્તવન કરતા બ્રહ્માદિ દેવો પાસે મૌન રહેતા કૃષ્ણ, મૌન રહીને દૂર જતાં પોતાનાં પશુઓને પોતે પ્રેમથી પાસે બોલાવે છે ! ક્યારેક અંતકાલે પ્રભુ પોતાને યાદ કરે, મુક્તિ દે, તે માટે તો જીવનભર પ્રભુને યાદ કરવાના. દૂર હોય તે યાદ કરે ! સમીપ હોય તે સેવા કરે ! ભગવાન્ ભજનારના ભજનને સાનુકૂલ બને, પોતે તે રીતે ભજનારને ક્યારેક ભજે, તે સાધનનું સાફલ્ય છે, જીવનફલ છે. ભગવાનની મંજુલ પ્રત્યક્ષવાણી સાંભળનારના સર્વવિષયો-દોષો- ને દૂર કરે છે. ગાયોને પ્રભુ પાસે લઈ જનાર ગોવાળ ગુરુ જેવા છે. ગાયો મોક્ષાધિકારીઓ હોય તેવી છે, છતાં પશુ હોવાથી પૂર્વોત્તરકાંડનાં સાધનોની યોગ્યતા નથી. મોક્ષ દેવા પધારેલા ભગવાન્ તેમના અધિકારને પ્રકટ કરતાં દરેકનાં નામ દઈને પોકારે છે. આ મોક્ષલીલા છે. સાધનદશામાં ફલનો અનુભવ અલૌકિક છે !

રસાત્મક પરમાનંદ કૃષ્ણનો રસ દશ પ્રકારે અનુભવાય છે :

બ્રહ્માનંદથી પણ ભજનાનન્દની શ્રેષ્ઠતા તે સમજાવે છે. વૃન્દાવનમાં ભગવાન્ પક્ષીઓના અવાજનું અનુકરણ કરે છે. વ્રજભક્તોને રસસંકેત દે છે, રસલીલા કરે છે !

चकोरक्रौञ्चचक्राह्वभारद्वाजांश्च बर्हिणः ।
अनुरौति स्म सत्त्वानां भीतवद् व्याघ्रसिंहयोः ॥ (१३)

(૧) "**चकोर**"- ચકોર પક્ષી ભૂમિ પર રહીને ચન્દ્રકિરણોનું પાન કરે છે. તેમાં જ આસક્ત છે. અલૌકિક છે. ભગવાન્ ચકોરની જેમ ભક્તમુખચન્દ્રનો રસ માણે છે, તેમાં રત છે. દુર્લભને સુલભ કરવામાં ચતુરશિરોમણિ છે.આ શૃંગારરસ સૂચવે છે. (૨) "**क्रौञ्च**"- ક્રૌઞ્ચ પક્ષીનાં ઈંડાં કાશ્મીર વગેરે સ્થળે ખૂબ બરફવાળા સ્થળમાં સુરક્ષિત ઢંકાયેલાં હોવા છતાં, પોતે દૂરના સ્થળે રહીને, આકાશમાં ઊડતાં વાણી (અવાજ)થી ઈંડાંને સેવે છે. તે તેનું સામર્થ્ય છે. યુદ્ધમાં પણ તે ઉત્સાહી છે. તે વીરતા- સૂચક છે. હેમંતમાં ક્રૌઞ્ચ-શબ્દ રસોદ્બોધક છે. આ વીરરસ-સૂચક છે. ઉત્સાહ વધારે છે. (૩) "**चक्राह्व**"- ચક્રવાકીના વિયોગમાં વ્યાકુલ ચક્રવાક ખૂબ દુ:ખી હોય, શોકાતુર હોય. જલચક્ર-વમળ- માં સપડાયેલો ખૂબ પીડાય, તેની દયા આવે, તેના પોકારમાં કરુણા હોય. આ કરુણરસ સૂચવે છે. ભગવાન્ વ્રજભક્તોના વિયોગમાં ચક્રવમળ-માં વ્યથિત હોય તેમ ભાવ પ્રકટ કરે છે; તેથી કરુણરસ અનુભવાય છે. શૃંગારના સંબંધથી જ કરુણરસ બને છે; નહિ તો માત્ર કરુણા જ કહેવાય. તેમ હાસ્ય વગેરે

શૃંગારરસ સંબંધથી જ રસ ગણાય છે! - "स्युः श्रृङ्गारसंवलिता रसा हास्यादयो यदि।" (૪) "भारद्वाज" ક્રમાનુકૂલ રીતે આ અદ્ભુતરસ સૂચવે છે. બૃહસ્પતિ અને મમતાનું સંતાન ભારદ્વાજ! તેની ઉત્પત્તિ અદ્ભુત છે, તેથી તેના અવાજના અનુકરણે અદ્ભુતરસનો અનુભવ પ્રભુ વ્રજભક્તોને દે છે. (૫) "बर्हि"- ભગવાન્ મોરનું નૃત્યાદિથી અનુકરણ કરે છે. મોર તેમની તુલનામાં હાસ્યાસ્પદ લાગે છે. આ હાસ્યરસ સૂચવે છે. આ પાંચ રસ અત્યંત વિરુદ્ધ નથી; તેથી સાથે ગણાવ્યા છે. (૬) "सत्त्वानां"- વાઘ-સિંહથી ડરેલાં પ્રાણીઓના અવાજનું અનુકરણ કરે છે. ડર બે પ્રકારનો, - સ્વરૂપનાશથી અને અભિમાનાદિ-નાશથી ! ક્રમશઃ તે વાઘ-સિંહથી અનુભવાય. સામનો ન કરી શકે તેવાઓને અનેક રીતનો ભય થાય. રસના અભિનયમાં સસલા વગેરેની ક્રિયા કરતાં તેમનો અવાજ યોગ્ય ગણાય; તેથી તે બતાવ્યો. આ ભયાનકરસ થયો. આ પણ શૃંગારાનુકૂલ છે, નહિ તો માત્ર ભય ગણાય. વિહારમાં રસ સર્વત્ર પ્રસિદ્ધ થાય, તો રસાભાસ થાય. - "गुप्तो हि रसो रसत्वमापद्यते।" "प्रकट किये रस जाय।" ચકોર વગેરે છથી રસાનુભાવ કહ્યા, અનુકરણના અવાજરૂપ ઉદ્દીપનવિભાવ અને યથાસંભવ વ્યભિચારિ-વિભાવો પણ કહ્યા. ભગવાનના રસવિહારોમાં અનુભાવ, આલંબન, ઉદ્દીપન,- વ્યભિચારિ- વિભાવો છે. રસને અનુભવ વિષય બનાવે તે, અનુભાવ! વ્રજલક્ષ્મી આલંબન-વિભાવરૂપ છે, આધારરૂપ છે, અહીં પક્ષ્યાદિ પણ ! રસને વધારે ઉત્પન્ન કરે, તે ઉદ્દીપન-વિભાવ છે,- રસમાં ગતિશીલ હોય, અનેક રસવ્યાપ્ય થાય, તે વ્યભિચારિ-વિભાવ કહેવાય. ભગવાન્ રસાત્મા નાયકરૂપ છે. (૭) "आर्य...पादसंवाहनादिभिः"- મલ્લયુદ્ધ વગેરેથી શ્રમિત થયેલા મોટા ભાઈ બલરામજીને શૈયા બિછાવી, પોઢાવી, ભગવાન્ પોતે ચરણસેવા કરે છે! ગોપના ખોળાનું રામે ઓશીકું કર્યું છે. ઉત્તમનો હીનભાવ બીભત્સ છે, જુગુપ્સા પ્રેરે છે. ભક્તોને તેમાં બીભત્સરસનો અનુભવ થાય છે, સૌને નહિ! આ બધા રસ ભગવદ્ભજનમાં તે તે અધિકાર સૂચવે છે. શ્રમથી વિકલ રામ પ્રભુની સેવા પણ સ્વીકારે છે ! રામાવતારની લક્ષ્મણજીની ઈચ્છા સંતોષતા હશે ! આ બીભત્સરસ-સ્વલ્પ પણ સ્નેહન્યૂનતા જણાતાં, ભ્રમરૂપ ભાનથી અયોગ્યતા દેખાતાં, પરમાનન્દાનુભવથી આકાંક્ષા ખંડિત થતાં, માન-ખંડિતા વગેરે ભાવનું સંપાદન કરે છે! શૃંગારરસાનુકૂલ ન હોય તે તો, કુત્સિત નિરૂપણથી માત્ર બીભત્સ છે. વીર-હાસ્ય વગેરે રસ શૃંગારરસના અંગરૂપ છે, તેનાથી પુષ્ટરસ - "रसो वै सः"- ભગવાન્ શ્રીકૃષ્ણ છે. (૮) "नृत्यतः"- ક્યાંક પરસ્પર નાચતા, ગાતા, મલ્લયુદ્ધ કરતા, મધુરતા દર્શાવતા, ગોવાળોના હાથ પકડીને હસતા પ્રશંસા કરે છે. આથી અન્યત્ર ઉત્પન્ન થતો રૌદ્રરસ ભગવાન્ સાથે સંબંધ ધરાવે છે. ભગવાનને મલ્લયુદ્ધ-દર્શનમાં વખત વેડફતા જોઈને, વ્રજભક્તોમાં રસાત્મક ક્રોધથી રૌદ્રરસ-ઉદ્ભવે છે ! માનિની અને વિપ્રલબ્ધામાં આ દેખાય છે. ભગવાન્ પોતે અયુક્ત મલ્લયુદ્ધાદિ કરતા નથી. મુખ્યભક્તો સાથે યુક્તલીલા કરે છે! (૯) "क्वचित् पल्लवतल्पेषु"- વૃક્ષના મૂલ પાસે છાયામાં ગોવાળોએ કોમલ પાંદડાંની અનેક શય્યાઓ કરી છે. લીલામાં પત્ર-પુષ્પાદિ ભગવદ્રૂપ છે, કરમાતાં નથી. એક ભગવાન્ અનેક રૂપ થઈ સૌને સુખ દેતાં તેમાં પોઢે છે, તેથી બહુવચન છે! ભગવાન્ બાહુ- યુદ્ધથી જિતશ્રમ છે. આ શાન્તરસ-સૂચક છે. વૃક્ષમૂલ પરમહંસરૂપ છે, અતીન્દ્રિય છે, તેમને કૃતાર્થ કરે છે. લોકોને આ માત્ર કોમલ પાંદડાંની શૈયા લાગે છે. વાસ્તવમાં યોગિજનનાં અંતઃકરણ છે! ગોવાળોના ખોળામાં ભગવાને મસ્તક પધરાવ્યું છે. વ્રજભક્તોએ સંકેત

કરેલાં આ વૃક્ષમૂલ છે ! અંતરંગ-મિત્ર ગોપોએ ત્યાં શૈયાઓ બનાવી છે. વ્રજભક્તોનાં અંતઃકરણ તો ત્યાં આતુરતાથી જ છે. અતીન્દ્રિય રૂપે, ગુપ્તરીતે ત્યાં વ્રજભક્તો વિરાજે છે. પ્રભુ માટે ઉત્કટભાવથી સર્વ પરિત્યાગ કરનારાં તે પરમહંસરૂપ છે ! અતિગુપ્ત સંદેશ પ્રભુને દે છે. પ્રિય પ્રભુના યોગથી તે યોગી રૂપ છે ! રતિશ્રાન્ત કૃષ્ણ છે ! તેમનું શયન શ્લોકમાં કહેલું છે. તે વખતે ગોવાળોના ખોળાનું ઓશીકું કર્યું છે. (૧૦) "**पादसंवाहनं.. अस्य**"- શાન્તરસનો અભિનય કરતાં પોઢેલા સર્વરસાસ્વાદક પ્રભુનાં ચરણની સેવા કેટલાક ગોવાળો કરે છે. આ સેવા દાસ્યરૂપ છે. આ દાસ્ય કરનાર દુર્લભ છે. કેટલાક કર્મમાર્ગાનુસાર ભક્તિ કરનારા નિષ્પાપ ગોવાળો પંખાથી પવન નાખે છે. આ બંને પ્રભુની સેવારૂપ છે, તેથી ભક્તિરસ ભગવાનની સમીપમાં મળે છે. આ ભક્તિરસ સૂચવે છે ! ભક્તિરસ સ્વતન્ત્ર પણ છે. શૃંગારના અંગરૂપ નથી પણ હોતો ! વ્રજભક્તોને ચરણસેવાનાં દર્શનથી ભગવાન્ પુરુષોત્તમમાં ભક્તિરસ ઉદ્ભવે છે. તે શૃંગારરસના અંગભૂત છે ! મા યશોદાજીને, - "**ततो भक्तिर्भगवति पुत्रीभूते-**" થી ભક્તિરસનો અનુભવ પુત્રભાવરૂપ સ્વતંત્ર છે ! "**भक्तिरस्य भजनं तदिहामुत्र फलभोगनैराश्येनास्मिन् मनःकल्पनम् ।**"- શ્રુતિ છે. ભક્તિ શ્રીગોપીજનવલ્લભ શ્રીકૃષ્ણનું ભજન છે. આ લોક અને પરલોકનાં ફલભોગની અપેક્ષા વિના, આ (પ્રભુ)માં મનની સ્થિતિરૂપ છે. માહાત્મ્યજ્ઞાનપૂર્વક સુદૃઢ અને સર્વથી અધિક સ્નેહથી તે સંભવે. આવો સ્નેહ ભક્તિરૂપ છે. શાંડિલ્યમુનિ ભક્તિને ઈશ્વરમાં પરાનુરક્તિરૂપ ગણે છે. નારદજી ભગવાનમાં પરમપ્રેમસ્વરૂપા ગણે છે. તે સ્નેહ ક્ષણિક નથી - સ્થાયી છે. "**यशोदाकर्ण्य नामानि... श्रृण्वन्त्यश्रूणि चास्राक्षीत्.....।**"- ઉદ્ધવજી વ્રજમાં પધારતાં, કૃષ્ણનાં નામ અને લીલા સાંભળતાં, મા યશોદાજીમાં અશ્રુપાત અને પયઃસ્રાવથી સ્નેહથી અભિવ્યક્તિ અને ઉત્કર્ષ દેખાય છે. તે તેની રસરૂપતા સૂચવે છે. આમ ભક્તિરસ સ્વતન્ત્ર પણ દેખાય છે ! કેટલાક સ્નેહાર્દ્ર ગોવાળો નિરોધ માટે કરેલાં, ભગવાનનાં અને ભક્તોનાં મનને હરે તેવાં, રાગાનુકૂલ યોગ્ય ગાન ધીમેધીમે કરે છે. વાદ્યધ્વનિમાં કંઠરવ ડૂબે નહિ તેમ ગવાય ! માહાત્મ્ય જાણીને સમયાનુકૂલ રીતે ભગવાન્ ગવાય ! કાલિયહ્રદમાં નાગબંધન દેખાતાં દુઃખ કરે તેવાં ગાન કરતા નથી. સ્નેહથી આર્દ્ર તેમની બુદ્ધિ છે. પ્રેમાત્મક પ્રભુ પાસે હોય તો પ્રેમ થાય જ !

આમ, નિગૂઢજ્ઞાનવાળા ભગવાન્ ગોપાલ ગોપોનું અનુકરણ કરે છે ! સમર્થ, સામાન્ય રૂપે પોતાને ઓળખાવે તે હસવા જેવું જ લાગે. અલૌકિકલીલાથી અનુકરણ માયા દ્વારા કરે છે. માયા ભગવાનની સાધનરૂપ શકિત છે. ભગવાન્ તો "**रमालालितपादपल्लवः**" છે. - રમાદેવી લીલાવિહારમાં સમાનતા અનુભવે છે. સમાનભાવથી ભક્તિનો અનુભવ ન થાય. પતિવ્રતા લક્ષ્મીજી ભક્તિરસાનુભવ માટે પ્રભુનાં ચરણોની સેવા સ્નેહથી કરે છે. લીલા તો લૌકિક જેવી હોવા છતાં મોક્ષથી અધિક સુખ દેનારી છે ! તે - "**लोकवत्तु लीलाकैवल्यम् ।**"- માં પ્રસિદ્ધ છે. આ લીલા ગોપોના સંસ્કાર માટે છે !

તાલવનમાં બલરામજીનું બાહુબલ : ગર્દભરૂપ ધેનુકવધ-લીલા ! : ભક્તોના દેહાધ્યાસની નિવૃત્તિ :

ત્યાં તો શ્રીદામા સખા આવ્યા. "**श्रीर्दाम यस्येति ।**"- લક્ષ્મીજી જેનું સૂત્ર છે, સંદેશ વગેરે દ્વારા તે સેવા કરે છે. લક્ષ્મી શ્રીસ્વામિનીજી છે. તે વૃષભાનુજીને ત્યાં પ્રકટ્યાં છે, તેથી શ્રીદામા ભાઈ રૂપ છે. તે પણ નંદવંશીય છે. શ્રીનંદજી અને વૃષભાનુજીને યદુવંશીય પણ ગણેલા છે. ભગવાનના સખાઓ તો સખી રૂપે નિકુંજલીલાઓમાં, સખા રૂપે દિવસે લીલામાં અને અવતાર વખતે ભક્ત પણ

છે. નિત્યલીલામાંથી ભગવાનના અવતાર સમયે તે સાથે આવે છે. અનવતારદશામાં પણ તે સૂરદાસ, નંદદાસ, કુંભનદાસ વગેરે રૂપે પ્રસિદ્ધ છે. સુબલ, સ્તોક, કૃષ્ણ વગેરે લીલામાંના મિત્રો છે. પ્રભુ પાસે પ્રેમથી તે માગવા લાગ્યા. સુબલ બલરામને અનુકૂલ-પ્રિય-છે. તેણે રામને વિનવ્યા, - "હે રામ ! હે કૃષ્ણ ! અહીંથી નજીકમાં તાલવન છે. ત્યાં ખૂબ ફલ પડે છે અને પડેલાં પણ છે; પણ દુષ્ટ ધેનુક કોઈને લેવા દેતો નથી. તે અસુર છે. ગર્દભના વેશમાં રહે છે. તેના જેવા બીજા પણ અનેક ત્યાં છે. માનવને તે ખાઈ જાય છે. હે અમિત્રહન્ ! તાલવનમાં ફલ ચારે તરફ ફેલાતા સુગંધવાળા છે, - "विषूचीनः ।" હે કૃષ્ણ ! અમને તે ફલ આપો ! રામ ! રુચે તો પધારો !" ભગવાન્ જીવાડે તે સ્થિતિમાં પ્રસન્નતાથી જીવે, પોતાનો આગ્રહ ન રાખે, તેને સુખ-શાંતિ મળે. લીલારત ભગવાન્ અમિત્ર (દુષ્ટ કે ભક્તનો અપરાધ કરનાર દ્વેષી)ને મારે છે, તે તો ગોપોના હૃદયમાં સ્પષ્ટ છે, નહિ તો પ્રેમથી બોલતા મિત્રગોપો પ્રભુને દુષ્ટ પાસે જવા વિનવે નહિ. સઘળાં ફલનું દાન ભગવાન્ કરી શકે છે. સખાની વાત સાંભળી. સ્નેહવશ પ્રભુ સ્વજનહિત કરવા પધાર્યા છે. અપરાધ વિના અક્લિષ્ટકર્મા ભગવાન્ મારે નહિ, કૃષ્ણે ધેનુકને માર્યો પણ નથી. કૃષ્ણ બહાર ઊભા. બલરામ અંદર ગયા. બલ પ્રકટ થયું. એક વૃક્ષ હલાવ્યું, પાડ્યું. અનેક તેથી પડ્યાં. અવાજ થયો. દુષ્ટ અસુરે સાંભળ્યો. અસુર કરતાં અસુરપશુ અને તેમાં પણ ગર્દભ તો તદ્દન અધમ ગણાય. દુષ્ટ કરતાં પણ દુષ્ટના અનુયાયીઓની દુષ્ટતા અત્યંત ભયંકર હોય. દુષ્ટો ભૂંકતા આવ્યા. પર્વત પણ કમ્પ્યા. પાછલા બે પગ ઉછાળ્યા. બલરામજીને છાતીમાં લાત મારી. ખલ ચારે તરફ ઘૂમ્યો. બલભદ્રજીએ રજા વગર વનપ્રવેશનો અપરાધ સહન કર્યો. દુષ્ટે ફરીથી ક્રોધથી મારવા પગ ઉછાળ્યા, બલરામે એક હાથે પકડ્યો. ઘુમાવ્યો, ફેંક્યો ! અંતરિક્ષમાં મર્યો. ઝાડ સાથે અથડાયો. અનેક ઝાડ પડ્યાં. જાણે પ્રચંડ ઝંઝાવાત ફૂંકાયો ! ભગવાનની ક્રિયાશક્તિ જાગ્રત થઈ. બલરામમાં ભગવદાવેશ થયો છે. લોકપ્રતીતિ માટે ધેનુકવધ બલરામજી પાસે કરાવ્યો. ભગવાન્ સર્વ કાંઈ કરે તેમાં આશ્ચર્ય શું ? વિશ્વ તેમાં ઓતપ્રોત છે. ધેનુકના અનુયાયી મૂર્ખ દુષ્ટો દોડતા આવ્યા. ગોવાળો સામે ધસ્યા. દરેક ગોવાળની આગળ કૃષ્ણ અને રામ અનેક રૂપે પ્રકટ થઈ ગયા ! દુષ્ટોને, પકડ્યા, ઘુમાવ્યા, ફેંક્યા!- મર્યા, ઝાડ સાથે અથડાયા. દુષ્ટે રોપેલાં ઝાડ પણ નષ્ટ થઈ ગયાં, પડ્યાં! ફલ, મૃતગર્દભ-દેહ અને તાલવૃક્ષોથી શ્યામ પૃથ્વી શોભવા લાગ્યાં ! - દેવોએ પુષ્પવૃષ્ટિ કરી, વાદ્ય વગાડ્યાં. ગોવાળોએ સ્વેચ્છાથી તાલફલ ખાધાં ! સૌ નિર્ભય થયાં. તાલવૃક્ષ તો રામે ધ્વજમાં રાખ્યું છે. કીર્તિરૂપ છે. તેને કલંકિત કરનારને દંડ જ મળે. પોતે કરેલા આ જનહિતને રામે યશો રૂપે ધ્વજમાં પધરાવ્યું છે, દ્વારકાલીલામાં સ્મૃતિ રાખી છે !

દુષ્ટ મરે તો સૌને સુખ થાય. સર્વને ઉપયોગી વસ્તુઓનો પોતે સંગ્રહ કરીને બેસે, (વસ્તુ) અત્યંત હોવા છતાં (કોઈને) ન આપે, ગેરલાભ લે, લોકોને પીડે તેને તો દંડ જ મળે. સાધારણ વ્રજવાસીઓની આધ્યાત્મિક - અવિદ્યાને દૂર કરવા ભગવાન્ આ બધી લીલા કરે છે. દુષ્ટને દંડરૂપ પ્રભાવ પ્રકટ કરી, ભક્તોનો નિરોધ કરે છે. આ ધેનુકાસુર દેહાધ્યાસરૂપ છે. પહેલાં વૃન્દાવન-વર્ણનથી લીલાસંબંધી વસ્તુનું સ્વરૂપ કહ્યું, પછી દશરસાત્મક-લીલાનો અનુભવ કહ્યો. આમ થતાં, દેહાદિ-સર્વની કાયમ માટે વિસ્મૃતિ થઈ જાય. તે માટે દેહ વગેરેની સ્મૃતિ જવી જોઈએ, તેથી પછી કહેલ ધેનુકવધ વગેરે દેહાદિસ્મૃતિ-વિનાશરૂપ ગણાય. વધ વિસ્મૃતિરૂપ છે ! આવી સ્મૃતિ અધ્યાસરૂપ ગણાય, તેથી

ધેનુક વગેરે દેહાધ્યાસરૂપ છે. અધ્યાસ જતાં તે સ્મૃતિ ન રહે. અધ્યાસ અવિદ્યાજન્ય ગણતાં ધેનુ દેહાધ્યાસ-રૂપ છે. દેહસંબંધી આવશ્યક-કર્મની પ્રવૃત્તિ-નિમિત્તે, ભગદ્ભજનમાં થતો પ્રતિબં (અવરોધ) દેહાધ્યાસ હોય છે. અહીં, પોતાને મનગમતી રીતે વિશેષપ્રકારે ભજન કરવામાં, તાલવનમ જવામાં, ધેનુક અવરોધરૂપ છે, તેથી દેહાધ્યાસરૂપ છે. ભજન પ્રેમથી થાય. ગોવાળોએ (પ્રેમથી તાલવનમાં જવાનું કહ્યું છે. તત્ત્વજ્ઞાનના સ્વભાવથી જ અધ્યાસ દૂર થાય, તેમ અહીં લીલારસાનુભવથ સ્વાભાવિક રીતે ઉત્કટરાગ થતાં, સઘળું ભુલાઈ જવું જોઈએ, છતાં પોતાની મનગમતી લીલામ પ્રતિબંધરૂપ ધેનુકનો ભય વગેરે ગોવાળોને ભાસ્યો ! તે દેહાધ્યાસનું કાર્ય છે, તેથી ધેનુક દેહાધ્યાસરૂ છે, તેથી ગોપોએ વિનંતી કરી, પ્રભુએ તેથી ધેનુકવધ કર્યો. આધ્યાત્મિક-દેહાધ્યાસ દૂર કર્યો. ભગવત સાનુભવથી સઘળું વિસ્મૃત થઈ જાય, તે અધ્યાસ-નિવૃત્તિ છે. ભગવાન્ આત્મારૂપ છે, રસ રૂપ ગોવાળોને દેહસંબંધી સૌમાંથી સ્વકીયતાની બુદ્ધિ દૂર થતાં સેવકભાવરૂપ ઉત્તમ ફલ મળ સ્વરૂપાનન્દનો અનુભવ શ્રીગોપીજનને થયો ! દૂર થયેલો આ દેહાધ્યાસ લિંગશરીરાત્મક પ્રાકૃતમાંથી તેની નિવૃત્તિ અહીં છેલ્લે કહી છે. વિષ-જલપાનથી સૌ મર્યાં. ભગવાને જીવાડ્યાં. લીલામ રહેલા ભક્તોનું જીવન વગેરે અલૌકિક હોવાથી અદૃષ્ટજન્ય નથી. આમ જણાવવા માટે વિષજલથ મરેલાંને કૃપાદૃષ્ટિથી જીવતાં કર્યાં ! "**मृत्युरत्यन्तविस्मृतिः ।**"- પ્રભુની અત્યંત વિસ્મૃતિ મૃત્યુરૂપ વિષયોન્મુખ ઈન્દ્રિયો તેમાં કારણરૂપ છે; તેથી કાલિયને ઈન્દ્રિયરૂપ ગણ્યો. વિષને વિષયરૂપ કહ્યું. તે દમન કરીને દૂર કરવાથી ઈન્દ્રિયાધ્યાસ-નિવૃત્તિ કહી છે. આમ આગળ પણ છે, તેથી વ્રજવાસીઓ ભગવદ્ભાવ સિવાય બીજો કોઈ ભાવ ક્યારેય નથી. જોકે આ ભક્તો પહેલેથી જ આવા છે; છ જેમ પ્રભુએ પોતે વાણીથી વર્ણન કરીને લીલાનાં વૃક્ષ વગેરેનું સ્વરૂપ ઓળખાવ્યું; તેમ, પોતા લીલાથી આ ભક્તોનું સ્વરૂપ આધુનિક-લોકોને સમજાવવા માટે, આવા લૌકિકભાવનું સ્થાપન કરી ભગવાન્ આ રીતે લીલા કરે છે, નહિ તો "**दैवोपहतचेतसः**"- ન કહે ! આવો સંભવ લૌકિકમાં હો અલૌકિકમાં નહિ. ધેનુકાસુર-વધલીલા ભગવાને કાર્તિક પૂર્ણિમાએ કરી.

કૃપાકટાક્ષોથી વ્રજભક્તોના સંતાપનું શમન કરતા, સંકેત કરતા, કમલદલલોચન કૃ સાયંકાલે વ્રજમાં પધાર્યા. પ્રભુ તો "**पुण्यश्रवणकीर्तनः**"- છે. પ્રભુનાં શ્રવણ-કીર્તન પુણ્યરૂપ શ્રવણથી કથાસુધા-પૂર હૃદયમાં પ્રવેશતાં, હૃદયને અને સર્વ દોષોને મથી નાખે છે, મુખમાંથી બહ નીકળે છે. આમ વારંવાર થતાં સર્વથા શુદ્ધિ થાય છે. ગોવાળો ભગવાનની સ્તુતિ કરે છે. રહસ્યલી તો તાદૃશભક્ત પાસે ગવાય. તે કહેનાર પણ દુર્લભ. અલૌકિકકથા છે. પ્રકટલીલા સૌની સામે ગવા લૌકિક-રીતે પણ તે મળે. પ્રભુ ગોવાળો સાથે વ્રજમાં પધાર્યા.

સાયંકાલે (સંધ્યાસમયે) પધારતા પ્રભુના સ્વરૂપનું વર્ણન કર્યું :

तं गोरजश्छुरितकुन्तलबद्धबर्हवन्यप्रसूनरुचिरेक्षणचारुहासम् ।
वेणुं क्वणन्तमनुगैरनुगीतकीर्तिं गोप्योदिदृक्षितदृशोऽभ्यगमन् समेताः ॥ (४२)

ગોરજથી છવાયેલ, વાંકડીઆ વાળમાં બંધાયેલ મયૂરપિચ્છ અને વનપુષ્પો અને રુ દૃષ્ટિયુક્ત ચારુહાસવાળા, અનુચર ગોવાળોથી અનુગીત કીર્તિવાળા, વેણુ બજાવતા, તે ભગવાન

દર્શનોત્સુક નેત્રવાળાં, એકઠાં થયેલાં, ગોપીજન વીંટળાઈ વળ્યાં ! ચાર પુરુષાર્થસહિત દશ રસયુક્ત-લીલાનાં શ્રીગોપીજનને દર્શન કરાવતા ભગવાન્ ચૌદ ધર્મવાળા છે. "**गोरजश्छुरितकुन्तल**"- માં ચાર પુરુષાર્થ-લીલા છે. ધર્મ વૃષરૂપ છે. તે "**गो**"- શબ્દથી ઓળખાય છે, તેથી ધર્મપુરુષાર્થ લીલા "**गो**"- શબ્દથી કહી છે. અર્થ ધર્મસાધ્ય છે ! તે વિક્ષેપમાં કારણરૂપ, મદહેતુરૂપ છે. તે રજોરૂપ છે, તેથી "**रजः**"- શબ્દ અર્થપુરુષાર્થ-લીલા સૂચવે છે ? નિષ્કામ કોઈનો સંબંધ ન કરે. કામના હોય તે સંબંધ રાખે છે. રજ છવાયેલ છે, તે કામસૂચક છે. "**एकाकी न रमते । स द्वितीयमैच्छत् । स हैतावानास ।**"- તથા "**तत् सृष्ट्वा तदेवानुप्राविशत् ।**"- શ્રુતિ છે. કામનાથી સર્વ રૂપે પ્રકટ થઈને પ્રભુ સર્વમાં વ્યાપ્ત થયા છે. કેશ હમેશાં બાંધેલા હોય, વાંકડીઆ વાળ (અલક) સદા છૂટા હોય ! મોંની આસપાસ તે વિખરાયેલા હોય. ગોરજથી તે છવાયેલા છે, તેથી "**छुरित**"- શબ્દ કામ-પુરુષાર્થલીલા-સૂચક છે. "**कुन्तल**"- માં છૂટા વાળ (અલક) મોક્ષરૂપ છે. ભગવાનનું વાસ્તવરૂપ પ્રકટ કરનાર છે. દૂર ગયેલાં માનિનીનાં મનને પોતાની અસાધારણ શોભાથી પાછાં લાવી, સ્વરૂપાનન્દપ્રદ છે. આવાં દર્શનથી તે તે લીલાનો સાક્ષાત્ અનુભવ થતો લાગે છે. "કુન્તલ" - વાંકડીઆ વાળ ભ્રમરની જેમ રસપાન કરવા, મુખકમલની આસપાસ વીંટળાયેલા લાગે છે ! તે દર્શન કરતાં શ્રીગોપીજનનો ભાવ પ્રકટ કરે છે, - જગાડે છે, તેથી તે કામરૂપ છે. રજઃ રજોગુણરૂપ છે, ભાવ વધારે છે. ગાયો ભગવાનની સાથે વનમાં રહે છે. તેને જોતાં પ્રભુ યાદ આવે છે, રસાનુભવ થાય છે; તેથી ગાય અનુભાવરૂપ છે. ધર્માદિ-સહિત હોય તેને મોક્ષ મળે, તેમ અહીં સંબંધ સૂચવાય છે. પુષ્ટશૃંગારરસનું અહીં નિરૂપણ છે.

"**बद्धबर्ह**"- મયૂરપિચ્છનું બંધન વીર અને અદ્ભુતરસ સમજાવે છે. વીરપુરુષો વીરતાનાં ચિહ્નો ધારણ કરે છે. ભગવાન્ શૃંગારરસ-સંબંધી-વીરતાસૂચક મયૂરપિચ્છ ધરે છે. તેના દર્શનથી ભગવાનની લોકવિલક્ષણ કામલીલાના સ્મરણે આશ્ચર્ય થાય છે. આમ વીર અને અદ્ભુતરસનો અનુભવ શ્રીગોપીજનને થાય છે. આ ત્રણ પ્રભુમાં રહેલા અનુભવાય છે, બીજા રસ શ્રીગોપીજનમાં પ્રકટ થાય છે. "**वन्यप्रसून**"- વનમાં પુષ્પ પણ પ્રભુએ બાંધ્યાં છે. વનમાં થયેલાં પુષ્પોનો સંબંધ ભયાનક અને હાસ્યરસ પ્રકટ કરે છે. "પોતાને માટે પ્રભુ આટલો બધો પરિશ્રમ કરે છે !" તેમ બાંધેલા મયૂરપિચ્છ-દર્શનથી મનમાં થતાં, પ્રભુ પોતાનામાં જ રત છે, તેવી સમજથી ઉત્પન્ન થતી ઉત્કંઠાથી, પ્રભુને નિકટમાં પકડી રાખવા માટે લજ્જા છોડીને ઉતાવળાં થતાં શ્રીગોપીજન વનપુષ્પને જોતાં, પ્રભુ ફરીથી વનમાં ચાલ્યા જશે, તેવો ભય અનુભવે છે, તેથી લજ્જા ન છોડવાનું ભાન થાય છે. આવો ભય ઉત્પન્ન થાય તો લજ્જા છોડતાં રસ પ્રકટ થાય, રસમર્યાદા ન રહે, રસાભાસ બની જાય, તેથી ભય પણ શૃંગારરસ-પોષક હોવાથી ભયાનકરસરૂપ છે ! વનપુષ્પ જોતાં શ્રીગોપીજનને કૃષ્ણમાં ચાતુર્ય લાગતું નથી ! સર્વોત્તમ પોતાને છોડીને, પ્રભુ કામમાં અવરોધરૂપ સાત્ત્વિક-વનમાં પધારી, ગોવાળોને લઈને, પશુઓની પાછળ ભમે છે ! આ વિચારે હાસ્યરસ પ્રકટે છે. વનપુષ્પ દુર્ગમ સ્થળે ઊગેલાં, તે જોતાં ભય થાય છે. વિચિત્ર રીતે ભગવાને ધરેલાં છે. તે જોતાં હાસ્ય થાય છે. "**रुचिरेक्षण**"- કરુણરસ સૂચવે છે. સુંદર નેત્રકટાક્ષ કરતા પ્રભુને જોતાં, પોતે આટલો વખત આ નયનદર્શન કૃપાકટાક્ષ-લાભ કેમ ન મેળવ્યો ? તે શોક-સ્થાયિભાવરૂપ કરુણારસ શ્રીગોપીજનમાં ઉદ્ભવે છે, સતત દર્શનાકાંક્ષા સ્ફુરે છે. આમ દીનતા થતાં માનાદિ-ભાવ ન થાય ! તે ઉત્પન્ન કરવા પ્રભુ સુંદર હાસ્ય કરે છે-

"**चारुहासं**" પોતે પ્રભુમાં પ્રગાઢ પ્રેમવાળાં આટલું દુઃખ વિરહમાં અનુભવ્યું, છતાં પ્રભુ તો દુઃખીને જોઈને હસે છે ! તે વિચારે મનમાં ક્રોધ આવે છે ! તે શૃંગારરસ-પોષક છે. તેથી રૌદ્રરસ પ્રકટે છે. શૃંગારરસમાં આમ ભગવદ્દર્શનથી વિવિધ-રસાનુભવ શ્રીગોપીજનને ક્રમશઃ થાય છે. સર્વધર્મો જ્યારે સાથે સ્ફુરે ત્યારે બીભત્સરસ અનુભવાય છે. "મહાનનો આવો વિચિત્રવેષ ! આ ભગવાન્ અનેક ચરિત અને ચમત્કારવાળા છે. તે ક્યાં ક્યાં સ્નેહ કરે, વિહાર કરે, કપટલીલા કરે તે જાણે કોણ ?"- આ વિચારે મનમાં જુગુપ્સા-સ્થાયિભાવવાળો બીભત્સરરસ પ્રકટે ! મન તેથી દૂર લઈ જતાં, શાન્ત કરવા માટે ભગવાન્ વેણુનાદ કરે છે. - "**वेणुं क्वणन्तं**"- તે શાન્તરસ સૂચવે છે. વેણુનાદમાં ભગવાન્ લીલાનું નિરૂપણ કરે છે, બ્રહ્મામૃત પ્રકટ કરે છે. તે સાંભળતાં ભગવાન્ સિવાય બીજે રસ રહેતો નથી, વૈરાગ્ય સ્વતઃ આવે છે. પરમશાન્તિ ભક્તો અનુભવે છે, પણ તેથી પ્રયત્ન છોડી દે તો આગળની લીલા ન થાય ! તેથી પ્રભુ શૃંગારરસમાં ઉપયોગી કીર્તિ સંભળાવીને ભક્તિરસ પ્રકટ કરે છે. "**अनुगैरनुगीतकीर्तिः**"- ભક્તિરસ સૂચવે છે. તે શૃંગારાનુકૂલ છે, આનંદાનુભવ માટે ભગવાનનું દાસ્ય કરાવે છે. આમ સર્વરસયુક્ત ભગવાનનું દર્શન શ્રીગોપીજન કરે છે. ભગવાનની વન પુષ્પ વગેરેમાં આસક્તિ જોતાં શ્રીગોપીજનમાં ભયાનક-હાસ્ય વગેરે રસાનુભવ થાય છે; તેમ શ્રીગોપીજનમાં સ્વજનવશતા, ઉપાયનું અચાતુર્ય, મધુરવાણી વગેરે જોતાં પ્રભુ ભયાનક-હાસ્ય વગેરે રસાનુભવ કરે છે, પ્રભુમાં તે પ્રકટે છે. વિહારમાં "**चांपत चरण....**"- વગેરેમાં, "**भगवान् भक्तभक्तिमान्**"- લાગે છે, દાસ્યાદિ - ભક્તિરસ યુક્ત લાગે છે ! આમ, ભગવાન્ કૃષ્ણ સર્વરસયુક્ત છે ! સાધારણ દર્શન કરે તો ભગવાન્ આ પરમરસને પ્રકટ કરતા નથી. આમ પ્રભુનાં દર્શન કરવા છતાં, એકાંત-દર્શન કરવાનો અભિલાષ તો રહ્યો ! તેથી પહેલાં માત્ર આગમન કહ્યું છે. સમાગમ માટેનું દર્શન તો તેના અંગરૂપ છે. ચારે તરફથી એકઠાં થયેલાં શ્રીગોપીજન પધાર્યાં, પ્રભુને વીંટળાઈ વળ્યાં. આગળ ગાયો અને બલરામની મુખ્યતાવાળા ગોપો ગયા, પાછળ આવનારને તો ગોપીજને છૂટા પાડી દીધા. વચમાં શ્રીગોપીજનથી ઘેરાઈ ગયા. લાભ લઈ લીધો !

पीत्वा मुकुन्दमुखसारघमक्षिभृङ्गैस्तापं जहुर्विरहजं व्रजयोषितोऽह्नि ।
तत्सत्कृतिं समधिगम्य विवेश गोष्ठं सव्रीडहासविनयं यदपाङ्गमोक्षम् ॥ (४३)

ભગવાન્ સંતાપશાંતિ માટે કરુણાતરંગયુક્ત-સ્વરૂપમાંથી - શ્રીગોપીજનવલ્લભરસ-લાવણ્યામૃતનું પાન કરાવે છે, નહિ તો અંદરનો તાપ ન જાય ! સંતાપ શાન્ત થતાં રસાસ્વાદ સંભવે. બાહ્યતાપ તો પ્રભુ મળતાં જ ગયો ! રસ મધુર અને તાપહારક હોય તો વિશેષ પાન સંભવે. લોકમાં તેવો રસ ન મળે. દૂધ વગેરે મધુર હોવા છતાં તરસ લગાડે, તાપ દૂર ન કરે. લીમડાનો રસ તાપ હરે; છતાં કડવો લાગે, અભાવ થાય. શીતલજલ મધુર અને તાપહારક છે, છતાં વિકાર કરે. ભગવાનનું લાવણ્યામૃત સર્વગુણસંપન્ન છે. મુકુન્દ મોક્ષદાતા છે, જ્ઞાનરૂપ છે, શાન્ત છે. દોષ તેમાં કોઈ ન સંભવે. મોક્ષ મળે. મુખ ભક્તિરૂપ છે. ભક્તિ પ્રેમરૂપા છે. પ્રેમથી બહુ પાન સંભવે છે. લાવણ્ય "**सारघ**"- મધુરૂપ છે. "**सरघा**"- મધમાખી છે. તે બધાં પુષ્પોમાંથી રસ એકઠો કરે છે, તે મધરૂપ બને છે. બીજાનું મધ દ્રવરૂપ ન હોય, ઘનનું પાન ન થાય. બ્રહ્માદિ સૌ અને સર્વશ્રુતિયો અહીં મધમાખરૂપ છે ! લાવણ્ય મધરૂપ છે. તેઓએ સર્વ-પ્રકરણોમાંથી પરમાનન્દનો સંગ્રહ કરીને આનંદનિધિનો પરિચય

દીધો છે; તે અહીં કૃષ્ણ રૂપે પ્રકટ થયો છે. બ્રહ્મા અને શ્રુતિની પ્રાર્થનાથી પ્રભુ પ્રકટ થયા છે, વ્રજમાં પધાર્યા છે. મધમાખ પુષ્પરસને માણે છે, રસમાં રહેલો રસ (મધુ) તો બીજાં જ માણે છે. પ્રભુનો આનંદ સૌ અનુભવે, પણ રસાત્મક સ્વરૂપાનન્દનો અનુભવ તો શ્રીગોપીજન જ જાણે અને માણે છે ! રસ માત્ર ઉપર જીવે, તે રસને જાણે - માણે. તેવા તો ભ્રમર છે. તે કદાચ અન્યત્ર ભમે, છતાં જીવન અને સંબંધ તો આ મધ સાથે જ હોય. આવાં ભ્રમર છે, - શ્રીગોપીજનનાં નેત્ર ! સર્વત્ર ફરે, જુએ બધું, છતાં અનુભવે, - માણે - તો કૃષ્ણમુખલાવણ્યામૃતને જ ! શ્રીગોપીજન શ્રુતિરૂપા પણ છે ને ! નેત્ર આ લાવણ્યને જાણે છે. સ્વતઃ પાન પ્રભુના મુખલાવણ્યનું જ કરે છે, અન્યત્ર આથડતાં નથી ! "અત્યાર સુધી આ પાન ન થયું !" - તે તાપ તો લાવણ્યામૃત હૃદયમાં પૂર્ણ થતાં દૂર થયો. દિવસભરના કૃષ્ણવિરહમાંથી ઉદ્‌ભવતો વ્રજવધૂઓનો સંતાપ શમ્યો. વ્રજસ્ત્રીજન છે ! "પોતાને માટે જ પ્રભુ પધાર્યા છે," - તેવો વિવેક અને વિહારની સ્વતન્ત્રતા ક્યાંથી હોય ? તેમાંય દિવસે તો સ્ત્રી - સ્વભાવ પણ અટકાવે ! અત્યારે તો પ્રભુ પોતાની વચમાં મળ્યાં છે ? "શું કરવું ?" - તે તો વાણીનો વિષય નથી, અશક્ય છે. સ્વતઃ સંભવે છે, ક્રિયા ! આ બધો છે, - શ્રીહરિનો સત્કાર ! રસાત્મક ભગવાન્ પણ જે કાંઈ કરી શકે તે પણ છે, - સત્કૃતિ ! પ્રત્યેક ગોપીજનને આ કૃપાનન્દ-લાભ સુલભ થયો. કૃષ્ણે સૌને કૃતાર્થ કર્યાં. પ્રથમ લજ્જા, રસલાભથી હાસ્ય, અંતે વિનય અને નેત્રકટાક્ષ-પ્રહાર-સહિત, જે સત્કાર સામગ્રીરૂપ છે, - તે, સારી રીતે જાણી - માણીને, શ્રીગોપીજનવલ્લભ વ્રજમાં પ્રવેશ્યા. વિશેષ વર્ણન શક્ય ન થાય ! ભગવન્મુખમાં સઘળો રસ છે ! નેત્રસંકેતે પ્રકાર સમજાવે છે. પ્રેરક લજ્જા, હાસ્ય, વિનયયુક્ત બહુ પ્રકારનો આ રસ છે! દિવ્ય પ્રભુનો પ્રભાવ છે. અનુચિત તો કાંઈ જ નથી - "**सत्कृति**" છે. - વિશ્વવન્દ્ય વિભુ છે, યથાધિકાર સૌ વિનય કરે, - પૂજે ! ગોષ્ઠ ગાયોનું બાંધવાનું સ્થાન છે. કોઈ પણ આવે, છતાં પ્રભુના પ્રભાવથી યથોચિત છે. પહેલાં પ્રભુ ગોષ્ઠમાં પધારી ગાયો બાંધી, ઘરમાં પધારી, શૃંગાર વડા કરી, યોગ્ય રાત્રિવેષ ધારણ કરી, દૂધનું ફીણ આરોગવા ગોષ્ઠમાં પધારે છે. ભગવાન્ માર્ગ - (સંપ્રદાય)માં જ રસદાન કરે છે; સંસારરૂપ ઘરમાં નહિ !

પુત્રવત્સલ મા યશોદા - રોહિણીજીએ પણ વાત્સલ્યથી પ્રભુને સત્કાર્યા. "**यथाकामं यथाकालं**" - ઈચ્છા અને સમયને અનુકૂલ રીતે આશિષ દીધી. પ્રભુનો દેખાતો શ્રમ દૂર કરવા ઉન્મર્દન કર્યાં. સ્નાન કરાવ્યાં, અથવા ચરણપ્રક્ષાલનથી રજઃ દૂર કરી, પછી ઉન્મર્દન, પછી સ્નાન કરાવ્યું, અથવા મજ્જન (સ્નાન), ઉન્મર્દન અને મજ્જન એ ક્રમ છે. મલ્લકચ્છની જેમ પીતામ્બર ધર્યું. વ્રજભક્તોએ ગુપ્તરીતે દિવ્યમાલા - ગંધ ધરાવ્યાં ! પુષ્ટિસેવા-રીત-સઘળી લીલાનુસારિણી છે. શ્રીમહાપ્રભુજીએ સેવામાં આ સાયંસ્નાન નથી રાખ્યું ! - લીલામાં રજઃ દેખાતી, સેવામાં દેખાતી નથી તેથી. રામ-શ્યામ ભોજનમાં વિરાજ્યા. પ્રાયઃ સાથે આરોગે છે. મા રોહિણીજી પીરસે છે. કોમલ દૂધ-અન્ન વગેરે આરોગાવે છે. યશોદાજી-નન્દજી લાલને લાડ લડાવે છે. "**जनन्युपहृतं प्राश्य....**" "રાધા-અધરસુધા વિના પિયુને બીજું તે કાંઈ નવ ભાવેજી !" - "**शर्करा रसरूपत्वाद्घनीभूता प्रियाधरम् ।**" - મિશ્રીભોગની તો ઉત્તમતા છે ! દીનતાથી તે ભોગ ધરાય, છતાં "માતાનું મન રંજન કરવા આરોગ્યા બહુ સ્વાદેજી !" સુંદરશૈયામાં માએ પુત્રને પોઢાવ્યા. "**सुखं सुषुपतुर्व्रजे ।**" - "સકલ વ્રજમાં પોઢીઆ !" અહીં, શ્લોકમાં "**व्रजे**" - શબ્દ ન કહે તો પણ સમજાય, તેમ હોવા છતાં ઉલ્લેખ કર્યો છે, - તે સૂચક છે. વ્રજભક્તોના

મનોરથ પરિપૂર્ણ કરવા પ્રભુ સર્વત્ર શયન કરે છે. દિવસલીલા સંપૂર્ણ કહી, રાત્રિકૃત્ય ન કહ્યું ! થાકેલાં ગોપી ઊંઘે છે. વ્રજ અત્યંત ધર્મપ્રધાન નથી, ત્યાં તો ધર્મી (ભગવાન્)ની મુખ્યતા છે. કોઈ સાધન વગર પ્રભુકૃપાથી ભગવાનમાં સ્વતંત્ર-દૃઢ-સ્નેહથી જ કૃતાર્થતા તેમની છે.

વૃન્દાવનવિહારી ભગવાન્ કૃષ્ણ કોઈ વખત સખાઓ સાથે કાલિંદીજીને કાંઠે પધાર્યા. રામ સાથે ન હતા. ઉનાળામાં પ્રભુ પ્રાયઃ યમુનાતટે ગોચારણ કરે છે. ઉનાળામાં તાપથી ગોવાળો પીડાયા. ભગવાનને વૃક્ષ નીચે વિરાજાવ્યા; ગાયો સાથે જલપાન કરવા ગયા. વિષદૂષિત જલ પીધું. ગાયોને પાયું. સ્પર્શમાત્રે પ્રાણ ગયા. "**दैवोपहतचेतसः ।**"- પ્રારબ્ધ ભાન ભુલાવે ! ભગવાને ભક્તોની લિંગદેહની દોષ-પરંપરા દૂર કરવા ઈચ્છ્યું. યોગના પણ નિયામક કૃષ્ણયોગેશ્વર છે. તેમનાથી શું અજાણ્યું હોય ? લીલા માટે પ્રભુ પધાર્યા છે. અમૃત વરસાવતી દૃષ્ટિમાત્રથી ગોવાળો તથા ગાયોના દેહ નૂતન કર્યા - જીવાડ્યા. આધિદૈવિક-પ્રાણોને પાછા લાવી તે દેહોમાં મૂક્યા, તનુનવત્વ થયું, પછી ફરી વિષસંબંધથી પણ તેમને કાંઈ થયું નથી ! પુનર્જીવન પામેલા સૌને આની સ્મૃતિ રહી, વિસ્મિત થયા. પ્રભુનો પ્રભાવ પ્રત્યક્ષ જોયો ! "**गोविन्दानुग्रहेक्षितम् ।**"- કૃપા કૃષ્ણની સમજાઈ. જ્ઞાનપૂર્ણ-દેહ તેમને મળ્યા. ક્ષણ પણ ભગવદ્દર્શન વિના રહી ન શકાય, મૃત્યુ થાય, - તે આસક્તિનું બીજું પર્વ છે. ભગવાને મરણમાંથી છોડાવી, માહાત્મ્યજ્ઞાન કરાવ્યું, તેથી આસક્તિ ભક્તિરૂપ બને ! માહાત્મ્યજ્ઞાન વિના આસક્તિ ભક્તિરૂપ ન બને. આ અધ્યાયમાં કાલદેવતા પ્રભુની સેવા માટે આવી છે, ભગવાને બલદેવજીને લીલા-પદાર્થ-જ્ઞાન દીધું, કૃપાદૃષ્ટિ-વૃષ્ટિથી સૌને જીવાડ્યાં, વગેરે ભગવાનનું ઐશ્વર્ય સ્પષ્ટ છે.

અધ્યાય : ૧૬

સારૂપ્યવાળાના દોષો કૃષ્ણ જ દૂર કરે ! :

विलोक्य दूषितां कृष्णां कृष्णः कृष्णाहिना विभुः ।
तस्या विशुद्धिमन्विच्छन् सर्पं तमुदवासयत् ॥ (૧)

અહીં કૃષ્ણ, કૃષ્ણા અને કૃષ્ણસર્પની કથા છે. કૃષ્ણ ભગવાન્ ! કૃષ્ણા ભગવદીય ! કૃષ્ણસર્પ કાલિય-કાલ ! કૃષ્ણ નિર્દોષરૂપ - નિર્દોષ કરનાર ! કૃષ્ણા વિષદૂષિત ! કૃષ્ણસર્પ દૂષિત કરનાર ! કૃષ્ણ કૃપાપૂર્ણ ! કૃષ્ણા જલપૂર્ણ ! કૃષ્ણસર્પ વિષપૂર્ણ ! કૃષ્ણ અક્લિષ્ટકર્મા, કૃષ્ણા ક્લિષ્ટ ! કૃષ્ણસર્પ ક્લિષ્ટકર્મા ! નામની સમાનતા ત્રણેમાં બતાવી, સારૂપ્ય સૂચવ્યું. ભગવાન્ જ સારૂપ્યવાળાના દોષો દૂર કરે ! સારૂપ્યવાળાએ કરેલા દોષ બીજાથી દૂર ન થાય. રૂપાન્તરમાં રૂપાન્તરદોષ દૂર ન થાય, તે મર્યાદા- સૂચક ત્રણ વખત "કૃષ્ણ" - શબ્દ શ્લોકમાં છે. સર્પને પણ કૃષ્ણે સારૂપ્યથી ન માર્યો, હૃષીકેશ-ઈન્દ્રિયસ્વામી-હોવાથી નૃત્ય કર્યું. કલિમાં કૃષ્ણ જ સર્વદોષ દૂર કરનાર છે, કૃપાથી ઈન્દ્રિયસંપર્ક અને અપરાધ સહન કરે, કૃતાર્થ કરે ! ભગવાને ઝેરી થયેલાં યમુનાજીમાંથી કાલિયને દૂર કર્યો. કાલિય-દમન-ભક્તનિરોધ માટે ઉધમ, કાલિયનો અપરાધ, ભક્તસ્નેહ-પરીક્ષા, કાલિયનિગ્રહ-કાર્ય, નાગપત્નીની સ્તુતિ અને પ્રભુનો પ્રસાદ. આ છ કથા-વિભાગ અહીં છે.

રાજાને લાગ્યું,- માછલાં કાંટાથી પકડાય, તેમ સાપને પકડ્યો હશે ! કેવુંક એ સાધન હશે ?

ક્યાંય તેવું દેખાતું નથી. "હે વિપ્ર ! અગાધજલમાં ભગવાને બહુકાલથી રહેલા સાપને કેમ નાથ્યો ?- તે કહો !" "**भगवतः**"- ભગવાનની સઘળી લીલા છ ગુણવાળી છે. "**भूम्नः**"- સર્વત્ર લીલામાં અધિકતા છે. "**स्वच्छन्दवर्तिनः**"- સ્વતંત્રલીલા છે. "**गोपालस्य**"- લૌકિક-લોકોની બુદ્ધિને વશ કરવા પ્રભુ ગોપાલ રૂપે ઈન્દ્રિય-વિષયરૂપ બનીને પધાર્યા છે. "**उदारं**"- પાત્ર કે અપાત્રના વિવેક વગર સર્વ પુરુષાર્થ કૃપા-માત્રથી પ્રદાન કરે છે. તેવું ભગવાનનું "**चरितं**"- ચરિત છે. કલ્પના તેમાં કાંઈ નથી. "**अमृतं**"- સર્વદોષ અને મૃત્યુને દૂર કરનાર છે. તેનું સેવન કરતાં તૃપ્તિ કોને થાય ? અલૌકિકમાં તૃપ્તિ ન હોય !

પ્રેક્ષણીય પ્રભુનો શેષ-શૈય્યા-શયનનો અભિનય : સ્નેહ મૂર્છિત સખાઓ ! :

વિશેષ-પ્રશ્નથી શ્રીશુકે કથા કહી. કાલિન્દીમાં કાલિયનો ધરો હતો. ખૂબ ઘેરું તેમાં જલ ! સાપના ઝેરથી ઝેરી હતું. તેનાથી આકાશમાં ઊડતાં પંખી પણ પડે ! ઝેરી પવન અને જલકણથી કિનારાનાં ઝાડ-પાન અને પ્રાણી પણ મરે ! "**विषमिति सर्पाः ।**"- શ્રુતિ છે. સર્પો ભગવાનને વિષ રૂપે ભજે છે ! કાલિયે તેનું ભજન કરી ખૂબ બલ મેળવ્યું છે, પ્રત્યક્ષ દેવ મળ્યા છે, તેથી પ્રચંડ છે. ભગવાન્ પોતે ત્યાં પધાર્યા. કાલ જેવા કરાલ કાલિયને જાણ્યો. ખલનો સંયમ કરવા તો પોતે અવતાર લીધો છે,- "**खलसंयमनावतारः**"- ભગવાન્ દુષ્ટને નિર્દોષ બનાવે છે, દોષ ન છોડે તો જ મારે છે ! નદી-કિનારે કદંબનું ખૂબ ઊંચું-મોટું-ઝાડ. ગરુડ ત્યાં બેસે, કાલિયને મારવા માટે, તે બહાર નીકળે તેની રાહ જુએ ! ભક્ત ગરુડજીની કૃપાથી ઝાડ સુકાયેલું નહિ ! ભક્તની કૃપા હોય તો ઝેરી વાતાવરણમાં પણ પ્રસન્નતાથી જીવી શકાય ! સંસારના વિષમય-વિષમ-વ્યવહારથી પર થઈને, પ્રભુપરાયણ રહે, તે પીડાય નહિ. કૃષ્ણ કદંબ પર ચઢ્યા. કમર કસી, કાલ પૃથ્વી પર મર્યાદાભંગ ન કરે. મલ્લયુદ્ધ કરવા તૈયાર થયા. હાથ ઠોક્યા-(આસ્ફોટન કર્યું.).પુરુષોત્તમે પાણીમાં પડતું મૂક્યું ! ડૂબકી દીધી ! સો ધનુષ્ય (ચારસો હાથ) જેટલાં દૂર સુધી તરંગો ધસી ગયાં. અનંત કાલમાં પણ જેનું સામર્થ્ય છે, તેને માટે આમાં આશ્ચર્ય શું ? મત્તગજરાજની જેમ ભગવાન્ જલવિહાર કરતા પધારે છે ! હાથ જલને ઘુમાવે છે, ઘોષ થઈ રહ્યો છે. નાગે તે સાંભળ્યો. "**चक्षुःश्रवा**"- શ્રવણ અને દર્શન સાથે જ છે. સાપ આંખથી સાંભળે ! આ અવાજમાં અભિમાનીને અપમાન લાગ્યું, અસહ્ય થયું, સામે ધસ્યો. ભગવાને દિવ્યદર્શન દીધું. અત્યાર સુધી તો સૌ મરીને ત્રાસેલાં, વિરૂપ થઈને આવતાં; આજે અદ્ભુત દેખ્યું; છતાં સાપે અપરાધ કર્યો. પ્રભુ તો, "**प्रेक्षणीयं**"- દર્શનીય છે. "**सुकुमार**"- કોમલ છે. "**घनावदात**"- ઘનશ્યામ- નિર્મલ-છે, સાત્વિક, રજસ, તામસને પણ આદરણીય છે. તેનો વિરોધ કર્યો ! લોકવિરુદ્ધ કર્યું. "**श्रीवत्सपीतवसनं**"- અસાધારણ બ્રહ્મલક્ષણ શ્રીવત્સ જોયું, વેદરૂપ પીતામ્બર જોયું, છતાં ન ચેત્યો ! પ્રમેય અને પ્રમાણથી વિરુદ્ધ થયું. "**स्मितसुन्दरास्यं**"- સ્મિતયુક્ત સુંદર મુખ જોયું; છતાં સુખ ન માણ્યું ! ભક્તિમાર્ગવિરોધી થયો. "**क्रीडन्तं**"- વિહાર કરતાં પ્રભુને જોયા, છતાં પ્રહારની ચેષ્ટા કરી. રસશાસ્ત્રનો વિરોધ થયો. "**अप्रतिभयं**"- નિર્ભય જોયા, છતાં ભય દેવા ઈચ્છ્યું ! નીતિશાસ્ત્ર-વિરુદ્ધ થયું. "**कमलोदराङ्घ्रिं**"- કમલકોશ જેવા ચરણવાળાને જોયા, શરણ ન કર્યું ! વિશ્વવન્ધ સાથે વૈર કર્યું. વિશ્વવિરુદ્ધ કર્યું. પોતાના સ્થાનમાં લઈ જવા, રોષથી પોતાના શરીરથી વીંટળાઈ ગયો, અવિનય કર્યો. ભગવાને જાણે શેષશૈયા પર શયનનો અભિનય કર્યો ! કાલિયને પ્રભુએ જ પ્રેર્યો.

પ્રભુના પ્રિય સખાઓએ આ બંધન જોયું. દારુણ દુઃખ થયું. તે તો, "कृष्णेऽर्पितात्मसुहृदर्थकलत्रकामाः ।"- આત્મનિવેદન કરી ચૂકેલા છે. ભગવાન્ કૃષ્ણને આત્મા - સંઘાત, સુહૃદ - મિત્ર, સ્વજન, અર્થ - ધન, કલત્ર - સ્ત્રી, કામ - પુત્રાદિ ઈચ્છાઓ - વગેરે, સર્વસ્વ - નિવેદન કર્યું છે. તે જુદા કઈ રીતે રહી શકે ? સૌ મૂર્છિત થયા. ઢળી પડ્યા. ગાયો સમજી ન શકી, પણ કૃષ્ણને જલમાં જોતાં ભાંભરતાં રડવા લાગી ! સૌને શેષશાયી પ્રભુ પ્રલય કરે તેમ લાગ્યું ! ઉત્પાત તેવા દેખાવા લાગ્યા. ગોકુલવાસીઓએ તે જોયા. સૌ ગભરાયા. રામ વગર જ કૃષ્ણ ગોચારણમાં ગયા છે, તે જાણ્યું. કૃષ્ણની યાદે વિકલતા વધી ગઈ. લોકનજરે તો રામ સમર્થ છે. ભગવાનનો મહિમા લોકો જાણતા નથી. પ્રભુમાં પ્રેમ છે. પ્રિય હોય તેની પ્રતિકૂલતાનો વિચાર પણ પીડા કરાવે ! સ્નેહ શંકાથી ક્ષોભ વધારે. સ્નેહનો આ સ્વભાવ છે. વ્રજજનો દુઃખ-ભય-શોકાતુર થયા, દર્શન કૃષ્ણનાં કરવાની તીવ્ર ઉત્કંઠા થઈ, શોધવા માંડ્યા. માર્ગમાં ગાયોનાં પગલાં જોયાં. વચ્ચે પ્રભુનાં ચરણચિહ્ન જોયાં !

પ્રભુનાં ચરણ - ચિહ્ન :

તેમાં (૧) યવ - કીર્તિસૂચક છે. ચરણસ્મરણમાત્રથી શ્રૌત-સ્માર્ત-કર્મની સંપૂર્ણતા સૂચવે છે. (૨) કમલરેખા - ભાવપૂર્ણ ભક્તો દ્વારા સુસેવ્યતા સૂચવે છે. (૩) અંકુશરેખા-ભક્તોના મનરૂપ હાથીને વશ કરવાનું સૂચવે છે. (૪) વજ્ર - પાપપર્વતને કાપે છે. (૫) ધ્વજ-નિર્ભયતાનું દાન કરે છે. (૬) સ્વસ્તિક-ભક્તોનું નિત્ય મંગલ-કલ્યાણ-સૂચવે છે. (૭) અષ્ટકોણ - અષ્ટવિધ-ઐશ્વર્ય ભક્તોને સાધન વગર મળે તેમ બતાવે છે. (૮) ઊર્ધ્વરેખા - શરણે રહેનાર કે સ્મરણ કરનારનું અધઃપતન ન થાય, ઊર્ધ્વગમન થાય - તેમ સૂચવે છે. (૯) કલશ - ભક્તિરસપૂર્ણ ભક્તો જ ભક્તિમાર્ગમાં રહી શકે, તેમ સૂચવે છે. આ મુખ્ય-ચિહ્નો દક્ષિણચરણમાં વિરાજે છે. (૧) ગોષ્પદ - સર્વતીર્થ કરતાં પણ અધિક શુદ્ધિ, લૌકિક-લક્ષ્મી-લાભ, સંસાર-સંતરણ પણ ચરણ-શરણથી થાય, - તેમ સૂચવે છે. (૨) જંબુફલ-ભક્તોને સર્વફલપ્રદ ચરણ છે, તેનું સૂચક છે. (૩) મત્સ્ય - ભાવપૂર્ણ હૃદય-સરોવરમાં જ પ્રભુ પધારે છે, તેનું સૂચક છે. (૪) ધનુષ્ય - વિનયપૂર્ણ - નમ્ર - દીનને પ્રભુ સમજાય - મળે, તેમ સૂચવે છે. ભક્તોના કામાદિ-દોષ તેનાથી દબાય છે. (૫) ત્રિકોણ - સત્ત્વ, રજઃ અને તમોગુણવાળા-ત્રિવિધ-સ્વજનોનો પ્રભુ ઉદ્ધાર કરે છે, તેમ સૂચવે છે. દેવ-મનુષ્ય-અસુર ઉપર પણ પ્રભુની સમતા-કૃપા-સૂચવે છે. (૬) અર્ધચન્દ્ર - ભક્તોની બુદ્ધિની શુદ્ધિ અને ભાવની વૃદ્ધિ કરે છે. (૭) વ્યોમ-સાકારબ્રહ્મ, સર્વાધાર, સર્વવ્યાપક, સર્વોદ્ધારક કૃષ્ણ છે, તેમ સૂચવે છે. આ મુખ્ય-ચિહ્નો કૃષ્ણના વામચરણમાં વિરાજે છે. ધ્યાનમાત્રથી પણ કૃતાર્થ કરે છે. આવાં અનેક ચિહ્નો છે.

પ્રભુની પ્રેમ-પરીક્ષામાં સફલ વ્રજજનો :

ગોવાળોએ દર્શન કર્યાં, તેના રસ્તે યમુનાકિનારે આવ્યા. પ્રભુને શોધે, ભગવન્માર્ગે ચાલે, ભગવાન્ અને ભક્તોને અનુસરે, તે પ્રભુ પાસે પહોંચે ! "तांस्तथा कातरान्....।"- શ્લોક શ્રીમહાપ્રભુજીના મતે વિગીત છે. વા પૂર્વત્ર જોઈએ. ગોવાળોએ સર્પશરીરમાં વીંટળાયેલા કૃષ્ણને જોયા, તીવ્ર દુઃખ થયું, મૂર્છા પામ્યા. ગોપીજનને પ્રિયપ્રભુ વિના ત્રિલોક શૂન્ય લાગ્યું. પ્રાણમાત્ર ભગવદ્ગુણોના આધારે ટકી રહ્યા ! સૌ કર્તવ્યમૂઢ થઈ ગયાં. અસહ્ય સંતાપ થયો. મા યશોદા - રોહિણીજી આંસુ સારતાં ગુણ ગાવા લાગ્યાં, મૃતપ્રાય થયાં. નન્દજી વગેરે આતુરતાથી ધરામાં ધસ્યા. "प्रत्यषेधत

स भगवान् रामः ।"- ભગવદાવેશવાળા રામે અટકાવ્યા. ભગવાન્ તો સામાન્ય વ્રજજનોની આસક્તિની પરીક્ષા કરી રહ્યા છે. નિરોધની અસર તેનાથી સમજાય. ભક્તોનો નિરોધ દૃઢ કરે છે. પ્રભુ વિના પલ પણ પ્રાણ ટકાવવા કઠિન થઈ પડે ! પ્રભુ મનુષ્યભાવે લીલા કરે છે, મુહૂર્ત સુધી સર્પબંધનમાં વિરાજ્યા. "इत्थं स्वगोकुलमनन्यगतिं निरीक्ष्य ।"- પોતાના ગોકુલને આમ અનન્યગતિવાળું જોયું. ગોકુલ ઈન્દ્રિયસમૂહ પણ છે. સેવાપરાયણે પોતાની ઈન્દ્રિયો ભગવાનમાં સ્થિર છે કે નહિ ? - તેની પરીક્ષા પણ કરવી જોઈએ. ગોકુલ, વેદ-જ્ઞાન-સંચય પણ છે. જ્ઞાન કે કથાપરાયણે પોતાનું જ્ઞાન કે શ્રવણ-કીર્તન-સ્મરણ પ્રભુમાં પ્રીતિ વધારે છે કે નહિ ? - તેની પરીક્ષા કરવી જોઈએ.

કલાદિગુરુ કૃષ્ણનું વિચિત્ર તાંડવ-નૃત્ય ! :

ગોકુલની અનન્યતા જોઈ. કૃષ્ણ સંતુષ્ટ થયા. ક્ષણમાં સ્વરૂપ વધારવા માંડ્યું, તેથી નાગને પોતાનું શરીર તૂટતું લાગ્યું, બંધન શિથિલ થયું, છૂટ્યું. ક્રોધ કાલિયને થયો. ફૂંફાડા મારવા લાગ્યો. નાક-મોં અને આંખથી ઝેરની જ્વાલાઓ નીકળી. બે છેડાવાળી જીભ બહાર કાઢી, હોઠ ચાટવા માંડ્યો. ગરુડની જેમ પ્રભુ તો સામે પધાર્યા. અભયપ્રદને ભય કોનો ? નાગ ગભરાયો. લાગ શોધવા માંડ્યો. આસપાસ ઘૂમવા માંડ્યો. સાપને તો ઘૂમવામાં ત્રાસ ખૂબ થાય. ફણાઓ ઊંચી કરીને ધસ્યો. ક્ષણમાં કૃષ્ણ કાલિયની ફણા પર ચઢ્યા. શેષશાયીને સર્પ પર ચઢવાનું કઠિન ક્યાંથી લાગે ? નાગના મસ્તકનાં મણિથી પ્રભુનાં ચરણ અતિ રાતાં લાગતાં હતાં. જાણે ચરણપૂજા કરે છે ! ભગવાન્ તો સર્વકલાઓના આદિગુરુ છે ! નટ દોરડા પર નાચે, ભગવાન્ તો નાગની વિશાલ ફણાઓ પર નર્તન કરવા ઈચ્છે છે ! તદીય ગન્ધર્વ-સિદ્ધ-મુનિ-ચારણ-અપ્સરાઓએ તે જાણ્યું, જોયું. કલા દ્વારા સેવા કરી કૃતાર્થ થવા તત્પર થયા. સિદ્ધોએ પુષ્પવૃષ્ટિ કરી. જાણે નૃત્યમાં રંગભૂમિનું પહેલાં નાન્દી (પૂજન) થયું ! મુનિઓએ ભગવાનની સ્તુતિ કરી. ગંધર્વોએ ગાન કર્યાં. ભગવાનનું વિચિત્ર-તાણ્ડવ-નૃત્ય થતું હતું. કાલિયમાં એકસો-એક શિર ! ન નમે તેને નમાવતા, તાલસમાપ્તિમાં પ્રભુ વિશ્વભાર-સહિત પાદપદ્મના પ્રહાર કરે, ચરણ ઘસે, ચામડી નાગની ચીરાય ! નાગનું અભિમાન ઉતર્યું. વ્યથાથી વિકલ થયો. ઝેર ઓકવા લાગ્યો !

આધિભૌતિક, આધ્યાત્મિક (વિષ) - ને પીડા થઈ, દંડ મળ્યો. આધિદૈવિકને નૃત્ય કરતાં ચરણથી નમાવતાં, શિક્ષા દીધી, "पुष्पैः सुपूजित इवेह पुमान् पुराणः ।"- કાલિયના આધિદૈવિક (મણિપ્રભા) અને ઉપાસ્યદેવે (વિષે) પોતાનાં તેજઃથી પુરાણપુરુષનું પૂજન કર્યું ! પ્રભુ નારાયણ લાગ્યા. તેજઃ પુષ્પ જેવાં લાગ્યાં. મૂર્છા થાય ત્યાં સુધી અદ્‌ભુતકર્મા ભગવાને દંડ દીધો; પણ ભગવાન્ અક્લિષ્ટકર્મા છે, તેથી માર્યો નહિ. પ્રહારથી પણ ચરણસ્પર્શ નાગને મળ્યો, જ્ઞાન-ભક્તિ થયાં ! પ્રભુના વિચિત્રતાંડવથી અભિમાન-સૂચક ફણાઓ ભાંગી ! "स्मृत्वा चराचरगुरुं पुरुषं पुराणं नारायणं तमरणं मनसा जगाम ।"- મનથી સકલગુરુ, પુરાણપુરુષ નારાયણને શરણે ગયો. તેના આધિદૈવિક ઉપાસ્ય રૂપે તેમ પ્રેર્યો. નારાયણ અંતઃકરણસાક્ષી છે. શરણની ભાવના થાય, શરણ પછી સેવાક્ષીભક્ત થવાય. ભગવાને પ્રહાર બંધ કર્યા. અન્ય દ્વારા શરણે ગયો, તેથી મુક્તિ પણ અન્ય દ્વારા સ્તુતિથી થઈ ! નાગપત્ની આવ્યાં ! સતી છે, પતિની પીડાથી પરેશાન છે. અર્ધાંગ રૂપ હોવાથી નાગને થતી પીડાની અસર તેમના દેહ પર દેખાય છે ! વસ્ત્રાલંકારો શિથિલ થઈ ગયાં છે ! કૃષ્ણ તો સૌના મૂલરૂપ

છે. "**पत्युर्नो यज्ञसंयोगः ।**" - શ્રુતિ છે. યજ્ઞસંયોગથી પત્નીત્વ છે. ભગવાન્ યજ્ઞરૂપ છે. પતિ પાસે છે. પોતે સન્મુખ જાય નહિ તો પત્નીત્વ રહે નહિ! ભગવાનને દયા આવે માટે જાણે સંતાનોને સન્મુખમાં સમર્પણ કર્યાં ! ભગવાનને જાણે આત્મનિવેદન કર્યું ! જલમાં ઉદ્‌ભવેલી આધિદૈવિક-ભૂમિ પર કે કિનારે કે હૃદયભૂમિ પર ઊભાં છે ! વંદનથી વિવેક કર્યો ! ભગવાન્ તો પ્રાણીમાત્રના પતિ છે. નાગપત્ની પતિરૂપ પ્રભુને સેવવા ઈચ્છે છે. શરણપ્રદ પ્રભુની શરણાગતિ કરી. સ્તુતિ કરી.

નાગને ન્યાય્ય - દંડ :

"**न्याय्यो हि दण्डः कृतकिल्बिषेऽस्मिंस्तवावतारः खलनिग्रहाय ।**"- અપરાધીને યોગ્ય દંડ દીધો. આપનો અવતાર દુષ્ટોને દંડ દેવા માટે છે. દંડ તો યોગ્ય, અધિક કે અલ્પ દેવાય. ઈશ્વર ઈચ્છે તેમ કરે. કૃપા, મર્યાદા કે સ્વામીની ઈચ્છા - તેમાં નિયામક બને. ખલ લાંબું જીવે, સદા દોષ કરે, મરે, પછી યમયાતના ભોગવે, પણ ત્યાં સુધીમાં સર્વનાશ થતો અટકાવવા, ભક્તનિરોધ માટે ભગવાનનો અવતાર છે. ભગવાન્ તો સમદષ્ટિવાળા છે. સુત કે શત્રુ પણ દોષ કરે તો તેને દંડ દે ! સૌના આત્મારૂપ ભગવાન્ દુઃખ માટે દંડ દેતા નથી. પણ હિત કરવા દોષોનું દમન કરે છે તે તો કૃપા છે. "**क्रोधोऽपि तेऽनुग्रह एव सम्मतः ।**"- કૃષ્ણનો ક્રોધ પણ કૃપારૂપ છે ! તે અભિમાન ઉતારે, દોષ દૂર કરે, હિત કરે. તે સત્પુરુષોનો પણ મત છે. આશ્ચર્ય તો છે, આપે આ નાગના મસ્તકે નૃત્ય કર્યું ! "**तपः सुतप्तं किमनेन पूर्वम् ।**" શું તપઃ કર્યું આ અપરાધી નાગે ? ધર્મ બે પ્રકારનો - પ્રવૃત્તિલક્ષણ અને નિવૃત્તિલક્ષણ. નિવૃત્તિલક્ષણ ધર્મ તપઃ છે. અસત્સંબંધને તે છોડાવે છે. સંપાદક છે - પ્રવૃત્તિલક્ષણધર્મ ! એક, દોષ દૂર કરી, વિધમાન્-ફલને પ્રકટ કરે છે. બીજો, દોષ - ચિન્તા છોડાવીને આગંતુક-ફલ આપે છે. ભગવાન્ તો આત્મા અને ઈશ્વર રૂપ પણ છે, જ્ઞાનપ્રસાદ અને ભક્તિપ્રસાદ દે છે ! તેમાં, અહંકાર હોય તો, તપઃથી નિવૃત્તિ ન થાય. તે તો તપઃથી પણ નિત્ય વધે. "હું તપસ્વી છું," - વગેરે ભાન અભિમાન દે - વધારે ! આ અભિમાની નાગે કયું તપઃ કર્યું ? - કે આપને સંતોષ થયો ! દેશ-કાલ વગેરે છ સાનુકૂલ થયાં ! "**तप्तं**"- નહિ, "**सुतप्तं**"- કહ્યું. નાગનું અભિમાન ગયું, માન ભગવાનને દીધું ! નિરભિમાની મહાપુરુષો સામાન્યને પણ સ્નેહથી સન્માન દે છે. તપઃ - નિવૃત્તિલક્ષણધર્મ હોય કે નહિ, પ્રભુના સંતોષનું સ્પષ્ટ કોઈ કારણ જોઈએ "**धर्मोऽथवा**"- શાસ્ત્રાનુસાર-ધર્મ તે આ ફલ ન દઈ શકે, માત્ર ભગવચ્છાસ્ત્રાનુસાર તેમ બને ! તેમાં પણ એક દોષ, દ્રવ્યમય હોય તો અન્યને પીડે, ક્રિયામય હોય તો પોતાને પીડા લાગે. જ્ઞાનમય પણ તેમ જ છે. આ અસંતોષપ્રદ છે, તેથી "**सर्वजनानुकम्पया**"- સર્વજન પ્રત્યે દયાથી (સૌનું કલ્યાણ થાય તેવી ભાવનાથી) પ્રભુ સંતુષ્ટ થાય, તેમાં સ્વ-પર-દ્રોહનો સંભવ નથી, તેવો ધર્મ છે, - ભગવાનનાં શ્રવણકીર્તન ! તેમાં પણ કીર્તન ! પ્રભુ તેનાથી સંતુષ્ટ થાય. "**सर्वजीवः**" - "**सर्वाञ्जीवयतीति, सर्वे जीवाः यस्मादिति, सर्वेषां जीवरूपः**"- ભગવાન્ સૌને જીવાડે છે. સર્વજીવો તેનાથી છે. સર્વના જીવરૂપ છે. સર્વોપકારક કીર્તન-ધર્મમાં દ્રોહ કોઈનો નથી, તેથી ભગવાનની પ્રસન્નતા યોગ્ય છે, - અપરાધ ન લાગે ! દેહ, જીવ, સ્વભાવ, કર્મ સૌનાં જુદાં હોવા છતાં, ભગવાન્ સર્વજીવ છે. તે આશ્ચર્યરૂપ છે. "**कः क्षेमो निजपरयोः कियानर्थः स्वपरद्रुहा धर्मेण। स्वद्रोहात्तव कोपः परसम्पीडया च तथाधर्मः ॥ न व्यभिचरति तवेक्षा यया ह्यभिहितो भागवतो धर्मः । स्थिरचरसत्त्वकदम्बेष्वपृथग्धियो यमुपासते त्वार्याः ॥ न हि भगवन्नघटितमिदं**

त्वद्दर्शनान्नृणामखिलपापक्षयः । यन्नामसकृच्छ्रवणात् पुल्कसोऽपि विमुच्यते संसारात् ॥ (૬-૧૬-૪૨, ૪૩, ૪૪) માં પણ આવો અર્થ બતાવ્યો છે. એનાથી પણ મોટું આશ્ચર્ય તો,–

કાલિય પર કૃષ્ણકૃપા ! - ચરણરેણુ સ્પર્શાધિકાર ! :

कस्यानुभावोऽस्य न देव विद्महे तवाङ्घ्रिरेणुस्पर्शाधिकारः ।
यद्वाञ्छया श्रीर्ललनाऽऽचरत्तपो विहाय कामान् सुचिरं धृतव्रता ॥ (३६)

કરોડો જન્મથી પ્રાપ્ત થયેલા શ્રૌત, સ્માર્ત, ભગવદીય, ત્રિવિધ-ધર્મથી સંસ્કૃત થયેલ જેનાં મહાભૂતો હોય, તેને ભગવાનનાં ચરણરેણુઓ ભગવદીય-દેહ દે છે ! તે મર્યાદા છે. આ લાભ તો અધિકારીને મળે. લોકમાં આ સુલભ નથી. આ નાગને આપના નૃત્યથી ચરણસ્પર્શ મળ્યો, ચરણરજ મળ્યાં ! તે કોનો પ્રભાવ છે ? હે દેવ ! અમે તે જાણતા નથી. સગુણ જીવોને ચરણરેણુના સ્પર્શનો અધિકાર નથી, ગુણાતીત જીવોને જ તેવો અધિકાર છે. "**श्रीर्ललना**"- ભગવતી લક્ષ્મીજી-શ્રી-ભગવાનની અંતરંગ દાસીરૂપ, સાત્ત્વિકશક્તિરૂપ છે. તેનો પણ અધિકાર દેખાતો નથી ! બ્રહ્મા-શંકરનો તો પછી હોય જ ક્યાંથી ? લક્ષ્મીજી પણ બીજી સર્વ કામનાઓ છોડીને, દાસ્યસિદ્ધિ માટે દીર્ઘકાલ વ્રત ધરીને તપઃ કરે છે; છતાં દાસ્ય મળ્યું નથી ! તો આ નાગની યોગ્યતા કઈ ? સાત્ત્વિકધર્મથી મળતું સ્વર્ગ, રાજધર્મથી મળતું સાર્વભૌમ સામ્રાજ્ય, જ્ઞાનસહિતના સાત્ત્વિક-રાજસ-ધર્મથી પ્રાપ્ત થતું બ્રહ્મસ્થાન, તામસધર્મથી મળતું રસાધિપત્ય, નિવૃત્તિધર્મથી સિદ્ધ થતો યોગ, ધ્યાન - વગેરેથી મળતી અણિમા વગેરે સિદ્ધિઓ, સર્વસાધ્યમોક્ષ અને બીજાં પણ ગણાતાં સર્વફલની ઈચ્છા પણ, આપનાં ચરણકમલની રજઃને શરણે આવનારા રાખતા નથી; તો રજઃપ્રાપ્ત કરનારાઓ તો અપેક્ષા જ ન રાખે, તેમાં કહેવું શું ? "**भगवदीयत्वेनैव परिसमाप्तसर्वार्थाः ।**"- ભગવદીયપણાથી જ સર્વપુરુષાર્થ પરિપૂર્ણ થઈ જાય છે ! પછી બાકી શું રહે ? ઈચ્છા કઈ થાય ? અન્યને દુર્લભ આ લાભ તમોજન્મવાળા, ક્રોધવશ આ નાગને મળ્યો ! તમોજન્મ તો મૂલ અશુદ્ધિ છે. ક્રોધવશત્વ કાર્યની અશુદ્ધિ છે. સર્પરાજ છે, - તે સંસર્ગની અશુદ્ધિ છે, અન્યાયથી પાપ-સંબંધ પણ છે. "**संसारचक्रे भ्रमतः शरीरिणो यदिच्छतः स्याद् विभवः समक्षः।**"- સંસાર-ચક્રમાં ભટકતાં દોષનિધાનને પણ કૃપાનિધાન કૃષ્ણની કરુણાનો લાભ કૃષ્ણની ઈચ્છાથી જ મળે ! સાધનરહિત પણ સર્વોત્તમ ફલ મેળવે, - કૃતાર્થ બને. "**यमेवैष वृणुते स तेन लभ्यः ।**"- શ્રુતિ પણ છે. જેનું (કોઈનું પણ) વરણ કૃષ્ણ કરે, તેને તે સુલભ બને ! આ પુષ્ટિ છે, - કૃપા છે.

દશલીલા વિશિષ્ટ કૃષ્ણને નમન ! :

નાગપત્નીઓએ શ્રીભાગવતશાસ્ત્ર-પ્રતિપાદિત દશવિધ ભગવાનનું દશલીલા-વિશિષ્ટ રૂપે પણ સ્તવન કર્યું. (૧) સૃષ્ટિલીલા કહેતાં સ્વશાસ્ત્રથી મૂલરૂપ પુરુષોત્તમ કૃષ્ણને નમન કર્યાં. - "**नमस्तुभ्यं भगवते...**" (૨) વિસર્ગલીલા-સહિત વેદાન્તવેદ્ય બ્રહ્મરૂપ ભગવાનને વંદન કર્યાં. - "**ज्ञानविज्ञान- निधये ।**" જ્ઞાન-શાસ્ત્રીય, વિજ્ઞાન-અનુભવ. બંનેની ઈચ્છાવાળા, બંનેની ઉત્પત્તિસ્થાનરૂપ ભગવાનથી કૃતાર્થ થાય. (૩) વેદમર્યાદામાં કાલ અને અર્થમર્યાદામાં ભૂમિ નિયામક છે. તેથી સ્થાનલીલા કહેતાં જગદ્રૂપ પ્રભુને પ્રણામ કર્યા. - "**कालाय कालनाभाय...**"- જગતમાં

ભગવત્-ચેષ્ટારૂપ કાલ કારણરૂપ છે. કાલ મૃત્યુરૂપ છે, ભગવાનની નાભિમાં રહે છે. "**मृत्युनेदमावृतमासीत् ।**"- શ્રુતિ છે. (૪) પોષણલીલા કહેતા, ભોક્તૃસંઘાત-જીવરૂપપણું પ્રભુનું કહેતાં, નમસ્કાર કર્યા. - "**भूतमात्रेन्द्रिय- प्राण...**"મહાભૂતો, માત્રા, ઈન્દ્રિય, પ્રાણ, મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર - આ સંઘાત ભગવદ્રૂપ છે. ત્રિગુણના અભિમાનથી જેની આત્માનુભૂતિ ગૂઢ છે, તે જીવ પણ ભગવદ્રૂપ છે. અમર્યાદ વ્યવસ્થાથી સ્થિતિ પ્રભુની પુષ્ટિ છે. (૫) ઊતિલીલા કહેતાં, શબ્દસૃષ્ટિરૂપ કહ્યું, અર્થસૃષ્ટિ પહેલાં કહી. રૂપસૃષ્ટિ કરતાં નામસૃષ્ટિ વિલક્ષણ છે. રૂપસૃષ્ટિ અન્તવાળી છે, સ્થૂલ છે, વિકૃત છે. જડરૂપ છે. નામસૃષ્ટિ અનન્ત છે, સૂક્ષ્મ છે, કૂટસ્થ - અવિકૃત - છે, જ્ઞાનરૂપ છે. સિદ્ધાન્ત, તેનો આભાસ તથા તેના પાષંડરૂપ નાના (વિવિધ) વાદને ભગવાન્ અનુરૂપ બને છે! "**नानावादनुरोधाय वाच्यवाचकशक्तये ।**" - વાચ્ય - અર્થ, વાચક - શબ્દ. બંનેમાં ભગવાનની શક્તિ છે. જેને જે અર્થ કહેવા ઈચ્છે તેને માટે સર્વ શબ્દનો તેવો અર્થ થાય. શબ્દમાં તે અર્થ માટે શક્તિ થાય. આ કર્મવાસનાથી થાય. આ પાંચ, પ્રભુનાં પ્રમેય રૂપ છે. (૬) વિશેષરીતે નામસૃષ્ટિ-પૂર્વક મન્વન્તરલીલા કહેતાં, વેદાર્થ રૂપ વિભુને વંદન કર્યાં. - "**नमः प्रमाणमूलाय.....।**" વેદ વગેરે પ્રમાણ છે. તેનું પ્રમાણપણું ભગવત્પ્રતિપાદક હોવાથી અને પ્રભુપ્રતિપાદિત હોવાથી છે. પ્રમાણમૂલ તો પ્રભુ-કૃષ્ણ જ છે. (૭) ઈશાનુકથા કહેતાં, વૈદિક- પ્રમાણ-પ્રમેય રૂપે પ્રકટ થયેલા, તન્ત્રાર્થરૂપ, ચતુર્મૂર્તિ ભગવાનને નમ્યાં. - "**नमः कृष्णाय...**"- કૃષ્ણ સદાનંદરૂપ છે, વૈષ્ણવોના સ્વામી છે. તે ભક્તિ-પ્રવર્તક, ભક્તિ-ફલરૂપ છે. ઈશાનુકથા ભક્તિરૂપ છે. (૮) નિરોધલીલા કહેતાં, સાંખ્ય-યોગ-વગેરે સ્માર્ત-નિરૂપિત, ગુણાર્થરૂપ ભગવાનનો નિર્ણય કરતાં, નમન કર્યાં - "**नमः गुणप्रदीपाय...।**"- ગુણોને પ્રકર્ષથી પ્રકટ કરવા પ્રભુ પોતાની પાસે રાખે છે. ગુણોનું માહાત્મ્ય જણાવવા ગુણોથી પોતાનું આચ્છાદન કરે છે. ગુણોને પોતાનું તેજ: દઈ પોતે તિરોહિત થાય છે; પછી કૌતુક માટે ગુણની વૃત્તિ-ચાક્ષુષજ્ઞાન-વગેરેથી ઉપલક્ષિત થાય છે! આ ગુણો સચ્ચિદાનંદ ધર્મવાળા છે. ભક્તોના મનનો નિરોધ કરવા કૃષ્ણ પુરુષોત્તમ હોવા છતાં મનુષ્ય જેવા લાગે છે. (૯) મુક્તિલીલા કહેતાં, જ્ઞેયરૂપ, અવતાર લેતા પ્રભુને નમસ્કાર કર્યા. - "**अव्याकृत- विहाराय...।**"- અવ્યાકૃત - પ્રકૃતિપુરુષમાં વિહરતા અથવા અજ્ઞાત-વિહારોવાળા, માયામનુષ્યરૂપ. "**अव्यक्तादीनिभूतानि**"- વાક્યથી સર્વતત્ત્વ કે બ્રહ્માંડની ઉત્પત્તિ અને જ્ઞાન જેનાથી થાય છે તે ઈન્દ્રિયપ્રેરક, મનનશીલ, દ્રષ્ટારૂપ. "**उपरतायां वाचि किञ्ज्योतिः ।**"- પ્રશ્નના ઉત્તરમાં "**अत्रायं पुरुषः स्वयञ्ज्योतिः ।**"- શ્રુતિ છે. મૌન સ્વભાવવાળા પ્રભુ છે, તે ભગવાનનું અવ્યાકૃત રૂપ છે. "**यस्यामतं मतं तस्य ।**"- ન જાણે તેને જાણીતું છે. શ્રુતિનો તેમાં સંબંધ છે. તાદૃશવિહાર અને સ્વરૂપાવસ્થાન- જ્ઞાનથી મુક્તિ જાણીતી છે. (૧૦) આશ્રય-લીલા કહેતાં શાસ્ત્રાર્થરૂપ અંતર્યામી ભગવાનને નમસ્કાર કર્યા. - "**परावरगतिज्ञाय।.....!**" પર-બ્રહ્મા વગેરે, અવર-આપણે સૌ. પ્રભુ સૌની ગતિ-વ્યવસ્થા જાણે છે! સર્વના સાક્ષી છે. વિશ્વથી જુદા, છતાં વિશ્વરૂપ, છતાં ઉભયરૂપ, તેના દ્રષ્ટા, તેના કારણરૂપ પ્રભુ જ છે. પ્રભુનું કારણપણું તે કાર્યનું પ્રમાણપણું છે. વિશ્વ ભગવદ્રૂપ-સત્ય-નિત્ય છે-ભગવાનના જ્ઞાન અને ક્રિયાના આધાર-આશ્રય ફળથી!

નાગ પત્નીઓની પતિ - પ્રદાન - પ્રાર્થના! :

"હે ભગવન્! આપ જ ચેષ્ટા વગર, ગુણોથી જગતની ઉત્પત્તિ, સ્થિતિ, લય કરો છો!

કાલશક્તિને ધારણ કરતાં વસ્તુમાત્રના નિયામક-સ્વભાવને જાગ્રત કરતાં લીલા કરો છો !" અવતાર વિના અક્ષરમાં કાલશક્તિ ગુણ અને સ્વભાવ ઉદ્‌ગત થાય છે, અનેક જગત્ થાય છે. તેમાં સર્વ સન્માર્ગ અને સત્પુરુષોની રક્ષાપૂર્વક લીલા ભગવાન્ કરે છે. લીલાથી ભક્તોના સર્વ પુરુષાર્થ સિદ્ધ થાય છે, જગતની સુરક્ષા થાય છે. ભગવાન્ પોતાને માટે સઘળું સર્જે ત્યારે, ત્રિલોકમાં સઘળું ભગવાનના શરીરરૂપ છે. તેવાં લોકસ્વરૂપ શાન્ત-સાત્ત્વિક, અશાન્ત-રાજસ, મૂઢ-તામસરૂપ છે. તેમાં ધર્મરક્ષક રૂપે વિરાજવા ઈચ્છતા પ્રભુને શાન્તરૂપ પ્રિય છે. તામસ નાશક છે અને રાજસ ઉત્પાદક હોવાથી ભાર વધારે છે. નાગ તામસ છે, અપરાધી છે; છતાં, "**अपराधः सकृद्भर्त्रा योढव्यः स्वप्रजाकृतः ।**"- અત્યારે પ્રભુ સ્વામી છે. નાગ પ્રજારૂપ છે. પ્રજાનો અપરાધ એક વખત સહન કરવો જોઈએ. વારંવાર સહે તો વ્યવહાર સરલ ન રહે. સજાથી કાર્ય તો થઈ ગયું છે. સર્પ તો સ્વભાવથી મૂઢ છે. આપનું તેણે જ્ઞાનથી, અજ્ઞાનથી, અજાણતાં કાંઈ કરેલું, ન કર્યું ગણાય. "**अनुगृह्णीष्व भगवन् प्राणांस्त्यजति पन्नगः ।**"- હે ભગવન્ ! કૃપા કરો ! નાગ પ્રાણ છોડે છે !" કૃપામાં ભક્તિ અને સમય બંને હેતુરૂપ છે. ગ્રહણમાં ગમે તેને દાન થાય છે. નાગમાં ભક્તિ નથી, પણ મરવા પડેલો હીન-જીવ છે. અમે સ્ત્રી છીએ, પતિ અમારા પ્રાણરૂપ છે. સ્ત્રી તો સત્પુરુષો માટે દયાપાત્ર છે. ભય, પરાધીનતા અને બંધન તેને અનેક છે. દયા કરો. પતિ આપો. અમે તો આત્મનિવેદનથી આપનાં "**किङ्करी**"- દાસી છીએ. આપની આજ્ઞાનું પાલન અમારો ધર્મ છે !" મુક્તિ તો ભગવદાજ્ઞા પાલનથી પણ મળે, સર્વ ભય ટળે કેવળ ! મુક્તિમાં તો આત્મનિવેદન વ્યર્થ જાય, ભક્તિરસનો અનુભવ ન થાય.

ભગવાને સ્તુતિ સાંભળી. જલક્રીડા કરતા હોય તેમ, લાત મારી, નાગને સ્ત્રીઓ પાસે નાખ્યો. કાલિયના પ્રાણ પાછા આપ્યા ! સ્વસ્થ થયો. દેવરૂપ ધર્યું. હાથ જોડ્યા. સ્તુતિ કરી. અપરાધનો એકરાર કર્યો. કૃપા તેથી મળે.

નાગની સજા કે ક્ષમા - યાચના ! :

वयं खलाः सहोत्पत्त्या तामसा दीर्घमन्यवः । ॥५६॥
स्वभावो दुस्त्यजो नाथ लोकानां यदसद्ग्रहः ॥, (५६)

"અમે જન્મથી ખલ, જ્ઞાનરહિત, તામસ, લાંબા સમય સુધી રહેતા ક્રોધવાળા છીએ !" ઉત્તમને ક્ષણિક, મધ્યમને બે ઘડી, અધમને દિવસરાત અને હીનને જન્મભર ક્રોધ હોય ! "નાથ ! સ્વભાવ છૂટતો નથી, જેનાથી લોકોને દુરાગ્રહ રહે છે. વિવિધ વિશ્વ આપે સર્જ્યું છે. અમે તામસ સર્પ, તમારી દુસ્ત્યજ- માયાથી મોહિત, અમારા સાધનથી માયાને છોડીએ કઈ રીતે ? આમાં કારણ આપ છો. "**अनुग्रहं निग्रहं वा मन्यसे तद् विधेहि नः ।**"- આપને યોગ્ય લાગે તે, કૃપા કે સજા અમને કરો ! સજા તો કરી, હવે કૃપા કરો ! આપ જગદીશ્વર-સમર્થ છો, સર્વજ્ઞ છો !"

નિર્દોષ કૃષ્ણે કૃષ્ણાને નિર્દોષ કર્યાં ! :

ભગવાને આજ્ઞા કરી, - "અહીં ન રહીશ ! સ્વજન સાથે જલદી સમુદ્રમાં જા ! નદી સર્વોપયોગી થાવ. વૈષ્ણવને સર્પ ન મારે. સવાર-સાંજ આનું સ્મરણ કરે તેને પણ સર્પભય ન રહે ! આ વિહારસ્થલે- કાલિયહ્રદમાં - સ્નાન કરે, ઉપવાસ કરી દેવાદિનું તર્પણ કરે, મારું પૂજન કરે, તે સર્વ પાપમાંથી છૂટે.

જેના ભયથી તું રમણકદ્વીપ છોડી અહીં આવ્યો, તે ગરુડ મારાં ચરણચિહ્નવાળા તને મારશે નહિ !" અદ્‌ભુતકર્મા કૃષ્ણે નિગ્રહ કરતાં અનુગ્રહ કર્યો ! ભગવાનનું ભક્તિમાર્ગરૂપ ચરણ ઊર્ધ્વપુણ્ડ્રતિલક રૂપે, જેના ભાલમાં વિરાજે, તેને ગમે તેવો કરાલ કાલ પણ પીડે નહિ. સ્વલ્પ પણ સ્નેહથી થયેલો ભગવત્સંબંધ સર્વભયમાંથી છોડાવે છે. જલથી ભીંજાય નહિ તેવા દિવ્ય - વસ્ત્રાભરણથી, નાગે સપરિવાર પ્રભુનું સાદર પૂજન કર્યું. અભય મળતાં પ્રપન્ન નાગ પ્રસન્ન થયો. પરિક્રમા પ્રભુની કરી. સમુદ્રના દ્વીપમાં ગયો. પ્રભુ પ્રસન્ન હોય તેને જ કાલ ન કનડે "**तदैव**"- કાલિયના બહાર જતાં જ, "**अनुग्रहाद्भगवतः**"- કૃષ્ણની કૃપાથી, યમુનાજીનાં જલનું ઝેર ગયું, મિષ્ટ જલ થયું ! "**क्रीडामानुषरूपिणः**"- લીલા માટે ભગવાન્ મનુષ્ય જેવું રૂપ દર્શાવે છે.

યમુનાજીમાં નિર્દોષ જલક્રીડા કરવી છે, તેથી નિર્દોષ કૃષ્ણે કૃષ્ણાને નિર્દોષ કર્યાં. ભગવાને ઉનાળાના અંતે પાંચમે કાલિયને કાઢ્યો. વીર્ય-પરાક્રમ-તેમાં સ્પષ્ટ છે. કાલિયનિગ્રહ કરી કૃષ્ણે સ્વભક્તોનો આધ્યાત્મિક ઈન્દ્રિયાધ્યાસ નિવૃત્તિ કર્યો. નિગ્રહ દોષનો હોય. કાલિય દુષ્ટ-ઈન્દ્રિયરૂપ છે. દોષ-વિષય-વિષરૂપ છે. - "**शतायुः पुरुषः शतेन्द्रियः ।**"- શ્રુતિ છે. - વિષરૂપ વિષયપૂર્ણ ઈન્દ્રિયો મૃત્યુરૂપ છે. સો ગૌણ, એક મુખ્ય, કુલ ૧૦૧. વિષ કાલિયની ફણામાં છે, તેથી ફણા ઈન્દ્રિયરૂપ છે. તેમાંથી દોષને દૂર કરી નવત્વસંપાદન, તે તેનો ઉપમર્દ-નિગ્રહ-છે. ઈન્દ્રિયનાશથી તો ભગવદ્‌ભજન ન થાય. ધેનુકવધથી તનુનવત્વ, પછી કાલિય-નિગ્રહથી ઈન્દ્રિયનવત્વ કર્યું છે ! સંસારાસક્તિ-વિષયાસક્તિ દૂર કર્યાં. જ્ઞાનમાર્ગે તો દેહ છોડવો પડે. કૃપા-પ્રેમ-પૂર્ણ ભક્તિમાર્ગમાં તો ભગવત્સંબંધથી નિર્દોષ થઈ કૃતાર્થ થવાય, ઈન્દ્રિય અને વિષય બંને પ્રભુ-સંબંધી થઈ જાય, ઈન્દ્રિયો ભગવદનુકૂલ થાય. બહિર્મુખ ઈન્દ્રિય, અંતર્મુખ થયા વિના, કૃતાર્થ થાય. તેવી ઈન્દ્રિયોની પરીક્ષા કર્યા પછી પ્રભુ તેનો નિરોધ કરે છે. પરીક્ષા માટે કાલાત્મક કાલિયને પ્રભુએ પ્રેર્યો, વીંટળાયો. પરીક્ષા સામાન્યની થઈ. નિરોધ ભક્તોનો થયો. પ્રભુને નાગબંધનમાં ચેષ્ટારહિત જોતાં ભક્તોને મૃત્યુથી અધિક પીડા રૂપ દંડ-નિગ્રહ-થયો. નિરોધ તેથી પૂર્ણ થયો ! જીવની વિષયાસક્ત ઈન્દ્રિયોમાં ભગવદ્-વિહાર થાય, ત્યારે જીવ કૃતાર્થ થાય. આ આધ્યાત્મિકપક્ષ છે. લીલા તો આધિદૈવિક છે. આધુનિક આધિભૌતિક વિજ્ઞાનવિચારે, ભગવાને સર્પસંયમવિદ્યા પણ વિકસાવી, સાધન વગર સાપ વશ થાય. યુદ્ધમાં દુશ્મનોએ ઝેરી કરેલાં કે અન્ય રીતે દૂષિત કરેલાં જલાશયોને પણ તરત શુદ્ધ કરવાના ઉપાયો પણ શોધ્યા ! ભગવાનમાં સામર્થ્ય કયું ન હોય ? !

અધ્યાય : ૧૭

ભગવત્પ્રિય ગરુડજી દ્વારા કાલિયને દંડ ! :

પરીક્ષિતે પ્રશ્ન કર્યો ! - "નાગોનું વાસસ્થાન રમણક-દ્વીપ. કાલિયે જ તેનો ત્યાગ કેમ કર્યો ? તેણે એકલાએ જ ગરુડનું અપ્રિય શું કર્યું ?" ભક્ત ગરુડજી પણ અક્લિષ્ટકર્મા છે.

ભગવાન્ શ્રીશુકે પ્રાસંગિક રીતે કૃષ્ણની અદ્‌ભુતકર્મકથા કહી. ગરુડનાં મા વિનતા. તેમનાં સપત્ની કદ્રૂ. સૂર્યના અશ્વનાં પુચ્છના રંગ વિષે વિવાદ થયો. સર્પોએ કપટ કર્યું. પૂછડે વીંટળાઈ ગયા. શરત પ્રમાણે વિનતાને દાસી થવું પડ્યું. સૂર્યસારથિ અરુણ અને વિષ્ણુવાહન ગરુડ બંને ભાઈ. ગરુડજી

સર્પસંમતિથી માને દાસીત્વમાંથી છોડાવવા અમૃત લેવા ગયા. ઈન્દ્ર સાથે યુદ્ધ થયું. વજ્રનું માન રાખવા ગરુડે પ્રહારથી પાંખ છોડી, "સુપર્ણ" - થયા ! અમૃત લાવ્યા. માને દાસીત્વમાંથી છોડાવ્યાં. કુશાસન પર અમૃત મૂકેલું. ઈન્દ્ર હરી ગયો. આસન પર બિંદુ પડેલાં. સાપે ચાટવા માંડ્યાં. દર્ભથી જીભ ચીરાઈ ગઈ, દ્વિજિહ્વ થયા ! ગરુડજી માનું વૈર ન ભૂલી શક્યા. હમેશાં સાપને મારતા. વાસુકિ વગેરેએ બચાવવા બ્રહ્માજીને વિનંતી કરી. બ્રહ્માજીએ ગરુડજીને બોલાવ્યા. સંધિ કરી. ગરુડજીને અમાવાસ્યાએ નાગલોકો એકસાથે બલિ આપે, પછી ગરુડ તેમને પીડે નહિ, - તેવો નિર્ણય થયો. પ્રતિમાસ નાગલોકો પોતાની રક્ષા માટે બલિ દેતા. દુશ્મન પાસેથી તો દંડ પણ રાજાઓ લે. કાલિયે પોતાના દેવનું આરાધન કરેલું. આરાધના પણ અભિમાન દે તો અધઃપતન થાય ! સાપ ખૂબ ઝેરી થયેલો, કાલના આધિભૌતિક સ્વરૂપ શો ! તેણે ગરુડના સેવકોને માર્યા, બલિ દૂષિત કર્યો. પોતે ખાધો. ગરુડે જાણ્યું. ગુસ્સે થયા. "**भगवान् भगवत्प्रियः**"- ગરુડજી ભગવત્કૃપાથી ભગવદ્રૂપ છે. ભગવાનનું પ્રિયવાહન છે. સેવા કરે, સાનુકૂલ બને, તે પ્રિય થાય ! ગરુડજી કાલિય સામે ધસ્યા. કાલિયને એકસો એક માથાં (ફણા). તે ઊંચક્યાં. વિષરૂપ તેના દેવનો આવેશ થયો. જાણે ગરુડ એક, પોતે અનેક ! ગરુડ નખાયુધ, પોતે દંતાયુધ ! કરાલ જીભ નીકળી. ફૂંફાડા મારવા લાગ્યો. ક્રોધથી ભાન ભૂલ્યો. પ્રચંડવેગે ગરુડજી ધસ્યા. ભગવાને વેગ-સામર્થ્ય દીધું છે. સુવર્ણ જેવી તેજસ્વી, બ્રહ્મરૂપ, પાંખથી પ્રહાર કર્યો !- "**हिरण्यरोचिषा**"- હિરણ્યરૂપતા ભગવદ્ધર્મ છે. "**एषोन्तरादित्ये हिरण्मयः पुरुषः ।**"- શ્રુતિ છે. માનો દોષ કાલિયમાં છે. મારથી તે ગભરાયો. દોડતો યમુનાજીના ધરામાં આવ્યો, છુપાઈ ગયો. ગરુડ તેમાં આવતા ન હતા !

ગરુડજીને સૌભરિનો શાપ ! :

એક દિવસ ગરુડજી યમુનાજીના આ ધરા પાસે આવેલા. ભગવદ્‌ભાવ ત્યારે ન હતો ! મુનિ સૌભરિ હાજર હતા. સૌભરિને માછલાં બહુપ્રિય ! તેમના પ્રસંગોમાં મત્સ્યસંબંધ ઘણો દેખાય છે. માછલાંની રમત જોઈને તે ગૃહસ્થાશ્રમી પણ થયેલા. આધુનિક-વિચારે મત્સ્ય-વિકાસનો યશઃ તેમનો ગણાય ! દૈવયોગે ગરુડ માછલાંના રાજાને પકડી ગયા. ભૂખ ભાન ભુલાવે છે. ત્યાં ખાય - આજ્ઞાનું ઉલ્લંઘન થાય, તો મુનિનો ખેદ વધી જાય, શાપથી મારે. જીવતું જ બીજે લઈ ગયા; તેથી મુનિએ માત્ર જલમાં જતાં અટકે તેવો શાપ દીધો. મુખ્યમત્સ્ય ગયું. બીજા દુઃખી થયાં. મુનિ પરદુઃખે દ્રવી ગયા. ભગવાને લોક અને વેદની મર્યાદાઓ બાંધી છે. તેમાં વિરોધ ન થાય તેમ, જીવ જીવનું ભોજન પણ છે, છતાં અન્યનું દુઃખ જોઈને દયાળુઓ દયા પણ કરે છે ! દયા ન કરે તો દુઃખીની ઉપેક્ષાનો દોષ લાગે ! દયાથી મર્યાદાનું ઉલ્લંઘન પણ થાય. તે કૃપા (પુષ્ટિ) ગણાય ! મુનિએ મત્સ્યરક્ષા માટે દયા કરી.- "ગરુડજી તે ધરામાં પ્રવેશે, મત્સ્ય ખાય કે તરત મરે !" બ્રહ્મવાક્ય ખોટું ન થાય; ત્યાં જલ જ એવું થયું. તેમાં વળી ગરુડ જ મરે, બીજાં નહિ, તેથી બીજાએ આણેલાં અહીંનાં મત્સ્યનું ભક્ષણ નિષિદ્ધ થયું. આ વિશિષ્ટશાપ નથી, તેથી કાલિયની રક્ષા થઈ, પણ તેના વિષથી અનેક મત્સ્ય મર્યાં. બીજાં પણ અનેક પશુ, પંખી, પ્રાણી, વનસ્પતિ વગેરે મર્યાં. કાલિય આ જાણતો હતો. વિરોધ કરનાર બચાવ પણ શોધેને !

પ્રભુ મળતાં સ્વજનોને આનંદ :

ભગવાન્ કૃષ્ણે કાલિયને ત્યાંથી બહાર કાઢ્યો. પોતે પણ એકદમ બહાર પધાર્યા. દિવ્યમાલા-ગંધ-વસ્ત્ર-મહામણિગણ-સુવર્ણાલંકારથી સુપૂજિત હતા. જાણે પ્રાણ આવ્યા ! સૌ ઊભાં થઈ ગયાં. મા યશોદા, રોહિણીજી ભેટી પડ્યાં. નન્દજી ભેટ્યા. નન્દજીનો સ્નેહ તો ખૂબ છે, પણ રોહિણીજી પૂજ્ય છે. પૂજાપ્રસંગ વિના પૂજ્યનો સ્પર્શ દોષરૂપ ગણાય, તેથી નન્દજી પછી ભેટ્યા. ગોપીજન પણ ભેટ્યાં. ગાયો પણ ભેટી ! "**कौरव**"- સંબોધન તેમાં વિશ્વાસ માટે શ્રીશુકે કર્યું. રામ પણ ભેટ્યા. ભેટતાં રામમાં ભગવદંશ પુન: પાછો આવ્યો ! રામ હસ્યા. પ્રભુનો પ્રભાવ જાણ્યો. ક્ષણમાં વિશ્વવિલય કરે તેને કાલિયનિગ્રહમાં આશ્ચર્ય શું ? નન્દજીના ગુરુજન વિપ્રોએ અભિનંદન દીધું. આજીવિકા માટેના ગુરુત્વમાં સ્વત્વ-ગૌરવ કે સત્ત્વ ક્યું હોય ? યજમાનને રાજી રાખવા પડે ! નન્દજીએ આમને ઉત્સવ સમજીને દાન દીધાં. યશોદાજી તો મા ! "**नष्टलब्धप्रजा सती**"- પુત્રનો પ્રેમ અને પતિની આજ્ઞા ! તેથી ખૂબ દીધું. લાલને ભેટ્યાં. વહાલ ઉભરાયું, ખોળે બેસાડ્યા. આંસુ વહી ગયાં !

દાવાગ્નિ પાનથી ભગવાને કરેલી શરણાગતોની રક્ષા :

એટલામાં તો અડધી રાત ગઈ. તે દિવસે કાંઈ ખાધું નથી, ગાયોનાં આંચળ સુકાઈ ગયાં હતાં. હવે, દૂધ ઉભરાતું હતું; પણ દોહવાનાં વાસણ ન હતાં. પ્રભુ પધારવાનો ઉલ્લાસ હતો. સૌ રાત્રે ત્યાં જ રહ્યાં. રસ્તે દોડતાં આવેલાં, થાક્યાં હતાં. ભૂખ્યાં-તરસ્યાં હતાં. નદીકિનારેથી થોડે દૂર વનમાં સૌ સૂતાં. તે વખતે કાલિયમાં આવિષ્ટ દેહાભિમાની દૈત્ય આવ્યો. સર્વના નાશ માટે, મૃત્યુ સાથે મળીને, વ્રજજનોને બાળવા માટે વેગથી અગ્નિ રૂપે દોડ્યો. પ્રાણદોષરૂપ આ અગ્નિ દૈત્યરૂપ છે. સ્વાભાવિક દૈત્ય કે દૈત્યાવેશવાળાઓ વિના ભક્તોને પીડે કોણ ? વનવૃક્ષ - ઘસાવાથી લાગેલા દાવાગ્નિ જેવો લાગ્યો ! ગોવાળો સૌ ગભરાયા. ભગવાને તેમના સ્નેહની પરીક્ષા કરી છે. સ્નેહ દૃઢ થયો છે. દેહસંબંધ દૂર કરતાં પ્રભુ મહિમા પ્રકટ કરે છે. નહિ તો તે સ્નેહ લૌકિક રહે. ગોવાળો પ્રભુ માટે દુ:ખી થયેલા. દેહાભિમાન વગરના થયા ન હતા, તે સમજાવવા માટે આ ભયનો અનુભવ છે, નહિ તો દેહાભિમાન જાય તો માત્ર જ્ઞાનનો અધિકાર મળે, લીલાનો નહિ ! ગભરાયેલા ગોવાળો પ્રભુને શરણે ગયા. કૃષ્ણના સુખ-રક્ષા-નો વિચાર ન કર્યો ! પણ પોતાની રક્ષા માટે કૃષ્ણને વિનવ્યા ! "કૃષ્ણ ! કૃષ્ણ ! રામ ! તમારા છીએ. આ અતિઘોર અગ્નિ અમને બાળે છે. આ પ્રલયાગ્નિમાંથી સર્વત્ર અભયરૂપ આપનાં ચરણને અમે છોડી શકતા નથી !" - "न शक्नुमस्त्वच्चरणं सन्त्यक्तुमकुतो भयम् ।" શરણાગત અભયપ્રદ ચરણને છોડે કઈ રીતે ? મરણની ચિંતા નથી, પણ ચરણવિયોગ અસહ્ય છે ! અગ્નિ સહ્ય છે; તેમાં એક વખત બળી જવાય, વિયોગાગ્નિ અસહ્ય છે, તેમાં હંમેશાં બળતા રહેવાય ! ગોવાળોને આશ્રય-બલથી ભય નથી, પણ શંકામાત્રથી નિવેદન કરે છે. કૃષ્ણાશ્રયથી તો સદા અભય મળે !

इत्थं स्वजनवैक्लव्यं निरीक्ष्य जगदीश्वरः ।
तमग्निमपिबच्छीघ्रमनन्तोऽनन्तशक्तिधृक् ॥ (२४)

દુ:ખથી શરણે આવે, તેને પણ સ્વજન ગણે તેવા ઉદાર છે,- શ્રીકૃષ્ણ ! સ્વાર્થ સંસારીનો, કૃપા કૃષ્ણની ! અગ્નિ બૂઝવવા કે ગોવાળોને બીજે ખસેડવાની પણ રાહ કરુણાર્દ્ર કૃષ્ણે ન જોઈ ! કાલિય-

સંબંધ-દોષને બાળવા માટે અગ્નિનું પાન કર્યું ! "मुखमग्निरिद्धम् ।"- ભગવન્મુખમાં તો આધિદૈવિક અગ્નિ છે. કારણરૂપ અગ્નિમાં કાર્યરૂપ અગ્નિ શાન્ત થયો. જગદીશ્વર ઈચ્છે તે કરે ! સર્વના નિયામક છે. આધુનિક વિચારે, ભગવાને વનમાં લાગેલી આગ શાન્ત કરવાનું વિજ્ઞાન પણ વિકસાવ્યું ! મહાદેવજીએ કાલકૂટ વિષ પીધું ! શ્રીકૃષ્ણે વિષના સાર શો દાવાગ્નિ પીધો ! મહાદેવજીએ તૃતીયનેત્રમાં અગ્નિ રાખ્યો, ભગવાને મુખમાં સમાવ્યો ! ભક્ત ભોળાનાથને ગર્વ ન થાયને ! પ્રભુ તો અનન્ત-શક્તિવાળા છે. વાયુ રૂપે, જલ રૂપે, મુખ - મુદ્રણથી, મુખ ત્યાં પ્રસારીને પણ પાન કરી, અગ્નિ-શાન્તિ કરી શકે. ઈચ્છે તેમ કરે, લીલા છે. લીલા કૃષ્ણની - લાભ ભક્ત ગોવાળોને !

અહીં, ભગવાને અગ્નિ શાન્ત કર્યો. અગ્નિ ભૂખરૂપ પણ છે ! ગોવાળો ભૂખ્યા પણ છે. ભૂખ પ્રાણધર્મરૂપ છે. ભગવાને ભક્તોનો આ પ્રાણદોષ-પ્રાણાધ્યાસ-દાવાગ્નિપાનથી દૂર કર્યો. ઈન્દ્રિય અને પ્રાણ બેમાંથી એક દોષવાળા હોય તો, એકનો દોષ અન્યમાં આવે. બંનેના દોષ સાથે દૂર કરવા જોઈએ, તેથી કાલિય અને દાવાગ્નિને દૂર કરીને, બંને દોષ નિવારણનો કથા સાથે કહી છે. ભક્ત ગરુડજીને પણ ભૂખના આ દોષથી જ શાપ થયો હતો, તે સમજાય છે, - પ્રાસંગિક કહેલી કથાથી ! સૌભરિએ ભક્ત ગરુડને મત્સ્યરક્ષા માટે શાપ દીધો, અપરાધ કર્યો ! ભગવાને કાલિયને પ્રેર્યો, પરિસ્થિતિ જ તેવી કરી. કાલિય તે ધરામાં આવ્યો. ઝેરથી અનેક માછલાં મર્યાં. અદ્‌ભુતકર્મા ભગવાન્ ! ગરુડજી કાલરૂપ, કાલ પણ પ્રવેશી ન શકે, - અસર ન કરે. તેવું સ્થળ કરાલ કાલિયનું ! તેમાં તે નિર્ભય રહે. તેને કોમલ રૂપે પોતે પધારીને ભયભીત કર્યો ! વશ કરી વિદાય કર્યો ! અદ્‌ભુતકર્મા કૃષ્ણ ! પ્રભુના લીલાસ્થલમાં કોઈને પણ કષ્ટ ન દેવાય, ગરુડે મત્સ્યને દીધું ! તે અટકાવવા સૌભરિએ શાપરૂપ મર્યાદા સ્થાપી. તે શાપથી જ ધરામાં કાલિયવાસ, ઝેરની અસરો હતી. તેને દૂર કરતાં શાપ પણ નિવૃત્ત થયો ! સૌભરિને પણ ભક્તના અપરાધનો દોષ ન લાગ્યો. મુનિ, ગરુડ અને યમુનાજી નિર્દોષ થયાં ! પ્રભુએ ગોવાળોને જીવનદાન કર્યું. પોતાનામાં તેમની આસક્તિ દૃઢ અને નિત્ય કરી. સર્વદોષ તેનાથી દૂર થાય. વ્રજવાસીઓના કૃષ્ણવિષયક સ્નેહનું દેહસંબંધિત્વ દૂર થયું. દાવાગ્નિ-પાનથી પ્રભુએ દેહાભાવ દેખાડ્યો. દેહવાળાથી દાવાગ્નિ ન પીવાય ! ભગવાનને ગોપકુમાર સમજીને સ્નેહ કરતા ગોપોને, ભગવાનને આત્મા રૂપે ન જાણવા છતાં, પ્રમેયબલથી નિરુપાધિ સ્નેહ પ્રભુમાં થયો. અદ્‌ભુતલીલા ! - અદ્‌ભુત કૃષ્ણ !!

અધ્યાય : ૧૮

વ્રજમાં તો કાલ સેવા માટે આવે છે, ગ્રીષ્મ પણ વસંત લાગે છે ! :

"अथ कृष्ण"- "અથ"થી જુદો ક્રમ સૂચવ્યો. વનમાં વ્રજવાસીઓ જાગ્યા. સંતોષથી કૃષ્ણને વીંટળાઈ વળ્યા. પ્રભુ પધાર્યા. લીલા માટે સૌ સાથે વ્રજમાં આવ્યા. કાલિયદમન અને દાવાગ્નિપાનથી ગોપોના - ઈન્દ્રિય અને પ્રાણના - દોષો દૂર થયા. કોઈ વ્રજવાસીની નિવૃત્તિ તેથી થઈ નથી. લીલા-સાધક-અધ્યાસ તો દોષરૂપ નથી ! તે દિવસે ગાયો પણ વ્રજમાં લાવ્યા. કોઈ ચારવા ન ગયું. ગાયો ગોશાલામાં બાંધી ! પ્રભુ વ્રજમાં વિરાજ્યા. કૃષ્ણ-રામ ગુપ્તરીતે - ગોપાલક રૂપે - વિહાર કરે છે. ગોવાળો જાણતા નથી. ત્યાં તો બીજા વર્ષે ગ્રીષ્મ-ઋતુ-આવ્યો. તે કાલના દોષરૂપ છે. કાલ પણ દોષ

પ્રકટ કરે છે ! પ્રભુસન્નિધિ અને લીલા સ્થલના પ્રભાવથી સ્વભાવનો દોષ પણ દૂર થાય, નિર્દોષ થવાય ! અવસ્થા, વય, પરિસ્થિતિ, પ્રસંગ વગેરેથી અંતઃકરણમાં વિકાર-દોષ-આવે છે. પ્રભુપ્રેમ, પ્રભુસ્મરણ કે ભગવત્સંબંધી સ્થલ, વસ્તુ કે વ્યક્તિના પ્રભાવથી સર્વ પ્રકારના વિકાર શમી જાય, અંતઃકરણ નિર્મલ-પ્રશાન્ત-પ્રસન્ન થઈ જાય, તો સાક્ષાત્ ભગવાન્ વિરાજે ત્યાં તો કહેવું જ શું ? છતાં અતિપ્રિય ન લાગતો ઉનાળો આવ્યો ! - **"ग्रीष्मो नामर्तुरभवन्नातिप्रेयाञ्छरीरिणाम् ।"** ભગવાન્ ગોપાલ રૂપે ગુપ્ત વેષે વિરાજે છે. રામ પણ ગોપાલરૂપ છે. અવતાર લઈને પધારેલા પ્રભુ, લીલા કરવા માટે, પ્રાકૃતભાવ સ્થાપીને ક્રમશઃ તેને દૂર કરે છે. ભગવાને લીલા માટે સ્વેચ્છાથી મનુષ્યભાવ સ્વીકાર્યો, તેમ દોષ પણ રાખે છે ! આવાં સ્થળે અવતારલીલા સમજવી. ભગવાને આમ રાખેલો દોષ ભગવદીય (બલરામ જેવા) દૂર કરે. પ્રલંબ પણ રામે માર્યો. બેમાંથી એકને ઓળખે તો પણ દોષ ન આવે, ગ્રીષ્મ દૂર રહે. પ્રભુનો પરિચય હોય તો, દોષ - ક્લેશ સ્વલ્પ પણ ન સંભવે ! ભગવાન્ જ ભક્તોના ક્લેશ - દોષને દૂર કરે છે, ક્યારેક પોતે, કોઈક દ્વારા, તે સમજાવવા માટે આ બધી લીલાઓ છે. અવતારદશામાં ભગવાને સ્વરૂપથી આવી કૃપા કરી. અત્યારે અનવતારદશામાં પોતાના ભક્તો દ્વારા અને પોતાની તે લીલાકથા દ્વારા પણ, કૃષ્ણ સૌને કૃતાર્થ કરે છે, ક્લેશ-દોષ-સંપૂર્ણ દૂર કરી દઈને, સુખ-શાન્તિ-આનન્દનો અનુભવ દે છે ! કથા-સેવાથી પણ પ્રભુનો પરિચય કે પ્રીતિ ન થાય તો ક્લેશ લાગે પણ ખરો ! દોષ પણ દેખાય !

ભગવાન્ ગુપ્ત હોવાથી ગ્રીષ્મ આવ્યો. શરીરધારીઓને તે અતિપ્રિય ન લાગે. ઉનાળો અકળાવે. સૌ શીતલતા શોધે. તેમાં રસ, શ્રીખંડનો લાભ મળે, પણ જીભ વશ ન રહે તો અકળામણ વધે, આળસ ઉભરાય. ઉષ્ણકાલમાં સેવામાં શીતોપચારનો સુખલાભ મળે. શ્રીઅંગનાં વિશેષ સ્પષ્ટ દર્શન થાય. ખસખાના (ટટ્ટી), ફુવારા, અંગરાગ (ચંદન), શીતલસામગ્રી, શીતલરાગ, શ્યામને મોતીના શૃંગાર વગેરેનો દર્શનલાભ મળે, પણ તે તો સેવારસિકોને, સૌને નહિ ! ઠંડીમાં પીડાતા હોય તેમને કદાચ ઉનાળો ગમે પણ ખરો ! તેથી શ્રીશુકે બહુ પ્રિય ન કહ્યો, છતાં પ્રિય કોઈકને ખરો ! - તેવો ધ્વનિ તેમાં સમાવ્યો. ભગવાને તો પોતે પ્રકટ પરિચય ન દીધો. દોષ જુદી રીતે દૂર કર્યો ! **"स च वृन्दावनगुणैर्वसन्त इव लक्षितः ।"**- વૃન્દાવનના ગુણોથી ઉનાળો પણ વસન્ત જેવો લાગ્યો છે. કાલકૃત દોષ ત્યાં નથી. રામસહિત ભગવાન્ કેશવ વિરાજે છે ! વસન્તમાં તાપ-શીત સમાન લાગે. ગ્રીષ્મમાં તાપ વિશેષ લાગે. વૃન્દાવન શીતલ છે, તેથી ગ્રીષ્મ વસન્ત જેવો લાગે છે. વૃન્દાવનના આ સ્વાભાવિક ગુણોથી આધિભૌતિક-વસન્ત, ભૌતિક શરીરને તાપ ન લાગે. પ્રતિબંધ-નિવારક રામસહિતના ગુણોથી આધ્યાત્મિક-વસન્ત, છાયા માટે લીલાસ્થલમાં કોઈના આવવાની શંકારૂપ તાપ ન રહે ! અને ભગવાન્-સહિતના ગુણોથી આધિદૈવિક-વસન્ત-રૂપતાથી વિરહ-તાપ ન રહે, તેથી સર્વથા વસંતવત્ લાગે છે. પૂર્ણાનન્દ પ્રભુ વિરાજે ત્યાં, સ્વલ્પ પણ આનંદ ન્યૂન ન હોય. - **"यत्रास्ते भगवान् साक्षात् ।"**- પ્રભુ હોય ત્યાં પ્રીતિ અને પ્રસન્નતા હોય ! દોષ કે ક્લેશ ભરેલા અંતઃકરણવાળાઓ પણ પ્રભુ શરણે જાય, પ્રીતિ કરે, તો નિર્દોષ બને, આનન્દ અનુભવે, કૃતાર્થ થાય. ભગવાન્ તો છ ગુણવાળા છે ને ? કૃષ્ણના ઐશ્વર્યથી ગ્રીષ્મમાં વસન્તગુણો આવ્યા છે ! બલવાન્ એકની વસ્તુ લઈને બીજાને દે છે. વસંતગુણો કૃષ્ણે ગ્રીષ્મને દીધા ! વીર્યગુણ છે. યશસ્વીમાં સઘળા ગુણો આવે. વસન્તગુણો કૃષ્ણયશઃથી

ગ્રીષ્મમાં આવ્યા ! શ્રી હોય ત્યાં સર્વ ઉત્તમ આવે. ઉત્તમ વસંતગુણો ગ્રીષ્મમાં કૃષ્ણના શ્રી-ગુણથી આવ્યા. જ્ઞાનથી સર્વાત્મકતા આવે ! જ્ઞાનયુક્ત કૃષ્ણ સર્વ રૂપે પ્રકટ થયા છે, તેથી ગ્રીષ્મ પણ વસંતરૂપ થયો. વૈરાગ્ય- પૂર્ણ તો ઉષ્ણને પણ શીત ગણે ! કૃષ્ણ ગ્રીષ્મને વસંતવત્ વૈરાગ્યથી ગણે છે. વૈરાગ્યથી સમાનતા લાગે. ભગવાન્ સત્ય-સંકલ્પ છે. ગ્રીષ્મ વસંત રૂપે પ્રકટ તેથી થયો !

વૃન્દાવનની દિવ્ય - શોભા :

વૃન્દાવનની દિવ્યશોભા છે. કલકલતાં ઝરણાં વહે છે. ઝિલ્લિકા (તમરાં)નો ધ્વનિ તેથી શાન્ત છે. ઝરણાંનાં જલબિંદુવાળાં નીરસવૃક્ષો સરસ - ભવ્ય, ઘટાદાર-વૃક્ષોથી છવાયાં છે. નદી, સરોવર, ઝરણાંના તરંગમાલાના સ્પર્શથી વાયુ શીતલ છે, જલ બિંદુથી મંદ છે. સંધ્યાએ ઊગતાં કલ્હારપુષ્પ, દિવસે વિકસતાં કમલપુષ્પ, રાત્રિએ પ્રફુલ્લ થતાં ઉત્પલપુષ્પનો સુગંધ પણ તેમાં સદા છે. જમીન પર સુંદર કોમલ લીલું ઘાસ ઊગીને અતિ છવાયેલું છે, ક્યાંક દુર્વા પણ છે.આ "શાદ્વલ" - કહેવાય ! ઉનાળામાં પણ સૂર્ય-કિરણોથી કે જમીન તપવાથી ત્યાં તાપ નથી, પ્રભુ હોય ત્યાં સંતાપ ન હોય, પ્રયત્ન વગર પ્રફુલ્લતા હોય. અગાધજલવાળી નદીઓની તરંગાવલીઓથી કિનારાની ભૂમિ પણ આર્દ્ર છે. અનેક પ્રફુલ્લ પુલિનો ત્યાં આવેલાં છે. વૃન્દાવનભૂમિ સર્વદા સરસ - રસયુક્ત છે. **"रसो वै सः"** રસરાજ કૃષ્ણ વિરાજે છે ને ! - ત્યાં પ્રચંડ સૂર્યકિરણો પણ રસ હરી લઈ, નીરસતા દઈ શકતાં નથી ! રસદાતા અમાપ દે છે ! લેનાર લઈ શકે કેટલું ? ખેતરમાંથી પાક પૂરતો જ ભેજ શોષાય છે. સુશોભિત-કુસુમિત કાનન છે - **"वनं कुसुमितं"**- ગ્રીષ્મમાં તો પુષ્પ ઓછાં હોય. કૃષ્ણનું પ્રફુલ્લ આનન (મુખ) જોઈને પણ કાનન (વન) પ્રફુલ્લ થઈ જતું હશે ને ! વિચિત્ર મૃગ અવાજ કરે છે. પક્ષી કલરવ કરે છે. મયૂર ટહુકે છે. ભમરાં ગુંજન કરે છે. પરપુષ્ટ કોકિલ કૂજન કરે છે. સારસ સરસ સરોદ કરે છે. નાદ, ગાન અને કૂજન રસવૃદ્ધિ સૂચવે છે. ગાનમાં નૃત્ય અધિક રસ દે. મયૂરો મસ્ત બનીને નાચે છે. ભગવાને લીલા માટે આ ગુણો પ્રકટ કર્યા છે. અન્યત્ર કોઈનાં નૃત્યાદિ કલા જોઈને ભગવદીયોને તો ભગવાન્ જ યાદ આવે ! પ્રભુ પધારે છે, સાથે બલરામજી છે. છ ગુણ - પોતાના, બલ - રામજીનું ! લીલા સૌને સુખ દેનારી !

ભક્તસુખ માટે ભગવાનની બાલક લીલા ! :

ભગવાન્ વેણુનાદ કરે છે. વ્રજ-દેવતાઓનો ભાવ જાગ્રત કરે છે. ગોપ-ગોધન સેવા માટે, અર્થ અને ધર્મ માટે સાથે છે. વૃન્દાવનવિહારીજી વૃન્દાવનમાં પધાર્યા. સૌએ વિવિધવેષ ધર્યા છે ! કોમલ પાંદડાં, મયૂરપિચ્છ-ગુચ્છ, પુષ્પગુચ્છો, પુષ્પમાલા, ગૈરિકા વગેરે ધાતુઓથી શોભા અદ્ભુત કરી છે. આ પાંચ વનભૂષણ છે. સૌ રમતાં રમતાં પધારે છે. નાચતાં મનોવિલાસ કરે છે, મલ્લયુદ્ધ કરતાં દેહવિલાસ કરે છે, ગાન કરતાં વાણીવિલાસ કરે છે. ભગવાન્ કૃષ્ણ લોકમાં નૃત્ય પ્રસિદ્ધ કરવા નાચે છે ! બીજાઓ કોઈ ગાય છે, કોઈ વાદ્ય બજાવે છે, કોઈ વેણુ બજાવે છે, કોઈ હાથ ભેગા કરી શંખ જેવો નાદ કરે છે, કોઈ વડ-પીપળાનાં પાનથી ગોમુખ જેવો અવાજ કરે છે, કોઈ શૃંગ બજાવે છે, કોઈ પ્રશંસા કરે છે. **"गोपरूपप्रतिच्छन्ना देवा गोपालरूपिणः ।"**- આ સામાન્ય ગોપો નથી, દેવો છે ! ગોપજાતિમાં જન્મ્યા છેં, સેવા માટે આવ્યા છે, ભગવાનની જેમ ગુપ્ત રહ્યા છે ! ભગવાને સખ્યથી સમાનતા દઈ, સ્વામિસેવકભાવ દૂર કરી, સ્નેહશૃંખલાબદ્ધ કરી દીધા છે ! દેવો તો વિવિધ કલા-કોવિદ

હોય. તે પણ પ્રભુની પ્રસન્નતાથી પ્રશંસા કરે છે. સામાન્ય લોકોનાં વખાણ વ્યર્થ છે, તેની ખાસ કિંમત નથી. સામાન્યો તો સામાન્ય સારું જોઈને સંતોષ પામે. વિશેષજ્ઞો-વિશારદો-વખાણે તેમાં વિશિષ્ટતા છે ! નટસભામાં નટનાં વખાણ તેની નટવિદ્યાની સર્વોત્તમતાથી થાય. ક્ષેત્રના નિપુણ નમે તે શ્રેષ્ઠતા છે. - "नट इव नटं" આ ખૂબ સૂચક છે. વિશ્વાસ માટે "नृप"- સંબોધન છે. સત્પુરુષોનો સ્વભાવ છે, સ્વલ્પ પણ સારું જુએ, સ્વીકારે, અભિનંદનથી ઉત્સાહ વધારે ! મહાપુરુષનું મન મોટું હોય, ગુણ ગ્રહણ કરે, દોષથી દૂર રહે ! પોતાનું હોય તે પણ પ્રિય - ઉત્તમ લાગે. જેમાં રુચિ હોય તે પણ ગમે. દેવો તેમ ભગવાનનાં વખાણ નથી કરતા. પરબ્રહ્મ રૂપે પરિચય થાય તો પરિચર્યા (સેવા) કરે, હાથ જોડીને સ્તુતિ કરે. પ્રિય રૂપે પરિચય પ્રભુએ દીધો છે, પ્રેમ પ્રગાઢ છે. પોતાના પ્રિયમાં પ્રકૃષ્ટતા જોતાં આનંદમાં હાથ પકડીને હર્ષથી અભિનંદે છે, વખાણે છે, સાધુત્વ કે પ્રિયત્વથી નહિ ! પ્રકૃષ્ટતાની આ પ્રશંસા છે.

ભગવાન્ અનેક પ્રકારે મલ્લયુદ્ધલીલા પણ કરે છે ! એકબીજાનો હાથ અડકાડીને ઘૂમે છે. બે હાથ પકડીને ઘુમાવે છે. બાલકની જેમ કૂદરડી ખાય છે, કૂદકા મારે છે, ઊંચેથી નીચે કે ખાડામાં કૂદે છે, હાથ ઠોકે છે, ખેંચે છે, બાહુયુદ્ધ કરે છે. "काकपक्षधरौ"- રામશ્યામનું ચૂડાકર્મ થઈ ચૂક્યું છે ! કોઈક સ્થળે ચૂડાકર્મ પછી પણ વાળ રાખે છે. ગોવાળો ક્યાંક પ્રભુ પાસે નાચે છે; ત્યારે પ્રભુ ક્યારેક ગાય છે. ક્યારેક વાદ્ય બજાવે છે, સાધુવાદ આપે છે ! "શાબાશ ! સુંદર !" કહીને પ્રભુ પ્રશંસા કરે છે, ક્યાંક સુધારે છે પણ ખરા ! કલાદિગુરુ ભગવાન્ પાસે કોઈ કેટલી કલા બતાવી શકે ? પૂર્ણપ્રભુ પાસે અપૂર્ણ શું કરી શકે ? છતાં ચતુર ગુરુ શિષ્યનો ઉત્સાહ વધારવા કદર કરે, પ્રસન્નતા પ્રકટ કરે, તેમ ઉદાર પ્રભુ સંતોષ બતાવે છે ! તે ઉત્તમતા, ઉલ્લાસ અને આત્મીયતા વધારે છે. આ તો બધી શાસ્ત્રાનુકૂલ લીલા છે ! ભગવાન્ બાલકની જેમ પણ રમે છે, બિલ્વ (બીલાં) વગેરે ફલને દૂર ફેંકે છે, આમલીથી રમે છે, આમલી-પીપળી રમે છે, મુઠ્ઠી ઘુમાવે છે. અડકવાની રમત રમે છે, આંખમીચોલી કરે છે. છુપાઈ જવાનું રમે છે, એકબીજાને ઉપાડવાની, એક પગે ચાલવાની (લંગડી) વગેરે રમતો રમે છે, અનેક સાધનોથી પણ રમે છે. ક્યારેક હરિણ કે મયૂર વગેરેની જેમ વેષ ધરીને નાચે છે ! દેડકાની જેમ કૂદે છે, "निगृह्य चतुरः पदः ।"- શ્રુતિ પણ છે. સતત કૂદતાં (વિઘ્નદોડ) પણ ચાલે છે, વિવિધરીતે ઉપહાસ (મશ્કરી) પણ કરે છે. રાજાની જેમ ભગવાન્ ક્યાંક શિબિકા કે હિંદોલામાં પણ વિરાજે છે !- "कदाचित् स्पन्दोलिकया कर्हिचिन्नृपचेष्टया ।" કેટલાક વ્રજભક્તો વાહક બને, કેટલાક શિબિકારૂપ બને, પ્રભુ ઉપર વિરાજે ! ક્વચિત્ હિંદોલાની જેમ બે ગોવાળો સ્તંભ રૂપે ઊભા રહે. પરસ્પર ખભે હાથ મૂકે. વચ્ચે ચાર બીજા હાથ બાંધે - લાકડીની જેમ ! વચ્ચે કોઈ સ્થાનરૂપ બને. પ્રભુ મધ્યમાં વિરાજે. હિંદોલા લીલા થાય ! ક્વચિત્ પ્રભુ રાજાની જેમ સિંહાસને વિરાજે, આજ્ઞા આપે, બાંધે, સજા કરે, મુક્ત કરે. વનલીલા પણ કરે ! અનેક પ્રકારે પાસાની રમતો રમે !

પુષ્ટિમાર્ગીય સેવાક્રમમાંની પ્રાયઃ ઘણી સેવાપ્રણાલિકા શ્રીભાગવતજીમાંથી જડે તેમ છે ! શ્રીમહાપ્રભુજીએ લીલાનુકૂલ રીતે પ્રકટ કરી છે ! મંદિરમાં પ્રભુ સિંહાસને પણ વિરાજે છે, હિંદોલા વગેરે પણ થાય છે. તે બધાં સાધન માત્ર દેખાય છે, - તેવાં, જડ (ભૌતિક)-કાષ્ઠ, ચાંદી, સુવર્ણ કે કાચ વગેરે માત્રનાં - નથી, પણ સાક્ષાત્ સ્વરૂપાત્મક છે ! ભગવદ્ભક્તો તે રૂપે પોતે ગોઠવાયા છે !

સર્વસ્વ- સમર્પણ કરનારા ભક્તો પોતાના પ્રિય પ્રભુના સુખ માટે સાનુકૂલ રીતે સઘળું કરે છે. તે આધિદૈવિક- પ્રકાર લીલામાં છે. અહીં આપણને ભાવાનુસંધાનથી ભાન કરાવે છે. પુષ્ટિમાર્ગીય સેવાક્રમમાં હિંદોલા- રથ વગેરેમાં, પ્રભુના વિરાજતા પહેલાં અધિવાસન (પૂજન) થાય છે, ભોગ પણ ધરાય છે. તે આવી ભાવનાથી છે. ભક્તોએ આવાં સાક્ષાત્ દર્શન પણ તેનાં કર્યાં છે. કીર્તન પણ તેનાં કર્યાં છે! દિવસલીલામાં વનમાં ગોપસખાઓ આમ લીલાલાભ લે છે. નિકુંજાદિમાં વ્રજભક્તો આ સર્વ વિહારસુખ માણે છે! પુષ્ટિમાર્ગની સઘળી સેવા-પ્રક્રિયા આવી ભાવાત્મક છે, લીલાનુસાર આધિદૈવિક સ્વરૂપ - પ્રકટ પરમાનંદ-નો પરિચય (અનુભવ) યથાધિકાર કરાવનારી છે.

एवं तौ लोकसिद्धाभिः क्रीडाभिश्चेरतुर्वने ।
नद्यद्रिद्रोणिकुञ्जेषु काननेषु सरित्सु च ॥ (१६)

આવી તો અનેક લોકપ્રસિદ્ધ રમતો ભગવાન્ રમે છે, નિરોધ સ્વભક્તોનો કરે છે, આનંદનો અનુભવ દે છે! વનોમાં, નદીઓમાં, પર્વતોમાં, ખીણોમાં, નદીના ધરાઓમાં, કુંજ-નિકુંજોમાં (લતા, પત્ર, ઘાસ વગેરેથી છવાયેલ ગાઢસ્થળોમાં), ગૂઢવનોમાં, ઝરણામાં, સરોવરોમાં અનેક પ્રકારે ભગવાન્ સ્વભક્તો સાથે લીલાઓ કરે છે. વ્રજયાત્રામાં આવાં સ્થળો અને પ્રસંગો અનેક જણાય છે. લૌકિક-ભાવો દૂર કરીને લીલાઓથી ભગવાન્ ભક્તોના અંતઃકરણના દોષો દૂર કરે છે! પ્રભુસંબંધી કોઈ પણ બાબતમાં લૌકિક જેવી સમજ થાય, તે અંતઃકરણનો દોષ છે. લૌકિક જેવું લાગે, છતાં પ્રભુ-સંબંધી સઘળું અલૌકિક છે! લૌકિકમાં આગળ માત્ર "અ" ઉમેરતાં અલૌકિક બની જાય. અ-કૃષ્ણ છે! આપણાં બધાં લૌકિક-કાર્ય, વસ્તુ, પ્રસંગ, વિચાર વગેરેમાં ભગવાનને મુખ્ય બનાવીએ, પ્રભુ પ્રસન્ન થાય તેવા વિચારે સઘળું કરીએ, પ્રભુ માટે કરીએ, તો તે બધું અલૌકિક બની જાય! લૌકિક કાર્ય કહેવાય, અલૌકિક સેવા કહેવાય! લૌકિક-કાર્ય સુખદુઃખ આપે. અલૌકિક-કાર્ય-સેવા આનંદ આપે. કાર્ય (ક્રિયા) કે વસ્તુ તો તેમાં સમાન જ હોય, પણ પ્રભુનો સંબંધ થતાં ઉત્તમ થઈ જાય. ભક્તોના નિરોધ માટે વસ્તુ, ક્રિયા સૌમાં પ્રભુ પોતે પ્રવેશે છે, બધું ભગવદ્રૂપ બની જાય છે!

અપરાધ રૂપ અસુરને પ્રભુ મારે છે : સેવાથી તદ્રૂપ ભક્તને તો ભગવાન્ સ્વયં ધારણ કરે છે!:

પશુઓ ચરાવતાં પ્રભુ ભક્તો સાથે આમ અનેક વિહારો કરે છે. ત્યાં તો એક નવો ગોવાળ આવ્યો. "गोपरूपी"- ગોપનું રૂપછે, પણ છે તો અસુર! પ્રલંબ તેનું નામ. અંતઃકરણનાં દોષનું મૂર્તિમંત સ્વરૂપ, દૈત્ય રૂપ, દોષાભિમાની! જે જેનું સ્મરણ કરે, તે તે-મય થઈ જાય. આવું સ્વરૂપ - સમર્પક છે,- અંતઃકરણ! વિષયતાસંબંધથી આમ સંભવે. ક્રીડાનુભવજનિત-સંસ્કાર ઉત્પન્ન થતાં, જે અંતઃકરણમાં બધા ગોપો જ લાગે, ભગવાન્ નહિ, તે અંતઃકરણદોષરૂપ પ્રલંબ છે, તેથી ગોપરૂપી છે. "**प्रकर्षेण लम्बश्च प्रलम्बः ।**"- ખૂબ લાંબો, મુક્તિ સુધી મૂકે નહિ, તેવો દોષ,- ભગવાનમાં લૌકિકબુદ્ધિ! ભગવાને ઓળખ્યો. આવકાર્યો. દૂર કરવા વિચાર્યું. સમર્થને ક્ષોભ ન થાય. ઉગ્રતા અને વ્યગ્રતા તો અધૂરામાં આવે! ભગવાન્ તો સર્વરૂપ છે. દોષ વગર કોઈને દંડે નહિ. સખા રૂપે તેને સ્વીકાર્યો, તેથી પોતે ન માર્યો. બલરામજી દ્વારા ઉપાય કર્યો. બધાને કૃષ્ણે બોલાવ્યા. નવી રમત સમજાવી. બે જણ મુખ્ય બને. બાકીનામાંથી બે બે જણ ગમે તે સંકેત (નામ) નક્કી કરીને આવે. પેલા મુખ્ય ગમે તેને

માગે. જેણે તે સંકેત રાખ્યો હોય તે તેની ટોળીમાં જાય. વારાફરતી આમ ચાલે. ગોવાળો બે જૂથમાં વહેંચાય. "**उवाह कृष्णो भगवान् श्रीदामानं पराजितः ।**"- એક પગે ચાલવાની રમત. પગ નીચે અડકે તે હારે. ઊંચકીને જીતેલાને ભાંડીરવનના વડ સુધી લઈ જાય. ભગવાન્ હાર્યા ! ભક્ત પાસે જીતાય કઈ રીતે ? શ્રીદામાને ઉપાડ્યા. બધા પીઠે ઉપાડે, પ્રભુએ તો ગળે લટકાવ્યા ! જાણે વનમાલા ધરી ! બાલક રૂપે હાસ્ય કરાવે છે ! લીલામાં અલૌકિકતા છે. અકિલષ્ટકર્મા પ્રભુ ! ભક્તને શ્રમ ન કરાવે, પોતે કરે ! શ્રીદામા લીલામાં તો સ્વયં લક્ષ્મીરૂપ છે, વનમાલારૂપ છે ! સ્વામિનીજીનો ભાઈ અને લક્ષ્મીજીની માલા- સેવામાં સહાયક છે, સેવાથી તદ્રૂપ છે. ભગવાને રસાનુભાવ દીધો. સાચી સેવા તો તન્મય બનાવી દે છે. સેવા મુખ્યાધિકારીને અનુકૂલ થઈને થાય, નહિ તો અહંકાર આવે. ભગવાન્ અંગીકાર ન કરે.

બલરામજીને પ્રલંબે લીધા. અહંકારના દેવતા બલદેવજી છે. જ્યાં સુધી અહંકાર હોય ત્યાં સુધી પુરુષ કેવલ પ્રકૃતિવશ ન થાય. "હું આવો છું, આવું કેમકરું ?" - તેવી સમજ, દોષથી દૂર રાખે ! અહંકાર જતાં પ્રકૃતિવશ થાય, તેથી બલદેવજીને હર્યા. પ્રભુને લેવા હિંમત ન થઈ ! બલદેવજી ન સમજ્યા. વિલંબે ન થાય તેમ ઝટ ચાલવા માંડ્યું. માયાવેશ છોડ્યો. અસુરરૂપ થયો. દોડ્યો. અંતઃકરણ માણસને ઘડે છે - સ્વરૂપ દે છે ! જેવું અંતઃકરણ તેવાં હાવ-ભાવ, વેષ-વાણી. તેની સાચી સમજ ઉતાવળ, પ્રતિકૂલતા કે ઉગ્રતામાં પડે. આવેશમાં સભ્યતાનું આવરણ ઊતરી જાય, સાચું સ્વરૂપ પ્રકટ થઈ જાય, અંતઃકરણ ઓળખાય ! ક્રોધ, શોક, કામ, મોહ, ઈર્ષા, લોભ, મદના ઊભરા હોય, ત્યાં સુધી સ્વાન્તઃ શુદ્ધિ થઈ જ નથી; પછી કાયમી દોષો હોય તો શુદ્ધિ જ ક્યાં સંભવે ? સદા અંતઃકરણની પ્રસન્નતા શુદ્ધિસૂચક છે ! વીજળી જેવો અસુરનો મુકુટ, બલરામજીનો સૂર્ય જેવો ! વાદળ જેવો દોડતો શ્યામ અસુર, ચન્દ્ર શા શ્વેત બલરામજી ! અસુરની ભયંકર લાલ શિખા ! હલધર સહેજ ત્રાસ્યા ! ભગવદાવેશ થયો. વજ્રમુષ્ટિપ્રહાર કર્યો. આકાશમાર્ગે જતો અસુર મર્યો, - પડ્યો. ગોવાળો વિસ્મિત થયા, પ્રેમવિકલચિત્તે, - "લાંબું જીવો, અમારી રક્ષા કરો !" - આશીર્વાદ દેવા લાગ્યા, સ્તુતિ કરી. પ્રલંબ મરતાં દેવોનો કંસનો ભય દૂર થયો. પુષ્પવૃષ્ટિ કરી. સાધુવાદ દીધા. ભગવાને અંતઃકરણ - દોષ - અધ્યાસ દૂર કર્યો. લોકવ્યવહારમાં તો રમતમાં પણ, દાવ હોવા છતાં, કોઈ પોતાના શેઠના પુત્ર ઉપર બેસે નહિ, મન તેમ કરવા માને નહિ, - ક્ષોભ થાય. અહીં, સ્નેહભર્યા ગોવાળોને ભગવાન્ પોતાના રાજાના પુત્ર હોવા છતાં, તેવો ક્ષોભ લાગતો નથી; તેથી અંતઃકરણમાં કંઈ કારણ હોવું જોઈએ ! પ્રલંબવધથી પ્રભુએ તે દોષ દૂર કર્યો. પ્રલંબવધથી ગોવાળોને ભગવાન્ પ્રત્યે અલૌકિક-બુદ્ધિ થઈ, પહેલાંથી પણ વિશેષ સ્નેહ થયો. "**प्रेमविह्वलचेतसः** ।"થી તે છેલ્લે બતાવ્યો. બાલકોની દૃઢ ભગવદાસક્તિ સ્થિર થઈ. સંસારીઓમાં સ્વાર્થ વગેરેને લીધે પોતાના કાર્યમાં વિકલતા અને પ્રભુકાર્યમાં પ્રમાદ હોય. ભગવાનનો મહિમા ન જાણતાં, સામાન્ય-બુદ્ધિથી આ સંભવે છે. આ પ્રમાદ પ્રભુપ્રાપ્તિમાં વિલંબરૂપ બને. તે પ્રલંબ છે. દેહનું સુખ સંભાળે તે આસુરભાવ છે. ઈન્દ્રિયારામ પણ તેવો છે ! અંતઃકરણની અસાવધતા - જડતા - પ્રમાદ છે. અંતઃકરણમન, બુદ્ધિ, ચિત્ત અને અહંકારરૂપ છે. મનમાંથી દુષ્ટ-અયોગ્ય-સંકલ્પ જાય, બુદ્ધિમાંથી અયોગ્ય વિચારો જાય, ચિત્તમાંથી ચંચળતા જાય, અહંકારમાંથી દુરાગ્રહ જાય, તે ચારે પ્રભુસંબંધી બને, તો કૃતાર્થ થવાય. "મને શું ગમે છે ?" - તે ભૂલીને "મારા

પ્રભુને શું ગમશે ?" - તેવો વિચાર જીવનના નાનાં મોટાં બધાં કામમાં રહે, પ્રભુ પ્રસન્ન થાય તેવું જીવાય, તો કૃતાર્થ થવાય. અંતઃકરણ સ્નેહભર્યું શુદ્ધ હોય, તો પ્રભુ સ્વયં પ્રેરણા કરે ! "પ્રભુને શું ગમશે ?" - તે જરૂર સમજાય, શ્રીભાગવત વગેરે દ્વારા પણ સમજાય. પ્રભુએ અસુરવધથી જે દોષો દૂર કર્યા, તે આપણામાં ન રહેવા જોઈએ. નિષ્ઠાપૂર્વક તેવો પ્રયત્ન કરવો. તેનું બલ અને ફલ પ્રભુ આપે. આમ જીવતાં, લોકદષ્ટિએ જે કાંઈ સહન કરવું પડે, તે પણ પ્રભુનિષ્ઠાના પ્રભાવે કઠિન ન લાગે ! રામ વેદાત્મક પ્રમાણરૂપ છે. તેના દ્વારા પ્રભુએ પ્રલંબને માર્યો. અંતઃકરણદોષ દૂર કરવા માટે પ્રમાણનો વિચાર કરીને જીવવું. આપણે જે કરીએ તેમાં શાસ્ત્રની સંમતિ છે ? - કોઈ સત્પુરુષે તેવું કર્યું છે ? - તે તપાસવું, ભક્તોના જીવનપ્રસંગો વિચારવા. અંતઃકરણના દોષો ભગવદાવેશવાળા ભગવદીય દ્વારા દૂર થાય ! તેમાંથી પ્રભુપ્રસન્નતા મળે. કૃપાથી કૃતાર્થ થવાય.

અધ્યાય : ૧૯

સ્વૈર ચરતી ગાયો તૃણલોભથી ગોવિંદથી દૂર ગઈ !:

ભગવાન્ સાથે રમવામાં ગોવાળો મગ્ન હતા. ગાયોને પણ ભૂલી ગયા ! ગાયો દૂર ચાલી ગઈ. પ્રલંબ મરતાં અંતઃકરણદોષ દૂર થયો. અંતઃકરણના અધ્યાસથી, - "હું આ અનુભવું છું, સ્મરું છું." - વગેરે અન્યથાજ્ઞાન - પરતન્ત્ર જીવ, દેહાદિભાવે અસ્તિત્વ ધરાવતો ભાસે છે. અંતઃકરણદોષ દૂર થતાં, અન્યથાજ્ઞાન દૂર થાય. "હું" - રૂપ આત્મા સ્પષ્ટ ભાસે નહિ, વાસ્તવરૂપ જ્ઞાન ન હોતાં, અન્યથાજ્ઞાનમાં ઉપાધિરૂપ દેહનો અસત્પદાર્થમાં ઉપયોગ થતાં, આત્મા પણ તે દોષવાળો બને છે. તે દશામાં ગાયોની અગ્નિરૂપ આપત્તિમાં ગોવાળો પણ મુશ્કેલીમાં જણાય છે.સર્વનાશ થતો હોય ત્યારે હરિ જ રક્ષક છે. ભગવાનની ઉપેક્ષાથી સર્વનાશ જ થાય, શરણાગતિથી રક્ષા થાય. સર્વ ઉપાધિથી મુક્ત હોય, તે પણ ભગવાનની શરણાગતિ કરે ! ગાયો તો સ્વતન્ત્ર રીતે ચરે છે. "स्वैरं चरन्त्यः ।"- શ્રીભાગવતજીમાં તો મંગલ જીવનસંદેશ પણ સમાયેલા છે. ભગવલ્લીલા ભક્તોને આનંદ આપે છે, સંસારીઓને સન્માર્ગની સૂઝ આપે છે. જીવન વન છે. સંસારરાગ તેમાં લાગતી આગ છે ! ગાય જેવું ઉપયોગી - મંગલ - કલ્યાણસાધક માનવમન તેમાં ફસાય છે, - દારુણ દુઃખ અનુભવે છે; કારણ "स्वैरः चरन्त्यः"- માં સૂચવે છે. શાસ્ત્ર કે સત્પુરુષોને સાનુકૂલ જીવે તે સુખી બને. મન માને તેમ સ્વચ્છન્દે જીવે, તે મુશ્કેલીમાં મુકાય, - મૂંઝાય ! સ્વતંત્રતા સુવ્યવસ્થિત છે, સુખદ છે, સ્વચ્છંદતા અવ્યવસ્થિત છે, ક્ષુલ્લક બનાવે છે. મોટે ભાગે સૌને ગમે છે - સ્વચ્છંદ ! તેને માની લે છે - સ્વતન્ત્રતા ! કોઈને કાંઈ બંધન- નિયંત્રણ ગમતાં નથી, મરજી મુજબ મહાલવું ગમે છે ! શાસ્ત્ર કે શિષ્ટાચારના બંધનમાંથી દૂર રહેવા જતાં, પોતે જ પોતાનાં અનેક બીજાં બંધનો માનવ ઊભાં કરી દે છે ! આપત્તિના અનુભવ વગર આંખ ઊઘડતી નથી. આમ જીવવાનું કારણ - "तृणलोभेन" છે. ગાયને ઘાસનો લોભ,- માનવને ગ્રાસનો ! પેટ ભરવા - ખાવા - માટે, ગ્રાસના લોભે આથડે ! મનમાન્યું જીવવા માટે કમાવું પડે, કમાવા માટે મન ફાવે તેમ આચરવું - આથડવું પડે ! "दूरचारिणीः "- ગાયો દૂર તો ચરતી જ હતી. સંસારરત માનવ ભગવાનથી દૂર (વિમુખ) તો રહે છે જ ! તેમાં વળી લોભ લાગે ! લોલુપતા વધારે વિમુખ બનાવે ! "विविशुः गह्वरं"- ગાઢવનમાં ગાયો પ્રવેશી.

માનવ જ લોભવશ થઈને જીવનને અટપટું બનાવે છે !

માનવ લોભવશ થઈને જીવનને, વધારે ગહન (અટપટું) બનાવે છે, તેથી દહન (રૂપ આપત્તિ)-માં ફસાય છે ! છલ કપટ, અસત્ય, વ્યર્થ વ્યવહાર, ઈર્ષા, લોભ, શંકા, સ્વાર્થ વગેરે જીવનની સરલતાને હરી લે છે ! સરલતા જતાં સુખશાંતિ સ્વપ્ન જેવાં થઈ જાય છે, પ્રભુથી વધારે વિમુખ થતા જવાય છે ! વિમુખ થનારા લોકો બે પ્રકારના છે. એક, સંસારમાં જ આસક્ત છે. ભગવાન્ સાથે તે કોઈ સંબંધ રાખતા નથી, ભગવાનને માનતા નથી, કે રુચિ જ તેમાં નથી. કમાણીમાં જ કલ્યાણ તેમને દેખાય છે. બહુ તો મન ગમતું કોઈ સારું લાગતું કામ કરી લે, સંતોષ માને ! બીજા લોકો, સંસારમાં આસક્ત હોવા છતાં, ભગવાનને સ્વાર્થ માટે ભજે છે. તેમાં મુખ્યતા ભગવાનની નથી, સ્વાર્થની છે. પ્રભુ પાસેથી કાંઈક મેળવવું છે, - આલોક કે પરલોકનું સુખ ! ભગવાનને તેમાં સાધન ગણે છે. તે પણ ભગવાનથી તો વિમુખ જેવા ગણાય ! વનમાં ચરતી પેલી ગાયો ભગવાનની ગણાય, ભગવાન્ સાથે હતા, છતાં દૂર થઈ; તેમ ભગવાનના માર્ગે જીવતા જણાતા લાગીએ, પ્રભુના ગણાઈએ, છતાં વિમુખ રહેવાય ! સેવા-સ્મરણ-કથા-પાઠ-જપ-ધ્યાન-સ્તોત્ર વગેરે સઘળું કરીએ, પણ તેમાં ભક્તિમાર્ગની મર્યાદા ન સાચવીએ, મરજી ફાવે તેમ બધું કરીએ, તો માર્ગ વગર મળે શું ? પહોંચાય ક્યાં ? ગીતાજીમાં, ''यः शास्त्रविधिमुत्सृज्य....''- થી, શાસ્ત્રવિધિ વગર, કપોલકલ્પિત રીતે, જે લોકો મરજી મુજબ કાંઈ કરે, તેને સફલતા કે સદ્ગતિ ન મળે, તે સ્પષ્ટ કહ્યું છે, કર્મ, જ્ઞાન અને ભક્તિમાર્ગમાં, તેનાં શાસ્ત્રોની આજ્ઞા-વિધિ-જોઈએ જ. તે પ્રમાણે જ બધું કરવું જોઈએ. જેને કેવલ કૃષ્ણ જ જોઈએ છે, તે સાચા સન્મુખ છે ! તે તો પ્રભુથી કે ભગવન્માર્ગથી કયારેય દૂર ન જાય ! તેમને લોભ કયો હોય ? પરવા પણ કોની હોય ? ભક્તિમાર્ગમાં તો આવી ઈચ્છા પણ કૃતાર્થ કરે ! ન બની શકે તેનો સંતાપ પણ પ્રતાપ બતાવે, પ્રભુ પાસે લઈ જાય, શરણાગતિ સર્વ સમર્થ શ્રીહરિની કરાવે ! આ દીનતા-પૂર્વકની શરણાગતિ કૃતાર્થ કરે. પ્રભુ ન મળે તેનો સંતાપ સાચી દીનતા આપે. આ દીનતાથી દીનબંધુ કૃષ્ણ પ્રસન્ન થાય, પોતાનાં બનાવે, કૃતાર્થ થવાય. જાણવા છતાં, સમજવા છતાં, ક્વચિત્ પરિણામે પીડાવા છતાં સ્વચ્છન્દ સૌને છૂટતો નથી, સંસારરાગ ઘસડે છે, જીવન-વનમાં આગ જ અનુભવાય છે !

પોતાનાથી દૂર જઈ દુઃખી થતાં સ્વજનોને પ્રભુ જ પાસે બોલાવે છે !

''अजा गावो महिष्यश्च....।''- ભગવાને તે દિવસે માત્ર ગાયો જ નથી ચરાવી, બકરી - (રાજસ), ગાય (સાત્ત્વિક) અને ભેંસો - (તામસ) પણ સાથે છે ! ''च''કારથી રમવા માટે હરણ પણ સાથે લીધાં છે, રક્ષા માટે કૂતરાં પણ રાખ્યાં છે ! પ્રભુ ઉદાર છે. સાત્ત્વિક, રાજસ, તામસ - કોઈ પણ પ્રકૃતિવાળો જીવ, શરણે આવે તેને સ્વીકારે છે ! અગ્નિ પાસે જાય, સાનુકૂલ રહે, તે સૌને અગ્નિ ગરમી આપે છે, સૂર્ય સન્મુખ રહેતાં સૌને પ્રકાશ આપે છે, તે સ્વાભાવિક છે. તે કોઈની જાતિ, પ્રકૃતિ કે કૃતિ પૂછતા નથી, વિકૃતિ સામે જોતા નથી; તેમ ભગવાન્ કોઈ પણ શરણે આવનારને સંભાળે છે. આ તેમની સ્વાભાવિકતા છે, - કૃપા છે ! પશુઓ ઘાસના લોભે નિર્ભય વનમાંથી ઈષીકાટવીમાં આવ્યાં. તેમાં જવું કે નીકળવું કઠિન. પશુઓમાં ઘરડાં પણ ઘણાં છે, મરવા પડ્યાં હોય તેવાં પણ છે ! ક્યાંય, કોઈ કામનાં ન રહે તેવાં, તેવી અવસ્થાવાળાં પણ, પ્રભુનાં બને

તો, પ્રભુ જરૂર સંભાળે છે ! ગાયો વનમાં તાપથી પીડાઈ, તરસી થઈ, ભાંભરવા લાગી. આ ગાયોની જેમ માણસ પોતે જ ભગવાનથી દૂર જઈને પીડાય છે ! ગોવાળોએ ગાયોને ન જોઈ. ગભરાયા. અંતઃકરણદોષ ગયો હતો, સ્વસ્થતા ન જવી જોઈએ, છતાં ગઈ, તેથી સમજ ન પડી ! અનુમાન કર્યું ખરીઓથી દબાયેલાં, દાંતથી ચવાયેલાં, ઊખડી ગયેલાં ઘાસ જોયાં. વ્યાકુલ થઈને તે રસ્તે ગયા. મુંજાટવીમાં આવ્યા. ગાયો મળી. શાંતિ થઈ. થાક ખાધો. જલ પીધું, ત્યાં તો ભગવાને પોકાર કર્યો. મેઘનાદ-ગંભીર તે વાણી ! સૌ તપેલાંને શાંતિનો સંદેશ દે તેવી ! સૌનાં નામ દઈને પ્રભુ પોકારતા હતા. ગાયોનાં પણ નામ પાડેલાં ! સૌ પ્રભુનાં નામ દે, પોકારે,- તે મર્યાદા ! પ્રભુ ભક્તનાં નામ દે, પોકારે,- તે પુષ્ટિ ! પ્રભુ તો દૂર ગયેલાંને પણ પાસે બોલાવે છે. શ્રીનાથજી ડાબો હાથ ઊંચો કરી, ભક્તોને બોલાવે છે. સંદેશ દે છે,- "મારાથી દૂર જઈને- રહીને, દુઃખી શા માટે થાવ છો ? સુખ શોધવા આથડો છો ક્યાં ? મારી પાસે આવો ! અહીં સુખ સુલભ છે !" પ્રભુનો નિનાદ સાંભળ્યો. હર્ષથી ગાયો ભાંભરી ઊઠી.

તે સમયે દૈત્યાભિમાની દેવતાની ઉપાસિત (સંસારતાપજનક) લૌકિકી-દેવતા અને અંતઃકરણ-દેવતા ક્રુદ્ધ થઈ. એકઠી થઈ ! ચારે તરફથી દાવાગ્નિ રૂપે દેખાઈ ! આ સ્વરૂપ-વિસ્મૃતિરૂપ છે. ભગવદ્-જ્ઞાનરૂપ જીવનો દોષ છે. અકસ્માત્ આ દાવાગ્નિ દેખાયો. કાલ, કર્મ, સ્વભાવ કે ભગવદિચ્છાથી સાથે પ્રચંડ પવન ફૂંકાયો. લપકતા સર્પ જેવી જ્વાલાઓ ફેલાઈ રહી. સહજ દોષરૂપ આ દાવાગ્નિ ગોવાળોને ઘેરી વળ્યો. જ્ઞાનની પૂર્વાવસ્થા છે, - સ્વદોષસ્ફૂર્તિ ! જ્ઞાનજનક - શક્તિના પ્રાકટ્યથી આમ થયું. ભગવાનનો મહિમા જાણતા ગોવાળોએ સદાનન્દ કૃષ્ણની શરણાગતિ કરી. ક્રિયાશક્તિરૂપ રામ સાથે હતા. - "કૃષ્ણ ! કૃષ્ણ ! રામ ! શરણાગત છીએ. બચાવો ! આપ સમર્થ છો. ભક્તો - સ્વજનો - સ્વલ્પ પણ દુઃખી થાય તે યોગ્ય નથી. અમારે આપના વિના કોઈ સ્વજન નથી. આપ ધર્મજ્ઞ છો. અમે શરણાગત છીએ. આપ જ અમારા નાથ છો, આપ જ અમારા આધારરૂપ છો !" કૃપામાર્ગમાં સ્વલ્પસંબંધ પણ સ્વજનરૂપ બનાવે, કૃતાર્થ કરે !

પુનઃ દાવાગ્નિ - પાનથી પ્રભુએ કરેલી સ્વજન - રક્ષા :

ભગવદેકનિષ્ઠા અતિદુર્લભ છે. માત્ર ભગવાનમાં નિષ્ઠાવાળા સ્વતઃ ધન્ય છે ! સર્વજ્ઞ ભગવાને સ્વજનને દુઃખી જોયાં. દયા આવી, - કૃપા કરી. બોલ્યા, - "ગભરાશો નહિ. આંખો બંધ કરો !" પહેલાં અગ્નિપાન વખતે રાત્રિ હતી. આંખ બંધ કરાવી ન હતી. અત્યારે દિવસે બંધ કરાવી ! હિત તેમાં છે. બીજે પણ સૌને લઈ જવાં છે. આપત્તિ આવે તો ચિંતા ન કરવી, તેની વાતો કે વિચારો ન કરવાં, વ્યર્થ વલખાં ન મારવાં, પ્રભુ જ પોતાનું સર્વસ્વ છે, તેવા દૃઢભાવે દીનતાથી, પ્રભુની શરણાગતિ કરવી ! ગોવાળોએ આજ્ઞા માની. યોગાધીશ ભગવાને મુખથી અગ્નિનું પાન કર્યું. સખ્ય-સંબંધે અવજ્ઞાથી થયેલા, - અગ્નિ જેવા આત્મવિસ્મરણરૂપ દોષોના દહન માટે આ દાવાગ્નિપાન છે. સ્વરૂપવિસ્મૃતિ તેથી દૂર કરી દીધી. ગોવાળોની આંખો તો બંધ જ હતી. ભગવાને ખોલવાની આજ્ઞા કરી. આંખો ખોલી. સૌ ભંડીરવનમાં ઊભા હતા; કારણ સમજાયું નહિ ! આશ્ચર્ય પામ્યા. આંખ બંધ કરતાં જ પહેલાંની બધી વાત ભૂલી ગયા હતા. ભગવાને કે બલરામજીએ પછી કહી. અવિદ્યા દૂર થઈ હતી, પોતાને - ગાયોને કૃષ્ણે બચાવ્યાં, તે જાણ્યું. ભગવાનનો અલૌકિક -

યોગમાયા વડે કરેલો પ્રભાવ જાણ્યો ! ભગવાનને અમર-કાલાતીત-પુરુષોત્તમ જાણ્યા. ભગવા
સૌને નિર્દોષ કર્યાં ! સાયંકાલે સૌ અવિદ્યાનાશક જનાર્દન સાથે, સર્વસદ્ગુણ પ્રકટ કરતો વેણુન
કરતા, દૃઢમાહાત્મ્યજ્ઞાનથી ભગવાનની સ્તુતિ કરતા, પવિત્ર વ્રજમાં આવ્યા. પ્રલંબવધ અને
દાવાગ્નિપાનલીલા ભગવાને એક જ દિવસે કરી હોવાથી, સાથે ક્રમશઃ અધ્યાયોમાં કહી છે ! ગા
અને બાલકોની કૃષ્ણમાં દૃઢ-આસક્તિ સ્થિર થઈ. કૃષ્ણદર્શનથી વ્રજમાં શ્રીગોપીજનને પરમ સુ
થયું.

ગોવિન્દ - દર્શનથી શ્રીગોપીજનોનો પરમાનંદ !

> गोपीनां परमानन्द आसीद् गोविन्ददर्शने ।
> क्षणं युगशतमिव यासां येन विनाभवत् ॥ (१६)

ગોવિન્દનાં દર્શનથી ગોપીજનને પરમાનંદ થયો. આનંદ પ્રકટ થતાં અજ્ઞાન ગયું, વિ
વિસરાઈ ગયું. ગોપીજનને તો કૃષ્ણદર્શન વિના ક્ષણ પણ સેંકડો યુગો જેવી લાંબી-દુઃખદ-લાગે
એક ક્ષણમાં તો અનેક વાર જન્મ-મરણનો અનુભવ થતો લાગે છે ! દેહાદિની અત્યંત વિસ્મૃ
વિરહના તીવ્ર દુઃખમાં થાય, તે મૃત્યુરૂપ ! દેહાદિની સ્મૃતિ જન્મરૂપ ! આમ, ઉગ્ર વિરહમાં વારંવ
બને. વિયોગની વિકલતામાં મૃત્યુથી પણ અધિક વેદના અને સંયોગના સુખે નૂતનજન્મથી
અધિક આનંદ લાગે છે ! આનંદમગ્નતામાં અવિદ્યા દૂર થતાં, સંસારસ્પર્શ પણ નથી. દર્શન યંત્રવ
નિયમમાત્રથી, કે મળે છે તેથી જ, ન થાય. આંખ દ્વારા પ્રિય પ્રભુ અંતરમાં પધારે, સ્નેહસંવેદન
હૃદયસ્પર્શ થાય, સંસારનાં સુખદુઃખ વિસરાઈ જાય, આનંદમગ્ન થઈ જવાય ! દર્શન ન મળે
સંતાપમાં શેકાઈ જવાય, પ્રિયવિરહ- દુઃખમાં ડૂબી જવાય, દર્દમાં દુનીઆનું ભાન ભૂલી જવ
તલ્લીન થઈ જવાય ! આમ,દર્શન મળતાં અને દર્શન ન મળતાં પણ, ભગવાનમાં જ મગ્ન રહેવ
આ સ્નેહ-માર્ગની સમજ છે. ભક્તિમાર્ગ સ્નેહરૂપ છે, તેથી પુષ્ટિ-ભક્તિ-માર્ગમાં, સ્નેહ
સુદૃઢતાથી કૃતાર્થતા માટે, દર્શન વારંવાર ખૂલે છે- બંધ પણ થાય છે ! સવારે મંગલા, શૃંગાર, ગ્વ
રાજભોગ, પછી સાંજે ઉત્થાપન, સંધ્યા, ભોગ અને શયન ! આમ આઠ વખત દર્શન થાય
સમાધિસ્થ મહાદેવજીના મંદિરની જેમ સતત દર્શન થતાં નથી ! બધે ભાવનાં ભિન્ન
લીલાભાવના પ્રમાણે પણ, નન્દાલયમાં શ્રીગોપીજન જેમ કૃષ્ણદર્શને જતાં તેમ, અહીં પુ
સેવાક્રમ દર્શન મળે છે. આ ભાવનાથી તો પુષ્ટિમાર્ગીય મંદિરમાં દર્શનની લાઈન કે સ્ત્રીપુરુષ
જુદી વ્યવસ્થા ક્યાંથી હોય ? ભાવની ઉત્કટતામાં કશું યાદ ક્યાંથી રહે ? ભગવાન્ ત્યાં બાલક
સતત બેસી ન રહે, વારંવાર ભૂખ લાગે, ભોગ આવે. વત્સલ મા કોઈની નજર સામે ન આરોગા
નન્દાલયમાં વાત્સલ્યભાવે સેવા છે. નિકુંજમાં મધુરભાવે સેવા છે. બંનેમાં સ્નેહ જ મુખ્ય છે;
વારંવાર દર્શન છે. સતત દર્શનમાં આવું સંવેદન ક્યાંથી હોય ? સંસારીઓની સગવડ માટે
નથી ! શ્રેયઃ (કલ્યાણ) માટે છે ! શ્રેયઃ સ્નેહથી સધાય કે શાસ્ત્રરીતથી થાય ! સમય વગે
સાનુકૂલતા શોધવા-માત્રથી ન થાય ! દર્શનથી દર્દ દૂર થાય, દુનીઆ ભુલાય, કૃતાર્થ થવાય. ભગ
છતાં બાલક ! અદ્ભુત છે ને કૃષ્ણ !

અધ્યાય : ૨૦

વ્રજમાં વર્ષા - શરદ્-ઋતુ કૃષ્ણલીલા માટે આવી : પુષ્ટિમાર્ગસ્થને સુખ છે, - અન્યને નહિ ! :

અદ્ભુતલીલા છે કૃષ્ણની ! પ્રલંબવધ અને દાવાગ્નિમાંથી મુક્તિ જેવું તો ક્યાંય જોયું કે સાંભળ્યું નથી ! ગોપો જેમ જેમ ભગવન્માહાત્મ્ય જાણતા, તેમ તેમ સ્ત્રીઓને કહેતા. સ્ત્રીઓને પણ સત્સંગલાભ મળે તો ભગવદ્ભાવ દૃઢ થાય, સંગદોષ ન લાગે ! વૃદ્ધો પણ તે વખતે લીલાકથા સાંભળતાં, વિસ્મિત થતા. બધા ગોકુલવાસીઓએ ભગવાનનો મહિમા જાણ્યો ! - **"मेनिरे देवप्रवरौ ।"** - **"देवानां मध्ये प्रकृष्टा इन्द्रादयस्तेषामपि वरणीयौ पुरुषोत्तमरूपौ ।"** - દેવમાં ઈન્દ્રાદિ શ્રેષ્ઠ. તેમને પણ વરવા યોગ્ય પુરુષોત્તમ ! તેમાં કાંઈ ગૌણતા નથી. વ્રજવાસીઓને સંદેહ નથી. **"कृष्णरामौ"** - કૃષ્ણ અને રામ નામ સ્પષ્ટ છે. જેમ કોઈ ચક્રવર્તી રાજા પોતાના રાજ્યમાં ક્યારેક ક્યાંક જાય, તેમ ભગવાન્ વ્રજમાં પધાર્યા છે ! પહેલાં કરતાં વિશિષ્ટ આસક્તિ ભગવાનમાં વ્રજવાસીઓને થઈ. સર્વ દોષ ગયા હોવાથી, સર્વતત્ત્વનું જ્ઞાન થયું છે. દિવસે વનમાં થતી લીલા અત્યાસક્તિથી શ્રીગોપીજનના હૃદયમાં સ્ફુરે છે. રાત્રે થતી લીલા ગોપોના હૃદયમાં સ્ફુરે છે ! પરસ્પર નિરંતર ભગવલ્લીલાના ગાનથી ભાવમગ્ન રહે છે. સૌને તે રુચે છે, સેવા કૃષ્ણની કરે છે. તેવા ભક્તો સાથેની લીલા વીસમા અધ્યાયમાં છે. વેણુનાદ શ્રવણથી વ્રજવાસીઓ મનની પ્રીતિ કરતી લીલા એકવીસમા અધ્યાયમાં છે. અસુરસંબંધ રૂપ દોષ દૂર થયા પછીની, કેવલ આનન્દરૂપ લીલાયુક્ત, વર્ષા અને શરદ્-ઋતુ વ્રજમાં કૃષ્ણ-લીલા માટે આવી.

પહેલાં સ્વયં વર્ષા આવી. સર્વ જીવમાં પ્રભુની લીલા છે. ભગવાન્ સત્ત્વથી સાત્ત્વિક સાથે વિહાર કરશે. વર્ષા સર્વસત્ત્વ પ્રકટ કરનારી છે. વર્ષાના આવતાં જ ભગવાનની લીલાપયોગી શક્તિઓ પ્રકટ થઈ; તે બતાવવા એકવીસ દિવ્યધર્મો બતાવ્યા છે, - ૪ થી ૨૪ શ્લોકમાં ! જીવો, નદીઓ, પર્વતો માર્ગો, કામપ્રધાન સ્ત્રીઓ, વિદ્વાન્, ચન્દ્રમા, મયૂર, ભક્ત, તપસ્વી, ગૃહસ્થ, વેદમાર્ગ, રાજાઓ આ સૌ વર્ષામાં સુખ-દુ:ખ મેળવે છે. પુષ્ટિમાર્ગસ્થ સૌને સુખ છે, અન્યને નહિ ! **"एकविंशो वा इतः स्वर्गो लोकः ।"** - **"एकविंशतिर्वै देवलोकाः ।"** - શ્રુતિ છે. દુ:ખ જેમાં સ્વલ્પ ન હોય, અંતે દુ:ખ દેખાય પણ નહિ, અભિલાષાનુસાર સુખ મળે, તે સ્વર્ગ ગણાય. આ આત્મસુખ છે. અહીં, વિશિષ્ટ રીતે તે અલૌકિક લીલાસુખ છે. **"दिवु"** ધાતુ ક્રીડાના અર્થમાં પણ છે. અહીં, દેવલોક - અલૌકિકવિહારનું સ્થલ - વ્રજભૂમિ છે. શુદ્ધપુષ્ટિભક્તોને સુખ ભોગ છે. વેદમાં કાલ એકવીશ પ્રકારનો ગણ્યો. **"द्वादशमासाः पञ्चर्तवस्त्रय इमे लोका असावादित्य एकविंशः ।"** - બાર માસ, પાંચ ઋતુ, ત્રણ લોક અને સૂર્ય મળીને એકવીશ છે. પહેલાં સૂર્ય જેવી પ્રકાશિત વર્ષાને **"ब्रह्मेव सगुणं बभौ"**થી ઓળખાવી. **"आकाश शरीरं ब्रह्म ।"** - શ્રુતિ છે. આકાશશરીર બ્રહ્મ છે. વર્ષામાં આકાશ પ્રત્યક્ષ કૃષ્ણનું સ્વરૂપ હોય તેવું દેખાય છે. **"सान्द्र नीलाम्बुदैर्व्योम सविद्युत्स्नयित्नुभिः ।"** - સ્નિગ્ધ શ્યામ મેઘ અવયવ જેવા લાગે છે. તે સહિતનું આકાશ ભગવદ્રૂપ જેવું લાગે છે ! વીજળી, પીતામ્બર અને ધારણ કરેલાં આભૂષણો જેવી લાગે છે. મેઘગર્જના તો નૂપુર વગેરે આભરણ, ગાન કે વેણુનાદના ધ્વનિ જેવી લાગે છે ! ગર્જન અનેક પ્રકારે થાય છે; તે વિવિધ ધ્વનિ સમાન છે ! ભગવદ્રૂપ લોકોને મોહ કરાવવા માટે અંદર તેજોમય, પણ બહાર ઢંકાયેલા તેજ:વાળું લાગે છે ! તેમ વાદળાંને લીધે આકાશમાં સૂર્ય

વગેરેનું તેજઃ હોવા છતાં ઢંકાયેલું છે. ભગવાનનું સ્વરૂપ પણ તે રીતે ધારણ કરેલાં અનેક વસ્ત્ર, ઘર કે નિકુંજો વગેરે વિરાજે તે સ્થાન, ગાય, ગોપ-ગોપીજન વગેરેથી ઢંકાયેલું (વીંટળાયેલું) છે ! આમ અનન્ત, અલૌકિક ગુણપરિપૂર્ણ - **''सगुण''**- ભગવદ્રૂપ-બ્રહ્મની જેમ આકાશ શોભ્યું. શ્રુતિ સંતુષ્ટ થયાં ! સત્વ, રજઃ, તમોગુણો ગણતાં આકાશમાં પ્રકાશ, વાદળ, અંધકાર પણ છે. ભગવાન્ સાત્ત્વિક, રાજસ અને તામસ- વ્રજભક્તો સાથે વિરાજે છે. રસજ્ઞાન, ભાવદાન (પ્રબોધન), ગોપિકા-લીલા અને લોકવ્યામોહ પણ ભગવાન્ કરે છે.

કાલ પણ વ્રજવાસી વિરુદ્ધ કાંઈ કરી શકે તેમ નથી ! :

સૂર્ય પર્જન્ય (મેઘ) રૂપ પણ છે. **''याभिरादित्यस्तपति रश्मिभिस्ताभिः पर्जन्यो वर्षति ।''**- શ્રુતિ છે. સૂર્યનું આધ્યાત્મિક રૂપ વૃષ્ટિ છે, આધિભૌતિક આદિત્ય છે, આધિદૈવિક સંવત્સર છે. તે પ્રજાપતિ છે. આઠ માસ સુધી કિરણોથી પીધેલું જલરૂપ ધન, વૃષ્ટિ રૂપે પક્વ કરીને પાછું આપે છે. પ્રજા તેથી થતા અન્નાદિથી પોષાય છે. **''काल आगते''**- સમય આવે ત્યારે આપે છે. પુષ્ટિ અને વૃષ્ટિનો ધર્મ સમાન ! સામેથી પોતે જ આવે, પ્રયત્ન વગર સ્વેચ્છાથી મળે, કૃતાર્થ કરે ! ભગવાન્ પણ વ્રજભક્તો પર કૃપા વરસાવવા પધાર્યા છે. ઘણી રાહ જોયા પછી સમય થયો ત્યારે, સારસ્વતકલ્પમાં પ્રકટ થયા છે ! મહામેઘ જીવન અને પ્રસન્નતા આપે છે, સ્વરૂપાનન્દ-રસની વૃષ્ટિ કરે છે. કારણ - **''करुणा इव''**- મેઘ ખાલી થાય, છતાં જલ દે; સર્વસ્વ દેનાર દધીચિ-શિબિ વગેરેની જેમ ! ભગવાન્ સર્વસ્વ રૂપ સ્વરૂપાનન્દ દે છે, દયાળુ છે. કામ્ય-તપઃ કરનારને ફલ મળતાં કાયા પુષ્ટ બને, તેમ પૃથ્વી પ્રફુલ્લ બની. સૂર્યકિરણો અન્નોત્પાદનના સ્થળે જ (ખેતર વગેરેમાંથી) રસ શોષે છે; તે પણ અધિક ઉત્પત્તિ માટે, બીજેથી નહિ. આ વૃન્દાવનમહિમા છે. કાલ પણ વ્રજવાસી વિરુદ્ધ કાંઈ કરી શકે તેમ નથી. કલિયુગમાં પાપથી પાષંડ છે, વેદ નથી; તેમ રાત્રિના આરંભમાં આગીઆ ભાસે છે, ગ્રહ નહિ. ભગવાનની આ લીલામાં તો પુષ્ટિ છે. મર્યાદામાર્ગ તો જુદો છે; તેથી અહીં નિવૃત્તિ છે. જેમ પાપ વધે તેમ વેદવિરુદ્ધ પાખંડ-વ્યવહારમાં રુચિ વધે. વેદથી અલ્પ પણ વિરુદ્ધાચાર એટલે પાખંડ ! અનેક પ્રકારનાં પાપનાં ખંડ-ચિહ્ન-(વિભાગ)નો સંચય પાખંડમાં હોય ! એકાદ મનગમતું સાનુકૂલ હોય તે પકડી લઈને, મુખ્ય હોય તે બધું છોડે, ધર્મનો દેખાવ કરે, તે પણ પાખંડ ! કલિયુગમાં આવું વધે છે. વસંતમાં બ્રાહ્મણને યજ્ઞોપવીત-અગ્ન્યાધાનાદિ થાય. તે અહીં વર્ષામાં નથી. અધ્યયનાદિ ગ્રીષ્મમાં અન્યાર્થ બને, યજ્ઞાદિ થાય. કર્મફલ રૂપે વર્ષા કાર્ય (નાની નદીઓનું અન્ય માર્ગે વહેવું) પણ અસંગત થાય. બાહ્ય અલ્પફલ (નાનાં ઘાસ રૂપ) ક્લેશસાધ્ય, શરત્ફલ દોષદુષ્ટ છે; તેથી (ખેડૂતને) અલ્પસંતોષ અને (માનીમાં) તેનો અભાવ હેમંત અને શિશિરનાં ફલ છે. **''हेमन्तशिशिरावृतूनां प्रीणामि ।''**- હેમંત-શિશિરનું તેમાં ઐક્ય ગણ્યું છે. મેઘનાદ સાંભળી દેડકાં રટરટે છે. વરસાદમાં નાની નદીઓનાં પાણી અવળે માર્ગે ઉભરાય છે, પછી સુકાય છે, ઈન્દ્રિયવશને અકસ્માત નિષિદ્ધ ફલ મળે છે, તરત જાય છે ! લીલાં-શ્યામ ઘાસથી પૃથ્વી શ્યામ અને ઈન્દ્રગોપથી રાતી લાગે છે. ખેતરમાં સમૃદ્ધ પાક જોતાં ખેડૂતો હર્ષ પામે છે. નવાં જલથી સૌએ સુંદર મનોહર રૂપ ધર્યું છે, - જેમ ભગવત્સેવાથી સુંદર ચતુર્ભુજ રૂપ કે દિવ્યતેજઃ મળે તેમ ! અધૂરા-યોગીનું મન કામનાઓથી ક્ષોભ પામે તેમ, સરિતા ઉભરાતાં સાગરમાં ક્ષોભ લાગે છે. સ્વભાવદોષ સૌને પીડે, વર્ષાધારાથી પર્વતો પીડાતા નથી, જેમ

મહાન્, દઢ, ભગવન્નિષ્ઠ પુરુષો ક્ષોભ પામતા નથી. અભ્યાસ વગર વિદ્યા વિસરાય, તેમ માર્ગો ઘાસથી છવાઈ જતાં સંદિગ્ધ થયા છે. આકાશમાં ઈન્દ્રધનુષ્ય દેખાય છે. અભિમાનથી પુરુષ ન શોભે તેમ ચન્દ્ર પોતાની ચાંદનીથી પ્રકાશતાં વાદળોમાં શોભતો નથી. સારસ જલમાં જ રહે છે, બહુ જલ થતાં કિનારે માળો કરે છે. તે પણ જલથી ભરાઈ જાય છે, ક્યાંક કિનારો તૂટે પણ છે, છતાં સારસનો રસ ઘટતો નથી, અશાન્ત - કિનારે પણ રહે છે, - જેમ ઘરમાં રહેનારને કામ ઘટતું જ નથી, મરતાં સુધી ઘરની ચિંતા સતાવ્યા જ કરે છે, છતાં ઘરમાંથી રસ ઘટતો પણ નથી ! પાખંડથી મર્યાદા તૂટે તેમ વરસાદનાં પાણીથી પુલો તૂટે છે. વિપ્રપ્રેરણાથી રાજાઓ ચાતુર્માસમાં દાન કરે તેમ વાયુથી પ્રેરાતા મેઘ અમૃતરૂપ જલ વરસાવે છે.

પ્રવૃત્તિરૂપા વર્ષાશ્રીને ભગવાને સ્નેહથી સત્કાર્યાં !:

આવા, સર્વોત્તમ પાકેલાં ખજૂર-જાંબુ વગેરેવાળા વનમાં, નિર્દોષ ગાયો - ગોપો અને રામ સાથે ભગવાન્ વિહાર કરવા પધાર્યા. આંચળમાં દૂધ ભર્યાં હોવાથી ગાયો મંદ ચાલે છે, છતાં પ્રભુએ પ્રેમથી પોકારતાં દૂધ વહાવતી દોડે છે ! ગોવાળોને ખૂબ હર્ષ છે. વનરાજી મધધારાઓ વહાવે છે ! પર્વત પરથી શીતલ, સ્વાદુ, પેય જલધારાઓ વહે છે. પાસે જ સુંદર ગુફાઓ વિરાજવા કે પોઢવા માટે પ્રભુએ જોઈ. વર્ષા થતાં બલરામજી વૃક્ષની બખોલમાં વિરાજ્યા છે. ગોપો પણ સાથે છે. વનમાં દિવ્ય સ્વાદિષ્ટ કંદ-મૂલ-ફલ આરોગે છે. ગોપ, ગોપીજન, યશોદામા કે રોહિણીજીએ આણેલી કે મોકલેલી છાક (ટોપલામાં ભરેલી ચીજો) ભગવાન્ આરોગે છે. પાતળો પીરસાઈ છે. અંતરંગ સજાતીય સખાઓ સાથે વિરાજ્યા છે. દાઉભૈયા પણ આવ્યા છે. પર્વત શિખરે કે પથ્થર ઉપર, જલાશય પાસે સૌ ભોજન શરૂ કરે છે. ત્યાં તો "**आई जु श्यामघटा घनघोर । चहुँ दिशते बरखत आवत बडी बडी बुंदन....।**" મોટાં મોટાં ફોરાં શરૂ થયાં. સૌ દોડ્યા - કોઈના હાથમાં પડીઓ, કોઈના હાથમાં પાતળ, કોઈના હાથમાં કોળીઓ ! ઝાડની છાયામાં, બખોલોમાં, ગુફામાં છુપાયા, પ્રેમથી આરોગ્યા ! "**छाक सुफल भई तुम्हारी ।**" - છાક અને છાક લાવનાર સફલ થઈ ગયાં ! વનમાં મન માન્યું મળી ગયું. વૃષભ, વાછરડાં, દૂધ-ભારથી શ્રમિત ગાયો, સુંદર ઘાસ પર બેઠાં હતાં, તૃપ્ત હતાં. આંખો બંધ હતી. વાગોળતાં હતાં. આધિદૈવિક વર્ષાશ્રી આવ્યાં. ભગવાનની જ શક્તિયો તેમાં છે. ભગવાને સ્નેહથી સત્કાર્યાં. વિવિધ વિહારો કર્યા. અભિનંદનથી કૃતાર્થ કર્યાં.

નિવૃત્તિ રૂપા શરદ્ સ્વાભિલાષથી લીલા માટે આવ્યાં !:

આમ વનવિહારો કરતાં શરદ્-ઋતુ આવી. વર્ષાવિહારો જોતાં શરદને પણ સ્વાભિલાષ થયો ! વર્ષામાં મેઘ-વિદ્યુત્ અને ગર્જન ગુણરૂપ છે. શરદમાં વાદળનો અભાવ, જલના મલની નિવૃત્તિ અને કઠોરસ્પર્શની પણ નિવૃત્તિ ગુણરૂપ છે ! વર્ષા પ્રવૃત્તિધર્મ-રૂપા છે. શરદ નિવૃત્તિધર્મ-રૂપા છે ! શરદમાં ઉપર આકાશ, નીચે જલ અને આસપાસ વાયુ નિર્મલ છે. પ્રવૃત્તિમાં ઉત્પત્તિ મુખ્ય છે. નિવૃત્તિમાં નિર્મલતા મુખ્ય છે. ઉત્પત્તિ કરતાં નિર્મલતા શ્રેષ્ઠ છે. ભૂમિ કરતાં જલ, પરિધિ - (વેષ્ટન રૂપ દિશા) કરતાં વાયુ મુખ્ય છે; તેથી પ્રભુ તેમાં રતિ કરશે. સ્ત્રીઓનો આનંદ તેમાં પ્રતિષ્ઠિત છે. શરદ્ શુદ્ધિ કરનારી છે. સોળકલા-સહિત જીવની શુદ્ધિસૂચક સત્તર શ્લોક કહ્યા છે. જલ, સર્વપ્રાણી, વાદળ, જ્ઞાની, કુટુંબી દરિદ્ર, વિમુક્ત, યોગી, ગોપીજન અને ચિત્ત, આ સૌના દશ દોષો દૂર કરીને લીલારત હરિ

સૌને શોભાયુક્ત કરે છે. ચન્દ્ર, માનવ, ગાયો, કમલ, ભૂમિ અને વર્ણ - છ ગુણોથી વિભાવિત છે. પ્રભુ પધારતાં આ શરદનું કાર્ય છે. જલથી સર્વની શુદ્ધિ થાય છે. તેની શુદ્ધિથી સૌ શુદ્ધ થાય. ભ્રષ્ટનું ચિત્ત યોગસેવનથી પુનઃ નિર્મલ થાય, તેમ શરદમાં નીરજ-કમલ-ઊગ્યાં. નીર સ્વચ્છ થયાં. જલની સર્વરજ ભૌતિક છે. ભૂમિમાં મળીને આધ્યાત્મિક સ્વરૂપભૂત બને, આધિદૈવિક શુદ્ધ મકરંદ રૂપ પોતાનામાં કરીને, સઘળી રજ દૂર કરે. કમલ-નીરજ-તેથી કહેવાય. - "निर्गतं रजो यस्मात् ।"- ભક્તોનાં હૃદયકમલ પણ વિકસે છે, ગુણાતીત બને છે. આકાશના મલરૂપ મેઘ ગયા. પૃથ્વી-જલના મલરૂપ કાદવ દૂર થયો. કઠોરસ્પર્શ-રૂપ વાયુમલ ગયો. અગ્નિમલરૂપ અરુચિ ગઈ. મહાભૂતોની અશુદ્ધિથી દેહશુદ્ધિ થાય. વર્ષામાં એકત્ર રહેવાથી થતો યતિઓનો અન્નભોજન-દોષ- સંભવ શરદમાં ગયો. બ્રહ્મચારીનો ગુરુસેવા-સંકોચ-સંભવ ગયો. ગૃહસ્થને સ્પષ્ટ કાલ સમજાતાં કર્મલોપ-દોષ ગયો. વાનપ્રસ્થને સંગ્રહસંભવદોષ ગયો. આશ્રમશુદ્ધિથી ધર્મશુદ્ધિ થાય. પ્રભુ પાસમાં છે. પ્રેમ પાંગરતાં આંસુ ઉભરાય, આંસુથી અંતર શુદ્ધ થાય, તેમ આ શુદ્ધિ છે. ભગવાનનાં ચરણકમલની હૃદયમાં ભાવના કરવાથી, સંસારરાગનો કાદવ દૂર થાય, સેવા માટે-હૃદયની મલશુદ્ધિ સ્નેહથી સ્વાભાવિક રીતે થઈ જાય છે !

દેહાદિનો ભગવાનની સેવામાં વિનિયોગ થતાં ભગવદીયતાથી કાંઈ સંતાપ ન રહે ! :

ઈચ્છાઓ છોડતાં મુનિજનના દોષ જાય, શાંતિ થાય, તેમ સર્વસ્વ રૂપ જલ જતાં, પાપરૂપ શ્યામતા છોડીને મેઘ પુણ્યરૂપ નિર્મલકાંતિવાળા થાય. સર્વસ્વ-ત્યાગ સર્વ પ્રાયશ્ચિત્ત જેવો છે ! અંતઃકરણના દોષ જાય તો ત્યાગથી શાંતિ મળે. લોકેષણા, વિત્તેષણા, દારેષણા ત્રણ ચિત્તના દોષરૂપ છે. ઘોરવિમૂઢતા બુદ્ધિનો દોષ છે. બહાર ભટકવું તે મનનો દોષ છે. સન્નિપાત (અહંતા-મમતા) રૂપ અહંકાર તો દોષાત્મક છે. આ સર્વ દોષ-મુક્તિ તો પ્રભુસહિતની શરદથી જ સંભવે ! "सर्वाः शरत्काव्यकथारसाश्रयाः ।"- માં આ આશય છે. જ્ઞાનિજનો યોગ્યસમયે પાત્રને જ્ઞાન આપે, અપાત્રને ન પણ આપે, તેમ પર્વતો ક્યાંક પવિત્ર જલધારા વહાવે છે, ક્યાંક નથી પણ વહાવતા. અયોગ્યને વિદ્યા દેવાથી અનર્થ થાય. મૂઢ સંસારીને ઘટતું જતું આયુષ્ય ન સમજાય, તેમ પરિમિત જલમાં ફરતાં-જલચર-ને ઘટતું જલ જણાતું નથી. અલ્પ આયુષ્ય છે, સઘળું છોડીને ભગવાનને ભજે તે નિર્ભય બને, નાશ ન થાય. આધિદૈવિક આયુષ્ય પ્રભુ પાસે છે. દરિદ્ર, કૃપણ, અજિતેન્દ્રિય, સંસારીને અનેક સંતાપ પીડે, તેમ શરદના સૂર્યનો તાપ અલ્પજલમાં રહેનાર પ્રાણીઓને પીડવા માંડ્યો. ધીર-લોકો ધીમે ધીમે અહંતા-મમતા છોડે, તેમ જમીને કાદવ અને વેલાએ અપક્વતા છોડી. ધૈર્ય વગર પીડા વધે. ઈન્દ્રિયો દ્વારા સ્ખલિત થતું જ્ઞાન યોગિલોકો નિરોધથી ટકાવે, તેમ ખેડૂતોએ મજબૂત કિનારા વગેરેથી ક્યારામાં પાણી ટકાવી રાખ્યું. મુકુન્દ ભગવાને ગોપીજનના દેહાભિમાનથી થતા દુઃખને દૂર કર્યું, તેમ દિવસના સૂર્યનો તાપ ચન્દ્રે દૂર કર્યો. ક્રમશઃ પુષ્ટિમાર્ગ (પ્રેમ) હૃદયમાં આવે તેમ, દેહાદિનો ભગવાનની સેવામાં વિનિયોગ થતાં, ભગવદીયતાથી કોઈ સંતાપ ન રહે. ભગવાન્ જેનો સર્વભાવે સ્વીકાર કરે, તેને સંતાપ શો ? સઘળા અવતારો કૃષ્ણના હોવા છતાં, વૃષ્ણિકુલમાં સાક્ષાત્ કૃષ્ણ જેવા શોભે તેમ અખંડમંડલ પૂર્ણ-ચન્દ્ર આકાશમાં શોભ્યો. પુષ્પસુગંધવાળા વનના પવનસંસ્પર્શથી લોકોના તાપ ગયા. કૃષ્ણસંસ્પર્શ વગર, કૃષ્ણે જેનું ચિત્ત હર્યું છે તેવાં શ્રીગોપીજનના તાપ આનાથી ન ગયા

આધ્યાત્મિક આ શરદ સુખદ ન થઈ ! તેમને તો રાસલીલાયુક્ત આધિદૈવિક શરદમાં સુખ છે. શ્રીગોપીજનને તો કૃષ્ણસંબંધ-માત્રથી જ સુખ છે. રાજાથી લૂંટારા વગરના લોકો નિર્ભય થાય, તેમ, સૂર્યોદયથી કુમુદ વગરનાં બધાં જલ-પુષ્પો પ્રફુલ્લ થયાં. પ્રભુની કલારૂપ પૃથ્વી પાકથી સમૃદ્ધ થઈ, રામકૃષ્ણથી શોભી રહી. સઘળે મહોત્સવ થવા લાગ્યા. ભગવાનની લીલા, ચરણસ્પર્શ અને અનુભાવ (લીલાચિહ્નો)થી પૃથ્વી પ્રસન્ન થયાં - સમૃદ્ધ થયાં. સિદ્ધો સમયાનુસાર સ્વદેહ છોડી સિદ્ધિ મેળવે તેમ - વ્યાપારી, મુનિ, રાજા, સ્નાતક વા યાત્રાળુઓએ ધર્મ-અર્થ-કામ-સિદ્ધિ મેળવી. વર્ષા સાધક છે. શરદ સિદ્ધિ-ફલ-છે. લીલાસહિત શરદનું નિરૂપણ કર્યું. આધ્યાત્મિકકાલથી થતું સર્વ વ્રજવાસીઓનું દુ:ખ દૂર થયું. તેમની ભગવાનમાં દૃઢ આસક્તિ સ્થિર થઈ. કૃષ્ણસંબંધ કોને સુખ ન દે ? !

અધ્યાય : ૨૧

વૃન્દાવનમાં, શરદ્‌વિહાર-કરતા, અદ્‌ભુત કર્મા વસન્તાધિપતિ કૃષ્ણનો આસક્તિપ્રદ વેણુનાદ : વેણુગીત :

ભગવાનની લીલા માટે શરદઋતુ વ્રજમાં આવી. આવી શરદથી સ્વચ્છ જલવાળા વૃન્દાવનમાં પ્રભુ પધાર્યા. મલિનતા અને શીતલતા બંનેનો અભાવ એ શરદનો સ્વભાવ છે ! સરોવરમાં સુંદર સુગંધી કમલ ખીલ્યાં છે, તેથી સુગંધી શીતલ અને મંદ વાયુ વાઈ રહ્યો છે. લીલામાં તે સાનુકૂલ છે. પહેલા શ્લોકમાં વિશેષણ છે, વિશેષ્ય નથી. આ વિશિષ્ટતા છે ! ક્રિયા છે, પણ વિશેષત: કર્મ નથી, ભગવાનનું કર્મ-લીલા-અદ્‌ભુત છે ને ! - આગલા અધ્યાયમાંથી મળે કે બીજા શ્લોકમાં "वन" શબ્દથી કે પાંચમા શ્લોકમાંના "वृन्दारण्यं"થી સમજાય. અહીં, તો "न्यविशत्" છે. "नि" ઉપસર્ગ "नितरां" નિત્યતા-સૂચક છે. ભગવાનની લીલા તો નિકુંજ વગેરેમાં નિત્ય છે; ત્યાં પ્રભુ પધારે છે, માત્ર વૃન્દાવનમાં નહિ. લીલાવિહાર કરતાં પ્રભુ જલમાં પણ પધારે છે. પ્રભુ પોતાની શક્તિઓરૂપ ગોપીજન સાથે લીલા કરે છે. આ અલૌકિક નિર્દોષલીલામાં ગાયો પણ સુખનો અનુભવ માણે છે ! ગોવાળો સ્નેહપૂર્વક સેવા કરી રહ્યા છે. તે તો દેવરૂપ છે, નિર્દોષ છે. ભગવાન્ જેમ અંતર્યામીરૂપે સાક્ષી છે, તેમ આ ગોપો લીલામાં સાક્ષીરૂપ છે. સાક્ષી અપેક્ષા-રહિત, ફલભોગપ્રદ અને પ્રેરક પણ હોય. વિહાર કરતા કૃષ્ણ "अच्युत" છે, નિર્દોષતા જતી નથી, વિકાર આવતો નથી, સ્વરૂપથી ચ્યુત થતા નથી.

વૃન્દાવનમાં વનરાજિ-પુષ્પો પ્રફુલ્લ છે. ભ્રમર, મત્ત તેથી બન્યા છે, ગૂંજે છે. અનેક પ્રકારનાં પક્ષીઓ મધુર કૂજન કરે છે. તે સૌ નદી, સરોવર, પર્વતનું સેવન સ્નેહથી કરી રહ્યાં છે, ત્યાં મધુપતિ ગોચારણ કરતા પધાર્યા. મધુપતિ તો વસન્તાધિપતિ છે, સરસ શૃંગારરૂપ છે, ગોચારણ રૂપ ધર્મ કરે છે ! ગાયો ચરાવવા વનમાં દિવસભર રહેવું પડે, અનેક લીલા પણ થાય ! સાથે ગોપો અને બલરામજી છે. ગાયો ચરાવતા ગોપો ક્રિયાશક્તિરૂપ અને દૈત્ય વગેરેને ઓળખીને દૂર કરતા દાઉજી જ્ઞાનશક્તિરૂપ છે. આવું સુંદર લીલોપયોગી વૃન્દાવન જોઈને ભગવાને વેણુકૂજન કર્યું. વનમાં નદી, સરોવર, પર્વત પાસે રહેતાં વ્રજભક્તોને આસક્તિ દઈ રહ્યા છે. વ્રજમાં શ્રીગોપીજને આ ભાવ વધારતું વેણુકૂજન સાંભળ્યું. ભગવાને પોતાનાં સ્વામિનીભાવવાળાં ગોપીજનને આવું આસક્તિપૂર્ણ દૂરશ્રવણ-

દૂરદર્શન-સામર્થ્ય દીધું છે. ભગવાનનું કાર્ય વ્યર્થ ન હોય. જેને રસલીલાનુકૂલ યોગ્યતા દેવી છે, તેમને જ નાદશ્રવણ કરાવે છે. નાદમાં રહેલી સુધાનો સ્વભાવ હૃદયમાં ઉતરીને ભગવદીય બનાવી દેવાનો છે. વેણુનાદ સાંભળતાં સૌ સેવામાં સાવધ થયાં. માન મુકાવતો, ઉત્કંઠા વધારતો, આધિદૈવિક સ્મર પણ લીલાનુકૂલ સેવા કરવા સાવધ થયો. નાદ સાંભળતાં જ કેટલાક ગોપીજન તો મૂર્ચ્છિત થઈ ગયાં ! કેટલાંકને કૃપાથી મનમાં કૃષ્ણસંગ મળ્યો, મૂર્ચ્છા ન પામ્યાં ! પ્રભુના પરોક્ષમાં સ્વમાનશીલ-વ્યસનવાળાં સખીઓ પાસે તેના ગુણોનું અનુવર્ણન કરવા લાગ્યાં. ભગવાને ગાયેલું ગાય છે, તેથી અનુવર્ણન છે. ભગવાનને પણ રસાનુભવ તેથી થાય ને ! કૃષ્ણ અદ્‌ભુતકર્મા ! તેમનો વેણુનાદ પણ અદ્‌ભુત !

વેણુકૂજન અને વેણુગીત ! :

"**चूकूज वेणुं**"- થી વેણુકૂજન અને "**वेणुगीतं**"- થી વેણુગીત પણ છે. વેણુનો સ્વાભાવિક ધ્વનિ કૂજનરૂપ હોય, ગીત વર્ણરૂપ હોય. શબ્દનાં બે સ્વરૂપ - ધ્વનિરૂપ અને વર્ણરૂપ ! સંગીતનાં સાધનોમાંથી જે શબ્દ સામાન્યત: નીકળે તે ધ્વનિરૂપ ગણાય. આપણા ઉચ્ચારમાંથી જે શબ્દ નીકળે તે વર્ણરૂપ હોય. તબલું બજાવતાં "ના ધીન્ ધીન્ ના" - વગેરે તાલના શબ્દ નીકળે, પેટીવાજા (હાર્મોનિઅમ)માંથી સા,રે,ગ,મ - વગેરે શબ્દ નીકળે, તે આપણે ઉચ્ચારીએ તેવો સ્પષ્ટ વર્ણ રૂપ ન હોય, પણ તેવો આભાસ થાય, ધ્વનિરૂપ તે ગણાય. તેમ સામાન્ય વેણુમાંથી ધ્વનિ નીકળે, વર્ણ ન નીકળે, પણ ભગવાનના વેણુમાંથી તો ધ્વનિ અને વર્ણરૂપ શબ્દ સાથે નીકળે છે. આ અદ્‌ભુત છે ! સાંભળવા મળે તેને રસનો અનુભવ થાય. શ્રીગોપીજનને હૃદયમાં અનુભવ થયો, પોતે અનુભવેલાં લીલાવિશિષ્ટ ભગવદ્રૂપ - વેણુગીતના વર્ણનનો આરંભ કર્યો. તેમાં ભગવાનમાં જાગ્રત થયેલો ભાવ કારણરૂપ છે. લીલાયોગ્ય ભક્તોમાં જાગ્રત થયેલો શૃંગાર કાર્યરૂપ છે, ત્યાં ત્યાં લીલા ફલરૂપ છે. તે તે સંકેતનું જ્ઞાન એ સ્વરૂપ છે. આ ચારનું નિરૂપણ છે. વર્ણન કરતાં સ્મરણ કૃષ્ણલીલાનું થયું. સ્મરણથી વિશેષ સ્મર થયો. સ્મરણ વ્યાપાર છે. સ્મર તજ્જન્ય સ્મૃતિ છે. તેના વેગથી ચિત્ત ચંચલ થયું. તેના વિના રહી શકાય તેમ ન હતું. મનોવિક્ષેપથી ગોપીજન વર્ણન ન કરી શક્યાં. શ્રીશુકદેવજીએ પોતે તે લીલાવિશિષ્ટ-સ્વરૂપનું વર્ણન "**बर्हापीडं...**"- શ્લોકમાં કર્યું છે. ગોપીજનને વર્ણનનું સામર્થ્ય દેવા ભગવાને વેણુનાદમાં આ સ્વરૂપ પધરાવ્યું, ગુણલીલાસહિત ઉત્કટરસરૂપ સ્વરૂપ, સર્વ-ઈન્દ્રિય-પ્રાણ-અંત:કરણ-જીવમાં પૂર્ણ પ્રકટ થઈ ગયું, આંતરવિહાર થયો; ત્યારે વર્ણન થઈ શક્યું, પછી વિહાર મળ્યા. સ્પષ્ટ અર્થવાળું રસનિરૂપક ગીત શ્રીગોપીજને સાંભળ્યું.

बर्हापीडं नटवरवपुः कर्णयोः कर्णिकारं विभ्रद्वासः कनककपिशं वैजयन्तीञ्च मालाम् ।
रन्ध्रान् वेणोरधरसुधया पूरयन् गोपवृन्दैर्वृन्दारण्यं स्वपदरमणं प्राविशद्गीतकीर्तिः ॥ (५)

મયૂરપિચ્છનો મુકુટ, બે કાનમાં કર્ણિકારનું પુષ્પ, સુવર્ણ જેવું પીળું (કેસરી) વસ્ત્ર (પીતામ્બર), અને ચરણ સુધી લાંબી પુષ્પમયી વૈજયન્તીમાલાને ધારણ કરતા, અધરસુધાથી વેણુના છિદ્રોને પૂરતા, ગોપવૃન્દોથી ગવાઈ રહેલા યશ:વાળા, નટવરવપુ ધરતા (ભગવાન્ કૃષ્ણ)એ પોતાના ચરણવિહાર રૂપ વૃન્દાવનમાં પ્રવેશ કર્યો.

શ્રીશુકદેવજી આ લીલામાં નથી, તેથી વર્ણન કરી શક્યા ! તેમાં "बिभ्रत्"- થી રૂપ, "रन्ध्रान् वेणोः पूरयन्"- થી ગુણ અને "वृन्दारण्यं प्राविशत्"- થી લીલા કહી છે. પરસ્પરના સંબંધમાં વિશેષ-પ્રકાર છે. ભગવાને મયૂરપિચ્છનો મુકુટ મસ્તકે ધર્યો છે. "आपीडं शिरोभूषणम् ।"- નાચતા મોરનું આ અનુકરણ છે ! ભગવાન્ તો ઉદાર ગુણગ્રાહક છે. ભગવાન્ મયૂરકુટિરમાં નૃત્ય કરે. સામે મોર નાચે, કલા-કલાપ વિસ્તારેલો - રસમત્ત થયેલો. મયૂરનૃત્ય ચાલે છે. કલાદિગુરુ જાણે આજ સુયોગ્ય શિષ્ય બન્યા છે ! નાચતાં નાચતાં મોરે ચન્દ્રિકા જમીન પર છોડી દીધી. કૃતજ્ઞ કૃષ્ણે લીધી ! મસ્તકે ધરી ! "धरणि ते चन्द्रिका लीनी, शिरधारी गिरिधार ।"- કોમલ કૃષ્ણે ઉપકાર ઓછો ન કર્યો ! "मोर मैं तेरो रिन है ।" "મોર હું તારો ઋણી છું." મધુર માધવે મુગ્ધતાથી માન દીધું. ગુરુદક્ષિણા દઈને ઋણ ન ચૂકવ્યું. ચન્દ્રિકા મસ્તકે ધરી ઋણ વધાર્યું. મસ્તક નમાવ્યું. નિત્ય-સમ્માન કર્યું ! મોર મેઘ જોતાં મત્ત બને, ઢેલ પાસે હોય, ટહુકા કરતો નૃત્ય કરે. મોરના માથે કલગી હોય. પીછાં તો પાછળ હોય. મત્ત બની કલા કરે, ત્યારે પીછાં માથે આવે. નાચતાં સર્વાંગ-રસ ઉભરાય, આંસુ રૂપે સરે. ઢેલના મુખમાં પડે. આધાન થાય ! મોરમાં વિષય-વિકાર નથી. ભગવાનને નિર્વિકાર, નિર્વિષયી ભક્તો પ્રિય છે, તેમ મયૂરપિચ્છ-મુકુટ સૂચવે છે. વિકાર મનને મલિન કરે, વિષય ઈન્દ્રિયને દૂષિત કરે. તન તેથી સેવાયોગ્ય ન રહે. ધન કરતાં પણ મન, ભગવાન્ માટે વધારે સાચવવા જેવું છે ! મોર મત્ત બને ત્યારે કલા કરતાં પીછાં માથે આવે, તેમ રસરૂપ કૃષ્ણ રસમત્ત બને, રસદાન દેવા ઈચ્છે, ત્યારે તેનો સૂચક મોરમુકુટ ધરે. રસદાન તો રસપાત્ર નમે - ઢળે ત્યારે સંભવે ! - સીધા પાત્રમાંથી પાન સુખદ ન થાય. પાણીનો પ્યાલો વાંકો થાય તો પીતાં ફાવે, પાણી પોતે બહાર નીકળવા માંડે. મોરપિચ્છ પણ ભગવાન્ મસ્તકે સીધાં ધરતા નથી, - ત્રાંસા ધરે છે ! ભગવાન્ સ્વતઃ રસદાન કરે છે, રસ ભક્તો માટે પ્રકટ કરે છે, તેમ તે સૂચવે છે. શોભા તેથી સમૃદ્ધ બને છે.

ભગવાન્ "नटवरवपुः" છે. "वममृतंसुखं पुष्णातीति वपुः ।" જગતનાં સુખો તો ક્ષણિક છે, ક્ષુલ્લક છે. આત્મસુખ કે મોક્ષસુખ અમૃતરૂપ છે. બ્રહ્માનંદ અમૃત છે, તેને પણ પોતાના સ્વરૂપ દ્વારા ભગવાન્ પુષ્ટ કરે છે. સર્વથી અધિક સુખ સ્વરૂપથી મળે છે. આવું સ્વરૂપ- "नटवच्च वरवच्च वपुः यस्य सः नटवरवपुः ।" છે. નટ જેવું અને વર જેવું ! નટ કેવળ રસનો અનુભવ કરાવે. વર ધર્મસહિત રસનો અનુભવ કરાવે ! વિપ્રયોગ કેવલ રસ છે. તેમાં નટ પુષ્પ વગેરે વસ્તુ વગર અભિનય માત્ર કરે, ભગવાનનો વિપ્રયોગ તો અલૌકિક છે. તેમાં ભાવનામાત્રથી પણ વસ્તુ સત્ય જ હોય, પણ પ્રકટ અનુભવ ન દે, તેથી કેવલ-રસ કહેવાય. સઘળી વસ્તુઓ પ્રકટ થઈને અનુભવ દે, તે ધર્મસહિતનો સંયોગરસ કહેવાય. ભગવાનનું સ્વરૂપ બંને પ્રકારનું છે. લૌકિકનાટ્યાદિમાં દશ્ય અને શ્રાવ્ય રીતે રસ વ્યક્તિ (નટ)ના આધારે પ્રકટ થાય છે, સમજાય છે - અનુભવાય છે. તેમાં વ્યક્તિ રસરૂપ હોતી નથી. ભગવાન્ તો અલૌકિક રસ છે ! - "रसो वै सः ।"- શ્રુતિથી રસરૂપ છે, તેથી ભગવાનનું સ્વરૂપ જ સંયોગ રૂપ અને વિયોગરૂપ છે. વનમાંના ભક્તોનાં સંયોગરસરૂપ અને વ્રજમાંના ભક્તોના વિયોગથી વિપ્રયોગાત્મક છે. એક જ સમયે બંને અનુભવ કરાવે છે ! રસ ભગવાનથી જુદો નથી, ભગવાનનું સ્વરૂપ અને ભગવાન્ જુદા નથી !

ભગવાન્ તો ગોપીજનના હૃદયમાં પણ વિરાજે છે, પણ તેમ તો જ્ઞાનીઓને સુખ થાય,

ભક્તોને નહિ ! ભક્તોને તો પ્રભુ પ્રકટ હોય, તો સુખ થાય. આમ પ્રકટ થવું- "**बिभ्रद्**"- શબ્દથી સૂચવે છે. હૃદયમાં વિરાજતા પ્રભુનો અનુભવ મનથી થાય, પ્રકટ પ્રભુનો અનુભવ સર્વેન્દ્રિયથી થાય! પોતાના કરતાં ભિન્ન સ્વરૂપને પ્રકટ કરતા નથી. ભગવાન્ જ તેવા છે. બ્રહ્મ સાકાર રૂપે સર્વવ્યાપક છે. તેનું રસાત્મક સ્વરૂપ (વપુ) વૃન્દાવનમાં જ પ્રકટ કર્યું છે ! જેમ શબ્દ રૂપે, અમૃત રૂપે, લોકમાં રહેલા વેદો સત્યલોકમાં શબ્દબ્રહ્માત્મક મૂર્તિમંત રૂપે પ્રકટ વિરાજે છે તેમ ! કોઈને રસનો પ્યાલો ભરતાં જોઈને જ સમજાય, કોઈને રસ દેવાનો છે. તેમ રસાત્મક સ્વરૂપ પ્રભુ પ્રકટ ધારણ કરે છે, માત્ર લીલાનુકૂલ ભક્તોને રસદાન દેવા માટે ! અહીં, તો પાત્રસ્થાને ધર્મિરૂપ ભગવાન્ છે. રસના સ્થાને વ્રજભક્તોમાં સ્થાપવાનો ધર્મરૂપ (ભાવાત્મક-ભગવદ્રૂપ-ગૂઢસ્ત્રીભાવ) આનંદ છે. ભરવાના સ્થાને ધર્મિરૂપ વપુનું પ્રાકટ્ય છે. સ્વરૂપ જ કર્મ અને કર્તારૂપ છે. "**तदात्मानं स्वयमकुरुत ।**"- ની જેમ નાના બાલકને દૂધ પાતાં, વત્સલ મા દૂધનું પાત્ર (શીશી) પોતે જ પકડીને પાય, તેમ ભક્તવત્સલ ભગવાન્ ભક્તોને રસદાન કરવા, પોતે જ પોતાનું સ્વરૂપ (પ્રકટ) ધારણ કરે છે ! રસસ્વરૂપની ધારણા તે સિવાય કયા સાધન કે સામર્થ્યથી સંભવે ? યોગ પણ તેમાં ઉપયોગમાં ન આવે. ભગવાનની કૃપા જ તેમાં સાધન બને. "**वपुः बिभ्रत्**"- આવી ભક્તવત્સલતા સૂચવે છે. "**बिभ्रत्**"- વર્તમાનકૃદંત છે. તે આ લીલાની નિત્યતા સૂચવે છે !

નટવરવપુના કર્ણમાં કર્ણિકાર-પુષ્પ ! :

"**कर्णयोः कर्णिकारं**"- અલુક્સપ્તમી છે. "**बिभ्रत्**"- સાથે સંબંધ પણ થાય. કર્ણિકારનું પુષ્પ શૃંગારરસ-વધારનારું ઉદ્દીપક છે. ભગવાને તે કાનમાં ધર્યું છે. મીઠાઈ મધુર તો લાગે, પણ ફરસાણ વગેરે સાથે હોય તો રસ વધારે લાગે, તેમ પુષ્પ વગેરે સાહિત્યથી રસનો અનુભવ ઉત્કટ થાય, તે ઉદ્દીપક ગણાય. શૃંગારરસ સંયોગ-વિપ્રયોગ ભેદથી બે પ્રકારનો છે. સંયોગમાં પ્રિયજનનાં વચન સાંભળતાં અને વિયોગમાં પ્રિયજનના ગુણો સાંભળતાં બંને પ્રકારે કાનથી તેનો અનુભવ થાય ! કર્ણિકારના સંબંધથી સ્વરૂપાત્મકરસ ઉત્કટ બને, ઊછળવા માંડે ! આવો રસ નેત્રકટાક્ષ વગેરે રૂપે પ્રકટ લાગે, છતાં આલંબન રૂપે ગુપ્ત રહે, તો જ તે રસરૂપ બને, તેથી આચ્છાદક પીતામ્બરનું વર્ણન કર્યું ! "**ब्रिभ्रद्वासः कनककपिशं...।**"- ઉત્કટ રસમાં ભક્તો પ્રકટ રીતે રસવર્ણન કરે - જાણે, તો રસાભાસ થાય; તેથી સ્વરૂપને ઢાંકનાર પીતામ્બર માયારૂપ છે. સોના જેવું તે પીળું છે. લોકમાં ધન (સોનું) મદ કરાવે, તેમ અહીં ભગવદિચ્છાથી રસમદ થાય, સ્પષ્ટ દર્શન ન થાય !

પ્રભુનાં વિવિધ પીતામ્બર : - વેણુગીતમાં માયામય સુવર્ણ - વર્ણનું પીતાંબર છે ! :

શ્રીભાગવતજીમાં ભગવાનનાં પીતામ્બરનું સ્વરૂપ લીલાનુકૂલ રીતે જુદું જુદું દેખાય છે ! ભક્ત પરીક્ષિતની રક્ષા માટે મા ઉત્તરાના ઉદરમાં પધાર્યા ત્યારે, "**तडिद्वाससमच्युतम्**"- વીજળી જેવું પીતામ્બર કહ્યું છે. દાદા ભીષ્મ પાસે મુક્તિ દેવા પધાર્યા ત્યારે, "**रविकरगौरवराम्बरं दधाने-।**"- સૂર્યકિરણ જેવું ગૌર શ્રેષ્ઠ અંબર કહ્યું છે. શ્રીશુકે આનંદાત્મક પ્રાદેશમાત્ર સ્વરૂપનું વર્ણન કર્યું ત્યારે, "**कदम्बकिञ्जल्कपिशङ्गवाससम्**"- કદમ્બના તાંતણા જેવી રેખાઓવાળું પીતામ્બર કહ્યું છે. કર્દમજી પાસે પ્રકટ થયેલાં શુક્લનારાયણને, "**विरजोऽम्बरम् ।**"- રજરહિત વસ્ત્રવાળા કહ્યા છે. કપિલે ધ્યાનમાં "**पीतकौशेयवाससम्**"- પીળા રેશમી વસ્ત્રવાળા કહ્યા છે. સમુદ્રમથનનો આદેશ દેતા પ્રભુને વર્ણવ્યા

ત્યારે, "**तप्तहेमावदातेन लसत्कौशेयवाससा ।**"- તપાવેલા સોના જેવા નિર્મલ રેશમી વસ્ત્રથી શોભતા કહ્યા છે. મથુરામાં પ્રકટેલા પ્રભુને, "**पीताम्बरं**"- પીતામ્બરવાળા કહ્યા છે. શ્રીગોપીજન પાસે કૃષ્ણને અહીં "**कनककपिशं वासः ।**"- સોના જેવા પીળા (કેસરી) વસ્ત્રવાળા છે. ઉત્સવમાં કેસરી વસ્ત્ર હોય ને ! લોકમાં સોનું મોહ કરાવે છે, તેમ લીલામાં આ માયા છે. ભગવાને તેનાથી પણ વિશેષ-આચ્છાદિકા- વિક્ષેપક-વૈજયન્તી માલા ધરી છે. તે નવરત્નમયી નથી, ચરણ સુધી લાંબી પુષ્પમયી છે, - "**वैजयन्तीञ्चमालां ।**" "**बिभ्रत्**" – પદ અહીં પણ લેવાનું, માલા - શબ્દ કીર્તિમયી વનમાલાનો સૂચક છે. "**वै निश्चयेन सर्वजयप्रकाशिका वैजयन्ती ।**" ભગવાનનાં નયન કમલ કરતાં પણ સુંદર, વિજયી છે. સ્વરૂપલાવણ્ય - "**साक्षान्मन्मथमन्मथः ।**"- આધિદૈવિક કામ-વિજયી છે. આમ, બે પ્રકારનો શૃંગારરસ, તેની ઉત્કટતા, આચ્છાદક અને વિક્ષેપકનું નિરૂપણ રૂપમાં કર્યું.

નાદાત્મક વેણુનાદ ! ત્રિવિધ સુધા :

નામલીલાત્મક વેણુનાદને વર્ણવ્યો, - "**रन्ध्रान् वेणोः ।**"- વાંસનો સામાન્ય ટુકડો ! છેદાયો, વિંધાયો, ઘસાયો, પ્રભુના સંબંધમાં આવ્યો. વંશી બની ગયો ! કે સોનાનો કટકો ! તપ્યો, ઘડાયો, વિંધાયો, ઘસાયો, પ્રભુનો સંબંધ થયો, વેણુ બન્યો ! - સઘળું સહન કરીને પણ પ્રભુનો સંબંધ કરે, અનુકૂલ બને, તે સામાન્યમાંથી અસામાન્ય બને ! ભગવદ્રસ માણનારને વિષયરસ કે મુક્તિનો આનંદ પણ તુચ્છ લાગે ! વેણુનાદ સાંભળે તેને ઈન્દ્રિયથી અનુભવાતો વિષયરસ કે મુક્તિમાં અનુભવાતો બ્રહ્માનંદ પણ અલ્પ લાગે, આકર્ષી ન શકે ! વેણુમાં સાત છિદ્ર છે. છ ગુણસહિત-સ્વરૂપ નાદમાં વિરાજે છે, તેનાં તે સૂચક છે. વેણુનાં રન્ધ્રોને ભગવાન્ પોતાની અધરસુધા વડે પૂરે છે. અધૂરાંને પણ મધુરાં બનાવતી સુધાનું સિંચન તો કૃપાનિધાન કૃષ્ણ જ કરેને ! વેણુમાં છિદ્ર છે, જીવમાં પણ છિદ્ર-દોષ-અપરાધ છે. કરુણાકેતન કૃષ્ણ તે છિદ્ર-દોષ-ને પણ અધરસુધાથી પૂરતાં, ગુણરૂપ બનાવી દે છે. વેણુનાં છિદ્ર પર અંગુલિકાઓ પધરાવી, નાદાનુકૂલ નર્તન કરાવતાં (ઉઠાવતાં-મૂકતાં), આરોહ-અવરોહરૂપ નાદ પ્રકટ કરે છે. જીવમાં પોતે આનંદ પ્રકટ કરે છે. આ સુધા ત્રણ પ્રકારની છે.- (૧) દેવભોગ્યા - ક્રીડાપરાયણ દેવો (વ્રજભક્તો)ને ભોગ્ય. નદી, વનસ્પતિ વગેરેમાં સૌન્દર્ય રૂપે પધરાવેલી. મુખ્યસુધાના અંશરૂપ છે. (૨) ભગવદ્ભોગ્યા - મુખ્યલીલામાં ભગવાનની ભોગ્ય સુધા. ભગવદધર અને વ્રજભક્તોના અધરમાં વિરાજતી. સંયોગમાં અનુભવાય. (૩) સર્વાભોગ્યા - સર્વથી સાક્ષાત્ માણી શકાય નહિ તેવી, પરંપરા વડે અનુભવી શકાતી સુધા. વિપ્રયોગમાં અનુભવાય. અધર લોભાત્મક છે, તેથી યથાયોગ્ય રીતે વહેંચી દે છે, તેથી ત્રણ પ્રકાર છે.

વર્ણનથી પહેલાં, તેના અનુભવની અયોગ્યતા હતી, પછી પૂર્વવર્ણનમાં મુખે આવી, આમ ગમન-આગમનમાં તેની મુખ્યતાથી, મોં તેના શેષભૂત-ઉચ્છિષ્ટ-થયું. તેવા મુખે તેનો સાક્ષાત્ અનુભવ ન સંભવે. નાદ દ્વારા પરંપરાથી તેનો અનુભવ સાંભળતાં થાય. ભગવાન્ અંગીકાર કરે નહિ ત્યાં સુધી સાક્ષાત્ અનુભવ થાય નહિ, રાસમાં ભગવાન્ ભક્તોમાં રહેલી સુધા માણે, પછી રસ - પ્રબલતામાં પુંભાવથી ભક્તો સાક્ષાત્ ઉચ્છિષ્ટમુખે ભગવત્સુધાને માણે ! અત્યારે આ પ્રસંગે તો વ્રજભક્તોને વેણુ દ્વારા અધરસુધા મળે છે. સુધા વેણુનાદમાં છે. નાદ કાનથી ગ્રહણ થાય, તેથી સુધાનું પાન કાનથી થાય. આમ, સંયોગમાં સાક્ષાત્ અને વિયોગમાં કાનથી પાન થાય છે. આધિદૈવિક

"गीतकीर्तिः"- અર્થ-કામ અને મોક્ષ પુરુષાર્થ-સ્થાપન આનાથી કહ્યું છે. વ્રજભક્તો ભગવાનની દિવસલીલા રૂપ કીર્તિનું ગાન કરે છે, તે તેમને અર્થરૂપ પુરુષાર્થ છે. આસક્ત વનસ્થ-ભક્તો આ કીર્તિગાન કરે છે. તે સાંભળતાં પરીક્ષિત વગેરે શ્રોતાઓને મોક્ષરૂપ પુરુષાર્થ સિદ્ધ થાય છે! વૃન્દાવનમાં ગોપબાલકો- સખાઓ-ભગવાનની કીર્તિનું ગાન કરી રહ્યા છે! નાનાં છોકરાં કાંઈક કૌતુક જોઈને, સ્વાભાવિકરીતે, ઉત્સાહથી સૌને કહે, તેમ આ ગોપબાલકો ગાતાં નથી, પણ પ્રભુમાં આસક્ત થઈને ગાય છે! આસક્તિનો સ્વભાવ છે કે પોતાના સમાન-ભાવવાળા લોકોમાં સ્પષ્ટપણે બધું બોલાવે! શ્રીગોપીજન પણ કૃષ્ણાસક્ત છે. ગોવાળો તેથી તેમની પાસે પણ ગાન કરે છે. શ્રીગોપીજન ઘરમાં રહીને જેમ દિવસે પ્રભુનું ગુણગાન કરે છે, વનમાંની દિવસલીલા હૃદયમાં અનુભવીને ગાય છે, તેમ ગોવાળો રાત્રે પ્રભુનાં ગુણગાન કરે છે, આસક્તિથી હૃદયમાં અનુભવીને રાત્રિલીલા ગાય છે. **"गोपैर्गृणद्भिः स्वयशः"**- પ્રમેય-પ્રકરણના આરંભમાં કહ્યું હતું; અંતમાં પણ **"गोपवृन्दैः गीतकीर्तिः ।"**- અર્થ નીકળે છે. ગોવાળોની પણ ભગવદાસક્તિ તેથી દેખાય છે, નહિ તો સ્વૈરલીલામાં ભગવાન્ સાથે ન રાખે! ગોવાળોએ ગાયેલી લીલા અતિગૂઢ છે. શ્રીશુકદેવજી તે સ્પષ્ટ કહેતા નથી, આ રીતે નિર્દેશમાત્ર કરે છે! ગુણમાં આસક્ત હોય તે ગુણશીલમાં આસક્ત થાય જ. આસક્તિ પ્રેમ પછી થાય. પ્રમાણ-પ્રકરણમાં પ્રેમ કહ્યા પછી પ્રમેય-પ્રકરણમાં આસક્તિ કહી છે. આ પ્રેમ પણ લૌકિક રીતનો નથી - અલૌકિક છે, પ્રભુએ કરાવ્યો છે! આસક્તિ હોવા છતાં પણ, ભગવાન્ કૃપા કરીને જ્યાં સુધી ન જણાવે ત્યાં સુધી, ભગવાનનાં સ્વરૂપ, ગુણ, લીલા કોઈ પણ સાધનથી જાણી શકાય નહિ. ભગવાન્ અંગીકારમાત્રથી સઘળું સિદ્ધ કરે છે!

પુષ્ટિમાર્ગીય પંચપર્વા વિધા :

પોતાની ઈચ્છાથી ભગવાન્ પોતે સાધન સંપાદન કરીને ફલ આપે છે. કૃપા-પુષ્ટિ-માર્ગમાં પ્રભુ જ સાધન રૂપ છે! **"यमेवैष वृणुते तेन लभ्यः ।"**- તે જેનું વરણ કરે તેને સુલભ બને! શ્રુતિ છે. **"विद्ययामृतमश्नुते ।"**- શ્રુતિ છે. વિદ્યાથી ભગવત્પ્રાપ્તિ થાય, અમૃતરૂપ આનંદાનુભવ થાય. **"बर्हापीडं"**- સુધીના પાંચ શ્લોક પંચપર્વા-વિદ્યાનું સૂચન કરે છે. પછી ગુણવર્ણનરૂપ પ્રભુપ્રાપ્તિ પછી કહી છે. **"वैराग्यं सांख्ययोगौ च तपो भक्तिश्च केशवे । पञ्च पर्वेति विद्येयं यया विद्वान् हरिं विशेत् ॥"**- વૈરાગ્ય, સાંખ્ય, યોગ, તપઃ અને કૃષ્ણમાં ભક્તિ - આ પંચપર્વા વિધા છે, જેનાથી વિદ્વાનને પ્રભુ પ્રાપ્ત થાય. મર્યાદાશાસ્ત્ર રીતે આ પાંચનું સ્વરૂપ જુદું છે. ગુણ-દોષ વિચારે સંસારમાં રાગનો અભાવ- વૈરાગ્ય, જ્ઞાન, - સાંખ્ય, ક્રિયા કે યોગમાર્ગ-યોગ, કલ્યાણ માટે કાયાને કસવી-તપઃ, શાસ્ત્રમાં કહેલી રીતે શ્રવણાદિથી ભગવાનનું ભજન-ભક્તિ; લીલામાંના જીવો માટે આ વિધા પણ અલૌકિક છે. શ્રીગોપીજન-વ્રજભક્તો-ને પણ તે પ્રાપ્ત થઈ છે. પ્રેમ-પ્રભાવથી કૃષ્ણ સિવાય બધે જ રાગનો અભાવ તે - વૈરાગ્ય છે. પુરુષોત્તમનું રસાત્મક રૂપે જ્ઞાન તે - સાંખ્ય છે. ચિત્ત પ્રભુમાં એક્તાન રહે તે - યોગ છે. ભગવાનના વિરહમાં તીવ્રસંતાપનો અનુભવ કે સેવામાં કાયાને કસવી તે - તપઃ છે. પ્રભુસંબંધી લીલા-શાસ્ત્ર-વિચાર પણ તપઃ ગણાય. મુક્તિ વગેરે સર્વપુરુષાર્થોની ઈચ્છારહિતની ભગવદાસક્તિ- ભક્તિ છે. આ પુષ્ટિમાર્ગીય પંચપર્વાવિધા છે. આ વિધાના અંતે, બ્રહ્મસ્વરૂપ સ્પષ્ટ થાય, તેમ વર્ણન છે. પહેલાં, નાદબ્રહ્માત્મક અમૂર્તવિધાનો અંતરમાં અનુભવ કરાવીને, તેના ફલરૂપ

ગાનથી સ્વરૂપનો અનુભવ કરાવ્યો. આગળ પછી પોતાના લોકાત્મક-વ્યાપિવૈકુણ્ઠના બાહ્યાનુભવરૂપ વિદ્યાથી, તેના ફલરૂપ બાહ્ય અંગસંગથી સ્વરૂપાનન્દનો અનુભવ પ્રભુ કરાવશે ! આ સંકેત પણ આમાં સમાયો છે. બ્રહ્મવિદ્યાથી પણ શ્રેષ્ઠ આ વિદ્યા છે. તેનું ફલ પણ અધિક જ હોય.

સ્ત્રી - ભાવાપન્ન ભગવાન્ રસાત્મક પુરુષોત્તમ "કૃષ્ણ" કહેવાય છે ! :

"**बर्हापीडं**"- શ્લોકમાં સર્વાભોગ્યા-સુધાપૂરિત વેણુરવ-સ્વરૂપનું નિરૂપણ છે. શ્રીમહાપ્રભુજીએ સ્પષ્ટ રહસ્ય કહ્યું. "**स्त्रीभावो गूढः पुष्टिमार्गे तत्त्वमिति कृष्णपदार्थः क्वचिद् विवृतः** ।- વ્રજસ્ત્રીઓનાં હૃદયમાં વેણુનાદથી પૂરેલો ભાવ ગૂઢ-સર્વાભોગ્ય-છે. કૃપામાર્ગમાં તે સ્વાભાવિક મુખ્યફલરૂપ છે. તે કૃષ્ણ-સ્વરૂપ છે. સર્વત્ર અનેક લીલાયુક્ત હોવા છતાં, વ્રજભક્તોના હૃદયમાં ક્યાંક વેણુનાદ-શ્રવણ દ્વારા પ્રકટ છે. સર્વાભોગ્ય સુધારૂપ કૃષ્ણસ્વરૂપ વેણુનાદ દ્વારા જ પ્રકટ છે, તેથી રૂપ, વેણુનાદ અને લીલામાં વેણુનાદ મુખ્ય છે બીજું ગૌણ છે. શ્રીગોપીજને તેથી રૂપ-લીલાને ગૌણ કરીને, મુખ્યરીતે વેણુનાદનું વર્ણન કર્યું છે. સ્ત્રીભાવ બે પ્રકારનો સંભવે ! પત્નીભાવ અને પ્રિયાભાવ ! મર્યાદામાં પત્નીભાવ, તે પ્રકટ હોય. પુષ્ટિમાં પ્રિયભાવ, તે ગૂઢ હોય ! રસોદ્રેકમાં પ્રભુ પણ પ્રિયાભાવ કરે ! તે પુષ્ટિમાર્ગીય સ્ત્રીગૂઢભાવ ! "**सोऽश्नुते सर्वान् कामान् सह ब्रह्मणा विपश्चिता** ।"- શ્રુતિ છે. "વિવિધ રસભોગચતુર બ્રહ્મ સાથે તે સર્વકામ ભોગવે છે." આમાં ભક્ત મુખ્ય છે, બ્રહ્મ (ભગવાન્) ગૌણ બને છે ! ભગવાનનો રસ ભક્તો પોતાની ઈચ્છાનુસાર માણે છે. પ્રિયા પ્રેમથી પ્રિયને અધીન-વશ-હોય ! ભગવાન્ ભક્તોને ભાવથી વશ થાય છે. ભક્ત - કૃષ્ણવશ હોય તે મર્યાદા છે. ભગવાન્ ભક્તવશ- સ્વાધીન-બને તે પુષ્ટિ છે. "**कृष्णाधीना तु मर्यादा स्वाधीना पुष्टिरुच्यते** ।"- સ્ત્રીભાવાપન્ન ભગવાન્ રસાત્મક પુરુષોત્તમ "કૃષ્ણ" કહેવાય છે ! રસશાસ્ત્રમાં આ પરમાનંદરૂપ ગણાય. શ્રુતિમાં કૃષ્ણને સદાનન્દ કહ્યા છે. વેણુનાદ તો વારંવાર થાય છે, પણ આવો સુધાસંવલિત-વેણુનાદ તો ક્યાંક જ થાય છે ! તે "**अधरसुधया पूरयन्**"- વેણુનાદ તો ભગવાને આ જ કર્યો છે. સ્ત્રીગૂઢ-ભાવાત્મક કૃષ્ણપદાર્થ આ વેણુનાદમાં જ છે, તેથી વેણુનાદની મુખ્યતાથી તેનું વર્ણન છે.

આ વેણુરવ રસાનુરૂપ શ્રીગોપીજનનાં મન હરે છે, સૌનાં નહિ ! :

"**इति वेणुरवं राजन्....**।"-શ્રીશુકે "**राजन्**" સંબોધન કર્યું. રાજા પ્રજાપાલન વગેરે સ્વધર્મનિષ્ઠ હોય. માત્ર ધર્મનિષ્ઠને આ ધર્મિનિષ્ઠ રસ ન સમજાય ! શ્રીશુકે સ્પષ્ટ કહ્યો પણ નથી ! અહીં, "વેણુરવ" કહ્યો છે. રવ પણ સૌને સ્પષ્ટ ન સમજાય. "**र**"કાર અગ્નિબીજ છે. તે વિપ્રયોગ સૂચવે છે. "**व**"કાર અમૃતબીજ છે. તે સંયોગ સૂચવે છે. ભગવાન્ વનમાં છે. નાદવર્ણન કરનાર ગોપીજન વ્રજમાં છે. વપુથી (શરીરથી) તો વિયોગ છે, છતાં સ્વરૂપ હૃદયમાં પધારતાં સંયોગ છે. ઉભયના અનુભવે કૃષ્ણપદાર્થ સમજાય ! કૃષ્ણ શૃંગારરસરૂપ છે. સંયોગ-વિયોગથી પૂર્ણ શૃંગારરસ અનુભવાય. વિયોગ પછીના સંયોગમાં પુષ્ટસંયોગનો અનુભવ મળે ! રાસમાં પણ વિયોગ પછી પુનઃ સંયોગ છે, તે પુષ્ટરસાનુભવ દે છે ! તેનું પણ બીજ અહીં દેખાય છે. સાંભળતા સૌનાં મન હરે તેવો વેણુનાદ છે, રસદીક્ષા દેનારો છે ! રસસંબંધ-સર્વસ્વસમર્પણ-આત્મનિવેદન-તેનાથી મન વશ થઈ જતાં સ્વતઃ થાય છે. - "**सर्व भूतमनोहरं**"માં **सर्व** – શબ્દે શક્તિસંકોચથી રસાનુરૂપ ગોપીજનનાં મન હરે છે,

સૌનાં નહિ ! રાસમાં પણ "**वामदृशां मनोहरं**"- વેણુનાદ છે. "**तब वेणुनाद द्वार अब लक्ष्मणभूप-कुमार**"- અવતારદશામાં વેણુનાદ દ્વારા રસાત્મક બ્રહ્મ-(કૃષ્ણપદાર્થ)-સંબંધ થતો. અનવતારદશામાં આજે શ્રીવલ્લભાચાર્યજી દ્વારા બ્રહ્મ (કૃષ્ણ)-સંબંધ થાય છે. કૃષ્ણાસક્ત શ્રીગોપીજને પરસ્પર તેનું વર્ણન કર્યું છે. બ્રહ્મસંબંધ-સ્મરણ સંસારપરાયણ લોકો સાથે ન થાય. "**निवेदनं तु स्मर्तव्यं सर्वथा तादृशैर्जनैः ।**"માં "**तु**" કહીને, સંસાર-પરાયણ ભક્તવેષધારીઓથી દૂર-સાવધ-રહેવા સંકેત કરી દીધો છે. "**तादृशैर्जनेः**"- વ્યવહાર પૂરતા, અનિવાર્ય લોકધર્મો હોવા છતાં, હૃદયપૂર્વક કૃષ્ણમાં આસક્ત હોય તે તાદશી ગણાય. તે લોકથી નિરપેક્ષ હોય. તેવા સાથે નિવેદન-સ્મરણથી જીવન ભગવદનુકૂલ બને, ભગવદ્ભાવ દૃઢ થાય, વધે, - કૃતાર્થ થવાય. "**श्रुत्वा व्रजस्त्रियः सर्वा वर्णयन्त्योऽभिरेभिरे ।**"- કૃષ્ણમાં સમાન-ભાવવાળાં આ વ્રજસ્ત્રી છે. સૌ પરસ્પર વેણુનાદનું વર્ણન કરે છે. ગોવાળો સવારે ગાયો ચરાવવા વનમાં જાય, સાંજ સુધી પણ આવવાનો સંભવ નથી. ગોપીજનનું જરૂરી ઘરકામ સવારમાં જ પતી જાય. ભગવાને તે વ્રજસ્ત્રીઓનો અંગીકાર કર્યો છે. તેમને કૃષ્ણનાં ગુણગાન વિના બીજું કાંઈ કામ નથી. સેવા સમયે સેવા કરે, અનવસર (વિયોગાવસ્થા)માં ગુણગાન કરે, દુઃખાત્મક દુનિયાને ભૂલીને પ્રભુના પરમાનંદ વિલાસમાં મગ્ન થઈ જાય !

વેણુનાદથી શુદ્ધ - પુષ્ટિમાર્ગીય રસ - સ્વરૂપ જણાવ્યું છે :

પહેલાં, "**तद् व्रजस्त्रिय आश्रुत्य.....।**"- થી પ્રથમ વેણુનાદ સાંભળતાં શ્રીગોપીજને કરેલો વર્ણન માટેનો પ્રયત્ન કહ્યો. "**तद् वर्णयितुं...।**"- થી સ્મરવેગથી ચિત્તવિક્ષેપ થતાં વર્ણનમાં પ્રતિબંધ-રૂપ અશક્તિ કહી. "**बर्हापीडं.....**"- થી વર્ણનશક્તિમાં કારણભૂત સુધાપ્રવેશ કહ્યો. તેમાં, "**नटवरवपुः**" શબ્દથી વિપ્રયોગ -સંયોગ-રસાત્મક-સ્વરૂપ કહ્યું. "**बर्हापीडं**"- થી રસમત્ત સ્વરૂપ કહ્યું. "**कर्णयोः कर्णिकारं**"- થી ઉત્કટ રસભાવ કહ્યો. "**बिभ्रत्**"- થી નિત્ય રસદાન-કૃપા કહી. "**वासः कनककपिशं**"- થી ગુપ્ત-રીતે રસરક્ષા કહી. "**वैजयन्तीञ्च मालां**"- શૃંગારરસમાં રસાનુકૂલ કીર્તિ અને વિશેષાચ્છાદન કહ્યું. "**रन्ध्रान् वेणोः**"- થી કેવલ ઈચ્છેલાં ભક્તોને નાદસ્થ સુધાલાભ કહ્યો. "**अधरसुधया पूरयन्**"- થી સુધાથી શૃંગારરસાનુકૂલ ભગવદીયપણાનું સંપાદન કહ્યું, સ્ત્રીગૂઢભાવનું સૂચન કર્યું, વૃન્દાવનવિહાર માટે પ્રવેશ કહ્યો. "**गोपवृन्दैः गीतकीर्तिः**"- થી ભક્તોની આસક્તિ અને લીલાપરિજ્ઞાન તથા ગાન કહ્યું. આમ, શુદ્ધપુષ્ટિમાર્ગીય રસસ્વરૂપ વેણુનાદથી જણાવ્યું ! તેનાથી પ્રતિબંધ દૂર થયો. સુધાપૂર્ણ સ્વાન્તઃ થયું. અતિશય અધિકતાથી વર્ણન રૂપે વહેવા માંડ્યું, "**इति वेणुरवं**"- થી તેનો વર્ણન રૂપે આરંભે અને પરમાનંદલાભ કહ્યો.

"વેણુગીત" - નિરૂપણ :

શ્રીગોપીજને તેર શ્લોકમાં આ રીતે પ્રમેયબલથી થયેલા ભગવદ્રૂપ વેણુનાદનું અનુવર્ણન કર્યું. કાલ બાર માસ રૂપ છે, તેનાથી અધિક શ્લોક કહીને ભગવાન્ કાલાતીત છે, તેમ સૂચવ્યું. તેથી તે તેર શ્લોકમાં કહેલાં સ્વરૂપ, ગુણ, લીલા, વગેરે સૌ કાલથી પર છે, નિત્ય છે, તે સ્પષ્ટ કરી દીધું. પુરુષ બાર અંગવાળા છે, તેથી અધિક શ્લોક કહીને પુરુષથી પર (શ્રેષ્ઠ) પુરુષોત્તમ શ્રીકૃષ્ણ ભગવાન્ છે, તે પણ સ્પષ્ટ કહી દીધું. તેર પ્રકારની લીલા જુદી જુદી કહી છે. અહીં, માત્ર તેર શ્લોક "વેણુગીત" રૂપ નથી. આખો અધ્યાય "વેણુગીત" રૂપ છે. ગીત ગોવિંદનું, - ગાયું ગોપીજને, પણ મળ્યું વેણુ દ્વારા,

તેથી "વેણુગીત !" સુધા શ્રીહરિની, સ્વાન્તઃસંવેદન સ્વામિનીજીઓનું, પણ સુધાલાભ વેણુનાદ દ્વારા, તેથી "વેણુગીત !" વેણુ તો માધ્યમ છે, દ્વારભૂત છે. ભક્તિમાર્ગમાં કૃપા તો કોઈક દ્વારા થાયને ! જેના દ્વારા કૃપાલાભ થાય તેને ભૂલી કેમ જવાય ? વેણુની ઉપકારસ્મૃતિ માટે "વેણુગીત !" સ્વરૂપ યોગ્યતાનું સંપાદન ભગવાને વેણુનાદ દ્વારા કર્યું છે, સ્વીયત્વે (આત્મીય - રૂપે) વરણ કર્યું છે. શ્રવણ, કીર્તન, સ્મરણનું પુષ્ટિમાર્ગીય સ્વરૂપ અને ક્રમ આ અધ્યાયમાં સમજાય છે. ભગવાન્ પોતે કૃપા કરીને શ્રવણ કરાવે છે. શ્રવણ પણ પ્રેમમગ્ન ગાઢ છે. ઉત્કટ પ્રેમથી તેનું અનુવર્ણન-કીર્તન-કરે છે; તેથી વિશ્વ વિસ્મૃત થાય, વિભુ વિસ્મૃત ન થાય ! કીર્તનનું સામર્થ્ય પણ ભગવાન્ દે છે. દૃઢ આસક્તિના પ્રભાવથી વનની સર્વલીલાઓનું દર્શન ઘરમાં પણ થાય છે. ભક્તો લીલામગ્ન થઈ જાય છે. સાનુભાવરૂપ સ્મરણ બની જાય છે, સ્મરણ કરવું પડતું નથી ! દૃઢાસક્તિ સ્થિર થાય છે. પુષ્ટભક્તિ તો પ્રેમપ્રચુર હોય.

શ્રીગોપીજને કહેલા "**अक्षण्वतां.....।**"- શ્લોકમાં "**वर**"શબ્દથી સમજાતો સંયોગરસ છે, "**चूतप्रवाल....**"શ્લોકમાં "**नट**" શબ્દથી સમજાતો વિપ્રયોગરસ છે. બંને મળીને "**नटवरवपुः**"- માં કહેલો શૃંગારરસ સમજાય. "**गोप्यः...**"માં "**रन्ध्रान् वेणोरसुधया पूरयन्**"માં કહેલ વેણુ પૂરણ છે. "**वृन्दावनं....।**"માં "**स्वपदरमणं**"માં કહેલ સ્વચ્છંદ-ચરણવિહારનો હેતુ-કીર્તિવિસ્તાર છે. આ ચાર શ્લોકમાં પીઠિકા છે. શ્રીશુકે વર્ણવેલું તેમાં વર્ણવ્યું. સ્વરૂપ સાથે પીઠિકા હોય. પછીના છ - "**धन्यास्तु..**" થી "**दृष्ट्वातपे....।**" સુધીના શ્લોકમાં વેણુવાદન છે. "**पूर्णाः पुलिन्द्य...।**" અને "**हन्तायमद्रि....**" એ બે શ્લોકમાં ભક્તિની પ્રતિષ્ઠા છે. હીન ગણાતી ભિલ્લજાતિની સ્ત્રીઓ પણ કૃષ્ણચરણનાં કુંકુમ-સંબંધમાત્રથી લક્ષ્મીજી સમાન ભાગ્યવાળાં થયાં. શ્રીગિરિરાજજીને ચરણસ્પર્શમાત્રે પ્રમોદ થાય છે. બંનેમાં ચરણનું માહાત્મ્ય છે. ચરણ ભક્તિમાર્ગરૂપ છે. પુરુષોત્તમનો પુલિન્દી-સંબંધ, ગોચારણ, કંદમૂલાહાર પણ ભક્તિસ્થાપક છે, છતાં લોકમાં ઉત્તમ ન ગણાય, - દૂષણ ગણાય, તેથી "**गागोपकैः.....।**" શ્લોકમાં વિરુદ્ધધર્માશ્રયથી તેનું સમાધાન છે. પ્રમેય (કૃપા) માર્ગ, (શાસ્ત્ર) પ્રમાણમાર્ગથી ઊલટો અને બલિષ્ઠ છે ! ભગવાને અત્યારે પ્રમેયમાર્ગ પ્રકટ કર્યો છે. મર્યાદામાર્ગવાળાઓ કરતાં પણ વધારે ઉત્કર્ષ તેનાથી છે; તેથી આ સર્વ ભૂષણરૂપ છે, દૂષણ નથી, તેમ સમજાય. "**बर्हापीडं.....।**"- શ્લોક સૂત્રરૂપ, પીઠિકાના ચાર શ્લોક ભાષ્યરૂપ અને પછીના નવ શ્લોક વિવરણરૂપ પણ ગણાય.

શ્રીગોપીજને રસાત્મક ભગવાનને વર્ણવ્યા :

"**अक्षण्वतां फलमिदं न परं विदामः....।**"- "ઈન્દ્રિય- વાળાને કે આંખવાળા માટે આ ફલ છે, મોક્ષ નહિ, અમે જાણીએ છીએ !" "**इदं**"- થી તો હૃદયમાં મનોરથની પ્રબલતાથી દેખાતું ફલ કહી દીધું. ભક્તિમાર્ગમાં તો રસાત્મક ભગવાનનો અનુભવ સર્વેન્દ્રિયથી થાય છે, સ્વરૂપ જ ફલરૂપ છે. આમ, સર્વ ઈન્દ્રિયોથી તે માણી શકાય છે. વાણી - વિહારાનુકૂલ વાર્તાલાપમાં, નેત્ર - સર્વાંગ-દર્શનમાં, ભુજા - ભાવથી ભેટવામાં, કર - ક્રિયા (સેવા) કરવામાં, ત્વક્ (ચામડી) - સ્પર્શ - સંવેદનમાં, રસના-રસાલ અધર સુધારસાસ્વાદમાં, (ગુહ્ય) ભોગેન્દ્રિય - અલૌકિક ભોગમાં કે કૃષ્ણપ્રિય પુત્રાદિની-પ્રાપ્તિમાં, પાયુ-રોમાગ્ન્યાનુભવમાં, કાન - કર્ણરસાયનરૂપ કોમલ કૃષ્ણકૂજન - શ્રવણમાં, ઘ્રાણ-(નાસિકા) - શ્રીઅંગના કે ચરણનાં તુલસીના કે લીલા પવનના સુગંધલાભમાં, ચરણ - ચાલતાં નિકટ

જવામાં કે સેવાનુકૂલ ગતિમાં, મન - નિત્ય મંગલ મધુર મંજુલ મનોરથ કરવામાં, મળેલા મધુપતિના માધુર્યને માણે છે. સર્વેન્દ્રિયો, મળેલા મધુપતિના મધુર રસાસ્વાદને માણે છે. મોક્ષમાં આ આનંદ કઈ રીતે મળે ? મોક્ષમાં તો પરિમિત આનંદ મળે, લીલામાં કૃષ્ણસંબંધથી તો અપરિમિત પ્રકટ પરમાનંદ મળે ! મોક્ષમાં ઈન્દ્રિયોનો ઉપયોગ ન થાય, નિષ્ફલ થાય. તેની ગતિશક્તિઓ જીવના મોક્ષરૂપ બ્રહ્મપ્રવેશથી નિરુપયોગી થાય, નિઃશ્વાસ મૂકતી શોક-સંતપ્ત રહે. તેમને પણ સુખ તો લીલામાં મળે, તેથી તો રાસના અલૌકિક-ચન્દ્રને જોતા, તેમનો શોક દૂર થયો ! "**स चर्षणीनामुदगाच्छुचो हरन् ।**"- તેમ શ્રીશુક વર્ણવે છે.

ઉનાળાના તાપમાં રણમાં મુસાફરી કરતો, ત્રાસેલો, થાકેલો, તરસ્યો મુસાફર, કોઈ સુંદર-સ્વચ્છ-સુગંધી-શીતલ-સુમધુર-સરોવર જુએ, પાસે પહોંચે, પણ શાંતિ મેળવવા તેમાં ડૂબી મરે તો મળે શું ? તેમાં આનંદ કેટલો ? પણ, તેમાં સ્નાન-પાન કરે, પાસે રહે તો આનંદ કેટલો ? શાંતિ કેવી ? સંસારના સંતાપમાં શેકાયેલો-ત્રાસેલો જીવ, શાંતિ મેળવવા મથે, સાયુજ્યાદિ-મોક્ષ મેળવે, બ્રહ્મમાં ભળી જાય, તેમાં કૃતાર્થતા કઈ ? આનંદાનુભવ શો ? પણ પ્રભુનો પ્રિય બની જઈને, સ્વરૂપાનન્દનો અનુભવ સર્વ-ઈન્દ્રિયોથી માણે, તેથી અધિક લાભ કયો ? "**आत्मलाभान्न परं विद्यते ।**"- શ્રુતિ છે. આત્મારૂપ ભગવત્પ્રાપ્તિ-રસાનુભૂતિથી મોટો કોઈ લાભ નથી. ઈન્દ્રિયવાળાઓ માટે તો મોક્ષ એ ફલ નથી ! "**विदामः**"- "અમે જાણીએ છીએ." ઉપનિષદ્રૂપા ગોપીજન છે સઘળાં વેદવાક્યોનો આ સાર તેમણે કહ્યો છે ! સ્વયં શ્રુતિથી વધારે વેદરહસ્ય કોણ જાણે ? અનુભવ-વિરુદ્ધ કે અનુભવ ન થાય તેવું ફલ શ્રુતિ ક્યારેય ન કહે. સેવોપયોગી ઈન્દ્રિયરહિત માટે મુક્તિ ભલે ફલ ગણાય, યોગ્ય ઈન્દ્રિયવાળા માટે તો "**इदं**" આ જ ફલ છે ! "**सख्यः**" કહીને તેમાં સર્વની સંમતિ કહી. આવો અનુભવ તો કેટલાંક ગોપીજનને જ થાય છે. સર્વસામાન્ય અનુભવ તો દર્શનનો થાય છે. તેમાં આંખની સફળતા છે. અંધારામાં આંખનો ઉપયોગ શો ? શરીર, સ્થળ, દૃશ્ય વગેરેનાં કુદરતી કે કૃત્રિમ-સૌંદર્ય જોવામાં પણ આંખની સફલતા નથી. તે તો ક્ષણિક આનંદાભાસ માત્ર છે. શ્રુતિઓને લૌકિક-નિરૂપણ કરવાનાં ન હોય. ભગવાન્ સિવાયનું સઘળું, પ્રતિબંધ સમજીને ત્યાગ કરવા છતાં, મોક્ષ ન થાય. સર્વાત્મભાવે ભગવાનનું ભજન કરવું જોઈએ.

શૃંગારરસ - પ્રગાઢ સર્વાત્મભાવ પુષ્ટિમાં છે !

સર્વમાં આત્મભાવ - "**सर्वस्मिन्नात्मभावः ।**"- પ્રાથમિક સર્વાત્મભાવ છે. સર્વમાં આત્મા-ભગવાન-નો ભાવ મર્યાદામાર્ગીય છે. "**सर्वस्मिन्नात्मनो भगवतो भावः ।**" - "**सर्वात्मभावं विदधन् महीमिमां.....।**"થી અંબરીષ રાજામાં તેવો ભાવ કહેલો છે. આ બંનેમાં જ્ઞાન-ભક્તિ-સંભવ છે. ભગવદ્વિષયક, ઉપાધિરહિત, શુદ્ધસ્નેહ, સર્વ કોઈ પોતાનો ભાવ-પ્રેમ-ભગવાનમાં, "**सर्वोऽपि आत्मनो भावः प्रेमा भगवति ।**" અથવા "**सर्वोऽपि आत्मनि भगवति भावः ।**"- સર્વભાવ આત્મારૂપ ભગવાનમાં ભક્તિથી અભેદાનુભવે ! "**सर्वस्मिन्नात्मभावः ।**"- "ભાવ" ભગવદ્વિષયક રતિ છે. "આત્મા" - ભગવાન્ છે. પદાર્થ માત્ર વસ્તુતઃ ભગવદ્રૂપ છે. પદાર્થ - માત્રમાં પુરુષોત્તમસ્ફૂર્તિ થતાં - સર્વાત્મભાવ થાય ! શૃંગાર-રસપ્રગાઢ સર્વાત્મભાવ શુદ્ધપુષ્ટિમાં છે ! સર્વત્ર પુરુષોત્તમની સ્ફૂર્તિ સર્વાત્મભાવથી થાય. સર્વાત્મભાવમાં પ્રેમની મુખ્યતા છે, જ્ઞાનની નહિ, અન્યહેતુની પણ નહિ. "**अपश्यत्तन्मयं**

जगत्..।”- કંસે કૃષ્ણરૂપ જગત્ - સર્વ કાંઈ - જોયું; પણ તેમાં ભય છે, ભાવ નથી, તેથી તે સર્વાત્મભાવ ન ગણાય. વિપ્રયોગદશામાં શ્રીગોપીજન સ્વાભાવિક રીતે સર્વત્ર કૃષ્ણસ્ફૂર્તિ અનુભવે છે, સર્વાત્મભાવ સિદ્ધ થાય છે. પોતાનો ભાવાનુકૂલ સર્વાત્મભાવ સ્વરૂપાનન્દના અનુભવમાં ઉપયોગી છે. કાલ કર્મ-સ્વભાવાદિથી પણ તે વધુ સમર્થ છે. ભગવાન્ તેનું દાન કરે છે. સર્વાત્મભાવે ભજન કૃતાર્થ કરે. સર્વદેહેન્દ્રિયાદિનો ભગવાનમાં આત્મભાવ પણ સર્વાત્મભાવ છે !

વ્રજરાજના બે પુત્રનું એક મુખ ફલરૂપ છે !:

આંખની કૃતાર્થતા-ફલ-ભગવદ્દર્શન છે. તેમાંય “**वक्त्रे व्रजेशसुतयोः**”- વ્રજરાજના બે પુત્રનું એક મુખ ફલરૂપ છે ! બલરામજીમાં ભગવદાવેશ છે. આવિષ્ટનું મુખ સ્પષ્ટ નથી. પ્રકટ પ્રભુના મુખની જ મુખ્યતા છે. સામાન્યરીતે દેખાતા બેનું નિરૂપણ કર્યું, પણ પોતાના હૃદયમાં એકની જ સતત ભાવના છે, તેથી શ્રીકૃષ્ણમુખ જ “**वक्त्रं**”- થી કહ્યું ! બલરામજી વ્રજેશ-નન્દજીના પુત્ર નથી, પણ તેમાં કૃષ્ણનો આવેશ છે, તેથી વ્રજેશપુત્રત્વ છે ! ગોપીજન તે ભાવે બલરામજીનાં મુખનું દર્શન કરે છે, પોતાના ફલ રૂપે નહિ. “**फलाशायां फलं कृष्णवदनं हृदि चिन्त्यताम् ।**”- ફલની આશા હોય તો કૃષ્ણનું વદન ફલ છે. તેનું હૃદયમાં ચિન્ત્વન કરવું. માત્ર “**वक्त्रं**”- મુખ કહ્યું છે, મુખકમલ નહિ ! સરખામણી તો અળખામણી લાગી ! સર્વાધિકને કોની સમાન ગણાવવું ? ! સ્વાનુભવે તે જ સ્વતઃ સમજાય. ફલ તો માણવાનું હોય. ફલમાં ત્યાજ્ય કાંઈ નથી, પૂર્ણ રસમય છે. અધર મુખ્ય છે. પ્રભુ પશુઓની પાછળ સખાઓ સાથે છે. આ સખાઓ પણ સામાન્ય છે. લીલા વખતે વનમાં સાથે છે. વયમાં પ્રભુપ્રાકટ્યથી સમાન છે. ગાયો-ગોપો આગળ છે, પ્રભુ પાછળ છે, ક્યાંક સાથે પણ ચાલે છે. ભગવાનની પાછળ ભક્તો ફરે-અનુસરે, - તે મર્યાદા ! ભગવાન્ ભક્તોની પાછળ ફરે-અનુસરે- તે પુષ્ટિ ! ભગવાન્ એકલા નથી, આજે સખાઓ સાથે છે. ક્યારેક આપણે સાથે હોઈશું ? આમ, વનમાં પધારતાં પ્રભુનું મુખ ફલરૂપ છે. જેણે તેનું પાન કર્યું તેને ફલલાભ થયો છે.

પ્રભુ વ્રજેશપુત્ર હોવાથી કેટલાંક ઈશ્વર તરીકે આરાધન માટે અને કેટલાંક રાજાના પુત્ર રૂપે અનુરોધબુદ્ધિથી મુખ નિહાળે છે. આમ, મુખદર્શન કરનારના બે પ્રકાર છે. તે (રાજપુત્ર અને ઈશ્વરભાવના કારણે) સાપેક્ષ છે, મુખ્ય નથી ! “ગીતના રસને જાણનારાં કેટલાંક વેણુનાદ સાંભળવા માટે મુખદર્શન કરે છે.” “**अनुवेणु जुष्टं**” - “**अनुगतो वेणुर्यस्य । वेणुमनुलक्ष्यीकृत्य यद्वर्तते तदनुवेणुवादनपरम् ।**” તેમાં પણ “**यैर्जुष्टं यैर्वा निपीतम् ।**”- સેવન અને પાન બંને છે ! સેવન દર્શનરૂપ છે અને પાન હૃદયમાં ઉતારવારૂપ છે. આમ નાદના મનોહરપણાથી દર્શન કરે છે; અને કેટલાક રસજ્ઞ વેણુનાદ શીખવા માટે દર્શન કરે છે. તે પણ બે પ્રકાર થયા. આવું દર્શન વેણુનાદની મુખ્યતાથી છે. અભિલાષભર્યા ભક્તો પણ મુખદર્શન કરે છે. “**अनुरक्तकटाक्षमोक्षम्**”- અનુરાગભર્યા ભક્તોના નેત્રકટાક્ષ જ્યાં સ્વતઃ થયા કરે છે, તેવું શ્રીમુખ નેત્રવાળાનું ફલ છે ! મુખદર્શન કરનારના આમ પાંચ પ્રકાર થયા. સર્વેન્દ્રિયોથી ભગવત્સ્વરૂપને જ ફલરૂપ ગણનાર નિર્ગુણ છે. આંખથી શ્રીમુખ-દર્શન, પાન અને કટાક્ષ કરનારા સગુણ છે. “વર” શબ્દનો અર્થ વર્ણવ્યો. મર્યાદામાં ચરણભક્તિ હોય, પુષ્ટિમાં મુખભક્તિ હોય !

વિચિત્ર-વેષવાળા રસરૂપ ભગવાન્ !:

"चूतप्रवालबर्हस्तबकोत्पलाब्जमालानुपृक्तपरिधानविचित्रवेषौ ।"- ભગવાને મધુર આંબાના કોમલ પ્રવાલ (કૂંપળ) કાનમાં ધર્યાં છે. મધુરાપતિ છે ને ! મયૂરપિચ્છના ગુચ્છ મસ્તકે ધર્યાં છે ! તે બેથી મુકુટમાં બાંધેલો પીતામ્બર-ખંડ મળી ગયો છે. કમલમાલા કંઠમાં ધરી છે. તે ખભા પરના ઉત્તરીયવસ્ત્ર અને કટિમાં ધરેલા પીતામ્બર સાથે મળેલી છે. તેનાથી સર્વરસનો અનુભવ કરાવે તેવા વિચિત્ર-વેષવાળા કૃષ્ણ અને નીલામ્બરવાળા રામ ગોપમંડલીમાં ખૂબ શોભે છે ! બીજો કોઈ ગમે તેવી વેષભૂષા ધરે, પણ સર્વરસનો અનુભવ ન કરાવી શકે. બલદેવજીમાંનો પુરુષોત્તમાવેશ રસરૂપ છે. તે રસાભિનયમાં ઉપયોગી છે, તેથી બંને ગણાવ્યા. આમ્રકુંપળ (પ્રવાલ) રજોગુણરૂપ છે. તે વિવિધભાવ ઉત્પન્ન કરે છે. આંબાની કેરીમાં રસ મુખ્ય છે. તેનાં પ્રવાલ અધરરસની મુખ્યતા ભગવદ્રૂપમાં સૂચવે છે ! રસપ્રતિષ્ઠાથી સ્થાયિભાવ રૂપ છે. મયૂરપિચ્છ તમોગુણરૂપ છે, તેથી ભગવાનના અંગમાં પ્રીતિ પ્રગાઢ થતાં મન મગ્ન બની જાય છે. પિચ્છ સુંદર છે. સ્વરૂપ - સૌન્દર્યનું સૂચન કરે છે. તેમાં રૂપમાત્રથી રસવ્યભિચારથી-વ્યભિચારિભાવરૂપ છે, કમલમાલા સત્ત્વગુણરૂપ છે. તેનાથી ભગવત્સંબંધી સઘળા પદાર્થોનું રસમાં ઉપયોગી રૂપે જ્ઞાન થાય છે. કમલમાં સુગંધ છે. તે ભગવાનના સ્વરૂપમાંનો સ્વાભાવિક સુગંધ સૂચવે છે. તેમાં ગંધરસાનુભવ છે, તેથી તે અનુભાવરૂપ છે. પ્રભુએ ધારણ કરેલું પીતામ્બર માયામય છે. રસાત્મક શ્રીઅંગને ઢાંકે છે. તે રસની ગુપ્તતા સૂચવે છે.

આમ, વસ્તુનિર્દેશ-માત્રથી સાંભળનારને કાવ્યની જેમ રસનો અનુભવ થાય છે. "वाक्यं रसात्मकं काव्यम् ।"- રસાત્મક વાક્ય કાવ્ય છે. તે સાંભળતાં શ્રોતાને રસાનુભવ થાય છે. તેમ શ્રીગોપીજનને તાદૃશવર્ણનથી રસાનુભવ થાય છે. આ રસ પલ્લવરૂપ છે. રસરૂપ ફલનો તે પરિચય કરાવે છે. "चूतप्रवाल"થી પહેલાં પલ્લવનું વર્ણન કર્યું છે. આંબાને પલ્લવ (કૂંપળ) પછી ફલ આવે. તે પક્વ થતાં રસપૂર્ણ હોય. આગળ (રાસમાં)-મળનારા રસરૂપ ફલ-સ્વરૂપાનન્દના સારરૂપ અધરસુધાનો અનુભવ જણાવવા પલ્લવ ધારણ કર્યાં છે. પલ્લવદર્શનથી, રસશાસ્ત્રના પ્રયોજનરૂપ અધરરસલાભ થવાનો છે, તેવા પરિજ્ઞાનથી તે ભાવ કલિકારૂપ બને, આસક્તિ થાય. પ્રેમ પછી આસક્તિ થાય. તામસ-પ્રમાણ-પ્રકરણમાં પ્રેમ થયા પછી પ્રમેય-પ્રકરણમાં આસક્તિ થઈ છે. કલિકામાં રસ, રૂપ, સુગંધ હોય, પણ પ્રકટ ન હોય; તેમ આસક્તિમાં કટાક્ષ-સ્મિત-આલાપ વગેરે અસ્પષ્ટ છતાં કાંઈક પ્રકટ હોય, તેથી કલિકા જેવું મયૂરપિચ્છ પ્રભુએ ધર્યું છે. આમ ભાવ વધતાં, તેની વિવિધ- વિલાસરૂપ વિચિત્રતા વ્યસનદશામાં દેખાય છે. તે પુષ્પરૂપ છે. પુષ્પમાં રસ, રૂપ, સુગંધ સ્પષ્ટ દેખાય. વ્યસનમાં પણ ભાવ સ્પષ્ટ થાય. તેની સૂચક કમલમાલા પ્રભુએ ધરી છે. સાધનપ્રકરણમાં વ્યસન- નિરૂપણ છે. પુષ્પનો સુગંધ સતત આવે, સુવાસ સ્પષ્ટ થાય. તેમ વ્યસન થતાં, ભગવત્સંબંધી વાસના સ્પષ્ટ થાય - વધતી જાય. દર્શન-સ્પર્શન-વગેરેમાં તે વ્યક્ત થાય. લોકમાં તે પ્રકટ થાય તો રસાભાસ થાય, તેથી તેને કાઢવા માયારૂપી પીતામ્બર પછી કહ્યું છે. ચાતુર્યથી દર્શન-સ્પર્શન-વગેરેને ગૂઢ રાખે છે. તે માયારૂપ છે. રસ તેથી સુરક્ષિત રહે છે. રસ-પ્રાકટ્ય માટે આવું નિરૂપણ છે. આ ફલરૂપ રસનો અનુભવ (રાસમાં) ફલ-પ્રકરણમાં છે. વ્રજભક્તોના ભાવાત્મક

ભગવાનના પ્રાકટ્યમાં, સ્વામિની- સંબંધના રસાનુભવે નૃત્ય અને શોભા પ્રકટ થાય છે. “નટ”નો અર્થ આંમાં સમજાય છે. અતિગુપ્ત ભગવાન્ રસ રૂપે પ્રકટ થાય છે, રસાનુભવ દે છે. "रसो वै सः ।"- માં કહેલી રસરૂપતા આમાં કહી.

શ્રીગોપીજનનું શૃંગાર - કલ્પદ્રુમ ! :

भावैरङ्कुरितं महीमृगदृशामाकल्पमासिञ्चितं
प्रेम्णा कन्दलितं मनोरथमयैः शाखाशतैः संभृतम् ।
लौल्यैः पल्लवितं मुदा कुसुमितं प्रत्याशया पुष्पितं
लीलाभिः फलितं भजे व्रजवनीशृङ्गारकल्पद्रुमम् ॥

શ્રીગોપીજનના શૃંગારકલ્પદ્રુમ ભગવાનનું ભાવાંકુરથી આરંભીને લીલાઓ દ્વારા ફલન આમાં કહેલું છે. રસરૂપ ભગવાન્ છે. રસપોષક વાદ્ય-ગીત ગોપમંડલીમાં થાય છે. સરલ મંડલીમાં રસ સુલભ છે. વાદ્ય-ગીત સાથે નૃત્ય પણ ચાલે છે. રંગમંડપમાં શ્રેષ્ઠ નટો શાસ્ત્રીય-નૃત્ય કરે, તે તો લૌકિક હોય, આ તો અલૌકિક છે, તેથી "नटवरौ" કહ્યું. ક્યાંક હાથની અભિનય-મુદ્રાઓ કરતાં શ્રમરહિત ગાન કરે છે.

અધરસુધા - ગોપિકાની ! - માણે વેણુ ? !

ભગવાને અધર પર વેણુ પધરાવ્યો છે. રસજ્ઞ ગોપીજન છે. "गोप्यः"- સંબોધને સ્પષ્ટ કર્યું. વેણુ અધરે ધર્યો છે, તો તે અધર-સુધારસ જાણતો હશે ? માણતો હશે ? “વેણુ” તો પુલ્લિંગ છે ! સર્વાભોગ્યા-અધરસુધા માણવાનો હક્ક તો "गोपिकानां"- ગોપીજનનો છે. ભગવાન્ તો ગોપીજનવલ્લભ છે, ગોપીજનને વશ છે ! "दामोदर" માને વશ થઈ દોરડે બંધાયા ! ગોપીજનને વશ થયા, સ્નેહમાં બંધાઈને ! તેનો રસ પુરુષને ન મળે, તો વેણુને કઈ રીતે મળ્યો ? આધિદૈવિક રૂપે હશે ? ધર્મથી સઘળાં ફળ મળે, એ વૈદિકસિદ્ધાન્ત છે, તો આ વેણુએ કયો ધર્મ કર્યો હશે ?! સર્વધર્મ તો વેદમાં કહેલો છે. શ્રુતિરૂપા તો આપણે ગોપીજન છીએ. આપણાથી અજાણ્યો કયો ધર્મ હશે ? ! વેણુને મળેલું ફલ તો સમજાય, સાધન સમજાતું નથી ! વિષય અને મુક્તિનો આનંદ જેનાથી તુચ્છ લાગે તેવો વેણુ છે ! ભગવાન્ તો ગોપીજનવશ છે. ગોપીજનની કૃપાથી ભગવદ્રસાસ્વાદ મળે. લોભાત્મક અધર છે. સ્વતઃ રસ ન આપે. સુધાનો સ્વાદ રસનાથી જણાય. વેણુને જીભ તો છે નહિ ! વાણી વનસ્પતિમાં છે, "सैषा वाग्वनस्पतिषु वदति ।"- શ્રુતિ છે, તો સ્વાદ માણતો હશે ? નાદ તો માણે છે, રસાસ્વાદ ભગવાન્ દેતા હશે ? "भुङ्क्ते स्वयम्"- ગોપિકાની જેમ સ્વયં ભોગ કરે છે !

અરે, તેની તો વિશેષતા પણ છે ! તેના પીતાં વધેલો રસ આ તરુઓ અને નદીઓ પણ માણે છે ! તરુ તેના પિતારૂપ અને નદી માતારૂપ છે. ભક્તપુત્ર હોય તો, મા-બાપ પણ તરી જાય ! તેમને રસપાનથી હૃદય આનંદથી ભરાઈ જતાં રોમાંચ થાય છે, "ह्रदिनी" તો હ્રદરૂપ હૃદયવાળી છે. સહૃદયને સ્નેહસંવેદન થાય. તે કમલ રૂપે દેખાય છે, નહિ તો શેવાળ થાય, કમલ નહિ ! આ શોભાથી રસપાન સમજાય છે. વૃક્ષોમાં પણ ફલરૂપ રોમાંચ અને મધુધારારૂપ અશ્રુપાત દેખાય છે. આ બંને તેમની સ્વાભાવિકતાથી નથી. વેણુનાદ પછી તરત જ આ દેખાય છે. સત્પુરુષોને ભગવદ્ભાવ થતાં અશ્રુપાત-રોમાંચ વગેરે થાય છે, તેથી તરુ અને નદીરૂપ મા-બાપ વધેલો રસ પીતાં લાગે છે ! અહીં તો બધું

અલૌકિક છે, યુક્તિથી તેનો નિર્ણય ન થાય ! વેણુ દ્વારા નદી, લતા, વૃક્ષો વગેરેને પણ દેવભોગ્યા સુધાનો સંબંધ છે, નહિ તો ત્યાં લીલા ન થાય. ભક્તવશ ભગવાન્ ભક્તમનોરથ પૂરવા સર્વ કાંઇ કરે છે. આમાં વેણુવાદન કહ્યું. વ્રજભક્તોમાં સુધાપ્રવેશથી તે ભગવદીયકામ પ્રકટ કરે છે !

દેવકીસુતનાં ચરણકમલથી શોભા-પ્રાપ્ત-વૃન્દાવન ભૂમિની કીર્તિ વધારે છે :

ભગવાનનાં ચરણનો મહિમા તો સર્વશ્રુતિ જાણે છે. દેવોના પગ પૃથ્વીને સ્પર્શે નહિ, ઉત્તમ દેવોના તો ન જ સ્પર્શે, તેમાંય પુરુષોત્તમનાં તો સ્પર્શે જ ક્યાંથી ? પુરુષોત્તમના અંશરૂપ પુરુષ છે. પૃથ્વી તેમનાં આધિભૌતિક ચરણ છે, આધ્યાત્મિક અતીન્દ્રિય છે, આધિદૈવિક આનન્દરૂપ છે. તે બેનો ભૂમિને સંબંધ નથી ! આ પુરુષોત્તમ લોકવેદપ્રથિત છે. ભૂમિમાં પણ દૈત્યની અને તેમાંય સ્ત્રીસંબંધવાળી વૃન્દાવન-ભૂમિમાં પુરુષોત્તમના ચરણો સ્પર્શે છે ! અભિનંદનીય છે. વૃન્દાવનની શ્રેષ્ઠતા છે. લોક-વેદથી પર (અતીત) શુદ્ધપુષ્ટિમાર્ગીય લીલાસામગ્રી બીજે ક્યાંય પ્રસિદ્ધ નથી ! તે લીલા કરનાર પુરુષોત્તમ પણ લોક-વેદાતીત છે ! અન્વય-વ્યતિરેકથી આ લીલા અહીં જ છે. જ્યાં શુદ્ધપુષ્ટિલીલા હોય ત્યાં જ આ ચરણલીલા હોય ! મહાવન (બૃહદ્વન) માં પણ ''प्रेक्षन्त्य उज्झितगृहा...।'', ''व्रजस्त्रीणां–चिक्रीडे जनयन् मुदम् ।''- વગેરેમાં આવી લીલા છે. કાલિની ફણાઓ પર, નૃત્યમાં આ ચરણનું પ્રાકટ્ય નથી ! ત્યાં પુષ્ટિલીલામાં અંગીકાર નથી, સ્તુતિ પણ તેવી છે. લીલામાં જ્યાં પુષ્ટિમાર્ગીય ભક્તિમાર્ગ પ્રકટ હોય, ત્યાં જ આ ચરણનો આવિર્ભાવ છે. લીલાથી જ તે સમજાય. આ તો લોકવેદાતીત પુરુષોત્તમના વૃન્દાવનવિહાર કરતાં ચરણો છે ! નિઃસાધનનાં ફલરૂપ છે. અભિનંદન તેના સ્પર્શથી વૃન્દાવનભૂમિને છે ! શ્રીગોપીજનનો તેમાં ઉત્કટભાવ ગૂઢ છે. પોતાનું હૃદય પણ ભૂમિરૂપ છે, પ્રભુ પાદસ્પર્શ હૃદયે કેમ નહિ દેતા હોય ? ! સ્ત્રીસુલભ ઈર્ષ્યાભાવ છે ! ''सखि''-સંબોધને સંમતિ સાધી, આવાં બહુ નથી, તેથી એકવચન છે. વ્યાપિવૈકુણ્ઠમાં તો પ્રભુનાં ચરણ વિરાજે છે, આ વૃન્દાવન તો ભૂમિ પર છે ! ભૂમિની કીર્તિ વધારે છે ! ધન્ય ભૂમિ જ્યાં વૃન્દાવન છે !

ભગવાનની નિત્ય (પ્રકટ) સ્થિતિ ન માનનાર (સમજનાર)-નાં આ વચન છે. પ્રભુ વિરાજે, છતાં પ્રકટ ન થાય ! ચરણ તો આધિદૈવિક છે, નિત્ય છે, નિત્ય રહેશે, દર્શન ક્યાંક જ કરાવશે - લીલા યોગ્યને ! ભગવાન્ તો સ્વતન્ત્ર છે. વૃન્દાવનનું સામર્થ્ય નથી, કે તે ચરણ-સ્પર્શ કરાવે ! ભક્તિથી તે સર્વત્ર સંભવે ! ધન્યતા તો તે છે કે વૃન્દાવનભૂમિએ દેવકીજીના પુત્રનાં ચરણકમલનાં ધ્વજ, વજ્ર વગેરે ચિહ્નોથી શોભા પ્રાપ્ત કરી છે ! તે તો સૌભાગ્યરૂપ છે. જાણે પૃથ્વીદેવીના શરીરમાં વૃન્દાવન લલાટ ! અને કૃષ્ણચરણચિહ્ન લલિત સૌભાગ્યતિલક ! પ્રભુ દેવકીજીમાં માત્ર પ્રકટ થયા છે, પોતાના ઉપર જરૂર કૃપા કરશે ! એક સ્ત્રી પર કરી, તો અનેક ઉપર કરશે ! પોતે તો નન્દગોપ-સંબંધી છે, સ્વેચ્છાનુસાર સુખ મળશે. પુષ્ટિમાર્ગમાં તો (ગોપીજન વગેરે) સ્ત્રીઓની મુખ્યતા છે. ભક્તિમાર્ગમાં ચરણ મુખ્ય છે. તેમાંય આ તો ચરણકમલ ! કમલ તાપ હરે, આ સંસારના સર્વસંતાપ હરે. વૃન્દાવનની ભૂમિમાં તેનાં ચિહ્નોની શોભા છે. ચરણની છાપ આર્દ્રભૂમિ પર રહે. ભૂમિ ચરણરૂપ બને, ચરણસેવા કરવા લક્ષ્મીજી ત્યાં નિત્ય વિરાજે ! વૃન્દાવનને તો લક્ષ્મીલાભ પણ છે ! કીર્તિ આથી વધે છે. અરે ! ભક્તિ અને જ્ઞાન પણ ત્યાં દેખાય છે ! ગોવિન્દ-ભગવાન્ વેણુનાદ કરે છે. જાણે શ્યામમેઘ મધુર ગર્જતો હોય તેમ લાગે છે ! સાંભળતા મયૂરો મત્ત બને છે, નાચી ઊઠે છે ! ભગવાનના વેણુનાદથી

દેહદશા ભુલાય, આનંદવિભોર થઈ જવાય, નાચી ઉઠાય, એ તો ભક્તિનો ઉદ્રેક છે. આવા ભક્ત-મયૂર વૃન્દાવનમાં છે! આવું મયૂરનૃત્ય જોઈને, પર્વતનાં શિખરો ઉપર સૌ પ્રાણીઓ મૌન થઈ ગયાં. ભક્તિના જ્ઞાનથી મૌન થવું તે જ્ઞાનનું લક્ષણ છે! મોર ભક્ત છે! અને સૌ જ્ઞાની! જ્ઞાનનું ફલ ઊર્ધ્વગમન છે. જમીન પર નીચે રહેતાં સૌ પોતાનાં સ્થાન છોડીને, પર્વતશિખરે ચઢીને, નૃત્ય નિહાળે છે. ઊર્ધ્વગમન (ઊંચે જવું તે) અનાયાસે થઈ ગયું! આમાં ચરણ-વિહાર-મહિમા કહ્યો!

આટલું જ કર્તવ્ય છે - પ્રાણીઓનું અને પ્રભુનું! - પરસ્પર - પ્રેમાવલોકન!:
ઈશ્વરને મૂઢ પૂજે તે - ઐશ્વર્ય!:

છ શ્લોકમાં છ પ્રકારે વેણુવર્ણન આરંભ્યું, ગુણગરિમા ગણાવી. "**धन्यास्तु मूढमतयोऽपि हरिण्य एताः.....।**"- ધન્ય તો મૂઢમતિવાળી આ હરિણીઓ છે! જ્ઞાન ક્રિયામાં વિશિષ્ટતા દેનારું છે, ક્રિયાની ઉત્તમતા પૂજામાં છે. પૂજા પ્રભુની થાય, ભગવાન્ સંતોષ પામે તેવું કર્મ થાય, તે તો સર્વોત્તમતા છે. તેમાં (પ્રભુની ઈચ્છાનુસાર - પ્રિય થાય તેમ - વસ્તુ દેવાની સમજ) ભગવજ્જ્ઞાન અને સ્વજ્ઞાન (ભગવાનને યોગ્ય પોતાની ઉત્તમ વસ્તુની સમજ) અંગરૂપ છે. પ્રભુ પ્રસન્ન થાય તેમ સઘળું કરવું જોઈએ. તે વિના સઘળું વ્યર્થ છે. ક્યાંય પણ આમ જ્ઞાનપૂર્વક પૂજા હોય તો તે ઉત્તમ છે! દેશ-કાલ પ્રમાણે, પ્રભુને પ્રિય વસ્તુઓ દેવામાં આવે તે જ્ઞાનપૂર્વક પૂજા છે. પ્રભુને મૃગાક્ષી ગોપીજન પ્રિય છે. હરિણીનાં નયન તેવાં છે. તેણે તે સમજીને નેત્રમાં પ્રેમ દર્શાવીને પ્રભુનું પૂજન કર્યું, તેથી ધન્ય છે, આ મૃગલીઓને!- શ્રુતિસિદ્ધ ભગવત્સ્વરૂપ તેમણે તો જાણ્યું નથી, છતાં તેમનામાં દોષ નથી! તેમની મતિ તો મૂઢ છે! ભગવાન્ ગૂઢ છે, છતાં રતિ પ્રભુમાં થઈ! ગતિ કરતી નિકટમાં ગઈ! નંદનંદનને જોયા. વેણુરવ સાંભળ્યો. "**पूजां दधुर्विरचितां प्रणयावलोकैः ।**"- ભગવાને પણ પ્રેમથી સામે જોયું! મૃગાક્ષી પ્રિયજન યાદ આવ્યાં, પ્રણયાવલોકને પૂજન કર્યું! હરિણીએ હેતથી હૈયે ધર્યું! ભક્તોનો ઉદ્ધાર કરવા તો પ્રભુ પધાર્યા છે. આનો પણ ઉદ્ધાર થશે. સર્વરસનો અનુભવ કરાવે તેવો વિચિત્રવેષ ધર્યો છે! સમીપમાં રસાભિનય માટે વેષ સ્વીકારે છે. હીન હરિણીમાં પણ હરિ બ્રહ્માનંદનો પ્રવેશ કરાવે છે! વેષ બદલતાં સ્પષ્ટ સ્વરૂપદર્શન થાય, સ્વરૂપાનન્દ મળે! વેષ સાથે દર્શનથી ધર્મસહિતનો આનંદ મળે. સેવામાં ભગવાનનો શૃંગાર એકાંતમાં થાય, અતિકૃપાપાત્રને જ પાસે રખાય.

વેણુરણિત (અવાજ) સાંભળવાથી માત્ર સંવેદન હરિણીને થયું. પશુમાં વિશેષ સમજ તો ક્યાંથી હોય? પ્રત્યક્ષ દેખે તોય શું સમજે? રસ બહારથી ચાલ્યો ન જાય, તેવો વિશિષ્ટ અવાજ "રણિત" છે! તે પાસે જઈને સાંભળે છે. દેહધર્મ દૂર થયા છે! સાથે "**कृष्णसाराः**"- કાળીઆર-મૃગો પણ છે! કૃષ્ણ જ જેનો સાર છે, બાકીનું નિઃસાર છે, તે,- કૃષ્ણસાર! ગોવાળો તો તેવા નથી. પોતે સાથે જઈ શકતાં નથી. ગોપો તો અભિમાન-સારવાળા-છે. ધન્ય છે, કૃષ્ણસારને! સ્નેહપૂર્વકના પ્રણયાવલોકનથી પ્રભુનું પૂજન કરી રહ્યાં છે! નેત્ર જ્ઞાનાંગ છે. તેનાથી સ્નેહપૂર્વક થતી પૂજા શ્રેષ્ઠ છે. તેનું ધારણ અતિશ્રેષ્ઠ છે. ભક્તો અને ભગવાન્ પરસ્પર પ્રેમપૂર્વક અવલોકન કરે છે! "**एतावदेव कर्तव्यं प्राणीनां भगवतश्च ।**"- આટલું જ કર્તવ્ય છે, પ્રાણીનું અને પ્રભુનું! પુષ્ટિમાર્ગના આચાર્ય વિના પ્રભુનું પણ કર્તવ્ય કોણ બતાવે? "**गावश्च...।**"- સુધીનું વર્ણન અન્યપૂર્વા કરે છે. હરિણી અને હરિના

હેતનું વર્ણન કરતાં, પોતાની દશાથી દુ:ખ થયું, દીનતા ખૂબ થઈ. લીલાની સામગ્રી-સહિત પાસે પ્રભુ પ્રકટ થઈ ગયા ! તેથી હરિણીને સામે જોતાં "આ" - "**एताः**"- કહ્યું છે ! ભગવાનના ઐશ્વર્યગુણનું આમાં નિરૂપણ છે. લોકમાં મૂઢમતિવાળાં પણ ઈશ્વરનું પૂજન કરે, ત્યારે ઉપાધિ વગરનું (સ્વાભાવિક) ઐશ્વર્ય બુદ્ધિમાનો માને ! બુદ્ધિવાળાં તો સ્વાર્થ સમજીને સમર્થને સેવે, સાનુકૂલ બને. બુદ્ધિ વગરનાં તો સ્વાર્થ ન સમજે, છતાં વશ થાય, સ્નેહ કરે, આદર કરે, તે ઐશ્વર્ય-સૂચક છે. ઐશ્વર્યનાં સાધન હોય તો સામાન્ય પણ પુજાય. તેવાં સાધન વગર પૂજન તો સ્વાભાવિક ઐશ્વર્યવાળાનું થાય ! ઐશ્વર્યસાધન ન હોય તો પણ જ્ઞાની પ્રભુને પૂજે, મૂઢ પૂજે તે પરમ-ઐશ્વર્ય છે. તે પ્રભુમાં છે !

દેવ - સ્ત્રીઓ મોહ પામે તે - વીર્ય ! :

અપ્સરાઓએ સદાનન્દ કૃષ્ણને દિવ્યદૃષ્ટિથી જોયા. સ્ત્રીઓના ઉદ્ધાર માટે પ્રભુ પધાર્યા છે ! કૃષ્ણે જ ગીતામાં-"**स्त्रियो वैश्यास्तथाशूद्रास्तेऽपियान्ति परां गतिम्।**"- તેવી વેદથી સ્વતંત્ર વાત કહી ! સ્ત્રી, વૈશ્ય, શૂદ્રનો ઉદ્ધાર પોતાના આશ્રયથી કહી દીધો છે. આનંદ મળે તો પણ આનંદનાં સાધનની અપેક્ષા ન રહે, તો સ્વયં સદાનન્દ મળે પછી ? ! વેષ-ભૂષણ-દેહ વગેરેમાં આસક્તિ ક્યાંથી રહે ? કેરીનો રસ મળે તો કેરી ઘોળવામાં રસ કોને રહે ? "**वनितोत्सवचारुवेषं**" – વનિતાઓને વિવિધ ઉત્સવ કરાવે તેવો સુંદર વેષ શ્યામનો છે ! ઉત્સવમાં વિવિધ વેષભૂષા પણ સ્ત્રીઓને જ પ્રિય લાગે ને ? "**वनं यौवनमिताः प्राप्ताः प्राप्तवत्यः वनिताः ।**" "**प्राप्ताः**"- સર્વસ્વ છોડીને, પુરુષોત્તમની પ્રાપ્તિ માટે વનમાં ગયેલા ભગવદીયો ! તેમના ઉત્સવ માટે ચારુવેષ પ્રભુએ ધર્યો છે ! આમાં સ્ત્રીઓનો પણ સમાવેશ થઈ શકે, છતાં સ્ત્રીઓની મુખ્યતા પ્રકરણમાં છે, તેથી પુરુષોનો સમાવેશ ન થાય, તેથી "**प्राप्तवत्यः**"- શ્રીમહાપ્રભુજીએ સ્પષ્ટ જુદું કહ્યું ! વેષ- ધારણથી પુરુષમાં ભાવ પ્રકટે છે, સ્ત્રીઓનો ભાવ ઉત્કટ થાય છે. યૌવનમાં પણ "**यु**"- મિશ્રણના અર્થમાં છે. "**यौ-मिश्रणार्थं वनं यौवनम् ।**" યૌવન-મિશ્રણ-મિલન કરાવનારું છે. પ્રભુ પોતાના પ્રિયજનો માટે ચારુવેષ ધરે છે ! ભક્તો ભગવાનની પ્રસન્નતા માટે વસ્ત્ર, અલંકારાદિ ધરે છે. પ્રભુનું પીતામ્બર, પ્રિયાજીનું નીલામ્બર આવો સાનુકૂલ-વેષ છે ! પ્રભુપ્રિય સૌ નરનારી વેષ પ્રમાણે રસ અનુભવે છે, કૃતાર્થ બને છે ! અનેક આભૂષણ-વેષભૂષા ધરવા છતાં, તેમાં પ્રભુ-સંબંધી આનંદ ન હોય તો સઘળું વ્યર્થ છે. માત્ર લોકપ્રસંગોથી થતી શરીરશોભા તો વધારે વિમુખ બનાવે છે. બહારનાં સોના-વગેરેનાં આભરણો શરીરની શોભા વધારે છે. અંતરનાં આભૂષણ તો જ્ઞાન-ભક્તિ વગેરે છે !

અપ્સરાઓ શણગાર સજીને આવ્યાં. કૃષ્ણના રણકતા વેણુનું એક જ વિચિત્ર-ગીત સાંભળ્યું ! સર્વરસ તેમાં અનુભવાયા ! મૂર્છિત થઈ ગયાં! શૃંગારમાં સર્વરસ સમાય છે. આ તો વિમાનમાં વિહરનારાં છે, લૌકિક નથી; છતાં વિવેક વિસરી ગયાં. મન મુગ્ધ થઈ ગયું. મોહ સર્વાંગ વ્યાપી ગયો. કેશપાશ છૂટ્યો. પુષ્પ વિખરાયાં. કટિબંધ છૂટ્યા. આલોક-પરલોકની અપેક્ષા ન રહી. ફલરૂપ કૃષ્ણ જોયાને ! અમર છે, મર્યાં નહિ ! પ્રભુપ્રાપ્તિનો ઉપાય દેખાયો નહિ ! દેવો ભગવાન્ સાથે અવતર્યા છે. તેમનાં આ સ્ત્રી છે ! એક રૂપે દેવો પ્રભુ સાથે છે; બીજા રૂપે સ્ત્રીઓ સાથે પણ છે. સ્ત્રીઓ તેમને શોધવા આવ્યાં છે. પ્રભુને જોયા. પતિને ભૂલ્યાં ! સ્પૃહા પ્રભુપ્રાપ્તિની થઈ. પ્રભુના-પરાક્રમનું (વીર્યનું) આ નિરૂપણ છે. લોકોથી દેવ ઉત્તમ ગણાય, તેમાં તેમની સ્ત્રી વધારે ચતુર ! સમર્થ પતિ પાસે હોવા છતાં,

મનુષ્ય રૂપ જેવા પ્રભુની સ્પૃહા થઈ, પ્રભુએ તેમને માટે પ્રયાસ નથી કર્યો, છતાં સાધારણ-સ્ત્રીની જેમ તેમને મોહ થયો ! આ વીર્યસૂચક છે. ભયથી તેઓ હમણાં પ્રભુ-દર્શન માટે જ નથી આવ્યાં. ઈન્દ્રાભિષેક પછી આવ્યાં "व्योमयानवनिता....।"- માં કહ્યું છે.

મૂઢ પશુઓની (ખાવામાંની) પ્રત્યક્ષાસક્તિ દૂર કરી દે તે - યશ ! :

ગાયો વનમાં વેણુનાદ સાંભળે છે. તેમની પણ તેવી સ્થિતિ થઈ ગઈ. દેવસ્ત્રીઓને મોહ થયો, રસપાન તો નથી મળ્યું ! ગાયો પ્રભુને પ્રિય છે, રસપાન માણે છે ! કૃષ્ણમુખમાંથી નીકળતું વેણુગીત સાંભળ્યું. તે તો અમૃતરૂપ છે, બીજાથી વિલક્ષણ છે, તરત સ્વતઃ ઓળખાય છે. સદાનન્દનું ગાન છે. તેમનું સુખ તો વાણીના સ્વામીરૂપ છે ! આધિદૈવિકરૂપ તો કાર્ય સામર્થ્ય દે છે. તેમાંથી વાણી વહે છે, વહાવતો વેણુ સર્વ ભુલાવી દે તેવો છે. તેના ગીતમાં ઐશ્વર્યાદિ છએ ગુણો પણ છે. ગાયનું પશુપણું, અનુભવમાં અવરોધક ન રહ્યું ! સ્પષ્ટ અનુભવ થયો, તેથી તો "कृष्णमुखनिर्गतवेणुगीतपीयूषं"- કહ્યું છે; નહિ તો "कृष्णगीतपीयूषं"- કહે ! આ પીયૂષપાન જતું કેમ કરાય ? વેણુની પરંપરાથી મળતું પાન આવું હોય તો સાક્ષાત્ પાન કેવું હોય ? સાક્ષાત્પાનમાં તો મુખ અગ્નિરૂપ હોવાથી તાપભાવ પણ દે, આ તો પરંપરાથી મળે, આનંદ જ દે ! ઉત્કટ તાપભાવ ન દે, સ્વલ્પ દે ! ગાયોના કાન ઊંચા થઈ ગયા, સ્થિર રહ્યા. કૃષ્ણગાન જ ઊંચા કાને સાંભળે છે. પ્રતિક્ષણ નૂતન અલૌકિક - કાન પ્રભુ દઈ રહ્યા છે ! "कर्णपुटैः"- બહુવચન છે ને ! આ અમૃતપાન માટે તો કાન મળ્યા છે ! પડીઆ જેવા છે. ભરાઈ જાય તો ? રસ છલકાય ને ! નૂતનરસનો અનુભવ છે, નૂતનકાન જાણે તેથી થઈ રહ્યા છે ! વાછરડાં દૂધ પીતાં હતાં. "शावाः"- હરણ-વગેરેનાં નાનાં બચ્ચાં પણ હતાં. પયઃપાન કરતાં પીયૂષપાન મધુરું લાગ્યું ! પયઃપાન અધૂરું રહ્યું. દૂધના ઘૂંટ ગળામાં અટક્યા ! મોંમાંથી બહાર રેલાયા. મગ્ન તે પણ થઈ ગયાં ! ગાયો પણ સ્થિર થઈ ગઈ છે. આંસુ આંખમાં ઉભરાય છે. બાહ્યસંવેદન નથી ! આંસુથી આંખે ઝાંખ છે, દેખાતું નથી. "गोविन्दमात्मनि दशाश्रुकला स्पृशन्त्यः ।"- ગોવિન્દ સ્વયં હૃદયમાં પધાર્યા છે ! સુખસ્પર્શ તેમનો માણે છે. ગોવિન્દ તો ગાયોના ઈન્દ્ર છે ને ! કૃપા વરસાવે છે. ભગવાનના યશઃનું આ નિરૂપણ છે. સમજુ તો સાંભળે. અત્યંત મૂઢ છે, - ગાય વગેરે પ્રાણી, તેમની પ્રત્યક્ષ આસક્તિ હોય, - પેટ ભરવામાં, ભટકયા કરે. અહીં તો, મુખમાં દૂધના ઘૂંટ છે, છતાં ગળે ઉતારવાની પણ ઈચ્છા કે મન ન થયાં. પ્રત્યક્ષ આસક્તિ ગઈ, કૃષ્ણભક્તિ થઈ. સમજુ લોકો તો કલ્યાણ માટે ભોજન છોડે, ઉપવાસાદિ કરે. આ તો મૂઢ છે. ભગવાને વેણુગીતથી કૃપા કરી. સ્વધર્મ તેમનામાં યોજ્યો આ યશઃ છે !

સેવકોની તાદશતા શ્રીગુણ છે ! :

પક્ષીઓ પણ પ્રભુનું વેણુગીત સાંભળે છે. હરિણીની જેમ સત્સંગ કે ગાયોની જેમ કૃપાથી સ્વતઃ જ્ઞાન, ન હોવા છતાં રસમગ્ન બને છે ! નિર્ગુણ ગોપી, નન્દજીએ આણેલી કુમારિકા, સ્નેહથી આ સમજાવે છે. યશોદાજીને સ્નેહથી સંબોધે છે. "अम्ब" - "મા !" - આ વનમાં પક્ષીઓ પ્રાયઃ મુનિયો છે. મુનિ છતાં પક્ષી થયા ! સારું કર્યું તેમણે ! મુનિ મનનશીલ હોય. તેમણે પ્રભુનું પ્રાકટ્ય જાણ્યું. વૃન્દાવનમાં (આવ્યા.) પક્ષી થયા. "कृष्णेक्षणाः"- કૃષ્ણ માટે જ તેમનો ઉલ્લાસ છે, કૃષ્ણમાં જ દૃષ્ટિ છે. ક્ષણ પણ કૃષ્ણ વિના જાય, તે ગમતું નથી ! મનોહર કૂંપળોવાળી વૃક્ષની ડાળીએ બેઠાં

છે. કૃષ્ણનાં દર્શન કરતાં મધુર વેણુગીત સાંભળે છે. વેણુનાદ થયો ન હતો, ત્યારે માત્ર દર્શન કરતાં હતાં. નાદ થતાં શ્રવણ અને દર્શનનો લાભ લીધો ! વેણુ બજાવતા પ્રભુ દૂર પધાર્યા. પોતે સાથે જાય તો ઊડવાનો અવાજ થાય, રસભંગ થાય. પોતાની જગાએ જ બેસી રહ્યાં. અવ્યક્ત મધુર વેણુગીત માણતાં રહ્યાં. નાદબ્રહ્માત્મક વેણુ પણ અવ્યક્ત મધુર છે. તેમાંથી મળતો રસ પણ મધુર છે. વેદશાખા શી વૃક્ષશાખા છે ! પડવા કે મરવાની ત્યાં શંકા નથી. પ્રભુ દૂર ગયા. દર્શન ન થયાં. મનની ટેવ હતી. આંખો બંધ કરી. મૌન રહ્યાં. સંતો તો ભગવાનનાં સંબંધ વગરનો શબ્દ પણ ન બોલે ! આ નિત્ય સ્વભાવસિદ્ધ છે, તેથી **''विगतान्यवाचः''**- સ્પષ્ટ કહ્યું.

હૃદયમાં સંતો સદા રસ માણે છે ! આ નાદ તો અલૌકિક અને દુર્લભ છે, નહિ તો મુનિયો મગ્ન ન થાય ! મનોહર કૂંપળો ડાળીએ છે. આંખ ખુલ્લી હોય તો દેખાય, ખાવાની લાલચ લાગે. મોં ખુલ્લું હોય તો ખવાય, બોલાય, કોલાહલ થઈ જાય ! આંખ અને મોં લૌકિક-વિષયોમાં બંધ રાખે, લૌકિક-દશ્યો, વૃથાસ્વાદ અને વૃથાવાદથી દૂર રહે, તેને ભગવદ્રસમાં રુચિ રહે. ભગવદ્રસ માણે તેને પ્રલોભન કે ભય ચલિત કરી ન શકે, જીવન લલિત બને - ફલિત બને ! આમાં ભગવાનના શ્રીગુણનું નિરૂપણ છે. સ્વામીના તાદશ સેવક હોય તે શ્રીની શ્રેષ્ઠતા છે ! શ્રુતિમાં - **''अनश्ननन्योऽभिचाकशीति ।''**- ભગવાનને ભોગ વગર પ્રકાશતા કહ્યા છે. અહીં મુનિયો ફલ ખાતા નથી. સાંભળતાં શોભે છે. આ સમાનતા એ શ્રીગુણ છે ! **''यदा खलु वै पुरुषः श्रियमश्नुते वीणास्मै वाद्यते ।''**- એ શ્રુતિ છે. તે પ્રમાણે ભગવદીય-પક્ષીઓને પણ મધુરનાદ-સેવનથી પરમશ્રીની પ્રાપ્તિ છે. પ્રભુ નીચે ઊભા રહીને વેણુ બજાવે છે. પક્ષી વૃક્ષડાળે - ઊંચે - બેસીને સાંભળે છે. મધુરનાદનો આસ્વાદ શ્રી-સૂચક છે. સેવકોમાં શ્રીગુણ સ્વામીના શ્રેષ્ઠ શ્રીગુણને ઓળખાવે છે. આ શ્રીગુણ છે.

સ્વભાવ - વિજય જ્ઞાન - ગુણ છે ! :

વેણુનાદની અસર થઈ. સરિતાનો સ્વભાવ સરવાનો ! નદી વહ્યા કરે ! વેણુનાદ થયો. મુનિયોને કૃપા મળી, વેણુનાદથી રસતત્ત્વ જાણ્યું. તે નિર્ણય કરીને, પોતે પણ કૃતાર્થ બને, તેવો અભિલાષ નદીને થયો. મોક્ષદાતા મુકુન્દનું ગીત સાંભળ્યું. પાણીમાં ઘૂમરીઓ વળવા માંડી ! જાણે મૂર્ચ્છાથી ચક્કર થયાં ! **''मनोभवमग्नवेगाः''**- અભિલાષ ઉત્કટ થયો. વિવેકે વેગથી વહેતાં અટક્યાં. પ્રભુ પાસે દોડયાં નથી, સ્વાભાવિક ગતિ થઈ, આલિંગન માટે સ્થિર થયા. તરંગરૂપ હાથ લંબાવ્યા. પોતાના હૃદયરૂપ કમલ લીધાં. પ્રભુનાં ચરણે ધર્યાં. પ્રસાદ રૂપે પોતે લીધાં. તરંગ સાથે કમલ પાછાં આવ્યાં. નદી પણ દેવતારૂપ છે. પ્રભુ મુરારિ છે. મુર જલના દોષરૂપ-અવિધારૂપ-છે. પ્રભુ તેને દૂર કરે છે. મુરારિના ચરણસ્પર્શથી નદીને અવિધા (નિરુપયોગિતા) નાશનો આનંદ થયો ! ભગવદુપયોગી થવાયું ! સરિતાનો સરવાનો સ્વભાવ-અટક્યો, સ્વભાવવિજય વેણુનાદથી થયો ! આમાં ભગવાનનો જ્ઞાનગુણ નદીમાં સમજાયો. સ્વભાવવિજય થાય તે જ્ઞાનનો ઉત્કર્ષ છે. ભગવાનનો જ્ઞાનગુણ તે સમજાવે છે. વ્રજમાં નદી શ્રીયમુનાજી છે. લીલાનુકૂલ સ્વરૂપ છે. સૌનો સ્વભાવવિજય કરાવનારાં છે. તેમના સ્વભાવથી સૌ જલાશયો પણ વ્રજમાં લીલાપયોગી થયાં, તેમ સમજાય.

હરિના પણ હરિ તો સેવકો છે, - વૈરાગ્ય ગુણ છે ! :

મેઘે મેઘશ્યામને જોયા ! શરદના તાપમાં પ્રભુ ફરે છે, વેણુવાદન કરે છે, સાથે શીતલતામાં

રહેવા ટેવાયેલાં વ્રજપશુઓ છે ! તે ધર્મરૂપ છે. રક્ષક ગોવાળો છે. તે દેવરૂપ છે. રતિપ્રદ રામ પણ છે. તે વેદરૂપ છે. વેણુનાદથી પ્રભુ સૌનાં આધિદૈવિક રૂપોનું ઉદ્દીપન કરે છે ! જ્ઞાન-ક્રિયા-સર્વશક્તિયો સાથે વિહાર કરે છે; ત્યારે છાયા કરવી જોઈએ. સેવાનો અભિલાષ થયો. સ્નેહથી વેણુનાદ-શ્રવણ કર્યો. સ્નેહસમૃદ્ધ બન્યો. સખ્ય સુધી પહોંચ્યો ! મેઘ સ્થૂલ થયો - વધ્યો. મેઘશ્યામના મસ્તકે આવ્યો. પોતે છત્રરૂપ બન્યો. ઈચ્છાનુસાર રૂપ તે ધરે ! સૌને છાયા કરી. જલબિંદુ-વર્ષારૂપ પુષ્પવૃષ્ટિ પ્રભુ પર કરવા લાગ્યો. સર્વસ્વસમર્પણ અને આત્મનિવેદન થયું ! સ્વરૂપથી સમાન તો હતો, સ્વભાવથી પણ થયો ! સેવા સ્નેહથી કરી, બુદ્ધિપૂર્વક- કોઈ હેતુ માટે - નહિ ! પ્રભુના પ્રેમમાં પ્રમોદપૂર્ણ થયો. જન્મથી જ જીવનભર ભાવવૃદ્ધિ પામે, તો અંતે આત્મનિવેદન સહજ રૂપે થઈ જાય ! મેઘે આત્મરૂપ-જલ-નિવેદન કરી લીધું. "**कुसुमावलिभिः**"- પુષ્પમાલિકાઓ તો વ્રજમાં માલણ રૂપે પધારેલાં લક્ષ્મીજીની સેવા છે ! આ લક્ષ્મીજી સાથેના લીલાવિહારો સૂચવે છે. તેવા સમયે મેઘ મિત્ર હોવાથી છાયા કરે છે ! પોતાના સર્વસ્વનિવેદનથી પ્રભુચરણમાં પ્રીતિ છે. હરિ સૌનાં દુ:ખ હરે છે. હરિનાં દુ:ખ-શ્રમ વગેરે ! આત્મનિવેદન કરનારા-સેવાપરાયણ-ભક્તો હરે છે ! તે હરિના પણ હરિ છે ! શીતકાલમાં ગદલ-અંગિઠી-ઉષ્ણસામગ્રી-હરિને ધરે. હરિને શીતથી થતો શ્રમ હરે ! ઉનાળામાં શીતસામગ્રી-ચંદન વગેરે ધરે. ઉષ્માથી તો હરિનો શ્રમ હરે ! ભક્તિથી જ આ સંભવે, સેવકને ઉચિત સેવા થાય. આ વૈરાગ્યની ઉત્કટતા સૂચવે છે. પ્રભુમાંનો વૈરાગ્ય ભક્તમાં દેખાય છે, તેથી ભગવાનનો વૈરાગ્યગુણ સમજાય છે. પોતે સુખમાં કે ભોગમાં સ્પૃહા પણ ન રાખતાં, મોક્ષાદિની પણ ઈચ્છા વગર, પ્રભુનું સુખ વધારે છે. આમાં ભગવાનના વૈરાગ્ય-ગુણનું નિરૂપણ છે. સર્વત્ર અનાસક્તિ-સામાન્યવૈરાગ્ય છે. ત્યાગ સાથે આસક્તિ ઉત્તમ છે. પ્રભુચરણ-રતિથી અનાસક્તિ ભક્તિમાર્ગીય વૈરાગ્ય છે. સર્વસ્વ-સમર્પણયુક્ત રતિ ઉત્તમ છે. સેવા, પુષ્ટિમાર્ગીય વૈરાગ્ય છે ! પ્રેમપૂર્ણ સેવા ઉત્તમ છે. ભગવાનને સુખ થાય તેમ દેશકાલ પ્રમાણે સેવા થાય.

સર્વહીન પુલિન્દીજીની પણ પૂર્ણતા ! : પ્રભુનો સ્વચ્છન્દ - પાદવિહાર ! :

પૂર્ણપ્રભુ પાસે હતા. તેના પદપ્રભાવથી પુલિન્દીઓ પણ પૂર્ણ થઈ ગયાં ! શ્રુતિ એક જ પૂર્ણનો- બ્રહ્મનો-પરિચય કરાવે. ભાગવતજીમાં "**पूर्णाः पुलिन्द्य**"- કહીને પૂર્ણપ્રભુના પ્રસંગે અનેક પુલિન્દી (ભીલજાતિની સ્ત્રી) ઓને પણ પૂર્ણ કહી દીધાં ! ભક્તિ ભગવાનની કરે તે પૂર્ણ બને ! પૂર્ણપ્રભુનું પ્રિય કરે, પ્રિય બને, તે પણ પૂર્ણ બને ! મનોરથ પૂર્ણ તેના થાય. પુલિન્દી પ્રભુનાં પાદપદ્મના પરાગ- સંબંધે પૂર્ણ થયાં ! સેવોપયોગી-દેહ, અલૌકિક-સામર્થ્ય, પ્રભુસંયોગ ત્રણ સેવાફલ તેમને મળ્યા ! સાક્ષાત્ ચરણરજ:-સંબંધે પૂર્ણ થયાં ! સાધનારૂપ ફલ થયું. સર્વપ્રમાણસિદ્ધ, સર્વગુણપૂર્ણ, પ્રભુને પુલિન્દીએ જોયા. લક્ષ્મીજી પણ પ્રભુચરણમાં અનુરાગપૂર્ણ થઈને વર્યાં છે. તેમનાં સંબંધવાળું દિવ્યકુંકુમ ભગવાનનાં ચરણે લાગેલું છે, અથવા ઘાસથી કુંકુમ ચોંટેલું છે; કે ભગવાનના શ્રીહસ્તમાંથી કુંકુમ- સહિત ઘાસ નીચે પડે છે, અથવા ચરણેથી કુંકુમ ઘાસને લાગે છે ! તે જોતાં, અથવા ભગવદ્વિહારોને જોતાં, પુલિન્દીને પણ તીવ્ર સ્પૃહા થઈ ! ચોંટેલું ચંદન લીધું, મુખે અને હૃદયે લગાવ્યું, તેથી તો લક્ષ્મીપ્રવેશ થયો ! લક્ષ્મીસમાન સૌભાગ્યસુખ-લાભ લાધ્યો. અભિલાષ પૂર્ણ થયો. સંતોષ મળ્યો. મનઃપીડા ગઈ. પુલિન્દી પૂર્ણ થયાં ! અલૌકિક આ ભગવાનની કથા છે.

પુલિન્દીજીને સત્સંગ - સેવા દેતા હરિદાસવર્ય - શ્રીગિરિરાજજી છે ! : પ્રભુના સ્વચ્છન્દ - પાદવિહાર ! :

નિર્ગુણ ગોપીજને આનું કારણ કહ્યું,- "**हन्तायमद्रिरबला हरिदासवर्यो यद्रामकृष्णचरणस्पर्शप्रमोदः ।**"- ભગવદ્-ભક્તના સંગથી ભગવાન્ મળે - ફળે ! પુલિન્દીને સત્સંગ મળ્યો છે, - "હરિદાસવર્યનો !" પ્રહ્‌લાદ, યુધિષ્ઠિર, ઉદ્ધવજી વગેરે "હરિદાસ" છે. શ્રીગિરિરાજજી (ગોવર્ધનપર્વત) તો "હરિદાસવર્ય" છે ! રામ-કૃષ્ણના ચરણસ્પર્શ-માત્રથી તેમને અત્યંત હર્ષ થાય છે ! ભક્તિમાર્ગ (ભગવદ્‌ભાવ)ના સ્પર્શમાત્રથી પણ, આનંદવિભોર બને તે શ્રેષ્ઠભક્ત છે ! ગોવર્ધનજી ગુણાતીત છે. પોતે તેમનો સંગ કરવા ત્યાં ન જઈ શક્યાં, લાભ લઈ ન શક્યાં, તેનો ખેદ "**हन्त**"- થી કહ્યો. અશક્તિ "**अबला**"- થી કહી. વ્રજમાં સર્વસમૃદ્ધિ છે, પણ ગુણાતીત ગોવર્ધન ! પોતે નિર્ધન ! છતાં ગોધન સાથે પધારેલા પ્રભુનો સત્કાર સાદર સ્નેહથી કરે છે ! ગાય, ગોપ, રામ અને શ્યામનું આતિથ્ય સદ્‌ગૃહસ્થની જેમ કરે છે ! પાણી અને સુંદર ઘાસ ગાયોને દે છે. પાથરવા, બેસવા માટે ઘાસ અને કંદરા (ગુફા) દે છે. વરસાદમાં પણ વિશ્રામ દે છે. ભોજન માટે કન્દમૂલ દે છે. કંદ શેકીને ખવાય. મૂલ હોય તેમ ખવાય. તૃણ - આસન, ભૂમિ - કન્દરાદિ, જલ અને વાણી - કન્દાદિ રૂપ છે. સત્પુરુષો આ ચારથી હમેશાં અતિથિને આદરથી સત્કારે છે. શ્રીગિરિરાજજી અનેક પ્રકારે આતિથ્ય કરે છે, સામગ્રી દે છે, - પોતાનું દાસત્વ છે માટે, શ્રેષ્ઠત્વ માટે નહિ ! પોતે (ગોપીજન) તો પ્રભુ માખણ વગેરે ખાય તો બૂમો પાડે ! આ ગિરિરાજજી તો પ્રેમથી આરોગાવે છે ! તેથી પોતે (શ્રીગોપીજન) અપૂર્ણ છે ! શ્રીગિરિરાજજીના સંગથી પુલિન્દીઓ સેવા કરીને પૂર્ણ થઈ ગયાં ! ઉત્થાપન સમયે કંદરામાં પોઢેલા ભગવાનને, મેવાનો ભોગ પુલિન્દીઓ દ્વારા શ્રીગિરિરાજજી આરોગાવે છે. ભક્ત પર્વતરાજ ઈચ્છાનુસાર રૂપ ધરીને પ્રેરે છે. પુલિન્દીઓ પ્રેમથી પીરસે છે. તે સમયે કુંકુમલાભથી પૂર્ણ થયાં છે !

સેવા તો ભગવદીયોના સંગથી શિખાય. અજ્ઞાનીને પણ ભગવદીયો સ્નેહથી શીખવીને વિજ્ઞ બનાવી દે છે. સેવા પોતે કરીને સુખ માણે તે - "હરિદાસ !" સ્નેહથી સેવા શીખવીને, સુખનો અનુભવ સામાન્યને પણ કરાવે તે - "હરિદાસવર્ય !" "**ते वै विदन्त्यतितरन्ति च देवमायां स्त्रीशूद्रहूणशबरा अपि पापजीवाः । यद्यद्भुतक्रमपरायणशीलशिक्षास्तीर्यग्जना अपि किमु श्रुतधारणा ये ॥**"- ભગવાનના ચરણની સેવામાં રત સત્પુરુષોના સ્વભાવથી શિક્ષા પ્રાપ્ત કરેલા (સેવા શીખેલાં) સ્ત્રી, શૂદ્ર, હૂણ, શબર વગેરે પાપીજીવો - દીનજનો - પણ ભગવાનની માયાને તો જાણે છે, સંપૂર્ણ રીતે (મોહ પામ્યા વિના) તરી જાય છે, તો સાંભળીને સમજી શકે તેવાઓ તો જાણે અને તરે, તેમાં આશ્ચર્ય શું ?! "**मानं करोति सहगोगणयोस्तयोर्यत् ।**"- માં પહેલાં ગાય-ગોપ, પછી રામ અને કૃષ્ણ કહેલા છે ! ભગવાન્ કરતાં ભગવદીયને અધિક-પ્રથમમાન હરિદાસવર્યે દીધું છે ! પોતાની ભક્તિ કરતાં પણ, પોતાના ભક્તોની ભક્તિ કરવાથી ભગવાન્ ખૂબ પ્રસન્ન થાય ! ભગવાનનાં સ્વચ્છન્દ વિહરતાં ચરણોનો આ મહિમા છે.

સર્વરસ - ભોક્તા ભગવાનનો વિરુદ્ધ - ધર્માશ્રય ! :

પોતે-ગોપીજન-તો સજાતીય છે, સુયોગ્ય છે. તેમને બદલે આ પુલિન્દી અને પર્વત પર આ કૃપા કેમ થઈ ? પુલિન્દીને લક્ષ્મીસમાન સૌભાગ્ય દીધું ! પર્વતનાં કંદમૂલનો અંગીકાર કર્યો ! ભગવાનની લીલા જ વિપરીત જ છે ! પ્રભુ પોતે કાંઈ કરતાં નથી, છતાં ગતિવાળાં ગાય વગેરે સ્થિર

થઈ જાય છે ! સ્થિર તરુઓને પુલક થાય છે, ગતિ થાય છે ! તેમ પોતે યોગ્ય છતાં અયોગ્ય અને પુલન્દી અયોગ્ય છતાં યોગ્ય થયાં ! ગોવાળો સાથે ભગવાન્ ગાયોને એક વનમાંથી બીજા વનમાં લઈ જાય છે. સ્વાભાવિક ઉદાર વેણુનિનાદ કરે છે. સ્વભક્તોને પણ સંદેશ દે છે. મધુર, અવ્યક્ત તેના શબ્દો છે. ગાયો અને પોતે ચરણ ચલાવતાં સર્વત્ર શુદ્ધિ કરે છે. ભક્તોનાં ધર્મ અને શુદ્ધિ વનમાં પણ આવે છે. વનરાજિ પણ વેણુનાદ માણે છે, પુલક તેમને થાય છે !

દોહનસમયે પ્રભુ પધારે છે. પ્રેમથી પોતાનું દૂધ દેવા માટે ગાયો મૌન - સ્થિર થઈ ગઈ છે ! પ્રભુને શ્રમ ન થાયને ! તેથી પ્રભુનો મધુરધ્વનિ-યુક્ત પદરવ થાય છે. નૂપુર ગુંજે છે ! ત્યાં દર્શનાભિલાષે "सख्यः"- થી સંમતિ લીધી ! ભગવાનના ખભે દોહનનાં દોરડાં છે. રાત્રિયોગ્ય વેશ ધર્યો છે. તે જોતાં બંધાવાના ડરથી જંગમ સ્થિર થઈ ગયાં ! દૂધ તો પ્રભુના દોહનથી મળ્યું. સ્થાવરમાંથી મધુધારા સ્વતઃ થઈ ! સ્વરૂપસંબંધી સઘળું - પ્રમેયમર્યાદા દૂર કરીને, સ્વરૂપ-આનંદદાયક છે. શ્રીગોપીજન પણ રોમાંચ- સ્નેહસ્વેદ-અનુભવે છે, સ્તબ્ધતા અને કંપ પણ થાય છે ! ગોરસ માટે ગાયોની જેમ પોતાને પણ બાંધે નહિ ! ભયથી સ્વતઃ દે છે. વિરુદ્ધધર્માનુભવ થાય છે. ભગવાનનો આ વિરુદ્ધધર્માશ્રય કહીને નિર્દોષતા બતાવી, કારણરૂપ બ્રહ્મના વિરુદ્ધધર્માશ્રયથી કાર્યરૂપ વસ્તુમાત્રમાં ગુણ-દોષરૂપ વિરોધ હોય છે. આવા સર્વરસભોક્તા ભગવાન્ વૃન્દાવનમાં વિલસે છે !

અનંત લીલાઓ છે - ભગવાનની !

આ તો લીલાનો એક પ્રકાર કહ્યો. "एवंविधा"- આવા તો કરોડો પ્રકારો કૃષ્ણલીલાના છે. ભગવાન્ અને ગુણના મિશ્રણથી કરોડો પ્રકાર થાય. મર્યાદામાં તે મર્યાદિત હોય. આ તો વૃન્દાવનવિહારી ભગવાન્ છે, ત્યાં મર્યાદા નથી, પુષ્ટિ છે, પરિણામે અસંખ્ય પ્રકાર છે ! વર્ણન કરતાં શ્રીગોપીજન- "क्रीडास्तन्मयतां ययुः ।"- લીલામય થઈ ગયાં ! જાગતાં, સૂતાં, સ્વપ્નમાં પણ લીલાનું જ દર્શન કરતાં, સંસાર પ્રાપ્ત થયો જ નથી, ભગવાન્ અને લીલા પ્રાપ્ત થયાં છે ! અવિદ્યાનાં પાંચે પર્વ પ્રભુ કૃપાથી દૂર કરે, હૃદયમાં પ્રભુની પ્રાપ્તિ થાય, ભગવાન્ સુધાદાન કરે, કૃષ્ણમાં દૃઢ-આસક્તિ સ્થિર થાય !

અધ્યાય : ૨૨

કૃતાર્થ કરે છે - કૃષ્ણ વ્યસન !

हेमन्ते प्रथमे मासि नन्दव्रजकुमारिकाः ।
चेरुर्हविष्यं भुञ्जानाः कात्यायन्यर्चनव्रतम् ॥ (१)

પ્રેમ અને આસક્તિરૂપ નિરોધ પ્રમાણ-પ્રમેય-પ્રકરણમાં કહ્યો. વ્યસનરૂપ નિરોધ આ પ્રકરણમાં કહે છે. આ છે, - સાધનપ્રકરણ ! તેમાં શાસ્ત્રમાં કહેલાં જપ, તપઃ વગેરે સાધનની કથા નથી. અવિહિત-સ્વતંત્ર-પ્રેમની પ્રગાઢતાથી સ્ફુરેલાં સાધન ભક્તોએ કર્યાં છે ! તેવાં સાધનરૂપ પણ ભગવાન્ કૃષ્ણ પોતે જ છે ! ભક્તમનોરથ પૂરા કરવા ભગવાન્ પોતે તેમાં સાધન રૂપ બને છે ! ભક્તોને તેથી ભગવાનમાં વ્યસન થાય છે. વ્યસનીને જેમ વ્યસનની વસ્તુ વિના ન રહેવાય, તેમ આવા ભક્તો ભગવાન્ વિના રહી શકતા નથી. દેહના વિચારો તથા દેહાદિ સર્વસંકોચ છોડીને, પ્રભુ-

પ્રાપ્તિ માટે જ બને તે લૌકિક-વૈદિક પ્રયત્નો કરે, તે વ્યસની ગણાય. આ યત્ન સાધનરૂપ છે. "यदा स्याद् व्यसनं कृष्णे कृतार्थः स्यात्तदैव हि ।" સર્વવ્યસન વિપત્તિ વધારે. કૃષ્ણવ્યસન કૃતાર્થ કરે! બ્રહ્માનન્દાનુભવ- વૈકુણ્ઠ-દર્શનલાભરૂપ ગૌણફલ સુધી આ પ્રકરણમાં તેની કથા છે. મુખ્યફલ તો રાસમાં છે.

પુષ્ટિ - સાધન - માર્ગની સ્વતંત્ર - વિદ્યા : (જ્ઞાન વિદ્યાપંચક :)

બ્રહ્માનન્દનો અનુભવ વિદ્યાથી થાય, મર્યાદા-સાધનમાર્ગમાં વૈરાગ્ય-સાંખ્ય-યોગ-તપઃ અને ભક્તિ એ પાંચ વિદ્યાપર્વ છે. અહીં, પુષ્ટિ-સાધનમાર્ગમાં-સ્વતંત્રવિદ્યા-બતાવી છે. (૧) સાક્ષાત્ સંભવ ન હોય તો પરંપરાથી પણ ભગવાનની જ સેવા કરવી. દેહ-ઈન્દ્રિય વગેરેનો વિનિયોગ પ્રભુ માટે જ કરવો, સ્વાર્થ માટે નહિ. આ વાત બાવીસમા અધ્યાયમાં છે. કાત્યાયની દ્વારા કુમારિકાઓએ કૃષ્ણભજન જ કર્યું. ભગવાને, વૃક્ષદૃષ્ટાંતથી ગોપોને, પ્રભુ પ્રસન્ન થાય તેમ સર્વસ્વનો વિનિયોગ કરવા સમજાવ્યું. (૨) દેહનિર્વાહ માટે, ભૂખતરસરૂપ પ્રાણાદિ - ધર્મનિવૃત્તિ માટે, સ્વતઃ સંભવ હોવા છતાં, પ્રભુને વિનંતી કરવી, અન્યને નહિ. પ્રભુ લોકમાં અલૌકિક કરતા નથી, - ભગવદ્ભાવ કેવલ કૃપાથી મળે, શાસ્ત્રીય-સાધનથી પણ નહિ ! આ તેવીસમા અધ્યાયમાં દેખાય છે. ગોવાળોએ ભૂખ શમાવવા કૃષ્ણને કહ્યું. ભગવાને લોકરીતે માગવા મોકલ્યા. અલૌકિક ઉપાય ન કર્યો ! ભગવાને નિઃસાધન યજ્ઞપત્ની પર કૃપા કરી, ભક્તિ દીધી, યજ્ઞ કરતા વિદ્વાન્ વિપ્રોને નહિ ! (૩) પરંપરાથી ચાલ્યું આવતું હોવા છતાં ભગવાન્ વિના અન્યનું ભજન ન કરવું. ભગવદિચ્છા ઓળખીને પણ તેવો ધર્મ છોડવો. ચોવીસમા અધ્યાયમાં નન્દજીએ પરંપરાગત ઈન્દ્રયાગ પણ છોડ્યો છે. (૪) સાનુકૂલ કે પ્રતિકૂલ સઘળી પરિસ્થિતિમાં હરિ જ સેવવા યોગ્ય છે. ભગવાન્ અક્લિષ્ટકર્મા છે. સ્વકીયજનોની રક્ષા પોતે કરે જ છે. પચીસમા અધ્યાયમાં ગોપો ઈન્દ્રવૃષ્ટિથી બચવા શરણે આવ્યા. ભગવાને ગિરિરાજ ધારણ કર્યો, ભક્તોની રક્ષા કરી. (૫) માહાત્મ્ય-જ્ઞાનપૂર્વક પ્રભુમાં પ્રીતિ કરવી. ભક્તોને સર્વશ્રેષ્ઠ જાણવા. છવ્વીસમા અધ્યાયમાં નન્દજીએ ગર્ગનાં વાક્યો કહ્યાં, ગોપોને તેથી કૃષ્ણનો મહિમા સમજાયો, પરમપ્રીતિ પ્રભુમાં થઈ. ભક્તની અધિકતા સમજાઈ. નન્દજીનું પૂજન કર્યું. આ પછી ઈન્દ્ર પ્રભુ પાસે આવ્યો. ભગવાનનો સુરભિએ "ગોવિન્દ" - પદાભિષેક કર્યો. આ કથા સત્તાવીસમા અધ્યાયમાં કહી છે. નન્દજીને વરુણદર્શન થયું. ભગવાનનો મહિમા દૃઢ સમજાયો. વૈકુણ્ઠદર્શનની સ્વરૂપયોગ્યતા થઈ, અઠ્ઠાવીસમા અધ્યાયમાં ભગવાને આ કૃપા કરી, ગોપોને અહીં જ વૈકુણ્ઠ પ્રકટ કરી, દર્શન દઈ, બ્રહ્માનન્દનો અનુભવ દીધો. ગૌણફલ થયું. પુનઃ રાસલીલા રૂપ પ્રકટ પરમાનન્દના અનુભવ માટે સૌને પાછા ગોકુલમાં લાવ્યા.

(કર્મ) - વિદ્યા - પંચક :

અવિદ્યા અને તેના કાર્ય (સંસાર)નો સંબંધ - આ લીલામાં રહેલા ભક્તોને નથી. પ્રમાણ-મર્યાદાનુસાર અહીં પણ, જ્ઞાન-કર્મરૂપ વિદ્યાસંબંધ બતાવ્યો છે. પંચાગ્નિવિદ્યા અને અગ્નિહોત્ર, દર્શપૂર્ણમાસ, પશુ, ચાતુર્માસ્ય અને સોમ - આ પાંચ કર્મ (યજ્ઞ) રૂપ, તેમ જ્ઞાન-કર્મ પંચાત્મક કહ્યાં છે; તેમ અહીં પણ જ્ઞાન-કર્મ પંચવિધ કહ્યાં છે. જ્ઞાન પહેલાં વિદ્યાપંચક રૂપે બતાવ્યું. કર્મ પણ તેવું બતાવેલું છે. (૧) કૃષ્ણકામનાથી પરંપરા વડે પ્રભુસેવનરૂપ કાત્યાયની પૂજનકર્મ કુમારિકાઓએ કર્યું.-

અધ્યાય : ૨૨. (૨) ભૂખ્યા ગોવાળોએ પ્રભુને વિનવવારૂપ કરેલું કર્મ - અધ્યાય : ૨૩ (૩) નન્દજીએ પરંપરાગત ઈન્દ્રયાગ છોડીને ગોવર્ધનયાગ કર્યો તે કર્મ - અધ્યાય : ૨૪. (૪) ઈન્દ્રવૃષ્ટિથી વ્યાકુલ વ્રજવાસીઓએ કરેલું કૃષ્ણની શરણાગતિરૂપ કર્મ - અધ્યાય : ૨૫. (૫) નન્દનાં વાક્યોથી, માહાત્મ્ય-જ્ઞાનપૂર્વક સ્નેહથી, ગોપોએ કરેલું નન્દપૂજન-કર્મ - અધ્યાય : ૨૬. અહીં, કુમારિકાઓ અને ગોપોનો નિરોધ સમાન છે; તેથી બંનેની કથા બાવીસમા અધ્યાયમાં છે. તેમાં કુમારિકાઓએ કાત્યાયની-પૂજન કર્યું. લોકાનુસારિ-કર્મરૂપ વિધા છે. લોકમાં પ્રિયની પ્રાપ્તિ દૂતિકા દ્વારા દેખાય છે. દૂતીને દ્રવ્યાદિથી સંતોષાય છે. તેમ અહીં કાત્યાયનીવ્રત છે. તે અલૌકિક હોવાથી અલૌકિક પ્રકાર છે. તેમાં કર્તા-દેશ-દ્રવ્ય-કાલ-મંત્ર એ પાંચ કર્મનાં અંગ કહ્યાં છે. ભગવાન્ માટે ભગવાનની જ સેવા થાય, તે ભગવચ્છાસ્ત્રની મર્યાદા છે. ગોપોને ભગવાને વૃક્ષોના દૃષ્ટાન્તથી ઉપદેશ આપ્યો. આ જ્ઞાનરૂપ વિધા છે. તેમાં ઉપદેશ માત્ર છે, ગોપોનું તેવું આચરણ કહ્યું નથી. તેમાં ભક્તિ-ધર્મ-અર્થ-કામ-મોક્ષરૂપ પાંચ પર્વ પણ કહ્યાં છે.

વ્રતની કઠિનતાના અનુભવથી કૃષ્ણમાં સ્નેહ સુદઢ થાય,- આ ભાવવિશેષ સંસ્કાર છે, રાસયોગ્યતા છે ! અન્યપૂર્વા - અનન્યપૂર્વા - શ્રીગોપીજન !

કૃષ્ણકામનાથી કુમારિકાઓએ કાત્યાયની-વ્રત કર્યું. તેમાં લૌકિકભાવ છે; પછી તે લૌકિકભાવ છોડી ભગવદાજ્ઞાનુસાર સઘળું કર્યું. પરિણામે પ્રભુ પ્રસન્ન થયા. કુમારિકાઓના સંબંધીઓમાં આથી મત્સર (અસૂયા) ન આવે માટે ભગવાને વૃક્ષની પ્રશંસા કરી, જ્ઞાન દીધું, છતાં ભૂખ શાન્ત ન થઈ. પ્રાર્થના પ્રભુને કરી. પ્રભુ વિના રહી ન શકે તે બીજા કોને વિનવે ? વ્યસનવાળા-ભક્તો સઘળા લૌકિકકાર્યમાં પણ ભગવાન્ ઉપર જ આધાર રાખે છે. ભગવાન્ ભક્ત-મનોરથ-પૂરક છે. વ્યસનવાળા ભક્તોનું લૌકિક-વૈદિક સઘળું પ્રભુ પ્રસન્ન થાય તે માટે જ હોય ! કુમારિકાઓના વ્રત રૂપે તેવાં લૌકિકકાર્ય કરનારાઓની કથા કહી છે. શ્રીગોપીજનને ભગવાનની લીલામાં પરમ આસક્તિ છે. ભગવાનનું ગાન કરતાં તેમાં તન્મય થઈ ગયાં છે. વેણુનાદનું તે વશીકરણ છે. વશ થયેલાં ગોપીજન બે પ્રકારનાં છે, - અન્યપૂર્વા અને અનન્યપૂર્વા ! અન્યપૂર્વા - શ્રુતિરૂપા. તેમના સંસ્કાર થઈ ગયા છે. સ્ત્રીઓને વિવાહમાં મંત્ર દ્વારા મુખ્ય સંસ્કાર થાય છે, તેથી આ લોક-પરલોકમાં ફલ દેનારાં વૈદિકકર્મમાં અધિકાર મળે છે. ભક્તોને તો આવાં ફલની ઈચ્છા પણ ન હોય. તેમને તો ભગવાન્ જ ફલરૂપ છે. પ્રભુ સાથે સંબંધ થાય તેવો ધર્મ જ તેમને સંસ્કારરૂપ છે. રસરૂપ ભગવાનના રસાનુકૂલ સંબંધ માટે, ભગવાને તેમને મંત્રોના અભિમાની દેવોરૂપ ગોપો સાથે વિવાહ કરાવ્યો છે. રસશાસ્ત્રની મર્યાદા પ્રમાણે તેમાં વિશેષ રસાનુભવ થાય છે, - પરકીયાભાવ થાય છે ! તેમને તો યથાસમય ભજનાનન્દ જ અપેક્ષિત છે. શ્રુતિ અને દેવોરૂપ ગોપી-ગોપ પ્રભુનાં જ અનન્ય છે. શ્રુતિ બ્રહ્મવર્ણન કરે છે, દેવ સાથે સંબંધિત નથી. તેમ ગોપીજન ભગવદનુકૂલ છે. ગોપ સાથે સંબંધ નથી. અનન્યપૂર્વા-ઋષિરૂપા કુમારિકા છે. રસશાસ્ત્રાનુકૂલ સ્વકીયાભાવ તેમાં છે ! તેમને સંસ્કાર થયા નથી. ભગવાન્ તેમના સંસ્કાર કરવા આ લીલા કરે છે ! સફલતા સહેલાઈથી મળે તેમાં આનંદ શો ? વ્રતની કઠિનતા અનુભવે, પછી કૃષ્ણ મળે તો સ્નેહ સુદૃઢ થાય. તેવો વિશેષભાવ પણ એક પ્રકારનો સંસ્કાર છે ! સંસ્કારથી તો શોભા વધે. આ પ્રસંગમાં અનેક વિધ આવી ભાવવિશેષતાઓના પરિણામે રાસવિહાર-યોગ્યતા

મળી, તેથી તે સંસ્કારરૂપ છે. આ તો રસમર્યાદા છે !

નન્દજી આ કુમારિકાઓ તો રાજાને દેવા માટે લાવ્યા છે. છે તો તે દંડકારણ્યના ૧૬000 ઋષિયો ! ભગવત્સ્વરૂપાનન્દના અનુભવ માટે કુમારિકારૂપ થયા છે. નન્દજી પોતાને બીજે દઈ ન દે, પ્રભુ પોતાના પર પ્રસન્ન થાય, - પ્રાપ્ત થાય ! તેથી તેમણે વ્રત આરંભ્યું. ઋષિ છે ને ! શરદમાં તેમની વૃત્તિ સ્થિર થઈ. તેનું વર્ણન શ્રીશુકે કર્યું. હેમંતમાં પ્રભુપ્રસન્નતા માટે તેમની પ્રવૃત્તિ થઈ. ઋષિયો હોવા છતાં તેમણે ઘર વગેરેનો ત્યાગ કર્યો નથી ! "यदहरेव विरजेतदहरेव प्रव्रजेत् ।"- "જે દિવસે જ વૈરાગ્ય થાય તે દિવસે જ ત્યાગ કરવો." - તે શ્રુતિમાં પ્રાવ્રાજિકાશ્રમ-મર્યાદામાં રાગ ન રહેતાં - ત્યાગ કહ્યો છે. ભક્તિમાર્ગ તો તેથી ભિન્ન છે. સર્વ વ્રજભક્તોને તો વિષયાદિમાં રાગ નથી, તેમને તો ઘરમાં જ ભગવાન્ વિરાજે છે ! ભગવાન્ માટે ઘર વગેરેનો ત્યાગ કરવાનો રહ્યો નથી. ઘરમાં રહીને જ પ્રભુપ્રાપ્તિનો સાનુકૂલ પ્રયત્ન કરવાનો છે. જેમ જેમ ભગવદ્ભાવ વધે તેમ તેમ બાહ્યસાધનો છૂટે, હૃદયનાં (સાધનો) વધે ! લૌકિક-વૈદિક સઘળું સ્નેહની સ્વાભાવિક્તાથી જ છૂટી જાય. બુદ્ધિપૂર્વક કાંઈ છોડવું ન પડે ! પ્રિય પ્રભુની પ્રસન્નતા અને પ્રાપ્તિ માટે તો દુસ્ત્યજ દેહ અને અંતઃકરણના ધર્મો પણ છૂટી જાય. ફલલાભમાં પણ ભગવદિચ્છા હોય ત્યારે ત્યાગ થાય. પ્રભુ પ્રસન્ન ન થાય તેવો ત્યાગ કામનો કેટલો ? સાધનદશામાં ત્યાગ યોગ્ય નથી. આ કુમારિકાઓને તો વ્રતફલમાં પણ, રાસયોગ્યતાના તે સંસ્કારરૂપ હોવાથી, સાધનદશા જ છે ! ફલરૂપ ભજનાનંદ મળશે તેવો નિર્ણય વ્રતના અંતે થયો; લાભ તો પછી થયો, તેથી વ્રજમાં પાછાં ગયાં. આમ, પ્રભુપ્રાપ્તિ માટે ઋષિરૂપા કુમારિકાઓની આ વ્રતપ્રવૃત્તિ છે.

કુમારિકાઓનું કાત્યાયની-વ્રત !

હેમંત પાંચમી ઋતુ. પાંચમો પુરુષાર્થ ભક્તિ ! તે લોભે હેમંતમાં સૌ વ્રતમાં સંમત થયાં. તેમાં પહેલો માસ માગશર. "मासानां मार्गशीर्षोऽहम् ।"- વિભૂતિ તે ભગવાન્ કૃષ્ણની ! કૃષ્ણકૃપા તેમાં સુલભ થાયને ! વિભૂતિ દ્વારા અનુભૂતિ મળેને ! અર્ચન આરંભ્યું કાત્યાયનીનું ! વ્રજમાં પ્રસિદ્ધ તે વ્રત. ભગવાન્ કૃષ્ણની આધિદૈવિક તામસશક્તિ કાત્યાયની ! તામસભક્તોને પ્રભુપ્રાપ્તિ તે કરાવે છે. રાજસભક્તોને ભગવાનની આધિદૈવિક રાજસશક્તિ પાર્વતી પ્રભુપ્રાપ્તિ કરાવે છે. રુક્મિણીજીએ "नमस्ये त्वामम्बिकेऽभीक्ष्णं ।"- થી તેમને વંદન કર્યાં છે. સ્યમન્તકમણિ -પ્રસંગમાં "उपतस्थुर्महामायां दुर्गां कृष्णोपलब्धये । "સૌએ દુર્ગાનું આરાધન કર્યું છે. કાત્યાયની -અંબિકા-(પાર્વતી), દુર્ગા વગેરે શિવપત્ની કે શિવશક્તિ આધિભૌતિક રૂપે છે ! આધિદૈવિક રૂપે તો ભગવાન્ કૃષ્ણની શક્તિયો છે. "श्रियं लक्ष्मी गौपलामम्बिकां गाम् ।"- શ્રુતિ છે. તેમાં ઔપલા-ઉપલ-પાષાણ-પર્વત સંબંધિની-પાર્વતી છે. આ ભગવાનની શક્તિયો ગણાવેલી છે. "रासमण्डले पार्वती भगवता शिवाय दत्ता ।"- ભગવાને રાસમાં શિવને પાર્વતી દીધાં ! ભગવાનની શક્તિયોથી ભગવાન્ મળે, - તે ભક્તિમાર્ગીય રીત છે. ભગવાનની શક્તિયો ભગવાનને વશ છે. જુદા જુદા ગુણધર્મથી તેમનાં સ્વરૂપ અને નામ જુદાં જુદાં છે. આમ, અહીં આ કાત્યાયનીવ્રતમાં સ્વતંત્રદેવતાનું આરાધન નથી, અન્યાશ્રય-દોષ પણ નથી ! આધિદૈવિક સ્ત્રી રૂપે ભગવાન્ પોતે જ વિરાજે છે, તે જ કાત્યાયનીરૂપ છે ! તે સાત્ત્વિક, રાજસ, તામસ, નિર્ગુણભક્તોનાં લીલોપયોગી સ્વરૂપ સિદ્ધ કરે છે. "परास्य शक्तिर्विविधैव श्रूयते ।"- શ્રુતિ

છે. અચિન્ત્ય, અનંત, વિવિધશક્તિયો ભગવાનની છે. પ્રસાદરૂપ શક્તિયો પણ અનેક છે. તેમાં એક શક્તિ અત્યંત અંતરંગ છે. તેના સંબંધવાળા જીવને ભગવાનના સ્વરૂપાનન્દનો લાભ લાધે છે ! ભગવાને દંડકારણ્યનાં અગ્નિકુમાર ઋષિયોને અતિશુદ્ધ જોયા. ખૂબ પ્રસન્ન થયા. અદેય સ્વરૂપાનન્દ પણ દેવાની ઈચ્છા થઈ. તેનો અનુભવ તો સ્ત્રી કે પુરુષ થવા માત્રથી કોઈને ન મળે ! ભગવાને ઋષિયોને દીધો નથી ! ઉત્તમ વિપ્રસ્ત્રીઓને દીધો નથી, છતાં હીન પુલિન્દીને લાભ મળ્યો છે ! પ્રસાદશક્તિ પધરાવવાનું તે પરિણામ છે. ઋષિયોને પણ તેથી સ્ત્રીભાવ થયો ! સ્ત્રીત્વલક્ષણરૂપા તે શક્તિ છે. ભગવદિચ્છાથી ઋષિયોને તેને અનુરૂપ દેહ મળ્યો, કુમારિકા રૂપે થયા ! આ પ્રસાદરૂપ શક્તિનું આરાધન ફલલાભ માટે તેમણે આરંભ્યું. તેમનો આ ભગવદ્ભાવ જ છે. દંડકારણ્યમાં દર્શનથી હૃદયમાં પધારેલા પ્રભુએ આ રૂપ દીધું છે, તેથી તે લીલાવિહાર માટે બહાર પ્રકટ થાય તેવો અભિલાષ છે. અમૃતદાનદક્ષ પ્રભુ મોહિની રૂપે પધાર્યા. અધરામૃત-દાનદક્ષ પ્રભુ આ રૂપે પધાર્યા છે ! કાત્યાયનીની પૂજા નિત્ય કરતાં કુમારિકાઓએ માસ સુધી હવિષ્યાન્ન જ ખાધું છે. કાલિન્દીના જલમાં સ્નાન કરતાં. પતિ રૂપે પ્રભુ મળે માટે કાલિન્દીએ પણ તપઃ કર્યું છે ને ! "**जलान्ते च**"- નદીકિનારે અને ઘેર પણ, દેવીની પ્રતિમા રેતીથી બનાવીને અરુણોદય સમયે પૂજતાં. સુગંધી ચંદન-ફૂલ-ચઢાવતાં. અહિંસક બલિ દેતાં. ધૂપ-દીપ કરતાં. નૈવેધ ધરતાં. પત્ર-ફલ તાંબુલ ધરતાં. ઋષિ હોવાથી મન્ત્ર સ્ફુર્યો,-

कात्यायनि महाभागे महायोगिन्यधीश्वरी
नन्दगोपसुतं देवि पतिं मे कुरु ते नमः
इति मन्त्रं जपन्त्यस्ताः पूजां चक्रुः कुमारिकाः ॥ (४½)

તેની દેવતા પણ પ્રત્યક્ષ થઈ, - "**ते**"થી સ્પષ્ટ છે. "**कायं त्याजयतीति कात्या संहारिका शक्तिस्तस्या आधिदैविकं रूपं कात्यायनी ।**" પહેલાં ભગવાન્ મળ્યા નથી, તેમાં દુર્ભાગ્ય જ પ્રતિબંધ હોવું જોઈએ. આ દુર્ભાગ્ય તો ભગવત્સ્વરૂપ-દર્શન ન થવા દેતા યોગમાયાના અંશોરૂપ છે. તે દૂર કરવા આ જ સમર્થ છે. કાત્યાયનીના ત્રણે ગુણ, - (૧) મહાભાગા - ભગવાને સ્વયં તેને દાસ્ય દીધું છે, - આજ્ઞા કરી છે. યશોદામાં પુત્રી રૂપે જન્મ દીધો છે, તે તેનું મહાભાગ્ય છે ! તેની પ્રાર્થનાથી પ્રભુ પોતાની ઈચ્છા બદલે, અનુકૂલ પણ થાય. (૨) મહાયોગિની - ગર્ભસંકર્ષણ કરનાર મહાયોગિની ભગવાન્ સાથે યોગ કરાવે. (૩) અધીશ્વરી - ભગવાનની અંતરંગ-શક્તિ છે. તે આધિદૈવિક-પ્રતિબંધ પણ દૂર કરી શકે. ભગવાન્ નન્દગોપના પુત્ર બને, તો અમારા પતિ પણ બની શકે ! "**देवी**" અલૌકિક-રીતે પણ ઈચ્છા પૂરી કરી શકે. "નન્દગોપના પુત્રને અમારા પતિ બનાવો !" તેનો બદલો તો શો દેવાય ? "**ते नमः**"- "તમને - નમન !" ભગવાન્ તો યોગમાયાના આવરણમાં વિરાજે છે. સૌને દર્શન દેતા નથી. તું અમારા માટે આવરણરૂપ ન રહીશ ! વિવાહમાં કન્યા પધરાવતી વખતે વર સામે ધરેલું અંતરપટ દૂર કરવામાં આવે છે. તેમાં કોઈ દોષ નથી. તે પછી જ તે પતિ બને ને !

"**पत्न्यः कत्यभवन् प्रभोः...।**"- પરીક્ષિતના એ પ્રશ્નમાં પૂછાયેલ, પ્રશ્નવિષયરૂપ પ્રભુ-પત્નીઓ, - "**कात्या**" તે વચન, જેનું "**अयन**" છે - તે કાત્યાયની ! અહીં, વૈદિક "**इ**"કાર છે. પ્રભુએ જે સ્ત્રીમાં પોતાની પ્રસાદશક્તિ પધરાવી છે તે,- પત્નીરૂપ બને ! તેવી પ્રસાદશક્તિ - કાત્યાયની

ભગવદ્રૂપા છે ! તેને આ પ્રાર્થના છે. આવેશરૂપ કે અંશાવતાર સાથે પણ પોતાનો સંબંધ ન થાય, પણ માત્ર પુરુષોત્તમ-સંબંધ થાય માટે જ કુમારિકાઓએ વ્રત કર્યું છે ! "**नन्दगोपसुतं**"- તેથી સ્પષ્ટ બોલ્યાં છે. નન્દગોપના પુત્રરૂપે થવા "**नन्दगोपसुतं**"- અને "**पतिं**"- ની મધ્યમાં "**देवि**"- સંબોધન મૂક્યું છે. ગાયો ગોવાળ પ્રેરે તેમ કરે. યોગ્યતા કે અયોગ્યતાની સમજ ગોવાળને હોય, ગાયને નહિ. ગોપો ગાયોનું હિત જ કરે, તેમ ગાયોની જેમ પોતાને કાંઈ સમજ નથી, ભગવાન્ પોતે જ કૃપા કરીને અમારું હિત કરે ! "**गोपसुतं**"- છે ને ! નન્દજી-યશોદા પૂર્વાવતારમાં દ્રોણ-ધરા હતાં. બ્રહ્માજીએ દીધેલું વચન સત્ય કરવા પ્રભુ પુત્રરૂપ બન્યા. ગોવાળ સામાન્ય ગણાય, છતાં ગોપસુત થયા, તો દંડકારણ્યમાં અમને દીધેલું વચન સત્ય કરવા "પતિ" રૂપે ન બને ! આવું ફલ દેનારને વંદન વિના બીજું થાય શું ? આ તો "મહાયોગિની" છે. "**भगवता सह योगोऽस्यास्तीति योगी योगेमहत्त्वं नायिकाभावपूर्वकत्वम् ।**"- ભગવાન્ સાથે પ્રિયા રૂપે જેનો યોગ છે, તે "**महायोगिनी**" ભગવાને તેવું સ્વીકાર્યું છે, તેથી "**अधीश्वरी.**" પરિણામે પ્રભુ પણ પ્રેમપરવશ છે. સ્વવશનું દાન તો સરલ છે. તેમાં ભગવાનની કોઈ ન્યૂનતા નથી. કાત્યાયની ભગવદ્રૂપ છે, જુદી નથી ! ભગવાન્ આમ ભક્તિ-સ્નેહ-માર્ગમાં સ્વીકારે તે ભાગ્ય છે. પુષ્ટિપુષ્ટિમાં સ્વીકારે, પરવશ બને, તે તો મહાભાગ્ય છે ! આ "મહાભાગા" છે !

આ મન્ત્ર જપતાં કુમારિકાઓ મૌન રીતે કાત્યાયનીનું પૂજન કરે છે. ઉચ્ચાર ન થાય તેમ મૌન રીતે જપ કરવા ઉત્તમ છે. આમ, કુમારિકાઓએ માસ પર્યંત વ્રત કર્યું. આ સમય ગોપમાસ છે. તેમાં પ્રભુને વિવિધભોગ ધરાય છે. "**कुमार्यः कृष्णचेतसः ।**"- કૃષ્ણમાં જ રહેતું તેમનું ચિત્ત કૃષ્ણરૂપ જ છે. દૃઢસ્નેહથી, "કૃષ્ણ પતિ થશે," - તેવો નિર્ણય થયો ! પછી તેમણે બીજાની આરાધના કરી. અનેક મનોરથ મનમાં થયા કરે છે. આ સંસ્કારસિદ્ધિ છે ! આવી અનેક ભાવપરંપરાઓ તેમના સંસ્કારરૂપ છે. આ તો થયું,- ગૌણફલ ! મુખ્યફલલાભ માટે બીજે માસે પણ વ્રત કર્યું ! ભદ્રકાલીનું અર્ચન કર્યું. મનોરથ પૂરા થાય તેવો, કૃષ્ણસંબંધ કરાવતો, ભદ્રકાલ-અવસર-આવે તેવી ઈચ્છા છે. કાત્યાયનીમાં જ વિશેષ-અવસ્થા કે દેવતા ભદ્રકાલીરૂપ છે ! તેમાં બીજો મંત્ર સ્ફુર્યો. "**भूयान् नन्दसुतः पतिः ।**"- "નન્દપુત્ર પોતે જ પતિરૂપ થાવ !" આમાં ભાવના જ મુખ્ય છે, જપ નહિ, તેથી જપ કહ્યો નથી ! તેમની આવી ભાવના પણ ભગવત્પૂજારૂપ છે ! નન્દપુત્રનું પતિ થવાનું તો યોગ્ય સમયે બને, તેથી તેમાં નિમિત્તરૂપ કાલાભિમાની દેવતા-ભદ્રકાલી-(ભગવાનની શક્તિ)ને પૂજે છે. નન્દના પુત્ર તો દયાળુ છે, તેથી તેમને જ વિનવે છે, દેવીને નહિ ! અહીં સામૂહિક-પ્રાર્થના છે. રાસમાં તેથી સામૂહિક ફલ- આનંદ-પણ મળ્યો છે ! ભગવાનને હૃદયથી વરી ચૂક્યાં, ભગવાન્ પતિરૂપ થયા, હૃદયમાં પધાર્યા. કુમરિકા તદ્રૂપ બની ગયાં ! નિઃશંક થઈ ગયાં. પ્રકટ પૂજા છોડી. રોજ સવારે સૌનાં ગોત્ર-નામ-થી એકબીજાને પોકારતાં એકઠાં થતાં. એકબીજાના હાથ પકડી બાંધતાં. વચ્ચે કૃષ્ણ છે- તેવી ભાવના કરતાં ! જાણે રાસમંડલ રચ્યાં ! નિર્ભયપણે કૃષ્ણગાન કરતાં. કાલિન્દીમાં સ્નાન કરતાં. જાણે રાસમાં જલક્રીડા થઈ રહી છે ! ભગવાનનું ગાન જ તેમને તો મુખ્ય છે. સ્નાન, પાન, ગમન તો ગૌણ છે. આમ, હેમંત - નિયમ ગયો. બીજાં વ્રત પણ પૂરાં થયાં ! કાલિન્દીની કૃપાથી ત્રણ દોષ ન થયા. - (૧) પરસ્પર-કલહ, (૨) ભગવાન્ સાથે કલહ, (૩) કલિકાલ-દોષ. "**अन्वहम्**"- નિત્ય આમ ગાનાદિ કરતાં, તેથી અપ્રકટ રીતે ભગવાનની ઉપસ્થિતિ, ગાન, અન્યોન્ય-સ્પર્ધાનો અભાવ, સંઘાતનો

અભાવ, દોષનો અભાવ તેમાં સદૈવ છે.

ભગવાને સર્જેલા વિવિધ પ્રકૃતિવાળા જીવો : પૂતનામાંનાં બાલકોને પ્રભુએ પોતાનામાં લીધાં !:

આમ થતાં ભદ્રકાલ આવ્યો. કુમારિકાઓ ગાનમગ્ન હતાં. પહેરેલાં વસ્ત્ર નદીકિનારે મૂકીને આનંદરત થઈ ગયાં હતાં. સ્નાન કરતાં મૌન અને વસ્ત્ર બંને છૂટ્યાં. ક્રીડારત થયાં ! નિયમ હોવા છતાં દેહભાન ભૂલ્યાં. ચાર દોષ થયા - મર્યાદાદષ્ટિએ ! ભક્તિમાર્ગમાં તો કીર્તન માટે મૌનત્યાગ, ભક્તિમદમાં વસ્ત્રત્યાગ, ભાવોદ્રેકમાં ક્રીડા, દેહવિસ્મૃતિ-ગુણરૂપ પણ ગણાય ! દોષ દૂર કરવા કૃપાકેતન નિર્દોષ કૃષ્ણ પધાર્યા ! તે તો "**योगेश्वरेश्वरः**"- છે ! યોગેશ્વર હૃદયમાં પ્રવેશીને પણ નિર્દોષ કરી શકે છે. આ તો તેમના પણ સ્વામી છે. પ્રવેશ પણ તેમને કરવો ન પડે ! "**वयस्यैरागतः** ।"- એકલા કૃષ્ણ નથી આવ્યા, સખાઓ સાથે છે ! પૂતનામાંથી પોતાનામાં લીધેલાં ૧૬૦૦૦ બાલકો છે. તે કુમારિકાઓના આધિદૈવિકરૂપ છે, તેથી પુરુષરૂપ છે. તે વિના સ્વચ્છન્દ-લીલાયોગ્ય ન થવાય !

ભગવાને સૃષ્ટિ પ્રકટ કરી. તેમાં કેટલાક જીવો પુરુષપ્રકૃતિના અને કેટલાક સ્ત્રીપ્રકૃતિના સર્જ્યા છે. કેટલાક પશુ-પ્રકૃતિના પણ છે. શરીર ગમે તે હોય, છતાં પ્રકૃતિ જુદી હોઈ શકે છે. પુરુષાંશના પ્રવેશથી પુરુષ-પ્રકૃતિવાળા જીવો ભગવાનને ભજે છે, બીજા નહિ ! શાસ્ત્રમાં તેથી ભગવદ્ભજન કરનારનો સામાન્ય ઉલ્લેખ પુંલ્લિંગમાં દેખાય છે ! સ્ત્રીશરીર હોવા છતાં પુરુષપ્રકૃતિના જીવો પ્રભુને ભજે છે. પુરુષ-શરીર હોવા છતાં સ્ત્રી કે પશુ-પ્રકૃતિવાળા પ્રભુને ભજતા નથી. દંડકારણ્યના ઋષિયો પણ આમ પુરુષ-પ્રકૃતિવાળા ભજનરત જીવો છે. પ્રભુને તે અતિપ્રિય છે. પ્રિયનું સઘળું પ્રિય જ લાગે ! પ્રભુએ તેમના આ ભજન-ધર્મરૂપ પુરુષપણું વ્યર્થ ન થાય માટે, ઋષિરૂપા કુમારિકાઓમાં તે પધરાવવા માટે, બાલકો રૂપે પ્રકટ કર્યું. તે આધિદૈવિકરૂપ છે. શરીર-માત્રનો સંબંધ હોવા છતાં ક્વચિત્ જીવ અસુર પણ હોય, તો સેવાફલ ભગવાન્ ન પણ આપે ! આ બાલકોમાં સ્ત્રીદર્શન વગેરેથી કોઈ વિકાર ન આવે તે માટે ભગવાને અતિક્રૂર સ્ત્રી-પૂતના-નો સંબંધ તેમને પહેલાં કરાવ્યો ! કપડાંને ઊજળાં રાખવા ધોવાં પડે, ધોવામાં તો કઠિનતા જ છે ને ! પૂતનાએ "આ ભગવાન્ !" એમ શોધતાં તે બાલકો અંદર રાખ્યાં, તેથી તેમનામાં કોઈ અસુરભાવ ન આવ્યો ! પૂતનાસંબંધનો ક્લેશ તો તપોરૂપ થયો, દોષસંભવ પણ ન રહ્યો ! પોતાના નિમિત્તે તે મર્યાં, તેથી પ્રભુએ સ્વાનંદદાન માટે તેમને પોતાનામાં લઈ લીધાં ! કુમારિકાઓમાં ભગવાન્ કે પ્રસાદરૂપ શક્તિનો પ્રવેશ થયેલો જ છે. સહજ પુરુષત્વ - ભજનાનન્દ - યોગ્યતા - પણ પધરાવી; નહિ તો કામભાવ થાય, સર્વાત્મભાવ નહિ ! આ સર્વાત્મભાવથી જ લોકવેદની કોઈ અપેક્ષા વગર કુમારિકાઓએ ભગવદ્ભજન કર્યું છે. પરસ્પર સ્વચ્છન્દ-વિહારો થયા. પ્રભુ તો આવાં સાધન વિના પણ સર્વ કાંઈ કરી શકે, છતાં રસમર્યાદા રાખી છે, તેથી વિશેષ આનંદ આવે ! રાસમાં પણ "भगवानपि... रन्तुं मनश्चक्रे ।"- છે ને !

સ્વભક્તો - માટે ભગવાન્ સ્વરૂપ - મર્યાદા પણ છોડે છે ! ભગવાન્ કામદાન કરતાં જેને ભજનાનન્દ - યોગ્યતાનું બલ આપે, તેની પાસે તો ભગવાનનું બલ પણ ન ચાલે !:

"तत्र वृतः"- તે સ્થળે (કુમારિકાઓ પાસે), આવીને પ્રભુએ આ બાલકો પોતાનામાંથી પ્રકટ કર્યાં. તે સૌ ભગવાનને ઘેરી વળ્યાં. તેમણે પણ પ્રભુને વિનવ્યાં. કુમારિકાઓ પણ (જલમાં) વીંટળાઈ વળ્યાં છે. ફલરૂપ ભગવાન્ ફલ દેવા પધાર્યા છે ! દષ્ટિ દ્વારા આ બાલકોને કુમારિકાઓમાં

પધરાવીને કૃતાર્થ કરવાં છે, ભજનાનન્દની યોગ્યતા આપવી છે ! ભગવાને તેથી અંતર કરનારાં વસ્ત્ર ઉપાંડી લીધાં. લોક અને શાસ્ત્રની બધી મર્યાદાનો લોપ કદાચ આમાં લાગે. કેટલાક શ્રવણાદિ દ્વારા માહાત્મ્યજ્ઞાનપૂર્વક પ્રભુને ભજે છે. તે વૈદિક છે, - નારદ વગેરેની જેમ ! કેટલાક પુત્રત્વ વગેરે ધર્મપૂર્વક પ્રભુને ભજે છે, યશોદાજી વગેરેની જેમ ! તે લૌકિકધર્મ દ્વારા ભજે છે. પ્રભુ તેમને અનુરૂપ ફલ દે છે. શ્રીગોપીજન તો આમ ધર્મભજન કરતાં નથી. ધર્મિ-કૃષ્ણમાં જ તેમની ભાવના અતિદૃઢ છે. પ્રભુ માટે લોક-વેદ-મર્યાદા પણ છૂટી ગઈ છે. સ્વાભાવિક-લજ્જા પણ છૂટી છે ! ગીતામાં - **"ये यथा मां प्रपद्यन्ते तांस्तथैव भजाम्यहम् ।"**- વચન છે. ભગવાનને પણ તેમને માટે સર્વમર્યાદા છોડવી પડે. ભગવાને સ્વરૂપમર્યાદા પણ છોડી છે ! પ્રભુ **"आत्मारामः"** છતાં, લોકવેદાતીત રૂપે **"अरीरमत्"**- લીલાવિહાર કર્યા છે. આ પુષ્ટિલીલા છે. તેમાં આવો મર્યાદાભંગ દોષરૂપ નથી. હોળીલીલામાં પણ પ્રભુનાં વસ્ત્ર હરી, ગોપીજન તેમને સ્ત્રીરૂપ ધરાવે છે, પછી વસ્ત્ર દે છે !

શ્રીગોપીજનનાં વસ્ત્ર લઈને પ્રભુ ઝટ કદંબના ઝાડે ચઢ્યા. વૃક્ષ તો વૈષ્ણવ છે. વૈષ્ણવસંગથી કોઈ દોષ-આસુરભાવ-આવે નહિ. લીલા કરતા પ્રભુ શાસ્ત્ર પણ સમજાવે છે ! શુદ્ધ-ભગવદ્-ભાવવાળાને આવો પુરુષોત્તમ-સંબંધ મળે - ફળે. **"नीपमारुह्य सत्वरं..." "नितरां इं कामं पिबति पातीति वा नीपः ।"**- નિત્ય કામનું પાન અથવા રક્ષણ કરે તે,- નીપ ! આનાથી ભગવાને કુમારિકાઓમાં સ્વવિષયક કામ પધરાવ્યો; નહિ તો નિષ્કામ થઈ જાય ! નિષ્કામપણા કરતાં પણ કૃષ્ણકામના વિશેષ કૃતાર્થ કરે ! **"नैष्कर्म्यमप्यच्युतभाववर्जितं न शोभते ज्ञानमलं निरञ्जनम् ।"**- ભગવદ્ભાવરહિત નિષ્કામપણું અને નિરંજન જ્ઞાન પણ નકામું છે. કામરક્ષક-વૃક્ષ ઉપર પ્રભુ પધાર્યા, નિષ્કામ રહેવાય ક્યાંથી ? ભગવાને તેમના હૃદયમાંથી સહજકામ દૂર કર્યો. પોતાનો હસતા રૂપવાળો કામ પધરાવ્યો ! આ માત્ર વસ્ત્રાહરણ નથી, સાક્ષાત્ કૃષ્ણ-સંબંધમાંનો અંતરાય દૂર કર્યો છે ! લૌકિક જેવી લાગે છતાં કૃષ્ણલીલા અલૌકિક છે, કૃપાથી જ યથાર્થ સમજાય. લૌકિકકામ રડાવે - ડરાવે, ભગવદીયકામ હસાવે - નિર્ભય બનાવે ! ભગવાનની ચતુરાઈ - શીઘ્રતા જોતાં સૌ બાલકો હસી પડ્યાં. બાલકાર્ય માટે બાલકોને લાવ્યા છે. જ્ઞાનશક્તિ દેશે. તેમની હાસ્યરૂપ આધિદૈવિક-માયાએ તેમાં પ્રવેશ કર્યો. ગોપીજને બાલકોને ઓળખ્યાં નથી. પરિણામે પ્રભુએ બોલાવ્યાં, છતાં પહેલાં ન આવ્યાં, મશ્કરી માની. ભગવાને કહ્યું, **"अत्रागत्याबलाः कामं स्वं स्वं वासः प्रगृह्यताम् ।"**- "હે અબલાઓ ! અહીં આવીને ઈચ્છાનુસાર પોતે પોતાનાં વસ્ત્રો લઈ જાવ !" કામનાપૂરક કૃષ્ણ કામાનુસાર સ્વકામમય વસ્ત્ર લઈ જવા કહે છે, વાસ દઈ કૃતાર્થ કરે છે ! અત્યાર સુધી ભાવનામાત્રથી કામપૂર્તિ કરી, સઘળું કર્યું. હવે, વસ્ત્ર રૂપે ભગવદીયકામ લઈ જવા કહે છે. કામદાન અને વસ્ત્રદાન કરે છે !

કુમારિકાઓ અબલા છે. બલ વગર કૃષ્ણ ક્યાંથી મળે ? **"नायमात्मा बलहीनेन लभ्यः ।"**- શ્રુતિ છે. બલહીનને ભગવાન્ ન મળે. શરીર-ધન-બુદ્ધિ-યોગાદિ સાધનરૂપ બલવાળાને પણ ભગવાન્ ન મળે, મળતા હોય તો અસુરો અધૂરા ન હતા, ભગવાનને વશ કરીને બેસતા ! ભગવાન્ મળે છે, - અનન્ય ભક્તિથી, - પ્રગાઢ પ્રેમથી - સર્વાત્મભાવથી ! તે જ યથાર્થ બલ છે, - પ્રભુપ્રાપ્તિનું ! તે વિના સૌ નિર્બલ-અબલા-છે. આવું બલ સ્વતઃ ન મળે. કૃષ્ણ કૃપા કરીને આપે તેને મળે. **"प्रदानवदेव तदुक्तम् ।"**- એ બ્રહ્મસૂત્રમાં વ્યાસજીએ નિર્ણય કર્યો છે. - **"यमेवैषवृणुते स तेन लभ्यः ।"**- શ્રુતિ છે.

ભગવાન્ જેનું વરણ કરે, જેને પોતાનાં બનાવે, તેને તે મળે. ભગવાન્ કુમારિકાઓને બોલાવીને આ સર્વાત્મક - ભજનાન્દયોગ્યતા આપે છે. ભગવાન્ જેને આવું બલ આપે, તેની પાસે તો ભગવાનનું પણ કાંઈ બલ ન ચાલે ! તેવાં આ અબલા છે. - “**न बलं याभ्यस्ताः ।**”- સર્વત્ર ભગવાનનું બલ ચાલે, પ્રગાઢ પ્રેમભર્યા ભક્તો પાસે પ્રભુ પરાધીન છે ! “**अहं भक्तपराधीनो ।**”- સ્વચ્છન્દ-લીલાસૂચક પણ “**प्रगृह्यताम् ।**” માંનો “**प्र**” છે. તેમને કાંઈ અદેય નથી ! ભગવદ્રસ માણવાનું સામર્થ્ય ભગવાન્ દે છે ! “**स्वं स्वं**”- શબ્દ ઋષિદશામાંની સૌની કામના સૂચવે છે. પૂર્વવત્ ભાવપ્રચુર થવા ભગવાન્ કહે છે; અથવા સજાતીયભાવ લેવા કહે છે, વિજાતીય નહિ; અથવા “**स्वं**”- શબ્દથી પોતાનો ઋષિદશાનો પુંભાવ (ભજનયોગ્યતા) - “**सः**”- “તે” લઈ જવા કહે છે. સર્વાત્મભાવવાળાને જ સ્વરૂપાનન્દ દેવાય. “**वा**”- શબ્દ ક્યારેક થતા માન-ખંડિતાદિ-ભાવનો વિકલ્પ સૂચવે છે. ભગવાને સ્પષ્ટ કર્યું. “**सत्यं ब्रवाणि नो नर्म ।**”- “સાચું કહું છું. હસતો નથી !” દૈવી અને દુઃખીની મશ્કરી ન થાય, મશ્કરી મુશ્કેલીમાં મૂકે. “**तदिमे विदुः ।**”- “આ આધિદૈવિક ઋષિયો તે જાણે છે !” ભગવાને દંડકારણ્યના વરદાનની યાદમાં સાક્ષી બતાવ્યા. સાક્ષી અપેક્ષા રહિત હોય. “**एकैकशः प्रतीच्छध्वं सहैवोत...।**”- “એક એક આવીને કે સામટાં આવીને આ વસ્ત્ર લઈ જાવ !” ઈર્ષ્યા ન હોય તો એકઠાં પણ આનંદ મળે. મહાભારતમાં સતી ગાંધારીના સર્વાંગ-દષ્ટિપાતે વજ્રદેહ દુર્યોધનનો થવાની કથા છે; તેમ સદાનંદ કૃષ્ણના સર્વાંગ દષ્ટિપાતે આનંદાનુભવયોગ્ય દેહ બને !

ભગવાને સ્વભક્તોને મુક્તિ ન દીધી, રસરક્ષા માટે વસ્ત્ર દીધાં !:

ગોપીજન તો આને વિનોદ સમજ્યાં, કૌતુકભાવે હસી પડ્યાં. ભગવાને ફરી તે વાત કહી. હસતાં કુમારિકાઓ આકંઠ (ગળા સુધીના) જલમાં ઊભાં છે. ભગવાનના કોપનો ભય થયો. સંકોચ પણ થયો. બાહ્યદષ્ટિ થતાં ઠંડીમાં કંપવા લાગ્યાં. બોલ્યાં, - “આપ અન્યાય ન કરો. આપ નન્દગોપપુત્ર છો. અમે તે જાણીએ છીએ. આપ પ્રિય છો, જુદા નથી, વ્રજમાં પ્રશંસનીય છો !” “**श्यामसुन्दर ते दास्यः करवाम तवोदितम् ।**”- “શ્યામસુંદર ! આપનાં દાસી છીએ ! આપની આજ્ઞા પાળીશું. દાસ્યધર્મ કરવા તો વસ્ત્ર આપો ! ધર્મજ્ઞ ! નહિ તો નન્દજીને કહી દઈશું !” સેવાદિમાં વસ્ત્રાલંકારવાળા ભક્તોને જોતાં પ્રભુ પ્રસન્ન થાય. વસ્ત્રરહિત સેવા કેમ થાય ? ભગવાને ઉત્તર આપ્યો ! - “તમે જો મારી દાસીઓ છો, મારું કહ્યું કરશો, તો અહીં આવીને પોતાનાં વસ્ત્ર લઈ જાવ !” દાસને સ્વામિસુખ જ વિચારવાનું હોય, સ્વસુખ નહિ. આ મનની નિષ્ઠા છે. આજ્ઞાપાલનમાં તો વાક્યનિષ્ઠા છે, ન પાળવામાં તો સ્વદેહનિષ્ઠા છે, તેમાં તો ધર્મનાશ છે. શરીરને સાનુકૂલ બને તે સેવા શું કરી શકે ? શરીરનું સુખ શોધે તે તો વિમુખ બને, - દાસધર્મ છૂટે ! આ ભયાનકરસથી કુમારિકાઓ જલાશયમાંથી બહાર નીકળ્યાં. “**जलाशयात् जडाशयात्**” (ड-लના સાવર્ગ્યથી)-જડ-લૌકિક-લોકોના અભિપ્રાય પ્રમાણે, આમ બહાર ન નીકળાય, તે મર્યાદા ગણાય. તેના કરતાં ભગવદાજ્ઞામાં નિષ્ઠાવાળા શ્રેષ્ઠ છે. સઘળી મર્યાદા મૂકીને પણ પ્રભુને તે પ્રસન્ન કરે છે ! “**शीतवेपिताः**”- લીલોપયોગી આધિદૈવિક-કાલ સેવકરૂપ છે. તેણે શીતલતા પ્રકટ કરી, જેથી જલમાં કે કિનારે રહી ન શકાય, કંપ થાય. આગળ તો આ કાલની સેવાથી-સાનુકૂલતાથી-જલવિહારમાં પણ શીત લાગી નથી ! અત્યારે શીતથી બહાર આવ્યાં. પરીક્ષા પ્રભુ ઈચ્છે છે, તેથી નિકટ લઈ જવાં છે, બાલકોનું સ્વરૂપ જણાવવું નથી.

ભગવાને - "यदि दास्यः" કહ્યું, તેથી ભગવદાજ્ઞાથી-દાસીધર્મથી-બહાર આવ્યાં. બહાર આવનાર તો "दारिकाः"- નાનકડી બાલિકાઓ છે - પાંચ વર્ષની, અન્યથાભાવ નથી. "पाणिभ्यां योनिमाच्छाद्य....।"- સભાન શ્રીશુકે સભામાં સ્પષ્ટ વર્ણન કર્યું. યથાર્થ ન કહે તો મસ્તક પડે ! કથામાં યથાર્થ ન કહેનારને તો મોટો દોષ લાગે છે. શ્રુતિમાં સંવાદ છે. યાજ્ઞવલ્ક્ય અને શાકલ્યનો ! યાજ્ઞવલ્ક્યે - "तं त्वौपनिषदं पुरुषं पृच्छामि ।"- ઔપનિષત્પુરુષ પૂછ્યા. જવાબ ન દે તો - "मूर्धा ते विपतिष्यति ।"- શરત મૂકી. ઉત્તર ન દેતાં શાકલ્યનું મસ્તક પડ્યું. આ બાલિકાઓ તો ભગવદ્રૂપ છે. તેમના દેહ પણ લૌકિક નથી. "सर्वाभेदादन्यत्रेमे ।"- સૂત્રરીતે, પુરુષોત્તમનું સર્વાંગવર્ણન નિર્દોષ જ છે, તેથી શ્રીશુકે વર્ણન કર્યું. ભગવાને તેમનું શુદ્ધ હૃદય જોયું. પ્રસન્ન થયા. વસ્ત્રો ડાળે મૂક્યાં. વૈષ્ણવ વનસ્પતિનો સંગ કરાવ્યો. વૈષ્ણવસંગથી ભગવાન્ મળે ! વસ્ત્ર તદ્રૂપ થયાં. પ્રભુ હસ્યા, બોલ્યા, - "વ્રત કરવા છતાં તમે, જલાશયમાં વસ્ત્રરહિત સ્નાન કર્યું, તે તો દેવની અવજ્ઞા થઈ. માથે હાથ જોડીને, દોષ દૂર કરવા વંદન કરીને, વસ્ત્ર લઈ જાવ !" સ્વસેવામાં અંગીકારનું જ્ઞાન આમ વંદનથી દેવું છે. પદ્મિનીના શરીરમાં પદ્મગંધ હોય. વસ્ત્રમાં પણ અહીં તેવો ગંધ છે, તેથી તો ભમરા ત્યાં ગુંજે છે ! ઉત્તમતા આ સૂચવે છે. પ્રભુ તેથી પ્રસન્ન થયા. પરીક્ષા માટે વંદન કરવા કહ્યું. સર્વાંગ-જ્ઞાનદૃષ્ટિથી કૃતાર્થ કરવા કૃષ્ણ ઈચ્છે છે. "अप्स्वग्निर्देवताश्च तिष्ठन्त्यो नाप्सु मूत्रपुरीषं कुर्यान्न निष्ठीवेन् न विवसनः स्नायाद् गुह्यो वा एषोऽग्निरेतस्याग्नेरनतिदाहाय ।"- આ શ્રુતિ છે. જલમાં અગ્નિ અને દેવતાઓ વસે છે. અગ્નિ કે દેવતાથી થતા વ્રતાદિ - સર્વનાશમાંથી બચવા માટે તેમાં થૂંકવું નહિ, વસ્ત્ર વગર સ્નાન ન કરવું. સરલ કુમારિકાઓનું મન માન્યું. વ્રત સફલ થાય તે માટે ભગવાનને વંદન કર્યાં. ભગવાને તો ભાવની પરીક્ષા કરી. પ્રેમ પ્રકૃષ્ટ પરખાયો. પ્રકૃષ્ટ ત્યાગ દેખાયો. ભગવાન્ સંતુષ્ટ થયા. "वासांसि ताभ्यः प्रायच्छत्-" વસ્ત્ર તેમને દીધાં. સંપ્રદાને ચતુર્થી કરીને અપૂર્વદાન સૂચવ્યું. ભગવદ્ભાવાત્મક કામરૂપ વસ્ત્ર થયાં. જલક્રીડામાં તેથી બદલવા ન પડે ! કરુણાનિધાન કૃષ્ણ મુગ્ધભાવથી, વંદનથી સંતુષ્ટ થયા. ભગવાને મુક્તિ ન દીધી, રસરક્ષા માટે વસ્ત્ર દીધાં !

પ્રતિકૂલતામાં પણ પ્રભુનો દોષ ન દેખાય ત્યારે પ્રસન્નતા મળે ! : ભગવાનને નિવેદિત થયેલો કામ બીજા કામને ઉત્પન્ન કરતો નથી ! : શરદ્ - રાત્રિમાં વિહાર - વરદાન ! :

दृढं प्रलब्धास्त्रपया च हापिताः प्रस्तोभिताः क्रीडनवच्च कारिताः ।
वस्त्राणि चैवापहृतान्यथाप्यमुं ता नाभ्यसूयन् प्रियसङ्गनिर्वृताः ॥ (२२½)

ભગવાનમાં કુમારિકાઓને દૃઢ વિશ્વાસ છે, - પ્રગાઢ પ્રેમ છે. પોતાનો દોષ સમજીને દીનતા આવી છે. બીજો કોઈ ઉપાય જાણતાં નથી ! અત્યંત તિરસ્કાર પામ્યાં, છેતરાયાં, છેડાયાં, સ્વાભાવિક સંકોચ-લજ્જા-છોડાવ્યાં, મિથ્યાવાક્યને વશ થયાં, રમકડાની જેમ રમાડ્યાં, વસ્ત્ર હરી લીધાં, છતાં તેમણે ભગવાનની અસૂયા ન કરી, દોષ ન દીધો ! ભગવાન્ તો સર્વદા નિર્દોષ છે. પ્રિય-સંગથી તેમને તો આનંદ જ મળ્યો. વિશુદ્ધભાવ હોવાથી વસ્ત્ર દ્વારા કૃષ્ણસંગ મળ્યો ! સુખ તેનું માણ્યું. પ્રતિકૂલતામાં પણ પ્રભુનો દોષ ન દેખાય ત્યારે પ્રસન્નતા મળે ! લોકમાં જે કરવાથી અસૂયા થાય, તેનો અનુભવ થવા છતાં ગોપીજનને કૃષ્ણ પ્રત્યે અસૂયા ન થઈ ! - તે અલૌકિક-ભાવ સૂચવે છે. આ સ્નેહમાત્ર નથી !

અહીં પ્રમેયબલ છે. પ્રમાણ દુર્બલ છે. કુમારિકાઓએ કૃષ્ણકામરૂપ વસ્ત્ર ધારણ કર્યાં.

પ્રગાઢભાવે પ્રેષ્ઠસંગ માટે સજ્જ થયાં! સ્વરૂપાનંદના અનુભવથી યોગ્યતા મળી. ભગવત્સ્વરૂપાત્મક તેમનાં દેહ-ઈન્દ્રિય-અંતઃકરણ થયાં. કાલક્રમ વિના અલૌકિકરીતે વિહારલીલા-યોગ્યતા મળી! પ્રભુએ દૃષ્ટિ પુંભાવ પધરાવી દીધા! ભગવાને ચિત્ત હરી લીધાં છે. આ કોઈ લૌકિક-ભાવ માટે વિવાહ માટે આવ્યાં નથી, ભક્તિ માટે જ આવ્યાં છે. "**स्वपादस्पर्शकाम्यया धृतव्रतानां**"- ભક્તિમાં પણ સ્પર્શ જ ઈચ્છે છે, - તે માટે સર્વનો વિનિયોગ કરતાં વ્રત ધારણ કર્યું છે. "**कृतव्रतानां**"- નહિ, "**धृतव्रतानां**" છે. ભગવાન્ તો ભક્તવશ "દામોદર" છે. બોલ્યા, - "સર્વદોષરહિત સાધ્વીઓ! આપ સૌનો સંકલ્પ જાણ્યો, સફલ થયો, - મારું તમે પૂજન કર્યું તેથી! મારું અનુમોદન થયું. તે સત્ય થાય!" - "**लोकवत्तु लीलाकैवल्यम् ।**"- લીલા તો લોક જેવી છે, લૌકિક નથી, મોક્ષપ્રદ છે! રસમર્યાદા-સહિત સ્વરૂપાનુભવ રાસમાં મળશે. "**न मय्यावेशितधियां कामः कामाय कल्पते ।**"- "મારામાં (કૃષ્ણમાં) બુદ્ધિ રહે તો બુદ્ધિસમર્પણથી સર્વસ્વસમર્પણ થઈ જાય, તો મારા (ભગવત્સ્વરૂપ)માં દૃઢ રહેલી, સ્થિર થયેલી, બુદ્ધિવાળાનો કામ કામફલ દેતો નથી!" કામ મનમાં ઉત્પન્ન થાય. મન બુદ્ધિને વશ રહે, તેથી સઘળું બુદ્ધિને વશ છે; તેથી બુદ્ધિનિવેદનથી સર્વસ્વનિવેદન થાય. "**काममय एवायं पुरुषः ।**"- શ્રુતિ છે. કામ પુરુષાત્મક છે. કામના અભાવમાં સંસારપરંપરા - સંતાનાદિ રૂપે - ન સંભવે. આ શરીર જ અંતિમ જન્મ રૂપ બને! શેકેલાં-ઉકાળેલાં-બીજ પુનઃ ઊગતાં નથી, તેમ ભગવાનને નિવેદિત થયેલો કામ બીજા કામને ઉત્પન્ન કરતો નથી!

ભગવાને કરેલા આ સંસ્કાર છે. જેમ ઉપવીતાદિ - સંસ્કારવાળો બ્રાહ્મણ, તેવા સંસ્કાર વગરના લોકોના સંગથી પણ સંસ્કાર વગરનો ગણાતો નથી, પુનઃ સંસ્કાર તેના થતા નથી, તેમ ભગવાનને સમર્પિત કરેલું ભગવદીય જ બની જાય, દોષ તેમાં ન રહે. ગંગાજીમાં ભળેલું અન્યજલ પણ ગંગાજલ ગણાય, દોષ ન ગણાય. "જાવ વ્રજમાં. સિદ્ધ છો તમે. સાધ્ય બાકી તમારે નથી!" - અલૌકિકદૃષ્ટિ ભગવાને દીધી. શરદની વિહારસહિતની રાત્રિઓનાં દર્શન કરાવ્યાં! "**मयेमा रंस्यथ क्षपाः ।**"- હેમંતમાં સવારના સમયે શરદની રાત્રિનાં દર્શન તો, લીલામાંનો કાલ પણ અલૌકિક છે, - તેમ સૂચવે છે. "**यदुद्दिश्य व्रतमिदं चेरुः ।**"- વિહારાભિલાષે વ્રત કર્યું છે. ભગવદર્ચનનો વિનિયોગ સત્યત્વમાં છે, વિહાર વ્રતફલ છે. રાત્રિના અંતે પૂજન કર્યું, તેથી રાત્રિમાં રાસલાભ લાધ્યો, દિવસે કે નિઃસીમ સમયે નહિ! "**सतीः**" - કહ્યાં છે. કુમારિકાઓનો મનોરથ પરિપૂર્ણ થયો. ભગવદાજ્ઞાથી ઘેર ગયાં. મનમાં તાપ ખૂબ થયો ચરણકમલના ધ્યાનથી જ જીવન ટક્યું! સાડા અઠ્ઠાવીસ શ્લોકમાં આ કથા કહી. તત્ત્વ ૨૮, તેના અતિક્રમે અલૌકિકદેહ થયો છે; તેથી ૨૮ શ્લોક. કૃષ્ણસંયોગ પછી થવાનો, તેથી તે તે અર્ધભક્તિ - સૂચક શ્લોક, કુલ ૨૮ાા.

ભગવાને સ્વસખાઓને, પોતાનું સઘળું પ્રભુ માટે જ છે, - તેમ, વૃક્ષધર્મથી ઉપદેશ દીધો!:

"**अथ गोपैः परिवृतो...।**"- પછી ભગવાન્ ત્યાંથી દૂર પધાર્યા; ત્યારે ત્યાં ગોવાળો, ગાયો, બલરામજી સૌ મળ્યા. પહેલાંના બાળકો માટે "**वयस्यैः**"- શબ્દ હતો. તેમનામાં ગોપધર્મ નથી. હવે "**गोपैः**"- સ્પષ્ટ છે. આમ બન્નેની ભિન્નતા સ્પષ્ટ છે. થોડે દૂર જતાં સૌ થાક્યા. વૃક્ષની છાયામાં બેઠા. ભગવાને વૃક્ષના બહાને, ભક્તોને વૈષ્ણવધર્મ બતાવ્યો! વૃક્ષો તો લીલાવિહારમાં સાનુકૂલતા દે છે; વ્રજવાસીઓ તો રાસમાં અટકાવે પણ ખરા!! સૂરદાસજીએ "**रे मना तु वृक्षनको मत ले**"-

ગાયું પણ છે. સઘળું ભગવાન્ માટે જ છે; તેમ સમજાય તો જીવન ભગવદીય થાય. સખાઓ "વ્રજમાંનું સઘળું ભગવાન્ માટે જ છે," - તેમ સમજે, તો અનર્થ કાંઈ ન થાય. પૂર્વ પ્રસંગ સાંભળીને અસૂયા અને અનર્થ ન થાય. ભગવદ્રસપૂર્ણ ગોપીજનને તો ભાવ-સ્વભાવથી જ પોતાના માટે જ પ્રભુ પધાર્યા છે, સઘળું પ્રભુ માટે જ છે; - તે જ્ઞાન દૃઢ છે. ભગવાન્ સિવાય અન્યત્ર તો તેમને ઉપેક્ષા છે. વૃક્ષોની ઉનાળાની સ્થિતિ પણ યાદ કરીને ઉપદેશ સખાઓને દે છે. તે વિધાપ્રકાર વૃક્ષમાં - એક માત્ર ગોપમાં છે. અગિયાર ઈન્દ્રિયના અધિષ્ઠાતા સખારૂપ અગિયાર ગોવાળ ગણાવ્યા.

हे कृष्ण स्तोक हे अंशो श्रीदामन् सुबलार्जुन ।
विशालर्षभ तेजस्विन् देवप्रस्थ वरूथप ॥ (३१½)

કૃષ્ણાવતારનો બધો પરિકર વૈકુણ્ઠમાંથી પધરાવ્યો છે. "भूमावुत्तारितं सर्वं वैकुण्ठं....।"- શ્રુતિ છે. આ અગિયાર સખાઓ વ્રજભક્તોની અગિયાર ઈન્દ્રિયોના અધિષ્ઠાતા છે. ભગવાન્ સાથે અવતર્યા છે. પ્રપંચથી પર વ્રજભક્તોના ઈન્દ્રિયદેવો પણ પ્રપંચાતીત-વૈકુણ્ઠસ્થ-છે. દિવસે તે સખારૂપ છે, રાત્રે સખીરૂપ પણ છે! કૃષ્ણાવતારના તે સૌ સખા શ્રીગોવર્ધનનાથજીના સખા રૂપે પણ પુષ્ટિમાર્ગમાં પ્રસિદ્ધ છે.

कृपासिंधु भगवान् श्रीकृष्ण

દર્શન સમય ૧	સ્વરૂપભાવ ૨	સખાનું નામ ૩	સખિ-સ્વરૂપ ૪	શૃંગાર ૫	પ્રાકટ્ય-સ્થાન ૬	અનુભવ ૭	સ્થાન ૮	અષ્ટસખાનાં નામ ૯	ઈન્દ્રિયાધિષ્ઠાતા દેવતા રૂપે સ્થાન ૧૦
૧. મંગલા	શ્રી નવનીતપ્રિયાજી	તોક	ચંદ્રભાગા સહચરી	ગ્વાલપગા	શ્રવણ	બાલલીલા	સુરભિકુંડ	પરમાનંદદાસજી	રસના
૨. શૃંગાર	શ્રી ગોકુલચંદ્રમાજી	(ભોજ) અંશુ	ઈન્દુલેખા	ફેંટા	ઉદર	કિશોરલીલા	માનસીગંગા	નંદદાસજી	ઘ્રાણ
૩. ગ્વાલ	શ્રી દ્વારકાનાથજી	શ્રીદામા	ભામા	ટિપારા	નેત્ર	હિંદોલાલીલા	ગોવિંદસ્વામીની કદમખંડી	ગોવિંદસ્વામી	ચક્ષુ
૪. રાજભોગ	શ્રી ગોવર્ધનનાથજી	અર્જુન	વિશાખા	કુલ્હે	હૃદય	નિકુંજલીલા	આન્યોર	કુંભનદાસજી	કાન
૫. ઉત્થાપન	શ્રી મથુરાનાથજી	કૃષ્ણ (સુબલ)	ચંપકલતા	પાઘ	મુખ	માનલીલા	પરાસોલી	સૂરદાસજી	વાણી
૬. ભોગ	શ્રી ગોકુલનાથજી	વિશાલ	સુશીલા	સહેરા	હસ્ત	અન્નકૂટલીલા	રુદ્રકુંડ	ચતુર્ભુજદાસજી	ત્વક્
૭. સંધ્યા	શ્રી વિઠ્ઠલનાથજી	સુબલ	પદ્મા	દુમાલા	કટિ	જન્મલીલા	અપ્સરાકુંડ	છીતસ્વામી	બાહુ
૮. શયન	શ્રી મદનમોહનજી	ઋષભ	લલિતા	મુકુટ	ચરણ	રાસલીલા	બીલછુકુંડ	કૃષ્ણદાસજી	ચરણ

તેજસ્વી - ગુદાના, દેવપ્રસ્થ - ગુહ્યના, વરૂથપ - મનના; આ ત્રણ શ્રીનાથજી સાથે પ્રકટ થયા નથી, માત્ર અવતાર વખતે હોય છે.

ભગવાને સખાઓને વિધા દેવી શરૂ કરી. વિધા વેદમાં બે પ્રકારની જાણવા જેવી કહી છે. - (૧) પરા, (૨) અપરા. વેદ-વેદાંગ અપરા-વિધા છે; અને અક્ષરબ્રહ્મને ઓળખાવતી પરાવિધા છે. અહીં તો ભગવાને તેથી પર, ભગવદીય બનાવતી વિધા સમજાવી. તેના પાંચ પર્વ છે, - (૧) સઘળું ભગવાન્ માટે જ છે, તેમ સમજીને સર્વપરિત્યાગથી પરોપકાર-પરાયણતા. (૨) સર્વત્ર (ભગવદ્-બુદ્ધિ) ભગવાન્ વિરાજે છે તેવી સમજ. (૩) તેને સમજાવતી સર્વસેવા. (૪) લૌકિક-ઈચ્છાઓનો અભાવ. આ ચારથી કૃતાર્થ થવાય. (૫) સર્વ-પ્રયત્ન માટે પ્રભુને જ વિનવવા. આ ભક્તિ - પુરુષાર્થ બતાવ્યો. **''पश्यैतान् महाभागान्.....।''**- "જુઓ ! આ મહાભાગ્યશાળીઓને !" ભગવાન્ વૃક્ષો બતાવતાં ધર્મપુરુષાર્થ શીખવે છે. ધર્મમાં સંદેહ થાય તો નિરપેક્ષ ધર્માત્માપુરુષોનો જીવનવ્યવહાર જોવો, - સમજવો. તે પ્રમાણે પોતાનાં દેશ-કાલ-અધિકાર વિચારીને વર્તવું. **''अथ यदि ते कर्मचिकित्सा वा वृत्तविचिकित्सा वा स्यात्। ये तत्र ब्राह्मणाः..यथा ते तत्र वर्तेरन्। तथा तत्र वर्तेथाः ॥''**- શ્રુતિ છે. વિઘ્ન વગર ધર્મનું યથાર્થ ફલ ભાગ્યશાળીને જ થાય. લોકપ્રસિદ્ધ યશઃ તેવાઓનો હોય. અન્યના હિત માટે જ જીવવાની રીત અને પ્રીત તેમની હોય.

જે વૃક્ષો દેખાય છે, તે લીલામાં માત્ર પ્રભુસેવા માટે જ છે, તેમ પ્રભુની પ્રસન્નતા-સુખ-નો વિચાર મુખ્ય રાખીને, પ્રભુપરાયણ થઈને, પ્રભુ માટે જ જીવાય. વૃક્ષ પરેચ્છાથી વધે છે, પરેચ્છાથી કપાય છે. તે ઉત્તમ છે. સ્વાર્થે સ્વેચ્છાનુસાર જીવે તે તો સામાન્ય છે. સ્વાર્થે થતા ઉપવાસાદિ પણ મધ્યમ છે. અન્ન અન્યને દઈને રંતિદેવની જેમ ઉપવાસ થાય તો મધ્યમ છે. પોતાને કાંઈ ન મળે ત્યારે, અન્યને કષ્ટ ન દેતાં, થતા ઉપવાસ મધ્યમ છે. તે સિવાય ક્લેશરૂપ છે. કામનારહિત શ્રેષ્ઠ છે, સકામ મધ્યમ છે, અન્યને પીડનાર તો તદ્દન હીન છે. વૃક્ષો પોતે પવન, વર્ષા, તાપ સહે છે. પાસે આવનારનાં તે દુઃખો અટકાવે છે. કોઈની પાસેથી પ્રત્યુપકાર તે ઈચ્છતાં નથી. આ તેમનું તપઃ છે. અનશન વગેરે તો પ્રાયશ્ચિત્ત રૂપ છે. ભગવાનની લીલા સૌનું કલ્યાણ કરે, છતાં લોકસમજ પ્રમાણે તો તેમાં ભગવાનને આનંદ છે. વૃક્ષોમાં તો તેમ નથી ! તેથી ભગવાને પણ આશ્ચર્યથી **''अहो एषां वरं जन्म ।''**- "અહો ! એમનો શ્રેષ્ઠ જન્મ છે !" કહ્યું. અર્થ પુરુષાર્થ બતાવ્યો. સર્વને જીવાડે, અનેકના આધારરૂપ બને, તેનું જીવન ધન્ય છે, - સફલ છે ! સુજન જેમ પીડનારને પણ પીડે નહિ, મંગલ આપે, તેમ વૃક્ષ પથ્થર વગેરે મારે તેને ફલાદિ આપે છે ! ભગવાને ઉત્તમ કામ-પુરુષાર્થ બતાવ્યો, - સર્વાંગે વૃક્ષ સર્વોપકાર સાધે છે. વૃક્ષોની સમૃદ્ધિ વધે તેમ નમ્રતા વધે, - નીચાં નમે !

(૧) પત્ર - વૃક્ષના નખ-દાંત જેવાં - મંગલકાર્ય વગેરેમાં વપરાય. (૨) પુષ્પ - રજોરૂપ શોભા-સેવા વગેરેમાં. (૩) ફલ - પુત્ર જેવાં - સ્વાદ, ક્ષુધાતૃપ્તિ-સેવાદિમાં. (૪) છાયા - ઘર જેવી- વૃષ્ટિ, તાપ વગેરેમાંથી બચાવે. (૫) મૂલ - ધર્મરૂપ-ઔષધાદિમાં. (૬) છાલ - ચામડીરૂપ-વલ્કલ વગેરેમાં, (૭) સૂકાં લાકડાં - ઘરની ચીજો જેવાં - ઈમારતમાં કે અનેક ચીજો બનાવવામાં. (૮) ગન્ધ- કીર્તિ જેવો - સુગંધ, શાન્તિ, સુખમાં. (૯) અંદરની છાલ - વાણીરૂપ-સાનુકૂલતાથી સુખ દે. (૧૦) ભસ્મ- અંતિમસ્થિતિરૂપ - પૂજા, વાસણ ઘસવા વગેરેમાં. (૧૧) થડ વગેરે-અસ્થિરૂપ-કોલસા, દેવતા વગેરે રૂપે. (૧૨) નાના છોડ ડાળી વગેરે - નોકર જેવાં-ઈચ્છેલું આપે. માનવનાં તો આ કદાચ સ્વાર્થોપયોગી, છતાં નકામાં તે અપકારક પણ બને ! (૧) નખ-દાંત-તેના સ્થાનેથી પડ્યા પછી નકામા.

(૨) રજઃ - રજસ્વલા સ્ત્રીમાં, ઘર કે દેવ-કાર્ય અટકાવે. રજોગુણ ભટકાવે. (૩) પુત્રાદિ પ્રતિકૂલતામાં પીડારૂપ લાગે. (૪) કોઈ ઘરમાં સૌને પેસવા ન દે. ઘર જવાબદારી વધારે. (૫) ધર્મ કરવા જતાં કદાચ અનેકને અગવડ કરે. (૬) શરીરેથી ઉતરે તો ચામડી કામની કાંઈ ન રહે. (૭) ઘરની ચીજો સ્વાર્થ સાધે, છતાં સંઘર્ષ પણ કરાવે. (૮) કીર્તિથી કદાચ અભિમાન પણ આવે, તેવાના નામથી કલ્યાણ કોનું થાય ? (૯) વાણી કોઈને દુભવે તેવી કે અસત્યમય પણ થાય. (૧૦) ચિતાભસ્મ-સ્પર્શે તો સ્નાન કરવું પડે. ઉત્તરક્રિયા ન થાય તો પ્રેતાદિ રૂપ પણ મળે. (૧૧) અસ્થિ સ્પર્શ યોગ્ય ન ગણાય. (૧૨) નોકર વગેરે કોઈનું કહ્યું ન પણ માને, નુકસાન પણ કરે. સંસારીની સમૃદ્ધિ વધે તેમ અભિમાન વધે, ઉદ્દંડ બને. આ તો પરોપકાર માત્ર કરતાં નથી, સ્વાર્થ પણ તેમનો તો પરાર્થ છે ! વિરક્ત અને જ્ઞાનીઓ તો ક્વચિત્ સ્વાર્થ પણ કરતા હશે ! આ તેમના મોક્ષ પુરુષાર્થરૂપ છે.

एतावज्जन्मसाफल्यं देहिनामिह देहिषु ।
प्राणैरर्थैर्धिया वाचा श्रेय एवाचरेत् सदा ॥ (३५)

ભગવાને સઘળું સૌને માટે સર્જ્યું છે. પોતે પણ પોતાનું સઘળું સૌને માટે બનાવી દે, તો માનવ ભગવાન્ જેવો લાગે, ભગવદવતાર સમાન ગણાય, જન્મ સફલ થઈ જાય, નહિ તો જન્મ-મરણ-પ્રવાહમાં ઘસડાવાય ! પ્રાણ, ધન, બુદ્ધિ, વાણીથી કોઈનું કલ્યાણ કરનાર કૃતાર્થ બને. પ્રાણ, ધન, બુદ્ધિ, વાણીથી સદા સૌનું શ્રેયઃ સાધે, તેટલું જ શરીરધારીઓમાં શરીરધારણનું - જન્મ - સાફલ્ય છે. સ્વાર્થ માટે જીવનારનું જીવન વ્યર્થ છે !

"अघायुरिन्द्रियारामो मोघं पार्थ स जीवति ।"- સર્વનું શ્રેયઃ સધાય યજ્ઞથી ! સર્વ સુખી થાય તેવું, - યજ્ઞાત્મક-જેનું જીવન નથી, તે તો વ્યર્થ જીવે છે ! આજીવિકા માટે અનર્થ આચરનાર, અનીતિ કરનાર, લાંચરુશ્વત લેનાર, સમાજ-શાસ્ત્ર-શાસન-ની મર્યાદા તોડીને સ્વચ્છન્દ કરનાર, આ સૌનું જીવન પાપમય છે, વ્યર્થ છે. મોજશોખ માટે મથનાર, હોટેલ-સિનેમા વગેરેમાં આનંદ માટે આથડનાર, ઈન્દ્રિયોના આનંદ માટે અનેકવિધ પ્રવૃત્તિ કરનાર, સૌ (ઈન્દ્રિયારામ)નું પણ જીવન વ્યર્થ - પાપમય છે. પાપમય-જીવનમાં સંતાપ જ વધારે મળે, શાંતિ ન મળે, સુખ ન જડે. આ તો નિષ્ફલજીવન છે. કોઈનું કલ્યાણ થાય તેમ જીવનારનું તો જીવન જ કલ્યાણમય થઈ જાય. આ સફલજીવન છે !

આધુનિક-સમાજસેવા પણ વિચાર માગી લે છે. ભોજન, વસ્ત્ર, ઔષધ,ભણતર વગેરે દ્વારા દુઃખી માનવના તનની સેવા જરૂર થતી હશે; પણ મનની સેવા તેમાં કેટલી ? તન પોષાશે, પણ મન શોષાશે. તનની કે ઘરની ગરીબાઈ કદાચ દૂર થશે, પણ મનની ગરીબાઈ વધશે ! આમ આપનારને આપ્યાનું અભિમાન અને લેનારને લેવાની દીનતા વધે, તે દૂર થાય ખરાં ? એંઠું, વધેલું, ફાટેલું, તૂટેલું, પોતાને નિરુપયોગી હોય તે, દયાભાવે દુઃખીને દેવામાં "સેવા" શબ્દ યોગ્ય લાગે ખરો ? તેમાં સેવ્ય-સેવક-ભાવ છે ? આદર તેમાં કેટલો? કદાચ બદલાયેલી વર્તમાન પરિસ્થિતિમાં, આવી જરૂરિયાતો પૂરી પાડવી હિતકારક ગણાય, ભલે, તે પ્રવૃત્તિ થાય, પણ તેની પાછળની દૃષ્ટિ તો બદલાવી જોઈએ. આમ, દેનારમાં તે લેનાર પ્રત્યે આદર જોઈએ. દીર્ઘ અને દિવ્ય દૃષ્ટિવાળા આપણા ઋષિ-મુનિયોએ દાન વગેરે ધર્મક્રિયા રૂપે, આ બધી વાતો તો જીવનના એક જરૂરી ભાગ જેવી બનાવી દીધી છે ! તેની સંસ્થાઓ વધારીને વ્યવસ્થાની વિપત્તિઓ વહોર્યા વગર, તેને ઘરઘરની - વ્યક્તિ વ્યક્તિની - જવાબદારી બનાવી દીધી છે.

કલ્યાણ તેમાં બતાવ્યું છે. ઉપેક્ષાને બદલે આદર - લેનાર પ્રત્યે તેમાં છે. તે કલ્યાણ સૌનું છે. શ્રીભાગવતની તો તેમાં ભક્તિમાર્ગીય વિશેષતા છે. આપણે આપણું કાંઈ જ આપતાં નથી, ઉપકાર કરતા નથી, સઘળું ભગવાનનું છે, ભગવાન્ માટે જ છે. લેનાર રૂપે પણ ભગવાન્ જ વિરાજે છે. ભગવાનને આપતી વખતે વસ્તુ અને મનોભાવ કેવાં ઉત્તમ, શુદ્ધ જોઈએ! આપવામાં પુણ્ય-માન- કીર્તિ વગેરેની ઈચ્છા ન રખાય, પ્રભુ પ્રસન્ન થાય, - તેમાં જ પોતાની કૃતાર્થતા વિચારાય. શક્તિ પ્રમાણે આપો; પણ ઉન્નત બનાવે તેમ અને તેવું આપો ! કોઈનું કામ કરો, પણ કલ્યાણ કરવાનું ભૂલશો નહિ ! "श्रेय एवाचरेत् सदा"- સાચી સેવાનું આ સૂત્ર છે. "સદા કલ્યાણ જ કરો !" - પોતાનું અને પારકાનું ! પારકાનું કલ્યાણ કરવામાં પોતાનું કલ્યાણ થવાનું જ છે. શ્રેય સાધે નહિ, તે સેવા નહિ. કલ્યાણ કરે નહિ, તે સત્કાર્ય નહિ !

વૃક્ષોના જીવનમાંથી ભગવાને બોધ દીધો છે. વૃક્ષો વૈષ્ણવરૂપ છે. વૃક્ષો સામુદાયિક રીતે પરોપકાર કરવા જતાં નથી. મૌનપણે, સ્વાભાવિક રૂપે, સ્વમર્યાદામાં રહીને, કુદરતી રીતે કાર્ય કરતાં જ રહીને, પાસે આવે તેને, સુખ-શાંતિ દે છે, - પરોપકાર કરે છે. વૈષ્ણવ પણ વ્યક્તિગત રીતે, પોતાના ઘરમાં રહીને પણ જાહેરાત વગર, મૌનપણે, સ્વાભાવિક રીતે, પોતાના સેવાધર્મની મર્યાદા મૂક્યા વગર, કૃષ્ણસેવા મુખ્યરીતે કરતા રહીને, પાસે આવનારને જીવનોપયોગી ભોજન-વસ્ત્ર-આશ્રય વગેરે દઈને, તનનાં સુખ-શાન્તિ દઈને, સત્સંગ દ્વારા, મનની શાંતિ પણ દે છે, - કલ્યાણ પણ કરે છે. તેને પણ સેવા સમજીને શ્રેયઃ સાધે છે ! આ સાચી સેવા છે. શ્રીવલ્લભાચાર્યજીના પુષ્ટિમાર્ગમાં આવી અદ્ભુત, યથાર્થ, સમાજસેવા પણ સહજ રૂપે વણાઈ ગયેલી છે ! વૈષ્ણવ આવે તો પ્રભુ પધાર્યા ગણાય, વૈષ્ણવની પ્રસન્નતામાં પ્રભુની પ્રસન્નતા ગણાય. વૈષ્ણવસેવા-કૃષ્ણસેવા રૂપ ગણી છે. વેદમાં અતિથિમાં દેવભાવ બતાવ્યો છે ને ! વૃક્ષો પરોપકાર કરવા ઘૂમવા નીકળતાં નથી. સૌ પોતપોતાના સ્થાનમાં રહીને પ્રવૃત્તિ ઉપાડી લે, તો સુવ્યવસ્થિત કામ થાય. કલ્યાણ કરે તે જ સેવા ! માત્ર તનની સેવાથી અટકી જવાય નહિ, મનની સેવા પણ થવી જોઈએ. સૌનું કલ્યાણ થાય તેવી પ્રવૃત્તિઓ મુખ્ય થવી જોઈએ. ભગવદીયસંગથી ભક્તિ, પ્રાણ ટકાવે તેવા પદાર્થો ધર્મ, ધનથી થતી કાર્યયોજનાથી અર્થ, બુદ્ધિના સદુપયોગ દ્વારા મળતી સફલતાથી કામ અને મુક્તિ આપે - સન્માર્ગ સુઝાડે - તેવી ઉપદેશરૂપ વાણી દ્વારા મોક્ષ, સૌને મળે - પુરુષાર્થ સધાય - તેવી સેવા થાય, કલ્યાણ તેથી થાય.

નમેલાં વૃક્ષોની સુજનતા બતાવતા પ્રભુ, સખાઓ સાથે યમુનાકિનારે પધાર્યા. નદી પણ પરોપકાર-પરાયણ છે ને ! તેમાં પણ શ્રીયમુનાજી ! સ્વામિનીજી-સહિત ભગવાનની તેમાં નિત્યલીલા છે. તેનાં જલ તે ભાવપ્રદ છે. શ્યામસુંદર શ્રીકૃષ્ણ અને શ્યામસુંદર શ્રીયમુનાજી ! તેનાં જલ કૃષ્ણ- સ્મરણ કરાવીને ભગવદ્ભાવપ્રદ બને છે ! "तत्र गाः पाययित्वापः-।"- અને "कामं स्वादु पपुर्जलम्। "आपः"- સ્ત્રીલિંગ છે. "जलं"- નપુસંકલિંગ છે. યમુનાજલનો દ્વિવિધ પ્રભાવ બતાવ્યો છે ! પ્રથમ જલપાનથી ગાયોને લીલાવિહારભાવ સ્થિર થયો, પોતે પ્રભુનાં છે,- તે દઢ થયું. ગોપોને બીજા જલપાનથી મૂલભૂત દુઃખદ-પુંભાવરૂપ સ્વભાવવિજય થયો, ભગવદ્ભાવ થયો, અંતરંગલીલા- દર્શનમાં દોષ ન લાગે ! ઈચ્છાનુસાર સૌએ જલપાન કર્યું. સવારના વ્રજમાંથી નીકળેલા. ભૂખ્યા સૌ છે. જલપાનથી ભૂખ થોડી શમી. કાલિન્દીના કાંઠે પશુ ચરાવતા પ્રભુને વિનંતી કરી. કૃષ્ણ વિના કામના કોણ પૂરી કરે ? સર્વાર્થે સર્વસમર્થ શ્રીહરિને જ શરણે જવાય, તેમને વિનંતી થાય. પ્રભુની આજ્ઞા વિના અન્ય થાય પણ શું ?

અધ્યાય : ૨૩

બ્રાહ્મણનાં ભક્તપત્ની પર પ્રભુની કૃપા ! : ક્ષુદ્રાશાથી કર્મ મોટાં પણ ફલ તો તુચ્છ ! :

ભગવાન્ તો ભક્ત-મનોરથપૂરક છે. ગોવાળો ભૂખ્યા હતા. ભોજન ઈચ્છતા હતા, માગ્યું પ્રભુ પાસે. વિદ્યાથી ગોવાળોનો મોહ ગયો, પણ દેહધર્મો ગયા નથી ! તે જતાં કૃતાર્થ થવાય. "राम राम महावीर्य कृष्ण दुष्टनिबर्हण ।"- પોકાર પ્રભુને કર્યો. "रमन्ते योगिनोऽनन्ते सत्यानन्दे चिदात्मनि । इति रामपदेनासौ परं ब्रह्माभिधीयते ॥"- યોગિધ્યેય, અનંત, સચ્ચિદાનંદ, પરબ્રહ્મ "રામ" શબ્દથી કહેવાય છે. દશરથપુત્ર રામ ક્યારેક પુરુષોત્તમ છે ! બલરામમાં પુરુષોત્તમાવેશ છે. તે તો અહીં જ્ઞાનરૂપ, વેદાત્મક, આવેશી છે. કૃષ્ણ સદાનન્દરૂપ છે. ભૂખ દુ:ખરૂપ છે. દુ:ખ આનંદના તિરોભાવરૂપ છે. "क्षुत् खलु वै मनुष्यस्य भ्रातृव्यः"- શ્રુતિ છે. ભૂખ માનવની શત્રુ છે; પાપમાં પ્રેરનારી છે. સદાનન્દથી તે દૂર થાય. વિદ્યાથી ભૂખ મટતી નથી ! ભૂખ્યો કાવ્ય-રસ શું પીએ ? વ્યાકરણ પણ શું પેટ ભરે ? ગોવાળો કોઈ જ્ઞાનરૂપ ઉપાય ઈચ્છે છે. કૃષ્ણ-વ્યસનવાળા ભક્તો અન્ય પાસે કોઈ આશા પણ ન રાખે. કૃપાળુ કૃષ્ણે વિનંતી સાંભળી. જ્ઞાનથી તો સંસાર-નિવૃત્તિ ક્રમશ: થાય, શીઘ્ર નહિ. આગળનો સંસાર નષ્ટ થાય; પછીનો ઉત્પન્ન ન થાય. ધર્મમાર્ગ અને કૃપામાર્ગ પ્રભુ સ્થિર કરવા ઈચ્છે છે. ગોવાળોને જ્ઞાનિવિપ્રો પાસે ભગવાને ભિક્ષા માગવા મોકલ્યા. દ્રવ્ય મુખ્યત્વે પુરુષનું, તેથી તેની પાસે મગાય. પૂજ્ય પાસે માગવામાં સંકોચ ન રહે. લોકમાં પણ પ્રભુકૃપાથી દીનતા ન થાય.

આ બ્રાહ્મણનાં પત્ની ભક્ત છે. ભક્તિ સત્સંગથી સુદૃઢ થાય. દુ:સંગ છોડીને સત્સંગ થાય, તો ભક્તિ વધે, - સ્થિર થાય. સત્સંગ વગર ભક્તિ (માર્ગ) સંભવે નહિ. બ્રાહ્મણનાં એક ભક્ત(સ્ત્રી) પત્ની પર પ્રભુ પ્રસન્ન છે. પ્રસાદ તેના પર કરવા ઈચ્છે છે. ગોવાળોને બ્રહ્મવાદી બ્રાહ્મણોના યજ્ઞસ્થળે મોકલ્યા. તે વિપ્રો ભગવદાનંદાંશ કે અવતારરૂપ સ્વર્ગની ઈચ્છાથી "આંગિરસ-સત્ર" કરે છે. ચોવીસ રાત્રિનો તે સત્ર છે. બ્રાહ્મણે આપેલું અન્ન ખાવાથી જ્ઞાન થાય. અન્યના અન્નથી બ્રહ્મજ્ઞાન ન થાય. અન્નદાનમાં સર્વદાન સમાય છે. "अन्नेन प्राणाः तस्मादन्नं ददत् सर्वाण्येतानि ददाति ।"- શ્રુતિ છે. તેવું અન્ન પણ વિવેકથી જ ખવાય. "अद्यादात्मविशुद्ध्यर्थम्...।"- ભોજન પણ આત્મવિશુદ્ધિ માટે થાય. પેટ ભરવા કે સ્વાદ માટે પણ નહિ કે શક્તિ માટે પણ નહિ; પણ ભાવવૃદ્ધિ કરતી અંત:કરણશુદ્ધિ થાય તેવું ભોજન થાય. ભજન માટે જ ભોજન ! આ ભાગવતજીનો આદર્શ છે. જ્ઞાન બ્રહ્મરૂપ છે. બીજાત્મક જ્ઞાન બ્રાહ્મણ જ પોષે તો બ્રહ્મયોગ્ય બને. ભગવાને ગોવાળોને જ્ઞાન તો આપ્યું જ છે, વ્રજમાંનું સઘળું ભગવાન્ માટે જ છે. ગોવાળો ભૂખ્યા છે. વનમાં ફલ તો છે, છતાં હવે ભગવાન્ માટેની વસ્તુ પોતે વાપરતાં અપરાધ લાગે તો ? - તે ભય છે. કોઈ વસ્તુના ઉપયોગ વગર તો વ્યવહાર કેમ ચાલે ? ભગવાનના અભિપ્રાયને અનુસરવું જોઈએ. ભગવદિચ્છાનુકૂલ થઈને ઉપયોગ કરવો. બાલલીલામાં તો પરસ્પર આગ્રહ હોય તો રસ વધે, પણ હવે તો જ્ઞાન મળ્યું છે. અન્ન જ્ઞાનપોષક છે. અન્ન તેવું મન ! અધમનું અન્ન ખાય તે અધમ બને. ઉત્તમનું અન્ન ઉત્તમ બનાવે !

અહીં, બ્રાહ્મણો બહિર્મુખ છે, પણ તેમનાં પત્ની તો ભક્ત છે. ભગવાને ગોવાળોને બ્રાહ્મણો પાસે અન્ન માગવા મોકલ્યા. "कीर्तयन्तो...अभिधाम् ।"- બલરામજી અને પોતાનું નામ દઈને માગવા કહ્યું ! ગોવાળો ગયા. હાથ જોડ્યા, "ભૂમિદેવો !" - સંબોધન કર્યું. બીજા દેવ તો સૌને ભૂમિ પર દેખાય

નહિ. બ્રાહ્મણ તો પ્રત્યક્ષ દેવતા છે. "**भद्रं वः ।**"- "તમારું કલ્યાણ થાવ !" માગનાર પણ આપનાર બને છે ! સામાન્ય વસ્તુના બદલામાં પણ આપે છે - મોંઘા આશીર્વાદ ! "અમે ગોવાળ, કૃષ્ણના દાસ છીએ. રામની પ્રેરણાથી આવ્યા છીએ !" - કૃષ્ણે માગવા કહ્યું છે, છતાં ભગવાનની વાણી વેદરૂપ - વેદ બલરામરૂપ, તેથી "**रामचोदितान्**"- કહ્યું. ભગવાન્ તો ભક્તોને માગવા ન મોકલે. પોતે ભલે ભક્તોને ત્યાં માગવા પધારે ! રાજા બલિને ત્યાં વામનજી પધાર્યા છે ને ! ભક્તોનો મહિમા તો ભગવાન્ વધારે છે ! "ગાયો ચરાવતા રામ-શ્યામ બહુ દૂર નથી, ભૂખ્યા છે. ભોજન (ભાત) માગે છે. આપ શ્રેષ્ઠ ધર્મજ્ઞ છો. જો શ્રદ્ધા હોય તો આપો ! "**वः**"- "આપનું" "પોતાનું" હોય તો આપજો, અન્યનું આપેલું નહિ !" - સ્પષ્ટ સૂચવ્યું. આમાં વિધિ-નિષેધ તો ધર્મજ્ઞો જાણે છે. દીક્ષાના દિવસોમાં દીક્ષિતનું અન્ન ન ખવાય, અથવા દીક્ષાથી આરંભીને પશુસંસ્થા પર્યન્ત ન ખવાય. તે સિવાય દીક્ષિતનું અન્ન ખાવાથી દોષ ન લાગે.

આ તો બાલકોની વાત ! તેમાંય આ તો ગોવાળો ! "**अंसस्कृताः न परिभाष्याः । न स्त्रिया न शूद्रेण सम्भाषेत ।**"- શાસ્ત્ર-સંસ્કાર વગરના સાથે બોલાય નહિ. બ્રાહ્મણોએ સાંભળ્યું, છતાં ન સાંભળ્યું કર્યું ! ભગવાને માગ્યું છે, બ્રાહ્મણો બ્રહ્મવાદી છે. બ્રહ્મવાદી બ્રહ્મની વાતો કરે, છતાં ભ્રમ ન જાય, બ્રહ્મ ન સમજાય ! બ્રહ્મમાં સ્નેહ ક્યાંથી થાય ? "**क्षुद्राशाः**"- વાતો ભગવાનની, આશા ભોગની ! ક્ષુદ્ર સ્વર્ગાનન્દની આશા છે, પ્રકટ પરમાનંદને છોડે છે ! વેદજ્ઞો તો જાણે છે, ભગવાન્ સર્વરૂપ છે, સર્વત્ર છે. તે પ્રકટ થયા હોવા છતાં યજ્ઞ ભગવાન્ છે, પ્રારબ્ધરૂપ છે. યજ્ઞમાં વિઘ્ન ન થાય તેમ શાસ્ત્રાનુસાર કરવું. "**आज्यं पशवः पुरोडाशीया एते ये यज्ञार्था यावद् यज्ञ उपयोक्ष्ये तावन् मे यज्ञार्थं शेषाद् ब्राह्मणा भुञ्जीरन् ।**"- શ્રુતિ છે. "ઘી-પશુ-પુરોડાશ સંબંધી તે મારાં યજ્ઞ માટે છે. યજ્ઞ ચાલે ત્યાં સુધી મારા યજ્ઞ માટે છે. બાકીમાંથી બ્રાહ્મણો ભોજન કરે !" સઘળું સત્કાર્ય-યજ્ઞ-પ્રભુપ્રસન્નતા માટે જ છે. સુમંગલ જીવનસંદેશ છે. બ્રાહ્મણોએ "બ્રાહ્મણ" શબ્દથી "બ્રહ્મને" પણ અન્ન આપ્યું નહિ, - "ક્ષુદ્રાશા !" સર્વયજ્ઞાત્મક ભગવાનને અન્ન દેતાં-આરોગાવતાં-તો મહાયજ્ઞો કરતાં પણ અધિક ફલ મળે, પણ આમને તો સ્વર્ગ જોઈએને ! - "ક્ષુદ્રાશા !" બલિરાજા પાસે વામનજીએ યાચના કરી ભક્તો માટે ! તેમાં વચ્ચે અટકાવવા મથ્યા હતા-બ્રાહ્મણ-જ્ઞાની-શુક્રાચાર્યજી ! ધર્મજ્ઞ બલિ અટક્યો નથી ! સર્વસ્વ સમર્પણ માટે સમુત્સુક હતો. અહીં, જ્ઞાની-બ્રાહ્મણો પાસે યાચે છે-પુરુષોત્તમ ! અટકાવે છે તેમની - "ક્ષુદ્રાશા !" ભગવાન્ વગરની બીજી કોઈ પણ આશા ઈશ્વરારાધનમાં અવરોધક બને.

કર્મકાંડ-પરાયણને બ્રહ્મજ્ઞાન ન હોય તો ભ્રમથી ભવમાં ભટકે ! :

આ બ્રાહ્મણો સ્થૂલકર્મમાં આસક્ત છે, કર્મનાશશંકાથી દેતા નથી. "**भूरिकर्माणः,**" "**बालिशाः**"- કર્મથી તેની દેવતા પ્રસન્ન થાય, તે દેવતા આધિદૈવિક રૂપે પ્રભુની પ્રસન્નતાથી જ પ્રસન્ન થાય, - ફલ આપે. સર્વફલ અને દેવતારૂપ તો ભગવાન્ છે. પ્રભુ તો સ્વલ્પમાં સંતુષ્ટ થાય તેમ છે, છતાં તેનો આદર ન કર્યો ! વસ્તુસ્વરૂપ, યજ્ઞસ્વરૂપનું જ્ઞાન નથી, ભ્રાન્તિથી અજ્ઞની જેમ મથે છે ! - "બાલિશ" છે ! "**वृद्धमानिनः**"- પોતાને વેદજ્ઞ-જ્ઞાની-માની બેઠા છે ! જ્ઞાની, અજ્ઞાની કે વિજ્ઞાનીને સહેલાઈથી સમજાવાય, પણ પોતાને જ્ઞાની માની બેસે તેવા અભિમાનીને સમજાવવા સહેલા ન થાય !

देशः कालः पृथग्द्रव्यं मन्त्रतन्त्रत्विजाऽग्नयः ।
देवता यजमानश्च क्रतुर्धर्मश्च यन्मयः ॥ (१०)

અહીં, શ્રીશુકે બ્રહ્મવાદ કહ્યો છે. બ્રહ્મવાદીઓને તેનું જ્ઞાન નથી ! કર્મ તો જ્ઞાનપૂર્વક થાય, તો સત્ફલસાધક બને. દેશ - દેવયજન (ભૂમિ), કાલ - વસન્તાદિ, પૃથગ્દ્રવ્ય - જુદા જુદા પદાર્થો, મન્ત્ર-ઋક્ વગેરે, દેવતા - અગ્નિ વગેરે, યજમાન - બ્રાહ્મણાદિ, ક્રતુ, - યજ્ઞાધિષ્ઠાત્રી દેવતા, ધર્મ-યજ્ઞ, "च"કારથી તેનાં અંગાદિ સર્વ, અથવા આધ્યાત્મિક વગેરે ભેદથી, ક્રતુ, યજ્ઞ, ધર્મ - તેનાથી ઉત્પન્ન થતું અપૂર્વ વગેરે - "तद् ब्रह्म परमं...।"- તે પરબ્રહ્મરૂપ છે. તે પરબ્રહ્મ સાક્ષાત્-ષડ્ગુણૈશ્વર્ય-સંપન્ન પુરુષોત્તમની કૃષ્ણની આમણે સ્વબુદ્ધિદોષથી અવજ્ઞા કરી ! માધવને માનવ માન્યા ! "मनुष्यदृष्ट्या"- ભગવાન્ તો આનન્દરૂપ જ છે. મનુષ્ય જેવા લાગે છે. તે સ્વબુદ્ધિદોષ છે, - ભ્રમ છે !

ભ્રમ બે પ્રકારનો, - સોપાધિક અને નિરુપાધિક ! આપણે ઝડપથી ફુદરડી ફરીએ, તો બધું ફરતું દેખાય. તેમાં "બધું છે" - તે સાચું - ભગવદ્રૂપ-વિષય ! "ફરતું દેખાય" તે ખોટું ! માયાએ ઉત્પન્ન કરેલી વિષયતાથી. વસ્તુનું જ્ઞાન-વિષયજનિત-યથાર્થ ! ફરે છે, તે ભાન-વિષયતાજનિત-ભ્રમ ! માયાથી મોહિત-બુદ્ધિને તેવું ભાન થાય છે. આપણા ફુદરડી ફરવાથી બધું ફરે છે, - તેવો ભ્રમ થયો, તે સોપાધિકભ્રમ ! ચક્ષુ-ઈન્દ્રિય તો વિષય અને વિષયતાને સ્પર્શે છે. બધું દેખાય છે, ફરતું પણ દેખાય છે ! બધું દેખાય છે, - તે જ્ઞાનમાં બુદ્ધિકારણ રૂપ છે. ફરતું દેખાય છે, - તેમાં બુદ્ધિનો દોષ-તમોગુણવાળી બુદ્ધિ - કારણરૂપ છે; તેથી બધું ફરે છે - તે અન્યથા પ્રતીતિ છે ! આમ, દેખાય છે,- તે સાચું છે. બુદ્ધિકલ્પિત સમજાય છે ! - તે ખોટું છે. ઈન્દ્રિય સાથેના મનથી પદાર્થનું સામાન્યજ્ઞાન થાય. બુદ્ધિથી વિશેષ જ્ઞાન થાય. સત્ત્વસહિત બુદ્ધિથી નિશ્ચયાત્મક-જ્ઞાન થાય. રજઃસહિતની બુદ્ધિથી સંશયાત્મક-જ્ઞાન થાય. તમઃસહિતની બુદ્ધિથી ભ્રમાત્મક-જ્ઞાન થાય. નિરુપાધિક-ભ્રમમાં, છીપમાં (તેને બદલે) રજતનું ભાન થાય. આ રજત માયાજનિત નથી. તમોગુણવાળી બુદ્ધિથી કલ્પેલું છે ! આંખ તે રજત દેખતી નથી, બુદ્ધિને ભાસે છે ! આંખ-સહિતનું મન છીપને જુએ છે. તેમાં સંસ્કારની પ્રબલતાથી બુદ્ધિ રજત કલ્પે છે, તે બૌદ્ધરજત ગણાય ! તે જ ભાસે છે. ચક્ષુસંયુક્ત છીપમાંથી, છીપનાં ચળકાટને લીધે - વિષયનિષ્ઠધર્મને લઈને - રજત-(રૂપ) અન્ય (પદાર્થ)નો ખ્યાલ-ભ્રમ-તે અન્યખ્યાતિ છે. આ નિરુપાધિક-ભ્રમ- તે અન્યખ્યાતિ છે. આ નિરુપાધિક-ભ્રમ અધિષ્ઠાનના જ્ઞાનથી દૂર થાય. છીપનું જ્ઞાન થતાં, તેને બદલે તેમાં રજતનો ભ્રમ, પછી ન રહે. સોપાધિક ભ્રમ તો ઉપાધિનાશથી દૂર થાય. ફરતાં બંધ થઈએ - ફેર ઊતરે - પછી બધું ફરતું ન લાગે. અહીં, ભગવદિચ્છાથી પોતાનામાં દેખાતા મનુષ્યધર્મો, ભગવાનમાં ન હોવા છતાં, ભક્તિરહિત - બુદ્ધિના દોષથી, ભગવાનમાં ભાસે છે, તેથી ભગવાનમાં મનુષ્યબુદ્ધિ-દૃષ્ટિ-થાય છે ! આ સોપાધિકભ્રમ છે. ભક્તિરહિતતારૂપ ઉપાધિ જતાં, ભક્તિ થતાં, તેમ ન થાય.

ભણવાથી ભ્રમ ન જાય, કૃપાથી કૃતાર્થ થવાય ! :

આશ્ચર્ય અને દુઃખ શ્રીશુકને થયું લાગે છે ! શાસ્ત્ર જાણવા, ભણવા છતાં કૃપા વિના કૃષ્ણ માણવા મળે ક્યાંથી ? - "जों लों हरि अपनपों न जनावें, त्यां लों वेद-पुराणस्मृति पढे सुनें नहीं

आवै ।"- ભક્તે સાચું કહ્યું છે. પ્રભુની યાચના સાંભળી છતાં, તે બ્રાહ્મણો "હા" ન બોલ્યા, "ના" પણ ન કહી ! શાન્ત શ્રીશુકને પણ સંતાપ થયો ! **"परंतप !"**- સંબોધન કોપનિષેધ માટે, પોતાનામાં દશમના આરંભથી વિરાજતા ભગવદ્રૂપ આધિદૈવિક શ્રીશુકને કર્યું ! ક્રોધરૂપ શત્રુને તપાવે, શાન્ત કરે, તે,-પરંતપ ! લીલાભાવના - પરવશતામાં આ મુખમાંથી નીકળી ગયું છે, વિચારીને બોલ્યા નથી ! અતિથિનો આદર તો મહાભાગ્ય છે. નિરાશ ગોપો પાછા આવ્યા. પરીક્ષિત રાજાને ક્રોધ ન આવે, તેથી પણ **"परंतप"** કહ્યું. ભગવાન્ બ્રહ્મણ્ય છે. બ્રાહ્મણ પર ક્રોધ ન થાય. ગોપોએ રામ-કૃષ્ણને વિગત વિદિત કરી. જગદીશ્વર હસ્યા ! જગદીશ્વર તો ઈચ્છે તે કરે, - સૌની પાસે કરાવે ! લૌકિકગતિ ભગવાને બતાવી ! માગનારને તો ક્યારેક મળે, ક્યારેક ઉત્તર પણ ન મળે ! પ્રયત્ન કાંઈ પડતો મુકાય ?

નિર્દોષ ભક્તના ભરોસે ભગવાન્ માગે છે ! : ભક્ત તો ઉલ્લાસથી આપે છે ! :

ભગવાને નિર્દોષ ભક્ત યજ્ઞપત્ની પાસે મોકલ્યા. ખાતરી આપી, વગર માગ્યે પણ - **"दास्यन्ति कामं"**- "ઈચ્છેલું આપશે !" ભક્તોને ભરોસો ભગવાનનો, ભગવાનને ભરોસો ભક્તોનો ! - જ્ઞાનીઓનો નહિ ! પહેલાં બ્રાહ્મણો પાસે માગવા મોકલતાં, "આપશે" - તેમ કહ્યું નથી ! નિરાશ સ્વજનને આશ્વાસન પણ ભગવાન્ જ દે ને ? **"मां ज्ञापयत..आगतम् ।"**- "રામ સાથે મારા આવવાના સમાચાર આપો !" મંગલ - સમાચાર લાવનારને તો વગર માગ્યે વધાઈ મળેને ! પ્રભુ પધારે, તેથી વધારે મંગલ સમાચાર ભક્તોને કયા હોય ? ! **"स्निग्धा मय्युषिता धिया ।"**- "સ્નેહભર્યાં છે, બુદ્ધિથી મારામાં રહેલાં છે !" યજ્ઞપત્નીનું તન યજ્ઞમાં, મન ભગવાનમાં છે ! બુદ્ધિ જેની ભગવાનમાં હોય તેની બુદ્ધિ અને ભાવવૃદ્ધિ સ્વાભાવિક હોય ! ભગવાનમાં ભાવવાળા મધુર, કોમલ જ હોય. બ્રાહ્મણોએ તો યજ્ઞસંબંધી અન્યદેવતાના ઉદ્દેશથી, સંકલ્પપૂર્વક સ્વર્ગકામનાથી અન્ન મેળવ્યું છે. તેમનું અન્ન તો સકામ છે, કામરૂપ થયું, તેથી આ બ્રાહ્મણ ભગવદ્ભક્ત નથી. અન્ય માટે આણેલું, ભક્ત ન હોય તેનું આપેલું, ભગવાન્ અંગીકાર ન કરે, તેથી **"वः"**- "તમને આપશે-" - તેમ બોલ્યા છે !

ગોપબાલકો તો ચાલ્યાં ! જુદે રસ્તે થઈને પત્નીશાલાએ આવ્યા. સૌભાગ્ય-સંપન્ન સ્ત્રીઓને જોયાં. નમ્યા. વિવેક કર્યો. સંદેશ દીધો. - "અહીંથી થોડે દૂર ફરતા કૃષ્ણે અમને મોકલ્યા છે. ભૂખ્યા છે. રામ અને અમે સૌ સાથે છીએ. તેમને અન્ન આપો !" ધર્મપરાયણ જ્ઞાનિવિપ્રોને **"यदि श्रद्धा"**- કહ્યું હતું. ભક્ત પત્નીને તેમ ન કહ્યું ! ધર્મ અને જ્ઞાનમાં પણ ક્વચિત શ્રદ્ધા શોધવી પડે ! સ્નેહમાં શ્રદ્ધા સ્વાભાવિક હોય. ! **"तस्य प्रदीयताम्"**- ગોવાળોએ પ્રભુને, ત્યાં જઈને આપવા કહ્યું છે. ગોવાળો પણ ધર્મનિષ્ઠ છે. ભગવાને કહ્યું છતાં, બીજાનું કે સ્ત્રીનું દીધેલું લેવા ઈચ્છતા નથી. તેમનો તે ધર્મ છે. ગોવાળો તો અજ્ઞ ખરાને ! ભક્તસ્ત્રીઓએ ભગવાન્ પધારે છે, - જાણ્યું. ભગવાનની વાતોથી તેમનું મન ભગવાનમાં દોડતું હતું. આજે તો ભગવાન્ સામેથી પધારતા હતા. ભટકતું મન કથાથી ભગવાનમાં સ્થિર થાય ! - ઉલ્લાસ ઉભરાયો, ઊભાં થયાં. ભક્ષ્ય, પેય, ચોષ્ય, લેહ્ય - પદાર્થો સઘળા પાત્રો સાથે લીધા. કાઢવા ન રહ્યાં. દોડ્યાં.

ભક્ષ્ય - દાંતથી ખવાય - મીઠાઈ વગેરે; પેય - પીવાય - અંદર મુખમાં સીધું મુકાય - દૂધપાક વગેરે; ચોષ્ય - ચુસાય - શેરડી, મેથીઆં વગેરે; લેહ્ય - જીભથી ચટાય - શ્રીખંડ વગેરે; સઘળું ભોજન આ ચારમાં સમાઈ જાય ! **"अभिसस्रुः"**- અભિસરણ આ સ્ત્રીઓએ કર્યું ! પ્રિય પ્રભુ પાસે પહોંચવું છે.

પતિને પણ પૂછવા રહ્યાં નથી! "निम्नगाः"- નદીઓની જેમ, નૈસર્ગિક ગતિ છે. નદી તો નીચે ધસે, ઊંચે નહિ. પતિ તો ઊંચે - અહંકારમાં - છે. પ્રભુ નીચે - માગીને નમ્ર - છે! માબાપ સિવાયનાં સંબંધીઓએ વાણીથી - અટકાવવા પણ પ્રયત્ન કર્યો છે! ધર્મ - પતિથી, અર્થ - ભાઈથી, અભિલષિત કામ - બન્ધુ જનથી, મોક્ષ - પુત્રથી પણ સિદ્ધ થાય. ચારે પુરુષાર્થની પરવા વિના સ્વતંત્ર- ભક્તિરૂપ પંચમપુરુષાર્થ માટે દોડ્યાં, ભગવાન્ પાસે! છ ગુણ ભગવાનના અને સાતમા પોતે! સાતે પુરુષાર્થરૂપ! ઉત્તમ-પુરુષાર્થ-પ્રાપ્ત-લોકો પણ ભગવાનને સ્તવે છે; તેથી ભક્તિ આઠમો પુરુષાર્થ! પુરુષાર્થ તો ઈચ્છ્યાં હોય તે ગણાય. અહીં, તો ભગવાન્ જ ઈચ્છેલા પુરુષાર્થરૂપ છે! જ્ઞાનીઓનું બ્રહ્મ ભૂખ તરસ વગરનું હશે! ભક્તોના ભગવાન્ તો પોતાની જેમ ભૂખ્યા થાય, આરોગે! મુખ્ય-યજમાનપત્ની સિવાયનાં સઘળાં ગયાં. યમુનાકિનારે સુંદર વિહારયોગ્યસ્થલે મનમાન્યા પ્રભુને જોયા!

શૃંગાર-રસાત્મક નટવરવપુ ભગવાન્ એક બ્રાહ્મણ-પત્ની પર કૃપા કરવા તેનું અન્ન આરોગ્યા!:

श्यामं हिरण्यपरिधिं वनमालिबर्हधातुप्रवालनटवेषमनुव्रतांसे ।
विन्यस्तहस्तमितरेण धुनानमब्जं कर्णोत्पलालककपोलमुखाब्जहासम् ॥ (२२)

"श्यामं" શૃંગારરસાત્મક સ્વરૂપ સૂચવે છે. શ્રુતિમાં અન્નનો તે વર્ણ છે. અન્ન (પૃથ્વી) સર્વ-રસાત્મક-ભોગ્ય-છે. ભગવાન્ પણ રસરૂપ, યોગ્યભક્તોથી માણી શકાય તેવા છે! કેવલ રસજનક ન લાગે, તો અન્યવર્ણ-સંબંધ વર્ણવે છે. "हिरण्यपरिधिं"- સુવર્ણની કટિમેખલા, કુંડલ, મુકુટ, માલાઓ, પીતામ્બર, કંકણો, બાહુબંધ વગેરેથી શોભતા, સુવર્ણતેજઃ - વર્તુલવાળા, આ શ્યામચન્દ્ર છે! પ્રભુનાં સ્વરૂપાત્મક આભરણો છે, તેમાંથી પણ અવતારો થાય છે! આ અવતારોના મૂર્તિમંતરૂપ આભરણો છે! અનંત અવતારોના મૂલરૂપ આ કૃષ્ણ છે. આ વિશેષણોથી ધર્મસહિત - સંયોગરૂપ-શૃંગાર-રસાત્મક કૃષ્ણ કહ્યા છે! "वनमाला"- સર્વ પુષ્પમયી શ્વેત વનમાલા છે! "बर्ह"- મયૂરપિચ્છનો મુકુટ પણ છે. "धातु"- વિવિધ ધાતુઓ ધરી છે. "प्रवाल"- આરક્ત કૂંપળો ધરી છે. આ બધાથી "નટવેષ" દેખાય છે. બંને મળીને "નટવરવપુ"નો પરિચય છે! પ્રભુએ પોતાની પ્રિયપરવશતા સૂચવતાં સખાના સ્કન્ધે શ્રીહસ્ત પધરાવ્યો છે, બીજા હાથે કમલાત્મક વિશ્વને ઘુમાવે છે! યુગલરસ સૂચવતાં નિર્ભયતા દઈ રહ્યા છે. સ્વલ્પ પણ અન્યથાભાવ થાય તો ભગવદ્રસ ન મળે! તે સૂચવતાં હાથ સખાના ખભા પર છે.

હાથમાં ફરતા કમલમાંથી મકરંદ સ્રવે છે, - તે રસ વધારે છે. કાનમાં કમલ ધર્યાં છે! ભ્રમર જેવી અલકાવલિ આસપાસ ઊડે છે! ગાલે અને મુખકમલે હાસ્ય માણે છે! જ્ઞાન-ક્રિયાની મર્યાદા, શાસ્ત્ર-વેદાંત અને ભક્તિનો અવિરોધ તે સૂચવે છે. બે કર્ણ - સાંખ્યયોગ - કે પ્રવૃત્તિનિવૃત્તિ-શાસ્ત્રરૂપ છે. કર્ણમાં ધરેલાં કમલ - મર્યાદારૂપ છે. અલક - શાસ્ત્ર કે વૈદુષ્ય રૂપ છે. ગાલ ભક્તિના અંગરૂપ છે. મુખ ભક્તિરૂપ છે. મોહક-હાસ્ય સર્વ વિરોધને શાન્ત કરનારું છે. આવા રસાત્મક સુંદર સ્વરૂપને છોડીને જવાય નહિ, અન્યત્ર પતિભાવ પણ ન થાય, છતાં હાસ્યની આ મોહકતાથી આ વિપ્રપત્નીઓમાં આથી વિરુદ્ધ દેખાય પણ છે! તે વિરોધશમન રૂપ છે! આ સ્વરૂપભાવોનું, પોતાના તદનુરૂપ ભાવો દ્વારા સાક્ષાત્ અનુભવ પછી, શ્રવણ થાય તો અનુભવ-સંગતિથી સર્વાંગ રસાનુભવ થાય. અહીં તો, આમ બન્યું નથી, તેથી પાછાં ગયાં. સાંભળેલા પ્રાયઃ ગુણોથી હૃદયમાં પધારેલા

શબ્દાત્મક પ્રભુમાં મગ્ન મન હતું, તે સ્વરૂપાત્મક પ્રિયને નેત્રથી હૃદયમાં પધરાવ્યા, આલિંગનનો આહ્લાદ માણ્યો, સંતાપ શમાવ્યો, જ્ઞાનનિષ્ઠની જેમ અંદર સુખ થયું ! સંતાપશાંતિ રૂપ ફલ થયું. "**आत्मा वारे द्रष्टव्यः श्रोतव्यो मन्तव्यो निदिध्यासितव्यश्च ।**" આત્મારૂપ ભગવાનનું શ્રવણ, મનન, નિદિધ્યાસન, સાક્ષાત્કાર કરવાં જોઈએ ! આ મર્યાદા (જ્ઞાન) માર્ગનું ફલ થયું. મર્યાદાદેહ છોડાવીને, પુષ્ટિમાર્ગીય દેહ પ્રાપ્ત કરાવીને, જે એક વિપ્રપત્નીને પોતાની પાસે પધરાવ્યાં છે, તેમને માટે પ્રભુએ રસાત્મક ધર્મો અહીં પ્રકટ કર્યા છે, સૌને માટે નહિ ! તેથી આ ફલ થયું. આ શ્લોકમાં દર્શન ન કહેતાં પૂર્વશ્લોકમાં કહ્યું છે. પરંતુ બંને રૂપ એક જ છે, તેથી શ્લોકસંગતિ છે. વ્યામોહને લીધે સૌના હૃદયમાં આ દેખાતા ધર્મો આવ્યા નથી.

સર્વબુદ્ધિદ્રષ્ટા ભગવાને હસતા મુખે લૌકિકરીતે સ્વાગત કર્યું, - "**स्वागतं वो महाभागाः....।**" રાસમાં પણ વ્રજભક્તોનું સ્વાગત થવાનું ને ! આ મર્યાદાફલ છે, ત્યાં પુષ્ટિફલ થશે ! "સ્વાગત થાવ. બેસો, દર્શનની ઈચ્છાથી આવ્યા તે યોગ્ય છે. કુશલ, સ્વાર્થજ્ઞ-લોકો હેતુરહિત દૃઢ પ્રેમલક્ષણાભક્તિ મારામાં કરે છે !" ભક્તિમાર્ગમાં તો ભગવાન્ જ સ્વતન્ત્ર પુરુષાર્થ રૂપ છે. ઉપાધિરહિત સ્નેહ ભગવાનમાં થાય છે. તેમાં ઉપયોગી રૂપે જ પોતાનાં આત્મા વગેરે પ્રિય લાગે છે, તેથી તો "**यर्ह्यम्बुजाक्ष न लभेय भगवत्प्रसादं...।**"- એમ રુક્મિણીજી વિનવે છે, - પ્રભુને ! "આપની કૃપા નહિ થાય, આપ સ્વીકાર નહિ કરો, તો વ્રતકૃશ થયેલા પ્રાણ છોડીશ, સેંકડો જન્મ સુધી રાહ જોઈશ !" પ્રભુ વગર પ્રાણ છોડવાની પણ તૈયારી છે. ભક્તિમાર્ગમાં ભગવાનમાં સ્નેહ છે, તે સહિત આત્મામાં સ્નેહ છે, તેથી અન્યત્ર રાગ રહેતો નથી, સહજ વૈરાગ્ય છે ! વિષયિલોકોને આત્માનું જ્ઞાન હોતું નથી. તેમાં સ્નેહ હોતો નથી, તે સહિતના દેહાદિમાં સ્નેહ હોય છે. મુમુક્ષુઓને ભગવાનમાં નહિ, પણ તે સહિતના આત્મામાં સ્નેહ હોય છે, તેથી આત્મનાશક વિષયોમાં વૈરાગ્ય થાય છે; દેહને દુઃખ દેનાર પ્રત્યે દ્વેષ થાય તેમ ! આ ગૌણજ્ઞાન સ્નેહનું કારણ છે. તે પ્રભુને સ્નેહપાત્ર બનાવતું નથી, વિષયવૈરાગ્ય દૃઢ રહેતો નથી ! ભરતજીને પુનઃ, મૃગમાં આસક્તિ થઈ હતી ! જેના સંપર્કથી ઈન્દ્રિય, પ્રાણ, બુદ્ધિ, મન, શરીર, ધન, આત્મા, સ્ત્રી, પુત્ર, પશુ, ધન વગેરે પ્રિય લાગે છે, તેનાથી વિશેષ સહજપ્રિય કોણ હોય ?

"કાર્ય પૂર્ણ થયું. યજ્ઞસ્થળે જાવ. ગૃહસ્થાશ્રમી બ્રાહ્મણો તમારા દ્વારા સત્ર સંપૂર્ણ કરશે !" પત્નીઓને આ ગમ્યું નહિ. "**मैवं विभोऽर्हति भवान् गदितुं नृशंसं....।**"- પ્રાર્થના પ્રભુને કરી. પુષ્ટિ માટે પધારેલાં પ્રભુ મર્યાદા કેમ કરે છે ? આ તો ક્રૂર વાક્ય છે. કોમલ અને સમર્થને ન શોભે ! સંસારદાવાગ્નિમાંથી નીકળેલાને પુનઃ પાછા તેમાં કેમ ફેંકાય ? અસહ્ય છે આ ! વિભો તો સમર્થ છે. પોતે તે રૂપ બને, પોતાને અન્ય રૂપ બનાવે, સાયુજ્ય આપે, વૃક્ષ બનાવી દે, અદૃશ્ય કરી દે ! "**मामुपेत्य तु कौन्तेय पुनर्जन्म न विद्यते ।**"- પ્રભુપ્રાપ્તિ પછી પુનર્જન્મ ન હોય. "આપનાં વચનો સત્ય કરો ! અમે તો આપની સેવા કરીને, ચરણનાં પ્રસાદી તુલસીજીને પરમપુરુષાર્થ રૂપે પ્રાપ્ત કરી, મસ્તકે ધરી, કૃતાર્થ થવા ઈચ્છીએ છીએ. સર્વ-સ્વજનનો ત્યાગ કર્યો છે. કોઈ અમને હવે સ્વીકારશે નહિ. અમને ચરણે પડેલાંને અન્યગતિ હવે ન મળે, તેમ કરો. દયા કરીને દાસ્ય આપો !" ભગવાને તરત સમાધાન કર્યું, - "તમને કોઈ દોષ નહિ દે, અસૂયા નહિ કરે, મારાં બને તેનું દેવો પણ સંમાન કરે ! આ પ્રસંગે સંગ પ્રીતિવર્ધક નથી. મન મારામાં રાખતાં, સ્વલ્પ સમયમાં મને પ્રાપ્ત થશો !" ભગવદાજ્ઞાનું ઉલ્લંઘન

ન થાય. **"इत्युक्ता द्विजपत्न्यस्ता यज्ञवाटं पुनर्गताः ।"**- દ્વિજપત્નીઓ પુનઃ યજ્ઞમાર્ગે ગયાં. મર્યાદામાં આજ્ઞા પાળી. રાસમાં ગોપીજને આજ્ઞા ન માની, ઈચ્છાનુકૂલ થયાં, પાછા ન ગયાં, રાસસુખ મળ્યું !

પત્ની દ્વારા અસૂયારહિત બ્રાહ્મણોનો સત્ર સંપૂર્ણ થયો, દેહરહિત પત્નીના પ્રતિનિધિ સ્થાપનથી. **"यानि दीक्षितव्रतानि तानि पत्न्याः।"**- શ્રુતિ છે. "દીક્ષા લેનાર પુરુષનાં જે વ્રત, તે પત્નીનાં !" મુખ્ય યજમાનપત્ની ગયાં નથી, બ્રાહ્મણોને સ્વર્ગપ્રાપ્તિ થઈ નથી. "પદ" - પ્રાપ્તિ થઈ છે ! પત્ની દ્વારા પતિ પણ પાવન થયા છે, પ્રભુમાં પ્રીતિયુક્ત થયા છે. પ્રભુ પાસે ન જઈ શકેલાં એક મુખ્યપત્નીએ, યથાશ્રુત પ્રભુને હૃદયમાં ભેટી દેહ છોડ્યો, પ્રભુ-પ્રાપ્ત થયા ! સેવામાં ઉપયોગી ન થાય તેવું શરીર શું કામનું ? તે તો દોષરૂપ છે. તે પત્ની પોતાનામાં આવતાં, તેમને અને બાલકોને ભગવાને ભોજન કરાવ્યું. ધર્મ-ભક્તિ અને સ્વવચનરક્ષા માટે તે અન્ન બલભદ્રજી સાથે પ્રભુ પોતે પણ આરોગ્યા. પ્રભુએ તો પોતાનામાં આવેલાં યજ્ઞપત્નીને આરોગાવ્યું ! પ્રભુ છે ને ! પુષ્ટિપ્રસાદ કર્યો. બ્રાહ્મણનું આ અન્ન તો- **"काममन्नं"**- માં દોષવાળું ગણ્યું છે, છતાં પ્રભુ આરોગ્યા ! કારણ, પત્ની પુરુષના અર્ધાંગ રૂપ છે. તે તો ભક્ત છે. તે પતિને છોડીને ગયાં, તેથી તે દોષ દૂર થયો. ભગવાન્ માટે ભક્તિપૂર્વક ભક્તપત્ની ભોજન લાવ્યાં. **"पत्रं पुष्पं फलं तोयं-भक्त्युपहृतमश्नामि....।"**- ભક્તિથી લાવેલી પત્ર, પુષ્પ, ફલ, જલ જેવી નૈસર્ગિક સામાન્યવસ્તુ પણ, નૈસર્ગિક, સહજસ્નેહથી ભક્ત લાવે તો ભગવાન્ જરૂર આરોગે, તેથી ભગવાન્ આરોગ્યા; અથવા તે તો પાત્રસહિત ભોજન લાવ્યાં છે, જુદું કાઢીને લાવ્યાં નથી. પહેલાં તો બ્રાહ્મણોનો ઉદ્દેશ જુદો હતો. તે દોષરૂપ હતો. ભક્તપત્નીઓ ભગવદુદ્દેશથી જ લાવ્યાં. સામાન્ય-ઉદ્દેશથી ભક્તોનો ઉદ્દેશ બલવાન્ હોય. ઉદ્દેશ બદલાયો. દોષ દૂર થયો. પ્રભુ આરોગ્યા ! પત્નીના સંબંધથી પતિ પણ ભક્ત થયા જ છે; અથવા આધિદૈવિકયજ્ઞ માટેનું અન્ન છે. બ્રાહ્મણોએ તે માટે આધ્યાત્મિક યજ્ઞરૂપ ગોપોની માગણી ન માની ! તે દોષરૂપ છે, તેથી તો આધિભૌતિક-યજ્ઞ પણ સંપન્ન થાય નહિ ! સાક્ષાત્ આધિદૈવિકને દેવું શક્ય ન હોવાથી, દયાળુ ભગવાને આધ્યાત્મિક- યજ્ઞ રૂપ ગોપોના સંતોષ દ્વારા આધિદૈવિકનો સંતોષ અને આધિભૌતિકની સંપૂર્ણતા ઈચ્છી, નહિ તો યજ્ઞનું અન્ન યજ્ઞ માટે રાખ્યા વિના ન માગે. **"यथा तरोर्मूलनिषेचनेन....।"**- મૂલને જલ દેતાં વૃક્ષ પોષાય, તેમ મૂલરૂપ પ્રભુને આરોગાવવાથી સૌ સંતોષાય, તે વિચારે પત્નીઓ સઘળું અન્ન લાવ્યાં ! પ્રભુ આરોગ્યા.

પ્રસન્ન-પ્રભુ પોતાના પ્રસાદથી એક વિપ્રપત્નીને શ્રીગોપીજનની સાથે પુષ્ટિ-ફલ (લીલાનુભવ) દે છે ! :

આવાં ભગવાનના લીલાવિહારો છે. **"नृलोकमनुशीलयन्"**- સર્વ-લૌકિક-વૈદિકને સ્વધર્મમાં યોજતાં પ્રભુ વિહરે છે. બંનેને ભગવચ્છાસ્ત્રાનુસારી બનાવે છે. બ્રાહ્મણોની આ કથામાં વૈદિકજ્ઞાન-કર્મનું નિરૂપણ છે. ગયા અધ્યાયમાં લૌકિકકાર્ય કરનારની કથા કહી. તેમાં કુમારિકાઓ અને બાલકો કૃષ્ણકૃપાથી કૃતાર્થ થયાં. આ અધ્યાયમાં વૈદિકકર્મ કરનાર વિપ્ર અને વિપ્રપત્નીની કૃતાર્થતા કહી છે. અહીં યજ્ઞ કરતા વિપ્રો તામસ છે. ગોવાળો જેવા છે. તેઓ પોતાને **"मूढाः"**- કહે છે. તામસફલ-પ્રકરણમાં અન્તર્ગૃહગતા શ્રીગોપીજન જેમ પ્રભુને પ્રાપ્ત થયાં, તેમ એક વિપ્રપત્ની પ્રભુ-પ્રાપ્ત થયાં ! ગોપીજનના પાપ-પુણ્યની નિવૃત્તિ ત્યાં કહી છે. અહીં તેમ કહ્યું નથી ! **"यज्ञो वै यजमानः ।"**- શ્રુતિ

છે. આધિદૈવિક યજ્ઞના આધારરૂપ યજમાન્ છે; તેમ યજમાન-પત્ની પણ આધિદૈવિકપત્નીના આધારરૂપં છે, તેથી કાલ-કર્મ-સ્વભાવ દૂર થયાં. યજ્ઞ તો થયો નથી, પરમભક્તિથી પુરુષોત્તમમાં મુક્તિ મળી,- અંતર્યામી પણ પ્રાપ્ત થયા ! શ્રીગોપીજન ભગવદાજ્ઞા છતાં વ્રજમાં પાછાં ન ગયાં, રાસ મળ્યો ! અહીં, વિપ્રપત્નીઓ પાછાં ઘેર ગયાં ! આ તો સાધન-લીલા છે ને ! વિપ્રોનું યજ્ઞરૂપ સાધન પૂર્ણ થાય ને ! વિપ્રો જાણે છે, - કૃષ્ણ ભગવાન્ છે ! ગોવાળોએ યાદ પણ દીધું, છતાં તે પ્રભુ પાસે ન ગયા ! પત્નીના સંગથી જ તેમને તો ભક્તિ અને મુક્તિ થવાનાં છે. ગોપીજન દ્વારા ગોપો પણ ફલ મેળવે છે. ઉત્તમ ભક્તોના સંબંધથી સામાન્યોને પણ ભક્તિ અને મુક્તિ સુલભ થાય છે. શ્રીગોપીજન સાથે વિપ્રપત્નીઓને પણ ફલ પ્રાપ્ત થવાનું ! ભક્તિમાં આદરવાળા ભક્તો અને વૈષ્ણવ રૂપ વૃક્ષોનું નિર્દોષ અન્ન નિર્દોષ બનાવે. ભગવાને ગોપોની ભૂંખ ભક્તોના અન્નથી શાંત કરી. ભોજન પણ નિર્દોષ લોકો સાથે થાય. અન્યનું તો અન્ન પણ મન બગાડે ! બે અધ્યાયમાં સેવક અને સામાન્યને (૧) વ્રત, (૨) આજીવિકા-જ્ઞાન, (૩) દાન અને (૪) માહાત્મ્યબોધઃ - આ ચાર વાતો કહી.

વૈદિકજ્ઞાનકર્મનું નિરૂપણ અહીં કર્યું છે. વિપ્ર અને તેમનાં પત્નીમાં મર્યાદા-પુષ્ટિ બે પ્રકારનાં છે. તેનું ફલ છે, - ભક્તિ ! ભગવાનના સંબંધ વગર કર્મ પણ સત્ત્વશુદ્ધિ ન કરે ! ગોવાળોના શબ્દોથી પણ યજ્ઞ કરતા વિપ્રોની સત્ત્વશુદ્ધિ થઈ નથી, છતાં પણ તેમનું કર્મ તો વૈદિક છે ! વૈદિકકર્મનું તાત્પર્ય ભગવાનમાં જ છે, તેથી પરિણામે ભક્તિ થઈ છે ! તે પણ ભક્તસંગથી, સ્વતઃ નહિ ભક્તિ વગર તો વ્યર્થતા જ છે ! કથારંભમાં, ''भक्ताया विप्रभार्यायाः ।''- માં-એકવચનથી, એકના જ પ્રસંગથી, સૌનો સ્વીકાર છે ! તેવાં પત્નીઓના સંગથી બ્રાહ્મણોને ભક્તિ થઈ. “અમારા પતિ અમારો સ્વીકાર નહિ કરે !” એ વિપ્રપત્નીઓની વાત સાંભળીને ભગવાને તેમને સમજાવ્યાં. ઘેર મોકલ્યાં. મર્યાદા-માર્ગીયતાથી તેમનાં દેહાદિ સ્વયોગ્ય ન કર્યાં ! અન્યશેષ (બીજાને મુખ્ય ગણીને, ભગવાનને ગૌણ ગણીને થતા) ભજનથી ભગવાન્ પ્રસન્ન ન થાય ! તેનાથી અંતરાય ઊભો થાય, પરિણામે પુરુષાર્થ સિદ્ધ ન થાય. બીજાં સૌમાં સ્નેહ હોવા છતાં, ''प्रसीदन्''- થી કહેલ પ્રસાદના કારણરૂપ, જે એકની ભક્તિ કહી, તે તો વિલક્ષણ છે, સર્વાત્મભાવરૂપ છે ! અહીં તો પુષ્ટિલીલામાં સ્વીકાર, - તે જ પ્રસાદ (પ્રસન્નતા, કૃપા, સ્વ-ધર્મનું સ્થાપન) છે, સદ્યોમુક્તિ નહિ; - નહિ તો પૂતનામોક્ષનો પ્રસંગ અહીં વિરુદ્ધ લાગે ! આ વિપ્રપત્નીનું શરીર મર્યાદામાર્ગીય છે, તેથી તેના નાશપૂર્વક કૃષ્ણે કૃપા કરી !

ભગવાને પોતાને જ ''प्राणबुद्धि'' - થી સહજ-પ્રિય રૂપ ગણાવ્યા. અન્યત્ર-પ્રીતિ ઔપાધિક (કોઈ કારણથી) કહી, છતાં ભગવાનનું કહેલું તાત્પર્યજ્ઞાનપૂર્વક સમજાયું નહિ ! ગોવાળો દ્વારા કહેલો સંદેશ પણ સમજાયો નહિ ! દેહ છોડનાર ઉત્તમ ભક્તપત્નીનો ભાવ સૌથી ઉત્તમ છે, સર્વાત્મભાવ છે. તે પણ પહેલાં સમજાયો નથી. તે તો છે જ તેવો ! સૌ પત્ની તો પ્રભુ પ્રત્યેના ઉત્કટપ્રેમથી આવ્યાં છે, સંદેશરહસ્ય સમજીને નહિ ! તે પણ સમજાય તેમ નથી ! એક ભક્તપત્નીનો ભાવ તો વ્રજભક્ત જેવો છે. તેને લીલાનુભવ દીધો છે ! જો તે શરીર સહિત આવ્યાં હોત, તો પણ પાછાં ન મોકલી શકાત. તેમને મર્યાદારૂપ દેહ છોડાવીને પ્રભુ લાવ્યા, તે “પ્રસાદ” રૂપ છે, દેહત્યાગ કે મુક્તિ નહિ; તે તો પૂતનાને પણ મળ્યાં છે ! સર્વસ્ત્રી કરતાં આ એક ભક્તસ્ત્રીનો ભાવ ઉત્કટ છે. લીલાનરવપુ ભગવાન્ ગાય-ગોપ-ગોપીના સંબંધી બનીને, સ્વરૂપ, વાણી અને ક્રિયા દ્વારા વિહારો કરે છે, - કરાવે

છે. કર્મજડતા ગઈ, - ભક્તિ થઈ! બ્રાહ્મણોને પશ્ચાત્તાપ થયો, - "જગદીશ્વરની યાચના આપણે માની નહિ!" ભક્તપત્ની જતાં સંતાપ થયો! સૌથી મોટો અપરાધ તો ભગવાનની આજ્ઞાનું ઉલ્લંઘન છે! ભગવાન્ જ પ્રેરનાર અને અટકાવનાર છે. બ્રાહ્મણો સત્રરૂપ ધર્મમાં અન્નદાન અવરોધરૂપ નથી. કર્મફલ રૂપે ભક્તિ મળી છે. શાસ્ત્રોક્ત ભિક્ષા બાધિત છે, લૌકિક નહિ. ભગવાને દીનતાથી યાચના કરી નથી,- કૃપા કરવા માટે જ કરી છે! ધર્મ-રહિત સ્ત્રીઓની અલૌકિક કૃષ્ણભક્તિ જોઈ. આનંદરૂપ પ્રભુ હૃદયમાં સ્ફુર્યા છે! હીનતા પોતાની - ધર્મપરાયણોની લાગી. પુષ્ટિભક્તિમાં આવી દીનતા હોય. (૧) તારતમ્ય (તર - તમભાવ, ઉત્તમતા કે સામાન્યતા)નું પરિજ્ઞાન, (૨) પદાર્થનું યથાર્થજ્ઞાન, (૩) ભક્તિભાવ, (૪) ભક્તિનો અભાવ. - આ ચાર જાણે તે, ભક્ત!

કૃષ્ણ-કૃપાથી જ સ્વદોષ દેખાય, દીનતા આવે, ભક્તિ મળે - ફળે!:

धिग् जन्म नस्त्रिवृद् विद्यां धिग् व्रतं धिग् बहुज्ञताम् ।
धिक् कुलं धिक् क्रियादाक्ष्यं विमुखा ये त्वधोक्षजे ॥ (३९)

જન્માદિનું ફલ છે, - ભક્તિ! શરીરમાં પ્રાણ ન હોય તો, શબ તો બાળવા યોગ્ય - નકામું છે, તેમ ભક્તિ વગરનાં જન્માદિ, ઉત્તમ હોવા છતાં, નકામાં - ધિક્કાર યોગ્ય - બાળવા જેવાં - છે! અતિત્રાસમાં ક્વચિત્ સ્ત્રીઓ - "બળ્યો આ જન્મ!" - તેમ કહે છે ને! તેમ, આ વેદજ્ઞ વિપ્રો વેદનાનો અનુભવ કહે છે. જે ભગવાનથી વિમુખ છે, તેમના શુક્લ-સાવિત્ર-યાજ્ઞિક-રૂપ બળ્યા આ ત્રણે જન્મ! બળી વેદત્રયી સહિતની વિદ્યા! બળ્યું વ્રત! બળી ધર્મની સૂક્ષ્મ સમજ! બળી કુલિનતા! બળી ક્રિયાનિપુણતા! જ્ઞાનમાં આત્મદર્શન થાય, કર્મમાં જ્ઞાનરહિતને ક્રિયા રૂપે ભજન થાય, અદૃષ્ટ દ્વારા ફલ થાય. જ્ઞાનવાળાને અલૌકિક યજ્ઞ રૂપે ભજન થાય. ભક્તિમાર્ગમાં ભગવત્સાક્ષાત્કાર થાય; તે ઈન્દ્રિયજન્ય નથી. દર્શનથી પણ અધિક છે, - ભગવદ્રસનો અનુભવ! અન્ય-સ્વરૂપ તો આનંદાંશ માત્રથી ભજવા યોગ્ય ગણાય, શેરડી ચૂસવા જેવો આનંદ મળે! પ્રકટ પુરુષોત્તમ કૃષ્ણ તો પૂર્ણ રસરૂપ છે. શેરડી ચૂસવા કરતાં રસપાનમાં આનંદ કેટલો? તેવો અનુભવ દેતો પુષ્ટિભક્તિમાર્ગ ભગવાને પ્રકટ કર્યો છે, તે મૂકીને અન્યત્ર ઉત્તમતા ગમે તેટલી દેખાય, તો પણ કામની કેટલી? બળી તેવી ભગવદ્રસ-વિમુખ બનાવતી ઉત્તમતા!

"ભગવાનની માયામાં અમે જ્ઞાન દેનારાંઓ પણ મોહ પામ્યા! નરને દુર્લભભાવ નારીને જગદ્ગુરુ કૃષ્ણમાં થયો! સંસ્કારરહિત સ્ત્રીઓને દૃઢભક્તિ થઈ! અમને ૪૮ સંસ્કારોથી સમૃદ્ધ બ્રાહ્મણોને ન થઈ! ભગવાને ગોવાળો દ્વારા અમને પ્રમત્તોને સ્મૃતિ દીધી! અમે પણ પહેલાં ભગવદીય હતા, પણ પછી દૈત્યાવેશ થયો. દૈત્યરાજાના સ્થાનમાં રહ્યા, તેનાથી રક્ષાયા, પોષાયા, ભાન ભૂલી ગયા! અમને ભાન દેવા ભગવાને યાચના કરી, નહિ તો સર્વ સ્વામી, પૂર્ણકામ પ્રભુને કામના કઈ?! "**कैवल्याद्याशिषां पतेः ।**" "**ज्ञानादेव हि कैवल्यम् ।**"- શ્રુતિ છે. જ્ઞાનથી જ સંઘાતનિવૃત્તિથી કેવલસ્થિતિ- રૂપ કૈવલ્ય મળે. જ્ઞાનથી અધ્યાસ દૂર થાય. આ કૈવલ્ય જ પરમ-પુરુષાર્થરૂપ નથી. તે તો પ્રાથમિક છે! કૃષ્ણને કૈવલ્યાદિ - મનોરથના સ્વામી (દાતા) કહ્યા છે. કૈવલ્ય તો આદિ-આરંભરૂપ જ છે! પુરુષોત્તમની નિત્યલીલામાં પ્રવેશ તે પરમપુરુષાર્થ છે! તે તો કૃષ્ણની કૃપાથી મળેલી

પુષ્ટિભક્તિથી જ સંભવે. કૈવલ્યપ્રાપ્તિ પછી શુદ્ધજીવ રૂપે ભગવદ્ભજન થાય, ત્યારે તિરોહિતાનન્દ પ્રકટ થાય; પછી મર્યાદા ભક્તોને ભગવાનમાં મળે. પુષ્ટિમાર્ગીયભક્તોને ફલરૂપ પુષ્ટિભક્તિ મળે, નિત્યલીલા- ધામમાં પ્રવેશ મળે. "मत्प्रसादात्परां शान्तिं स्थानं प्राप्स्यसि शाश्वतम् ।"- ગીતામાં, કૃપાથી પરમશાંતિ અને નિત્યધામ-પ્રાપ્તિ કહી છે. "एको वशी सर्वगः कृष्ण ईड्य एकोऽपि सन् बहुधा विभाति । तं पीठगं ये तु भजन्ति नित्यं तेषां सिद्धिः शाश्वती नेतरेषाम् ।" – શ્રુતિ છે. તેમાં, સિંહાસનસ્થ કૃષ્ણસેવાથી નિત્ય લીલાધામ-પ્રવેશ કહ્યો છે !

ચક્રવર્તીના એકાદ દિવસની વ્યવસ્થા પણ દાસ કઈ રીતે કરી શકે ? જીવ ભગવાનની એકાદ સમયની પણ સેવા શું કરી શકે ? લક્ષ્મીજી પણ ચરણસ્પર્શની આશાથી, સઘળું છોડીને સતત સેવા કરે છે ! તે પ્રભુની યાચના તો મોહ કરાવનારી છે ! "पुरुष एवेदं सर्वम् ।"- શ્રુતિથી "સઘળું ભગવદ્રૂપ જ છે," માગણી જ મોહક છે ! "સાક્ષાત્ પુરુષોત્તમને પ્રકટ થયેલા સાંભળ્યા, પણ આપણે મૂઢોએ જાણ્યા નહિ, જાણ્યા છતાં માણ્યા નહિ ! "स एव भगवान् साक्षाद् विष्णुर्योगेश्वरेश्वरः ।"- યજ્ઞને ભગવદ્રૂપ માનનાર માટે પણ શ્રીકૃષ્ણ જ સેવ્ય છે ! તે આધિદૈવિક યજ્ઞરૂપ છે. "यज्ञो वै विष्णुः ।"- શ્રુતિ છે. "યજ્ઞ વિષ્ણુરૂપ જ છે." આ સાક્ષાત્ વિષ્ણુ પુરુષોત્તમ શ્રીકૃષ્ણ છે. બ્રહ્મભોજનમાં પણ "एको विष्णुर्महद्भूतं पृथग्भूतान्यनैकशः। त्रीलोकान् व्याप्य भूतात्मा भुङ्क्ते विश्वभुगव्ययः ॥"- "એક વિષ્ણુ મહાભૂત રૂપ છે. જુદાં પ્રાણી રૂપે અનેક છે. ત્રિલોકમાં વ્યાપીને સર્વાત્મા વિશ્વભોક્તા જ ભોગવે છે !" ત્યાં પણ વિષ્ણુ કૃષ્ણ છે. કૃષ્ણને ભોગ ધરતાં વિશ્વ તૃપ્ત થાય છે ! "આપણે અતિધન્ય છીએ. આપણાં સ્ત્રીની ભક્તિથી આપણી બુદ્ધિ કૃષ્ણમાં સ્થિર થઈ !" સ્ત્રીની ભક્તિ તેનાં સ્વજનને ભક્ત બનાવી શકે છે. "अहो वयं धन्यतमा...।"- શ્લોક શ્રીવલ્લભાચાર્યજીના મતે વિગીત છે. સ્વાપરાધના દુઃખે દીન દ્વિજો નમી પડ્યા. દીનતાથી પ્રભુ પ્રસન્ન થાય. "नमस्तुभ्यं भगवते....।"માં "तुभ्यं"થી પ્રભુ પ્રકટ થઈ ગયા લાગે છે !

ભગવાનમાં ઐશ્વર્ય અને જ્ઞાન તો સાધારણ-રીતે નિત્ય છે જ. "કૃષ્ણ" તો પૂર્ણજ્ઞાન ક્રિયા-શક્તિવાળા છે. "अकुण्ठमेधसे"- અહીં, પુષ્ટિમાર્ગીય જ્ઞાન મેધા રૂપ છે. "मदन्यत्ते न जानन्ति नाहं तेभ्यो मनागपि ।"- ભક્તો મારા વિના બીજું જાણતા નથી. હું તેમના વિના બીજું સહેજ પણ જાણતો નથી !" આવું કેવલ ભક્ત-સંબંધી સ્વજનરૂપતાનું જ્ઞાન મેધારૂપ છે. આવા ભક્તોને ભગવાન્ ક્યારેય ભૂલતા નથી. ભગવાન્ પોતાને ભૂલ્યા નથી, - તે બ્રાહ્મણોને સમજાયું ! માગીને ભગવાને તો ભાન કરાવ્યું. મોહિત બુદ્ધિવાળા આભાસરૂપ કર્મમાર્ગમાં ભટકે છે, તેનું ભાન હવે થયું. જ્ઞાન-ભક્તિ કે શુદ્ધ વૈદિકકર્મમાં મતિ થાય તો પણ યથાધિકાર પ્રભુપ્રાપ્તિ થાય. જ્ઞાન-સહિત નિષ્કામપણે કરેલાં - અગ્નિહોત્ર, દર્શપૂર્ણમાસ, પશુ,-ચાર્તુમાસ્ય અને સોમ આ પાંચ - નિત્યકર્મ મોક્ષપ્રદ છે.

અપરાધ બ્રાહ્મણોનો ગયો. પૂર્ણજ્ઞાન-પૂર્ણક્રિયા-શક્તિવાળા પ્રભુને નમ્યા, - "કૃષ્ણે કૃપા કરી. ઉપેક્ષા નથી કરી ! ભગવાન્ ઉલ્લંઘનનો અપરાધ ક્ષમા કરવા સમર્થ છે. તેમની પ્રેરણાથી બધું બને છે. દયાળુ છે, તેથી પણ દયા કરશે જ !" પ્રભુની પ્રેરણા બે પ્રકારની લાગે છે, - (૧) જીવના અદૃષ્ટાનુસાર પ્રકૃતિરૂપે કે અંતર્યામી રૂપે, (૨) સ્વતંત્રકૃપા કરવાની વિશેષ-ઈચ્છાનુકૂલ, લીલાનુસાર - ભાવાત્મક રૂપે. અહીં, ભિક્ષારૂપ યાચના સ્વતંત્ર-પ્રેરણાથી પ્રભુએ અટકાવી. યાચના ૪ પ્રકારની, -

(૧) વર્ણાશ્રમધર્માનુકૂલ - વામનજી પાસે બલિવાક્યમાં દેખાય છે. (૨) સ્નેહયુક્ત-સ્નેહ વધારવા માટે થતી. બલિ વગેરે ભક્તો પાસે, ૮૪-૨૫૨ વૈષ્ણવપ્રસંગોમાં પ્રસિદ્ધ છે. (૩) લૌકિક - કન્યા વગેરે બાબતની, નગ્નજિત રાજા પાસે ભગવાને સ્નેહ માટે કન્યા માગ્યાં છે. (૪) દીનતાપૂર્વકની - આ યોગ્ય નથી. તે પ્રભુ ન કરે. આ તો, "**भक्तायाः प्रसीदन्.....।**"- ભક્તસ્ત્રી પર કૃપા કરવા કૃષ્ણે યાચના કરાવી છે ! ભગવદીયજન પ્રસાદ લે, ભક્તસંગ મળે, તો પણ ભક્તિ થાય, ભગવાને કર્મફલ રૂપે પણ ભક્તિ દીધી ! વિપ્રોને દર્શનની ઈચ્છા તો થઈ. પણ કંસના કોપનો ડર લાગ્યો ! કંસ જાણે તો પોતાને પીડે તો પરવા નહિ, પણ પ્રભુને પરિશ્રમ કરાવે તો ! ? વિપ્રો વ્રજમાં ન ગયા. હવે, તો ભક્તિ છે ને ! પ્રભુના સુખનો વિચાર, ભક્તિની સ્વાભાવિકતા છે. ભક્તિ સંસ્કારાદિથી ન મળે. કૃષ્ણકૃપાથી જ દોષ દેખાય, દીનતા આવે, ભક્તિ મળે ! આ વિપ્રો પહેલાં ભક્ત હતા, તેથી નિર્મલ સદ્‌બુદ્ધિ થઈ !

અધ્યાય : ૨૪

ધીમે ધીમે નિરોધ કરવા ઈચ્છતા ભગવાને, જ્ઞાનથી કર્મ-સફલતા કહીને, ઈન્દ્રનું અભિમાન ઉતારવા હેતુવાદનું ખંડન કર્યું ! : નિરર્થક રૂઢિયોને તિલાંજલિ ! :

વ્રજમાં વ્રજરાજકુમાર વિહરે છે. એક દિવસ મોટા યજ્ઞની તૈયારી થતી જોઈ. "**अपश्यन्निवसन् गोपानिन्द्रयागकृतोद्यमान् ।**"- જ્યાં શાસ્ત્રોક્ત શ્રવણાદિ-પરંપરા, ભગવત્સંબંધિ-ધર્મ હોય ત્યાં અન્યધર્મ ન હોય. અહીં વ્રજમાં તો સ્વાભાવિક ઐશ્વર્યવાળા સાક્ષાત્ ધર્મી કૃષ્ણ વિરાજે છે. અન્યધર્મ ત્યાં સ્વલ્પ પણ ન સંભવે, છતાં ભગવાન્ પણ અન્યધર્મ જુએ પણ છે ! સૂર્યના કિરણમાત્રથી અંધકાર ન રહે, તો સૂર્યને અંધકાર જોવાનો હોય ખરો ? આશ્ચર્ય શ્રીશુકને પણ થયું, - તેથી તો "**भगवान्, अपि, निवसन्, अपश्यत् ।**"- બોલ્યા. પ્રભુ તો નિરોધ કરવા વિરાજે છે. અત્યાર સુધી નિવાસમાત્ર કર્યો , અન્યધર્મ અટકાવ્યો નથી. ધીમે ધીમે નિરોધ કરવા ઈચ્છે છે, એકદમ નહિ ! લીલારસાનુભવ તો ત્યારે થાયને ! અત્યાર સુધી યાગ થતો હતો. પ્રભુએ હવે નિરોધ કરવા ઈચ્છતાં તે જોયો, પોતાની જ્ઞાનશક્તિનું સ્થાપન કર્યું; તેથી તો ગોપોએ પરંપરાગત-યાગ પણ, સુખપ્રદ લાગતો હોવા છતાં, યુક્તિપૂર્વકની ભગવાનની વાતોથી છોડ્યો. બાલિશ વાતો તેને ન માની. આ બીજરૂપ જ્ઞાન, વાણીરૂપ પાણીથી ફલિત થયું, ગોવર્ધનયાગ કર્યો. ઈન્દ્ર સુખ દે છે, તેથી સુખ માટે ઈન્દ્રયાગ કરવો, - તેવી હેતુબુદ્ધિથી ગોપો યાગ કરે છે. ભગવદ્‌ભક્તોએ તેમ ન કરવું જોઈએ.

ભગવાન્ તો સર્વાત્મા છે, સર્વજ્ઞ છે. ગોવાળોએ ગયા વર્ષે પણ યાગ કર્યો છે, તેથી લોકરીતે પણ ભગવાન્ જાણે છે, છતાં વૃદ્ધોને વિવેકથી પૂછે છે ! અયોગ્યને આગ્રહથી અટકાવવું અઘરું; આત્મીયતાથી અટકાવવું સહેલું. - "પિતાજી ! આ મહોત્સવ શેનો છે ? તે કરવાનું ફલ શું ? ઉદ્દેશ ક્યો ? મને સાંભળવાની ખૂબ ઈચ્છા છે. સર્વહિતરત સત્પુરુષોને સંતાડવા જેવું કાંઈ ન હોય. સાધુઓની તો સ્વજન કે શત્રુ - તેવી દૃષ્ટિ દૂર થઈ ગઈ હોય, મિત્ર-ઉદાસીન કે શત્રુમાં સમાનતા હોય. લોકસંબંધ ચાર પ્રકારના, - આત્મીય, મિત્ર, ઉદાસીન (તટસ્થ) અને શત્રુ! તેના મુખ્ય બે ભેદ; - આત્મીય મિત્ર ગણાય, ઉદાસીન શત્રુ રૂપ ગણાય. "**उदासीनोऽरिवद्वर्ज्यः ।**"- ઉદાસીનને આઘા

રાખવા, કામ સરલ થાય." લોકો વગર સમજ્યે પણ કર્મ કરે છે. કાર્ય સમજપૂર્વક થાય તો સફલ થવું સરલ થાય. "**विदुषः कर्मसिद्धिः स्यात्तथा नाविदुषो भवेत् ।**"- વૈદિકધર્મ પણ જ્ઞાનપૂર્વક થાય તો સફલ થાય. અજ્ઞાનીને તેવું ફલ ન મળે. "**यदेव विद्यया करोति श्रद्धयोपनिषदा वा तदेव वीर्यवत्तरं भवति ।**"- શ્રુતિ છે. વિધા કે શ્રદ્ધા કે શ્રુતિજ્ઞાનપૂર્વક જે કાંઈ કરે, તે જ સંપૂર્ણ ફલજનક બને. "આ કર્મ વૈદિક છે કે સ્માર્ત ? કે કુલ-દેશ ધર્મરૂપ લૌકિક ? તે મને યુક્તિપૂર્વક કહેજો !" પ્રયોજન વગર તો મૂર્ખ પણ મથામણ ન કરે. કર્મમાં દેવતા-દ્રવ્ય ફલ કહેવાં જોઈએ, તો પ્રવૃત્તિ થાય. ગોવાળોનો આ યજ્ઞ વેદસિદ્ધ નથી, તેથી પ્રભુ ઉપહાસ પણ કરે છે, છતાં બાલભાવ બતાવે છે ! સાંભળવા ઈચ્છે છે તો,- યજ્ઞભંગ જ ! અન્યનું ભજન છોડાવી, સ્વજનને પોતાનું ભજન કરાવવા ઈચ્છે છે. બાલકરૂપ છે ! બાલક તો કાંઈ જુએ, સ્વાભાવિક રીતે અનેક પ્રશ્નો પૂછે. બાલકની જિજ્ઞાસાને દબાવી ન દેવાય. આપણી અણઆવડતને લીધે કે કંટાળીને ધમકાવાય નહિ. સ્નેહથી સમજાવાય તો બાલક તેજસ્વી વધારે બને, સ્નેહાળ બને, નહિ તો તેનું કચડાયેલું મન તેને કર્કશ બનાવી દે, કાયર બનાવી દે ! - બાલકો સાથે કામ લેતાં ખૂબ સાવધ રહેવાય. શ્રીભાગવતજીમાં બાલમાનસશાસ્ત્ર પણ આમ વણાયેલું છે. એક જ ઘરનાં બાલકો પણ સ્નેહભર્યાં માબાપની પણ અસાવધ રીતે પક્ષપાતભરી લાગતી રીતભાતથી, પરાયાં બની જાય છે. ધ્રુવ-ઉત્તમ-પ્રસંગ ચોથા સ્કંધમાં છે. મોટાંઓ કરતાં પણ બાલકના મન પર અસર વધારે થાય, સ્પષ્ટ સમજે નહિ છતાં સંકોચાય !

બાવા નન્દજીએ તો સ્નેહથી સમજ દીધી. નાનાંને સમજ દેતાં મોટાંઓની સમજ પણ કેટલી સાચી હોતી હશે ?! મોટાં થવાથી સાચાં કે સારાં થવાય ?! પોતાની સમજ તપાસવા કે બદલવાનું સૂઝે કે રુચે કેટલાંને ? સામા પર પોતાની સમજ લાદવાનું તો સ્વાભાવિક-રીતે ગમે ! અનેક અથડામણો અકળામણો તેમાંથી ઊભી થાય. હિરણ્યકશિપુએ પ્રહ્લાદને આવું કર્યું છે ને ! નન્દજીએ તો સરલતાથી પોતાની સમજ કહી, હેતુવાદ કહ્યો ! લોકોના ભ્રમથી, પરંપરાથી ચાલ્યો આવેલો ઈન્દ્રયજ્ઞ પોતે કરે છે. આ ઈન્દ્ર ભૌતિક છે. અવૈદિક કર્મમાં વૈદિક-દેવ-ઈન્દ્ર-બલિ ન લે, છતાં શ્રદ્ધા છે, તેથી ભૌતિક રૂપે લે. આધિદૈવિક ઈન્દ્ર તો ભગવાનના બાહુ રૂપ છે. તે કાંઈ વિઘ્ન ન કરે. નન્દ જાણતા નથી ! તે તો બોલ્યા, "**पर्जन्यो भगवानिन्द्रो**"- "પર્જન્ય તે વરસાદના દેવ છે. ભગવાન્ જ છે. તેનાથી અન્નાદિ થાય છે. બીજાથી આમ બને તો ભગવાન્ જગત્કર્તા ન રહે. મેઘો તેના શરીરના અવયવો છે. પ્રાણીમાત્રના જીવન રૂપ જલ તે વરસાવે છે. સર્વ જગતની તેનાથી રક્ષા થાય છે. અન્ન-જલથી તો પ્રાણી માત્ર જીવે છે. સૌનાં ઉપર આમ ઉપકાર કરનાર ઈન્દ્ર છે. પરમૈશ્વર્ય તેનું છે, તેથી સૌ તેને ભજે છે. તાત ! અન્ન પર આધાર રાખનાર સૌ લોકો મેઘના પતિ ઈન્દ્રને ભજે છે. તેનાથી જ મળેલા અન્નથી અનેકવિધ યજ્ઞો મનુષ્યો કરે છે. શાસ્ત્રમાં અધિકાર પુરુષનો; પ્રભુનો કે પશુનો નહિ ! શાસ્ત્રોક્ત કર્મ મનુષ્યે કરવાનાં હોય. આ સત્કર્મના પરિણામે ધર્મ-અર્થ-કામ પુરુષાર્થ મળે. ખેતી વગેરે વરસાદ પર આધાર રાખે છે. ઈન્દ્ર રાજી રહે તો વરસાદ થાય. વરસાદથી અન્ન થાય, તેનાથી જીવન ટકે, તેથી પુરુષાર્થ થાય; તેથી ઈન્દ્રને પ્રસન્ન રાખવાનો આ પ્રયત્ન છે. પરંપરા ચાલે છે. પરંપરાગત આચાર સદાચાર પણ ગણાય. કામ, લોભ, ભય કે દ્વેષથી પરંપરાગત સદાચાર છોડે, તેનું શુભ ન થાય." હેતુવાદથી લૌકિક-વૈદિક-સ્માર્ત-સંબંધ વગરનું કર્મ કરવા જણાવ્યું.

ભગવાન્ કૃષ્ણ તો ધર્મરક્ષક છે, પાખંડ-ધર્મ ચલાવી લે તેવા નથી; સાચી, સુંદર, સુદૃઢ, સ્પષ્ટ પરંપરા સ્થાપનારા છે. આધુનિક અર્થમાં આ સમાજ-સુધારણા છે. નિરર્થક રૂઢિયોને ઘર્ષણ વગર તિલાંજલિ છે. ધર્મના આભાસ જેવી કલ્પિત ક્રિયાઓથી તો માણસ છેતરાય છે, અધર્મ જ વધે છે. સાચા ધર્મ વગર તો કાંઈ જ ફલ ન થાય. વ્યર્થ પરંપરામાં ઘસડાયા વિના, મોટાઓ સામે પણ નિર્ભયપણે, સ્નેહ અને આદરથી, સત્યને રજૂ કરવાનું ભગવાન્ શીખવે છે. છેલ્લે, "**क्रियतां यदि रोचते**"- "રુચે તો કરો !" - કહીને પળાવવાનો આગ્રહ રાખતા નથી. સાચી-સારી વાત સૌને સમજાય. સૌ તે પાળે તેવો આગ્રહ ન રખાય. ભગવાને ધર્માભાસને અટકાવતાં, ઈન્દ્રનું અભિમાન ઉતારવાના આશયથી નન્દજીને કહ્યું. કહેનારા તો "**केशव:**"- છે. બ્રહ્મા, શંકરને મોક્ષ દેનારને વળી ઈન્દ્ર શું હિસાબમાં ? ઈન્દ્ર તો સત્તા, સમ્પત્તિ, સન્માનનું શિખર ! તેમાં અભિમાન અનાયાસે આવે. અધિકારી અભિમાની બને તો અનર્થ જ આવે. સર્વોપરી ઈશ્વર તેને અટકાવે, પણ વ્યક્તિને વ્યથા ન થાય, દોષ જ દૂર થાય, તેવી રીત રાખે !

ભગવાન્ હેતુવાદનું ખંડન કરે છે. સ્વાર્થ માટે સાનુકૂલ સત્કાર્ય સૌ કરતા દેખાય છે. સંતોષ તેમાં માની લે છે ! અજાણતાં હેતુવાદે જ ચાલે છે ! આવા લોકો સીધી શાસ્ત્રોની વાતો ન માને. હેતુવાદ હૈયે હોય તેને બ્રહ્મવાદ ન કહેવાય ! તેને તો કાલ, કર્મ સ્વભાવવાદથી સમજાવાય. તેમાં કાલવાદ ગૂઢ ! ભીષ્મે પાંડવોને કહેલો, સૌને તરત ન સમજાય, જ્યોતિષી જ ગળે ઊતારે ! કર્મ અને સ્વભાવની વાતો સ્વરૂપ અને યુક્તિ-(ઉત્પત્તિ-ઉપપત્તિ) થી સૌને સમજાય. ભગવાને યુક્તિ માટે કર્મવાદ પહેલાં કહ્યો. "કર્માનુસાર સૌને જન્મ મળે છે. કર્મથી શુભાશુભ ફલ કે સુખ-દુ:ખ મળે છે. કર્મ વગર કાંઈ ન થાય. આમાં ઈશ્વરનું કાંઈ પ્રયોજન નથી ! ખાય તેની ભૂખ જાય, - સ્પષ્ટ છે. આમ અલૌકિક કર્મમાં પણ ફલ થાય. કર્મ નિત્ય છે. તે કર્તાના યત્નથી પ્રકટ થયા પછી અદૃશ્ય થતાં, "અદૃષ્ટ" કે "અપૂર્વ" નામનું સૂક્ષ્મફલ પ્રકટ થાય; પછી કાલાન્તરે પ્રકટ-સ્થૂલ-ફલ થાય. કદાચ ઈશ્વર કલ્પો તો પણ તે કાંઈ કરે નહિ. અથવા, જેનું જેવું કર્મ, તેને તેવું ફલ તૈયાર કરીને દે, - રસોઈયાની જેમ ! કર્મ કરે તેને તે ફલ દે, કર્મ ન કરે તેના પર તેનું કાંઈ ન ચાલે ! ઈશ્વર, ફલ દેવામાં સ્વતન્ત્ર હોય તો દુ:ખ દે તો ક્રૂર અને સુખ દે તો પક્ષપાતી ગણાય !" ભગવાને શાસ્ત્રસિદ્ધ-ઈશ્વરનું આ ખંડન નથી કર્યું, હેતુસંબંધી ઈશ્વરનું ખંડન કર્યું છે. હેતુથી પણ શાસ્ત્રોક્ત ઈશ્વરનો નિષેધ શક્ય નથી.

"આમ કર્માનુસારિ-લોકોને ઈન્દ્રથી શું પ્રયોજન ? કર્મ કરવામાં પ્રેરે છે, - સ્વભાવ, પ્રકૃતિ ! સત્ત્વગુણથી સત્કર્મ થાય, રજોગુણથી મધ્યમ કર્મ થાય, તમોગુણથી અધમ કર્મ થાય. "**स्वभावस्थमिदं सर्वम् ।**"- દેવ-મનુષ્ય-અસુર સર્વ, સ્વભાવના પ્રભાવ નીચે છે. સ્વભાવવશ જીવ સ્વભાવાનુકૂલ જ સઘળું કરે છે. ગતિ કે દેહાદિ પણ કર્માનુકૂલ મળે છે. કર્મથી જ શત્રુ-મિત્રાદિ સંબંધો સંભવે છે. સાનુકૂલતાથી સ્નેહ અને પ્રતિકૂલતાથી શત્રુતા થાય ! ગુરુ કે દૈવત પણ કર્મ છે, ફલ તે દે છે, - તેથી ! સ્વભાવાનુસાર કર્મ થાય, કર્માનુસાર - જન્મ મળે, જન્માનુસાર સ્વભાવ હોય, તેથી સ્વભાવ-જન્માનુસાર વર્ણાશ્રમ-કર્મ સૌએ કરવાં જોઈએ. તેવાં બ્રાહ્મણ વગેરે વર્ણ અને બ્રહ્મચર્ય વગેરે આશ્રમનાં કર્મો શાસ્ત્રમાં કહેલાં છે. તે કર્મ કરવાં જોઈએ, નહિ તો પતન થાય. ફલ મળે કે ન મળે, ઈશ્વરને માનો કે ન માનો, પણ આવાં કર્મ તો કરવાં જ જોઈએ ! વર્ણાશ્રમરૂપ સ્વભાવ-વિરુદ્ધનાં, મનને ગમે

તેવાં, કર્મ તો ક્લેશ વધારે. અનુકૂલતાના આકર્ષણથી આથડે, તેને તો અકળામણ અને અથડામણ વધે, ભ્રાન્તિ વધે, શાન્તિ નહિ, ઉન્નતિ ન થાય, અવનતિ મળે. આમ, બ્રાહ્મણ અધ્યયન-અધ્યાપનનું કર્મ કરે. ક્ષત્રિય રક્ષાનું કર્મ કરે. વૈશ્ય ખેતી-વેપાર ગોરક્ષા, શરાફીનું કર્મ કરે. આમાં, ક્રમશઃ છૂટકો ન હોય તો જ પછીનું કર્મ કરે. આ ચારને "વાર્તા" પણ કહેવાય છે. શૂદ્ર ત્રણેની સેવાનું કર્મ કરે. સેવા તો સર્વોપકારક છે. આ પોતાનાં કર્મમાંથી જે મળે, તેમાંથી આજીવિકા સૌ ચલાવે, બીજી રીતે નહિ." આધુનિક-કાલમાં અનેકને અકળાવતા આજીવિકાના પ્રશ્નનો આ સ્પષ્ટ-સરલ-શાસ્ત્રસંમત-ભગવાને કહેલો-ઉપાય છે. વર્ણાશ્રમ-ધર્માનુકૂલરીતે સૌ જીવે, તો સૌ સર્વ રીતે સુખી બને !

ભગવાને પોતાની વાત સ્પષ્ટ કરી, - "આપણે તો ગોરક્ષાનું કર્મ કરીએ છીએ, ખેતી કરતા નથી, તેથી ઈન્દ્રની આપણે શી જરૂર ? ખેતી કરતા હોઈએ તો પણ ઈન્દ્રની જરૂર શી ? ઈન્દ્ર પણ ગુણાધીન છે, સ્વતંત્ર નથી. રજોગુણથી વિશ્વ બધું પ્રકટ થાય. જીવસૃષ્ટિ કર્મથી અને જડસૃષ્ટિ રજઃથી થાય. સત્ત્વથી સ્થિતિ થાય. તમોગુણથી લય થાય. આમાં ઈશ્વરની જરૂર ક્યાં ?" સામાન્ય ઈશ્વરવાદનું આ ખંડન છે, શ્રુતિસિદ્ધનું નથી. ભગવાને વધારે સ્પષ્ટ કર્યું. - "રજોગુણ વિક્ષેપ-ક્ષોભ-કરાવે, મેઘ તેથી પ્રેરાય, વરસે. કૌતુકથી રાજા રજોગુણથી દ્રવ્ય દે તેમ ! તેમાં ઈન્દ્ર શું કરે છે ? કદાચ, તે વરસાવે, તો પણ શું ? આપણને ગામડાં નથી, શહેર નથી, દેશ નથી, ગામ નથી, હાટ નથી, ઘર નથી; એટલે ઈન્દ્ર લોકપાલ, વૃષ્ટિકર્તા, યજ્ઞભોક્તા કે દિગ્દેવતા હોય તેમાં આપણે શું ? શહેર ગામડાં વગેરે ન હોવાથી આપણે લોકરક્ષા કરવાની નથી. ખેતી નથી, તેથી વરસાદની ચિંતા નથી. ઘર ન હોવાથી દિશાની જરૂર નથી. આપણે તો વન-પર્વતમાં રહેનાર - "**वनशैलनिवासिनः**"- વનમાં માલિકી કોઈની નહિ ! વનમાં વનસ્પતિ હોય. તે તો વૈષ્ણવરૂપ છે. તેના સ્વામી વિષ્ણુ, પર્વતના પણ અધિપતિ છે, તેથી વૈષ્ણવયાગ યોગ્ય છે !"

ભગવાનને પોતાને પ્રિય ગોસવરૂપ વૈષ્ણવ-યાગનું કરેલું સમર્થન :
ઈન્દ્રયાગના પદાર્થોનો તેમાં વિનિયોગ :

तस्माद् गवां ब्राह्मणानामद्रेश्चारभ्यतां मखः ।
य इन्द्रयागसम्भारास्तैरयं साध्यतां मखः ॥ (२५)

વિષ્ણુના અંગરૂપ બે, - બ્રાહ્મણ અને ગાય ! બ્રાહ્મણમાં મંત્ર અને ગાયમાં હવિ રહેલાં છે. પર્વત શ્રીગોવર્ધનજી પોતે જ વિષ્ણુદેવતા રૂપ ! નંદગામ, બરસાનાના પર્વતોને શિવ-બ્રહ્મા રૂપ ગણ્યા છે ! "ગાય-બ્રાહ્મણ-પર્વતનો યજ્ઞ આરંભો !" "**च**"કારથી અંગદેવતા પણ વૈદિક લેવા સૂચન છે. આ ગોસવરૂપ છે. "**अयाजयद् गोसवेन ।**"- ગોસત્રથી આ જુદો છે, સ્મૃતિપુરાણોક્ત લૌકિક છે. વિધાન તેનું ભગવાને કર્યું છે. વેદમાં તે પ્રસિદ્ધ ન હોવા છતાં ભગવાને કહ્યું, તેથી તે વૈદિક છે. પ્રભુના નિઃશ્વાસરૂપ વેદ પ્રમાણ છે, તેમ મુખમાંથી નીકળેલ ગીતા, ભાગવતાદિ પણ પ્રમાણ છે. આ યજ્ઞ-અન્નકૂટ-પણ તે રીતે વૈદિક છે ! ઈશ્વર-યુક્તિસિદ્ધનો સ્વીકાર થાય, લૌકિક-યુક્તિસિદ્ધનો નહિ. "ઈન્દ્રયાગની ઘી વગેરે સામગ્રીથી આ યજ્ઞ કરો !" "**मख**" - શબ્દથી દેવોપકારકતા છે. અન્યને માટેનું હવિ લઈને અન્યને દેવાય ! "ઈન્દ્ર વરસાદ વરસાવે છે, તેથી અન્નાદિ થાય છે, તેથી અમે જીવીએ

છીએ. આ હેતુથી ઈન્દ્રનું પૂજન કરવું જોઈએ !" - આવી સમજથી થતા ઈન્દ્રયાગમાં વેદોક્તવિધિ નથી, તેથી તે હૈતુક છે. ભગવાન્ તે અટકાવે છે, ગોવર્ધનયાગ કરાવે છે ! ગોવર્ધન ભગવદ્રૂપ છે, તેથી આ ભગવદ્યાગ છે. તે તો વેદોક્ત છે, તેથી આ યાગ વૈદિક છે ! ઈન્દ્રયાગ માત્ર યુક્તિસિદ્ધ છે, પ્રમાણસિદ્ધ નથી, તેથી ભગવાને ગોવર્ધનયાગ પણ યુક્તિસિદ્ધ રીતે બતાવ્યો !

યજ્ઞપત્ની પર કૃપા કરીને ભગવાને બ્રાહ્મણોને ભાન કરાવ્યું, તેમ ઈન્દ્રમાન-ભંગથી સર્વદેવોને પણ ભાન કરાવ્યું. બાવીસ, તેવીસ, ચોવીસ - એ ત્રણે અધ્યાયમાં હરિએ હરણ કરીને કૃપા કરી છે, કુમારિકાઓનાં વસ્ત્રાહરણ કરીને તેમનો અંગીકાર કર્યો. વિપ્રપત્નીઓનું મનોહરણ કરીને વિપ્રોનો અંગીકાર કર્યો. ગોવર્ધનમાં વિરાજતા સ્વરૂપે દેવોના હવિનું હરણ કર્યું, દેવોનો અંગીકાર કર્યો. આમ, તામસ કુમારિકાઓ, રાજસ બ્રાહ્મણો અને સાત્ત્વિક દેવોનો કર્મશ્રદ્ધાથી ઉદ્ધાર થયો. લોકમાં દેખાતું કર્મ બે પ્રકારનું છે. (૧) વૈદિક-વેદમાં કહેલ કામનાથી વિધિપૂર્વક થતું અને (૨) હેતુપૂર્વક થતું - લૌકિક કામનાઓથી યુક્તિપૂર્વક થતું. તેવીસમા અધ્યાયમાં વૈદિકકર્મ કહ્યું. તેમાં શ્રદ્ધા ન રાખવા સમજાવ્યું. નન્દજીનો પ્રયોજનથી થતો યજ્ઞ અન્વય-વ્યતિરેકથી ફલ દેનારો તેમણે માન્યો છે. યજ્ઞ કરીએ તો વરસાદ થાય, અન્નાદિ મળે, જીવન ટકે - આ અન્વય ! યજ્ઞ ન કરીએ તો વરસાદ ન થાય, અન્નાદિ ન મળે, જીવન ન ટકે - આ વ્યતિરેક ! આ મતનું ખંડન ભગવાને કર્યું. તેની કથા ૨૪ થી ૨૭ અધ્યાયોમાં છે. નન્દજીએ કહેલા હેતુઓનું ખંડન કરીને ભગવાને ગોસવયજ્ઞ કરાવ્યો. આ ૨૪મા અધ્યાયમાં છે. ઈન્દ્રયાગ બંધ રહ્યો. ઈન્દ્રને યાગનો આગ્રહ હતો. તેણે આ અપમાન માન્યું. ક્રોધથી વ્રજના નાશનો પ્રયત્ન કર્યો ! ભગવાને ગોવર્ધન ધરીને તે નિષ્ફલ કર્યો. આ ૨૫મા અધ્યાયમાં છે. કૃષ્ણના સામર્થ્યની પ્રતીતિથી, ગાયો તે પછી ઈન્દ્રયાગ ન કરે, ગોવર્ધનયાગ જ કરે, તેવી દૃઢતા દીધી. આ ૨૬મા અધ્યાયમાં છે. ગોવર્ધનયાગમાં સૌની સંમતિ છે. ઈન્દ્રે પ્રભુની સ્તુતિ કરી. સુરભિ, ઋષિયો અને ઈન્દ્ર ભગવાનનો ગાયોના ઈન્દ્ર- "ગોવિન્દ" - રૂપે અભિષેક કર્યો. ઉત્સવ થયો. આ ૨૭મા અધ્યાયમાં છે.

ભગવાને ઈન્દ્રયાગનું સાહિત્ય "ગોસવ"માં વાપરવા આજ્ઞા કરી. નન્દજીના અગાધ-ધનનો વિનિયોગ પણ વિચાર્યો. ઈન્દ્રયાગથી વિશેષતા પણ બતાવી ! "पच्यन्तां विविधाः पाकाः.....।"- લોકરીતે થતા ઉત્સવમાં લોકોનો ઉત્સાહ ઉભરાય. સ્ત્રીઓને પણ સેવા મળે. વિવિધપાક-શેકીને, બાફીને, તેલ-ઘી-દ્વારા, દૂધ-દહીં-વગેરેથી પણ થાય. અનેક પ્રકારનાં ભોજન તૈયાર કરવા કહ્યું. પહેલાં તે બધાં થાય, પછી દાળ વગેરે રસોઈ થાય. દૂધપાક પ્રભુને અતિપ્રિય, (પાયસ) દેવોને પણ ઉપયોગી, તે પહેલાં થાય. સંયાવ - ઘઉંના લોટના સારાંશની એક પ્રકારની ખીર, અપૂપ-માલપૂડા, શષ્કુલી-જલેબી, "આ બધું કરજો !" આજનું બધું દૂધ લેજો, વેચશો નહિ, બીજો ઉપયોગ પણ કરશો નહિ. વાછરડાંને અનિવાર્ય હોય તેમ પાજો. લૌકિકહોમ દેવ માટે કરજો. વેદજ્ઞવિપ્રો દ્વારા વિધિપૂર્વક કરજો. પ્રત્યક્ષ દેવ - બ્રાહ્મણો ! તેમને ખૂબ પકવાન્ન દેજો. ગાયો દક્ષિણામાં દેજો. બીજાઓને પણ દેજો. "श्वचाण्डालपतितवायसेभ्यो बलिः ।"- બાહ્યબલિ તેમને દેવાય. "સામાન્ય-હીન - સૌને યોગ્યતાનુસાર દેજો. ગોશાળામાં ગાયોને ઘાસ દેજો. ચારવા ન લઈ જશો. ગિરિરાજનું પૂજન કરજો, ભોગ ધરજો. સૌ ઉત્સવ મનાવજો. અલંકાર ધરજો. ભાવતાં ભોજન કરજો. ચંદન - તિલક કરજો. સુંદર વસ્ત્ર ધરજો.

ગાય-વિપ્ર-અગ્નિ-ગોવર્ધનજીની પ્રદક્ષિણા કરજો !" જમણે હાથે પૂજ્યને રાખીને પરિક્રમા થાય. "च"થી વૃન્દાવનની પણ પરિક્રમા કહી છે, પાસેના પર્વતો પણ ખરા. "આ મારો મત છે. બાવા ! રુચે તો કરજો !" આગ્રહ નથી. સમજ, શ્રદ્ધા અને સ્નેહ વિના ફલ ન થાય.

શ્રીગોવર્ધન - પૂજન : અન્નકૂટોત્સવ : અન્યતમ બૃહદ્વપુથી આરોગતા ભગવાન્ ! : ભગવાન્ સઘળું આરોગે છતાં કાંઈ જ ઘટે નહિ !

"**अयं गोब्राह्मणाद्रीणां मह्यं च दयितो मखः ।**"- "મારા થવું હોય તો આ મને અતિપ્રિય યાગ કરો. ઈન્દ્રના થવું હોય તો ઈન્દ્રયાગ કરો ! - "**मह्यं**"થી ચતુર્થીવિભક્તિ કહીને પોતાને સંપ્રદાન રૂપ આ યાગ-'અન્નકૂટ'-છે, તેમ કહી દીધું. ઈન્દ્રયાગ સંપૂર્ણ છોડી દેવા સૂચવી દીધું. "**प्रोक्तं**" ભગવાને હૃદયપૂર્વક કહ્યું છે. હૃદયપૂર્વક કહેલું જ સામાના હૃદયમાં ઉતરે ! હૃદયંગત હોય તે જ સામાને હૃદયંગમ થાય. "**कालात्मना भगवता**"- કાલના આધિદૈવિક રૂપે અથવા અંતર્યામી રૂપે, ઈન્દ્રનું અભિમાન ઉતારવા ઈચ્છતા, કૃપા કરતા, પ્રભુ આ બોલ્યા. પ્રભુ પ્રેરે પછી કોણ અટકી શકે ? નન્દજી વગેરે સૌએ સ્નેહથી સ્વીકાર્યું. ગોવાળોએ આજ્ઞાનુસાર વિધિપૂર્વક ઉલ્લાસથી ઉત્સવ મનાવ્યો. પુણ્યાહવાચન કરાવ્યું. દેવપૂજન વગેરે કરાવ્યાં. ગાયોને ઘાસ નીર્યાં. ગાયોને આગળ કરી. અલંકૃત થયા. ગિરિરાજજી પાસે સૌ આવ્યા. ગાડેગાડાં સામગ્રીનાં ભરી લાવ્યા. ભગવાને સ્વયં ગિરિરાજજીનું પૂજન કર્યું ! માનસીગંગાના જલે સ્નાન કરાવ્યું. દૂધ, પંચામૃત, કેશર, અત્તરથી સ્નાન કરાવ્યું. જલસ્નાન કરાવી અંગવસ્ત્ર કર્યું. સુંદર વસ્ત્ર ધર્યાં, શૃંગાર કર્યા. લાલના ભાલમાં કુંકુમનું સુંદર ઊર્ધ્વપુણ્ડ્ર તિલક કર્યું. કપોલે કમલ કર્યાં, - સ્વસ્તિક સાથે કર્યાં. સુંદર માલાજી ધર્યાં. ઝારીજી પધરાવ્યાં. સામગ્રી સજાવી. જયજયકાર થઈ રહ્યો. ધૂપ-દીપ થયાં. ગાયોને આગળ રાખી. પ્રદક્ષિણા થઈ. સન્મુખ સુંદરશીલાએ દંડવત્ પ્રણામ ! દંડવતી-શીલાએ દંડવત્ પ્રણામ ! (શ્રીમહાપ્રભુજીને દંડવત્ પ્રણામ !) "ગિરિરાજધરણ શ્રીજી તમારે શરણ !" પ્રેમથી પરિક્રમા થાય. ભગવાનની પૂતનામોક્ષાદિ લીલાઓ પ્રેમથી ગવાય છે. શ્રમ થાય તો સ્નેહ જાય, તેથી શણગારેલાં બળદના ગાડામાં પણ કેટલાંક બેઠાં છે. ભગવાન્ પણ સાથે છે. શ્રીગોપીજન પણ ગાડામાં વિરાજીને પરિક્રમા કરે છે ! આજે પણ યાત્રામાં આવાં બધાં દર્શન થાય છે. દાનાદિ દેવાય છે. સ્નાન, પાન, સેવનાદિ થાય છે. સૌને સંપૂર્ણ સંતોષ છે. યાત્રા ચાલે છે. ઉદ્ધવકુંડ, રાધાકૃષ્ણકુંડ, માનસીગંગા, ગોવર્ધન, (ચંદ્રસરોવર), આન્યોર, ગોવિન્દકુંડ, પૂછરી, અપ્સરાકુંડ, સુરભિકુંડ થઈને સન્મુખમાં દંડવત્ ! દંડવતી-શીલાથી સન્મુખમાં દંડવત્ ! જયજયકાર થાય. "શ્રીગિરિરાજમહારાજ કી જય !" "શ્રીગોવર્ધનનાથ કી જય !" ભોગ ધર્યો. વિનંતી કરી, પણ પર્વતપ્રભુને આરોગતા ન જોયા ! ભોળા ગોવાળો ! જુએ તો માને ! ભગવાને ઉદાર અનુગ્રહ કર્યો.

कृष्णस्त्वन्यतमं रूपं गोपविश्रम्भणं गतः ।
शैलोऽस्मीति वदन् भूरिबलिमादद्बृहद्वपुः ॥ (३५)

સર્વના મૂલરૂપ સદાનન્દ કૃષ્ણ જ છે. "**आनन्दाद्ध्येव खल्विमानि भूतानि जायन्ते ।**"- શ્રુતિ છે. - "ખરેખર આનંદમાંથી જ આ બધાં ભૂતો પ્રકટ થાય છે, તે યુક્ત છે." મૂલરૂપમાંથી પ્રકટેલાં રામ-વામન વગેરે અવતાર રૂપો "અન્યરૂપ" કહેવાય. વિભૂતિયોગમાં ગણેલાં જગતમાંનાં ઉત્તમ રૂપો

"અન્યતર-રૂપ" કહેવાય. જગતમાંનાં સર્વસામાન્ય પ્રાણી-પદાર્થ "અન્યતમ-રૂપ" કહેવાય. સામાન્ય રૂપે સર્વ ભગવદવતાર રૂપ છે. પ્રભુ પર્વત રૂપે દર્શન દે છે, તેથી ''अन्यतमं रूपं'' છે. "સદાનન્દ" - કૃષ્ણનું મૂલસ્વરૂપ સત્ત્વાત્મક સ્વરૂપમાં ભગવાનનું અવતાર રૂપે પધારવું તે "અન્ય-રૂપ." ચિદ્રૂપ-જીવો, ભગવદંશ છતાં ભિન્ન લાગે, તે "અન્યતર-રૂપ." સદ્રૂપ જડપદાર્થો, - ભગવદંશ છતાં અતિભિન્ન લાગે, તે "અન્યતમ-રૂપ." સામાન્ય-માનવની નજરે તો શ્રીગિરિરાજજી સામાન્ય-પથ્થર-જડરૂપ-લાગે, છતાં ભગવદ્રૂપ જ છે; તેથી ''अन्यतमं रूपं'' કહ્યું. કૃષ્ણ પોતે સદાનન્દ રૂપે આધિદૈવિક-બ્રહ્મસ્વરૂપ. સર્વના નિયામક અંતર્યામી રૂપે "અન્ય સ્વરૂપ." અક્ષરબ્રહ્મ-આધ્યાત્મિક-રૂપે "અન્યતર-રૂપ." જગદ્રૂપે આધિભૌતિક - બ્રહ્મ રૂપે "અન્યતમ-રૂપ." વિશ્વાસ ગોવાળોને દેવાનો છે ! તે જુએ તો માને !

આજે લોકો "જોઈએ તો માનીએ !" - એ અજ્ઞાનમાં આથડે છે. પ્રત્યક્ષપ્રમાણવાદી "ચાર્વાક"નું નામ પણ કદાચ ન જાણતા લોકો, અનુસરે છે તો અજાણતાં પણ તેને ! પ્રાયઃ સૌ ગમે તેવા ઉપાયે પણ, શરીરના સુખમાં જ મગ્ન, મોજશોખ-પરાયણ, દેખાય છે. આગળની ગતિનો વિચાર નથી. ગોવાળોને તો ભગવાનમાં વિશ્વાસ છે જ. - ''गोपविश्रम्भणं गतः ।''- ભગવાન્ તે દૃઢ કરાવે છે. માનવ વિશ્વાસ રાખે તે, - મર્યાદા ! ભગવાન્ વિશ્વાસ કરાવે તે, - પુષ્ટિ-કૃપા ! શ્રીગિરિરાજજી તો "હરિદાસવર્ય" છે. ભગવાનમાં વિશ્વાસ-ભક્તોને હોય, સૌ શ્રદ્ધાળુને હોય. ભગવાન્ તો ભક્તોમાં વિશ્વાસ કરાવી રહ્યા છે. ભક્તોના ભરોસે જ ભગવાન્ મળે ! ભક્તો દ્વારા ભગવાન્ કૃપા કરે ! ભક્તસંગથી કૃતાર્થ થવાય. પુલિન્દીઓને લક્ષ્મીસમાન સૌભાગ્ય ભક્તરાજ ગિરિરાજજીના સંગથી જ મળ્યુંને ! પ્રત્યક્ષમાં હોય કદાચ તો સીધા પ્રભુને શરણે જવાય, પણ પરોક્ષમાં તો ભક્ત દ્વારા શરણ સ્વીકારાય ! અવતારદશામાં પ્રભુના સંબંધમાત્રથી કૃતાર્થ થવાય, અનવતારદશામાં તો જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિ આવશ્યક છે. બ્રહ્મસંબંધ પછી પણ સ્વરૂપ અને સેવાનું જ્ઞાન જોઈએ, અન્યત્ર વૈરાગ્ય જોઈએ, પ્રભુમાં પ્રીતિ જોઈએ. કપિલજી પણ ભક્તસંગથી શ્રદ્ધા, રતિ અને ભક્તિ મળવા કહે છે. નલકૂબરે ભક્તદર્શન માગ્યાં છે. તે તો ભક્તસંગથી મળે. ભક્તસંગ પણ ભગવત્કૃપા વિના ન મળે; મળે તો પણ સમજાય નહિ, લાભ લેવાય નહિ, તેથી કૃષ્ણે કૃપા કરી, ભક્તવર્યનો પરિચય પણ દીધો. ''एषोऽवजानतो मर्त्यान् ।''- માં સ્પષ્ટ છે. લીલામાં પણ ભગવાને ભક્ત દ્વારા પોતાનો પરિચય કરાવ્યો છે, ગર્ગજી દ્વારા નન્દજીને અને નન્દજી દ્વારા ગોપોને !

શ્લોકમાં ''कृष्णः तु'' છે. કૃષ્ણ સિવાયનું બીજું કોઈ સ્વરૂપ શ્રીગિરિરાજજી રૂપે દર્શન દેતું નથી, તે ''तु'' શબ્દ સ્પષ્ટ કરે છે. ગંગામાં જેમ જલ - આધિભૌતિક, તીર્થ-આધ્યાત્મિક. દેવીરૂપ-આધિદૈવિક ગણાય; તેમ અહીં, ગિરિરાજજીનું કોઈ આધિદૈવિક સ્વરૂપ પણ બીજું નથી, પણ કૃષ્ણ જ છે. બ્રહ્મ સચ્ચિદાનંદ છે. જડ પદાર્થમાં સદંશ પ્રકટ છે, ચિત્ અને આનંદ તિરોહિત છે, અનુભવ દેતાં નથી. તેનો આવિર્ભાવ થાય. અનુભવ આપે, તો જડ પણ સચ્ચિદાનંદ રૂપ થાય ! જીવમાં આનંદ તિરોહિત છે, તે પ્રકટ થતાં તે પણ સચ્ચિદાનંદ રૂપ થાય, આ આવિર્ભાવ - તિરોભાવ ભગવાનની બે શક્તિયો છે, ભગવાનને વશ છે. ''सर्वं सर्वमयम्''- શ્રુતિ છે. "સર્વ સર્વમય છે." દરેક વસ્તુમાં સઘળું સમાયેલું છે. આપણને તેવો અનુભવ થતો નથી. ભગવાન્ ઈચ્છે તો થાય, આવિર્ભાવ-તિરોભાવથી ! ભક્તનો સ્નેહ પણ તેમ કરી શકે. સ્નેહમાં તો ભગવાન્ પણ વશ થાય તેવું સામર્થ્ય છે.

ચારસો વર્ષ પૂર્વેનો પ્રસંગ. એક સમર્થ ભગવદ્ભક્ત. કોટિમાં તેવા વિરલ. પદ્મનાભદાસ તેમનું નામ. શ્રીમથુરાનાથજીની સેવા કરે. શ્રીવલ્લભાચાર્યજીના તે પરમ કૃપાપાત્ર. વ્યવહાર-વ્યવસાય બધું છોડીને સેવા કરે. ભગવદિચ્છાથી દ્રવ્યસંકોચ થયો. ભાવ તો ભરપૂર હતો, - ચણાનો ભોગ ભગવાનને ધર્યો. બાસુદી, શ્રીખંડ વગેરેની તેમાં ભાવના કરે ! ઢગલીઓ ચણાની જુદી ધરે. ભગવાન્ તે જ આરોગે ! કોઈએ પૂછ્યું - જાણ્યું - ન માન્યું. આંખે જોયા તો ચણા; પણ જીભે માણ્યાં-કબૂલ્યાં શ્રીખંડ-બાસુદી વગેરે ! આ સામર્થ્ય સ્નેહનું ! સઘળું બ્રહ્મરૂપ હોવાથી સર્વમાં સર્વ સમાયેલું છે. માત્ર ભગવદિચ્છાનુસાર લીલા માટે અમુક જુદા જુદા ગુણધર્મ પ્રકટ છે, બાકીના અનુભવ દેતા નથી, તેથી બધું ભિન્ન લાગે છે, પણ ભિન્ન નથી ! આમ વાસ્તવ શુદ્ધાદ્વૈત છે, છતાં ઐચ્છિક-દ્વૈત છે ! ભગવાન્ ઈચ્છે ત્યાં સુધી, તે રીતે, લીલા માટે અનેક રૂપે (પદાર્થો) દેખાય, ઈચ્છે ત્યારે માત્ર ભગવાન્ જ હોય. લીલામાં પણ ભગવાન્ ઈચ્છાનુસાર, લીલાનુકૂલ રીતે અનેક રૂપે પ્રકટ થાય છે. રાસમાં "**कृत्वा तावन्तमात्मानं**" વગેરેમાં તથા અન્યત્ર પણ પોતાનાં અનેક રૂપ પ્રભુ પ્રકટ કરે છે.

"**पूर्णस्य पूर्णमादाय पूर्णमेवावशिष्यते ।**"- શ્રુતિ છે. પૂર્ણમાંથી પૂર્ણ લેતાં પૂર્ણ જ બાકી રહે. પૂર્ણ પ્રભુ પણ અનેક પૂર્ણ રૂપે પ્રકટ થાય, છતાં પૂર્ણ રૂપે જ રહે છે ! શૂન્યમાંથી શૂન્ય બાદ કરતાં શૂન્ય જ રહે. ગુલાબ કે અત્તરનો સુગંધ સૌ લે, તેમાં ઘટે શું ? છતાં, તે તો પ્રાકૃત. પ્રભુ અપ્રાકૃત ! એક લોહચુંબક, લોખંડના કકડાને ઉપપાદન **(Induction)** થી લોહચુંબક બનાવી દે છે, લોહચુંબકીય બલ ઘટતું નથી. બંને સ્વતંત્ર ચુંબક બને છે ! જડમાં આ સ્પષ્ટ છે, તો સર્વસમર્થ ભગવાનમાં તો અશક્ય શું હોય ? દ્વિતીયસ્કન્ધમાં, મૂલ આનન્દમય સ્વરૂપનાં પીતામ્બર વગેરેમાંથી અવતારો કહ્યા છે, તેવા અવતાર વખતે પણ મૂલરૂપમાં પણ પીતામ્બર વગેરે તો હોય છે જ ! મહાભૂતો ભૂતોમાં પ્રવેશે, છતાં જુદા રૂપે રહે છે જ. પ્રભુ સર્વમાં સર્વ રૂપે વિરાજે, છતાં પ્રભુ રૂપે પણ વિરાજે છે, તેમાં કાંઈ જ ફેરફાર થતો નથી ! વિભુમાંથી વિશ્વ પ્રકટે છતાં વિકાર થતો નથી. આમ, લોહમાંથી-ચુંબકની જેમ,ભગવત્સંબંધવાળી વસ્તુઓ પણ ભગવદ્રૂપ બની જાય. પ્રભુ આરોગે તો સામગ્રી પણ ખૂટે નહિ, આરોગ્યા પછીનો પ્રસાદ પણ ખૂટે નહિ, વિકૃત થાય નહિ ! કલ્પવૃક્ષ, મંત્ર, ચિંતામણિ, કામદૂધા-ગાય વગેરે અનેકને ઈચ્છેલું દે, તો પણ ફેરફાર તેમાં કાંઈ જ ન થાય, તે પ્રસિદ્ધ છે. પ્રસાદ પણ પ્રભુસંબંધ કે પ્રસન્નતાના પ્રતીક રૂપે લેવાય, જિહ્વા-સ્વાદ માટે વસ્તુબુદ્ધિથી નહિ.

ભગવાન્ તો ઈચ્છે તે રૂપે લીલા કરે. લીલાભેદથી અનુભવભેદ પણ દેખાય છે ! કૃષ્ણ એક જ છતાં જુદી જુદી લીલામાં સ્વરૂપનો અનુભવ જુદો જુદો ! નિકુંજનાયક રૂપ - શ્રીગોવર્ધનનાથજી, માખણચૌર્યલીલા- શ્રીનવનીતપ્રિયજી; ગોચારણલીલા-શ્રીમથુરાનાથજી; રાસમાં તિરોધાનલીલા-શ્રીવિઠ્ઠલનાથજી; વેણુકૂજનલીલા-આંખમિચૌલી લીલા - શ્રીદ્વારકાનાથજી; શ્રીગિરિરાજધરણલીલા - શ્રીગોકુલનાથજી; મહારાસલીલા-શ્રીગોકુલચન્દ્રમાજી; પૂતનામોક્ષલીલા-શ્રીબાલકૃષ્ણજી; લઘુરાસલીલા-શ્રીમદન- મોહનજી, વગેરે સ્વરૂપો પ્રસિદ્ધ છે. મર્યાદા રૂપે, લોકવેદપ્રથિત, લોકવેદાતીત-પુરુષોત્તમ, વ્યૂહ રૂપો વગેરે પણ આવિર્ભાવ-તિરોભાવ-શક્તિથી જુદાં જુદાં અનુભવાય છે. મૂલ તો કૃષ્ણ જ છે. શ્રીગોવર્ધનમાં ભગવાને પોતાનું "અન્યતમ-રૂપ" પ્રકટ કર્યું, પાષાણ ન રહ્યા, પ્રભુ પ્રત્યક્ષ થયા ! શ્રીગોવર્ધનસ્થાયિ-શુદ્ધપુષ્ટિપુરુષોત્તમ રૂપ પ્રકટ કર્યું ! "**बृहद्वपुः**"- બૃહદ્-બ્રહ્મ છે. વપુ સાકાર છે !

તે પથ્થરરૂપ નથી. બ્રહ્મરૂપ છે ! આનંદમાત્રકરપાદ-મુખોદરાદિરૂપ છે ! અક્ષિસ્થ, અંગુષ્ઠમાત્ર, પ્રાદેશમાત્ર, પુરુષ રૂપ, વિરાટ્ વગેરે ભગવદ્રૂપો પ્રસિદ્ધ છે. સર્વત્ર લીલાનુકૂલ રૂપવર્ણન છે.

આજે તો બૃહદ્વપુ પ્રકટ થયું. મોટું પર્વત જેવું સ્વરૂપ છે ! સામે તો અન્નકૂટ ધર્યો છે. "**भयो भातको कोट ओट गिरिराज छिपानो ।**"- ભાતના ઢગમાં ગિરિરાજ છુપાયા છે ! અનેકવિધ સામગ્રી છે. ભગવાન્ સાક્ષાત્ આરોગે છે ! "**भूरि बलिमादत् ।**"- સામેની નહિ, દૂરથી પહેલાં લીધી ! "**बदरोला वृषभानकी रही बिलोवन हार ।**"- વૃષભાનજીની દાસી. બદરોલા નામ. વલોણું કરે. મનોરથ મોટો. "માખણ મારું હું પર્વતદેવતાને ધરીશ !" સૌએ પોતાની સામગ્રી ધરી દીધી. આ ન આવી શકી. સંતાપ ખૂબ થયો. દીનતા આવી. દયા કરી દીનાનાથે. ભુજા લંબાવી. માખણ લીધું. મુખમાં મૂક્યું ! આહ્લાદથી આરોગ્યા. સામગ્રીના ટોપલે ટોપલા આરોગવાનો પ્રારંભ થયો. ગોવાળો તો ખાતરી કરવા પૂછે,- "કોણ તમે ?" ઉત્તર મળે, - "**शैलोस्मीति**" "**इति**" પ્રકારવાચી છે. જુદા જુદા પ્રકારે પ્રત્યુત્તર દે છે. "હું શૈલ છું, ગોવર્ધન છું, પર્વત છું, ગિરિરાજ છું, નગ છું, અગ છું, ભૂભૃત છું !" - વગેરે કહે છે. સંતોષ વ્રજવાસીઓને દે છે. પ્રત્યક્ષ રૂપે દર્શન દઈ, આરોગી, વિશ્વાસ દૃઢ કરે છે. પર્વતમાં રહેલાં સૌને ભગવાને ભોજનથી પરિતૃપ્ત કરી દીધાં ! કોઈને સંદેહ સ્વલ્પ પણ ન રહે, તેથી પ્રભુએ પોતે પોતાને વંદન કર્યાં ! "**तस्मै नमो व्रजजनैः सह चक्रेत्मनाऽऽत्मने ।**"- વૈદિકપ્રક્રિયાથી અહીં "**आ**" નો લોપ છે. અહીં કોઈ દ્વારા પ્રભુ કાંઈ કરતા નથી. સ્વયં પોતે જ સર્વ કરે છે,- "**आत्मना.**" ત્યાં રહેલી માયા દૂર કરીને પ્રકટ દર્શન કરાવ્યું.

"**आत्मने**"- પ્રભુ પોતે પોતાને નમ્યા ! ગોવર્ધન-સ્થાયિપુરુષોત્તમ રૂપે અને નન્દરાજકુમાર રૂપે પણ કૃષ્ણ જ વિરાજે છે, સાથે આરોગે છે ! એક જ પ્રભુએ બે સ્વરૂપ પ્રકટ કર્યાં છે ! નન્દરાજકુમાર રૂપે સૌને ગોવર્ધનપૂજન કરીને, ભક્તાદર-ભગવદાદર-શીખવે છે. માત્ર વાણી કરતાં વર્તનનો ઉપદેશ વધારે અસરકારક બને છે. નન્દજી તો પોતાના પુત્રનું કલ્યાણ પર્વતદેવતા કરે, તેવા મંગલ વાત્સલ્યભાવે કૃષ્ણ પાસે જ પૂજન કરાવે છે. આ લીલાભાવના પ્રમાણે પુષ્ટિમાર્ગની પ્રણાલિકા પણ છે. અન્નકૂટ પ્રસંગે શ્રીનાથદ્વારામાં, શ્રીનવનીતપ્રિયજી ભગવાન્ શ્રીગોવર્ધનનાથજીનું પૂજન કરે છે. વ્રજમાં જતિપુરામાં, શ્રીગોકુલનાથજી શ્રીગોવર્ધનપૂજન માટે પધારે છે. શ્રીગુસાંઈજીએ ગોકુલમાં વિરાજતાં શ્રીનવનીતપ્રિયજી વગેરે સ્વરૂપોને ગિરિરાજજીમાં શ્રીનાથજી સાથે પધરાવીને છપ્પનભોગ આરોગાવ્યો હતો ! શ્રીભાગવતમાં ભગવાન્ કૃષ્ણ નન્દપુત્ર પણ ગોકુલથી ગિરિરાજજી પાસે પધાર્યા છે ને ! વ્રજવાસીઓના સર્વભાવ કૃષ્ણમાં જ છે; પણ તે તો નન્દરાજકુમાર ગણીને છે. શ્રીકૃષ્ણમાં દેવભાવ નથી, તેથી દેવ કે ભગવાન્ રૂપે જો અન્યને કદાચ ભજે, તો નિરોધ ન થાય. ભગવાને આ લીલાથી દેવભાવ પણ પોતાનામાં દૃઢ કરાવ્યો ! ગોવર્ધનસ્થ રૂપનું પૂજન કરાવ્યું. સૌને તેનો મહિમા સમજાવવા પોતે પૂજન કર્યું. આ પ્રકારે ગોવર્ધનસ્થાયી શ્રીગોવર્ધનનાથજી દેવભાવે અત્યારે શ્રીનાથદ્વારામાં વિરાજે છે; ત્યાં દેવમંદિરની જેમ ધ્વજા વગેરે છે. બીજાં કહેવાતાં પુષ્ટિમાર્ગીય મંદિરમાં નન્દભવન- ગૃહસ્થના ઘર-ની ભાવના છે, તેથી ધ્વજા વગેરે નથી હોતાં !

"**अहो पश्यत शैलोऽसौ....।**"- "જુઓ ! આ સ્વરૂપધારી પર્વતે આપણા પર કૃપા કરી !" નન્દરાજકુમારે પ્રત્યક્ષ પર્વતદેવતા રૂપે દર્શન કરાવ્યાં. આનંદમાંથી સઘળું પ્રકટ થાય છે. તે શ્રુતિસિદ્ધ

છે. આનંદમય કૃષ્ણ સર્વના કારણભૂત-બીજરૂપ-છે. બીજ સમવાયિકારણરૂપ છે. કાર્ય તદાત્મક હોય, તેથી કારણરૂપ ભગવાન્ જ શૈલરૂપ છે, તેથી ભગવાને તે રૂપે પરિચય કરાવ્યો ! સૌને સાવધ કર્યાં, "કૃપા કરી આપણને આ રૂપે દર્શન દઈને આરોગે છે !" ભગવાન્ અંગીકાર કરે તે અનુગ્રહ જ છે. કાંઈ આપનાર ભગવાન્ ઉપર કોઈ ઉપકાર કરતો નથી. આગળ પણ સૌ લોકો ભજન કરે માટે સ્વરૂપ પણ સમજાવ્યું, - "**कामरूपी**", શ્રીગિરિરાજજી ઈચ્છાનુસાર રૂપ ધરે છે. (૧) "**ललितव्रजदेश गिरिराज राजे**"માં કહ્યા પ્રમાણે છ ઋતુઓ ત્યાં નિત્ય વિરાજે છે, વિવિધ ઝરણાં છે. ભગવાન્ સ્વયં લીલા કરે છે. (૨) વિવિધધાતુ - રત્નમય રૂપે પણ વિરાજે છે. આ બે લીલાસ્થલ રૂપે, ભગવદિચ્છાનુસાર આસન, શૈયા વગેરે રૂપ બને છે. (૩) "હરિદાસવર્ય" રૂપે ભક્ત કે ગ્વાલ રૂપે વિરાજે છે. (૪) સિંહ-વ્યાઘ્ર કે ગાય રૂપે પણ દર્શન દે છે. (૫) સફેદ સર્પ કે શસ્ત્રધારી રૂપે પણ પ્રકટ થાય છે. (૬) સ્વયં ભગવાન્ રૂપે પણ વિરાજે છે. "**अजानतो मर्त्यान्**"- મરણધર્મવાળાને તેનો પરિચય નથી. શ્રદ્ધા-સ્નેહ-રહિત, સંસારાસક્ત સામાન્ય-લોકોને કૃપા વિના આવું દર્શન ક્યાંથી મળે ? અપરાધ કરનારને તે દંડ પણ દે છે ! - "**हन्ति**" ! આજે પણ શ્રીગિરિરાજજીનો અપરાધ કરતાં લોકોને વગર ઋતુએ પણ વૃષ્ટિ વગેરેનો અનુભવ થાય છે ! ભયથી ભાવમાં સાવધતા રહે ! મોટાને મનાવાય - માનથી- વંદનથી !

"આપણે તેમને ગાયોના સુખ માટે વંદન કરીએ ! - "**नमस्यामः शर्मणे आत्मनो गवाम् ।**"- ભગવાન્ પોતે નમ્યા ! સૌને નમાવ્યા. આત્મા-અંતકરણ, જીવ, દેહ અને ગો-ઈન્દ્રિય, બંનેના દોષો, સર્વવાસના અને વિષયભોગ પણ શ્રીગિરિરાજજી દૂર કરે છે, સ્નેહ અને સેવા આપે છે, સુખરૂપ શ્રીકૃષ્ણનો અનુભવ પણ દે છે. પુલિન્દીજી શ્રીગોવર્ધનજીની કૃપાથી પૂર્ણ થઈ ગયાં ને ! આમ વૈષ્ણવયાગ ગોપોએ પૂરો કર્યો. "**वासुदेव प्रणोदिताः ।**"- વાસુદેવે શુદ્ધ સત્ત્વમય અંતઃકરણ કરીને, શ્રદ્ધા-સામર્થ્ય દઈને ભગવાને જ તેમને પ્રેર્યા છે; સઘળો વિધિ યથાવત્ ભગવાને જ સમજાવ્યો છે. ગોવાળોમાં ભગવદાવેશ થયો છે, તેથી સઘળું સિદ્ધ થયું. પુનઃ પાછા આવેશ ઊતરતાં ગોપરૂપ થયા ! કૃષ્ણ સાથે સૌ વ્રજમાં આવ્યા. પ્રભુની પ્રસન્નતા જ તેમને તો ફલરૂપ છે.

અધ્યાય : ૨૫

અધિકારથી અભિમાની ઈન્દ્રે ભગવાન માટે પણ અપમાન - કારક - શબ્દ કહ્યા ! સરસ્વતીજીએ તો સ્તુતિ જ કરી ! :

ગોવાળોએ ઉલ્લાસથી ઉત્સવ મનાવ્યો. તેમના વ્રજમાં આવ્યા પછી ઈન્દ્રે જાણ્યું ! - "**इन्द्रस्तदात्मनः पूजां विज्ञाय विहतां नृप ।**"- કાર્તિક શુક્લ પ્રતિપદા (પડવા) એ આ અન્નકૂટોત્સવ થયો, પછી ઈન્દ્રે જાણ્યું. "**तदा**"- ત્યારે, ગોકુલાગમન સમયે, વૃષ્ટિ વગેરે થયાં. અન્નકૂટ પછીના સાત દિવસની આ ઈન્દ્રમાનભંગલીલા છે. ઈન્દ્રયાગ અટક્યો. ઈન્દ્ર અકળાયો. "**सः**"- તે, નિષિદ્ધ-ભોક્તા ઈન્દ્ર છે. નિષિદ્ધ-શાસ્ત્રસંમત ન હોય તેવા - ભોગ કરે, તેની બુદ્ધિ સર્વથા નાશ પામે. લૌકિકભોગ તો સમજીને છોડવા જેવા છે. સત્તા, સમ્પતિ હોય તો ભોગ વધે, ભાન તેમાં ભુલાય, અયોગ્યતા આવે, અનર્થ ઉભરાય. અકળામણમાં ઈન્દ્રે અયોગ્ય આચર્યું. પ્રલયકાલે વરસતા "સંવર્તક" નામના મેઘગણને પ્રેર્યા. તેમાંનો એક મેઘ પણ પ્રલય કરવા સમર્થ છે. ઈન્દ્રે ક્રોધમાં આજ્ઞા કરી. તેને

તો ઈન્દ્રયાગ નહિ, ગોસવયાગ છોડવા જેવો લાગે છે ! - “મહાવનમાં વસતા ગોવાળોનો ધનમદ ! અમર્ત્ય દેવની અવજ્ઞા મર્ત્ય માનવોએ કરી ! ઈન્દ્રયાગના સાહિત્યથી વૈષ્ણવયાગ કર્યો ! મનુષ્ય-વેષવાળા કૃષ્ણના આશ્રયથી !” દોષ પોતાનો, દેખાય સામામાં ! "प्लवा ह्येतेऽदृढा यज्ञरूपाः ।”- શ્રુતિ છે. અજ્ઞાનથી થતા (ફલની ઈચ્છાવાળા) સકામ યજ્ઞ તો અદૃઢ નૌકા જેવા છે. કર્મ જ તેનું સ્વરૂપ છે, અતિપ્રાયશ્ચિત્તથી અદૃઢ છે. લાગે છે તે યજ્ઞ જેવા, - "क्रतुभिर्नाम नौनिभैः ।”- ફલ શું ! કર્મ અવિધા છે. વિધા-શ્રવણ પછીનું આત્માનુસંધાન-આન્વીક્ષિકી-છે. "विद्यां चाविद्यां च यस्तद् वेदोभयं सह ।”- શ્રુતિમાં, વિધા (જ્ઞાન) અને અવિધા (કર્મ) બંનેની સાથે જરૂર જણાવી છે. કેવલ કર્મ કૃતાર્થ ન કરે. ઈશ્વરને ન માને, તે કેવલ કર્મવાદથી તરી ન શકે. કર્મ વ્યર્થ થાય. દોષથી બુદ્ધિ બગડે, ભગવાનમાં પણ ભાવ ન રહે ।

वाचालं बालिश्चं स्तब्धमज्ञं पण्डितमानिनम् ।
कृष्णं मर्त्यमुपाश्रित्य गोपा मे चक्रुरप्रियम् ॥ (५)

ઈન્દ્ર ઉદ્ધત થયો. મધુપતિને માનવ માન્યાં ! અપમાનરૂપ શબ્દો બોલ્યો. ભગવાનના છ ગુણને બદલે છ દોષ દેખાયા ! (૧) "वाचालं”- બહુ બોલનાર-અસમર્થ છતાં સમર્થની જેમ બોલનાર-બડાઈ-ખોર. વૈરાગ્યના અભાવે સ્વાર્થ માટે બહુ બોલે. (ઐશ્વર્ય ન હોય.) (૨) "बालिशं”- જ્ઞાનરહિત, અશક્ત છતાં અશક્ય કરવા ઈચ્છે તેવો, - બાલિશ. જ્ઞાનનો અભાવ. (વીર્ય ન હોય.) (૩) "स्तब्धं”- અનમ્ર - (યશ: નો અભાવ), (૪)“अज्ञं”- જ્ઞાન રહિત - (જ્ઞાન ન હોય), (૫) "पण्डितमानिनं” - પોતાને પંડિત માની લેનાર, - તેમાં શોભા - (શ્રી ન હોય.), (૬) "मर्त्यं”- મનુષ્ય - તે વિરક્ત કે સમર્થ ન હોય. (વૈરાગ્ય ન હોય.) ભગવાનમાં પણ વિપરીત-બુદ્ધિ ઈન્દ્રે કરી ! “ગોવાળોએ મારું અપ્રિય કર્યું !”

વાસ્તવમાં તો, સરસ્વતીજી સ્તુતિ જ કરે છે, ભલે ઈન્દ્ર અપમાન માને ! (૧) "वाचालं-वाचा अलं पूर्णं”- વાણીથી પૂર્ણ ! લૌકિકવાણી જેનું વર્ણન ન કરી શકે - તે સર્વવેદ - કર્તા ! તેનો તો નિકટમાં ગોપોએ આશ્રય કર્યો છે. (૨) "बालिशं-बालमस्यास्तीति पुच्छवान् मर्कटो बालिस्तस्यापि शं सुखं यस्मात् ।”- વાલિને સુખ દેનાર-સ્વામી ! વાલિ રાવણનો મિત્ર, શત્રુ-પક્ષનો, છતાં તેને મોક્ષદાતા ! વેદોને પણ અગમ્ય ભગવાન્, વિષયી વાલિને પણ મુક્તિ દે ! (૩) "स्तब्धं - ‘वृक्ष इव स्तब्धो दिवि तिष्ठत्येकस्तेनेदं पूर्णं पुरुषेण सर्वम् ।’”- શ્રુતિ છે. “વૃક્ષની જેમ સ્થિર એક સ્વર્ગમાં વિરાજે છે, તે પુરુષથી સર્વ પૂર્ણ છે.” વિશ્વરૂપ ભગવાન્ છે. તે નમે તો સૌ નાશ પામે ! સૌના આધારરૂપ તે તો સ્થિર જ હોય. સ્વયં અનમ્ર છતાં સૌને નમાવે. (૪) "अज्ञं न विद्यते ज्ञो यस्मात् ।”- જેનાથી કોઈ વધારે જ્ઞાની નથી, તે સર્વજ્ઞ, (૫) "पण्डितमानिनं - पण्डितान् विद्यावत मानयति पूजयतीति ।”- વિદ્વાનોને માન દેનાર. પંડિતોનું માન જેનાથી છે તે. વિધાનો ઉપદેશ દે છે માટે માનદ છે. (૬) "कृष्णं”- સદાનન્દ. સર્વધર્મ-વાળા-ધર્મી. ધર્મી સર્વધર્મપૂર્ણ જ હોય, તેથી, (૭) "मर्त्यं-शरीरं -उपाश्रित्य-शरीरधारिणो भूत्वा”- ગોપોએ દેહધારી બનીને, "मेऽप्रियं-न विद्यते प्रियं यस्मात्-नह्यन्यस्ततः प्रियोऽस्ति तं भगवन्तं कृतवन्तः ।”- મને અત્યંતપ્રિય કર્યું. પ્રભુ પધરાવ્યા, વૈષ્ણવયાગ કર્યો. પ્રિયધર્મોનું પ્રસ્થાપન કર્યું ! .

ઈન્દ્રે કરેલી પ્રચંડ - વૃષ્ટિમાંથી પોતાના અનન્ય શરણાગત વ્રજની રક્ષા માટે સુયોગ્ય પ્રતિકાર ભગવાને વિચાર્યો :

ઈન્દ્રે તો અવળું જ માન્યું છે, ભક્તદ્રોહ કરવા મેઘને પ્રેર્યો છે. ગર્વિષ્ઠ ગોવાળોના મદને ઉતારવા મેઘને આજ્ઞા કરી. સૌને કૃષ્ણે ફુલાવી મૂક્યા છે ને ! ગોવાળો ગુફામાં છુપાય, કૃષ્ણ સાથે યુદ્ધ થાય, તો પોતે ઐરાવત પર બેસી, વજ્ર સાથે યુદ્ધમાં આવશે, તેવી હિંમત આપી. ઐરાવત તો સમુદ્રમંથનમાંથી પ્રકટેલો. અમૃતનો તેને સહવાસ ! તે મરે નહિ. જલ સ્થલમાં પણ જઈ શકે. વ્રજનાશ માટે પ્રચંડ પવનને સાથે લાવવા પણ કહી દીધું. મેઘને આજ્ઞા મળી. બંધન છૂટ્યાં. વ્રજમાં દોડ્યા. આકાશમાં પ્રગાઢ મેઘ છવાયા. મૂશળધાર વરસાદ શરૂ થયો. પ્રાણપીડાનો પ્રારંભ કર્યો. પ્રગાઢ અંધારું છવાયું. વિકટ વ્રજ જેવી વીજળી ઝબૂકતી પ્રકટ થઈ. આંખ અંજાતાં દેખાય કાંઈ નહિ. સંકટ વધવા માંડ્યું. મેઘની ભયંકર ગર્જનાઓ થવા લાગી. અવાજથી કાન ભરાયા, સૌ ગભરાયા. સંભળાય બીજું કાંઈ નહિ ! ઠંડો, પ્રચંડ પવન ફૂંકાયો. પાણી ઠરીને કરા વાયુવેગે વરસવા માંડ્યા. શરીર શિથિલ થયાં. આકાશમાંથી જ્યાં જ્યાં ધારા પડે ત્યાં ખાડા પડે, તેવો પ્રચંડ વરસાદ ! આવી તો અનંત ધારાઓ વરસે છે. આ ખાડા, ક્ષણમાં તો પાણીથી ભરાઈ પણ જાય ! ચારે તરફ પાણી જ પાણી ! પગ મૂકવાની પણ જમીન જડે નહિ ! સૌ વ્રજવાસી ત્રાસ્યાં. લૌકિક-ઈન્દ્રથી ઉદ્વેગ પામતાં, વેગથી ગાયોના ઈન્દ્ર-ગોવિન્દને શરણે ગયાં ! - **''गोविन्दं शरणं ययुः ।''**- ઈન્દ્ર-સુરભિ નામ પાડે ત્યારે જ કાંઈ ભગવાન્ "ગોવિન્દ" બને ? ! તે તો નિત્ય ગોવિન્દ જ છે. પીડામાં ભાન ભૂલ્યાં વ્રજવાસીઓ પણ ! સમર્પણરૂપ ભક્તિમાર્ગ છોડ્યો, શરણમાર્ગ સ્વીકાર્યો ! ! ભગવાનની રક્ષા ન કરી, સ્વરક્ષા શોધી ! સ્વામિસુખને બદલે સ્વસુખ શોધ્યું ! કૃપાળુ કૃષ્ણે શરણમાં પણ સ્નેહથી સ્વીકાર્યાં. પોતાનાં છે ને ! **''वेपमाना भगवतः पादमूलमुपाययुः ।''**- કંપતાં, ભગવાનના ચરણ પાસે આવ્યાં. વિકટ સંકટ જોયું, પ્રકટ પ્રભુ પોતે નિકટ પધાર્યાં. તનથી નિકટ આવ્યાં, મનથી ચરણમાં પ્રવેશ્યાં. સમર્થ સ્વામીને આ ઈન્દ્રકોપમાંથી ઉગારવા વિનવ્યા. ઈન્દ્ર તો નિર્દય બન્યો છે ! ભગવાન્ તો ભક્તવત્સલ છે.

ભગવાને પ્રચંડ વૃષ્ટિ જોઈ. - **''अपर्तौ''**- ઋતુ ગઈ હોવા છતાં ! **''निरीक्ष्य''**- સામાન્ય-સંસારી તો શંકાશીલ હોય, કારણ વગરની કલ્પનાઓ પણ ઘણી કરે, શંકા-પરંપરાથી કારણ કલ્પી લે ! ઈન્દ્રયાગભંગ પછી તરત વરસાદ થયો ! અવિચારિકાર્યની શંકા પણ ન રહે, તેમ સર્વજ્ઞ ભગવાને પણ વિચાર કર્યો. અજાણતાં અન્યાય ન થાયને ! ઋતુ વગરનો ભયંકર વરસાદ, પ્રચંડ પવન, પાણીથી વધારે વરસતા શિલા શા કરા ! આ ચાર દોષ જોયા. ઈન્દ્રનો રોષ જાણ્યો. આર્ષજ્ઞાનમાં પણ અનુમાન ન હોય તો, લોકોને વિશ્વાસ ન થાય, કાકતાલીય કાર્ય લાગે. તર્ક જ્ઞાનમાં સહકારી છે. પ્રતિકારનો પણ વિચાર કર્યો ! "ઈન્દ્રને મારવો ? મેઘને અટકાવવા ? વૃષ્ટિ બંધ કરી દેવી ? તેમને બીજે લઈ જવા ? બીજું કાંઈ કરવું ? ભગવાનને વિલંબ શો ? અશક્ય શું ? ઈન્દ્રને દૂર કરે તો ક્લિષ્ટ (હીન, ક્લેશમય) કર્મ થાય. અધિકાર હોય તો - અભિમાન આવે. તેમાં તેનો દોષ શો ? દોષને દૂર કરવાનો, દોષવાળાને નહિ ! દોષ દૂર થતાં વ્યક્તિ તો નિર્દોષ છે. "હણો ના પાપીને, દ્વિગુણ બનશે પાપ જગનાં; લડો પાપો સામે, અડગ દિલના ગુપ્તબલથી !" મેઘ તો ઈન્દ્રના આજ્ઞાકારી, ચિઠ્ઠીના ચાકર શા ! તેમને અટકાવે તો ઈન્દ્ર તેમને મારે, અનર્થ વધે. વૃષ્ટિ બંધ કરે તો ઈન્દ્ર પોતે લડવા આવે, તેનો

અપરાધ વધે. વ્રજવાસીને સામર્થ્ય દે તો, તેમનામાં કદાચ અભિમાન આવે ! - બીજે લઈ જાય તો ઈન્દ્રનું અભિમાન કેમ ઊતરે ? બીજે પણ પીડે ! બીજું કાંઈ કરે તો ઈન્દ્રનું અભિમાન ન ઊતરે, ગોપોને કદાચ અન્યાશ્રય પણ થાય!"

અન્યાશ્રય તો મોટો દોષ છે. ભગવાને ગોવર્ધનનો આશ્રય તો ગોવર્ધન-યાગથી કરાવ્યો છે. વિશ્વાસ જ આશ્રયનું મૂલ છે. તે વિશ્વાસ દીધા પછી, દૃઢ કરવા પણ દયાળુ પ્રભુએ વિચાર્યું. ગોવર્ધન રૂપે ભોગ પણ આરોગ્યા છે. પ્રતિકારમાં તેને સાધન બનાવવા ઈચ્છ્યું. ભગવાન્ તો અક્ષરબ્રહ્મની જેમ પ્રશાસનથી અત્યારે સૌને ધારણ કરતા નથી. "**एतस्यैवाक्षरस्य प्रशासने गार्गि द्यावापृथिवी विधृते तिष्ठतः ।**"- શ્રુતિ છે. "હે ગાર્ગિ ! જેના પ્રશાસનમાં આકાશ-પૃથ્વી આધારિત (સ્થિર) રહે છે." લૌકિકરીતે, કૃપા પ્રકટ કરતાં કાર્ય કૃષ્ણ કરે છે. - દેખીતી આપત્તિ સામે દેખીતો ઉપાય કરે, તો સૌને કૃષ્ણકૃપા અને મહિમા સમજાય. વૃષ્ટિ દેખાય છે, પીડા અનુભવાય છે; તેમ રક્ષણ દેખાવું જોઈએ, સુખાનુભવ થવો જોઈએ, તો વિશ્વાસ-આશ્રય-દૃઢ થાય, કૃપા-મહિમા-સ્પષ્ટ સમજાય. આમ, ગિરિરાજધારણ કરીને રક્ષા કરતાં ગોવર્ધનપર્વતની શિલાઓ ખસવી ન જોઈએ, ઉપરનાં વૃક્ષ-પ્રાણી પીડાવાં પણ ન જોઈએ, તો જ યોગ્ય રીતે રક્ષા કરી ગણાય, સૌને સમજાય ! "**तत्र प्रतिविधिं सम्यक्...।**"- આ સુયોગ્ય પ્રતિકાર છે. "**साधये योगमायया ।**"- "યોગમાયા દ્વારા સિદ્ધ કરીશ !" કૃપાળુ કૃષ્ણે વિચાર્યું. પર્વતધારણમાં યોગમાયાનો ઉપયોગ ઈચ્છ્યો, જેથી પર્વતને પીડા ન થાય. બલ માટે ક્રિયાશક્તિ રૂપ-કર-નો સંબંધ પૂરતો છે.

ઈન્દ્ર પોતાને અધિકારીને બદલે ઈશ્વર માની બેઠો છે, તેથી ભાન ભૂલ્યો છે. માનવ સત્તા-સમ્પત્તિ-શરીર-સ્વજન વગેરેનો સ્વામી નથી, સેવા માટે સર્વસ્વની સુવ્યવસ્થા કરનાર વ્યવસ્થાપક-અધિકારી-સેવક-માત્ર છે. સેવક સ્વામી બની બેસે તો સુખ-શાંતિ ક્યાંથી મળે ? સમ્પત્તિ કે સદ્‌ગતિ શી રીતે મળે ? આ મૂઢતા જ છે. ભલે તેને સંસારાસક્ત લોકો સમજ માને ! સૌના અભયપ્રદ સ્વામી તો શ્રીહરિ જ છે. તેમનાં સુખ-સેવા માટે જ સર્વસ્વનો સદુપયોગ થાય, તે સેવકધર્મ છે, કૃતાર્થ તેથી થવાય. શુદ્ધસત્ત્વ, દેવત્વ, કે પૂજ્યત્વ કે ઐશ્વર્ય જ્યાં યથાર્થ રીતે હોય, ત્યાં અજ્ઞાન ન સંભવે, સેવામાં પ્રમાદ કે અભાવ ન હોય. પ્રભુના પ્રભાવથી મળેલાં જ્ઞાન, શુદ્ધિ, પૂજ્યતા, ઐશ્વર્ય, ઉત્તમતા વગેરે તો પ્રભુપરાયણ બનાવે, વિમુખતા તે વધારે નહિ. સર્વના સ્વામી માનભંગ કરે, તે તો દયાળુતા જ છે ! ભાન ભૂલેલાને ઠેકાણે લાવે છે. એક ઈન્દ્ર ઉદ્ધત થયો હોય તો તેને દૂર કરે, પણ બધા લોકપાલો ભાન ભૂલ્યા છે. અનેક અયોગ્ય આચરણ કરતા હોય, ત્યારે સૌને સજા કરતાં પ્રજાનું કલ્યાણ ક્યારે થાય ? સરલ ઉપાય છે, મુખ્યને જ કડક સજા થાય, તો સૌને ભાન થઈ જાય, અયોગ્યતા આચરતાં અટકી જાય. રાજનીતિ તો આ છે ! ભગવાન્ અત્યારે ભક્તવિરોધી મુક્તિ નથી દેતા. આ આપત્તિમાં જ્ઞાનનો ઉપદેશ શો દે ? વિજ્ઞ અર્જુનને વિષાદમાં ગીતાજ્ઞાન ભલે દીધું ! અજ્ઞ ગાયો-ગોપોને શું દે ? અનન્ય વ્રજવાસીઓને તો જ્ઞાન-ભક્તિનો પણ આધાર નથી, અનન્ય આધાર છે - માત્ર કૃષ્ણનો ! કૃષ્ણ આશ્રય ન દે તો પુષ્ટિમાર્ગ (કૃપામાર્ગ) પ્રકટ કઈ રીતે થાય ? કૃષ્ણાવતારનું તે મુખ્ય પ્રયોજન સફલ થાય કઈ રીતે ? બૃહસ્પતિ દ્વારા ઈન્દ્રને અટકાવતાં પણ કૃપા ક્યાં દેખાય ? પ્રભુ બોલ્યા,-

तस्मान्मच्छरणं गोष्ठं मन्नाथं मत्परिग्रहम् ।
गोपाये स्वात्मयोगेन सोऽयं मे व्रत आहितः ॥ (१८)

“વ્રજ મારા શરણે છે, હું જ તેનો નાથ છું. મેં તેનો અંગીકાર કર્યો છે, તેથી સ્વાત્મયોગથી હું રક્ષા કરીશ. મારું તે વ્રત સ્વીકારેલું છે ! “**मच्छरणं**”- થી સામાન્ય શરણાગતિ બતાવી. શરણાગતિ અન્યની નહિ, પણ કેવલ કૃષ્ણની ! તે પણ સ્નેહના સંબંધસહિતની ! તેથી પોતાનો અને શરણાગતિનો સમાસ કરતું પદ કહ્યું. આપત્તિમાં તો સૌ શરણ શોધે, સમર્થનો આશ્રય કરે, સહાય માગે. સ્નેહમાં તો સાનુકૂલતા કે પ્રતિકૂલતા, બંનેમાં આધાર ભગવાન્ પર જ રહે. નાની-મોટી બધી જ જીવનની જરૂરિયાતોમાં પણ સહાય શ્રીહરિની શોધાય. “**शरणं गृहरक्षित्रोः**”- ધાતુપાઠ છે. શરણ એટલે ઘર કે રક્ષક. ઘર આધાર આપે, રક્ષક રક્ષણ કરે. પોતાનું બધી રીતે રક્ષણ લેનારને તે માટે જરૂરી મર્યાદાઓ તો જરૂર પાળવી પડે, તો લાભ લઈ શકાય. વરસાદ, તાપ-શીતમાં કે બીજી સ્થિતિમાં - આધાર કે રક્ષણ માટે ઘરની દીવાલો, રૂમ વગેરેની મર્યાદામાં તો રહેવું પડેને ! - બહાર રહે તેને શું મળે ? તેમ શરણની સફલતા-લાભ-માટે, શરણમાર્ગની મર્યાદા-રીતભાત-પ્રમાણે રહેવું પડે. શરણમાં રહેનાર પ્રભુએ આપેલી સર્વપરિસ્થિતિમાં પ્રેમથી પ્રસન્ન રહે. પોતે પ્રભુનો દાસ છે, તે ન ભૂલે. ભગવાનને જ સર્વસ્વ સમજે. પ્રભુ પ્રસન્ન થાય તેવાં, કોમલ-મધુર-સરલ-સત્ય વાણી-વિચાર-વર્તન-વેષ-વિત્ત-ચિત્ત વગેરે રાખે. પ્રભુની પ્રસન્નતા માટે જ તે જીવે. શરણની ભાવના મનથી સતત કરે, વાણીથી પણ વ્યક્ત કરે, અષ્ટાક્ષરમંત્ર વગેરેનું સતત સેવન કરે, પોતાના સ્વામી-શ્રીકૃષ્ણમાં વિશ્વાસ દૃઢ રાખે. અવિશ્વાસ સહેજ પણ ન કરે. લૌકિકમાં પણ વિશ્વાસ વગર તો કોઈ કામ બનતું નથી ! ચલણી સિક્કા કે નોટ્સ પણ સરકારના સહી સિક્કાના વિશ્વાસે જ વ્યવહારમાં ચાલે છે ને ! બેંકમાં વિશ્વાસ છે, તેથી પૈસા મૂકનાર નિશ્ચિન્ત રહે છે ને ! કૃષ્ણમાં વિશ્વાસ હોય તેને નિઃશ્વાસ મૂકવાનો અવસર તો અંતિમ શ્વાસે પણ ન આવે, ચિંતા કાંઈ જ ન થાય. ઈશ્વરમાં અવિશ્વાસ હોય તેને જ ઉદ્વેગ થાય ! ચાતક જેવા વિશ્વાસથી સફલતા મળે. અવિશ્વાસથી તો હનુમાનજી સામેના મેઘનાદના બ્રહ્માસ્ત્રની જેમ નિષ્ફલતા મળે.

“**मन्नाथं**”- થી અનન્યતા બતાવી. પોતાની સાથે સંબંધની સુદૃઢતા સૂચવવા પુનઃ “**मत्**”- શબ્દ સાથે સમાસવાળું પદ કહ્યું. શરણાગતિ કે આશ્રયમાં અનન્યતા અનિવાર્ય છે. વિશ્વાસ અને સ્નેહ સુદૃઢ હોય, સર્વથી અધિક હોય, તો અનન્યતા સ્વાભાવિક રીતે આવે. આવી અનન્યતામાં અન્યનો અનાદર નથી, સ્નેહની સ્વાભાવિકતા છે ! સૌ લોકો જમવા બેઠા હોય, વિવિધ વાનગીઓ પીરસી હોય, સઘળી સુંદર હોય, સૌ સ્વાદ જાણી-માણી શકતા હોય, છતાં બધા એક જ વસ્તુ માગ્યા ન કરે, સૌ સૌની રુચિ પ્રમાણે જુદી જુદી વસ્તુ લે. ભાવતી વસ્તુ લેવાનો આગ્રહ વધારે રાખે, - આ સ્વાભાવિકતા છે. બીજી વસ્તુ ગમે તેટલી સુંદર હોય, છતાં તેને ઈચ્છા પણ ન થાય. આમાં કોઈને શું અયોગ્ય લાગે છે ? તેમ, જેને કૃષ્ણમાં સ્વાભાવિક સ્નેહ છે, કૃષ્ણકૃપા જેણે જાણી-માણી છે, તેવા લોકો કૃષ્ણ સિવાય બીજા કોઈની ઈચ્છા પણ ન રાખે, બીજે ન જાય, બીજાને ન ભજે, તે તો સ્નેહની સ્વાભાવિકતા છે, તેમાં કોઈનો અનાદર ક્યાં છે ? આમાં અયોગ્ય શું છે ? પુષ્ટિમાર્ગની અનન્યતા તો સુદૃઢ અને સર્વાધિક સ્નેહની સ્વાભાવિકતા જ છે. લૌકિકકાર્યમાં પણ આશ્રય અને અનન્યતાથી

સફલતા સરલતાથી મળે છે, તો કરુણાનિધાન કૃષ્ણના આશ્રય અને અનન્યતાથી શું ન મળે ?

વાસ્તવમાં તો, "**सर्वं खल्विदं ब्रह्म ।**"- "સઘળું બ્રહ્મ જ છે," અન્ય કાંઈ છે જ નહિ. આ પૂર્ણ-બ્રહ્મજ્ઞાનદશામાં તો આવો પ્રશ્ન જ ઊભો ન થાય. સ્નેહની સર્વોત્તમદશામાં - સર્વાત્મભાવમાં - પણ સઘળું ભગવાન્ રૂપે જ અનુભવાય, પછી અનન્યતા શોધવી ન પડે. અનન્યતાની જરૂર છે, - તો તે પહેલાં ! અન્ય રૂપે પદાર્થ-પ્રાણી-દેવાદિ-સમજાય છે, તે સ્થિતિમાં ! કૃષ્ણથી જુદું કે કૃષ્ણસંબંધ-રહિત જે કાંઈ લાગે, તેના પર શરણાગતે કોઈ પણ રીતે સહેજ પણ આધાર ન રાખવો, આવો અનન્યાશ્રય રાખનાર નિઃસત્ત્વ કે લોલુપ રહેતો નથી; બાપડો - બિચારો બનતો નથી. કૃષ્ણનો અનન્યાશ્રય રાખનાર તો સંપૂર્ણ સ્વતંત્રતાનો અનુભવ સાચા અર્થમાં કરે છે. તન, મન, ધન, સ્વજન, દેવ, દેવી, ઘર, સંયોગો, સમાજ, વ્યવહાર, વ્યવસાય, સ્થિતિ, શરીર, ઈન્દ્રિય, સાધન, આ-લોક, પરલોક - વગેરે કોઈની પણ ઉપર, કાંઈ પણ આધાર અનન્યાશ્રયવાળાનો હોય જ નહિ. આવો માનવ તો કેવો સ્વતંત્ર, સહનશીલ, સંયમી, સદ્ભાવપૂર્ણ, સુદૃઢ, સ્વસ્થ, પ્રસન્ન, પ્રશાંત, નિર્લેપ, નિરપેક્ષ, નિર્ભય હોય ! ! પ્રભુને પણ પ્રિય લાગેને ! ભગવાન્ પોતાના સ્વામી છે, પોતે ભગવાનનો દાસ છે, તેવી દૃઢતા તેનામાં હોય. આ-લોક-પરલોકના સુખની તેને અપેક્ષા પણ ન હોય. અપેક્ષા હોય માત્ર ભગવાનની પ્રસન્નતાની ! તેનું જીવવું કેવલ કૃષ્ણ માટે હોય. તેને વસ્તુ કે વ્યક્તિનો સંબંધ પણ કૃષ્ણ માટે જ હોય. વ્રજવાસીઓમાં આ સ્વાભાવિક છે. તેઓની માગણી-ઉપતાપ-ઐશ્વર્ય-આશા-વગેરે પોતાના નાથ-કૃષ્ણ પાસે જ છે, "**नाथृ याञ्चोपतापैश्वर्यादि।**" - ધાતુપાઠ છે. લૌકિક લોકોને ગરજ પડ્યે રાજી રાખવા મથીએ, નમીએ, તે પણ અન્યાશ્રય છે. ભગવાનની વિભૂતિરૂપ અધિકારી દેવો કે દેવીઓનો આવશ્યક હોય તો પ્રસંગોપાત્ત શાસ્ત્રોક્ત આદર થાય, પણ ભય કે લોભથી કાંઈ કરીએ તો અન્યાશ્રય છે.

"**मत्परिग्रहं**"- શરણાગતિ અને અનન્યતા-દૃઢતા-પર્યંત તો જીવનનું કર્તવ્ય પણ ગણાય, પણ પછી અંગીકાર તો સ્વામીની સ્વતંત્રતા છે. શરણાગતિ સેવકની, સ્વીકાર સ્વામીનો ! પ્રભુ જેને પોતાનો બનાવે તેના તો સકલ પુરુષાર્થ પૂર્ણ થઈ જાય ! જે જીવને પ્રભુ શરણે લે, તેનાં દેહાદિ સર્વસંઘાતની પણ સર્વરક્ષા સર્વસમર્થ શ્રીહરિ કરે ! સ્વરૂપથી ભગવાને જેને પોતાનાં બનાવ્યાં, તેને કોઈ બીજાં સાધનની જરૂર ન રહે. "**मत्**"- શબ્દ સાથે સમાસથી "**परिग्रहं**"- પદ કહ્યું. સુદૃઢ આત્મીયતા પ્રકટ બતાવી. ત્રણ વખત "**मत्**"- પદ સર્વત્ર ભગવન્નિષ્ઠાસૂચક છે. પ્રભુએ વ્રજવાસીઓને પહેલેથી પોતાનાં જ બનાવ્યાં છે, વરણ કર્યું છે. કાલીયદમનપ્રસંગે પરીક્ષા કરી છે, "**इत्थं स्वगोकुलमनन्यपतिं निरीक्ष्य...।**"- સ્વકીય રૂપે સ્વીકાર્યાં છે, તેથી તો ઈન્દ્રયાગ છોડવા સમજાવ્યું છે. ઈન્દ્રયાગ છોડતાં આવેલી આપત્તિથી, પ્રભુ પ્રત્યે અસૂયા થઈ નથી; કે "કૃષ્ણનું કહેલું કરવાથી આ કષ્ટ થયું." આ સૌ પોતાનાં છે, તે પ્રકટપણે બતાવવાની લોકરીતે ભગવાને લીલા કરી. ગોવર્ધનયાગ દ્વારા દેહેન્દ્રિયવસ્તુનો વિનિયોગ પોતામાં કરાવ્યો. ઈન્દ્રયાગથી અન્યત્ર થતો વિનિયોગ અટકાવ્યો. દોષ તે દૂર થયો, તેથી પ્રભુને શરણે જવાનું સૂઝ્યું. પ્રભુમાં તેમની આ નિષ્ઠાથી જ પ્રભુએ પરિગ્રહ (સ્વીકાર) પ્રકટ કર્યો. શરણે સૌ ગયા, તેથી તો ભક્તિમાર્ગની મર્યાદા સ્પષ્ટ થઈ !

ભગવાને સ્વાત્મયોગથી રક્ષા કરી છે, શ્રીગોવર્ધનને તો લીલામાત્રથી ધારણ કર્યા છે ! :

જે ભગવાનના બની ગયા છે, પ્રભુએ જેને પોતાના બનાવ્યા છે, તે ભક્તો તો લૌકિક કે

પારલૌકિક બાબતોમાં પણ પ્રભુને જ પ્રાર્થે છે. પ્રભુએ કરેલો સ્વીકાર આથી સમજાય છે, નહિ તો "હવેથી ઈન્દ્રયાગ કરીશું," - કહીને ઈન્દ્રને પ્રાર્થે. "**गोपाये**"- આત્મનેપદ છે. શરણાગતની રક્ષા કરીને ભગવાન્ આભારનો ભાર ચઢાવતા કે વધારતા નથી! શરણાગતરક્ષાને તો પોતાનું જ કર્તવ્ય-ફલલાભ-ગણે છે ! "**स्वात्मयोगेन**"- પર્વતધારણમાં (લીલોપયોગિની) યોગમાયા સાધન છે. વ્રજવાસીઓની રક્ષામાં તો માત્ર "સ્વાત્મયોગ" જ સાધન છે. બીજું કાંઈ નહિ ! "પોતે પ્રભુના છે. ઈન્દ્ર શું કરી લેવાનો છે ? !" - આ મદમાં ગોપો જો પ્રભુને ન પ્રાર્થે, શરણે ન જાય, તો પણ પ્રભુ તેમની રક્ષા તો કરે જ; પણ માત્ર તેમના આ ભાવાનુસાર; તો તો ગોવર્ધનધારણ ન કરે, વૃષ્ટિનાશ કરે ! ગોવર્ધનધારણ કરીને તો પ્રભુએ અન્યની અપેક્ષા પણ છોડાવી, પ્રિય રૂપે દર્શન દીધાં, ભગવદીયતાનો મહિમા સમજાવ્યો. ગોવિન્દ-પદાભિષેક સ્વીકાર્યો. આ બધી લીલાથી નિરોધ કર્યો. નિરોધ માટે સર્વ કરવાની મર્યાદા સાચવી.

સાધન-માર્ગાનુસાર લીલા સાધન-પ્રકરણમાં કહી છે. ગોપોને સર્વથી પૃથક્ કરીને, આત્મસાત્ કરવાની ઈચ્છાથી જો ઈન્દ્રયાગભંગ ન કર્યો હોત, તો ઈન્દ્રયાગની વસ્તુઓ અને અન્ન પ્રભુ ન સ્વીકારત ! અન્ય વસ્તુઓથી પણ ગોસવયાગ થઈ શકત. તેમ કરવાથી ઈન્દ્રનો અંશ પણ વ્રજમાં રહેત. આમ ન થાય તે રીતે ગોપોને કેવલ આત્મસાત્ કરીને, આગળ કેવલ સ્વરૂપાનંદ દેવા માટે જ ગોસવયાગ કરાવ્યો છે. આમ, અનન્ય-ભક્તિમાર્ગ (પૃથક્-શરણમાર્ગ) ભગવાને પ્રકટ કર્યો છે. જે કાંઈ કરવાથી ભક્તો કાલકર્મ વગેરેથી મુક્ત થાય, કેવલ સ્વકીય બને, તેમ પ્રાસંગિક રીતે જે કાંઈ બને તે પ્રભુ કરે છે. અક્લિષ્ટકર્મા છે, - કૃષ્ણ ! પ્રાણવાયુના નિરોધથી જેમ ઈન્દ્રિયો ઉપદ્રવ-રહિત બને, તેમ ભગવાને પોતાનું સ્વરૂપ-આત્મા-જ સૌ વ્રજવાસીમાં પધરાવ્યો, તેથી અન્નકૂટના આરોગેલા અન્નથી સૌને સુખ થાય, સર્વથા રક્ષા સૌની થાય. "**सोऽयं मे व्रत आहितः ।**" - "**कौन्तेय प्रतिजानीहि न मे भक्तः प्रणश्यति ।**"- "કૌન્તેય ! તું જાણ, મારો ભક્ત નાશ પામતો નથી !" "**सङ्ग्रामे च प्रपन्नानां तवाऽस्मीति च यो वदेत् । अभयं सर्वभूतेभ्यो ददाम्येतद् व्रतं मम ॥**"- "સંગ્રામમાં શરણે આવેલા અને "તમારો છું", - તેમ જે કહે તે સર્વ પ્રાણીને અભય હું આપું છું. તે મારું વ્રત છે !" પોતાનું વ્રત તો જરૂર પાળવું જ જોઈએ.

इत्युक्त्वैकेन हस्तेन कृत्वा गोवर्धनाचलम् ।
दधार लीलया कृष्णश्छत्राकमिव बालकः ॥ (१९)

"આ પ્રકારે બોલીને, એક હાથથી ગોવર્ધનને અચલ કરીને, બાલક જેમ છત્રાકને ધારણ કરે તેમ (પ્રભુએ) રમત માત્રમાં ગોવર્ધનને ધારણ કર્યા !"

ગોવાળોએ પહેલાં પ્રમાણ વગરનો પાખંડરૂપ ઈન્દ્રયાગ કર્યો, તેથી આ પીડક-વૃષ્ટિથી ક્લેશ-સંબંધ થયો, પછીના ગોવર્ધન-યાગાનુષ્ઠાનથી શરણાગતિની બુદ્ધિ થઈ. શરણાગતિની મર્યાદા પ્રકટ કરવા માટે વ્રજવાસીઓની આ શરણાગતિનું વર્ણન છે. ભગવાને ભક્તિમાર્ગ અને અક્લિષ્ટકર્મત્વ બતાવ્યું. ભગવાને સૌના વિશ્વાસ માટે, શ્રુતિવિરોધ દૂર કરવા માટે, આધિદૈવિક-સંપત્તિ માટે કૃપા કરી. પર્વતને હાથમાં લેતા, વરસાદ-પવન વગેરેથી પથ્થર ખસે - પડે, તો તેનું સ્વરૂપ નષ્ટ થાય. તેમ ન બને માટે, કૃષ્ણે પર્વતને કરરૂપ ક્રિયાશક્તિનો સ્પર્શ કરાવ્યો, અચલ બનાવ્યો !

પ્રભુ જેને પોતાના બનાવે, તેનામાં વિકાર કોઈ ન સંભવે, સર્વરક્ષા સર્વસમર્થ શ્રીહરિ કરે. **"गा वर्धयतीति गोवर्धनः ।"**- ગાયોની વૃદ્ધિ કરે તે,- ગોવર્ધન ! ભગવાને આધિદૈવિક સ્વરૂપ પધરાવ્યું. પર્વત રૂપે અચલ ગોવર્ધનને કૃષ્ણે હાથમાં લઈને ચલ બનાવ્યો, છતાં ચલ પર્વત પરથી શિલા વગેરે ખસે નહિ તેમ અચલ રાખ્યા ! વિરુદ્ધધર્માશ્રયી ભગવાન્ છે ને ! રક્ષાનો વિશ્વાસ ગોપોને તેથી થાય. ભગવાનના વચનથી, ગોસવયાગથી સાક્ષાત્ પર્વતદેવતાનાં દર્શન પણ કર્યાં છે ને ! હરિદાસવર્ય તો સેવારત છે. સેવામાં ચાલતાં તો ચલન પણ થાય, છતાં સેવામાં અચલ રાખ્યા ! અચલ રૂપે **"पानीयसूयवस"**- વગેરે સેવા કરે છે. લાંબા-ગોવર્ધનને હાથમાં જેવા ઊંચકવા જોઈએ તેવા બનાવ્યા. વિજ્ઞાનવિચારે, **"Centre of gravity"** (ગુરુત્વાકર્ષણ - કેન્દ્ર) શોધ્યું ! કોઈ પણ વસ્તુને તે કેન્દ્રમાંથી ઊંચકતાં ભાર અત્યંત હળવો લાગે.

શ્રીગોવર્ધનધારણ તો લીલામાત્ર છે, પ્રભુને તેમાં શ્રમ નથી, છતાં શ્રમ લાગે તો લીલામાં તો શ્રમ પણ રસ વધારે છે. બાલકો ચોમાસામાં ઊગેલા બિલાડીના ટોપને (તે નામની વનસ્પતિને) માત્ર રમત માટે જ માથે ધરે છે, તેમ આ બાલવત્ લીલા છે ! આ માટે જ ભગવાને ઈન્દ્રને ન અટકાવ્યો. પ્રભુને કાંઈ સામર્થ્ય પ્રકટ કરવું પડ્યું નથી, અનાયાસે હર્ષથી જ લીલા તો થાયને ! રક્ષા તો ભગવાને પોતે જ કરી છે, ધારણ કરેલા ગિરિરાજથી પણ નહિ ! નહિ તો **"इत्युक्त्वा"**- બોલીને રક્ષા ન કરે. બોલ્યા વગર પણ પર્વત ઊંચકી શકાય, રક્ષા થાય. છત્રાકથી કાંઈ વરસાદ અટકે ? તેથી તો સ્પષ્ટ દૃષ્ટાન્ત છે. ગોપોના મતે તો, સૌને જીવનદાનરૂપ દૃષ્ટાર્થ - ફલ-કર્મરૂપ ઈન્દ્રયાગ છે. તેનો અધિષ્ઠાતા ઈન્દ્ર છે. તેણે દૃષ્ટ અનિષ્ટરૂપ વૃષ્ટિ ઉત્પન્ન કરી. પોતાનો યજ્ઞ છૂટતાં તેણે પ્રભાવ બતાવ્યો. ભગવાને રક્ષા તો સ્વાત્મયોગથી કરી, પણ પ્રકટ પ્રભાવ બતાવવા, અદૃષ્ટ અનેક સાધન શક્ય હોવા છતાં, ગોવર્ધન રૂપ દૃષ્ટસાધનથી રક્ષા બતાવી - લીલા કરી ! નન્દજીએ જેમ અન્નથી ઈન્દ્રયાગ સહૈતુક બતાવ્યો, તેમ કૃષ્ણે પણ યુક્તિથી સહૈતુક (ગોવૃત્તિ અને પર્વતવાસથી) ગોવર્ધનયાગ કહ્યો. દેખીતી આપત્તિનો દેખીતા સાધનથી પ્રતિકાર થતો લાગે, તો સૌને વિશ્વાસ દૃઢ થાય, તેથી ગોવર્ધન-ધારણ કર્યો ! વસ્તુતઃ રક્ષા તો સ્વાત્મયોગથી કરી છે. જે રૂપે આરોગ્યા હતા, તે રૂપે રક્ષા કરી. મધ્યમાં ખાડો પડે અને આસપાસ ઊંચી ધાર રહે, છત્ર રૂપે છાયા ખાડાથી પણ વધારે ભાગમાં પડે, તેમ ભગવાને શ્રીગિરિરાજ ધારણ કર્યો ! ભગવાને સૌને નિર્ભયપણે પર્વતની છાયામાં આવી જવા કહ્યું. પોતાના હાથમાંથી પર્વત પડશે નહિ, તેની ખાતરી રાખવા કહ્યું. પ્રભુએ હાથમાં પકડેલા, પડે ખરા ? અંગીકૃતનું પતન તો ક્યારેય ન થાય.

"वातवर्षभयेनालं....।"- પવન-વરસાદનો ભય ન રાખવા કહ્યું. છત્ર રૂપે ગિરિરાજજી હોય તો છત્રીની જેમ, વરસાદથી ન ભીંજાય, પણ પવન તો પીડે જ ને ! પણ આ તો સ્વાત્મયોગથી રક્ષા છે ને ! વૃષ્ટિમાંથી બચવા પર્વતરૂપ છત્ર છે, પણ પ્રલયકાલના મેઘની ગર્જના વગેરે પણ પ્રાણઘાતક છે, તેથી જીવ-દેહ વગેરેની રક્ષા સ્વાત્મયોગથી છે. **"स्वश्च आत्मयोगश्च तयोः समाहारः ।"**- પોતે અને આત્મયોગ બેનો સુમેળ સ્વાત્મયોગ છે. **"युज्यते फलमनेनेति योगः ।"**- ફલનો સંબંધ કરાવે તે,- યોગ ! તેવું સાધન કે સામર્થ્ય તે, - યોગમાયા ! સ્વ-સ્વરૂપાનન્દ દાનથી પ્રાણાદિ રક્ષા છે, સ્વાત્મયોગપ્રભાવ છે, તેથી તો ગોપોને વ્રજમાંથી ગોવર્ધન પાસે લાવ્યાનો ઉલ્લેખ નથી, રક્ષા પછી

વ્રજમાં ગયાનો ઉલ્લેખ છે. પ્રમેયબલ પ્રભુએ પ્રકટ કર્યું. પ્રમેય બે પ્રકારનું, - શાસ્ત્રાનુસારિ અને સ્વતંત્ર ! અહીં તો સ્વતંત્ર પ્રમેયબલથી પણ પ્રભુ લીલા કરે છે. ભગવાને સૌને કહ્યું, - "ભયમાંથી તમારી રક્ષા કરવાનો ઉપાય મેં કર્યો છે." ગાયો વગેરે સાથે સૌ ગિરિરાજજીની છાયામાં આવ્યા. ભગવાને સાત દિવસ-રાત સુધી શ્રીગિરિરાજધારણ લીલા કરી. ૬ ગુણ અને સ્વરૂપથી - સાત રીતે - શરણાગતની રક્ષા કરી. શસ્ત્રધારી અનેક શસ્ત્રોમાંથી ગમે તે દ્વારા રક્ષા કરે, તેમ ભગવદીયો પર કોઈ દેવાદિ (ભક્તરક્ષા કે ઉપેક્ષા રૂપ ભગવદભિપ્રાય ન જાણનાર) પણ ત્રાસ કરે, તો ભગવાન્ સાત દિવસ રાહ જુએ, ભક્ત-રક્ષા કરે. ઉપદ્રવ કરનાર વધુમાં વધુ સાત રાત્રિ જીવે, પીડે; તે પછી પણ ભક્તપીડા કરે, તો ભગવાન્ પોતાની આમ ઉપેક્ષા કરનારનો અવશ્ય વધ કરે જ ! દેવો અલૌકિક રીતે પ્રભુએ કરેલી ભક્તરક્ષા કે ઉપેક્ષા, ભક્તોની પ્રભુસ્મૃતિ વગેરે જાણે છે.

ભગવાને સ્વજનોનું હિત કરતા તેમને સાત અન્યાશ્રયમાંથી છોડાવ્યાં !:

ભગવાને ભૂખ-તરસનો શ્રમ અને નિદ્રાદિ-સુખની ઈચ્છા પણ છોડીને નિરોધ કરતાં પર્વત ધારણ કર્યો ! અદ્રિ- **"न दीर्यत इत्यद्रिः-"**- પર્વતની એક શિલા કે વનસ્પતિ કે પ્રાણીને સ્વલ્પ પણ શ્રમ થયો નથી ! આત્મયોગથી રક્ષા કરી છે, આવરણ કર્યું છે ! ભગવાન્ ડગલું પણ ખસ્યા નથી. વ્રજવાસીઓએ ભૂખતરસ છોડ્યાં. ભગવાને સ્વાભાવિક હાલવું પણ છોડ્યું. ભગવાન્ વ્રજની ઉપેક્ષા કરે તેની ઈન્દ્રે સાત દિવસ રાહ જોઈ, પણ ભગવાન ભક્તોની ઉપેક્ષા કેમ કરે ? આ શ્રીગોવર્ધનોદ્ધરણની લીલાથી ભગવાને સૌ ગોવાળોને, સૌથી જુદા પાડીને (પૃથક્ કરીને) સ્વકીય બનાવ્યા, પૃથક્-શરણાગતિમાર્ગ પ્રકટ કર્યો ! વ્રજવાસીઓનો સાત પ્રકારનો અન્યાશ્રય દૂર કર્યો. માનવ જીવનોપયોગ માટે સાત પર આધાર રાખે છે. પ્રાણીમાત્ર સપ્તાઙ્ગ ગણાય. સૌને સાત હિત કરનાર લાગે, - (૧) દેવ, (૨) ઋષિ, (૩) પિતૃ, (૪) આત્મા - પોતે, (૫) આત્મીય-પુત્રાદિ, (૬) વૈદિક, (૭) પારલૌકિક-યાગાદિધર્મ. આ સાતમાંથી કોઈનો આધાર રાખવાથી પણ અન્યાશ્રય થાય. અન્યની અપેક્ષા પણ અન્યાશ્રય કરાવે. અપેક્ષા માત્ર પ્રભુપ્રાપ્તિની, પ્રભુપ્રસન્નતાની જ રાખે, તે અનન્ય રહે. અહીં તો, તે સાતમાંથી કોઈએ વ્રજવાસીઓની રક્ષા ન કરી. ભગવાને જ દૃષ્ટરીતે રક્ષા કરી. વ્રજવાસીઓને તેથી સાતમાંથી કોઈમાં ક્યારેય પ્રીતિ ન રહી. શ્રીગોવર્ધનધરમાં દૃઢ પ્રીતિ થઈ. શુદ્ધભગવદ્ભાવમાં બાધક છે, - પ્રાણ અને અંતઃકરણના ધર્મો, ભૂખ અને ચિંતા વગેરે ! ભગવાને આરોગેલા-અન્નકૂટમાંથી સૌની ભૂખ ગઈ ! દ્રૌપદીરક્ષા કરતાં ભગવાને, વનમાં મૂઠી અન્ન-શાક મુખમાં મૂકીને, દુર્વાસાજીને દશ હજાર શિષ્યો સાથે જલમાં સંતૃપ્ત કરી દીધા હતા ને ! **"दधार"**- માં ધારણ અને પોષણ બંને કહ્યાં છે. **"डुधाञ् धारणपोषणयोः ।"**- ધાતુપાઠ છે. મનની ચિંતા દૂર કરી નિરોધ કરવા ભગવાને વેણુ અધરે ધર્યો. મધુર વેણુનિનાદે મન સૌનાં મુગ્ધ કરી દીધાં !

ભગવાને દક્ષિણ કરે શ્રીગિરિરાજ ધરીને વામ હસ્તમાં પધરાવ્યો ! એક જ હસ્તે પર્વત ધારણ કર્યો ! આંગળીઓ ઉપર નર્તન પણ કરાવે છે, વેણુનાદથી પણ ધરે છે ! લીલાનુસાર ભક્તો દર્શન કરીને ગાય છે. વ્રજવાસીઓને ભગવત્સ્વરૂપ વિના અન્ય કોઈ યાદ પણ આવ્યું નથી ! સ્વયં ભગવાન્ રક્ષે છે ને ! જયજયકાર થાય છે. "શ્રીગોકુલનાથ કી જય !" શ્રીગિરિરાજધારી સ્વરૂપ પુષ્ટિમાર્ગમાં "શ્રીગોકુલનાથજી" નામે પ્રસિદ્ધ છે. દક્ષિણ-શ્રીહસ્તમાં શ્રીગિરિરાજજી, બે શ્રીહસ્તમાં

વેણુ અને વામ શ્રીહસ્તમાં શંખ છે શંખ જલના તત્ત્વરૂપ છે. જલ તે શોષે છે. ઈન્દ્રવૃષ્ટિ કરતાં પણ અધિક શોષે છે! યુદ્ધ માટે આવેલા ઈન્દ્રે આ અલૌકિક જોયું, શ્રીગોવર્ધનોદ્ધરણધીરનો પ્રભાવ જોયો, વિસ્મિત થયો, ગર્વ ગળી ગયો. ભગવાને ઈન્દ્ર-દમન કરીને ઈન્દ્રનું હિત જ કર્યું ! "**इन्द्रस्य युज्यः सखा ।**"- શ્રુતિ પ્રભુને ઈન્દ્રના યોગ્ય મિત્ર કહે છે. મિત્ર અનર્થમાંથી અટકાવે, હિત કરે ! આધિભૌતિક-ઈન્દ્રનો માનભંગ ભગવદ્રૂપ આધિદૈવિક ઈન્દ્રને તો સંમત જ હોય. ભગવદ્‌ભાવવાળાને અભિમાન ન શોભે. સાતમા દિવસની રાત્રિના અંતે વરસાદ અટક્યો. ક્ષણ પહેલાં તો સર્વત્ર જાણે સાગર ઘૂઘવાતો હતો ! બીજી ક્ષણે તો, "**व्युदप्रायाश्च निम्नगाः ।**"- નાની નદીઓનાં વહેણ પણ ચાલી શકતાં ન હતાં, પાણી શોષાઈ ગયાં હતાં. ભગવાને ગોપોને બહાર નીકળવા કહ્યું. પહેલાં પ્રવેશ્યા હતા તેમ, સૌ નિર્ભયપણે બહાર નીકળ્યા, ગાયનાં વાછરડાંની શીંગડી પણ પલળી ન હતી ! સૌ આનંદમગ્ન હતા.

ભગવાને સૌના દેખતાં પૂર્વવત્ શ્રીગિરિરાજજીને પાછા પધરાવી દીધા. આમાં કાંઈ માયિક નથી. લીલામાત્રમાં આ સઘળું કર્યું ! વ્રજવાસીઓ તો વહાલથી દોડ્યા. સૌ પ્રેમવેગથી ભગવાનને ભેટી પડ્યા. લોક-વેદ રીતે પ્રભુનું પૂજન કર્યું. જલથી ચરણ ધોયાં. દહીંથી લાલના ભાલમાં વહાલથી તિલક કર્યું. અક્ષત લગાવ્યા. જલથી નજર ઉતારી. ઓવારણાં લીધાં. સંતોષથી અનેક આશીર્વાદ આપ્યા. બલરામજીને પણ આશ્ચર્ય હતું. શ્રીગોવર્ધનધરણનો મહિમા જોતાં, દેવોએ પણ ઉત્સવ મનાવ્યો. વાદ્ય વાગ્યાં. પુષ્પવૃષ્ટિ-નર્તન-કીર્તન થયાં. વૈદિક શંખધ્વનિ અને લૌકિક દુંદુભિ-શબ્દ થયો. ગંધર્વપતિ વિશ્વાવસુ-તુંબુરુ-નારદે ગાન કર્યાં. અનુરાગભર્યા ગોવાળો સાથે હરિ વ્રજમાં પધાર્યા. પરીક્ષિતરાજાને પ્રાયઃ ક્લિષ્ટ જોયા. શ્રીશુકે "પાર્થિવ ! નૃપ ! રાજન્ !" - સંબોધને સાવધ કર્યા. કૃષ્ણ ગોષ્ઠમાં પધાર્યા. દ્વારકા જેવું અદ્‌ભુતસ્થાન અહીં વસાવ્યું નહિ ! "**ते ते धामानि....।**"- થી વેદમાં વૈકુણ્ઠથી પણ ઉત્તમ આ ગોકુલ ગણાવ્યું છે, તેમાં જ પ્રભુ પધારે ને ! સર્વ દુઃખ દૂર કરીને સુખ દેતી, અદ્‌ભુત કૃષ્ણલીલાનાં દર્શનથી, માહાત્મ્યજ્ઞાનપૂર્વકનો-સર્વાધિક સુદૃઢ-સ્નેહ ગોપોને થયો. હર્ષ શ્રીગોપીજનને થયો. હવે, કૃષ્ણ અદ્‌ભુત-રીતે લીલાવિહાર દેશે ! ભગવાનને પણ હૃદયસ્પર્શી થયાં, ભગવાનનો સ્પર્શ હૃદયમાં થયો. અન્યથી અધિક સંગલાભ તેમને લાધ્યો. દુઃખ નિવૃત્તિપૂર્વક કૃષ્ણાસક્તિ થઈ. ગાન હૃદયસ્પર્શી થયું, -

"व्रजेन्द्र सर्वाधिकशर्मकारी महेन्द्रगर्वाधिकगर्वहारी ।
वृन्दावने कन्दफलोपहारी मम प्रभुः श्रीगिरिराजधारी ॥"

હૃદયને સ્પર્શે તેવાં લીલાગાન કૃતાર્થ કરે, લીલારસમગ્ન કરે.

અધ્યાય : ૨૬

આત્મીય છતાં અજ્ઞાન ગોવાળોનું આશ્ચર્ય ! :

શ્રીગોવર્ધનધારણલીલા ગોપોએ જોઈ. અતિશય અદ્‌ભુત લાગી. અત્યાર સુધીમાં આવાં તો અનેક પરાક્રમ પ્રભુનાં જોયાં છે. ગોપોને તેમાં સમજાય શું ? ક્રિયાશક્તિ કૃષ્ણની ન સમજાઈ ! આશ્ચર્યચકિત ગોપો થયા. સ્વરૂપ સમજી ન શક્યા. સંદેહ થયો. "અમે પ્રાકૃત ગોવાળો ! અપ્રાકૃત

કૃષ્ણ સાથે અમારો સંબંધ કેમ હોઈ શકે ?" અજ્ઞાન અને અન્યથાજ્ઞાન તેમને કૃષ્ણમાં છે ! સામાન્ય માનવબાલક તો આવું કાંઈ કરી ન શકે. આવાં અલૌકિક-કાર્ય કરનાર નન્દપુત્ર ન હોઈ શકે. ઈન્દ્રથી પણ ઉત્તમ પુરુષ, અધમ ગોપોની વચમાં આવે શા માટે ? "सप्तहायमो बालः ।"- માત્ર સાત વર્ષનું બાલક ! મત્ત ગજરાજ કમલને ઉપાડે તેમ મોટા પર્વતને રમત માત્રમાં ઉપાડી લે ! ! તે પણ આંગળીઓ ઉપર નચાવે ! ! વેણુ બજાવતાં વિહરે ! ! જોયું તેવું ગોપો વિચારે છે. આ તો બાલક કેમ હોઈ શકે !" છ ગુણ ભગવાનના, સાતમા પ્રભુ પોતે ! તેની સઘળી ચેષ્ટા અહીં તો પ્રકટ થઈ છે. તેથી ચેષ્ટારૂપ કાલ સાત વર્ષ રૂપે ઓળખાવ્યો છે. સ્વરૂપમાં કાલની અસર નથી. લીલાનુકૂલ સ્વરૂપ-પ્રાકટ્યમાત્ર છે.

ગોપો વિચારે છે : "છ દિવસની વયમાં તો પ્રચંડ પૂતનાના પ્રાણ સાથે પયઃનું પાન કર્યું ! પૂતના પણ જાણી ન શકી ! ? સામનો કે બચાવ પણ કરી ન શકી ! અલૌકિક - સામર્થ્ય છે આ બાલકનું ! ત્રણ માસનું વય ! ગાડા નીચે સૂતેલો ! પગ હલાવ્યા ! પંજાના સ્પર્શમાત્રથી ભારે ગાડું ઊંધુ વળી ગયું ! ! સ્વલ્પ સાધને અનલ્પ કાર્ય ! એક વર્ષનું વય થયું. હજુ ચાલી ન શકે ! ત્યાં તો વંટોળરૂપ તૃણાવર્ત ઉપાડી ગયો. તેનું માત્ર ગળું પકડીને માર્યો ! ! માએ દોરડે બાંધ્યા ! ! ખાંડણીઓ ખેંચતા દૂર ગયા. બે જૂનાં-મોટાં સાદડનાં ઝાડ હાથથી સ્વલ્પ ખેંચતાં પડ્યાં ! શત્રુરૂપ અસુર બકનું મોં ચીરીને રમતમાં માર્યો. વત્સાસુરને માર્યો. એક હાથે રમતાં કાંઠાનાં ઝાડ સાથે પછાડ્યો !" ગોવાળો ક્રમબદ્ધ લીલા નથી ગાતા. પરસ્પર વાતો કરતાં યાદ આવે તેમ બોલે છે, - "લોકહિત માટે ગર્દભરૂપ ધેનુક અને તેના સાથીઓને સરલતાથી માર્યા ! પ્રલંબના પ્રાણ પલમાં લીધા ! વિકરાલ વિષધર કાલિયને તેના ધરામાં જ બલથી નાથીને કાઢી મૂક્યો ! યમુનાજલનું ઝેર દૂર કર્યું. ગરુડ કે યમથી ન બન્યું તે આ બાલકે કર્યું ! દુષ્ટનું દમન અને વિષની વિશુદ્ધિ નાની વાત થોડી છે !"

दुस्त्यजश्चानुरागोऽस्मिन् सर्वेषां नो व्रजौकसाम् ।
नन्द ते तनयेऽस्मासु तस्याप्यौत्पत्तिकः कथम् ॥ (१३)

"આ બાલકમાં આટલો બધો સ્નેહ ! બધા વ્રજવાસીઓનો ! જન્મથી જ ! કઈ રીતે ? અન્યના પુત્રમાં સાધારણ-સંબંધ-માત્રથી, પૈસા-પુત્ર-પરિવાર-પ્રાણથી પણ અધિક, પ્રગાઢ પ્રેમ કઈ રીતે થાય ?! પુત્ર તો તેમનો કેમ હોઈ શકે ? કદાચ કોઈને ગુરુજનમાં પ્રીતિ હોય, પણ અજ્ઞાનીઓને અમને પ્રીતિ થઈ ! તે તો વસ્તુના સામર્થ્યથી જ સંભવે. બીજાં કે અમારાં પોનાનાં બાલકોમાં પણ આવી પ્રીતિ કેમ થતી નથી ! ? સ્વરૂપ, સામર્થ્ય, ક્રિયા ધર્મ, ધર્મિના વિચારે આવો મહાન્, નન્દગોપપુત્ર કેમ હોઈ શકે ? ! "क्व सप्तहायनो बालः क्व च महाद्रिविधारणम् ।"- ક્યાં સાત વર્ષનો બાલક ! અને ક્યાં મોટા પર્વતને ઊંચકવાનું કાર્ય ! અમારાં સાત વર્ષનાં છોકરા પથરા ઉપાડતાં અચકાય અને આ રમતમાં પર્વત ઉપાડે ! ! અમને સંદેહ છે, આ તમારો પુત્ર છે કે નહિ ? ! હોય તો અમે ગોપો કૃતાર્થ થઈ ગયા. ન હોય તો મોટો અપરાધ કરાવ્યો ! કોણ જાણે શું હશે ?" રામાયણ, મહાભારત, ભાગવતજી વગેરેમાં પર્વત ઉપાડીને લાવવાના, ફેંકવાના પ્રસંગો તો દેખાય છે, પણ તે તો મહા બલવાન્ પુરુષો કરે છે, થોડી ક્ષણોમાં પર્વત કે શિખર છોડી દે છે, ઊંચકી રાખતા નથી ! "આ તો બાલક ! ! અને છતાં સાત દિવસ-રાત રમતમાત્રમાં હાલ્યા પણ વગર પર્વત ઊંચકી રાખ્યો !

- પાછો પૂર્વવત્ મૂકી પણ દીધો !"

નન્દજીએ કરેલું પોતાની સમજ પ્રમાણે સમાધાન ! :

ભોળા ભક્ત ગોવાળોના સંદેહનું સમાધાન નન્દજીએ કર્યું. અપ્રાકૃત કૃષ્ણ વસ્તુ-સ્વભાવથી પોતાના પુત્ર છે. અપ્રાકૃતપણું અને પુત્રપણું બંને વાસ્તવ છે. ગર્ગજીએ કહેલી નામકરણ-સંસ્કાર-સમયની સિદ્ધાન્તની વાતો કહી. ભગવાન્ તો લૌકિકયુક્તિથી ન સમજાય તેવા અદ્ભુતકર્મા છે. તેમને માટે અશક્ય શું ? અપ્રાકૃતપણું અને પુત્રપણું સંભવે છે. નન્દજીતો પોતાના ઘરમાં તેવો કોઈ મહાપુરુષ જન્મ્યો છે, તેમ માને છે. ભગવાને લીલા માટે તેવી સમજ દીધી છે. ભગવાનના અવતાર ક્યાંક થાય છે. તેમાં આ પણ હશે ! તેથી પુત્ર રૂપે સંબંધ અને આ અલૌકિક-મહિમા બંને સંભવે છે. ગર્ગે "આત્મજ"- કહ્યું છે. ભગવાને લીલા માટે તેમ સ્વીકાર્યું છે. નન્દ બોલ્યા, - "આ મારો પુત્ર છે કે નહિ તેવી શંકા ન કરશો. ગોવાળો ! ગર્ગે કહેલી વાત કહું છું. પ્રતિયુગમાં આ અવતરે છે; - શુક્લ-રક્ત- પીત વર્ણે ! પરશુરામ, દાશરથિરામ, બલરામ રૂપ - બ્રાહ્મણ, વૈશ્ય-વર્ણપણ છે, અત્યારે કલિ પાસે હોવાથી કૃષ્ણ- શ્યામ-થયા છે, તેથી કૃષ્ણ છે. મધ્યાહ્ને સૂર્યમંડલના મધ્યભાગ જેવી તેની શ્યામતા છે. વસુદેવને ત્યાં શ્રીકૃષ્ણ જન્મેલા તેથી વાસુદેવ છે. વાસ્તવમાં વસુ-ધન, તે રૂપ દેવ-લક્ષ્મી છે, તેના પતિ "વાસુદેવ", તેથી "શ્રીમાન્" છે. આવાં અનેક નામ નિત્ય છે. તદનુરૂપ સ્વરૂપ અને લીલા પણ નિત્ય છે.

આ કૃષ્ણ સૌનું કલ્યાણ કરશે. ગોપ-ગોકુલને આનંદ દેશે. દસ્યુઓને દંડ તેણે દીધા છે. પરમ-ભાગ્ય હોય તો જ તેનામાં પ્રીતિ થાય. તેમાં પ્રીતિ કરે તેનો સર્વત્ર વિજય થાય, પરાજય ક્યાંય ન થાય, વિમુખ કરતા અંદરના અને બહારના દુશ્મનો દબાવી ન શકે. "प्रीतिं कुर्वन्ति ।"- સ્નેહ તો સ્વાભાવિક હોય, તે ઉત્તમ. ભગવાન્ તે દે છે. તેમ ન હોય ત્યાં, પ્રભુના ઉપકારો યાદ કરીને પણ પ્રીતિનો પ્રયાસ કરે. તે પણ કૃતાર્થ બને. આ કુમાર ગુણમાં નારાયણ-સમાન છે. તેના આવા કામમાં આશ્ચર્ય શું ? તે મારે ત્યાં જન્મ્યો, તેમાં મને પણ આશ્ચર્ય થતું નથી. મેં તો આ પુત્રને નારાયણનો અંશ માન્યો છે !" નન્દજી તો કૃષ્ણને નારાયણનો અંશાવતાર સમજ્યા છે, અધિક નહિ ! અધિક તો આગળ સમજાશે. આ તો ક્યારેય કોઈને ક્લેશ કે કષ્ટ થાય તેવું હીનકર્મ કરતો નથી, કર્યું નથી, અક્લિષ્ટકર્મા છે. જીવ તો કાંઈક કરી પણ બેસે. ગર્ગથી પણ પૂર્વસિદ્ધ વાત ગર્ગે કહી છે. અનુભવે પણ ગોવાળોને સમજાઈ છે.

બ્રહ્મજ્ઞાની - ભક્ત પણ પ્રભુની પ્રીતિ - પ્રસન્નતા ઝંખે છે ! :

ભોળા ગોવાળો તો ખૂબ રાજી થઈ ગયા. નન્દજી મહાન્ છે ! તેમનો પુત્ર આવો છે ! ! આનંદ અને આશ્ચર્ય પામતા ગોપોએ નન્દજીનું પૂજન કર્યું. ભગવાનનું પૂજન તો કરે જ ને ! પહેલાં ભક્તની પૂજા, પછી ભગવાનની ! ભક્તના સંબંધથી ભગવાન્ મળ્યાને ? ગોપોને હવે અજ્ઞાન-અન્યથાજ્ઞાન કૃષ્ણમાં ન રહ્યું. આશ્ચર્ય શમ્યું. આનંદ થયો. ગોવર્ધનોદ્ધરણથી સૌનો સમાન નિરોધ થયો. ત્રણ અધ્યાયમાં સન્દેહ-સમાધાન અને ઉપધર્મ (અધર્મશાખા)ની નિવૃત્તિપૂર્વક ભગવાનનો મહિમા અને ભગવદ્ધર્મસ્થાપન કહ્યું. આવા પરમ પ્રેમલ પ્રભુને શ્રીશુકે વંદન કર્યું, પ્રેમ-પ્રસન્નતા પ્રાર્થ્યાં. શ્રીશુક જેવા દૃઢવૈરાગ્યપૂર્ણ, ઉત્તમાધિકારીને પણ પ્રભુપ્રીતિ જ માગવા જેવી

લાગે છે. પ્રભુ પાસે પ્રીતિ જ મગાય. હજારો જન્મે કોઈકને જ તે મળે ! પ્રીતિ મળે તો કાંઈ બાકી ન રહે.

देवे वर्षति यज्ञविप्लवरुषा वज्राश्मपरुषानिलैः ।
सीदत्पालपशुस्त्रि आत्मशरणं दृष्ट्वानुकम्प्युत्स्मयन् ॥
उत्पाट्यैककरेण शैलमबलो लीलोच्छिलीन्ध्रं यथा ।
बिभ्रद्गोष्ठमपान्महेन्द्रमदभित् प्रीयान्न इन्द्रो गवाम् ॥ (२५)

યજ્ઞભંગ થતાં કોપથી ઈન્દ્રે મોકલેલો મેઘ વરસ્યો ત્યારે, વજ્ર જેવા કરા અને કઠોર પવનથી પીડાતાં પોતાના શરણાગત ગોપ-ગાય-ગોપીજનને જોઈને, કૃપા કરતાં, હસતાં, એક હાથે ગોવર્ધનને ધારણ કરીને, બાલક જેમ રમત-માત્રમાં કમલ ઉપાડે તેમ, મહેન્દ્રના મદને ઉતારતાં ગોકુલરક્ષા કરી. તે ગાયોના ઈન્દ્ર-ગોવિન્દ-અમારા ઉપર પ્રસન્ન થાવ, પ્રીતિયુક્ત થાવ ! કોઈકની ઉપર પ્રસન્ન થયા હોય, પ્રીતિ કરી હોય, તે પ્રસન્ન થાય, પ્રીતિ કરે. શ્રીશુક જેવા વિરક્ત, નિષ્કામ, આત્મારામને પણ કૃષ્ણ-પ્રસન્નતા-પ્રીતિ-ની કામના થઈ. તેનું સફલ સાધન ન દેખાયું. વિનંતી કરતાં વંદન કૃષ્ણચરણે કર્યાં, સ્નેહ માટે શરણાગતિ કરી !

અધ્યાય : ૨૭

અપરાધી ઈન્દ્રે કરેલી કૃષ્ણ - શરણાગતિ, સ્તુતિ :

આજ્ઞા પાળે તે આત્મીય બને. ગોવાળોએ ગોવર્ધનપૂજન કર્યું. ગોવાળોનો ગોસવયાગ પૂરો થયો. ભગવદાજ્ઞાપાલને આત્મીય થયા. ભગવાને રક્ષા કરી. પરંપરાથી ઈન્દ્રયાગ રૂપે પ્રસિદ્ધ કર્મ હવે ગોસવરૂપ થયું. તે ઈન્દ્ર રૂપે સ્વીકારે નહિ, તો પ્રસિદ્ધિ-વિરોધ થાય, તેથી ભગવાન્ પોતે ઈન્દ્રરૂપ થયા. સૌએ સંમત થઈને ભગવાનને ઈન્દ્રાભિષેક કર્યો. ભગવાન્ ગોવર્ધનધારી થયા. ઈન્દ્રમાનભંગ થયો. પ્રભુને પરિશ્રમ પોતે કરાવ્યો. ભક્તોનો પણ અપરાધ પોતે કર્યો. તે ભયે ઈન્દ્ર ક્ષમા માગવા આવ્યો. ગાયોની રક્ષા થઈ, તેથી પૂજન માટે કામધેનુ પણ સાથે આવ્યાં. પ્રાકૃત ગાયો તો પ્રભુપૂજન શું કરી શકે ? તેની સાથે દેવો પણ આવ્યા. ઈન્દ્ર એકાંતમાં પ્રભુ પાસે આવ્યો. મોટો માણસ માફી માગે; પણ એકાંતમાં ! ભગવાનનાં ચરણે ઈન્દ્રે સૂર્ય જેવા તેજસ્વી મુકુટ સાથે મસ્તક નમાવ્યું. મસ્તક નમે તો માફી મળે, દીનતા દેખાય. ઈન્દ્રે તો ગોવર્ધનધારણ રૂપ કૃષ્ણમહિમા જોયો છે. પૂતના-પ્રાણ-પયઃપાન રૂપ મહિમા સાંભળ્યો છે. જાજ્વલ્યમાન્ અગ્નિ જેવું સર્વસમર્થ અમાપ ભગવત્તેજઃ દેખાય છે. ઈન્દ્રને ભાન થઈ ગયું. પોતે તો ભગવાનનો સામાન્ય અધિકારી-માત્ર છે. ઈશ્વર તો આ પોતે જ છે ! નિર્દોષ, ષડ્ગુણસમ્પન્ન કૃષ્ણની સ્તુતિ ઈન્દ્રે કરી.

"विशुद्धसत्त्वं तव धाम शान्तं...।"- ભગવાન્ તો સર્વાત્મા, સર્વકર્તા, સર્વપ્રેરક છે. તેમને તેથી ક્રોધ ન સંભવે. લીલા પણ ક્રોધના કારણે નથી. ક્રોધના કારણરૂપ રજઃ અને તમઃ પ્રભુમાં નથી. રજઃ-તમઃ-રહિત શુદ્ધ છે. સત્ત્વ, રજઃ, તમો-રહિત વિશુદ્ધ છે. તેવું ભગવાનનું સ્થાન-ધામ છે. સત્ત્વરૂપ આ દ્રવ્યવિશેષ છે ! "सत्त्वं विशुद्धं वसुदेवशब्दितं"- વિશુદ્ધસત્ત્વ વસુદેવ રૂપ, તેમાં પ્રકટતા પ્રભુ વાસુદેવ ! ધામઃ તેજઃ પણ છે. ભગવત્તેજઃ પણ સાત્ત્વિક-સત્ત્વરૂપ છે. બીજા શુદ્ધસત્ત્વ સાથે પણ તે

મિશ્રિત નથી, તેવું તો જીવમાં સામાન્ય કે ઉત્તમ પણ હોય છે. આ ભગવદ્રૂપ સત્ત્વ તો પરમકાષ્ઠાપન્ન છે! શાન્તિ પણ પરમકાષ્ઠા રૂપ છે, તેથી "शान्तं" કહ્યું. વૃક્ષદશા કે સુષુપ્તિરૂપ તે નથી, "तपोमयं" છે. "यस्य ज्ञानमयं तपः ।"- ભગવત્તપઃ જ્ઞાનમય છે. લોકના રજઃ-તમઃનું પણ તે તો નાશક છે, દબાતું નથી. પ્રભુના આ ગુણો પણ અપ્રાકૃત-સચ્ચિદાનંદધર્મરૂપ છે, તેથી ગુણાવતારો રૂપ બ્રહ્મા-વિષ્ણુ-શિવ પણ અપ્રાકૃત છે. ક્વચિત્ પ્રભુ સત્ત્વને પણ આધાર રૂપે સ્વીકારે છે, જો કેવલ ન અવતરે તો ! "प्रागयं वसुदेवस्य क्वचिज्जातः ।"- કહ્યું છે. અત્યારે તો તે સ્વયં કેવલ પધાર્યા છે, પણ ઈન્દ્ર તો ભ્રમથી સત્ત્વાશ્રિત માને છે. પ્રભુ તો સર્વદા વસુદેવમાં જ પ્રકટે છે. પહેલાં કરતાં આ ભ્રમ સારો છે, તેથી તો આ ઈન્દ્રસ્તુતિ ગણાય છે! ઈન્દ્ર તો વિષ્ણુને ભગવાન્ કૃષ્ણ સમજે છે, તે પ્રમાણે સ્તુતિ કરે છે. શાન્તિ ન હોય તેની સમજ-જ્ઞાન-પણ વિક્ષેપ રૂપ છે! સ્થિર તે ન હોય. ઈન્દ્ર ભગવદ્રૂપને ક્યારેક જાણે, ક્યારેક ન જાણે; તેથી કોઈ વાર ભજે. કોઈ વાર ત્યજે! આ વૃષ્ટિપ્રસંગની જેમ, પારિજાતપ્રસંગે પણ તેને મોહ થયો છે.

દેવ-હીનજાતિ-મનુષ્ય-વગેરે રૂપ ગુણોનો આ સંપ્રવાહ માયા-પ્રચુર છે. આ ગુણોના કારણરૂપ માયા છે. "अयं"- આ, પ્રવાહ દેખાય છે, તેથી પ્રાકૃત છે. અપ્રાકૃત હોય તો દેખાય નહિ. આ પ્રાકૃત- પ્રપંચ પ્રભુને જ્ઞાનના અનુબંધ રૂપ થતો નથી. પ્રકૃતિનજરે, કોઈ ઉપકાર કે અપકાર કરે, તે વિષમબુદ્ધિ પ્રભુમાં સંભવે નહિ! ક્રોધ રાજસ અને લોભ તામસ છે. તે દૂર કરવા જોઈએ. તે બે તો અજ્ઞાનની નિશાની જેવા છે. ભગવાનમાં તો ક્રોધાદિ સંભવે નહિ. ક્રોધથી તો સજા થાય. ભગવાન્ કોઈને સજા કરે તો તેમાં કોપ નહિ, કૃપા જ છે! ભગવાન્ સજા ધર્મરક્ષા અને ખલસંયમ માટે કરે છે. લોક અને ભગવાનમાં આ ભેદ છે. ક્રોધથી થતી સજામાં ફલ નથી, કૃપામાં લૌકિક-સાધન નથી. તેમાં સાધન ભગવાન્ જ છે! સ્વરૂપ જ સાધનરૂપ પણ છે! ભગવાન્ દંડ અને રક્ષા ન કરે તો ધર્મનાશ થાય, પાખંડ પ્રસરે. ભગવાનની કૃપાથી થતી સજા તો સૌના કલ્યાણરૂપ છે. પ્રભુ પ્રભાવ પ્રકટ ન કરે તો દુષ્ટો દબાય નહિ. પૂર્વનાશ અને અધિક સજા તે દંડ છે. "આમ કરતાં આમ થશે." - તે જ્ઞાન ભગવાનને જ હોય, બીજાને નહિ. ભગવાને તો માનભંગ કર્યો, તે દંડ નથી, શિક્ષા છે. પિતા પુત્રને, ગુરુ શિષ્યને, રાજા પ્રજાને, કાલ લોકોને સજા કરે, તે દંડ નથી; શિક્ષા છે,' - સંસ્કારદાન છે, - શુદ્ધિપ્રદ છે. ભગવાન્ સર્વ રૂપે, સર્વજનક રૂપે - પિતા છે, વેદકર્તા રૂપે - ગુરુ છે, સર્વના સ્વામી છે, મૃત્યુ રૂપે - કાલ છે, દંડધારી - યમ છે. પરલોકમાં પણ તે શિક્ષા દે છે, રાજા વગેરે રૂપે પણ ઈચ્છાનુસાર સ્વરૂપે પ્રભુ શિક્ષા દે છે, અભિમાન ઉતારે છે. પુરુષાવતાર રૂપે પ્રભુ જગતના પિતારૂપ છે. મત્સ્ય-ગુરુરૂપ છે. કૂર્મ- વરાહ - સ્વામિરૂપ છે. નૃસિંહ - મૃત્યુરૂપ છે વામન-દંડપાણિ છે. આ બધા સ્વેચ્છાવતાર રૂપ પણ છે. ભક્તોના મોક્ષ અને જગતની પણ શિક્ષા-મોક્ષ-માટે પણ પ્રભુ પધારે છે.

ઈન્દ્ર-વરુણ વગેરે તો અધિકારના અભિમાનમાં મૂઢ છે. અધિકારમાં ઈશ્વરાજ્ઞા-પાલનનું ભાન જોઈએ, નહિ તો અભિમાન આવે, તે મૂઢતા છે. દેવોનો પણ અધિકારનો સમય પૂરો થાય ત્યારે, ભાન આવે તો અભિમાન છોડી ભગવાનને ભજે! ભગવાનના ભજનરૂપ સુમંગલમાર્ગમાં અભિમાન અવરોધરૂપ છે. ભગવાને તો કૌતુક-લીલા-માટે જ ગોવર્ધન ધારણ કર્યો, છતાં તેથી અધિકારીનું

અભિમાન ઓગળ્યું. કૃષ્ણની કૌતુકક્રિયા પણ કૃપારૂપ-સફલ-છે. "ઐશ્વર્યમદમાં ભાન ભૂલેલા, આપનો અપરાધ ન જાણતા, મારો અપરાધ ક્ષમા કરો. સમર્થ તો સામાન્યને ક્ષમા કરે !" સમર્થ પ્રભુ અપરાધ યાદ રાખે તો, તે સત્યસંકલ્પ બલથી ફરી ફરી બુદ્ધિ બગડે, અપરાધ થાય. "**मैवं पुनर्भून्मतिरीश मेऽसती ।**"- "હે સ્વામિન્ ! મારી મતિ પુનઃ મલિન ન થાવ, અયોગ્ય આચરણ ન કરો !" દુષ્ટોને દંડ દેવા આપનો અવતાર છે. દુષ્ટોના દોષ બે પ્રકારના - સ્વરૂપ (સ્વભાવ)થી અને સંગથી ! સ્વભાવદોષ તો મરતાં જાય. સંગદોષ સંગ છોડતાં જાય. દોષ દૂર થાય તો વ્યક્તિ નિર્દોષ બને જ. અમારો દોષ ગયો.

પૃથ્વીનો ભાર ઉતારવા આપનો અવતાર છે, દુષ્ટોને મારો છો, ભક્તોને તારો છો. બીજા અવતાર તો ભાર ઉતારે કે ભક્તરક્ષા કરે, અથવા કાલભેદે બંને કરે. આપના તો અવતારમાત્રથી ભારરૂપ દુષ્ટો નષ્ટ થાય, ભક્તિમાર્ગ પ્રકટે, ભક્તોને સંસારમુક્તિ મળે. ભગવાન્ જ ભક્તોના સંસારરૂપ બને ! ભક્તિમાર્ગપ્રવર્તક દશલીલાવિશિષ્ટ આપ ભગવાનને નમન ! દશવિધલીલાની જેમ ભક્તિ પોતે પણ એક સ્વતંત્ર રૂપ છે, સ્વતંત્ર રીતે ઉદ્ધાર કરે છે ! મોહકલીલા કરવા સ્વચ્છન્દ રૂપ ધરતા પ્રભુને નમન ! સ્વ-ભક્ત, છન્દ-તેમની ઈચ્છા. ભક્તેચ્છા પૂર્ણ કરવા પ્રકટ થતા ભગવાનને નમન ! સચ્ચિદાનંદરૂપ, ભક્તેચ્છાપૂરક, શુદ્ધજ્ઞાનાત્મા, સાધન-ફલરૂપ વિભુને વંદન ! "**चेष्टितं विहिते यज्ञे ।**"- ગોસવ વિહિતયજ્ઞ થયો. આજ્ઞા કૃષ્ણનીને ! તેમાં પ્રભુએ આરોગતાં, હાથ રૂપે આધિદૈવિક ઈન્દ્રને પણ લાભ મળ્યો, તે પહેલાં નહિ; છતાં અભિમાનમાં ભાન ભુલાયું, સંતોષનું સ્મરણ પણ ન રહ્યું ! હું તો આપનો આશ્રિત છું. આશ્રિત વ્યગ્ર બને, પણ આશ્રયદાતા તો ઉગ્ર-વ્યગ્ર ન બને, નહિ તો આશ્રિતનો નાશ થાય. હું તો અનુગૃહીત છું. મારું અભિમાન આપે ઉતાર્યું, મને પદથી ન ઉતાર્યો, ઉધમ અટકાવ્યો, જીવન નહિ ! હું તો આપ ઈશ્વર-ગુરુ-આત્મા-રૂપને શરણે આવ્યો છું. લોકવેદ-અનુભવે સમજાયું. આપને યોગ્ય લાગે તેમ કરો !" શરણાગત ગોપોની રક્ષા કરનાર શરણાગત-પરિપાલક પ્રભુના શરણે, ઈન્દ્ર ગયો. રક્ષણની તો મનમાં ખાતરી છે જ ! પ્રત્યક્ષમાં જોયું છે ને !

મોટાને મર્યાદામાં મૂકીને સૌને મર્યાદામાં મૂકતા ભગવાન્ !:

પ્રસન્ન પ્રભુએ હસતાં, મેઘગંભીરવાણીમાં સંતાપ શમાવતાં, ઈન્દ્રને સમજાવ્યો. પ્રભુ હસ્યા, તેથી ઈન્દ્રને આગળ પણ પારિજાત-પ્રસંગમાં મોહ થવાનો ! - "ઈન્દ્ર ! અનુગ્રહ માટે મેં ઈન્દ્રયાગભંગ કરાવ્યો. મત્તને મારી સ્મૃતિ કેવલ કૃપાથી જ સંભવે. સંપત્તિ, મત્ત બનાવે. સંપત્તિ હોય ત્યાં સન્મતિનો સંભવ ઓછો ! સત્તા તેમાં સાથે હોય તો તો સંભવ અત્યંત ઓછો ! ઐશ્વર્ય અને શ્રી પરસ્પર મદને પોષે, માનવ મદમત્ત તેથી બને. તેના પર કૃપા કરવા સંપત્તિથી હું ભ્રષ્ટ કરું છું, સંપત્તિ નષ્ટ કરું છું, પતનનું પણ ભાન કરાવું છું ! આ ભાનથી અનુગ્રહ ઓળખાય, નહિ તો તે કૃપા ન કહેવાય ! પહેલાં કૃપા કરવાની ઈચ્છા થાય. આ ઈચ્છા જ બલવતી છે. તેને અનુકૂલ રીતે પછી અનુગ્રહ થાય. વિષયોથી બુદ્ધિભ્રંશ થાય. ખૂબ પવનમાં દીવો બૂઝાય તેમ વિષયોથી અનુગ્રહ સ્થિર ન રહે.. અલ્પકાર્ય માટે અલ્પ અનુગ્રહ થાય ! સંપત્તિભ્રંશ પછી કૃપા ! તે ઈચ્છાનુસાર થાય. શિક્ષા અને પ્રસાદ માટે ઐશ્વર્યભ્રંશ કરું છું. ગોસવયાગથી તે કર્યો. હવે, ત્રિલોકરૂપ સંપત્તિ ભોગવ ! સ્વલ્પભ્રંશથી શિક્ષા દીધી છે, સંપૂર્ણભ્રંશ

કર્યો નથી. ઈન્દ્રપદ હવે મારી આજ્ઞામાં રહીને ભોગવ !" આજ્ઞા પાળે તેને અવજ્ઞાનો અપરાધ ન લાગે. "स्थीयतां स्वाधिकारेषु"- બહુવચને સૂચવ્યું, સૌ દેવો પોતાના અધિકારની મર્યાદામાં રહેજો ! અધિકારનું ઉલ્લંઘન કે દુરુપયોગ અપરાધ છે. અધિકારનો ઉપયોગ ન કરવો તે પણ અપરાધ છે. ઈન્દ્રનો અધિકાર સ્વર્ગ વગેરેમાં છે, વ્રજમાં નહિ;, પ્રભુના પોતાના ઘરમાં નહિ. ભગવાને સોંપેલું, ભગવાનનું કાર્ય - આજ્ઞાપાલન-દીનતાપૂર્વક નમ્રતાથી થાય. માત્ર કાર્ય કરવાથી કૃષ્ણ પ્રસન્ન ન થાય, આદર અને આત્મીયતાથી પ્રસન્ન થાય ! "ઈન્દ્ર ! જાવ. તમારું કલ્યાણ થાવ !"- ભગવાને આજ્ઞા આપી, છતાં પૂજા માટે ઈન્દ્ર અટક્યો.

કૃષ્ણનો "ગોવિન્દ" - પદાભિષેક - ઉત્સવ ! :

કૃષ્ણપૂજા અભિષેક રૂપે કરવી છે. સ્વતન્ત્રરીતે ઈન્દ્રપદાભિષેકની જેમ સ્વતંત્રરીતે તે ન થાય ! ગોપભાવે ભગવાન્ લીલા કરે છે, તેથી સુરભિએ વિનંતી કરી. "मनस्विनो"- ખૂબ માનવાળી તે છે. ભગવાન્ માને નહિ, અભિષેક અંગીકાર કરે નહિ, તો જીવે નહિ, તેવા આગ્રહવાળી છે ! પોતાનાં સંતાનરૂપ ગાયો સાથે તેણે મંત્રણા કરી. પોતાનાં સંતાનો પર કૃષ્ણે કૃપા કરી છે, ઈન્દ્ર પર પણ અનુગ્રહ કર્યો છે. ભગવાન્ જોકે સર્વસ્વામી છે, તેમને સામાન્ય લોકપાલ ઈન્દ્ર ન બનાવાય, છતાં પ્રભુ સ્વતઃ ગોપ રૂપે પધાર્યા છે. તે પોતાની રક્ષા લોકોની જેમ કરે છે. તે પોતાની વિનંતી કેમ ન માને ! આ તો ઈન્દ્ર-ઈશ્વર-છે જ. ગોસવયજ્ઞમાં ઈન્દ્ર રૂપે જ હતા ને ! પોતે કાંઈ નવું નથી કરતાં, છે તે પ્રકટ કરે છે. અભિષેક યોગ્ય જ છે. અસામાન્ય મોટું-ઉપકારક-કામ કરનારને સૌ સંમાન દેને !

"કૃષ્ણ ! કૃષ્ણ ! મહાયોગિન્ !" લૌકિક-ઉપાય જાણે તે યોગી ! અલૌકિક જાણે તે મહાયોગી ! ક્લેશ દેતા ઈન્દ્રને ક્લેશ થયો ! પ્રભુ લીલા માટે તો પધાર્યા છે, તો પોતાના ઈન્દ્ર પણ બને. લોકપાલ ઈન્દ્ર તો દરેક મન્વંતરમાં બદલાય. પોતે તો પ્રભુથી જ સનાથ છે. આ ગોપાલ તો ગાયોના મહાભાગ્ય રૂપે પધાર્યા છે. પોતાની ગાયોની વચમાં લીલા કરે છે. ગાયોની સર્વગતિ અને શ્રેષ્ઠતા તો તેનાથી જ છે. તે તો પોતાના દેવરૂપ છે. અંદર, બહાર-નિયામક, પરમૈશ્વર્યપ્રદ-ઈન્દ્ર છે. પ્રવૃત્તિ-ધર્મરૂપ યજ્ઞરત-લોકોના હવિમન્ત્રના આધારરૂપ ગાય, બ્રાહ્મણ અને દેવની ઉન્નતિ તે કરે. નિવૃત્તિધર્મરૂપ ભક્તિ-પરાયણલોકોની પણ ઉન્નતિ તે જ કરે. અભિષેક સંસ્કારરૂપ છે ! તે થયા પછી તો કોઈ ભૂલથી પણ પોતાને સ્વામી માની ન બેસે. અભિષેક વગર શાસ્ત્રીય રીતે ઈન્દ્ર ન ગણાય ! ઈન્દ્રપદનો અભિષેક કરવાનો અધિકાર તો બ્રહ્માજીનો છે. તેમને તો પોતાના પ્રભુનો ગાયોના ઈન્દ્ર રૂપે અભિષેક કરતાં સંકોચ થાય છે, તેથી પોતે નથી આવ્યા ! કામધેનુને પ્રેરીને મોકલ્યાં છે ! ગાયોનું હવિ સર્વોત્તમ થાય. સામાન્ય તો સમર્થને સ્વામી રૂપે સ્વીકારે, તેમાં સંકોચ શો ? વ્યાપિવૈકુણ્ઠથી નીચે પધારેલા વિશ્વાત્મક પ્રભુ ઈન્દ્રપદ સ્વીકારે તેમાં અનુચિત શું ? ભૂમિ પણ ગો-રૂપ છે, તેનો ભાર ઉતારવા પ્રભુ પધાર્યા છે.

ફલરૂપ કૃષ્ણને દેવરૂપ ઈન્દ્ર બનાવે છે, કૃપાળુ કૃષ્ણ ! દેવથી ડરતી - "सुराद् बिभेतीति सुरभिः ।"- સુરભિ છે ! કૃષ્ણશરણાગતિરૂપ અભિષેક છે. ત્યારથી તો ગોવધ મહાપાતકથી પણ અધિક પાપરૂપ ગણાયો ! સુરભિએ પોતાના દૂધથી પહેલાં અભિષેક કર્યો. (આંચળરૂપ) ઈન્દ્રિયમાંથી થયેલું

દૂધ ઈન્દ્રને આપ્યું. ઐરાવત હાથી આવ્યો. શિશુમાર ચક્રમાંનાં આકાશગંગાનું નિત્યજલ સૂંઢમાં ભરી લાવ્યો. આ જલમાં તારાઓ તરે છે. ઐરાવતની સૂંઢનું જલ પુષ્કરરૂપ, પ્રશંસનીય છે, ઉચ્છિષ્ટ થતું નથી, પણ પવિત્ર છે. બીજું કોઈ તે લાવી ન શકે. તે જલથી અભિષેક થયો, સૌ દેવો, નારદાદિ-ઋષિયો, અદિતિ કે શ્રદ્ધા-દેવમાતૃકાઓ સહિત ઈન્દ્ર-સુરભિએ અભિષેક કર્યો. સેવકસુરક્ષાશીલ- "**दाशार्ह**"- ભગવાન્ શ્રીકૃષ્ણનું ગાયોના ઈન્દ્ર "**गोविन्द**"- નામ ધરાવ્યું! અમૃતબીજ "**व**" વચમાં રાખ્યો. કૃષ્ણ તો અમૃત, ચરણામૃત, કથામૃત, લાવણ્યામૃત, અધરામૃતના દાતા છે ને! "**भूवादयः**"ની જેમ. - "**रन्**" પ્રત્યય ન રાખ્યો. રૂઢિજનકતાથી ધાતુના અર્થની ગૌણતા થાય, તેથી "**अच्**"- પ્રત્યયાન્ત રાખ્યો. તે ધાત્વર્થ પર છે, તેથી "**गोविन्द**" જ થાય, "ગવેન્દ્ર" નહિ! ઉત્સવના ઉલ્લાસમાં સૌએ પોતાનાં નામપૂર્વક ઈન્દ્રપદ પ્રભુને ધર્યું! "વ્રજેન્દ્ર, ગોપેન્દ્ર, સુરભીન્દ્ર" - વગેરે નામ પ્રભુને નિવેદન કર્યાં! લૌકિક લાગતી ગાયોનું પાલન કરતાં તેના આધિદૈવિક રૂપનું પણ પાલન તો પુરુષોત્તમ વિના અન્યથી ન થાય. સુરભિની શરણાગતિથી તે સ્પષ્ટ થયું. લીલાના પદાર્થમાત્રમાં આ પ્રકાર છે. અચ્યુતમાં ચ્યુતિ ક્યાંથી હોય? લીલા પ્રભુની છે ને! આગળ ઉપર ગોપો હવે, ગોસવયાગ કરવાના! લીલામાંના લોકપાલો પણ ભગવદ્રૂપ છે.

અભિષેકનો ઉત્સવ સૌએ ઉલ્લાસથી મનાવ્યો. મંગલવાદ્ય વાગ્યાં. સર્વલોકના મલ દૂર કરીને દુઃખ દૂર કરતાં, મંગલગાન થયાં. હર્ષથી અપ્સરાઓ ભાવપૂર્વક નાચી ઊઠ્યાં. સેવાનો લાભ મળશે! ઈન્દ્ર હવે નહિ અટકાવે! વેદગાન થયાં. ભગવાન્ ઈન્દ્ર થયા! વેદમાં તેથી જ ઈન્દ્રની ખૂબ સ્તુતિ છે. "**अर्धैन्द्राणि जुहोति ।**"- તો, ભગવાનના ઈન્દ્રત્વથી હવિમાંનો ઈન્દ્રનો અર્ધભાગ કહે છે, ભગવત્ત્વથી તો સર્વસંપૂર્ણતા જ છે. પુષ્પવૃષ્ટિ થઈ રહી. ગાયોનાં આંચળમાંથી દૂધ ઉભરાયાં - વહી રહ્યાં! પૃથ્વી ભીંજાઈ ગયાં. ઘી-દૂધ વગેરેનાં પૂર નદીઓમાં આવ્યાં. વૃક્ષોએ મધુધારા વહાવી! વગર ખેડ્યે અન્ન ઊગ્યાં! પર્વતોએ વગર ખોધે મણિ પ્રકટ કર્યા - ધર્યા! સૌની પર આનંદની-કૃપાની-(અભિષેક) વૃષ્ટિ કરતા સદાનન્દ કૃષ્ણ પર સૌએ અભિષેક કર્યો! ક્રૂર પ્રાણીઓનાં વૈર પણ ગયાં! "**एतानि सर्वाणि**"- શ્રીશુકે જોયાં છે! "**कुरुनन्दन ।**"- સંબોધને રાજાને તેમાં વિશ્વાસ રાખવા સૂચવ્યું. વિશ્વાસ તો સત્કુલોત્પન્નમાં સહજ હોય. "ગોવિન્દ"ની અનુજ્ઞા લઈને દેવો સ્વધામ ગયા. વ્રજરાજકુમાર ભગવાન્ કૃષ્ણ તો પોતાના ધામ વ્રજમાં જ વિરાજે છે!

અધ્યાય : ૨૮

ભગવદ્ભજનને બદલે વ્રત વગેરે મુખ્ય બને તો અનર્થ છે!: નન્દજીનું એકાદશીવ્રત :

વ્રજમાં તો વ્રજરાજકુમારના વિપુલ વિહારો ભક્તોના જીવન-ફલરૂપ છે. ભક્તભાવવશ ભગવાન્ સેવકને સન્નિષ્ઠ રાખે છે. સેવક ક્યારેક કાલાદિને માન દે તો સેવક હોવા છતાં પીડાય, પણ કૃષ્ણ જ કૃપાથી છોડાવે. નન્દરાયજી દ્વારા ભગવાને સૌ વ્રજવાસીઓને માહાત્મ્યનું અનુભવ-સહિત પૂર્ણ-જ્ઞાન કરાવ્યું છે, પછી ભક્તોની ઈચ્છા-માત્રથી સ્વધામ વૈકુણ્ઠમાં પણ લઈ ગયા છે. ભગવાને ગોપોનાં ઈન્દ્રયાગાદિ અવૈષ્ણવવ્રતો છોડાવ્યાં! વૈષ્ણવવ્રત કરનારને પણ પ્રભુમાં આસક્તિ થવી જોઈએ. ભગવદ્ભજનમાં વિઘ્ન કરે તેવો ધર્મ પણ ત્યાજ્ય છે. આ સમજાવવા નન્દજીની

એકાદશીની કથા છે. નન્દરાયજી વ્રતરત થયા. ''एकादश्यां निराहारः समभ्यर्च्य जनार्दनम् ।''- એકાદશીનો ઉપવાસ કર્યો. દશમીએ એક વખત ભોજન, એકાદશીએ ઉપવાસ અને દ્વાદશીએ એક વખત ભોજન! આ સકામવિધિ છે. નિષ્કામવિધિમાં એકાદશીનો ઉપવાસ છે. એકાદશી અને નૃસિંહ-વામન-રામ-કૃષ્ણજયંતીનાં વ્રત-ઉપવાસ-તે વૈષ્ણવવ્રત છે. અત્યારના મન્વન્તરનો પણ તે ધર્મ છે. વાસનાવિજયમાં તે ઉપયોગી ગણાવ્યો છે. વાસના વધે તેમ વ્રત ન થાય. વિષયવાસના સંપૂર્ણ છૂટે તેમ વ્રત થાય. ફલાહાર ગૌણ છે. નિરાહાર મુખ્ય છે. ધર્મબુદ્ધિથી મર્યાદામાં નન્દજી પ્રવૃત્ત થયા. ભગવદ્ભજનને બદલે વ્રત વગેરે મુખ્ય બને, તે પણ અનર્થરૂપ છે.

નન્દજી તો વૈષ્ણવ-વ્રતરત છે, ધર્મનિષ્ઠ છે. તેમને મહિમા સમજાવવા પ્રભુ વરુણલોકોમાં લઈ ગયા છે, બીજા કારણે વરુણે પકડ્યા નથી. નન્દજી વરુણનું ઐશ્વર્ય અને તેવા વરુણનું કૃષ્ણદાસ્ય વગેરે જુએ, તો પુરુષોત્તમ ભગવાન્ કૃષ્ણનો અપાર મહિમા સમજે; નહિ તો નારાયણના અંશરૂપ જ ગણે! તે તો ભક્તિમાર્ગસંમત નથી. તેનાથી ભજનાનન્દનો અનુભવ ન થાય, - ભક્તિવિરુદ્ધ જ્ઞાન હતું, માટે નન્દનો નિગ્રહ કરાવીને અગાધમહિમા બતાવ્યો, પુરુષોત્તમજ્ઞાન કરાવ્યું! વરુણ તો સેવક છે. તેમની આ સેવા લીધી છે. નન્દજીએ મોક્ષપ્રદ જનાર્દનનું વિધિપૂર્વક ભાવથી પૂજન કર્યું. વ્રતમાં વૈદિકમર્યાદાને બદલે વૈષ્ણવપક્ષ રાખ્યો છે, - ''मुहूर्तार्धावशिष्टायां द्वादश्यां पारणं प्रति । निशीथात्सम्यगुत्थाय क्रियाः कुर्याद्यथोचितम् ॥ अग्निहोत्रादिकर्माणि तथा नैमित्तिकानि च । आमध्याह्नात् क्रियाः सर्वाः कर्तव्याः शम्भुचोदनात् ॥''- આ વૈષ્ણવમત છે. દ્વાદશીનાં પારણામાં અર્ધમુહૂર્ત બાકી રહે, નિશીથ (મધ્યરાત્રિ)થી ઊઠીને યથોચિત ક્રિયા કરવી. અગ્નિહોત્રાદિ-કર્મ અને નૈમિત્તિક-કર્મ, મધ્યાહ્ન સુધી સર્વક્રિયા કરવી.

નન્દજી યમુનાજીમાં સ્નાન કરવા આવ્યા. વરુણના સેવકે પકડ્યા. તે તો વૈષ્ણવમત જાણતો નથી. આસુરસમયે ધર્મ થાય, તો ફલ અસુરને મળે, તે વિચારે પકડીને વરુણલોકમાં લઈ ગયો. ગોવાળોને તો લાગ્યું, નન્દજી અકસ્માત્ જલમાં ગયા, પછી ન દેખાયા. શોધ્યા, ન જડ્યા! પ્રભુને પોકાર્યા. સર્વાવસ્થામાં, સર્વકાર્યમાં શરણાગતો તો સર્વસમર્થ સ્વામીને જ પોકારે! ભગવાન્ ઘરમાં પોઢ્યા હતા. દૂરથી તેમણે બૂમો સાંભળી. દોડતા આવ્યા. સૌને કહ્યું. સાન્ત્વન દીધું. પોતે વરુણલોકમાં પધાર્યા. નન્દજીને પોતાને માટે પ્રભુને શ્રમ કરતા જોઈને પરમાસક્તિ થાય. સર્વકર્મમાંથી શરણાગતોને ભગવાન્ છોડાવે છે. નિરોધલીલા માટે સ્વકીય બનાવવાના ઉદ્દેશથી આમ કરે છે, નહિ તો ન કરે! વિઘ્ન-માત્ર કરે તો ફરી ક્યારેક તેવાં કાર્ય ભક્તો કરે. ક્યારેય તેમ ન બને માટે, અન્ય દેવસ્થાનોમાં પ્રભુ પોતે પધારે છે! આ સાધનદશામાં અને ફલદશામાં પણ કહેવું જરૂરી છે. સાધનપ્રકરણમાં નન્દજીના દ્વાદશીવ્રતમાં વરુણબંધન છોડાવીને નન્દજીને કર્મમાંથી અટકાવ્યા. ફલપ્રકરણમાં અંબિકાવનગમન - પ્રસંગે સુદર્શન-સર્પબંધનમાંથી નન્દજીને છોડાવ્યા; તેથી અન્યદેવતાને ઉદ્દેશીને થતા કર્મમાંથી અટકાવ્યા. ભગવાનના આવા ઉપકાર-સ્મરણે પછી અન્યદેવભજન ક્યારેય ન કર્યું, નિત્ય ભગવદ્ભજન કર્યું! આવશ્યક-ફલમાં, પહેલાં વ્રતરૂપ કાલપ્રધાન એકાદશીકર્મ કરેલું છે, પછી તે કર્મ નિવૃત્ત થયું છે, તેથી પૂજ્ય રૂપે પ્રભુનો તેમાં પ્રવેશ ન સંભવે, તેથી પોતે જ વરુણ પાસે

ગયા. વરુણને પોતાની પાસે ન બોલાવ્યા કે નન્દજીને ખેંચી લીધા નહિ ! મહિમા જણાવવા માટે પોતે પધાર્યા છે ! દુ:ખ થવાથી કર્મ છૂટે. દુ:ખમાંથી છોડાવનાર પ્રભુમાં પ્રેમ થાય. ભક્તિમાર્ગીય-કર્મ ભગવત્સંતોષ માટે કરે. પ્રકટ થયેલા કૃષ્ણ સર્વત્ર સર્વ-સામર્થ્યવાળા છે. માત્ર ભૂતલ પર જ તે લીલા કરતા નથી, સર્વત્ર કરે છે. કોઈ બીજા અવતારમાં અન્યત્ર પધારીને લીલા દેખાતી નથી ! વૈકુણ્ઠમાં પણ લઈ જઈને ભક્તોને પાછા લીલા માટે ભૂતલ પર લાવતા નથી !

વરુણલોકમાંથી ભગવાન્ નન્દજીને પાછા લાવ્યા : વરુણલોકનો વૈભવ નંદજીએ જોયો, કૃષ્ણ-મહિમા ગોપોને કહ્યો ! :

વરુણદેવે ઈન્દ્રિયપ્રેરક પ્રભુને પધારેલા જોયા. આદરથી ઊભા થયા. દર્શનનો ઉલ્લાસ અત્યંત થયો. પૂજન પ્રેમથી કર્યું. પૂજન ન કરે તો વરુણલોકનો ભોગ પણ પછી તે ન કરી શકે, અનિવેદિત-ભોગના ઉપભોગથી દોષ થાય. જેવા દેવોમાં ઈન્દ્ર તેવા દૈત્યોમાં વરુણ ! વરુણલોકમાં ન પધારીને, વ્રજમાં જ પ્રભુ તેના વૈભવ-શ્રી-નો અંગીકાર કરે, તો દૈત્યો ન મરે. પૂજા-દર્શન-સત્સંગથી શરણાગતિ કરે, લીલા ન થાય. બીજાની સત્તામાં રહેલા પદાર્થો ભગવદ્ભક્તોની શુદ્ધિમાં કારણરૂપ ન બને. ભક્તજીવો તો દેવ-માનવ-દાનવ રૂપે પણ છે ! ભગવાન્ આકૃતિથી મનુષ્ય, અભિષેકથી દેવ અને દૈત્યપતિ વરુણના પણ પૂજ્ય છે ! સ્વરૂપથી મનુષ્યનો, અભિષેકથી ઈન્દ્રનો અને પૂજાથી વરુણનો પ્રભુએ અંગીકાર કર્યો છે; તેમ સમર્પણથી સર્વ પુષ્ટિમાં ઉપયોગી-ફલસાધક-બને છે ! વરુણે સર્વસ્વ-નિવેદનપૂર્વક પૂજા કરી. **"महत्या सपर्यया"**- કાયિક અને વાચનિકપૂજા-સ્તુતિ-પણ કરી. **"मनः पूर्वरूपं वागुत्तररूपम् ।"**- શ્રુતિ છે. મન પછી વાણી સંભવે, તેથી માનસિકપૂજા પણ વાણીમાં સમાઈ જાય. આહ્લાદનો અનુભવ સમજાવે છે. - **"अद्य मे विधृतो देहोऽद्यैवार्थोऽधिगतः प्रभो ।"**- વરુણ દેવ છે, પણ સ્વામી દૈત્યોના છે. દોષવાળાના સંગથી પ્રભુપરાયણતા ન રહે. મળેલો ઉત્તમ જન્મ પણ તેથી વૃથા થઈ જાય. આજે તો ફલરૂપ સ્વામીનું દર્શન મળ્યું ! સફળ જન્મ થઈ ગયો ! સાધન પણ ન કરવું પડયું ! પુરુષાર્થ પ્રાપ્ત થઈ ગયો : સાધન વગર ફલ દેવા માટે સમર્થ ભગવાન્ જ સાધનરૂપ પણ થયા ! ભગવાનના સેવકો પણ અલૌકિક કરી શકે, તો પ્રભુ માટે પૂછવું જ શું ? કૃષ્ણચરણે શરણે જાય, ભજે, તે તો પાર પહોંચી જ ગયા, તેમને પહોંચવાનું બાકી ન રહે, સંસારગતિ રહેતી નથી ! સ્વામિદર્શનરૂપ ભક્તિ કે પૂજા પણ વરુણને સાધનરૂપ થયાં નથી. આનંદનિધિ કોઈ સાધનથી ન મળે. સફલજન્મવાળા કે ફલદશાવાળા માટે પણ ભગવાનને જ વંદન કર્તવ્ય છે. સર્વ-શાસ્ત્રસંમત નિર્દોષ ભગવાનને જ શરણભાવે નમન થાય. મહાપુરુષોનાં અંતઃકરણ પણ તેમાં સંમતિસૂચક બને છે. ભક્તિમાર્ગમાં સેવ્ય પુરુષોત્તમ જ સર્વશ્રેષ્ઠ છે. માયાથી પણ પ્રભુ પર છે.

પોતાના સેવકે અજાણતાં અપરાધ કર્યો. વરુણે ક્ષમા માગી. દૈત્ય પણ ભગવદ્ધર્મ જાણે તો દૈત્યત્વ ન રહે, મૂઢ છે. લીલામાં અપરાધ કર્યો, છતાં ક્ષમા તો સ્વામી જ કરેને ! **"तव पिता"**- લીલા રૂપે આ નન્દજી આપના પિતા છે, તેમ આ અપરાધ પણ લીલામાં ઉપયોગી છે ને ! લીલામાં રહેલાને અપરાધ ન હોય ! **"गोविन्द नीयतां....।"**- શ્લોક શ્રીવલ્લભાચાર્યજીના મતે વિગીત છે. વરુણની વિનંતીથી પ્રસન્ન પ્રભુ તેના સિંહાસને વિરાજ્યા. વરુણને કૃતાર્થ કર્યા. પ્રભુના-ઐશ્વર્યને જોતાં

સાત્ત્વિકભાવે કંપતા પોતાના પિતા નન્દજીને સાથે લીધા. પ્રભુસ્પર્શથી દૈત્યસંબંધદોષ ગયો. વરુણ તો અધિકારી છે. પ્રભુની આજ્ઞા વગર લીલાસ્થાનમાં તેમનાથી જ જવાય, તેથી મૂકવા ન આવ્યા. પ્રભુ જલમાંથી બહાર પધાર્યા. સ્મરણમાત્રથી ગોકુલમાં આવ્યા. સર્વસમર્થને સાધન શું જોઈએ ? સૌ વ્રજવાસીઓને ખૂબ આનંદ થયો.

નન્દજીએ તો પ્રભુના પધારતાં પહેલાં વરુણલોકમાં હોવા છતાં વરુણનો વૈભવ જોયો ન હતો ! "नन्दस्त्वतीन्द्रियं दृष्ट्वा....।"- લોકપાલનો વૈભવ પણ અતીન્દ્રિય છે. પ્રભુ પધાર્યા પછી વરુણનો વિપુલ વૈભવ નન્દજીએ જોયો. સ્થૂલદષ્ટિએ આધિભૌતિક - જડ - પદાર્થો જણાય. શ્રદ્ધા-નજરે આધ્યાત્મિક-ચેતન-પદાર્થો સમજાય. ભક્તિ - ભાવે આધિદૈવિક - આનંદરૂપ - પદાર્થ ઓળખાય. યોગથી - દિવ્યદષ્ટિથી - ભગવદ્ - દર્શનવાળી દષ્ટિથી (ચેતન) દેખાય! ભક્તિભાવ વા કૃપાથી પ્રભુદર્શન થાય. ઈન્દ્રિયોથી પર તો ઈન્દ્રિયોથી ન અનુભવાય. ચન્દ્ર થાય, - ચન્દ્રલોક નહિ તેમ ! પોતાના પુત્ર રૂપે જાણ્યા હતા, તે કૃષ્ણનું સમ્માન જોયું, મહિમા જોયો - જાણ્યો ! નન્દજીએ સૌ વ્રજવાસીઓને આ આંખે દેખ્યો મહિમા કહ્યો, - "જે કૃષ્ણની સાથે ગમે તેમ આપણે વર્તીએ છીએ, તેને સમર્થ લોકપાલો પણ દીન ગર્ભદાસની જેમ નમે છે ! " ખૂબ જ આશ્ચર્ય નન્દજીને થયું. ભગવાનને પુત્ર રૂપે ન માન્યા, છે તે કૃષ્ણ, માત્ર પુત્ર પણ ન લાગ્યા ! ગર્ગજીની વાત યાદ આવી. પ્રભુનો પરમોત્કર્ષ જાણીને. પછી ફલલાભનો મનોરથ સૌ વ્રજવાસીઓને થયો. ઉત્સુકતા તો અત્યંત થઈ. ગોવાળોએ કૃષ્ણને ઈશ્વર માન્યા, સંદેહ કાંઈ ન રહ્યો. મનમાં થયું, - "अपि नः स्वगतिं सूक्ष्मामुपाधास्यदधीश्वरः ।"- "આ ઈશ્વર તો છે જ, પણ અમને તેમની સૂક્ષ્મગતિ- વૈકુણ્ઠને અમારી પાસે લાવશે !" પોતાના માને તો લાવે ! પોતાની પાસે પ્રભુ વૈકુણ્ઠ પ્રકટ કરે તેવો મનોરથ થયો ! પોતાના કોઈ સાધન વગર જ ફલ મળે, તેમાં ભગવાનનું ઐશ્વર્ય કારણભૂત છે. ભગવાન્ ભક્તો માટે તો પધાર્યા છે, ભક્તમનોરથપૂરક છે. ભગવાનને અશક્ય શું હોય ?

મહાકારુણિક કૃષ્ણે ગોપી-ગોપોને વ્રજમાં જ વૈકુંઠ-દર્શન કરાવ્યું !:

ગોપોએ ગોવિન્દને કહ્યું તો નથી, પણ ભક્તવત્સલ ભગવાને જાણ્યું ! "अखिलदृक् स्वयम्"- કોઈ જ સાધન વગર ભગવાન્ સ્વયં જ સર્વદા સર્વ જાણે છે. સેવકને સાધન કરાવે તો શ્રમ થાયને ! મર્યાદાનું ઉલ્લંઘન કરીને પણ સાધન વગર કૃપામાત્રથી ભક્તોની સંકલ્પસિદ્ધિ કરી, ફલ દેવા ઈચ્છ્યું. પોતાનાં પ્રિયજનો માટે પ્રભુ શું ન કરે ? "रमाक्रीडमभूत् ।"- પહેલાં કહેલું છે, તેથી અત્યારે પણ વ્યાપિવૈકુણ્ઠમાં જ લીલા છે; છતાં માનુષભાવ ભગવાને સ્વીકાર્યો છે, તેમ વ્યાપિવૈકુણ્ઠે પણ પ્રાકૃતભાવ સ્વીકાર્યો છે ! તેથી ગોપોને આવો મનોરથ થયો. ભગવાને બ્રાહ્મણપુત્રરક્ષા-પ્રસંગે અર્જુનને ભૂમા રૂપે માનુષભાવ-રહિત સ્વરૂપે દર્શન દીધાં, તેમ ગોપોને પ્રાકૃતભાવ-રહિત વ્યાપિવૈકુણ્ઠદર્શન કરાવવા ઈચ્છ્યું. ભગવાને વિચાર્યું, "આ લોકમાં અવિદ્યા-કામ અને કર્મથી અનેક પ્રકારની ગતિ સૌ મેળવે છે, ભવમાં ભટકે છે, જન્મે છે. તે સૌ સ્વગતિને જાણતા નથી. સ્વગતિ જાણે પછી દોષ દૂર થાય. નિર્દોષ થતાં સ્વગતિની પ્રાપ્તિનો ઉપાય જડે, પછી ક્રમશઃ શાસ્ત્રાનુકૂલ સાધનો સેવે. આત્મપ્રાપ્તિ તેથી થાય. બ્રહ્માત્મભાવ પછી થાય ! તે પછી ભક્તિ મળે. તેનાથી ભગવજ્જ્ઞાનલાભ લાધે. તે પછી

ભગવત્સ્થાન-વૈકુણ્ઠ-દર્શન થાય. આમ તો ગોપો કરોડો જન્મે પણ વૈકુણ્ઠદર્શન ન કરી શકે ! પંચપર્વા-અવિધાથી આવૃત જીવ થાય, તેથી કામ ઉત્પન્ન થાય, વિવિધકર્મ તેથી કરે, તેથી જન્મ વગેરે મળે. મૂલથી જ અશુદ્ધિ હોય, તો ઉત્તમ ગતિ મળે કઈ રીતે ?" સર્વસમર્થ ભગવાનને ખૂબ દયા આવી.

કૃષ્ણ સમાન તો કરુણા કોનામાં સંભવે ? !- "महाकारुणिकः" પોતાનો વૈભવ બતાવવા કૃષ્ણે ત્યાં જ વૈકુણ્ઠ પ્રકટ કરીને દર્શન કરાવ્યાં ! સાક્ષાત્ કૃષ્ણદર્શન કરનાર ગોપો, ધામરૂપ વૈકુણ્ઠનું દર્શન કરે તેમાં આશ્ચર્ય શું ? "तम आसीत् तमसा गूढमग्रे प्रकेतम् ॥"- શ્રુતિ છે. "तदाहुरक्षरं ब्रह्म सर्वकारणकारणम् । विष्णोर्धाम परं साक्षात् पुरुषस्य महात्मनः ॥" અક્ષર ભગવાનના ધામરૂપ છે. "ब्रह्मानन्दमयो लोको व्यापिवैकुण्ठसञ्ज्ञकः ।"- બ્રહ્માનન્દમય લોક વ્યાપિવૈકુણ્ઠ છે. "तमसः परं"- ભગવદ્રૂપ-તમથી પર-વ્યાપિવૈકુણ્ઠ છે, "सत्यं"- અક્ષરરૂપ છે. ગોપોને ભગવાન્ ઈશ્વર રૂપ લાગ્યા, ત્યારે જ અક્ષર ગોપોના હૃદયમાં લોક રૂપે પ્રકટ થયું "सत्यं ज्ञानमनन्तं"- તો શ્રુતિસિદ્ધ "ब्रह्म"- સ્વરૂપ છે, સર્વવેદાન્તપ્રત્યય બ્રહ્મ છે. બૃહત્વ, બૃંહણત્વ, પ્રમાણસિદ્ધત્ત્વાદિ ગુણો પણ ગુણોપસંહારન્યાયે છે. "ज्योतिः"- જ્ઞાનીઓ માટે તે અક્ષર જ્યોતિરૂપ છે, નિર્દોષ છે, સૂર્યકોટિપ્રકાશરૂપ છે. "सनातनं"- નિત્ય છે. તેનો સ્વભાવ જ તેવો છે. સર્વ-અનુપપત્તિ સ્વરૂપથી જ નિવૃત્ત થઈ જાય. સ્વરૂપ જ સર્વભવન- સમર્થ છે. સાવધાન મુનિઓ પણ મનન કરતાં - ત્રણ અવસ્થા, ગુણકાર્ય, બુદ્ધિ વગેરે સ્વભાવગુણો પણ વિલીન થાય, ત્યારે નિર્ગુણાવસ્થામાં પ્રકટ થતા વૈકુણ્ઠનું દર્શન કરે છે. "ते तु ब्रह्महृदं नीता मग्नाः कृष्णेन चोद्धृताः ।"- વૈકુણ્ઠદર્શનથી સર્વત્ર તે પ્રકટ થયું. સર્વ ગોકુલનો વિલય થયો !

ગોવાળોને વૈકુંઠ - દર્શનની પ્રક્રિયા :

લોકના અક્ષરરૂપત્વથી, આનંદાંશ સર્વત્ર પ્રકટ થતાં, સર્વનાં દેહેન્દ્રિયપ્રાણાન્તઃકરણ અને આત્મામાં તે પ્રકટ થતાં, દેહાદિની પણ આનન્દાત્મકતા થઈ, દેહાદિભાવ દૂર થયો. આ સંબંધથી, લાકડામાં રહેલો અગ્નિ પ્રકટતાં કાષ્ઠ અગ્નિરૂપ બને, કાષ્ઠપણું લય પામે તેમ ! વ્રજવાસીઓના મનોરથ પૂર્ણ કરવા અને બ્રહ્માનન્દથી ભજનાનન્દની અધિકતા બતાવવા કૃષ્ણે વૈકુણ્ઠદર્શન કરાવ્યું ! આગળ પણ તે યાદ રહે તો જ તારતમ્ય સમજાય. અનુભવ વગર તો યાદ શું કરે ? તેથી અનુભવ દીધો. તે પણ વૈકુણ્ઠથી જુદાપણાના ભાનથી સંભવે. આથી, આનંદાત્મકતાના ભેદજ્ઞાનપૂર્વક અક્ષરાનંદનો અનુભવ કરાવ્યો. અર્ધ બળેલાં કાષ્ઠ જેવી સ્થિતિ આ થઈ ! દેહાદિમાં પ્રકટ થયેલા લોકના તિરોધાનથી, આનંદાત્મકતાના પુનઃ ભાનથી યથાપૂર્વ સ્થિતિ કરી. તે બળેલાંને પુનઃ કાષ્ઠ બનાવવા જેવું છે, તો જ આગળની લીલા થાય. તે વેદાત્મક-બ્રહ્મમાં યોજતાં થાય. તે તેના જલરૂપ છે, તેથી શબ્દબ્રહ્મની જલરૂપતા ક્યાંક પ્રકટ કરી છે. તેનું આ કાર્ય છે. આથી અક્ષરાત્મક આ વ્રજવાસીઓને બ્રહ્મહ્રદમાં લાવીને સ્નાન કરાવ્યું. બળેલા લાકડાને ફરી લાકડું બનાવવું અશક્ય, તેમ આનંદાત્મક થયેલાં દેહાદિની પુનઃ જડતા પણ અશકય. અહીં તો, દેહાદિભાવે જ લીલા સંભવે, તેથી તે ભાવ જ પ્રકૃતિ છે. મુક્તિદશા વિકૃતિ છે !

વિકૃતિ દૂર કરી, પ્રકૃતિસંપાદક વેદબ્રહ્મ જ હોય. દેહાદિભાવ રૂપ પ્રકૃતિપ્રાપ્તિથી ભજના-

નન્દાનુભવ રૂપ કાર્ય અમર્યાદ છે, તેથી જેમ નદીમાંનો ધરો પ્રવાહથી જુદો, નિર્મલ, કમલાદિપૂર્ણ, ગંભીર હોય, તેમ વેદમાં જ રહેલ છતાં મર્યાદામાર્ગથી જુદો, નિર્દોષ, ભજનાનન્દમાં કારણરૂપ, ભાવજનક, પુષ્ટિમાર્ગીયહ્રદ છે ! તે તેમાં રહેલો લોક છતાં તિરોહિત છે ! તેમાં લાવેલા છતાં પુનર્મગ્ન થઈ ગયા. શબ્દબ્રહ્માત્મક થયા છે, તો તે ઉત્તમાધિકારીઓ ! પરબ્રહ્મમાંથી શબ્દબ્રહ્મ; અને તેમાંથી જગત્- આ ક્રમ છે. તેમાંથી પણ ભગવાને ઉદ્ધાર કર્યો. ભગવદાજ્ઞાથી વેદો વડે પણ ઉદ્ધાર થયો. પ્રમાણવશ- ચિત્તવાળા (પુષ્ટિ) લીલામાં યોગ્ય ન ગણાય. ગોપોએ શબ્દબ્રહ્મ લોક જોયો, ભગવત્સ્વરૂપ જાણ્યું. બ્રહ્માનન્દથી અધિક આનંદ ભજનાનંદમાં છે ! વિશેષતા દર્શાવવા ભગવાને ઉદ્ધાર કર્યો. નન્દાદિ સૌ બ્રહ્મલોક જોઈને, તેમાં વેદોથી સ્તવાતા શ્રુતિસિદ્ધ કૃષ્ણને જોઈને આનંદાશ્રુ-સહિત પરમાશ્ચર્ય પામ્યા. વેદ અને વૈકુણ્ઠના ફલરૂપ કૃષ્ણને જાણ્યા ! સૌ અભિલાષ છોડી, પરમાશ્ચર્યરસમગ્ન થયા.

શ્રીવિઠ્ઠલનાથજી પ્રભુચરણ અન્યરીતે પણ સમજાવે છે. વેદને અહીં બ્રહ્મ અને હ્રદરૂપ કહ્યા છે. લોક અક્ષરરૂપ છે, તેથી તેના આનંદનો વાચક "બ્રહ્મહ્રદ" - શબ્દ નથી. બ્રહ્માનન્દ અનલ્પ છે, હ્રદ અલ્પ છે. અહીં, આનન્દને બદલે "હ્રદ" શબ્દ છે. તેનું આ કારણ છે, તેથી બ્રહ્મ-શબ્દ અક્ષરવાચક નથી. "હ્રદ" શબ્દથી શબ્દબ્રહ્મ જલરૂપ પણ છે. તે પણ વ્યાપક છે. ગોકુલ પાસે તે પ્રકટ કર્યું છે. શ્રીયમુનાજીના નામસ્તોત્રમાં - "**त्रयी रसमयी सौरी ब्रह्मविद्या सुधावहा ।**"- થી યમુનાજલનું વેદત્રયી-રૂપત્વ કહ્યું છે, તેથી પણ જલ અને શબ્દ બ્રહ્મની એકતા સમજાય ! આ ગોવાળોને પૂર્વભાવસંપાદન અને પ્રમાણતઃ જ્ઞાન તેથી જ સંભવે. શબ્દબ્રહ્માત્મક જલમાં અક્રૂરે પણ ભગવત્સ્વરૂપ જાણ્યું છે ને ! નિમગ્ન કરીને ઉદ્ધાર તો પોતે કરેલી મર્યાદારક્ષા માટે ભગવાન્ કરે છે. પહેલાં પોતાનામાં રહેલ, પછી પોતાનાથી પરબ્રહ્મે જુદી પાડેલ વસ્તુ, તે શબ્દ બ્રહ્માત્મક છે, પછી તે પણ તેમ કરે, તે વસ્તુ જગદ્રૂપ બને. સાક્ષાત્ લીલોપયોગી જગત્ સચ્ચિદાનન્દાત્મક છે. પ્રભુમાં તે રહેલું છે. લીલા માટે ભગવાન્ તે પોતાનાથી જુદું કરે છે. અંદર રહેલું હોય તો બહાર કાર્ય ન કરી શકે ને ! તે આનંદસ્વરૂપથી જુદું થતાં કાર્યક્ષમ ન થાય. ત્યારે અલૌકિક પ્રવૃત્તિ-નિવૃત્તિથી અલૌકિક પુરુષાર્થસંપાદનક્ષમ શબ્દબ્રહ્મ છે. તદ્રૂપ થતાં, લીલોપયોગી-પ્રવૃત્તિક્ષમ થાય; તેથી તેમ બનાવીને, તેની પ્રમાણરૂપતાથી, લીલામાં પ્રવૃત્તિ-નિવૃત્તિ સ્નેહાધીન છે, શાસ્ત્રાધીન નથી, તેથી તેમાંથી પણ ઉદ્ધાર કર્યો ! લીલા સ્વતન્ત્ર છે. ગોપો પ્રમાણાધીન બને તો શાસ્ત્રીયકર્મ કરે, બીજાં નહિ, તો લીલોપયોગી ન રહે !

અથવા અક્ષરના આનંદ કરતાં લીલાત્મક આનંદ અધિક છે ! ગોપો તદ્રૂપે તેમાં રહેલા છે, છતાં તેમને હજુ સુધી અક્ષરાનન્દનો અનુભવ નથી, તેથી તારતમ્ય જાણતા નથી ! ભગવાન્ લોકમાં જ લીલા કરે છે, તેથી ગોપો પોતાને બીજા લોક જેવા જ માને છે, તેથી તેમને વૈકુણ્ઠદર્શનનો મનોરથ થયો. તે પૂરો કરવા પ્રભુએ, પોતાનો લીલાત્મક અંશ ઢાંકતા હોય તેમ, સાધારણરીત પ્રકટ કરી. તેમાં જીવોમાં સત્ અને ચિત્ જ પ્રકટ થાય, આનન્દાંશ નહિ. તે પ્રકટ થતાં જીવમાં બ્રહ્મભાવ થાય. તે અક્ષરાનન્દના અંશરૂપ છે. અક્ષરાનન્દ પ્રકટ થતાં, જીવરૂપાત્મક આનંદ પણ પ્રકટ થયો. બહારના અગ્નિસંબંધથી લાકડામાંનો અગ્નિ પ્રકટે તેમ. આ વિલયરૂપ છે. અંદરથી લાકડું ભીનું હોય તો બહાર

જ સળગે, તેમ ગોપો સાથે આગળ લીલા કરવાની છે, તેથી તેમની અંદરની લીલાત્મકતા ભીનાશરૂપ છે, તેથી અક્ષરાનન્દાત્મકતા નથી થઈ. બાહ્યાંશ રૂપ જીવત્વાંશ જ છે, આ અર્ધજ્વલિતપણું છે. અક્ષરાનન્દના અનુભવ માટે લીલાત્મકપણું, - જેણે લીલાત્મકકાર્યમાં સન્મુખ કર્યા, સાધારણ-રીતિ પ્રકટ કરી, તે - દૂર કરીને, પુનઃ, લીલાકાર્યોન્મુખતાનું સંપાદન-ન્તે પુનઃ કાષ્ઠપણાના સંપાદનરૂપ છે. લોકમાં બળેલાં લાકડાને ફરી કાષ્ઠતા દેવી અશક્ય છે, તેથી અગ્નિને દૂર કરીને પુનઃ કાષ્ઠતા સંપાદન કરે તેવું કાંઈ જરૂરી બને તેવું માત્ર શબ્દબ્રહ્મ છે. તે દેહાદિ-અધ્યાસવાળાઓને લક્ષ્યમાં રાખીને, દેહધર્મરૂપ વર્ણાશ્રમ-ધર્મ, કર્મ-જ્ઞાન-ઉપાસના-રૂપ ધર્મોનું નિરૂપણ કરે છે. તે શબ્દબ્રહ્મના સંબંધથી અક્ષરાનન્દના આવિર્ભાવથી, આવિર્ભૂત થયેલ જીવ સ્વરૂપાત્મક આનંદના તિરોભાવથી, પુનઃ જીવભાવ આવે છે. તે તો અહીં પૂર્વલીલામાં ઉપયોગિપણું છે.

આ શબ્દબ્રહ્મને "બ્રહ્મહ્રદ" કહ્યું છે. તે જલરૂપ છે. અગ્નિ જલથી શાંત થાય. તેનાથી દૂર થતું અક્ષરાત્મકપણું અગ્નિરૂપ છે, તેથી ગોકુલ પાસે જલાત્મક શબ્દબ્રહ્મ ભગવાને પ્રકટ કર્યું, અક્ષરાત્મકતાનું તિરોધાન તેનું કાર્ય છે. તેમાં સ્નાનરૂપ સર્વાંશસંબંધથી અક્રૂરજીને પણ ભગવત્સ્વરૂપ જ્ઞાન થયું છે. વેદ તો મર્યાદાનિરૂપક છે. બ્રહ્માનન્દમાં મગ્ન બને તેમને તેમાંથી જુદા પાડવા વેદસંમત નથી, તેથી શ્રીકૃષ્ણની આજ્ઞારૂપ પુષ્ટિશ્રુતિની સંમતિથી, પુષ્ટિલીલામાં સ્વીકારેલા જીવો મર્યાદામાર્ગીય ન હોવાથી, જુદા પાડ્યા. મર્યાદામાર્ગીય હોય તો પુષ્ટિપ્રવેશ ન થાય. નન્દજી વગેરેને વૈકુણ્ઠદર્શનથી માહાત્મ્યજ્ઞાનપૂર્વક દૃઢ-સર્વાધિક-સ્નેહ થયો. આંખ આનંદાશ્રુથી ઉભરાઈ રહી. અતિગંભીર, શુદ્ધ, તાપહારકતાથી બ્રહ્માનંદને બ્રહ્મહ્રદ રૂપે કહે છે. ધરામાં ડૂબેલાને બાહ્યજ્ઞાન ન હોય, તેમ આનંદમગ્નને દેહાદિનું અનુસંધાન ન હોય, તેથી સૌ મગ્ન થયા છે. પૂર્ણાનંદ કૃષ્ણે તે ગણિતાનંદમાંથી જુદા પાડ્યા, દેહાદિનું અનુસંધાન કરાવ્યું, ત્યારે લોકદર્શન થયું. તેથી "**ब्रह्मणो लोकं**"- પદ છે. દર્શનક્રિયાનો પહેલાં સંભવ નથી. સાધારણ લોકોનો આ ક્રમ છે. નન્દાદિ માટે વિશેષ છે! પહેલાં "**दर्शयामास**"- ભગવાને બતાવ્યું, પછી "दद‍ृशुः"- તેમણે દર્શન કર્યું. બ્રહ્મહ્રદપ્રાપ્તિ, મગ્નતા અને ઉદ્ધારક્રિયા પૂર્વાર્થવ્યવચ્છેદ-પૂર્વક છે, તેથી "ते तु" માં "तु" શબ્દ છે.

અભિલષિત ફલ ભગવાન્ કૃષ્ણ હેતુવાદની જેમ પણ આપે છે! ભગવાને ગોપોનો અભિલાષ પૂરો કર્યો. વૈકુણ્ઠને વ્રજમાં લાવ્યા. સૌને દર્શન કરાવ્યાં, પણ તે તો ગૌણફલ છે. ભગવાન્ તો તેમને ભજનાનન્દ (સ્વરૂપાનંદ)નું દાન કરવા ઈચ્છે છે, તેથી વૈકુણ્ઠમાં ન રાખ્યા; પાછા લાવ્યા ! વિશ્વાસ માટે આ ગૌણફલ દીધું છે. પાંચ પ્રકારનાં સાધન આ પ્રકરણમાં કહ્યાં છે :

(૧) માયાથી થતો મોહ દૂર કરીને ભગવાન્ કૃષ્ણની આજ્ઞા પાળવી.

(૨) સર્વનું કલ્યાણ થાય તેમ વૃક્ષવત્ પરોપકારરત રહેવું. શુદ્ધ - અન્નથી નિર્વાહ કરવો.

(૩) ભગવાનનો મહિમા જાણવો. ભગવાનની ઈચ્છા જાણીને સાનુકૂલ થવું. સર્વ દેવું.

(૪) યજ્ઞાદિ પણ છોડવા. ભગવદિચ્છાથી વ્રતાદિનો પણ આગ્રહ ન રાખવો, છોડવાં.

(૫) પોતાનું ઈચ્છેલું મળતાં પણ,ભગવદિચ્છા સમજીને સતત પ્રભુપરાયણ રહેવું. કૃતાર્થ આનાથી થવાય. -

અધ્યાય : ૨૯

મુક્તિ અને પ્રલયનો ભેદ : બ્રહ્માનન્દથી અધિક છે ભજનાનન્દ ! :

લોકો તો અનેક બાબતમાં "સરસ છે" - એમ કહે છે, - માને છે. પોતાને "અમુકમાં રસ પડે છે." - તેમ પણ ઘણા ગણે છે, પણ આ "રસ" શું ? તે તો સમજે છે ઘણા ઓછા ! "रसो वै सः ।"- વેદ વદે છે. તે રસ છે, - ભગવાન્ કૃષ્ણ ! રસાત્મિકા છે, - કૃષ્ણલીલા ! રસરૂપા છે, - તેની કથા ! કૃતાર્થતા છે, - આ રસાનુભવમાં ! કૃષ્ણકૃપાથી આ કૃતાર્થતા મળે. મળી છે, - તે શ્રીગોપીજનને ! "ब्रह्मानन्दात्समुद्धृत्य भजनानन्दयोजने । लीला या युज्यते सम्यक् सा तुर्ये विनिरूप्यते ॥" બ્રહ્માનન્દમાંથી સમુદ્ધાર કરીને, શ્રીગોપીજનને ભજનાનન્દમાં યોજવા માટે, જે નિર્દોષ લીલા કમનીય-રીતે કલાનિધિ કૃષ્ણે કરી, તેનું નિરૂપણ આ ચોથા તામસ-ફલ-પ્રકરણમાં છે. બ્રહ્મ તો, "सत्यं ज्ञानमनन्तम्"- સચ્ચિદાનંદ છે. પ્રાકૃતિક-પ્રલયમાં પરંપરાથી સઘળું બ્રહ્મમાં જ લય પામે છે; છતાં સૌને બ્રહ્મના આનંદનો અનુભવ થતો નથી, વ્યવધાન (અંતરાય) રહે છે. સૌને તે આનંદ મળે તો મુક્તિ અને પ્રલયમાં કાંઈ ભેદ ન રહે ! મુક્તિ તો આ આનંદના અનુભવરૂપ છે. પ્રલય તો દેહમાં કૃમિ-વગેરેની જેમ બ્રહ્મમાં સ્થિતિમાત્ર છે. પ્રલય તો સૃષ્ટિપ્રવાહમાં આથડતાં, કૃપાળુ કૃષ્ણની કૃપાથી મળતો, નિદ્રાસ્થિતિ જેવો, વિરામમાત્ર છે ! સૃષ્ટિસ્થિતિ સમયે પણ, "सर्वं खल्विदं ब्रह्म"- સઘળું આ ખરેખર બ્રહ્મ હોવા છતાં, ભગવદિચ્છાથી આનંદાંશના તિરોભાવથી, જડ કે જીવમાં આ આનંદનો અનુભવ મળતો નથી. જો સૌને આ મળી જાય તો મુક્તિનાં સાધન અને તે કહેતાં શાસ્ત્રો વ્યર્થ થઈ જાય. ભગવાન્ અવતાર લઈને પ્રકટ વિરાજતા હોય, છતાં અસુરોને દર્શન કે સ્પર્શન મળવા છતાં આનંદાનુભવ ક્યાં થતો દેખાય છે ? કૃપાપાત્રોને જ તે અનુભવ થાય છે. શાસ્ત્રોક્ત-સાધનો દ્વારા કૃષ્ણ કૃપા કરીને મુક્તિ દે, બ્રહ્માનન્દનો અનુભવ કરાવે, તે મર્યાદામાર્ગ કહેવાય. કોઈ આવાં સાધન વગર, કેવલ કૃપા દ્વારા જ ફલ દે, મુક્તિરૂપ બ્રહ્માનન્દ કે તેથી પણ અધિક ભજનાન્દનો અનુભવ ભગવાન્ કરાવે, પોતે પ્રાપ્ત થાય, તે કૃપા (પુષ્ટિ) માર્ગ છે.

વેદમાં આનંદ-ગણના, આનંદમીમાંસા : પ્રકટ પરમાનન્દ ભગવાન્ શ્રીકૃષ્ણ ! :

ભગવાને કૃપા દ્વારા સૌ વ્રજવાસીઓને બ્રહ્મના આનંદનો અનુભવ કરાવ્યો, વૈકુણ્ઠદર્શન કરાવ્યાં, તેથી "બ્રહ્માનન્દ" શબ્દ છે. ત્યાં તો આનંદ પરિમિત છે. શ્રુતિમાં ગણેલો હોવાથી "ગણિતાનન્દ" છે. આ આનંદની અલ્પ માત્રાથી તો માનવનું જીવન ટકે છે. "एतस्यैवानन्दस्यान्यानि भूतानि मात्रामुपजीवन्ति ।"- શ્રુતિ છે. આનંદ મેળવવા માનવ અનેક ઉપાયો કરે છે. ભોજન, વસ્ત્ર, પ્રવાસ, સ્વજનમિલન, વાંચન, ભજન, મોજશોખ, વગેરેમાંથી આનંદ મેળવવા મથે છે. આનંદનો આભાસ માત્ર તેમાંથી મળે છે, ટકતો નથી, ચાલ્યો જાય છે ! પુનઃ મેળવવા બીજી પ્રવૃત્તિ પણ કરવી પડે છે. નિરાનંદ જગતમાં ગુપ્તાનંદ જીવને, આનંદ કેટલો મળે ? આનંદ વગર માનવ મુંઝાય છે. જગત્ ભગવાનના સચ્ચિદંશ રૂપ છે, પણ તેમાં આનંદાંશ તિરોહિત છે, અનુભવ આપતો નથી. સદાચારી, યુવક, વિધાસમ્પન્ન, સ્વસ્થ, બલવાન્ માનવને વિપુલ વિવિધ વૈભવવાળી પૃથ્વીનું ચક્રવર્તી સામ્રાજ્ય મળે, તો જે આનંદ મળે તે માત્ર મનુષ્યનો આનંદ છે. તેને ગણતરીના એકમ રૂપે લેતાં, તે એક આનંદ છે. તેના કરતાં સો ગણો આનંદ મનુષ્ય-ગન્ધર્વને છે. તેનાથી સો ગણો આનંદ દેવગન્ધર્વને

છે. તેનાથી સો ગણો આનંદ પિતૃલોકમાં રહે.નારને છે. તેનાથી સો ગણો આનંદ આજાનજ નામના દેવને છે. તેનાથી સો ગણો આનંદ દેવનો છે. તેનાથી સો ગણો આનંદ ઈન્દ્રનો છે. તેનાથી સો ગણો આનંદ બૃહસ્પતિનો, તેનાથી સો ગણો પ્રજાપતિનો અને તેનાથી સો ગણો આનંદ બ્રહ્મનો એક આનંદ છે ! તે મુક્તિનો આનંદ છે. આ આનંદમીમાંસા છે. આ આનંદની ગણતરી થઈ શકી, તેથી તે ગણિત-ગણાયેલો-આનંદ છે. - **"गणितानन्दकं बृहत् ।"**- અક્ષરબ્રહ્મ - વૈકુણ્ઠ-નો આનંદ ગણિત-પરિમિત-છે. **"पूर्णानन्दो हरिस्तस्मात् कृष्ण एव गतिर्मम ।"** પૂર્ણાનન્દ હરિ-શ્રીકૃષ્ણ-જ મારી ગતિરૂપ-ફલ-છે. કૃષ્ણ - સત્, ણ-આનંદ, મળીને "સદાનન્દ" છે,- કૃષ્ણ ! સદાનન્દ, અગણિતાનન્દ, પૂર્ણાનન્દ, નિત્યાનન્દ, પરમાનન્દ, સાચો આનંદ તો માત્ર કૃષ્ણ જ છે. તે રસ છે. તે કૃષ્ણસંબંધથી મળતો આનંદ જ સાચો-સદાનો આનંદ છે. સંસારી જીવ તો માત્ર આનંદમાત્રા પર જીવે છે. સકામ-યજ્ઞાદિ કરવાથી આ લોકનાં કે પરલોકનાં અસ્થિર સુખ મળે. નિષ્કામ-યજ્ઞાદિથી જ્ઞાનયોગ્યતા મળે છે. નિષ્કામ-જ્ઞાનીને યજ્ઞના આધિદૈવિક-સ્વરૂપનો અનુભવ થાય, મોક્ષ મળે. આત્મજ્ઞાનથી શાંતિ મળે. મોક્ષ મેળવનારને બ્રહ્માનન્દ મળે, પરમાનંદ ન મળે. ભગવાનના સાક્ષાત્કાર કે સાયુજ્ય - ભગવાનમાં ભળી જવા-માં શાંત પરમાનંદ મળે. પ્રકટ પરમાનન્દનો પરમ લાભ લોકવેદાતીત પુરુષોત્તમ શ્રીકૃષ્ણના રસાત્મક લીલાવિહારોમાં જ મળે ! કૃષ્ણ કૃપણ નથી, પરમોદાર છે. સ્વજનોને સાધન વગર પણ તેનો પ્રકટ અનુભવ આપે છે, - પોતાના ઉદાર અનુગ્રહથી, વરણથી ! તે પરમફલ રૂપ છે.

શ્રીગોપીજનને પણ વૈકુંઠ-દર્શન થયું છે ! :

અહીં, ફલપ્રકરણમાં આ પરમફલ-પ્રાપ્તિની લીલા - કથા છે. શ્રીશુકે બ્રહ્માનન્દના અનુભવ રૂપ વૈકુણ્ઠદર્શન અને તેમાંથી ઉદ્ધાર કહ્યા પછી આ કથા કહી છે. તે ક્રમવિચારે બ્રહ્માનન્દ કરતાં પણ અધિક આનંદલાભ આમાં છે. તે લાભ છે, - સ્વરૂપાનન્દના અનુભવનો ! પ્રમેયપ્રકરણમાં પણ આવો અનુભવ સ્પષ્ટ કહેલો છે. **"एवं वृन्दावनं श्रीमत्कृष्णः...रेमे....।"** **"क्वचित्पल्लवतल्पेषु...।"** **"तं गोरजं...।"** **"सुखं सुषुपतुर्व्रजे....।"**- વગેરેમાં તથા "વેણુગીત"માં તે પ્રસિદ્ધ છે. ભોળા ગોવાળોને આ સ્વરૂપાનન્દની સમજ ન હતી. ભગવાને મુક્તિના આનંદનો અનુભવ કરાવ્યો, પછી રાસલીલામાં પ્રકટ સ્વરૂપાનન્દનો અનુભવ કરાવ્યો ! ઉભયના અનુભવે સ્વરૂપાનંદની અધિકતા સ્પષ્ટ સમજાઈ. "વ્રજ વહાલું રે, વ્રજ વહાલું રે, વૈકુણ્ઠ નહિ આવું !" વ્રજ અને વ્રજરાજકુમારની વિશિષ્ટતા ત્યારે સમજાઈ. વૈકુણ્ઠમાંથી વ્રજમાં આવેલા ગોપો સુવિસ્મિત થયા છે, પાછા આવવું ન ગમ્યું, તેવો સ્પષ્ટ ઉલ્લેખ નથી, પણ રાસના અંતે તો ગોપીજનને ઘેર જવું ગમ્યું નથી ! ગયાં છતાં પરસ્પર પ્રિયત્વ ગયું નથી.! **"भगवत्प्रियाः"**- કહ્યાં છે ને ! શ્રીગોપીજનને જ રાસનો અનુભવ છે. તેમને બ્રહ્માનન્દનો અનુભવ હોય તો જ આ વિશિષ્ટતા સ્પષ્ટ સમજાય ! ગોપોને પણ તેમના દ્વારા આ અનુભવ સમજાય. શ્રીગોપીજનને બ્રહ્માનન્દની આકાંક્ષા પણ નથી,; છતાં પણ ભક્તિની સ્વાભાવિકતાથી તે ગૌણફલ પણ થયું ! **"हृतात्मानो हृतप्राणांश्च भक्तिरनिच्छतो गतिमण्वीं प्रयुङ्क्ते ।"**- આ અપેક્ષા ગોવાળોની, છતાં તેનું ફલ ગોપીજનને પણ થયું ! **"स्वर्गकामो यजेत ।"**- શ્રુતિમાં યજમાન સ્વર્ગની કામનાથી યજન કરે, પણ **"सगृहः सपशुः सुवर्गं लोकमेति ।"**- શ્રુતિમાં પરિજન, પશુ વગેરે સહિત સ્વર્ગલોક-પ્રાપ્તિરૂપ ફલ સંભળાય છે; તેમ સૂક્ષ્મ-ગતિદર્શનની ઈચ્છા ગોપોની, છતાં તેમની સાથે ગોપીજનને

પણ વૈકુણ્ઠદર્શન થાય ! આમાં પણ ભગવાનની લીલા એક, તેનાં પ્રયોજન અનેક !

વ્રજવિહારી, પ્રકટ પરમાનંદ સ્વરૂપ, નન્દરાજકુમારનો મહિમા લીલાઓ દ્વારા ક્રમશઃ સમજાતાં વ્રજવાસીઓની પ્રીતિ દઢ થતી ગઈ છે ! :

એક અત્યંત કિંમતી અદ્‌ભુત હીરો. વનરસ્તે જતાં કોઈ વનવાસીને અનાયાસે જડ્યો. મળ્યો. કાચનો કકડો લાગ્યો - સુંદર ! ઉપાડી લીધો. ઘેર બાલકને રમવા દીધો. તે કિંમત શું સમજે ? છતાં તેથી હીરાની કિંમત શું ઘટે ? ગામના કોઈ વેપારીને તે વેચ્યો. જરૂરની વસ્તુના બદલામાં - અલ્પ કિંમતે ! તેણે શહેરના સોનીને સોમાં દીધો. સોનીએ નંગ મોંઘું માન્યું. ઝવેરીને દીધું. હીરો ત્યાં પરખાયો ! ઝવેરી હરખાયો. લાખમાં લીધો. પહેલ પાડી, સોને મઢી, ડબ્બીમાં મૂક્યો. કોઈ રાજાએ જોયો. રાજી થયો. શુભશકુનવાળો હીરો ! મહિમા જાણ્યો ! મોં માગ્યા સવાલાખ પણ સરલતાથી ચૂકવ્યા ! હીરો તો હતો તે જ હતોને ! કિંમત તો તેના સ્વરૂપજ્ઞાનથી વધતી ગઈને ! તેમ, વ્રજમાં વિહાર કરતા વ્રજરાજકુમાર તો પ્રકટ પરમાનન્દ સ્વરૂપ જ છે. જેમ જેમ ક્રમશઃ લીલાઓ દ્વારા તેનો મહિમા સમજાયો; તેમ તેમ વ્રજવાસીઓની પ્રીતિ અધિક દઢ થતી ગઈ, દઢ-નિરોધ સિદ્ધ થતો ગયો ! દશમ-સ્કન્ધના જન્મપ્રકરણમાં પ્રભુ ભક્તોને પ્રકટ થઈને પ્રાપ્ત થયા. ભક્તોએ તેનો આનંદ અનુભવ્યો, ઉત્સવ થયો. શ્રીનન્દમહોત્સવ થયો. પુરુષોત્તમ-પ્રાકટ્ય રૂપ પ્રાથમિક-ફલ પ્રાપ્ત થયું. ચિત્રજી કે મૂર્તિ રૂપે માત્ર સ્વરૂપસેવાથી જ સંતોષ ન માની લેવાય. તે તો સાધનરૂપ ગણાય. ઈચ્છાના આવરણમાં તે વખતે પ્રભુ વિરાજે છે ! જેને પોતાનો બનાવવા ઈચ્છે, જેનું વરણ કરે, તેની પાસે તે આવરણ દૂર કરે, પ્રકટ પરમાનન્દ રૂપે અનુભવ આપે ! આ છે, - પ્રાકટ્ય રૂપ પ્રાથમિકફલ, - શ્રીભાગવત અને શ્રીવલ્લભાચાર્યજીના મતે ! તેના લાભ માટે જ સેવા વગેરે સકલ સાધન, નવધાભક્તિ વગેરે કરવાનાં !

ક્રમશઃ વધતો જતો પ્રેમ : બ્રહ્માનંદમાંથી વ્રજજનોનો સમુદ્ધાર :

આમ, સાક્ષાત્ અનુભવ પછીનો "પ્રેમ" દશમસ્કન્ધના તામસપ્રમાણ-પ્રકરણમાં કહ્યો. શ્રીહરિમાં "સ્નેહ" થતાં આવા ભક્તને સંસારમાંથી રાગનો વિનાશ થાય. સુવિકસિત આંબા ઉપર "મરવા" દેખાય, નાનકડાં તે પ્રાથમિકફલ-કેરી-જ છે ને ! ક્રમશઃ તેની વૃદ્ધિ થાય. કેરી વૃક્ષ ઉપર ઝૂલવા માંડે; તેમ સ્નેહની દઢતા અને અધિકતા "આસક્તિ" રૂપ બને. તે તામસ-પ્રમેય-પ્રકરણમાં છે. આસક્તિમાં ઘરનાં સઘળાં સુખ-શાંતિ-વૈભવ-સાનુકૂલતા-વગેરેમાં અરુચિ થાય, કાંઈ જ ગમે નહિ. ઘરનાં સ્વજનો સાનુકૂલ હોવા છતાં આત્મીય ન લાગે, બાધક લાગે, મન કોઈ સાથે મળે નહિ ! તામસ-સાધનપ્રકરણમાં "વ્યસન" કહ્યું છે. તે મધુર રસાલ ફલ-શાખ-રૂપ છે. બાહ્યાનુસંધાનથી બાહ્યવસ્તુ, વ્યક્તિ કે પરિસ્થિતિનો સ્વલ્પ-સ્પર્શ ચિત્તને ક્યારેક થાય, હર્ષ-શોકાદિ લાગે, છતાં ચિત્ત તેમાં ક્યાંય સ્થિર ન થાય; પણ પ્રભુના સ્વરૂપ-ગુણો કે લીલાનું અલૌકિક આકર્ષણ, જેનાથી મન વળીવળીને કૃષ્ણમાં જ ખેંચાઈને પહોચી જાય, તે વ્યસન ! - **"विशेषेण असनं क्षेपणं चित्तस्य भगवति येन ।"** કૃષ્ણમાં આવું વ્યસન તો કૃતાર્થ કરે. કૃષ્ણ પોતે જ વ્રજભક્તો માટે સાધનરૂપ થયા ! વૈકુણ્ઠનું દર્શન મહાકારુણિક કૃષ્ણે કૃપાથી કરાવ્યું, બ્રહ્માનંદનો અનુભવ દીધો. તે તો ગૌણફલ છે. સ્વરૂપાનન્દરૂપ ફલ તો મુક્તિથી પણ પર-શ્રેષ્ઠ છે. તે યોગ્યતા સિદ્ધ થઈ ! **"केवलेन हि भावेन गोप्यो गावो खगा मृगाः । येऽन्ये मूढधियो नागाः सिद्धा मामीयुरञ्जसा ॥"**- "કેવલ ભાવ દ્વારા જ ગોપી, ગાયો, ખગ,

મૃગ, બીજાં મૂઢબુદ્ધિવાળાં, હાથી, સિદ્ધો વગેરે મને (કૃષ્ણને) સરલતાથી પ્રાપ્ત થયાં !" આવો ફલપ્રદ કેવલભાવ સર્વાત્મભાવ તો કૃષ્ણ કૃપાથી પ્રદાન કરે તેને જ મળે. બ્રહ્માનંદથી પણ તે અધિક છે ! યોગ્યતા- સંપાદક છે. સ્વરૂપાનન્દના અનુભવ માટે તો બ્રહ્માનન્દમાંથી સમુદ્ધાર કર્યો છે. - "**ब्रह्मानन्दात् समुद्धृत्य ।**"- વૈકુણ્ઠમાંથી જીવ પોતે પાછો ન આવી શકે, ભગવાન્ તો લાવી શકે ! જય-વિજય વૈકુણ્ઠમાંથી શાપવશ અસુર થઈને જન્મ્યા ! યુદ્ધલીલા પણ ભગવાને તેમાં ઈચ્છી છે. તેમનો ઉદ્ધાર તો ભૂતલ પર પ્રભુએ પધારીને કર્યો ! ઉદ્ધવજી વગેરે ભક્તોને અવતારસમયે પ્રભુ પોતાની સાથે પૃથ્વી પર પધરાવે છે, પુનઃ વૈકુણ્ઠમાં પણ લઈ જાય છે; છતાં આ બધાને સ્વરૂપાનન્દનો અનુભવ ભગવાન્ દેતા નથી ! સ્વરૂપાનન્દનો અનુભવ દેવાના ઉદ્દેશપૂર્વક તો વૈકુણ્ઠમાંથી ઉદ્ધાર વ્રજભક્તોનો કર્યો, તેથી "**सम्**"- ઉપસર્ગ છે, "સમુદ્ધાર કહ્યો છે. રસપૂર્ણ ફલમાં પણ અધિકતા તો તેના સ્વરૂપમાંના રસની ને ! આ રસાનુભવલીલા-કથા છે, - આ તામસફલપ્રકરણમાં ! તે રસાનુભવ છે, - સ્વરૂપાનન્દ કે ભજનાનન્દ ! તે પરમફલરૂપ છે. રસાનુભવ રૂપ સંવેદન છે, - રસન - રસાસ્વાદન !

રસના આસ્વાદનથી આહ્લાદ ! :

પાંચ ઈન્દ્રિયો દ્વારા પાંચ વિષય-સંવેદન માનવ માણે છે. નેત્રથી રૂપદર્શન. દૂરથી પણ તે તો સંભવે. કર્ણથી શબ્દ-શ્રવણ. તે પણ દૂરથીય શક્ય બને. ઘ્રાણથી ગંધનું-ઘ્રાણન (સૂંઘવું તે), તેમાં પણ નિકટતા અનિવાર્ય ન રહે, દૂરથી પણ ગંધ માણવો શક્ય બને. ત્વક્થી સ્પર્શ્યનું સ્પર્શન. તેમાં નિકટતા જરૂરી ખરી ! રસનાથી રસનું આસ્વાદન. તેમાં તો દૂર ન રહેવાય, માત્ર નિકટતા પણ નકામી, મુખમાં મૂકતાં જ મઝા માણી શકાય ! રસાસ્વાદનમાં તો માણનાર અને માણવાનો પદાર્થ જરા પણ જુદા ન રહી શકે, એકરૂપ-ઓતપ્રોત-થઈ જાય, ત્યારે જ આસ્વાદ-આહ્લાદ અનુભવાય ! જલેબી-રસરૂપા, સુંદર તો લાગે. કોઈને આંખથી દેખાય તે દર્શન. તેમાં આનંદ કેટલો ? કોઈ તેનું વર્ણન કરે, કાનથી સંભળાય તે શ્રવણ-તેમાં આનંદ કેટલો ? ઘ્રાણથી સુગંધ માણી શકાય તે ઘ્રાણન; તેમાં આનંદ કેટલો ? હાથથી તેનો સ્પર્શ થઈ શકે તે - સ્પર્શન; તેમાં પણ આનંદ કેટલો ? પણ ટુકડો તેનો મુખમાં મૂકતાં રસનાથી રસાનુભવ થાય, તે આસ્વાદન ! તેમાં આનંદ કેટલો ?!

"**नायमात्मा प्रवचनेन लभ्यो न मेधया न बहुना श्रुतेन । यमेवैष वृणुते तेन लभ्यस्तस्यैष आत्मा वृणुते तनुं स्वाम् ।**"- આ શ્રુતિ ફલાનુભવ-રીત કહે છે. આ આત્મા પ્રવચનથી પ્રાપ્ય નથી, મેધાથી માણી શકાતો નથી, બહુશ્રુતપણાથી તે સમજી શકાતો નથી. તે જેનું વરણ કરે તેને જ તે પ્રાપ્ય છે ! આ આત્મા તેવા જીવાત્માને પોતાના શરીર રૂપે સ્વીકારે છે, આત્મીય બનાવે છે, તદ્વિશિષ્ટ થઈને જ સર્વભોગો ભોગવે છે, પોતાનું રસાત્મક સ્વરૂપ પ્રકટ કરે છે ! વરણ-રૂપ સર્વાત્મભાવના પ્રદાન વગરનાં સર્વ સાધનો તેમાં વ્યર્થ છે. સર્વાત્મભાવ જ મુખ્ય વિદ્યારૂપ છે ! "**विद्यैव तु निर्धारणात् ।**"- સૂત્રમાં વ્યાસજીનો આ નિર્ધાર દેખાય છે. "**सत्यं ज्ञानमनन्तं ब्रह्म ।**"- વગેરે સ્વરૂપલક્ષણા-શ્રુતિયો અને દંડકારણ્યના પુણ્યપુગ્-જ શા મંત્રદ્રષ્ટા ઋષિયોને પણ, પ્રવચનાદિ-સાધનની પરંપરાથી પણ આવો અનુભવ નથી મળ્યો ! કેવલ-વરણ કૃપાથી કૃષ્ણાવતારમાં તેનો રસાનુભવ લાભ લાધ્યો. ભગવાન્ પણ પૂર્ણાનુભવ માટે રસ રૂપે કૃષ્ણાવતારમાં પ્રકટ થયા ! - "**रसो वै सः ।**"- રસાનુભવ તો આસ્વાદથી આહ્લાદપ્રદ બને ! આસ્વાદન તો તદ્રૂપ થઈ જતાં થાય. શ્રુતિયો અને ઋષિયો વ્રજમાં ગોપીજન રૂપે

પધાર્યાં. ભગવાન્ ભક્તોમાં એકરૂપ થઈ ગયા. ભક્તો ભગવાનમાં એકરૂપ થાય, તે તો મર્યાદાફલ થાય, સાયુજ્યાદિ મુક્તિ થાય; સ્વયં ભગવાન્ ભક્તોમાં સમાઈ જાય, એકરૂપ થાય, તે તો પુષ્ટિફલ થાય! રસ ત્યારે આહ્લાદ આપે. રસરૂપા જલેબી મુખમાં સમાય, ત્યારે તેનો મુખ્યરસ અનુભવાયને! રસ તો જલેબીનો, માણે જીભ - રસનેન્દ્રિય, છતાં મુખ્યતા તો માણનારનીને ! રસ - ભગવાન્ કૃષ્ણનો ! માણે,- સર્વાત્માભાવરૂપ યોગ્યતાથી સર્વેન્દ્રિય ! છતાં મુખ્યતા તો તેવા ભક્તોની !

આનન્દ-બિન્દુ પર જીવનારને આનન્દ-સિન્ધુ જ પરમફલ છે : બ્રહ્મવિદ્‌ને પરની પ્રાપ્તિ ! :

શ્રુતિ આ અદ્‌ભુત વાત કહે છે. ભગવાન્ પોતે જ લીલાવિહાર માટે વિશ્વ રૂપે વિલસે છે ! **"स वै नेव रेमे । तस्मादेकाकी न रमते । स द्वितीयमैच्छत् । स हैतावानास ।"** - શ્રુતિ છે. "તે ખરેખર રમ્યા ન હતા, તેથી એકલા રમતા નથી, તેણે બીજાની ઈચ્છા કરી, તે સ્પષ્ટરીતે આટલા રૂપે થયા !" વિવિધ સાધનો કરાવીને, તદનુકૂલ વિવિધ ફલ દેતાં, ભગવાન્ પોતાની લીલા માટે જ જગદ્રૂપે આવિર્ભૂત થઈને ક્રીડા કરે છે. આ વૈદિકનિર્ણય છે. પૂર્વોત્તરકાંડમાં આ પ્રતિપાદન કરવામાં આવે છે, નહિ તો જીવનાં સાધન અને ફલનું પ્રતિપાદન કરતી શ્રુતિનું જીવપરત્વ થાય, બ્રહ્મપરત્વ નહિ, કર્મ અને બ્રહ્મનું જીવશેષત્વ દૂર ન થાય. આમ, પૂર્વકાંડમાં ગૌણફલો કહીને, **"एतस्यैवानन्दस्यान्यानि भूतानि मात्रामुपजीवन्ति ।"**- એ શ્રુતિ, અન્ય સૌ પ્રાણી આ આનંદની માત્રાના આધારે જીવે છે, - તેમ કહેતાં, આનંદ બિંદુ પર જીવનારને આનંદસિંધુ જ પરમફલ છે; તેમ કહેવા ઈચ્છે છે. શ્રુતિ - **"ब्रह्मविदाप्नोति परम् ।"**- "બ્રહ્મજ્ઞ પરને પ્રાપ્ત કરે છે." "પર"નો અર્થ બ્રહ્મ જ હોય તો તો **"तत्"**- કહે, **"परं"**- નહિ. **"ब्रह्म"** કહ્યા પછી **"परं"**- કહે છે, તેથી અક્ષરબ્રહ્મથી પર પુરુષોત્તમસ્વરૂપ જ **"परं"**- શબ્દનો અર્થ છે. **"अक्षरादपि चोत्तमः ।"**- ગીતામાં પુરુષોત્તમ શ્રીકૃષ્ણને અક્ષરથી પણ ઉત્તમ કહ્યા છે. આ પુરુષોત્તમ-સ્વરૂપ તો કેવલ અનુભવે જ સમજાય, બીજાં કોઈ પ્રમાણ વગેરેથી નહિ ! સર્વાર્થ-તત્ત્વ-પ્રતિપાદક શ્રુતિએ પણ તેથી જ સ્વમુખે નહિ, પણ વિદિત-બ્રહ્મસ્વરૂપના મુખે જ આ વાતની સ્પષ્ટતા કરી, **"तदेषाभ्युक्ता"**- તે આ ઋક્‌નું વ્યાખ્યાન છે. **"ब्रह्मविदाप्नोति परं"**- એ વાકયની સ્પષ્ટતા આનાથી કરવામાં આવે છે, - **"सत्यं ज्ञानमनन्तं ब्रह्म यो वेद निहितं गुहायां परमे व्योमन् । सोऽश्नुते सर्वान् कामान् सह ब्रह्मणा विपश्चिता ॥"**- "સત્ય-જ્ઞાન-અનન્ત (સત્-ચિત્-આનન્દ) બ્રહ્મ છે. હૃદયાકાશરૂપ ગુફામાં પરમાકાશમાં રહેલ - (તે બ્રહ્મ)ને જે જાણે છે, તે વિવિધરસભોગ-ચતુર બ્રહ્મ સાથે સર્વ કામોને ભોગવે છે !" અક્ષરબ્રહ્મ આનંદરૂપ તો છે, પણ શ્રુતિમાં તેનો આનન્દ ગણેલો છે, પરિચ્છિન્ન છે, તેથી તે પરમફલરૂપ નથી. આનંદમાં અપરિચ્છિન્નત્વ (નિઃસીમતા, અમાપપણું, પૂર્ણતા) જ પરમફલનું (અવચ્છેદક) નિત્યસંબંધક છે. શ્રુતિમાંનો **"अनन्त"**- શબ્દ આવા પરમાનન્દનો વાચક છે. **"सत्यं विज्ञानमानन्दं ब्रह्म ।"** **"सच्चिदानन्दविग्रहम् ।"**- વગેરે શ્રુતિઓમાં "સત્-ચિત્-આનન્દ" આ ત્રણે એક ક્રમમાં કહેલાં છે. તેથી **"सत्यं, ज्ञानं"**- પછીનું **"अनन्त"**- પદ નિયત-સહચરિતત્વથી "આનંદ" - વાચક જ બને.

પુરુષોત્તમપ્રાપ્તિની સ્વરૂપ-યોગ્યતા અને સહકારિ-યોગ્યતા :

પૂર્ણાનન્દ પુરુષોત્તમ શ્રીકૃષ્ણનું અનુભવાત્મકજ્ઞાન, કેવલ વરણરૂપ કૃપાથી જ મળે ! **"यो वेद"**- થી તે વાત કહી છે. અક્ષરબ્રહ્મના જ્ઞાનથી અવિદ્યા દૂર થાય, પ્રાકૃતધર્મો જાય, શુદ્ધિ થાય,

પુરુષોત્તમ-પ્રાપ્તિની "સ્વરૂપયોગ્યતા"નું સંપાદન થાય. તેવા જીવનું વરણ પ્રભુ "પોતાના" (સ્વીય) તરીકે કરે, તો ભક્તિભાવથી "સહકારિ-યોગ્યતા"નું સંપાદન થાય. તેનાથી પુરુષોત્તમની પ્રાપ્તિ થાય. કોઈ વ્યક્તિ "માસ્ટર" ઉપાધિ (એમ. એ., એમ. એસસી., એમ. કોમ. વગેરે) મેળવે. તો તેને પ્રોફેસર પદે કામ કરવાની "સ્વરૂપયોગ્યતા" મળી ગણાય; પણ નિમણૂક કોઈ સંસ્થામાં થયા વિના "પ્રોફેસરપદ" મળે કઈ રીતે ? આવી નિમણૂક "સહકારિયોગ્યતા" ગણાય. બંને યોગ્યતા હોય તો પ્રોફેસરપદ મળે. ચોખામાં ભાત થવાની "સ્વરૂપયોગ્યતા" છે, પણ (અગ્નિ, જલાદિથી) રંધાતાં પક્વતારૂપ - "સહકારિયોગ્યતા"થી જ તે ભાત બનેને !

અલૌકિક-ભોગપ્રદ પુરુષોત્તમ આનંદમય છે :

વિવિધ રસભોગચતુર ભગવાન્ સાથે ભક્તનો સર્વકામોપભોગ ! :

આમ, યોગ્યતા થતાં જ હૃદયાકાશરૂપ ગુફામાં પરમવ્યોમ (આકાશ)રૂપ અક્ષરાત્મક વ્યાપિ-વૈકુણ્ઠનો આવિર્ભાવ થાય ! "परो मीयते दृश्यतेऽनेनेति परं तस्मिन् परमे ।"- પુરુષોત્તમ જેનાથી દેખાય, - તે પરમ ! જ્ઞાનમાર્ગીય-લોકોના જ્ઞેયપ્રકાર કરતાં વિશિષ્ટપણાથી તે પરમરૂપ છે ! આ પરમવ્યોમના અતિ-અલૌકિકત્વને સમજાવવા "**व्योमन्**"- એવો અલૌકિક-પ્રયોગ કર્યો, "**व्योम्नि**"- ન કર્યું ! "**भक्त्या त्वनन्यया शक्यमहमेवंविधोऽर्जुन ! ज्ञातुं दृष्टुं च तत्त्वेन प्रवेष्टुं च परंतप ॥**" – ગીતામાં ભગવાને પોતાનાં તત્ત્વતઃ જ્ઞાન, દર્શન અને પ્રવેશ અનન્યભક્તિથી જ શક્ય ગણાવ્યાં છે. કરોડો મુક્તસિદ્ધોમાં પણ નારાયણપરાયણ તો સુદુર્લભ જ છે. આવા ભક્તના હૃદયરૂપ આકાશમાં પ્રકટ થયેલું પરમ વ્યોમ તો અક્ષરબ્રહ્મરૂપ વ્યાપિવૈકુણ્ઠ છે. તે પુરુષોત્તમના વાસસ્થાનરૂપ છે, ત્યાં "**निहितं**"- સ્થાપિત હોય તેમ વિરાજતા પુરુષોત્તમને અનન્યભક્તો જ જાણે છે ! તે બ્રહ્મ-પુરુષોત્તમ-નિત્ય અવિકૃત સ્વરૂપવાળા છે. તે "**विपश्चित्**"- વિવિધરસભોગચતુર છે. તેથી સાથે ભક્ત સર્વભોગો ભોગવે છે ! આ છે, -"**परं**"- માં "પ્રાપ્તિ" ! આ શુદ્ધિપુષ્ટિમાર્ગીય ભક્તને સ્વતંત્રભોગ મળે છે ! "**सह ब्रह्मणा विपश्चिता**"- માં બ્રહ્મનો નિર્દેશ તૃતીયાવિભક્તિમાં છે. "**सहयुक्तेऽप्रधाने ।**"- એ વ્યાકરણ-સૂત્રથી તૃતીયા બ્રહ્મની ગૌણતા અને ભક્તની મુખ્યતા સૂચવે છે. "**अहं भक्तपराधीनः....।**"- ભગવાને પોતાની ભક્તપરાધીનતાનો સ્વમુખે સ્વીકાર સમુલ્લાસથી કર્યો જ છે ! મર્યાદામાં ભક્ત કૃષ્ણાધીન હોય, પુષ્ટિમાં તો ભક્ત સ્વતંત્ર છે ! ભગવાન્ ભક્તવશ છે ને ! જો કે "**अश् भोजने**"- એ ધાતુનું રૂપ તો અહીં "**अश्नाति**" – થવું જોઈએ. "**अशुङ् व्याप्तौ**" ધાતુનું રૂપ "**अश्नुते**" થાય, છતાં અહીં - "**अश्**"- ધાતુનો અલૌકિક-પ્રયોગ અર્થની અલૌકિકતા સૂચવવા કર્યો છે !

અહીં, સગુણબ્રહ્મ સાથેના વિહારો કહેલા નથી ! "**ब्रह्मविदाप्नोति परं**"નું જ આ વિશદ વ્યાખ્યાન છે. તેમાં વેધ અક્ષરબ્રહ્મ નિર્ગુણ અને ફલ રૂપે પ્રાપ્ય પરબ્રહ્મ સગુણ કઈ રીતે સંભવે ?! પરબ્રહ્મ અને તેની ભક્તોની સાથેની લીલાઓ પણ નિર્ગુણ (પ્રાકૃતગુણોથી પર, ગુણાતીત) જ હોય. સાધન સગુણ અને ફલ નિર્ગુણ હોય તો અત્યંત અસંગત થાય ! "**यद्धि पश्यन्ति मुनयो गुणापाये समाहिताः ।**"-થી વૈકુણ્ઠદર્શન-પ્રસંગમાં જ ગુણાતીતને વૈકુણ્ઠદર્શનનો અધિકાર કહ્યો છે, તો તેનાથી પર પરબ્રહ્મદર્શનમાં ગુણાતીતપણું સ્વાભાવિક જ ગણાયને ! બ્રહ્મજ્ઞને અખંડબ્રહ્માદ્વૈતભાનથી પ્રાપઞ્ચિકભેદ દેખાતો નથી, પ્રપઞ્ચાતીત (જગતથી પર) પદાર્થોના દર્શનનો નિષેધ શ્રુતિ વગેરેમાં

દેખાતો નથી ! "अतो ज्यायांश्च पुरुषः ।"- વિશ્વ તો વિભુનું વિભૂતિરૂપ છે ! પ્રભુ તો તેથી પણ મહાન્ છે. તેની સાથે લીલાનુભવમાં કાંઈ જ અયોગ્ય નથી ! "પર-પ્રાપ્તિ"-પહેલાં બ્રહ્મજ્ઞને સર્વત્ર અભેદ અનુભવાય છે, પણ "सोऽश्नुते सर्वान् कामान् ।"- માં કહેલ સર્વકામોપભોગ તો તે પછીની પરમફલદશા છે ! આમ, બ્રહ્મજ્ઞને પણ કામોપભોગ અસંભવ નથી. આ કૃપૈકલભ્ય અલૌકિકભોગ છે, પ્રસાદરૂપ છે; નિર્વિઘ્ન, અનંત અને સર્વસાધક હોવાથી સ્વીકાર્ય છે ! લૌકિકભોગ તો સવિઘ્ન, અલ્પ અને નાશક હોવાથી ત્યાજ્ય છે ! આ અલૌકિક-ભોગપ્રદ પુરુષોત્તમ આનંદમય છે. "आनन्दमयोऽभ्यासात् । "તથા" विकारशब्दान्नेति चेन्न प्राचुर्यात् ।"- સૂત્રોમાં વ્યાસજી આનન્દમયને આનંદપ્રચુર રૂપે ઓળખાવે છે. આનન્દમયાધિકરણમાં તેનું સંપૂર્ણ પ્રતિપાદન છે. તે છે, - પૂર્ણાનન્દ ભગવાન્ શ્રીકૃષ્ણ ! તે છે, - "रसो वै सः ।"-માં કહેલ રસ ! આ રસાત્મક, સર્વકામોપભોગમાં ભગવાનને કોઈ શ્રમ નથી, તે તો અનાયાસે હર્ષથી થતી ચેષ્ટા છે, લીલા છે ! રસરૂપ, સ્વરૂપાત્મક ભજનાનન્દનો અનુભવ દેતી લીલા આ ફલપ્રકરણમાં કહી છે.

ફલ-પ્રકરણના સાતે અધ્યાયમાં ફલ રૂપ છે, - કૃષ્ણ ! આ પુષ્ટિફલમાં ધર્મ-ધર્મીનો ક્રમ બદલાય છે ! : ભગવાને ભક્તો માટે સર્વ-મર્યાદાઓ છોડી છે ! :

ફલપ્રકરણના સાત અધ્યાયમાં ફલરૂપ કૃષ્ણનું જ નિરૂપણ છે. આ ફલપ્રાપ્તિમાં ધર્મ-ધર્મીનો ક્રમ બદલાય છે. પુષ્ટિફલમાં આ ક્રમભંગ દૂષણ નથી, ભૂષણ છે. પહેલા-અધ્યાયમાં પ્રભુનું ઐશ્વર્ય (સ્વતંત્રતા) છે. (૧) કરવા, (૨) ન કરવા અને (૩) અન્યથા કરવા - ત્રિવિધ-સામર્થ્ય આ ઐશ્વર્યમાં દેખાય છે. (૧) વેણુનાદ દ્વારા શ્રીગોપીજનનું મન હરણ કરીને બોલાવવાનું સામર્થ્ય, (૨) આમ બોલાવ્યા પછી, પોતાનાં ધર્મબોધક-વાક્યોથી ઘેર પાછાં જવાનું કહીને. ગોપીજન ઘેર પાછાં ન ગયાં ! તે કરેલું ન કરવાનું સામર્થ્ય ! (૩) વચનથી જવાનું કહેવા છતાં, ઘેર પાછાં ન ગયેલાં શ્રીગોપીજનને વિહારસુખ દઈને, શ્રીગોપીજનનાં મદમાન દૂર કરવા અંતર્હિત થઈને, અન્યથા કરવાનું સામર્થ્ય. આ ત્રણે પ્રભુએ પ્રકટ કર્યાં. ફલમાં તો આજ્ઞાથી પણ ઈચ્છાની અધિકતા બતાવી ! દોષ હોય તો નિર્દોષ ભગવાન્ પોતે જ તે દૂર કરે ! લીલાલાભ થતાં અન્તર્ભાવથી શ્રીગોપીજનમાં મદ અને માન થયાં. તેના પ્રશમન અને પ્રસાદ માટે પ્રભુ અન્તર્ધાન થયા. આ કથા ૨૯મા અધ્યાયમાં છે. સર્વોત્કૃષ્ટ ભગવન્માર્ગ આ જ છે ! બાહ્ય કે આંતર-સંબંધમાત્રથી પણ ભગવાન્ સ્વજનને, તન- મન અને વાણીથી સંપૂર્ણ સુખ જ આપે છે, સ્વલ્પ પણ પરિત્યાગ કરતા નથી ! શ્રીગોપીજનને ભગવાને અને બાહ્યસંબંધે તનથી સુખ દીધું. બાહ્યસુખ અટકાવીને અંતર્ધાન થયા પછી, અંદર સંબંધ થતાં, મનથી અને વાણીથી વિહાર કરાવ્યા. અધ્યાય ૩૦-૩૧માં આ અંતર્ધાન-કથા છે. પરોક્ષમાં પણ પ્રભુએ પ્રિયજન સાથે પ્રીતિ કરી ! તે વીર્યગુણ-સૂચક છે. વિપ્રયોગનો અનુભવ તેથી થયો છે. "ગોપીગીત"માં શ્રીગોપીજનનાં વચન તો સ્પષ્ટ ભગવદ્યશોરૂપ છે. નિઃસાધનભક્તો પાસે ભગવાન્ પોતે પ્રકટ થયા, સ્વજન-સંતોષ માટે શંકાનું સમાધાન દીધું. તે શ્રીગુણ-સૂચક છે. અધ્યાય ૩૨માં આ કથા છે. રમાથી પણ અધિક રતિપ્રદ રમેશ છે ! ગોપરામાઓ સાથે રમણ તેમણે કર્યું, પરમાનંદનું પ્રદાન કર્યું. આ અધ્યાય ૩૩ની કથામાં ધર્મિસ્વરૂપ ભગવાન્ કૃષ્ણ પોતે વિલસે છે. તેમાં રસાત્મક કૃષ્ણ સ્વરૂપથી આનંદાનુભવ દે છે, ગુણોથી પણ નહિ ! વૈરાગ્ય અને જ્ઞાન વિહારમાં પ્રતિબંધરૂપ બને તેથી વચ્ચે ન કહ્યાં ! ભગવત્સ્વરૂપના સાક્ષાત્

અનુભવથી, તેની સર્વોત્તમતાના જ્ઞાનથી, પ્રભુ સિવાયના સઘળા પદાર્થોનો ત્યાગ-પુષ્ટિમાર્ગીય વૈરાગ્ય છે ! પ્રભુનાં ગુણગાન તે પુષ્ટિમાર્ગીયજ્ઞાન છે ! આ વિરહદશામાં સંભવે, તેથી વૈરાગ્ય-જ્ઞાન સ્વરૂપાનુભવ પહેલાં ન કહેવાય. વૈરાગ્યગુણથી ફલદ કૃષ્ણનું નિરૂપણ ૩૪મા અધ્યાયમાં છે. કૃષ્ણભક્તો કૌતુકમાત્રથી પણ કોઈને ભજે તો સુખ ન થાય. ગોપો કૌતુકવશ અંબિકાવનમાં મહાદેવજી પાસે ગયા. નન્દજીને સર્પે ગળ્યા. ભગવાને જ છોડાવ્યા, ચરણસ્પર્શથી સર્પરૂપ સુદર્શનનો ઉદ્ધાર કર્યો, તેથી તે કર્મ કૃષ્ણાર્પણ કરી સૌ વ્રજમાં આવ્યા. અજ્ઞાનથી કે દૈવગતિથી થયેલું અન્યસંબંધી કામ કૃષ્ણાર્પણ કરવું ! આ તેમાં બતાવ્યું છે. વ્રજમાં આવ્યા પછી રાત્રિલીલામાં, પ્રભુ આધિદૈવિક છે, કાલ આધ્યાત્મિક છે, શંકરનો સેવક શંખચૂડ આધિભૌતિક છે. તમોગુણવાળા સૌને શબ્દબ્રહ્મનો આનંદ દેવા બલરામજીને પ્રભુએ સાથે રાખ્યા છે. આ રાસમાંથી સ્ત્રીને હરતા શંખચૂડને કૃષ્ણે માર્યો. તેના માથાનો મણિ વેદરૂપ પ્રમાણના અધિષ્ઠાતા બલરામજીને દીધો. પ્રમાણની પૂર્ણતા કરી ! તામસસેવકોને કાલસંબંધથી દૂર રાખ્યા. શિવરાત્રિએ પશુપતિપૂજનનો ત્યાગ ગોપોએ કર્યો. ભગવાને ભક્તોને પણ તેમાં વૈરાગ્યવાળા કર્યા. શંખચૂડનો મણિનો ત્યાગ કરીને પણ વૈરાગ્ય બતાવ્યો ! અધ્યાય ૩૫માં "યુગલગીત"માં ભગવાનના ગુણોના ગાનરૂપ જ્ઞાન છે. શ્રીગોપીજન આ ગાન કરે છે. ભગવાન્ ભક્તોને આવું જ્ઞાન દે છે. પ્રભુની પરોક્ષમાં ગુણગાન થાય. પ્રત્યક્ષમાં સેવા સર્વોત્તમ છે. અનવસરમાં કથા અને અવસરમાં સેવા સતત સ્નેહથી થાય તો કૃતાર્થ થવાય. વિપ્રયોગમાં કથાથી નામાત્મક રૂપે અને સંયોગમાં સેવાથી સ્વરૂપાત્મક રૂપે, રૂપનામ-વિભેદથી ક્રીડા કરતા, શૃંગાર- રસાત્મક, પૂર્ણાનન્દ કૃષ્ણનો સંપૂર્ણ અનુભવ થાય. આમ, જ્ઞાન અને ભક્તિ સતત રહ્યા કરે ! નિરોધવાળા ભક્તોને તો રાત્રિ-દિવસ આ આનંદમગ્નતા જ મળે ! "**ये निरुद्धास्त एवात्र मोदमायान्त्यहर्निशम् ।**" - વ્રજસ્ત્રીઓને રાત્રે સંયોગમાં ભક્તિ (સેવા) અને દિવસે વિપ્રયોગમાં જ્ઞાન (ગુણગાન) થાય છે ! વ્રજપુરુષોને રાત્રે જ્ઞાન (ગુણગાન) અને દિવસે ગોચારણાદિમાં સહવાસથી ભક્તિ (સેવા) થાય છે ! નિરોધ સ્થિર થયો હોય તેમને સતત આનંદમગ્નતા જ હોય છે. પુષ્ટિમાર્ગીયસેવા અને કથા પણ નિરોધપૂર્વક થાય, તો રસાસ્વાદ મળે ! "**निरोधो लोकवेदव्यापारन्यासः ।**" - લોકવેદ- પ્રવૃત્તિ-ત્યાગ, ભગવાન્ માટે જ લોકવેદપ્રવૃત્તિ- તે નિરોધ છે, - નારદજી કહે છે. પ્રભુ પ્રત્યેના પ્રેમની પ્રગલ્ભતામાં, સર્વ લૌકિક-વૈદિક-ત્યાગ તો આ વ્રજભક્તોને સ્વાભાવિક જ થઈ ગયો છે, ત્યાગ કરવો પણ પડયો નથી. તેમની સર્વ વૃત્તિ કે પ્રવૃત્તિ પ્રભુ માટે જ છે. ભક્ત અને ભગવાનનો પરસ્પર નિરોધ થયો છે ! ભગવાને પણ ભક્તો માટે સર્વમર્યાદાઓ છોડી જ છે. ભક્તો માટે સર્વ પ્રવૃત્તિ કરી છે !

ભજનાનન્દ તો સ્વરૂપાત્મક-રસરૂપ-છે ! : રસ-સ્વરૂપ : ભક્તિરસ સહિત રસ દશ છે : રસ ઉત્પન્ન થતો નથી, વ્યક્ત થાય છે ! :

ભગવાન્ તો સર્વસમર્થ છે. તે ઈચ્છે તો વ્રજમાં જ વૈકુણ્ઠ પ્રકટ કર્યું તેમ, શ્રીગોપીજનને ઘરમાં જ સ્વરૂપાનન્દનો અનુભવ પણ દઈ શકે, છતાં તેમ ન કર્યું; પણ આ સાત અધ્યાયમાં કહેલી રીતે લોક-વેદ-ત્યાગ કરાવીને ભજનાનન્દનો અનુભવ દીધો છે ! બ્રહ્માનંદની જેમ ભજનાનન્દ દે તો બ્રહ્માનંદમાંથી કરેલો ઉદ્ધાર વ્યર્થ થાય, ભજનાનન્દ પણ ન દીધા જેવો થાય. ભજનાનન્દ તો સ્વરૂપાત્મક-રસરૂપ-છે. રસશાસ્ત્રમાં જે રસસ્વરૂપ છે, તેવો જ છે. રસશાસ્ત્રમાં નટ-નટીના નિમિત્તે